શ્રી જૈન જ્ઞાન સાગર

1

9 10 11 12 13 14 15

23 24 25 26 27 28

1

9 10 11 12 13 14 15

23 24 25 26 27 28 29

---

6 7 8 9 10 11 12

20 21 22 23 24 25 26

---

4 5 6 7 8 9 10

18 19 20 21 22 23 24

---

1 2 3 4 5 6 7

15 16 17 18 19 20 21

29 30

ઉપદેશી દોહરા

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત ૧

જોર કરીને જીતવું. ખરેખરું રણ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨

ગાફીલ રહીશ ગમાર તું, ફોગટ થઇશ ફજેત;
હવે જરૂર હુશીયાર થઇ, ચેત ચેત નર ચેત. ૩

તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સૌ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત ૪

પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫

રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તૂલ્ય છે, ચેત ચેત નર ચેત. ૬

રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
પછી નર તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત. ૭

કાળા કેશ મટી ગયા, સર્વ બનીયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ૮

માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત;
ક્યાંથી આવ્યો ક્યાં જવું, ચેત ચેત નર ચેત. ૯

શુભ શિખામણ સમજ તો, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એ જ છે, ચેત ચેત નર ચેત. ૧૦

ચંદ્રકાંત પ્રભુદાસ દોશી

卐 श्री वीतरागाय नमः 卐

શ્રી જૈન જ્ઞાન સાગર

-: છપાવી પ્રસિદ્ધ કરનાર :-

શ્રી શામજી વેલજી વિરાણી સ્થા. જૈન ધાર્મિક શિક્ષણ સંઘ

દિવાનપરા, વિરાણી વિલા, રાજકોટ.

પહેલી આવૃત્તિ પ્રત ૨૦૦૦

વીર સંવત ૨૫૦૩ વિક્રમ સંવત ૨૦૩૩

ઇ. સને ૧૯૭૭

કિંમત (જ્ઞાન પ્રચારર્થે) ફક્ત ૪-૦૦ રૂપીઆ

મુદ્રક :
મનસુખલાલ છગનલાલ વખારીયા
નવજીવન પ્રિન્ટર્સ
દિવાનપરા, રાજકોટ.
ફોન નં.—૨૫૪૩૮

આવૃત્તિ પહેલી

વીર સંવત ૨૫૦૩
વિક્રમ સંવત ૨૦૩૩
ઇ. સને. ૧૯૭૭

પ્રત : બે હજાર

કિંમત (જ્ઞાન પ્રચારર્થે) ફક્ત રૂપિયા ચાર

શ્રી વિરાણી કુટુંબના વડિલ ધર્મપ્રેમી
શ્રી શામજી વેલજી વિરાણી

જન્મ સ્થળ	અવશાન
ખીરસરા (ભાયાવદર)	રાજકોટ
સૌરાષ્ટ્ર	તારીખ ૨૮-૨-૧૯૪૬

નમ્ર નિવેદન

"पढमं नाणं तओ दया"

આ સૂત્ર ખૂબ ખૂબ મહત્ત્વથી અને રહસ્યથી ભરેલું સૂત્ર છે. નાનકડું પણ જીવનમાં જ્ઞાનમય પ્રેરણા આપનારૂં છે.

આ સંસ્થા આ નાનકડા સૂત્ર ને દૃષ્ટી બિન્દુ બનાવી, જ્ઞાન પ્રચારાર્થે પાઠય પુસ્તકો ઉપરાંત ધર્મકરણી તથા ધર્માનુષ્ઠાન સમજણ પૂર્વક થાય. ધર્મોચિત્ત અને ધર્મરુચીની જાગૃતિ થાય એ હેતુથી ધાર્મિક સુંદર વાંચન સમાજ ને પુરું પાડી શકાય તે માટે ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન કરી રહી છે. એ વસ્તુથી આપણો સમાજ સુવિદિત છે.

સાઈકલોપીડિયા જેવું "જ્ઞાન સાગર" આપણા ધર્મનું અમુલ્ય પુસ્તક હોઇ ચારે તરફથી માંગ આવતા જ્ઞાનસાગર છપાવી સમાજના હસ્ત્ કમલમાં મૂકતા અમોને અત્યંત આનંદ થાય છે.

આ સંસ્થા પડતર કિંમતથી ઓછી કિંમતે પુસ્તકો સમાજને પૂરા પાડી કૃત–કૃત્ય થાય છે. આ સંસ્થાની પાસે મોટું ભંડોળ નથી છતાં આ સંસ્થા યોગ્યતાનુસાર સાહસ કરી જ્ઞાન પ્રચારાર્થે બનતા પ્રયાસો કરી સેવા કરી રહી છે જે આપ સૌ જાણો છો. પણ અમોને પૂરેપૂરી શ્રદ્ધા છે કે વણ માગ્યે આપણો સમાજ આ સંસ્થાના રજત જયંતી મહોત્સવ પ્રસંગે સંસ્થાની ઝોળી ભરી દેશે.

આ સંસ્થા ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં આપણા સમાજની ધાર્મિક સેવા કરવા ઘણીજ ઉમેદ રાખે છે. અને અમોને સાક્રિય સહકાર મળી રહે એમ સર્વે ને વિનંતી કરીએ છીએ.

"જ્ઞાનસાગર"ના પ્રુફો વગેરે તપાસવામાં બને તેટલી કાળજી અને તકેદારી રાખવામાં આવેલ છે. છતાં ભૂલો અને ક્ષતિઓ રહી ગયેલ હોય તો વાંચક વર્ગ દરગુજર કરશે અને અમારૂં ધ્યાન ખેંચશે. તેમ નમ્ર વિનંતી કરીએ છીએ.

શ્રી રામજી વેલજી વિરાણી સ્થા. જૈન ધાર્મિક શિક્ષણ સંઘ

દિવાનપરા, વિરાણી વીલા, રાજકોટ.—૩૬૦ ૦૦૧

લિ. સંઘ સેવક.	શ્રી સંઘ સેવક
શ્રી, મગનલાલ તારાચંદ શાહ	શ્રી નગીનદાસ રામજીભાઇ વિરાણી
શ્રી, રાયચંદ ઠાકરશી ધીયા	પ્રમુખ
શ્રી, ભૂપતલાલ વૃજલાલ શાહ	શ્રી મોહનલાલ કસ્તુરચંદ શાહ
માનદ્ મંત્રીઓ	ઉપ પ્રમુખ

'જય જિનેન્દ્ર'

અનુક્રમણિકા

ક્રમાંક નં.	પાના નં.	ક્રમાંક નં.	પાના નં.
૧ નિવેદન	૩	૩૦ પચીશ બોલનો થોકડો	૧૪૪
૨ શ્રી સામાયિકવ્રત અર્થ સહિત	૧	૩૧ શ્રોતા અધિકાર	૧૫૧
૩ શ્રી સામાયિકના બત્રીસ દોષ	૬	૩૨ પાંત્રીશ બોલ	૧૫૫
૪ શ્રી કાઉસ્સગ્ગના : વીશ દોષ	૯	૩૩ સિદ્ધ દ્વારા	૧૫૮
૫ શ્રી પ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત	૧૦	૩૪ જંબૂ દ્વીપ વિચાર	૧૬૧
૬ શ્રી શ્રમણ સૂત્ર	૨૬	૩૫ ગર્ભ વિચાર	૧૬૯
૭ ખામણા	૩૬	૩૬ બત્રીસ અસજ્ઝાય	૧૭૬
૮ ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ	૪૪	૩૭ અધ્યયનો	૧૭૭
૯ દશમું-અગિયારમું વ્રત		(૧) પુચ્છિસ્સુણં અર્થ સાથે	૧૭૭
આદરવાની વિધિ	૪૬	(૨) પરચુરણ ગાથાઓ	૧૮૧
૧૦ પોષાના અઢાર દોષ	૪૬	(૩) દશવૈકાલિક સૂત્રનાં અધ્યયન	
૧૧ શ્રાવકનાં દશ પચ્ચક્ખાણ	૪૭	૧-૨-૩ (અર્થ સાથે)	૧૮૨
૧૨ પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણ-		(૪) ઉત્તરાધ્યયન સૂત્રનાં અધ્યયન	
અર્થ સહિત	૪૮	૩-૪-૯-૧૯ (અર્થ સાથે)	૧૮૭
૧૩ શ્રાવકના ૨૧ ગુણ	૫૦	૩૮ ભક્તામાર સ્તોત્ર અર્થ સાથે	૨૦૯
૧૪ છકાયના બોલ	૫૨	૩૯ કલ્યાણમંદિર સ્તોત્રમ્ (પદ્યાનુવાદ)	૨૨૦
૧૫ નવ તત્ત્વ	૫૫	૪૦ ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર	
૧૬ મંગળ સ્તોત્રમ્	૭૬	અર્થ સાથે	૨૨૫
૧૭ લઘુ દંડક	૭૭	૪૧ ધર્મસિંહ મુનિના અઠ્ઠાવીશ બોલ	૨૨૮
૧૮ ગતાગતના બોલ	૯૩	૪૨ વ્યાખ્યાન પ્રારંભે કહેવાની	
૧૯ કર્મ પ્રકૃતિના બોલ	૯૭	મહાવીર સ્તુતિ	૨૨૯
૨૦ ગુણસ્થાન દ્વાર	૧૦૨	૪૩ પાંચ જ્ઞાન	૨૩૧
૨૧ મહોટો બાસઠીઓ	૧૧૫	૪૪ વ્યવહાર સમકિતના ૬૭ બોલ	૨૪૬
૨૨ ચાર કષાયનો થોકડો	૧૨૫	૪૫ ષટ્ દ્રવ્ય પર ૩૧ દ્વાર	૨૪૮
૨૩ અઠ્ઠાણુ બોલનો અલ્પ બહુત્વદ્વાર	૧૨૬	૪૬ ચાર ધ્યાન	૨૫૨
૨૪ ચોવીસ જિનાંતરા	૧૨૮	૪૭ રૂપી અરૂપીના બોલ	૨૫૪
૨૫ શ્વાસોચ્છ્વાસનો થોકડો	૧૩૩	૪૮ પ્રમાણ-નય	૨૫૫
૨૬ ૭ આરાના બોલ	૧૩૫	૪૯ કાવ્ય સંગ્રહ (વિધવિધ કાવ્યો)	૨૬૦
૨૭ ત્રેવીશ પદવીના બોલ	૧૩૮	૫૦ ઉવસગ્ગહરં મહાપ્રભાવિક સ્તોત્રમ્	૨૮૧
૨૮ વિરહ દ્વાર	૧૪૦	૫૧ પચ્ચક્ખાણનું કાયમી કોષ્ટક	૨૮૪
૨૯ પ્રમાણ બોધનો થોકડો	૧૪૧		

-: ફોટા :-

શ્રી શામજી વેલજી વિરાણી

શ્રી રામજી શામજી વિરાણી

આ સંસ્થાના આશ્રયદાતા
શ્રાવકરત્ન શ્રી રામજીભાઇ વિરાણી

જન્મ સવંત ૧૯૫૦ કારતક વદી ૫ તા. ૨૮-૧૧-૧૮૯૩
ખીરસરા (ભાયાવદર)
વ્યાપાર પોર્ટસુદાન (આફ્રિકા)
જીવનકાળ ૮૦ વર્ષ
સ્વર્ગવાસ સંવત ૨૦૨૯ ચૈત્ર વદી ૨
તારીખ ૧૯-૪-૧૯૭૩ રાજકોટ.

શ્રી સામાયિક વ્રત.

(૧) નવકાર.

નમો-નમસ્કાર હોજો. અરિહંતાણું-કર્મરૂપ વેરીના હણનાર એવા અરિહંતને, જેણે ચાર ઘનઘાતી કર્મ-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય મોહનીય અને અંતરાય, ક્ષય કર્યાં તથા જેનાથી કાંઇ રહસ્ય: (છાનું) નથી અને જે ચોત્રીશ અતિશયે તથા પાંત્રીશ પ્રકારની વાણીએ તથા બાર ગુણે કરી બિરાજમાન છે. નમો-નમસ્કાર હોજો. સિદ્ધાણું-સકલ કાર્ય સાધ્યાં જેણે તે સિદ્ધ ભગવંતને, જે આઠ કર્મ ખપાવી સિદ્ધના સુખને પામ્યા તથા એકત્રીશ ગુણે કરી સહિત છે. નમો-નમસ્કાર હોજો. આયરિયાણું-આચાર્યજીને જે શુદ્ધ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર, :તપ અને વીર્ય એ પાંચ આચાર પોતે પાળે અને બીજાને પળાવે, તથા છત્રીશ ગુણે કરી સહિત છે. નમો-નમસ્કાર હોજો. ઉવજ્ઝાયાણું-ઉપાધ્યાયજીને, જે શુદ્ધ સૂત્રાર્થ ભણે ભણાવે તથા પચીસ ગુણે કરી સહિત છે. નમો-નમસ્કાર હોજો. લોએ-લોકને વિષે. સવ્વસાહૂણું-સર્વ સાધુને, જે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના સાધનથી આત્માની સિદ્ધિને સાધનાર તથા સત્તાવીશ ગુણે કરી સહિત છે.

(૨) તિક્ખુત્તો અથવા વંદના.

તિક્ખુત્તો-ત્રણવાર. આયાહિણું-બે હાથ જોડીને જમણા કાનથી ડાબા કાન સુધી પયાહિણું-પ્રદક્ષિણા કરીને. વંદામિ-વાંદુ છું એટલે પગે લાગું છું. (પાઠાંતરે ગુણગ્રામ કરૂં છું.) નમંસામિ-નમસ્કાર કરૂં છું. (પાંચ અંગ નમાવીને.) સક્કારેમિ-સત્કાર કઉં છું. સમ્માણેમિ-સન્માન કઉં છું. કલ્લાણું-કલ્યાણકારી છો. મંગલં-મંગળકારી છો. દેવયં-ધર્મદેવ સમાન છો. ચેઇયં-છકાય જીવને સુખદાયક, જ્ઞાનગુણસંપન્ન છો. પજ્જુવાસામિ-સેવા કરૂં છું. (મન વચન કાયાએ.)

(૩) ઇરિયાવહી.

ઇચ્છામિ-ઇચ્છું છું. પડિક્કમિઉં-પાપ કર્મથી નિવર્તવાને. ઇરિયા-(રસ્તામાં) પથને વિષે. વહિયાએ-ચાલતી વખત. વિરાહણાએ-દુઃખ દીધું હોય. ગમણાગમણે-આવતાં, જતાં. પાણ-પ્રાણીજીવને. ક્કમણે-કચર્યાં હોય. બીય-બીજ. ક્કમણે-કચર્યાં હોય. હરિયા-લીલોતરી (વનસ્પતિ) ક્કમણે-કચરી હોય. ઓસા-ઝાકળ, ઠાર ઉત્તિંગ-કીડીયારાં પણગ-લીલ, ફુલ. (પંચવર્ણી.) દગ-કાચું પાણી. મટ્ટી-કાચી માટી. મક્કડા-કરોળીઆનાં પડ. સંતાણા-કરોળીઆની જાળ. સંક્કમણે-એ સર્વને કચર્યાં હોય. જે મે જીવા-મેં કોઇ જીવને વિરાહિયા-દુઃખ દીધું હોય, વિરાધના કરી હોય. એગેંદિયા-એક ઇંદ્રિય શરીરવાળા (પૃથ્વી પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના) જીવ. બેઇંદિયા-બે ઇંદ્રિય, શરીર અને જીભવાળાં (કીડા, વાળા, પોરા અને કરમીયાં વગેરે) તેઇંદિયા-ત્રણ ઇંદ્રિય, શરીર, જીભ, નાકવાળાં (કીડી, મંકોડી

જૂ, માંકડ, ધનેડાં વગેરે.) **ચઉરિંદિયા**–ચાર ઇંદ્રિય-શરીર, જીભ, નાક ને આંખવાળાં (પતંગીયાં, માખી, કુદાં, તીડ ભમરાં, વીંછી વગેરે.) **પંચિંદિયા**–પાંચ ઇંદ્રિય-શરીર, જીભ, નાક, આંખ ને કાનવાળાં (મનુષ્ય, પશુ, પંખી વગેરે.) **અભિહયા**–સામા આવતા હણ્યા હોય. **વત્તિયા**–ઢગલા વાળ્યા હોય. ધૂળે કરી ઢાંકયા હોય. **લેસિયા**–મસળ્યા હોય. **સંઘાઇયા**–એક બીજા સાથે અથડાવ્યા હોય. **સંઘટ્ટિયા**–થોડો સ્પર્શ કરી દુઃખ દીધું હોય. **પરિયાવિયા**–સર્વ પ્રકારે પીડા ઉપજાવી હોય. **કિલામિયા**–કિલામના ઉપજાવી હોય. **ઉદ્દવિયા**–ફાળ પાડી હોય. **ઠાણાઓ**–કોઇએક ઠેકાણેથી; **ઠાણં**–બીજે ઠેકાણે. **સંકામિયા**–મૂકયા હોય. **જીવિયાઓ**–જીવિત થકી, **વવરોવિયા**–નાશ કીધો હોય. **તસ્સ**–તેનું **મિચ્છા મિ દુક્કડં**–ફળ મને નિષ્ફળ થાઓ.

(૪) તસ્સઉત્તરી.

તસ્સ–તેને **ઉત્તરી**–વિશેષ શુદ્ધ. **કરણેણં**–કરવા સારૂ. **પાયચ્છિત્ત**–લાગેલાં પાપનું છેદન. **કરણેણં**–કરવા સારૂ. **વિસોહી**–વધારે નિર્મળ. **કરણેણં**–કરવા સારૂં. **વિસલ્લી**–ત્રણ શલ્ય રહિત (કપટ, નિયાણું અને મિથ્યાત્વ) **કરણેણં**–કરવા સારૂં. **પાવાણં**–પાપ. **કમ્માણં**–કર્મ **નિગ્ઘાયણ**–ટાળવાને. **ઠામિ** એ–અર્થે **ઠામિ**–સ્થિર રહીને કરૂં છું. **કાઉસ્સગ્ગં**–કાયાને હલાવવી નહિ તે **અન્નત્થ**–તેમાં આગળ કહ્યા મુજબ કાયા હલે. તેની છૂટ રાખું છું. **ઉસ્સસિએણં**–ઉંચો શ્વાસ લેવાથી **નિસ્સસિએણં**–નીચો શ્વાસ મૂકવાથી. **ખાસિએણં**–ઉધરસ આવવાથી. **છીએણં**–છીંકથી. **જંભાઇએણં**–બગાસું આવવાથી. **ઉડુએણં**–ઓડકાર આવવાથી, **વાયનિસગ્ગેણં**–વાયુ સરવાથી. **ભમલીએ**–ફેર તથા ચકરી આવવાથી. **પિત્ત**–પિત્તના પ્રકોપથી **મુચ્છાએ**–મૂર્છા આવવાથી. **સુહુમેહિં**–સૂક્ષ્મ (થોડું ક.) **અંગ**–શરીર. **સંચાલેહિં**–હલવાથી **સુહુમેહિં**–થોડોક–**ખેલ**-બળખો આવવાથી. **સંચાલેહિં**-હલવાથી **સુહુમેહિં**-થોડિક. **દિટ્ઠિ**–નજર (દ્દષ્ટિ) **સંચાલેહિં**–હલવાથી. **એવમાઇએહિં**–એ આદિ બીજા મનમાં ચિંતવ્યા હોય તે. **આગારેહિં**–આગાર એટલે મોકળથી. **અભગ્ગો**–ભાંગે નહિ. **અવિરાહિઓ**–હાનિ પહોંચે નહિ. **હુજ્જ**–હોજો. **મે**–મારો. **કાઉસ્સગ્ગો**–કાઉસ્સગ્ગ એટલે કાયાનું અણ હલાવવું. **જાવ**–જયાં સુધી. **અરિહંતાણં**–અરિહંતને **ભગવંતાણં**–સિદ્ધ ભગવંતને **નમુક્કારેણં**–નમસ્કાર કરીને **ન પારેમિ**–ધ્યાન મૂકું નહિ. (પારૂં નહિ) **તાવ**–ત્યાં સુધી **કાય**–કાયાને. **ઠાણેણં**–એક સ્થાને સ્થિર રાખીને. **મોણેણં**–અબોલ રહીને. **ઝાણેણં**–ધ્યાને કરીને. **અપ્પાણં**–આત્માને. **વોસિરામિ**-તજું છું.

આ ઠેકાણે ("ઇચ્છામિ પડિક્કમઉ" થી તે "જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છા મિ દુક્કડં" સુધી તથા એક નવકાર પાઠ મનમાં બોલીને કાઉસ્સગ્ગ કરવો અને નમો અરિહંતાણં શબ્દ બોલી પારવો.)

(૫) લોગસ્સ.

લોગસ્સ–લોકમાં, **ઉજ્જોયગરે**-ઉદ્યોતના કરનાર **ધમ્મ**–ધર્મ. **તિત્થયરે**–*તીર્થના સ્થાપનાર **જિણે**–જિન, રાગ-દ્વેષના જીતનાર. **અરિહંતે**–અરિહંત દેવની. **કિત્તઇસ્સં**–નામ લઇને સ્તુતિ-કીર્તિ કરૂં છું. **ચઉવીસં** પિ–ચોવીશે તીર્થંકરો તથા બીજા **કેવલી**–કેવળ

* સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર તીર્થ.

જ્ઞાનીઓની **ઉસભ**-પહેલા ઋષભદેવ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાએ સ્વપ્નામાં વૃષભ દીઠો તેથી એ નામ આપ્યું. **અજિયં ચ**-અને બીજા અજિતનાથ સ્વામી. સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતા પાસે રમતાં જીત્યાં તેથી એ નામ આપ્યું **વંદે**-વાંદુ છું. **સંભવ**-ત્રીજા સંભવનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી દુષ્કાળ ટળીને સુકાળ થયો, ધાન્યના સંભવ થયા તેથી એ નામ આપ્યું. **અભિનંદણું ચ**-અને ચોથા અભિનંદન સ્વામી સ્વામી ગર્ભમાં આવ્યા પછી ઇન્દ્રે જયકાર કર્યો તેથી એ નામ આપ્યું. **સુમઈં**-પાંચમાં સુમતિનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાને ભલી મતિ ઉપજી તેથી એ નામ આપ્યું., **ચ**-વળી **પઉમપ્પહં**-છઠા પદ્મપ્રભ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાને પદ્મ-કમળની શય્યામાં સૂવાની ઇચ્છા થઇ તેથી તે નામ આપ્યું. **સુપાસં**-સાતમા સુપાર્શ્વનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાનાં પાસાં ખરસટ હતાં તે સુવાળાં થયાં તેથી એ નામ આપ્યું. **જિણું**-રાગદ્વેષના જીતનાર. **ચ**-વળી. **ચંદપ્પહં**-આઠમા ચંદ્રપ્રભ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાને ચંદ્રમાની રમુજ થઇ તથા ચંદ્ર સરખી શરીરની પ્રભા થઇ તેથી તે નામ આપ્યું. **વંદે**-વાંદુ છું. **સુવિહં**-નવમા સુવિધિનાથ સ્વામી, સ્વામી, ગર્ભમાં આવ્યા પછી નગરમાંથી અવિધિ ટાળીને સુવિધિ કરી તેથી તે નામ આપ્યું. **ચ**-વળી. **પુપ્ફદંત**-તથા બીજું નામ પુષ્પદંત સ્વામી, સ્વામીના દાંત કુન્દ સરખા હતા તેથી તે નામ આપ્યું. **સીયલ**-દશમા શીતળનાથ સ્વામી, તેમના પિતાને જ્વર થયેલો પછી સ્વામી ગર્ભમાં આવ્યા ત્યારે સ્વામીની માતાનો હાથ ફરસ્યાથી પિતાની કાયા શીતળ થઈ તેથી તે નામ આપ્યું. **સિજ્જંસ**-અગ્યારમા શ્રીશ્રેયાંસનાથ સ્વામી, શીતળ પોઢવાની શય્યામાં અદૃષ્ટ દેવ રહેતો, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતા સૂતાં તે પછી તે દેવતા નાઠો તેથી તે નામ આપ્યું. **વાસુપુજ્જં**-બારમા વાસુપૂજ્ય સ્વામી, માતાની સૂવાની શય્યામાં દેવતા રહી કોઇને સુવા દેતો નહિ. પણ સ્વામી ગર્ભમાં આવ્યા પછી દેવતા તેમાંથી નાશી ઉલટી માતાની પૂજા કીધી તેથી કરી એ નામ દીધું. સ્વામી ગર્ભમાં આવ્યા પછી ઇંદ્રે માતાની પૂજા કીધી તથા કુબેરે ઘરમાં ધનની વૃષ્ટિ કરી. **ચ.**-વળી. **વિમળ** તેરમા વિમળનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાની પુઠ વાંકી હતી તે પાંસરી થઇ તેથી તે નામ આપ્યું. **અણંતં**-ચઉદમાં અનંતનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી અનંત રત્નોની રાશિ સ્વપ્નમાં દીઠી તેથી તે નામ આપ્યું. **ચ-જિણું**-રાગ દ્વેષના જીતનાર **ધમ્મં**-પંદરમા ધર્મનાથ સ્વામી. સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતા ધર્મને પામી, **સંતિ**-સોળમા શાંતિનાથ સ્વામી. સ્વામી ગર્ભમાં આવ્યા પછી મરકીનો રોગ મટયો ને શાંતિ થઇ તેથી તે નામ આપ્યું. **ચ**-વળી. **વંદામિ**-વાંદુ છું. **કુંથું**-સત્તરમાં કુંથુંનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી શત્રુ કંથવા સરખા થાય તેથી તે નામ આપ્યું. **અરં**-અઢારમાં અરનાથ સ્વામી સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાએ રત્નમય આરો દીઠો તેથી તે નામ આપ્યું. **ચ**-વળી. **મલ્લિં**-ઓગણીશમાં મલ્લિનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાને ફુલની શય્યાનો દોહદ ઉપન્યો તે દેવતાએ પૂરો પાડયો તેથી તે નામ આપ્યું. **વંદે**-વાંદું છું. **મુણિસુવ્વય**-વીશમા મુનિસુવ્રત સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી વેરી નમી ગયા તેથી તથા માતાએ મુનિના જેવાં વ્રત પાળ્યાં તેથી તે નામ આપ્યું. **નમિ જિણું**-એકવીશમા નમિનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી વેરી નમાડયા તેણે કરી તે નામ આપ્યું. **ચ**-વળી **વંદામિ**-વાંદું છું. **રિટ્ઠનેમિ**-બાવીશમા અરિષ્ટનેમિ સ્વામી (નેમનાથ), માતાએ સ્વપ્નમાં અરિષ્ટ (શ્યામ) રત્નમય (નેમી) ચક્રધારા

દીઠી તેથી તે નામ આપ્યું. પાસં-ત્રેવીશમા પાર્શ્વનાથ સ્વામી, પિતાની શય્યા નીચે સર્પ આંટા દેતો હતો ને તેનો હાથ હેઠે હતો તે માતાએ ગર્ભના પ્રભાવથી જોઈ લઈ ઉપર મુકયો અને વિઘ્ન ગયું તેથી તે નામ આપ્યું. તહ-તેમજ વદ્ધમાણું-ચોવીશમા વર્દ્ધમાન સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી ધન વગેરેના ખૂબ વધારા થયા તેથી તે નામ આપ્યું. ચ-વળી એવંમએ-એ પ્રકારે મેં. અભિથુઆ-નામે કરી સંસ્તવ્યા, તે ચોવીશ તીર્થંકર કેવા છે ? વિહુય-ટાળ્યાં છે. રય-કર્મરૂપી રજ. મલા-બાંધેલ કર્મરૂપી મેલ. પહીણુ-ખપાવ્યાં છે. જરમરણા-જરા ને મરણ. ચઉવિસં પિ-ચોવીશે એકઠા. જિણવરા-જિનવર તિત્થયરા-તીર્થંકરો મે-મુજને. પસીયંતુ-પ્રસન્ન થાઓ. કિત્તિય-કીર્તિ કરાયેલા વંદિય-નમસ્કાર કરાએલા. મહિયા-શુભ ધ્યાનયોગે કરી પૂજા કરાએલા. જે એ-જે કહ્યા તે લોગસ્સ-લોકમાં ઉત્તમા-ઉત્તમ-સિદ્ધા-સિદ્ધ પદ પામ્યા. આરૂગ્ગ-સર્વ રોગ રહિત. બોહિલાભં-સમકિતરૂપ બોધની પ્રાપ્તિ. સમાહિ-સમાધિ. વર-પ્રધાન-મુત્તમં-સર્વોત્તમ. દિંતુ-દીઓ. ચંદેસુ-ચંદ્રમાંથી અધિક નિમ્મલયરા-નિર્મળ છો આઇચ્ચેસુ-સૂરજ થકી. અહિયં-અધિક પયાસયરા-પ્રકાશના કરનાર છો. સાગર-સમુદ્ર વર-મ્હોટો. તે (સ્વયંભૂ રમણ સમુદ્ર) ગંભીરા-ગંભીર એટલે મ્હોટા સમુદ્રથી પણ વધારે ગંભીર છો સિદ્ધા-એવા હે સિદ્ધ ભગવાન સિદ્ધિ-મુકિત પદ. મમ-મને. દિસંતુ-દીઓ.

સાધુ અથવા શ્રી સીમંધર સ્વામીની આજ્ઞા માગી

(૬) સામાયિક આદરવાનો વિધિ.

દ્રવ્યથકી-કાયાએ કરી, સાવજ્જજોગનાં-પાપના વ્યાપાર કરવાનાં. પચ્ચક્ખાણ-બંધી. ક્ષેત્રથકી-જમીનથી આખા લોક પ્રમાણે....બધા જગતમાં. કાળથકી-કેટલો વખત બે ઘડી સુધી ઉપરાંત ન પારૂં ત્યાં સુધી-બે ઘડી ઉપરાંત જેટલું રહેવું હોય તેટલું ભાવથકી-મનની ધારણાથી છકોટીએ-છ પ્રકારે તે બે કરણ ને ત્રણ જોગથી. પચ્ચક્ખાણ-બંધી. કરેમિ-કરૂં છું. ભંતે-હે પૂજ્ય સામાઇયં-સમતારૂપી સામાયિક. સાવજ્જં-પાપના કામની જોગં-મન વચન કાયાના જોગે. પચ્ચક્ખામિ-બંધી કરૂં છું જાવ-જ્યાં સુધી નિયમં પજ્જુવાસામિ-બંધીની મર્યાદા કરી છે ત્યાં સુધી સેવા કરૂં છું. દુવિહં-બે કરણે. તિવિહેણું-ત્રણ જોગે ન કરેમિ-કરૂં નહિ ન કારવેમિ-કરાવું નહિ (એ બે કરણ.) મણસા-મનની કલ્પનાએ કરી. વયસા-વચનથી. કાયસા-કાયા પ્રવર્તાવવી (એ ત્રણ જોગ) તસ્સ-તે સર્વને, ભંતે-હે પૂજ્ય ! પડિક્કમામિ-નિવર્તું છું. નિંદામિ-નિંદું છું. આત્માની સાખે ગરિહામિ-ગરહું છું. ગુરુની સાખે અપ્પાણું-અશુભ જોગમાં જતાં આત્માને વોસિરામિ-તજું છું.

(૭) નમોત્થુણંનો પાઠ.

નમોત્થુણં-નમસ્કાર હો. અરિહંતાણં-અરિહંત દેવને ભગવંતાણં-ભગવંતને. આઇગરાણં-ધર્મની આદિના કરનારને તિત્થયરાણં-તીર્થના સ્થાપનાર એટલે સાધુ, સાધ્વી,

શ્રાવક, શ્રાવિકા એ ચાર જાતના તીર્થના સ્થાપનારને **સયંસંબુદ્ધાણું**-પોતાની મેળે બુઝ્યા છે તેને **પુરિસુત્તમાણું**-પુરુષમાંહે ઉત્તમ. **પુરિસસીંહાણું**-પુરુષમાં હે સિંહ સમાન, **પુરિસવરપુંડરીયાણું**-પુરુષમાંહે ઉત્તમ પુંડરિક કમળ સમાન-**પુરિસ**-પુરુષમાંહે-**વર**-પ્રધાન, **ગંધહત્થીંણું**-ગંધ હસ્તી સમાન છે જેમ ગંધ હસ્તીને જોઇને બીજા હાથીઓ નાસી જાય તેમ તિર્થંકરને જોઇને બધા મિથ્યાત્વી પાંખડીઓનો મદ ગળી જાય. **લોગુત્તમાણું** લોક માંહે ઉત્તમ છે **લોગનાહાણું** લોકના નાથ છે. **લોગહિયાણું**-લોકના હિતકારી **લોગપઈવાણું**-લોકને વિષે દીપક સમાન છે **લોગપજ્જોયગરાણું**-લોકમાંહે ઉદ્યોત કરનાર **અભયદયાણું**-અભય દાનના દેનાર **ચક્ખુદયાણું**-જ્ઞાનરૂપ ચક્ષુના દેનાર **મગ્ગદયાણં**-મોક્ષ માર્ગના દેનાર **સરણદયાણં**-શરણના દેનાર **જીવદયાણં**-સંજમરૂપ જીવતરના દેનાર **બોહિદયાણં**-સમકિતરૂપ બોધના દેનાર **ધમ્મદયાણં**-ધર્મના દેનાર **ધમ્મદેસિયાણં**-ધર્મઉપદેશના દેનાર. **ધમ્મનાયગાણું**-ધર્મના નાયક **ધમ્મસારહીણું**-ધર્મરૂપ રથના સારથિ. **ધમ્મ**-ધર્મને વિષે, **વર**-પ્રધાન **ચાઉરંત**-ચાર ગતિનો અંત કરવા માટે **ચક્કવટ્ટીણું**-ચક્રવર્તી સમાન છો. **દીવો**-સંસાર સમુદ્રમાં ડૂબતાં જીવને બેટ સમાન. **તાણું**-દુઃખના નિવારણ કરનાર. **સરણ**-આધાર ગઇ-ચાર ગતિમાં **પઇટ્ઠાણું**-પડતા જીવને **અપ્પડિહય**-નથી હણાણું એવું **વર**-પ્રધાન (કેવળ) **નાણ**-જ્ઞાન. **દંસણ**-દર્શન એટલે દેખવું **ધરાણું**-ધરનાર. **વિયટ્ટ**-ગયું છે. **છઉમાણું**-છદ્મસ્થપણું **જિણાણું**-જીત્યા છે રાગદ્વેષને **જાવયાણું**-બીજાને જીતાવ્યા છે રાગ, દ્વેષ. **તિન્નાણું**-તર્યા છે સંસારરૂપી સમુદ્ર **તારયાણું**-બીજાને તારે છે સંસાર સમુદ્રથી **બુદ્ધાણું**-પોતે સમજ્યા તત્વજ્ઞાનને. **બોહિયાણું**-બીજાને તત્વજ્ઞાન સમજાવનાર. **મુત્તાણું** પોતે મુકાણા બહારના તથા અંતરના કર્મ બંધનથી **મોયગાણું**-બીજાને એથી મુકાવનાર **સવ્વન્નુણું**-સર્વ જ્ઞાની છે. **સવ્વદરિસિણું**-સર્વ પદાર્થના દેખનાર **સિવ**-ઉપદ્રવ રહિત **મલય**-અચળ **મરૂય**-રાગ રહિત, **મણંત**-મરણ રહિત **મક્ખય**-ક્ષયરહિત **મવ્વાબાહ**-બાધ પીડા રહિત **મપુણરાવિત્તિ**-નથી ફરીથી અવતરવું જેને. **સિદ્ધિગઇ**-એહવી સિદ્ધની ગતિ-**નામધેય** એવું અમર નામ **ઠાણું**-એવું સ્થાનક **સંપતાણું**-પામ્યા છે. **નમો જિણાણું**-નમસ્કાર હોજો એવા તીર્થંકરોને. **જિયભયાણું**-સાત ભયના જીતનારને.

(પહેલું નમોત્થુણું શ્રી સિદ્ધ ભગવંતને કહેવું. બીજું શ્રી અરિહંત દેવને કહેવું. તેમાં ઠાણુંસંપત્તાણુંને બદલે ઠાણુંસંપાવિઉ કામાણું કહેવું ને પછીના બોલ કહેવા નહિ.)

ત્રીજું નમોત્થુણું-વર્તમાનકાળના સ્વધર્માચાર્યો-સ્વધર્મોપદેશકોને કરવાનું છે તેનો પાઠઃ-

નમોત્થુણું, મમધમ્મ આયરિયસ્સ, મમધમ્મોવદેસિયસ્સ, જાવ સંપાવિઉ કામસ્સ, નમો આયરિયસ્સ.

સામાયિક પાર નો વિધિ

(પહેલા પાઠથી લોગસ્સ સુધીની ક્રિયા આદરવાની રીતે કરીને છઠ્ઠા પાઠને ઠેકાણે નીચે મુજબ કહેવું.

દ્રવ્યથકી સાવજ્જ જોગનાં પચ્ચક્ખાણ કર્યા હતાં તે પૂરાં થયાં તે પારૂં છું ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, કાળથકી બેઘડી ઉપરાંત ન પારૂં ત્યાં સુધી. ભાવથકી છ કોટીએ પચ્ચક્ખાણ કર્યાં હતાં તે પૂરાં થયાં તે પારૂં છું. (૧) એહવા નવમા સામાયિક

વ્રતના ઉપરની વિધિ મુજબ આદરેલા સામાયિક વ્રતને વિષે **પંચઅઈયારા**-પાંચ અતિચાર **જાણિયવ્વા**-જાણવા ન **સમાયરિયવ્વા**-આચરવા નહિ. **તં જહા**-તે આ પ્રમાણે તે આલોઉં તે કહી દેખાડું છું. **મણદુપ્પણિહાણે**-મન માઠું પ્રવર્તાવ્યું હોય. **વયદુપ્પણીહાણે**-વચન માઠું પ્રવર્તાવ્યું હોય. **કાયદુપ્પણિહાણે**-કાયા માઠી પ્રવર્તાવી હોય. **સામાઇયસ્સસઇ**-સમતારૂપ સામાયિક. **અકરણઆએ**-બરાબર કીધું કે નહિ તેના બરાબર ખબર ન રહ્યા હોય. **સામાઇયસ્સ** સામાયિક. **અણવટ્ઠિયસ્સ કરણયાએ**-પુરૂં થયા વિના પાર્યું હોય, **તસ્સ**-તેનું, **મિચ્છા મિ દુક્કડં**-ખોટું કીધેલું નિષ્ફળ થાઓ.

(૨) સામાયિકના વિષે દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીશ દોષમાંથી કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

(૩) સામાયિકમાં **આહારસંજ્ઞા**-ખાવાની ઇચ્છા થઇ હોય. **ભયસંજ્ઞા**-બીક લાગી હોય. **મૈથુનસંજ્ઞા**-સ્ત્રી સેવવાની ઇચ્છા કરી હોય. **પરિગ્રહસંજ્ઞા**-લાભ મેળવવાની ઇચ્છા કરી હોય. **એ ચાર સંજ્ઞા માંહેલી કોઇ સંજ્ઞા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

(૪) સામાયિકમાં **સ્ત્રીકથા* ભત્તકથા, દેશકથા, રાજકથા એ ચાર કથા માંહેલી કોઈ કથા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

(૫) **સામાયિકસમકાએણં**-સામાયિક કાયાએ બરાબર રીતે. **ન ફાસિયં**-સ્પર્શ કર્યું. -અંગીકાર કર્યું ન હોય. **ન પાલિયં**-તેવું-જ પાળ્યું ન હોય. **ન સોહિયં**-શુદ્ધ કર્યું ન હોય. **ન તીરિયં**-પાર ઉતાર્યું ન હોય. **ન કિત્તિયં**-કીર્તિ કીધી ન હોય. **ન આરાહિયં**-આરાધના કીધી ન હોય. **આણાએ**-વીતરાગ દેવની આજ્ઞા પ્રમાણે. **અણુપાલિતા**-વિશેષે પાળતાં થકાં. **ન ભવઇ**-તે પ્રમાણે ન વરતાયું હોય. **તસ્સ મિચ્છા મિ દુક્કડં**-તે ખોટા કીધાનું ફળ નિષ્ફળ થાઓ.

(૬) સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં. (૭) સામાયિકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતાં અજાણતાં મને, વચને, કાયાએ કરી કાંઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં કાનો, માત્રા, મીંડી, પદ, અક્ષર, ગાથા, સૂત્ર ઓછું અધિક વિપરીત કહેવાણું હોય તો અનંતા સિદ્ધ અને કેવળીની સાખે તસ્સ મિચ્છા મિ દુક્કડં.

(પછી આગળ મુજબ ત્રણ નમોત્થુણં કહેવાં.

સામાયિક વ્રત સંપૂર્ણ.)

સામાયિક કરતાં મનના દશ, વચનના દશ તથા કાયાના બાર એ પ્રમાણે બત્રીસ દોષ ન લાગે તે માટે નિરંતર ઉપયોગ રાખવો. તે બત્રીસ દોષ નીચે પ્રમાણે:-

મનના દશ દોષ.

૧ **અવિવેક દોષ**-સામાયિક કરે તે વારે સર્વ ક્રિયા કરે પણ મનમાં વિવેક ન હોય એટલે

* સ્ત્રીઓએ આ ઠેકાણે પુરુષકથા એમ કહેવું.

સામાયિક શું ચીજ છે તે જાણે નહિ અને વિવેક સહિત સામાયિક કરવાથી કોણુ તર્યા છે? એનાથી શું ફળ પ્રાપ્તિ છે? એ કોનું સાધન છે? એમાં શું સાધ્ય છે? વ્યવહાર સામાયિક કયું અને નિશ્ચય સામાયિક કયું? સામાયિકની રીતિ જિનેશ્વરે શા પ્રમાણે કહી છે વગેરે વિવેક વિના જે સામાયિક કરે તે અવિવેકનો પ્રથમ દોષ.

૨ **યશો વાંચ્છા દોષ**—સામાયિક કરીને કીર્તિની વાંચ્છના કરે એટલે સામાયિક તો નિર્જરાનો હેતુ છે અને સિદ્ધપદનું સાધન છે તેને બદલે તેનાથી કીર્તિની વાંછના કરે તે યશો વાંછા દોષ.

૩ **ધન વાંચ્છા દોષ**—સામાયિક કરવાથી ધન-પ્રાપ્તિની ઇચ્છા કરે તે.

૪ **ગર્વ દોષ**—સામાયિક લઈને મનમાં ગર્વ આણુવો કે હું જ ધર્મ જાણુનાર છું. હું કેવું સામાયિક કરૂં છું! બીજા મૂર્ખ લોકો સામાયિક શું સમજે? વગેરે બાબતનો જે ગર્વ કરવો તે ગર્વ દોષ. અમે સંઘમાં મોટા છીએ માટે અમારે સામાયિક કરવું પડે તે ગર્વ દોષ.

૫ **ભય દોષ**—એટલે કોઈ પ્રકારના ભયથી કે લોકમાં પોતાની નિંદા થશે એવી બીકથી સામાયિક કરે પણુ મનમાં સામાયિક કરવાનો ભાવ ન હોય તે ભય દોષ. સામાયિક ન કરૂં તો કામ કરવું પડશે એવો ભય લાવી સામાયિક કરવા બેસી જાય.

૬ **નિદાન દોષ**—સામાયિક કરીને ધનાદિકનું અથવા બીજી કોઇ ઇચ્છત વસ્તુનું નિયાણું કરે તે કારણે સામાયિકનું તો મહત્ ફળ છે, તે ન વિચારતાં એવા ખોટા ફાયદા ઉપર લક્ષ રાખી નિયાણું કરી, તે વેચી નાંખ્યા બરાબર થાય તે માટે નિદાન દોષ.

૭ **સંશય દોષ**—સંશયયુક્ત સામાયિક કરે એટલે મનમાં વિચારે કે સામાયિક કરીએ છીએ તો ખરા, પણુ આગળ ઉપર ફળ થશે કે નહિ? એમ પ્રતીતિ નહિ તે.

૮ **કષાય દોષ**—કષાયભર્યું સામાયિક કરે એટલે કોઇની સાથે રાષ વર્તે છે તેથી તેને જવાબ દેવો નથી એમ ધારી સામાયિક કરી બેસે. એવું રહસ્ય છે છતાં કષાયયુક્ત કરે તે દોષિત ગણુાય, તેનું નામ કષાય દોષ સામાયિક, ક્રોધ, માન, માયા, લોભ કરે તે કષાય દોષ.

૯ **અવિનય દોષ**—વિનય રહિત સામાયિક કરે તે. ગુરુ વગેરેનો યથાયોગ્ય વિનય ન કરવો તે.

૧૦ **બહુમાન દોષ**—બહું માન સહિત કરે પણુ ભક્તિભાવથી ન કરે તે.

વચનના દસ દોષ

૧ **કુસ્તિક વચન દોષ**—જે વચન સાંભળી કોઇને લજ્જા, ભય, કષાયાદિ ઉપજે તેવાં કુસ્તિક વચન સામાયિકમાં બોલે તે કુસ્તિક દોષ.

૨ **સહસાકર દોષ**—સામાયિકમાં આગળ પાછળનો ઉપયોગ રાખ્યા સિવાય અણુવિચાર્યું બોલે તે

૩ **અસદારોહણુ દોષ**—સામાયિકમાં કોઇ ઉપર અસત્ય દોષ (તહોમત) મૂકે તે.

૪ **નિરપેક્ષ વાકય દોષ**—સામાયિકમાં શાસ્ત્રની અપેક્ષા વિના સ્વમતિનાં વચન બોલે તે.

૫ સંક્ષેપ દોષ–સામાયિકમાં સૂત્ર પાઠે વચન સંક્ષેપ કરી બોલે, અક્ષરપાઠાદિ હીણા બોલે તે.
૬ કલહ કર્મ દોષ–સામાયિકમાં કોઈની સાથે કલેશ કરે તે.
૭ વિકથા દોષ–સામાયિકમાં સજ્ઝાય, ધ્યાન, ધર્મકથા, મહાપુરુષનાં ચરિત્ર અથવા તીર્થંકર આદિનો મહિમા વગેરે ક્રિયા કરવાની કહી છે તે પ્રમાણે ન વર્તતાં રાજ્યાદિ વગેરેની ચાર કથા કરે તે.
૮ હાસ્ય દોષ– સામાયિકમાં કોઈની મશ્કરી કરે તે, ગંભિરતા રાખવાને બદલે હાસ્ય કરે.
૯ અશુદ્ધ પાઠ દોષ–સામાયિકનાં સૂત્રાદિ ઉચ્ચાર કરે તેમાં મુખથી દીર્ઘનો હ્રસ્વ અથવા હ્રસ્વ અક્ષરને ઠેકાણે દીર્ઘ બોલે, કોઇ ઠેકાણે માત્રાહીન અથવા અધિક ઉચ્ચરે, અશુદ્ધ પાઠનો ઉચ્ચાર કરે તે.
૧૦ મુણ મુણ વચન દોષ–સામાયિક લઈને ઉતાવળે પાઠનો ઉચ્ચાર કરે, સ્પષ્ટ પ્રગટ અક્ષર ન ઉચ્ચરે, પદનું, ગાથાનું ઠેકાણું માલૂમ ન પડે, માખીની પેઠે બણબણ કરે એમ ગડબડ કરીને પાઠ પૂર્ણ કરે તે.

કાયાના બાર દોષ

૧ અયોગ્ય આસન દોષ–સામાયિક કરતી વખતે પગ ઉપર પગ ચડાવીને બેસે, મહાત્મપર્યાય થકી વિનય ગુણની વૃદ્ધિની હાની કરે, વસ્ત્રવડે જાનું બાંધીને બેસે તે પ્રથમ દોષ; માટે જે વડે વિનય ગુણ રહે. ઉદ્ધતાઈ ન જણાય, અજયણા ન થાય તેવી રીતે બેસવું.
૨ ચલાસન દોષ–આસનને સ્થિર ન રાખે, વારંવાર આગળ પાછળ ચલાયમાન કરે ને પોતે ચપળતા ઘણી કરે તે ચલાસન દોષ કહેવાય.
૩ ચલદૃષ્ટિ દોષ–સામાયિક લઈને દૃષ્ટિને નાસિક ઉપર સ્થાપી મનમાં શ્રુતોપયોગ રાખી મૌનપણે ધ્યાન ન ધરે, શાસ્ત્રાભ્યાસ કરવો હોય તો જયણાયુક્ત પુસ્તક ઉપર દૃષ્ટિ રાખવી વગેરે શુદ્ધ સામાયિકની રીતિ જે શાસ્ત્રકારે કહેલી છે તે રીતિનો ત્યાગ કરી ચકિત મૃગની જેમ ચારે દિશાએ નેત્રો ફેરવે તે ચલદૃષ્ટિ દોષ
૪ સાવદ્યક્રિયા દોષ–કાયાવડે કંઇ સાવદ્ય ક્રિયા કરે અથવા સાવદ્ય ક્રિયાની સંજ્ઞા કરે તે.
૫ આલંબન દોષ–સામાયિકમાં દીવાલ પ્રમુખનો આશ્રય છોડી એકાંત બેસવું એ રીતિ છે તે રીત ત્યાગી દીવાલ, થાંભલા વગેરેને પીઠ લગાડીને બેસે તે કારણે પુંજ્યા વિનાની દીવાલ ઉપર ઘણા જીવોનો વીશ્રામ હોય ત્યાં પીઠ લગાડતાં ઘણા જીવોની વિરાધના થાય અથવા ઓઠીંગણ દઈ બેસવાથી નિદ્રાદિક પ્રમાદ વધે અને તેથી શુભ ધ્યાનાદિકમાં ખામી આવે તેથી તે દોષયુક્ત છે.
૬ આકુંચન પ્રસારણ દોષ–સામાયિક લઈને કારણ વિના હાથ પગ સંકોચે અથવા લાંબા કરે.
૭ આલસ્ય દોષ–સામાયિકને વિષે અંગે આળસ મરડે, ટાચકા ફોડે, કરકડા કરે, કમર વાંકી કરે વગેરે પ્રમાદની બહુલતાનાં કાર્યો કરે તે.
૮ મોટન દોષ–સામાયિકમાં અંગુલી પ્રમુખને વાંકી કરી ટાચકા ફોડે તે.
૯ મલ દોષ–સામાયિક લઈને શરીરે ખસ પ્રમુખ થઈ હોય તે વલુરે, મેલ ઉતારે તે.

૧૦ **વિમાસણ દોષ**-સામાયિકમાં અંગ વિમાસણ કરાવે, હાથનો ટેકો દીએ, લમણે હાથ દઈ બેસે તે.

૧૧ **નિદ્રા દોષ**-સામાયિકમાં નિદ્રા કરે તે.

૧૨ **વસ્ત્ર સંકોચન દોષ**-ટાઢ પ્રમુખની પ્રબળતાથી પોતાને સમસ્ત અંગે સારી પેઠે વસ્ત્ર ઓઢે તે.

એ પ્રમાણે મનના દશ દોષ, વચનના દશ દોષ અને કાયાના બાર દોષ એ સર્વ બત્રીસ દોષ થાય. વિવેકી પુરુષો તે દોષ ટાળી શુદ્ધ સામાયિક કરે.

નીચેના વીસ દોષ ટાળી કાઉસગ્ગ કરવો.

૧ ઘોડાની પેઠે એક પગ સીધો અને એક પગ વાંકો કરે તે ઘોટક દોષ. ૨ પવનના સપાટાથી વેલડોલે તેમ ડોલે તો લતા દોષ. ૩ સ્થંભને આધારે ઓઠીંગે રહી ઉભો રહે તે સ્થંભ દોષ. ૪ પર્વતના કૂટની પેઠે અક્કડ ઉભો રહે તે કૂટ દોષ. ૫ ઝાલણીઆના ઉંચા ઓઠીંગે રહી કાઉસ્સગ્ગ કરે તે માળા દોષ. ૬ ભીલડીની પેઠે હાથ આગળ રાખી કરે તે શબરી દોષ. ૭ વહુની પેઠે ઘુંઘટો કાઢી વસ્ત્ર ઓઢે તે વધુ દોષ. ૮ પ્રમાણ ઉપરાંત વસ્ત્ર માથે રાખી કરે તે લંબોત્તર દોષ. ૯ શરીરને સ્તનની પેઠે ઢાંકીને કરે તે સ્તન દોષ. ૧૦ ગાડાંની ઉંધની પેઠે બે પગની પાની એકઠી રાખે તે ઊર્ધ્વિકા દોષ. ૧૧ સાધ્વીની પેઠે વસ્ત્ર ઓઢી કરે તે સંયતિ દોષ. ૧૨ દિગંબરની પેઠે હાથ ઉંચા રાખી કરે તે ખલીન દોષ. ૧૩ કાગની પેઠે નેત્ર ચંચળ કરે તે વાયસ દોષ. ૧૪ કોઠનાં ફળ એકઠાં કર્યાની પેઠે વસ્ત્ર એકઠાં કરે તે કપીઠ દોષ. ૧૫ શરીરમાં ભુત પ્રવેશ જેમ મસ્તક ધૂણાવે તેમ ધૂણી કાઉસ્સગ્ગ કરે તે શરીકંપન દોષ. ૧૬ મૂંગાની પેઠે હું હું કરે તે મૂક દોષ. ૧૭ આંગળી પાંપણે રાખી વિચાર કર્યાની પેઠે કાઉસ્સગ્ગ કરે તે અંગુલીભ્રમૂહ દોષ. ૧૮ * દારૂ શીશામાં નાખતાં ગરમીને યોગે બડબડ થાય તેની પેઠે કરે તે વારૂણી દોષ. ૧૯ તરસ્યા કપિની પેઠે હોઠ હલાવે તે પ્રેક્ષા દોષ. ૨૦ બીજાની પાસે પાઠ ઉચ્ચરાવી કરે તે અન્ય પાઠોચ્ચરિત દોષ.

કાઉસ્સગ્ગ કરતી વખતે ઉપરના વીસ દોષોમાંથી એક પણ દોષ ન આવે તેનું બરાબર ધ્યાન આપવું.

* ૧૮ મદિરાપાન કરેલની પેઠે બડબડાટ સાથે કાઉસ્સગ્ગ કરે તે વારૂણી દોષ.

શ્રી પ્રતિક્રમણ સૂત્ર

પ્રતિક્રમણ શરૂ કરતાં પહેલાં ઊભા થઇ સવિનયે ગુર્વાદિકને અગર તેમની ગેરહાજરીમાં શ્રી સીમંધર ભગવાનને યથાવિધિ વંદણા કરી પ્રતિક્રમના ત્રણ આવશ્યકની આજ્ઞા માગવી.

પહેલો આવશ્યક *

(આ ઠેકાણે નવકાર તથા તિક્ખુત્તોનો પાઠ પૂરો કહેવો) પછી સ્વામીનાથ પાપનું આલોયણ, પ્રતિક્રમણની આજ્ઞા (એ પ્રમાણે કહીને) પાઠ ૧ લો ઇચ્છામિણં ભંતે ! પડિક્કમણાની આજ્ઞા માગવાનો પાઠ.

ઇચ્છામિણં-મારી ઇચ્છા છે. **ભંતે**-હે પૂજ્ય. **તુબ્ભેહિં**-તમારી. **અબ્ભણુનાય સમાણે**-આજ્ઞા થવાથી. **દેવસિયં**-દિવસ સંબંધી. **પડિક્કમણું**-પાપને નિવારણ કરવાને. **ઠાએમિ**-એક સ્થાને બેસું છું. **દેવસિ**-દિવસ સંબંધી. **જ્ઞાન**-જ્ઞાન **દંસણ**-દર્શન. **ચારિત્ર**-આવતાં કર્મને રોકવાં તે. **તપ**- પૂર્વ કર્મ ખપાવવાં તે. **અતિચાર**-લીધેલા વ્રત ભાંગવાને તૈયાર થવું તે. **ચિંતવનાર્થં**-વિચારવાને અર્થે. **કરેમિ**-કરૂં છું. **કાઉસ્સગ્ગં**-કાયા સ્થિર રાખવી તે. **(નવકાર તથા કરેમિભંતેનો પાઠ** બોલવો.)

સ્તુતિ-બાર ગુણ **શ્રી** અરિહંતના આઠ ગુણ **શ્રી** સિદ્ધભગવંતના, છત્રીશ ગુણ **શ્રી** આચાર્યજીના, પચીશ ગુણ શ્રી ઉપાધ્યાયજીના, સત્તાવીશ ગુણ **શ્રી** સાધુના, એ પંચ પરમેષ્ઠીના મળી એકસો આઠ ગુણ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી અવિનય, અભક્તિ, આશાતના થઇ હોય તે, મન, વચન, કાયાએ કરી અજાણપણે, આકુટીપણે, અણાકુટીપણે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, દેશથી, સર્વથી વિરાધના કરી હોય, ને દિવસ સબંધી અનાજ્ઞા- અપરાધ કીધો હોય, કરાવ્યો હોય, અનુમોદ્યો હોય તે સર્વે અરિહંત અનંતા સિદ્ધ ભગવાનની સાખે તસ્સ મિચ્છા મિ દુક્કડં.

પાઠ ૨જો, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગં.

ઇચ્છામિ-ઇચ્છું છુ **ઠામિ**-એક ઠેકાણે રહીને કરૂં છું. કાઉસ્સગ્ગં-કાયા સ્થિર રાખવી તે. **જો-જે. મે**-મારે **જીવે. દેવસીઓ**-દિવસ સંબંધી. **અઇયારો**-અતિચાર. **કઓ**-લગાડયો હોય. **કાઇઓ**-કાયાએ કરી. **વાઇઓ**-વચને કરી. **માણસિઓ**-મને કરી. **ઉસ્સુત્તો**-સૂત્રવિરૂદ્ધ કર્યું હોય. **ઉમ્મગ્ગો**-જિન માર્ગ છોડીને અન્ય માર્ગ પકડયો હોય. **અકપ્પો**-ન ભોગવવા જેવી વસ્તુ ભોગવી હોય. **અકરણિજ્જો**-ન કરવા જેવું કર્યું હોય **દુજ્ઝાઓ**-માઠું ધ્યાન ધર્યું હોય. **દુવિચિંતિઓ**-માઠી ચિંતવણા કરી હોય. **અણાયરો**-આચરવા યોગ્ય નહિ. **અણિચ્છિયવ્વો**-ઇચ્છવા યોગ્ય નહિ. **અસાવગ**-શ્રાવકને નહિ કરવા યોગ્ય. **પાઉગ્ગો**-કોઇ પ્રયોગ **કર્યો** હોય. **નાણે**-જ્ઞાનને વિષે **તહ**-તેમજ **દંસણે**-દર્શનને વિષે. **ચરીત્તા ચરિ**-તે-જેટલે અંશે પચ્ચક્ખાણ તે ચારિત્ર અને જેટલા અપચ્ચક્ખાણ તે અચારીત્ર **તેને**

---

* સાધુ, સાધ્વી. શ્રાવક અને શ્રાવિકાએ વિશેષ કરીને અવશ્ય કરવું તેને આવશ્યક કહે છે.

વિષે, **સુએ**-સૂત્ર સિદ્ધાંતને વિષે. **સામાઇએ**-સમતારૂપ સામાયિકને વિષે **તિણ્હં**-ત્રણ પ્રકારની. **ગુત્તિણં**-ગુપ્તિ,-મન, વચન અને કાયા એ ત્રણને. **ચઉણ્હં**-ચાર પ્રકારનાં **કસાયણં**-કષાય એટલે ક્રોધ, માન, માયા ને લોભ. **પંચણ્હ**-પાંચ પ્રકારના. **અણુવ્વયાણં**-અણુવ્રત (પહેલેથી પાંચ વ્રત) **તિણ્હં**-ત્રણ પ્રકારનાં. **ગુણવ્વયાણં**-ગુણવ્રત (તે છઠું, સાતમું અને આઠમું વ્રત(**ચઉણ્હં**-ચાર પ્રકારનાં. **સિક્ખાવયાણં**-શિક્ષાવ્રત (તે નવ, દસ, અગિયારને બારમું વ્રત) **બારસવિહસ્સ**-(એ કહ્યા તે) બાર પ્રકારનાં. **સાવગ**-શ્રાવકના. **ધમ્મસ્સ**-ધર્મને વિષે. **જં**-જે કાંઇ **ખંડિયં**-ખંડિત કર્યું હોય. **જં**-જે કાંઇ **વિરાહિયં**-વિરાધ્યું હોય. **તસ્સ**-તેનું **મિચ્છા મિ દુક્કડં**-દુષ્કૃત, પાપ નિષ્ફળ થાઓ.

સ્તુતિ-પ્રથમ મારો આત્મા અનાદિકાળનો મમતાપણે પરિણમ્યો છે તેને સમતાપણે પરિણમવાને વાસ્તે સાવજ્જ જોગની બંધી કરવી. સમભાવનો લાભ તે સામાયિક કહીએ. પ્રથમ સામાયિક આવશ્યક તે સમતા પરિણામ રાખવા માટે નિપજાવવો.

તસ્સઉત્તરીકરણેણંથી ઠેઠ અપ્પાણં વોસિરામી સુધી કહીને તે પછી સ્થિર રહી કાઉસ્સગ કરવો. તેમાં **નવાણું અતિચાર** જે દરેક વ્રત વગેરેને અંતે કહેવાશે તે અથવા ચાર લોગસ્સ મનમાં બોલવા અને **એક નવકાર** ગણી કાઉસ્સગ પારવો.

બીજો આવશ્યક

સ્તુતિ-જે સમતાપણે પરિણમ્યા, મમતા પરિહર્યા, ચૌદ રાજલોકને મસ્તકે સિદ્ધિ વર્યા, સંસાર સમુદ્ર નિસ્તર્યા, સર્વ ઉપમા અલંકૃત સર્વ અઘમળહર, એવા ચોવીશ તીર્થંકર જન્મ, જરા મરણને પરિક્ષીણ કરી, આત્મગુણ, આત્મપણે પરિણમ્યા, સાદિ અનંત ભાગે સિદ્ધ થયા, સ્વરૂપ રમણરૂપ અનુભવ સ્થિર રહ્યા, અને મહારે સમતાપણે પ્રગટ થવા, મમતા પરિહરવાને અવસરે, સ્મરણ, ચિંતન, મનન, ધ્યાનરૂપે સહાય હોજો. એવા ચોવીશ તીર્થંકરની સ્તુતિરૂપ **બીજો ચઉવીસત્થો આવશ્યક (લોગસ્સનો પાઠ કહેવો)**

ત્રીજો આવશ્યક

સ્તુતિ-હવે એવા ચોવીશ તીર્થંકર જેણે ઓળખાવ્યા, તેવા મારા ધર્મગુરુ, ધર્માચાર્ય, મહાઉપકારી, જ્ઞાનલોચનના દાતાર, અજ્ઞાનતિમિરના ફેડણહાર, મિથ્યાત્વ કલંકના મિટાવણહાર. ભવદાવાનળ શમાવવાને અર્થે અમૃતધારા વાણી વરસાવતા મુજ અપરાધીને ન્યાય કરવા, માર્ગથી ભુલ્યાને માર્ગે ચડાવ્યો, (પછી ભાગ્યની વાત) એવા ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, ધર્માત્મા, છ કાયના ગોવાળ, અધમ-ઉદ્ધારણ, ભવદુઃખભંજન લોચનદાતાર, નિર્લોભી નિર્લાલચી, સમતાવંત, ધૈર્યવંત, વિવેકી, વિજ્ઞાની, એકાંત ઉપકાર નિમિત્તે મહેરબાની કરી સાચા મિત્રપણે હાથ દઇ, મુજ કિંકર અપરાધી, ગુણરહિત કરૂણાબુદ્ધિએ ન્યાયમાર્ગ દેખાડી સાચા દેવાધિદેવને ઓળખાવ્યા.

પાઠ ૩ જો વંદણા ઈચ્છામિ ખમાસમણો

(ઉભડક બેસીને આ પાઠ બે વાર બોલવો)

ઈચ્છામિ ખમાસમણો. (ઉત્કટ (ઉભડક) આસન બેસીને કહેવું)

ઈચ્છામિ-ઈચ્છું છું. **ખમા**-ક્ષમાવંત **સમણો**-સાધુ **વંદિઉં**-વાદું છું. **જાવણિજ્જાએ**-યથાશકિત **નિસીહિયાએ**-અશુભ જોગને નિષેધ કરીને **અણુજાણહ**-આજ્ઞા આપો. **મે**-મુજને. **મિ**-મર્યાદામાં **ઉગ્ગહં**-આવવાની **નિસીહિ**-નિષેધ કરીને અશુભ જોગને. **અહોકાયં**-તમારા ચરણોને **કાયસંફાસં**-મારી કાયાએ સ્પર્શ કરૂં છું. **ખમણિજ્જો**-ખમજો. **ભે**-પૂજ્ય **કિલામો**-કલેશ ઉપજાવ્યો હોય તે. **અપ્પ**-ગઈ છે. **કિલંતાણં**-કિલામના તમારી. **બહુ**-ઘણી. **સુભેણં**-શુભયોગે કરી. **ભે**-પૂજ્ય. **દિવસો**-દિવસ **વઈક્કંતો**-વહી ગયો (ચાલ્યો ગયો) **જત્તા ભે**-જાત્રારૂપ પૂજ્ય. **જવણિજ્જં**-જીતી છે ઇંદ્રિયોને. **ચ**-અને. **ભે**-પૂજ્ય તમે **ખામેમિ**-ખમાવું છું. **ખમાસમણો**-ક્ષમાસહિત સાધુ તમને **દેવસિયં** દિવસ સંબંધી **વઇક્કમં**-થયેલા અપરાધને **આવસ્સિયાએ**-અવશ્ય કરણી કરતાં થયેલા અતિચારથી. **પડિક્કમામિ**-હું નિવર્તું છું. **ખમાસમણાણં**-ક્ષમાવંત સાધુની. **દેવસિયાએ**-દિવસ સંબંધી **આસાયણાએ**-આશાતના **તિત્તીસન્નયરાએ**-તેત્રીસ તથા તેથી અનેરે પ્રકારે. **જં**-જે. **કિંચિ**-કાંઈ. **મિચ્છાએ**-ખોટું કીધું હોય. **મણુ**-મને. **દુક્કડાએ**-માઠું કર્યું હોય. **વય**-વચને **દુક્કડાએ**-માઠું બોલ્યો હોઉં. **કાય**-કાયા. **દુક્કડાએ**-માઠી વર્તાવી હોય. **કોહાએ**-ક્રોધ કર્યો હોય. **માણાએ**-માન કર્યું હોય. **માયાએ**-કપટ કર્યું હોય. **લોહાએ**-લોભ કર્યો હોય. **સવ્વકાલિયાએ**-સર્વ કાળને વિષે. **સવ્વમિચ્છોવયારાએ**-સર્વ જે કાંઇ ખોટું કર્યું હોય. **સવ્વ**-સર્વ. **ધમ્માઇ**-ધર્મની **ક્રમણાએ** કરણીને વિષે **આસાયણાએ**-આશાતના કરી હોય. **જો**-જે **મે**-મને. **દેવસિઓ**-દિવસ સંબંધી. **અઇયારો**-અતિચાર. **કઓ**-લાગ્યા હોય. **તસ્સ**-તે અતિચારને. **ખમાસમણો**-ક્ષમાવંત સાધુ. **પડિક્કમામિ**-નિવર્તું છું. **નિંદામિ**-નિંદુ છું, **ગરિહામિ**-ગર્હું છું. **અપ્પાણં વોસિરામિ**-આત્માને તજું છું, દોષોને આત્માથી તજું છું (આ પાઠ બે વખત કહેવો).

સ્તુતિ-એવા મારા ધર્મગુરુએ, મુજને ન્યાલ કરવા મહેરબાન થઇને મુજ અપરાધીને સુકૃત કમાણીરૂપ પુંજી સબળ, અર્થ ભાવ, લક્ષ્મી, ભવોભવ કલ્યાણકારી, શિવ-એકાંત સુખકારી, આનંદકારી, જયવિજયકારી પુણ્ય અને ધર્મ બુધિકારી, સુલભબોધબીજદાયક, સંવર કરણી બતાવી. મારી સમજણ માફક ભાગ્ય પ્રમાણે, છતી શકિત પ્રમાણે, મુળગુણ, ઉત્તરગુણ વ્રત, પચ્ચક્ખાણ નિયમ મર્યાદા કરાવી છે, તે પાંચ આચાર સંબંધી થોડા કાળની મર્યાદા કરી ભલાં પચ્ચક્ખાણ કરાવ્યાં છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રતાદિને વિષે કોઇ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર દોષ લાગ્યો હોય, તે આલવણ, નિંદણ, ગર્હણ આત્માને વિશુદ્ધ કરી પાપથી પાછાં પગલાં ભરીને, આત્માને વિશુદ્ધ કરવા સારૂ, સંભારી-સંભારી, ધારી-ધારી, વિચારી વિચારીને દોષ નિવારવા પ્રતિક્રમણરૂપ ચોથો આવશ્યક કરવાની ઇચ્છા ઉપજી છે તે સફળ હોજો. દુષ્કૃત નિષ્ફળ હોજો.

સામાયિક એક, ચોઉવીસત્થો એટલે લોગસ્સ બે અને વંદણા ત્રણ એ ત્રણ આવશ્યક પૂરા થયા, તેને વિષે કાનો, માત્રા, મીંડી પદ અક્ષર, ગાથા. સૂત્ર ઓછું અધિક વિપરીત કહેવાણું હોય તે મિચ્છા મિ દુક્કડં.

(ચોથા આવશ્યકની આજ્ઞા માગવી)

ચોથો આવશ્યક.

પાઠ ૪ થો જ્ઞાનના અતિચારનો

દિવસ સંબંધી-દિવસને વિષે. જ્ઞાન-જ્ઞાન. દર્શન-દર્શન. ચારિત્ર-તપને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આલોઉં-કહી દેખાડું છું. આગમે-સૂત્ર-સિદ્ધાંત. તિવિહે-ત્રણ પ્રકારનાં. પણ્ણત્તે-પરૂપ્યા. તંજહા-જેમ છે તેમ કહે છે. સુત્તાગમે-સૂત્ર આગમ. અત્થાગમે-અર્થ આગમ એટલે સૂત્રના અર્થ કરવા તે. તદુભયાગમે-તે બે આગમ-સૂત્ર તથા અર્થ બન્ને સાથે જ હોય તે એવા જ્ઞાનને વિષે જે અતિચાર દોષ લાગ્યા હોય તે આલોઉં-કહું છુ. જં. વાઇદ્ધં. સૂત્ર આઘાં પાછા ભણાયાં હોય. વચ્ચમેલિયં-ધ્યાન વિના શૂન્ય ઉપયોગે સૂત્ર ભણાયાં હોય. હિણક્ખરં-ઓછો અક્ષર ભણાયો હોય. અચ્ચક્ખરં-અધિક અક્ષર ભણાયો હોય. પયહીણં-પદ ઓછું ભણાયું હોય. વિણયહીણં-વિનયરહિત ભણાયું હોય. જોગહીણં-મન, વચન, કાયાના જોગ સ્થિર રહ્યા વિના ભણાયું હોય. ઘોસહીણં-શુદ્ધ ઉચ્ચાર-રહિત ભણાયું હોય. સુટ્ઠુદિન્નં-રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય. દુટ્ઠુપાડચ્છિયં-દુષ્ટ રીતે ભણાયું હોય. અકાલે કઓ સજ્ઝાઓ-સંધ્યાકાળ આદિ બાર અકાળ, તે વખતે સજ્ઝાય ન કરી હોય. કાલે ન કઓ સજ્ઝાઓ-ખરો વખત છે તે વખત સજ્ઝાય ન કરી હોય. અસજ્ઝાઈએ સજ્ઝાયં-લોહી, પરૂ આદિ અપવિત્ર જગ્યાએ સજ્ઝાય કરી હોય સજ્ઝાઈએ ન સજ્ઝાયં- સજ્ઝાય કરવા યોગ્ય જગા હોય ત્યાં સજ્ઝાય ન કરી હોય. તસ્સ મિચ્છા મિ દુક્કડં-એ ચૌદ પ્રકારના અતિચાર માંહેલો કોઇ દોષ લાગ્યો હોય તે ખોટું કરેલું નિષ્ફળ થાઓ.

પાઠ ૫-મો સમકિતનો.

દંસણ-શ્રદ્ધા, આસ્થા, સમકિત-૧ ત્રણતત્ત્વની શુદ્ધિ પૂર્વક, પદાર્થોમાં. પરમત્થ-પરમઅર્થ-નવતત્ત્વ જાણીને તેમાંથી આત્માનો અનુભવ કરવો તે આત્માના શુદ્ધ ગુણોમાં રમણતા સથંવો-રાગ,દ્વેષ રહિત દૃષ્ટિ પરિચય કરવો, વા-અથવા સુદિટ્ઠ-ભલી દૃષ્ટિથી જોયા છે એવા ગુરૂની પરમત્થ-એ મહાન અર્થ સેવણા-સેવના (ભક્તિ) કરવી. વા વિ-અને વળી વાવન્ન-સમકિત પામી તેમાંથી ખસી ગયા હોય તે. કુદંસણ-ત્રણસે ત્રેસઠ પાખંડી (મૂળગું સમકિત જેને ન હોય) વજ્જણા-તેને વર્જવા, ત્યાગ કરવો સમ્મત્ત-એ સમકિતવંતની સદ્દહણા-શ્રદ્ધા. એવા સમકિતના સમણોવાસએણં-એવા સમકિત જીવ, સાધુના પાસાના સેવનાર શ્રાવકને. સમ્મત્તસ્સ-સમકિતના. પંચ-પાંચ. અઇયારા-અતિચાર પાયાલા-મોટા પાતાળ કળશ સમાન જાણિયવ્વા-જાણવા ન સમાયરિયવ્વા-(પણ) આચરવા નહિ. તંજહા-જેમ છે તેમ તે--તે આલોઉં-કહું છું. સંકા-સમકિતને વિષે શંકા રાખે (જૈનધર્મ ખરો હશે કે ખોટો હશે?) કંખા-મિથ્યાત્વના મતની ઇચ્છા કરી તે. વિતિગિચ્છા-કરણીના ફળનો સંદેહ આણે. પરપાસંડ-બીજા પાખંડીના મતનાં. પસંસા-વખાણ કર્યાં હોય. પરપાસંડ-બીજા પાખંડીનો. સંથવો-સમાગમ કર્યો હોય (કેમકે જે પોતાના મતમાં જાણીતો ન હોય ને બીજાનો સમાગમ

---

૧. પાંચ ગુણ જેનામાં હોય તેને સમકિત કહેવું. ૧. શમ, ૨ સંવેગ, ૩ નિર્વેદ, ૪ અનુકંપા, ૫ આસ્થા.

કરે તો તે એક તરફી વિચારથી ખરી જાય છે.) એ પાંચ અતિચાર મધ્યેથી કોઈ અતિચાર લાગ્યો હોય તો **તસ્સ મિચ્છા મિ દુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

પાઠ ૬ ઠો-પહેલું અણુવ્રત.

પહેલું-પહેલું **અણુવ્રત**-નાનું (સાધુના વ્રતથી) **થૂલાઓ પાણાઈવાયાઓ**-મોટકા પ્રાણી હણવાથી **વેરમણું**-નિવર્તું છું. **ત્રસ જીવ**-હાલતા ચાલતા જીવ (તે કહે છે) **બેઇંદ્રિય**-બે ઇંદ્રિયવાળા. **તેઇંદ્રિય**-ત્રણ ઇંદ્રિયવાળા. **ચઉરિંદ્રિય**-ચાર ઇંદ્રિયવાળા, **પંચેંદ્રિય**-પાંચ ઇંદ્રિય વાળા **જીવ**-પ્રાણી. **જાણી**-જાણીને. **પ્રીછી**-ઓળખ્યા છતાં **સ્વસંબંધી**-પોતાના સગાસંબંધી. **શરીરમાંહેલા પીડાકારી**-પોતાના શરીરમાં પીડા ઉપજાવે એવા તથા **વિગલેંદ્રિય વિના** (બે, ત્રણ, ચાર ઇંદ્રિયવાળા જીવ તેમ પાગલ સિવાયના) **સઅપરાધી વર્જીને** (પોતાનો જેણે અપરાધ કર્યો છે તેવા જીવ સિવાયના) જીવોને **આકુટ્ટી**-જાણીને **હણવા**-હણવાની **નિમિતે**-બુદ્ધિએ. **હણવાના**-હણવાની **પચ્ચક્ખાણ**-બંધી **તથા સૂક્ષ્મ અકેંદ્રિય**-પણ હણવાનાં **પચ્ચક્ખાણ જાવજ્જીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી **દુવિહં**-બે **કરણે** કરી. **તિવિહેણં**-ત્રણ જોગે કરી. **ન કરેમિ**-કરૂં નહિ, **ન કારવેમિ**-બીજા પાસે કરાવું નહીં **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી. **કાયસા**-કાયાએ કરી **એવા**-એવા. **પહેલા**-પહેલાં, **થૂલ**-મોટા. **પ્રાણાતિપાત**-જીવ હણવા થકી. **વેરમણું**-નિવર્તવાના. **વ્રતના**-વ્રતના **પંચ**-પાંચ **અઇયરા**-અતિચાર **પાયાલા**-પાતાળ કળશા સમાન. **જાણિયવ્વા**-જાણવા : **નસમાયરિવ્વા**-(પણ) આચરવા નહિ **તંજહા**-જેમ છે તેમ. **તે આલોઉં**-કહું છું. **બંધે**-કોઇ જીવને તાણીને બાંધ્યો હોય **વહે**-ઘણો માર માર્યો હોય. **છવિચ્છેએ**-અવયવ છેદ્યાં હોય (કાન, નાક આદિ) **અઇભારે**-ઘણો ભાર ભર્યો હોય. (ગજા ઉપરાંત) **ભત્તપાણવોચ્છેએ**-અન્ન પાણી ભોગવતાં અટકાવ્યાં હોય. (ભાત, પાણીની અંતરાય પાડી હોય) **તસ્સ મિચ્છા મિ દુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાઓ.

પાઠ ૭ મો-બીજું અણુવ્રત

બીજું અણુવ્રત-બીજું અણુવ્રત, **થુલાઓ**-મોટું. **મુસાવાયાઓ**-જુઠું બોલવાથી **વેરમણું**-નિવર્તું છું. **કન્નાલીક**-કન્યા સંબંધી કામમાં. **ગોવાલિક**-ગાય, ભેંશ આદિઢોર સંબંધી કામમાં **ભોમાલીક**-જમીનના કામમાં. **થાપણ**-થાપણ ઓળવવી. **મોસો**-પંચેન્દ્રિય જીવનો વધ થાય અથવા કોઈને મોટા દુઃખનું કારણ થાય તેવી. **મોટકી કુડી સાખ**-મોટી ખોટી સાક્ષી આપવા સંબંધી. **ઇત્યાદિક**-એ વગેરે. **મોટકું**-મોટું **જૂઠું**-જૂઠું. **બોલવાના**-બોલવાની **પચ્ચક્ખાણ**-બંધી, ત્યાગ. **જાવજ્જીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **દુવિહં**-બે કરણ. **તિવિહેણ**-ત્રણ જોગે કરી, **ન કરેમિ**-(એ કામ) હું કરૂં નહિ. **ન કારવેમિ**-(બીજા પાસે તેવું કામ) કરાવું નહિ. **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી. **કાયસા**-કાયાએ કરી. **એવા બીજા**

ખુલાસો:- જીવને જાણીને ઓળખીને, ઉશ્કેરાઇને, હણવાની બુદ્ધિથી હણવાની બંધી છે તેમાં ગાંડા સિવાય અપરાધીની છુટ છે તે અપરાધી કોણ તો કે સ્વસંબંધી શરીર માંહેલા પીડાકારી.

થૂલ-મોટા. **મૃષાવાદ**-જૂઠું બોલવાનું. **વેરમણ**-તજવાના. **વ્રતના**-વ્રતના. **પંચ**-પાંચ. **અઈયારા**-અતિચાર. **જાણિયવ્વા**-જાણવા. **ન સમાયરિયવ્વા**-(પણ) આચરવા નહિ. **તંજહા**-જેમ છે તેમ તે **આલોઉં**-કહું છું. **સહસ્સા ભકખાણે**-ધ્રાસકો પડે એવું બોલાણું હોય. **રહસ્સા ભકખાણે**-કોઈની છાની વાત ઉઘાડી કરી હોય. **સદારમંતભેએ**-પોતાની સ્ત્રીના મર્મ ઉઘાડા કર્યા હોય. **મોસોવએસે**-ખોટો ઉપદેશ કર્યો હોય. **કૂડલેહકરણે**-ખોટા લેખ કર્યા હોય. **તસ્સમિચ્છા મિ દુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો

પાઠ ૮ મો-ત્રીજું અણુ વ્રત.

ત્રીજું અણુવ્રત-અણુવ્રત. **થુલાઓ**-મોટું **અદિન્નાદાણાઓ**-અણ દીધેલું લેવાથી એટલે ચોરી કરવાથી; **વેરમણં**-નિવર્તું છું, **ખાતર ખણી**-ખાતર ખોદીને. **ગાંઠડી છોડી**-કોઈની ગાંસડી છોડી. **તાલુ પર કુંચીએ કરી**-કોઈનું તાળું બીજી કુંચીએ ઉઘાડીને. **પડી વસ્તુ ધણીયાતી જાણી**-કોઈ પડેલી વસ્તુ તેનો કોઈ ધણી છે એમ જાણ્યા છતાં લેવી. ઈત્યાદિ એ વગેરે બીજી. **મોટકું અદત્તાદાન લેવાનાં પચ્ચક્ખાણ**-મોટી કોઈની ચીજ રજા વગર લેવાની બંધી (તેમાં એટલો આગાર કે), **સગાં સંબંધી તથા વ્યાપાર સંબંધી, નભરમી વસ્તુ ઉપરાંત** ભ્રમ વિનાની વસ્તુ એટલે એવી હલકી કે જે લેતાં કોઈ ચોર ઠરાવે કે ઠપકો આપે નહિ તે સિવાય બીજી બધી વસ્તુઓ **અદત્તાદાન લેવાનાં પચ્ચક્ખાણ**-આપ્યા વગર લેવાની એટજ ચોરી કરવાની બંધી. **જાવજ્જીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી, **દુવિહંબે**-કરણે કરી. **તિવિહેણં**-ત્રણ જોગે કરી. **ન કરેમિ**-હું પોતે ચોરી કરૂં નહિ. **ન કારવેમિ**-બીજા પાસે કરાવું નહિં. **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી. **કાયસા**-કાયાએ કરી. **એવા ત્રીજા થુલ**-મોટા. **અદત્તાદાન**-ચોરી કરવાનું. **વેરમણ** વ્રતના-તજવાના વ્રતના. **પંચ**-પાંચ **અઈયારા**-અતિચાર. **જાણિયવ્વા**-જાણવા. **ન સમાયરિયવ્વા**-આચરવા નહિ. **તંજહા**-તે જેમ છે તેમ. તે **આલોઉં**-કહું છું. **તેન્નાહડે**-ચોરાઉ વસ્તુ લીધી હોય. **તક્કરપ્પઓગે**-ચોરને મદદ આપી હોય. **વિરૂદ્ધરજ્જાઈક્કમે**-રાજ્ય વિરુદ્ધ કીધું હોય એટલે દાણચોરી વગેરે રાજાએ મનાઈ કરેલા ગુના કીધા હોય. **કુડતોલે**-ખોટું તોલ્યું હોય. **કુડમાણે**-ખોટું માપ્યું હોય. ભર્યું હોય **તપ્પડિરૂવગવવહારે**-સારી વસ્તુ દેખાડી નરસી આપી હોય. **તસ્સ મિચ્છા મિ દુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાઓ.

પાઠ ૯ મો-ચોથું અણુવ્રત.

ચોથું અણુવ્રત-અણુવ્રત. **થૂલાઓ**-મોટું. **મેહુણાઓ**-મૈથુન સેવવાથી **વેરમણં** નીવર્તું છું. **સદારx**-પોતાની **સ્ત્રીથી જ. સંતોસિએ**-સંતોષ રાખવો. **અવસેસં**-તે સિવાય બીજી કોઈ સાથે **મેહુણવિહંના** મૈથુન સેવવાની. **પચ્ચક્ખાણ**-બંધી ત્યાગ. (અને **સ્ત્રીને**

x અહીં સ્ત્રીએ "સભર્તા સંતોસિએ" કહેવું.

સભરથાર-પોતાના ભરથારથી જ. **સંતોસિએ**-સંતોષ રાખવો **અવસેસં**-તે સિવાય બીજા કોઇની સાથે. **મેહુણ**-મૈથુન સેવવાનાં-કરવાની. **પચક્ખાણ**-બંધી) **અને જે સ્ત્રી પુરુષને મૂળથકી કાયાએ કરી મેહુણ**-મૈથુન. **સેવવાના પચ્ચક્ખાણ હોય**-સેવવાની બંધી હોય. **તેને દેવતા મનુષ્ય તિર્યંચ**-દેવતા, માણસ, પશુ વગેરે. **સંબંધી મેહુણના** મૈથુન સેવવાની **પચ્ચખાણ**-બંધી, ત્યાગ, **જાવજ્જીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી **દેવતાસંબંધી**-તેમાં દેવતાની સાથે **દુવિહં**-બે કરણે **તિવિહેણં**-ત્રણ જોગે. **ન કરેમિ**-એ કામ કરૂં નહિ. **ન કારવેમિ**-બીજા પાસે કરાવું નહિ. **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી. **કાયસા**-કાયાએ કરી. **અને મનુષ્ય તિર્યંચ સંબંધી** અને માણસ તથા પશુ વગેરેને સાથે **એગવિહં**-એક કરણે. **એગવિહેણં**-એક જોગે. **ન કરેમિ**-એ કામ કરૂં નહિ. **કાયસા**-કાયાએ કરી. **એવા ચોથા થુલ**-મોટા **મેહુણ**-મૈથુન, **વેરમણવ્રતના**-ત્યાગ કરવાના વ્રતના. **પંચ** પાંચ **અઇયારા**—અતિચાર. **જાણિયવ્વા**-જાણવા **ન સમાયરિવ્વા**-આચરવા નહિ. **તંજહા**-તે જેમ છે તેમ તે **આલોઉં**-કહું છું, **ઈત્તરિય**-નાની ઉમરની સ્ત્રી. **પરિગ્ગહિયા**-પોતાની પરણેલી સાથે **ગમણે**-ગમન કર્યું હોય. **અપરિગ્ગહિયાગમણે**-સ્ત્રીને પરણ્યો નથી તે અગાઉ તેની સાથે ગમન કર્યું હોય. **અનંગક્રીડા**-કામભોગ સંબંધી બીજી કાંઇ ક્રીડા કરી હોય. **પરવિવાહકરણે**-બીજાઓના વિવાહ મેળવી આપ્યા હોય. **કામભોગેસુ**-કામભોગને વિષે. **તિવ્વાભિલાસા**-તીવ્ર અભિલાષા રાખી હોય. **તસ્સ મિચ્છા મિ દુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાઓ.

પાઠ ૧૦મો-પાંચમું અણુવ્રત

પાંચમું અણુવ્રત-અણુવ્રત, **થૂલાઓ**-મોટા **પરિગ્ગહાઓ**-ધન દોલત વિગેરે પરિગ્રહથી **વેરમણં**-નિવર્તું છું. **ખેત્ત**- ખેતર, વાડી આદિ ઉઘાડી જમીન. **વત્થુનું**-ઘર, તબેલા આદિ ઢાંકી જમીનની **યથાપરિમાણ**-જેટલી મર્યાદા કરી છે. **હિરણ્ણ**-રૂપું. **સોવણ્ણનું** સોનાની **યથાપરિમાણ**-જે પ્રમાણે મર્યાદા કરી છે **ધન**-સિક્કાબંધનાણું **ધાનનું**-દાણાની. **યથાપરિમાણ**-જે પ્રમાણે મર્યાદા કરી છે. **દુપદ**-બે પગાં, મનુષ્યાદિ. **ચઉપ્પદનું** ચોપગાં, ઢોરની **યથાપરિમાણ**-જે પ્રમાણે મર્યાદા કરી છે. **કુવિયનું**-ઘરવખરાની **યથાપરિમાણ**-જે પ્રમાણે મર્યાદા કરી છે. **એ યથાપરિમાણ કીધું** છે-એ પ્રમાણે જે મર્યાદા કરી છે. તે **ઉપરાંત પોતાનો પરિગ્રહ**-દોલત. **કરી રાખવાના પચ્ચક્ખાણ**-બંધી **જાવજ્જીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **એગવિહં**-એક કરણે કરી. **તિવિહેણં**-ત્રણ જોગે કરી. **ન કરેમિ**-કરૂં નહિ, મર્યાદા ઉપરાંત દોલત રાખું નહિ. **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી. **કાયસા**-કાયાએ કરી **એવા પાંચમાં** થૂલ-મોટા **પરિગ્ગહપરિમાણ**-દોલતની મર્યાદા ઉપરાંત **વેરમણ વ્રતના** તજી દેવાના વ્રતના. **પંચ**-પાંચ. **અઇયારા**-અતિચાર. **જાણિયવ્વા**-જાણવા. **ન સામાયરિયવ્વા**-આચરવા નહિ. **તંજહા**-તે જેમ છે તેમ. **તે આલોઉં**-કહું છું, **ખેતવત્થુપ્પમાણાઇક્કમે**-ઉઘાડી તથા ઢાંકી જમીનની મર્યાદા ઓળંગી હોય. **હિરણ્ણસોવણ્ણપમાણાઇક્કમે**-રૂપું તથા સોનાની મર્યાદા ઓળંગી હોય. **ધનધાનપમાણાઇક્કમે**-રોકડ નાણું તથા દાણાની મર્યાદા ઓળંગી હોય **દુપદચઉપ્પદ પમાણાઇક્કમે**-બે પગાં, ચો પગાંની મર્યાદા ઓળંગી હોય, **કુવિયપમાણાઇક્કમે** ઘરવખરીની મર્યાદા ઓળંગી હોય. **તસ્સ મિચ્છામિ દુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાઓ.

પાઠ ૧૧-મો છઠું દિશિવ્રત.

છઠું દિશિવ્રત-દિશાઓની મર્યાદા બાંધવાનું વ્રત ઉઢ્ઢદિશિનું ઊંચી દિશાની **યથાપરિમાણ**-મર્યાદા કરી છે **અધોદિશિનું**-નીચી દિશાની **યથા પરિમાણ**-મર્યાદા કરી છે. **તિરિયદિશિનું**-ત્રીછી (વચલી) જમીનની દિશાની (ઉત્તર, દક્ષિણ પૂર્વ, અને પશ્ચિમ) **યથા પરિમાણ**-મર્યાદા કરી છે. **એ યથા પરિમાણ કીધું છે.** એ પ્રમાણે મર્યાદા કરી છે. **તે ઉપરાંત**-તે સિવાય. **સઇચ્છાએ**-પોતાની મરજીથી. **કાયાએ જઇને**-પોતાની કાયાએ કરીને ***પાંચ આશ્રવ સેવવાના**-ભોગવવાના **પચ્ચક્ખાણ**-બંધી. **જાવજ્જીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **દુવિહં**-બે કરણે કરી. **તિવિહેણં**-ત્રણ જોગે કરી. **ન કરેમિ**-હું કરૂં નહિ **ન કારવેમિ**-બીજા પાસે એ કામ કરાવું નહિ, **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી **કાયસા**-કાયાએ કરી. **એવા છટ્ઠાદિશિવેરમણ** વ્રતના-એ પ્રમાણે દિશાની મર્યાદા ઉપરાંત કોઇ દિશાએ જવાનું તજી દેવાના વ્રતના **પંચ**-પાંચ **અઇયારા**-અતિચાર **જાણિયવ્વા**-જાણવા. **ન સમાયરિવ્વા**-આચરવા નહિ **તંજહા તે આલોઉં**-તે જેમ છે તેમ કહું છું. **ઉઢ્ઢદિશિપમાણાઇક્કમે**-ઉંચી દિશાની (પ્રમાણ અતિક્રમ્યા હોય) મર્યાદા ઓળંગી હોય. **અધોદિશિપમાણાઇક્કમે**-નીચી દિશાની મર્યાદા ઓળંગી હોય. **તિરિયદિશિપમાણાઇક્કમે**-ત્રીછી દિશા (પૂર્વ પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ)ની મર્યાદા ઓળંગી હોય. **ખેતવુઢ્ઢી**-ક્ષેત્ર વૃદ્ધિ-એક દિશા ઘટાડીને બીજી દિશા વધારી હોય. **સઇઅંતરધાએ**-સંદેહ પડયા છતાં આગળ જવાયું હોય **તસ્સ મિચ્છા મિ દુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાઓ

પાઠ ૧૨મો-સાતમું વ્રત.

સાતમું વ્રત ઉભોગ-જે વસ્તુ એકજવાર ભોગવાય તે ખાનપાનાદિ. **પરિભોગવિહં**-જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે તે ઘરેણાં, લૂગડાં વગેરે તેની મર્યાદાની. **પચ્ચક્ખાયમાણે**-બંધી કરવી ૧. **ઉલ્લણિયાવિહં**-અંગ લૂવાના વસ્ત્રની મર્યાદા. ૨. **દંતણવિહં**-દાતણની મર્યાદા. ૩ **ફલવિહં**-ફળની મર્યાદા. ૪ **અભ્ભગણવિહં**-તેલ વગેરે શરીરે ચોપડવાની વસ્તુની મર્યાદા. ૫. **ઉવ્વટણવિહં**-મર્દન કરવાની વસ્તુ (પીઠી વગેરે)ની મર્યાદા. ૬ **મંજણવિહં**-નાહવાના પાણી વગેરેની મર્યાદા. ૭ **વત્થવિહં**-વસ્ત્રની મર્યાદા. ૮ **વિલેવણવિહં**-વિલેપન કરવાની વસ્તુની મર્યાદા. ૯ **પુપ્ફવિહં**-પુષ્પ-ફુલની મર્યાદા. ૧૦ **આભરણવિહં**-ઘરેણાંની મર્યાદા. ૧૧ **ધુપવિહં**-ધુપ કરવાની મર્યાદા. ૧૨ **પેજ્જવિહં**-પીવાની વસ્તુ ઓસડ, કવાથ વગેરેની મર્યાદા. ૧૩ **ભક્ખણવિહં**-સુખડીની મર્યાદા. ૧૪ **ઉદનવિહં**-ધાનની જાતની મર્યાદા. ૧૫ **સુપવિહિં**-કઠોળની મર્યાદા. ૧૬ **વિગયવિહં**-(ઘી, તેલ, દૂધ, દહીં, ગોળ આદિ) વગેરેની મર્યાદા. ૧૭ **સાગવિહં**-લીલોત્રી શાકની મર્યાદા. ૧૮ **મહુરવિહં**-મેવાની મર્યાદા. ૧૯ **જમણવિહં**-જમવાની મર્યાદા. અમુક વખત આટલી વસ્તુ ખાવી. ૨૦ **પાણીવિહં**-પાણીની મર્યાદા. ૨૧ **મુખવાસવિહં**-સોપારી, લવિંગ, એલચી,

---

* જીવહિંસા, ૨ જૂઠું, ૩ ચોરી. ૪ મૈથુન ૫ પરિગ્રહ.

વગેરે મુખવાસની મર્યાદા. ૨૨ **વાહણુવિહં**-અશ્વાદિક વાહનની મર્યાદા. ૨૩ **વાહનિવિહં**-પગરખાં વગેરેની મર્યાદા. ૨૪ **સયણુવિહં**-શય્યા, પલંગ આદિ સૂવાની વસ્તુની મર્યાદા. ૨૫ **સચ્ચિત્તવિહં**-સચેત (જીવ સહિત) વસ્તુની મર્યાદા. ૨૬ **દવ્વવિહં**-બીજા દ્રવ્ય એટલે પદાર્થની મર્યાદા. **ઈત્યાદિકનું યથા પરિમાણ કીધું છે**-એ તથા એ સિવાય વસ્તુની જે પ્રમાણે મર્યાદા બાંધી, ફલાણી વસ્તુ મારે આજ આટલી ખાવી કે પીવી તથા ફલાણી વસ્તુ આજ ભોગવવી કે નહિ ઇત્યાદિ). **તે ઉપરાંત** જે મર્યાદા બાંધી છે તે ઉપરાંત. **ઉવભોગ**-જે વસ્તુ એકજવાર ભોગવવામાં આવે તે. **પરિભોગ**-જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે છે. **ભોગનિમિત્તે**-ભોગવવાની મરજી કરી. **ભોગવવાના પચ્ચક્ખાણ**-ભોગવવાની બંધી **જાવજ્જીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **એગવિહં**-એક કરણે કરી, **તિવિહેણં**-ત્રણ જોગે કરી **ન કરેમિ**-એ કામ કરૂં નહિ. **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી. **કાયસા**-કાયાએ કરી. **એવા-સાતમા ઉવભોગ**-એકજ વાર ભોગવવાની વસ્તુ, **પરિભોગ**-વારંવાર ભોગવવાની વસ્તુ. **દુવિહે**-બે પ્રકારે **પન્નત્તે**-કહી છે **તંજહા**-તે જેમ છે. તેમ. **ભોયણાઉય**-ભોજનનો એક ભેદ. **કમ્મઉય**-વ્યાપારનો બીજો ભેદ **ભોયણાઉય**-ભોજનના. **સમણોવાસએણં**-શ્રાવકને. **પંચઅઇયારા**-પાંચ અતિચાર. **જાણિયવ્વા**-જાણવા. **ન સમાયરિયવ્વા**-(પણ) આચરવા નહિ. **તંજહા**- તે જેમ છે તેમ. **તે આલોઉં**-કહું છું **સચિત્તાહારે**-સચેત્ત વસ્તુ ખાધી હોય (વનસ્પતિ આદિ કાચું ખાવું). **સચિત્તપડિબદ્ધાહારે**-સચેત્તની સાથે લાગેલી વસ્તુ (લીંમડાનો ગુંદર વગેરે) ખાધી હોય. **અપોલિઓસહિભક્ખણયા**-વસ્તુમાં જીવના પ્રદેશ રહી ગયા હોય એવી વસ્તુ ખાધી હોય-કાચું પાકું શાક આદિ **દુપ્પોલિઓસહિભક્ખણયા**-માઠી રીતે પકવેલી વસ્તુ ખાધી હોય ભડથાં વગેરે **તુચ્છોસહિભક્ખણયા**-ખાવું થોડું ને નાખી દેવું ઘણું, એવી વસ્તુ ખાધી હોય (સીતાફળ, શેરડી વગેરે) એ પાંચ પ્રકારની વસ્તુ ખાધી હોય તો અતિચાર લાગે. **કમ્મઉણં**-વ્યાપારના **સમણોવાસએણં**-શ્રાવકને. **પન્નરસ કમ્માદાણાઇં**-પંદર પ્રકારે કર્મ આવવાનાં ઠેકાણાં. **જાણિયવ્વા**-જાણવા **ન સમાયરિયવ્વા**-આચરવા નહિ. **તંજહા**-જેમ છે તેમ **તે આલોઉં**-કહું છું **ઇંગાલકમ્મે**-અગ્નિનો વેપાર કીધો હોય (લુહારાદિ) **વણકમ્મે**-મોટાં મોટાં વનનાં ઝાડો કપાવી વેપાર કીધો હોય. **સાડીકમ્મે**-સોડ કરીને વસ્તુ વેચવાનો વેપાર કીધો હોય (ગળી, દારૂ વગેરેનો). **ભાડીકમ્મે**-ગાડાં ઘર વગેરે નવાં કરાવી તેનાં ભાડાં ખાવાનો વેપાર કર્યો હોય **ફોડીકમ્મે**-પૃથ્વીનાં પેટ ફોડવાનો વેપાર કીધો હોય (કૂવા, વાવ આદિ કરાવવાનો). **દંતવાણિજ્જે**-હાથીદાંત વગેરેનો વેપાર કીધો હોય. **કેસવાણિજ્જે**-ચમરી ગાય વગેરેના વાળનો વેપાર કીધો હોય. **રસવાણિજ્જે**-મદિરાદિના રસનો વેપાર કીધો હોય. **લક્ખવાણિજ્જે**-લાખ વગેરેનો વેપાર કીધો હોય **વિસવાણિજ્જે**-વિષ (ઝેર નો વેપાર કીધો હોય. **જંતપિલણકમ્મે**-ઘાણી, સંચા વગેરે યંત્રોનો વેપાર કીધો હોય. **નિલ્લંછણકમ્મે**-બળદ, ઘેડા વગેરેના અવયવ સમાર્યાનો વેપાર કીધો હોય. **દવગ્ગિદાવણિયા**-દાવાનળ સળગાવ્યો હોય. **સર**-સરોવર. **દહ**-દ્રહ, કુંડ. **તલાગ** તળાવ. **પરિસોસણયા**-ઉલેચાવ્યાં હોય. **અસઇજણપોસણયા**-ઢોર તથા ગુલામ આદિને ઉછેરી ઉછેરીને વેચ્યાં હોય. **તસ્સ મિચ્છા મિ દુક્કડં**-એ ખોટું કીધેલું નિષ્ફળ થાઓ.

પાઠ ૧૩ મો–આઠમું વ્રત

આઠમું વ્રત અણટ્ઠાદંડનું-સ્વાર્થ વિના આત્મા દંડાય છે. **વેરમણું**-(તેથી નિવર્તું છું **ચઉવ્વિહે**-ચાર પ્રકારે **અણટ્ઠાદંડે**-અર્થ વિના દંડ પડે છે. **પન્નત્તે**-તે કહે છે **તંજહા**-જેમ છે તેમ, **અવજ્ઝાણાચારિયં**-આર્ત તથા રૌદ્ર ધ્યાન ધરવાથી (માઠી ચિંતવણા કરવાથી) **પમાયાચરિયં**-પ્રમાદ કરવાથી (આળસથી ઘી, તેલ વગેરેના ઠામ ઉઘાડાં રાખવાથી જીવ હિંસા થાય છે. (**હિંસપ્પયાણં**-હિંસા થાય **એવાં શસ્ત્રો** (છરી ચાકાં વગેરે) આપવાથી, **પાવકમ્મોવએસ**–પાપ–કર્મનો ઉપદેશ કરવાથી **એવા આઠમા અણટ્ઠાદંડ**-અર્થ વિનાનાં પાપ **સેવવાના પચ્ચક્ખાણ** સેવવાની બંધી, **જાવજ્જીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી દુવિહં-બે કરણે **તિવિહેણં** ત્રણ જોગે કરી **ન કરેમિ**-એ પ્રમાણે કરૂં નહિ **ન કારવેમિ**-બીજા પાસે તેમ કરાવું નહિ **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી **કાયસા**-કાયાએ કરી. **એવા આઠમા અણટ્ઠાદંડ**-તે અર્થ વિનાના દંડ આવે તે પાપ **વેરમણ**-તજી દેવા **વ્રતના પંચ**–પાંચ **અઇયારા**–અતિચાર **જાણિયવ્વા**–જાણવા **ન સમાયરિયવ્વા**-આચરવા નહિ. **તંજહા** તે જેમ છે તેમ **તે આલોઉં**-કહું છું **કંદપ્પે**-કામ વધે એવી વાત કરી હોય. **કુક્કુઇએ**–કુચેષ્ટા કરી હોય, **મોહરિએ**-જેમ તેમ બોલ્યો હોય, ગાળ દીધી હોય. **સંજુતાહિગરણે**-ઘણાં હથિયારો એકઠાં કરી રાખ્યાં હોય. **ઉવભોગ પરિભોગઅઇરત્તે**–એકવાર ભોગવાય તેવી તથા વારંવાર ભોગવાય તેવી વસ્તુ ઉપર આસકત રહ્યો હોય. તસ્સ મિચ્છા મિ દુક્કડં–તે કીધેલું નિષ્ફળ થાઓ.

પાઠ/નવમો સામાયિક વ્રત

નવમું સામાયિક વ્રત-સમતારૂપ સામાયિક વ્રત **સાવજ્જજોગનું**-પાપના કામથી**વેરમણં**-નિવર્તું છું **જાવનિયમ** બાંધેલી મુદત સુધી **પજ્જુવાસામિ**-શુભ જોગને સેવું. **દુવિહં**-બે કરણે **તિવિહેણં**-ત્રણ જોગે કરી. **ન કરેમિ** પાપનું કામ હું કરૂં નહિ. **ન કારવેમિ**-બીજા પાસે કરાવું નહિ. **મણસા–મને** કરી. **વયસા**–વચને કરી. **કાયસા**-કાયાએ કરી. એવી મારી તમારી સદ્દહણા પરૂપણા કરી સામાયિકનો અવસર આવે અને સામાયિક કરી હોય તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો. **એવા નવમા સામાયિક વ્રતના પંચ અઇયારા**-પાંચ અતિચાર **જાણિયવ્વા**-જાણવા **ન સમાયરિયવ્વા**-આચરવા નહિ **તંજહા** તે જેમ છે તેમ. **તે આલોઉં** તે કહું છું **મણદુપ્પડિહાણે**–સામાયિકમાં મન માઠું વર્ત્યું હોય. **વયદુપ્પડિહાણે**–વચન માઠું વર્ત્યું હોય **કાયદુપ્પડિહાણે**-કાયા માઠી વર્તાવી હોય. **સામાઇયસ્સ સઇ**–સામાયિક કીધું છે છતાં, **અકરણયાએ**-બરાબર કીધું કે નહિ તેની ખબર ન રહી હોય, **સામાઇયસ્સ**–સામાયિક કીધું છે તે **અણવટ્ઠિયસ્સકરણયાએ**-પૂરૂં થયા વિના પાર્યું હોય **તસ્સ મિચ્છા મિ દુક્કડં** તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

પાઠ ૧૫ મો–દશમું દેસાવગાસિક વ્રત

દશમું દેસાવગાસિક વ્રત–દિશાની મર્યાદા બાંધવાનું વ્રત (બાંધેલી હદ ઉપરાંત છેટે જવું નહિ.) **દિનપ્રતિ પ્રભાત થકી પ્રારંભીને**-પ્રતિદિન દિવસ ઉગવાને વખતે–સવારથી બીજો

દિવસ ઉગતાં સુધી આદરીને **પૂર્વાદિક છ દિસે**- પૂર્વ દિશા આદી દિશીએ.[1] **જેટલી ભૂમિકા**-જેટલી ધરતી **મોકળી રાખી છે**-મર્યાદા બાંધી છે એટલે સવારમાંથી ઉઠીને માન કરવું કે આજ મારે દરેક દિશાએ આટલા ગાઉ ઉપરાંત જવું નહિ **તે ઉપરાત**-બાંધેલી હદ ઉપરાંત. સઇચ્છાએ પોતાની મરજીથી **કાયાએ જઇને પાંચ આશ્રવ**-કાયાએ જઇને જીવહિંસાદિક પાંચ આશ્રવ **સેવવાનાં પચ્ચક્ખાણ**-સેવવાની બંધી. **જાવ અહોરત્તં**-એક દિવસ અને રાત સુધી **દુવિહં**-બે કરણે **તિવિહેણું**-ત્રણ જોગે **ન કરેમિ**-પાપ હું કરૂં નહિ **ન કારવેમિ**-બીજા પાસે કરાવું નહિ, **મણસા**-મને કરી **વયસા**-વચને કરી **કાયસા**-કાયાએ કરી. **જેટલી ભૂમિકા મોકળી રાખી છે તેમાંહિ જે દ્રવ્યાદિકની મર્યાદા કીધી** છે મોકળી રાખેલી ધરતીમાં પણ જે બંધી કરી હોય કે આજ આટલા પદાર્થ ઉપયોગમાં લાવવા. **તે ઉપરાંત**-તે હદ ઉપરાંત. **ઉવભોગ**-એકજવાર ભોગવાય એવી વસ્તુ **પરિભોગ**-વારંવાર ભોગવાય એવી વસ્તુ **ભોગનિમિત્તે**-ભોગની ઇચ્છાએ. **ભોગવવાના પચ્ચક્ખાણ**-ભોગવવાની બંધી **જાવ-અહોરત્ત**-એક દિવસ ને રાત સુધી. **એગવિહેણું**-એક કરણે **તિવિહેણું**-ત્રણ જોગે. **ન કરેમિ**-હું કરૂં નહિ. **મણસા**-મને કરીને **વયસા**-વચને કરીને. **કાયસા**-કાયાએ કરી. એવી મારી તમારી સદ્દહણા પરૂપણાએ કરી દશમું વ્રત કરવાનો અવસર આવે ને કરીએ તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો. **એવા દશમાં દિસાવગાસિક વ્રતના પંચ અઇયારા**-પાંચ અતિચાર **જાણિયવ્વા**-જાણવા **ન સમાયરિયવ્વા**-આચરવા નહિ. **તંજહા**-તે જેમ છે તેમ **તે આલોઉં**-કહું છું **આણવણપ્પઓગે**-કાંઇ વસ્તુ મંગાવી ઉપયોગ કીધો હોય, બીજા પાસે વસ્તુ મંગાવી હોય, **પેસવણપ્પઓગે**-ચાકરનો ઉપયોગ. ચાકર મોકલીને વસ્તુ મંગાવી હોય. **સદ્દાણુવાએ**-શબ્દનો ઉપયોગ, સાદ કરીને હદ ઉપરાંતથી બોલાવ્યો હોય. **રૂવાણુવાએ** પોતાનું રૂપ દેખાડીને કોઇને બોલાવ્યો હોય. **બહિયા**-બહેર. **પોગ્ગલપક્ખેવે**-કાંકરો નાખી બોલાવ્યો હોય. **તસ્સ મિચ્છામિ દુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

પાઠ ૧૬ મો-અગિયારમું પોષધ વ્રત.

અગિયારમું પરિપૂર્ણ પોષધ વ્રત-પાપરહિત થઇ સંવર કરી આત્માને પોષવો તેનું વ્રત. **અસણં**-અન્ન. **પાણં**-પાણી **ખાઇમં**-મેવાની જાત. **સાઇમંના**-મુખવાસ સોપારી આદિક ખાવાની. **પચ્ચક્ખાણ**-બંધી. **અબંભનાં પચ્ચક્ખાણ**-મૈથુન સેવવાની બંધી **મણિસુવણ્ણંના પચ્ચક્ખાણ**-મણિ, સોનું, વગેરે રાખવાની બંધી **માલાવન્નગ**-માળા વગેરેની **વિલેવણનાં**-વિલેપન કરવાની. **પચ્ચક્ખાણ**-બંધી. **સત્થ**-શસ્ત્ર, હથિયાર. **મુસલાદિક**-સાંબેલા વગેરે. **સાવજ્જજોગનાં પચ્ચક્ખાણ**-પાપનું કામ કરવાની બંધી **જાવ-અહોરત્તં**-રાત દિવસ સુધી. **પજ્જુવાસામિ**-એ પ્રમાણે આચરીશ. **દુવિહં**-બે કારણે, **તિવિહેણું**-ત્રણ જોગે. **ન કરેમિ**-પાપ કરૂં નહિ, **ન કારવેમિ**-બીજા પાસે કરાવવું નહિ. **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી. **કાયસા**-કાયાએ કરી. **એવી સદ્દહણા**-કરવાની શ્રદ્ધા થાય **પરૂપણાએ કરી**-પરૂપણાએ કરી. પોષા કરવાનો વખત આવ્યે પોષો કરીએ. **તે વારે**

---

[1] ઊંચી, નીચી, ઉત્તર, દક્ષિણ, પૂર્વ પશ્ચિમ.

ફરસનાએ કરી શુદ્ધિ હોજો-તે શકિત મુજબ શુદ્ધ હોજો એવા અગિયારમા પરિપૂર્ણ-પોષધવ્રતના-સંવરે આત્માને પોષવાના વ્રતના પંચઅઇયારા-પાચ અતિચાર જાણિયવ્વા જાણવા ન સમાયરિયવ્વા-આચરવા નહિ. તંજહા તે આલોઉં-તે જેમ છે તેમ કહું છું અપ્પડિલેહિય-બરાબર તપાસીને જોયાં ન હોય. દુપ્પડિલેહિય-માઠી રીતે જોયાં હોય. સિજ્જાસંથારએ-પાટ વગેરે સેજા તથા પથારીને.-અપમજ્જિય-પોન્જ્યું ન હોય. દુપ્પમજ્જિય-માઠી રીતે પોંજ્યું હોય. સિજ્જાસંથારએ-સેજા પથારીને, અપ્પડિલેહિય-તપાસીને જોઈ ન હોય. દુપ્પડિલેહિય-માઠી રીતે જોઈ હોય. ઉચ્ચારપાસવણ ભૂમિ-દિશા તથા પેશાબે જવાની જગ્યાને અપ્પમજ્જિય-પોંજી ન હોય, દુપ્પમજ્જિય-માઠી રીતે પોંજી હોય. ઉચ્ચારપાસવણભૂમિ-દિશા તથા પેશાબે જવાની જગ્યાને પોસહસ્સ-પોષો કીધો છે તેમાં સમ્મં-પ્રમાદ કરે. અણાણુપાલણયા-પોષાની ક્રિયા આઘી પાછી કીધી હોય તસ્સ મિચ્છા મિ દુક્કડં-તેમાં થયેલું પાપ નિષ્ફળ થાઓ. સમ્મં=સમ્યક્ પ્રકારે, અણાણુપાલણિયા-આરાધના કરી ન હોય.

પાઠ ૧૭મો-બારમું અતિથિ સંવિભાગ વ્રત.

બારમું અતિથિ-જેની તિથિ નથી (સાધુ આહાર લેવા આવે એ કાંઇ મુકરર નથી.) સંવિભાગવ્રત-ભાગ કરવો એટલે આહાર કરતી વખત ચિંતવણા કરવી કે જો સાધુ પધારે તો માંહેથી આપું. સમણેનિગ્ગંથે-નિર્ગ્રંથ સાધુને ફાસુ-જીવરહિત એસણિજ્જેણં-દોષ રહિત અસણં-અન્ન. પાણં-પાણી. ખાઇમં-મેવો. સાઇમં-મુખવાસ વત્થ-વસ્ત્ર પડિગ્ગહ-પાત્ર. કંબલ-કામળી. પાયપુંચ્છણેણં-રજોહરણ આદિ. પાઢિયારૂ-આપીને પાછી લેવાય તેવી વસ્તુ (તે કહે છે.) પીઢ-બાજોઠ. ફલગ-પાટિયું. સિજ્જા-શય્યા. સંથારએણં-તરણા વગેરેની પથારી. ઉસહ-ઓસડ ભેસજ્જેણં-ઘણી વસ્તુથી થએલ ગોળી વગેરે. પડિલાભેમાણે-પ્રતિલાભ કરતાં થકાં (આપતાં થકાં) વિહરિસ્સામિ-વિચરીશ એવી સદહણા-શ્રદ્ધા, પરૂપણાએ-ઉપદેશ સાધુસાધ્વીની જોગવાઈ મળે સૂજતા આહાર પાણી વહોરાવીએ તેવારે ફરસનાએ કરી શુદ્ધિ હોજો. એવા બારમા અતિથસંવિભાગ વ્રતના મુકરર તિથિ નહિ માટે ભાગ કરી. ચિંતવવાના વ્રતના. પંચ અઇયારા-પાંચ અતિચાર જાણિયવ્વા જાણવા. ન સમાયરિયવ્વા-આચરવા નહિ. તંજહા-તે જેમ છે તેમ. તે આલોઉં-તે કહું છું. સચિત્તનિક્ખેવણયા-સચેત વસ્તુની ઉપર અચેત વસ્તુ મૂકી હોય. સચિત્તપેહણયા-અચેત વસ્તુથી સચેત ઢાંકી હોય. કાલાઇક્કમે-કાળ વહી ગયો હોય. બગડી ગયેલી કે ખોરી થયેલી વસ્તુ આપી હોય. પરોવએસે-સાધુને વહોરાવવાનું બીજાને કહે (સાધુ આવે તે વખતે પોતે ન આપતાં બીજાને હુકમ કરે.) મચ્છરિયાએ-દાન દઈને અહંકાર કીધો હોય. તસ્સ મિચ્છા મિ દુક્કડં. તે ખોટું કીધેલું નિષ્ફળ થાઓ.

પાઠ ૧૮ મો-સંથારાનો પાઠ.

અપચ્છિમ-બીજું કાંઇ કામ કરવું રહ્યું નથી. મારણંતિય-પંડિત મરણને અંત સંલેહણા-આત્માને પાપના કામથી દુર કરવો. પૌષધશાલા-સંથારો કરવાની જગ્યા. પુંજીને-વાળી સાફ કરીને. ઉચ્ચારપાસવણ-દિશા તથા પેશાબની. ભૂમિકા-જગ્યા.

પડિલેહીને-નજરે જોઇને. **ગમણાગમણે**-જતાં આવતાં જીવ ચંપાણા હોય તેનું. પડિક્ક**મીને**-પ્રાયશ્ચિત લઇને. **દર્ભાદિક-સંથારો** ડાભ વગેરેની પથારી. **સંથરીને**-પાથરીને, **દર્ભાદિક સંથારો**-ડાભ વગેરેના પથારી ઉપર. **દુરૂહીને**-બેસીને. **પૂર્વ તથા ઉત્તરાદિશિ**-પૂર્વ કે ઉત્તર દિશા તરફ. **પલ્યંકાદિક**-પલાંઠી વાળી અથવા શક્તિ પ્રમાણે **આસને બેસીને**-આસન વાળીને. **કરયલ**-બે હાથ. **સંપડિગ્ગહિયં**-જોડીને **સિરસાવત્તયં**-માથાને આવર્તન કરી. **મત્થએ અંજલિ કટ્ટુ**-માથા ઉપર બે હાથ જોડેલા રાખી. **એવં**-એમ. **વયાસી**-કહે **નમોત્થુણં**-નમસ્કાર હોજો **અરિહંતાણં**-અરિહંત દેવને **ભગવંતાણં**-ભગવંતને. **જાવ-સંપત્તાણં તે**-ઠેઠ મુક્તિ પહોંચ્યા સુધીનો પાઠ (જે **સામાયિકને અંતે છે** તેટલો કહેવો.) એમ અનંતા સિદ્ધને નમસ્કાર કરીને વર્તમાન પોતાના ધર્મગુરુધર્માચાર્યને નમસ્કાર કરીને પૂર્વે જે મત આદર્યા છે. **તે આલોવી**-સંભારીને.પડિક્ક**મી**-પ્રાયશ્ચિત લઇને. **નિંદી**-(આત્માની સાખે) નિંદા કરીને. **નિઃશલ્ય થઇને**-શલ્ય રહિત થઇને. **સવ્વં પાણાઈવાયં**-સર્વ પ્રકારે જીવ હિંસા કરવાની. **પચ્ચક્ખામિ**-બંધ કરીને **સવ્વં મુસાવાયં પચ્ચક્ખામિ**-સર્વ પ્રકારનું જૂઠું બોલવાની બંધી કરીને. **સવ્વં અદિન્નાદાણં પચ્ચક્ખામિ**-સર્વ પ્રકારની ચોરી કરવાનીબંધી કરીને. **સવ્વં મેહુણં પચ્ચક્ખામિ**-સર્વથા મૈથુનની બંધી કરીને **સવ્વં પરિગ્ગહં પચ્ચખામિ**-સર્વથા દોલત રાખવાની બંધી કરીને **સવ્વં કોહં પચ્ચક્ખામિ** સર્વથા ક્રોધ કરવાની બંધી કરીને. **જાવમિચ્છાદંસણસલ્લં**-તે અન્ય ધર્મ સેવવો તથા શલ્ય રાખવું ત્યાં સુધીનાં જે અઢાર પાપસ્થાન આગળ કહેવાશે ત્યાં સુધીની. **અકરણિજ્જં જોગં**-કરવા જોગ નહિ તેની **પચ્ચક્ખામિ**-બંધી કરીને. **જાવજ્જીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **તિવિહં**-ત્રણ કરણે કરી. **તિવિહેણં**-ત્રણ જોગે કરી. **ન કરેમિ**-હું પાપ કરૂં **નહિ ન કારવેમિ**-બીજા પાસે કરાવું નહિ. **કરંતંનાણુંજાણામિ**-કોઇ પાપ કરે તે ભલું જાણું નહિ. **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી. **કાયસા**-કાયાએ કરી. **એમ અઢારે પાપ સ્થાનક**-પાપનાં ઠેકાણાં. **પચ્ચક્ખીને**- બંધી કરીને. **સવ્વં**-સર્વ. **અસણં**-અન્ન **પાણં**-પાણી. **ખાઇમં**-મેવો. **સાઇમં**-મુખવાસ. **ચઉવ્વિહં પિ આહારં**-એચાર પ્રકારની આહારની **પચ્ચક્ખામિ**-બંધી કરીને. **જાવજ્જીવાએ**-જીવું ત્યાં સુધી. **એમ ચારે આહાર પચ્ચક્ખીને જ**-જે. પ્રિયં પ્રિય. **ઇમં સરીરં**-આ મારૂં શરીર. ઇટ્ઠં, ઇષ્ટકારી. **કંતં**-કાન્તિવાન, **પિયં**-પ્રિય. **મણુન્નં**-મનને શોભીતું. **મણામં**-મનને અતિ વહાલું. **ધિજ્જં**-ધીરજ દેનાર, **વિસાસીયં**-વિશ્વાસનું ઠેકાણું. **સમયં**-માનવા યોગ્ય. **અણુમયં**-વિશેષ માનવા યોગ્ય **બહુમયં**-ઘણું માનવાં યોગ્ય. **ભંડકરંડગસમાણં**-ઘરેણાંના ડાબલા સમાન. **રયણકરંડગભુયં**-રત્નના કરંડિયા સમાન, **માણંસીયં**-રખે મને ટાઢ વાય. **માણંઉન્હં**-રખે મને તાપ લાગે. **માણં ખુહા**-રખે મને ભૂખ લાગે **માણં પિવાસા**-રખે મને તરસ લાગે **માણં બાલા**-રખે મને સર્પ કરડે. **માણં ચોરા**-રખે ચોર ઉપાડી જાય **માણં દંસા**-રખે મને ડાંસ કરડે. **મા ણં મસાંગા**-રખે મને મચ્છર કરડે, **મા ણં વાહિયં**-રખે મને વ્યાધિ ઉપજે. **પિત્તિયં**-પીત જાગે. **સંભિમં**- શ્લેષ્મ થાય. **સન્નિવાઇયં**-સન્નિપાત થાય. **વિવિહા રોગાયંકા**-રખે વિવિધ પ્રકારના રોગ ઉત્પન્ન થાય. **પરિસાહોવસગા**-(ઉપસર્ગ) બાવીશ જાતના પરીસહ તથા દેવતાદિની ડરામણી. **ફાસા ફુસંતી**-એવી રીતના સ્પર્શ થયે થકે. **એયં પીયેણં**-એવું મારૂં શરીર વહાલું તે **ચરિમેહિં**-છેલ્લા. **ઉસાસનિસાસેહિં**-શ્વાસોચ્છાસ સુધી **વોસિરામિ**-તજું છું. **તિકટ્ટુ**-એમ કહીને. **એમ શરીર વોસિરાવીને**-શરીરને તજી દઇને.

કાલં અણુવકંખમાણે-કાળને અણવાંચ્છતો થકો (જીવવાની આશા તથા મરણનો ભય ન રાખતો **વિહિરિસ્સામિ**-વિચરીશ. **એવી સદ્દહણા પરૂપણા કરીને**-એવી શ્રદ્ધા કે પરૂપણા કરીએ. સંથારાના અવસરે સંથારો કરીએ. **ત્યારે સ્પર્શના કરી શુદ્ધિ હોજો**-ત્યારે શક્તિ પ્રમાણે શુદ્ધ થાજો. **એવા અપચ્છિમ મારણંતિય**-મરણને અંતે કાંઇ વસ્તુ બાકી નહિ **સંલેહણા**-આત્માને માઠાં કામથી દૂર કરવાના. **ઝુસણા**-ક્ષમા કરવાના. **આરાહણાના**-આરાધના કરવાના. **પંચ અઇયારા**-પાંચ અતિચાર **જાણિયવ્વા**-જાણવા ન **સમાયરિયવ્વા** આચરવા નહિ **તંજહા તે આલોઉં**-તે જેમ છે તેમ કહું છું **ઇહલોગાસંસપ્પઓગે**-આ લોકને વિષે સુખની વાંછના કરી હોય કે મરી ગયા પછી મોટો રાજા થાઉં. **પરલોગા-સંસપ્પઓગે**-પરલોકને વિષે સુખની ઇચ્છા કરી હોય કે મહર્દ્ધિક દેવતા થાઉં. **જીવિયા સંસપ્પઓગે**-જીવતરની ઇચ્છા કરી હોય કે ઝાઝું જીવું તો ઠીક **મરણાસંસપઓગે**-મરણની ઇચ્છા કરી હોય કે દુઃખ પામું છું, માટે ઝટ મરી જાઉં તો ઠીક. **કામભોગાસંસપ-ઓગે**-કામભોગની ઇચ્છા કરી હોય **તસ્સ મિચ્છા મિ દુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાઓ. **એમ સમકિત પૂર્વક**-એમ પૂર્વે કહ્યાં તે સમકિતના પાઠથી **બાર વ્રત સંલેખણા-સહિત**-બાર વ્રત, સંથારાના પાઠ સહિત તથા નવાણું અતિચાર **એહને વિષે જે કોઇઅતિક્રમ**-(કરેલી બંધીમાં દોષના ચાર પ્રકાર છે તેમાં) અતિક્રમ એટલે બંધી કરેલી વસ્તુ કરવાનું મન કરવું **વ્યતિક્રમ**-તે વસ્તુ કરવા તરફ ચાલ્યો તે દોષ **અતિચાર**-તે વસ્તુ હાથમાં લે, તે દોષનું નામ. **અણાચાર**-તે વસ્તુ ભોગવે એટલે બંધી ભાંગે તે દોષનું નામ, **જાણતાં** અજાણતાં મન, વચન કાયાએ કરી સેવ્યો હોય, સેવરાવ્યો હોય, સેવતાં પ્રત્યે રૂડું જાણ્યું હોય તે અનંતા સિદ્ધ ભગવાન અને કેવળી ભગવાનની સાખે **તસ્સ તેતુ મિચ્છા મિ દુક્કડં** -દુષ્કૃત્ય નિષ્ફળ થાઓ.

પાઠ ૧૯મો-અઢાર પ્રકારના પાપસ્થાનકો

૧ **પ્રાણાતિપાત**-જીવહિંસા ૨ **મૃષાવાદ**-જુઠું બોલવું. ૩ **અદત્તાદાન**-ચોરી કરવી. ૪. **મૈથુન**-સ્ત્રી સેવવી. ૫ **પરિગ્રહ**-દોલત ૬ **ક્રોધ**-રીસ ૭ **માન**-અહંકાર. ૮. **માયા**-કપટ. ૯ **લોભ**-તૃષ્ણા રાખવી. ૧૦ **રાગ**-પ્રીતિ, ૧૧ **દ્વેષ**-અદેખાઇ. ૧૨ **કલેશ**-કજિયો ૧૩ **અભ્યાખ્યાન**-આળ ચડાવવું. ૧૪ **પૈશુન્ય**-ચાડી કરવી. ૧૫ **પરપરિવાદ**-પારકું વાંકું બોલવું. ૧૬ **રઇઅરઇ**-(રતિ અરતિ) ખુશી-દિલગીરી. ૧૭ **માયામોસો**-કપટ સહિત જૂઠું બોલવું. ૧૮ **મિચ્છા દંસણસલ્લ**-ખોટી શ્રદ્ધા તથા શલ્ય રાખવું. એ અઢાર પાપસ્થાનક સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે રૂડું જાણ્યું હોય તે અનંતા સિદ્ધ કેવળીની સાખે **મિચ્છા મિ દુક્કડં**-પાપ નિષ્ફળ થાઓ.

પાઠ ૨૦મો-પચીસ પ્રકારનું મિથ્યાત્વ.

૧. **અભિગ્રહિક મિથ્યાત્વ**-ખરાં ખોટાંની ખબર વગર ખોટાંને પકડી રહે, મૂકે નહિ તે. ૨. **અનાભિગ્રહિક મિથ્યાત્વ**-બધા દેવને બધા ગુરુને માને. ૩. **અભિનિવેશિક મિથ્યાત્વ**-તીર્થંકરનો માર્ગ જાણે ને ઉપદેશ અન્ય ધર્મનો આપે અથવા પોતાની ભૂલ કપટથી પોષે. ૪ **સાંશયિક મિથ્યાત્વ**-કયો મત ખરો ને કયો મત ખોટો તે નક્કી ન કરે અને સંશય

વેદે તે. ૫ અણાભોગ મિથ્યાત્વ-જેમાં બિલકુલ જાણપણું ન હોય તે. ૬ લૌકિક મિથ્યાત્વ-લોકોને વિષે જે દેવ કરી બેસાડયા હોય તે તથા ઢોંગી ગુરુઓ તથા તેમના નામમાં જે પ્રવર્તે અનેમાને તે, લોકોત્તર મિથ્યાત્વ-તીર્થંકર દેવની માનતા કરે કે ફલાણું કામ થાય તો આમ કરીશ. તે તથા ફળની લાલચે કંઇ વ્રત કરે તે. કુપ્રવચન મિથ્યાત્વ-ત્રણુસે ત્રેસઠ પાખંડીના મતને માને. ૯ અજીવને જીવ સરદહે તો મિથ્યાત્વ. ૧૦ જીવને અજીવ સરદહે તો મિથ્યાત્વ ૧૧ સાધુને કુસાધુ સરદહે તો મિથ્યાત્વ. ૧૨ કુસાધુને સાધુ શ્રધ્ધે તો મિથ્યાત્વ. ૧૩ જિન માર્ગને અન્ય માર્ગ સરદહે તો મિથ્યાત્વ. ૧૪ અન્ય માર્ગને જિન માર્ગ સરદહે તો મિથ્યાત્વ. ૧૫ અધર્મને ધર્મ સરદહે તો મિથ્યાત્વ. ૧૬ ધર્મને અધર્મ સરદહે તો મિથ્યાત્વ ૧૭ આઠ કર્મથી જે નથી મુકાણા તેને મુકાણા સરદહે તો મિથ્યાત્વ. ૧૮ આઠ કર્મથી જે મુકાણા તેને નથી મુકાણા સરદહે તો મિથ્યાત્વ. ૧૯ જિન માર્ગથી ઓછું પરૂપે તો મિથ્યાત્વ ૨૦ જિન માર્ગથી અધિક પરૂપે તો મિથ્યાત્વ. ૨૧ જિન માર્ગથી વિપરીત પરૂપે તો મિથ્યાત્વ. ૨૨ અવિનય મિથ્યાત્વ. ૨૩ અક્રિયા મિથ્યાત્વ. ૨૪ અજ્ઞાન મિથ્યાત્વ. ૨૫ આશાતના મિથ્યાત્વ. એ પચીશ પ્રકારનું મિથ્યાત્વ. સેવ્યું હોય, સેવરાવ્યું હોય. સેવતાં પ્રત્યે રૂડું જાણ્યું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં-તે પાપ નિષ્ફળ થાઓ.

ચૌદ સ્થાનકમાં સંમુચ્છિંમ જીવ ઉપજે છે તે.

૧. ઉચ્ચારેસુ વા-વડીનીતમાં ઊપજે તે. ૨ પાસવણેસુ વા-લઘુનીતમાં ઊપજે તે. ૩ ખેળેસુ વા-બળખામાં ઊપજે તે. ૪ સિંઘાણેસુ વા-લીંટમાં ઊપજે તે. ૫ વંતેસુ વા-વમનમાં ઉપજે તે. ૬ પિત્તેસુ વા-પીતોડામાં ઊપજે તે. ૭ પુએસુ વા-પરૂમાં ઊપજે તે. ૮ સોણિએસુ વા-રૂધિરમાં ઊપજે તે. ૯ સુક્કેસુ વા-વીર્યમાં ઊપજે તે ૧૦ સુક્કપોગ્ગલ પરિસાડિએસુ વા-વીર્યના પુદ્ગલ સુકાયેલા ભીનાં થાય તેમાં ઊપજે તે. ૧૧ વિગયજીવ-કલેવરેસુ વા-જીવ ગયા પછી રહેલા કલેવરમાં ઊપજે તે. ૧૨ ઇત્થીપુરીસસંજોગેસુ વા સ્ત્રી પુરુષના સંજોગથી ઊપજે. તે ૧૩ નગરનિધ્ધમણેસુ વા-નગર માંહેલી ખાળમાં ઊપજે તે. ૧૪ સવ્વેસુ ચેવ અસુઇઠાણેસુ વા-બધાં ગંદકીનાં ઠેકાણાંમાં ઊપજે, તે એ ચૌદ સ્થાનકના જીવની વિરાધના થઈ હોય તો મિચ્છા મિ દુક્કડં.

"આ ઠેકાણે ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગ, નવકાર અને કરેમિભંતેના પાઠ કહેવા."

પાઠ ૨૨ મો-શ્રી ચત્તારિ મંગલં

ચત્તારિ મંગલ-ચાર પ્રકારનાં માંગલિક, તે કહે છે. અરિહંતામંગલં-અરહિંત દેવ માંગલિક છે. સિદ્ધા મંગલં-સિદ્ધ ભગવાનો માંગલિક છે. સાહુ મંગલં-સાધુઓ માંગલિક છે. કેવલીપન્નત્તો ધમ્મો મંગલં-કેવલીનો પ્રરૂપેલો ધર્મ માંગલિક છે. ચત્તારિ લોગુત્તમા-લોકને વિષે ચાર ઉત્તમ છે. અરિહંતા લોગુત્તમા-અરહિંત દેવ, લોકમાં ઉત્તમ છે. સિદ્ધાલોગુત્તમા-સિદ્ધદેવ, લોકમાં ઉત્તમ છે, સાહુ લોગુત્તમા-સાધુ લોકમાં ઉત્તમ છે. કેવલિ પન્નતો ધમ્મો લોગુત્તમા-કેવળીનો પ્રરૂપેલો ધર્મ લોકમાં ઉત્તમ છે ચત્તારિ સરણં

પવજ્જામિ-ચાર પ્રકારનું શરણ અંગીકાર કરૂં છું, અરિહંતા સરણં પવ્વજામિ-અરિહંતનું શરણ અંગીકાર કરૂં છું. સિદ્ધાસરણં પવ્વજામિ-સિદ્ધનું શરણ અંગીકાર કરૂં છું. સાહુ સરણં પવ્વજામિ-સાધુનું શરણ અંગીકાર કરૂં છું, કેવલિપન્નત્તંધમ્મંસરણં પવજ્જામિ-કેવળીના પ્રરૂપેલ ધર્મનું શરણ અંગીકાર કરૂં છું. એ ચાર માંગલિક, ચાર ઉત્તમ ને ચાર શરણાં કરે જે, ભવસાગરમાં તરે તે. સકળ કર્મનો આણે અંત, મોક્ષતણાં સુખ લહે અનંત, ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુકતે જાય. સંસારમાં શરણા ચાર, અવર ન શરણું કોય, જે નરનારી આદરે, તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર; ગુરુ ગૌતમને સમરીએ, તો સદાય મનવાંછિત ફળ દાતાર. દાન દીજીએ શિયળ પાળીએ, તપ તપીએ, ભલી ભાવના ભાવીએ તો આ ભવ પરભવ વહેલાં વહેલાં મુકિતનાં સુખને પામીએ.

"આ ઠેકાણે-ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગ તથા ઇરિયાવહીના પાઠ કહેવા."

આલોયણા-ચાર ગતિ, ચોવીશ દંડક, ચોરાશી લાખ જીવાજોનિ, એક ક્રોડ સાડી સતાણું લાખ, કુલકોટિના જીવને મારે જીવે આજના દિવસ સંબંધી આરંભે સમારંભે, મન, વચન, કાયાએ કરી દુહવ્યા હોય, દ્રવ્યપ્રાણ, દુહાવ્યા હોય, પરિતાપના કિલામના ઉપજાવી હોય, ક્રોધે, માને, માયાએ, લોભે, રાગે, દ્વેષે, હાસ્યે, ભયે, ખળાયે, ક્રીડાયે, આપથાપનાએ, પરઉથાપનાએ, દુષ્ટ લેશ્યાએ, દુષ્ટ પ્રણામે, દુષ્ટ ધ્યાને, આર્ત્તધ્યાને, રૌદ્રધ્યાને, કરીને, ઇર્ષ્યાએ, મમતે, હઠપણે, ધીઠાઇપણે, અવજ્ઞા કરી હોય, દુઃખમાં જોડયાં હોય, સુખથી ચુકાયા હોય, પ્રાણ, પર્યાય, સંજ્ઞા ઇંદ્રિયાદિ, લબ્ધિઋદ્ધિથી ભ્રષ્ટ કર્યાં હોય તે સર્વ અઢાર લાખ ચોવીસ હજાર એકસો વીશ પ્રકારે દોષ લાગ્યો હોય તો મિચ્છા મિ દુક્કડં.

શ્રમણ સૂત્ર

પાઠ ૨૩ મો–પહેલું શ્રમણ સૂત્ર.

ઇચ્છામિ–ઇચ્છું છું. પડિક્કમિઉં–પાપનું નિવારણ કરવાને. પગામસિજ્જાએ–ઘણું સૂવાણું હોય. નિગામસિજ્જાએ–ઘણે પાથરણે કરી સુવાણું હોય. સંથારાઉવટ્ટણાએ–સુતાં સૂતાં વગર પોંજે પડખું ફેરવ્યું હોય. પરિયટ્ટણાએ–વારે વારે એ રીતે પડખાં ફેરવ્યાં હોય. આઉટ્ટણાએ–હાથપગ સંકોચ્યા હોય. પસારણાએ–હાથપગ પોંજ્યા વિના લાંબા કર્યા હોય. છપ્પઇસંઘટ્ટણાએ–છ પગી જૂને કચરી હોય. કુઇએ કક્કરાઇએ–ઉઘાડે મોઢે બોલાણું હોય. છિઇએ–ઉઘાડે મોઢે છીંક ખાધી હોય. જંભાઇએ–ઉઘાડે મોઢે બગાસું ખાધું હોય. આમોસે–પૂંજયા વગર ખણ્યું હોય. સસરક્ખામોસે–સચેત રજે ખરડેલ વસ્ત્રાદિકનો સ્પર્શ કર્યો હોય. આઉલમાઉલાએ–આકુળ વ્યાકુળ થયો હોય. સુવણવત્તિયાએ–સ્વપ્ના માંહે અનેક તરેહનાં રૂપ દીઠાં હોય. ઇત્થીવિપરિયાસિયાએ–સ્ત્રી સંગાતે સ્વપ્નામાં ભોગ કર્યો હોય. દિટ્ઠિવિપરિયાસિયાએ–દૃષ્ટિએ કરી સ્ત્રી સાથે ક્રીડા કરી હોય. મણવિપરિયાસિયા–મને કરી સ્વપ્નામાં ભોગ કર્યો હોય. પાણભોયણવિપરિયાસિયાએ–પાણી ભોજન સ્વપ્નામાં કરેલ હોય, જો મે–જે મને. દેવસિઓ–દિવસ સંબંધી. અઇયારો કઓ–અતિચાર લાગ્યા હોય. તસ્સ મિચ્છા મિ દુક્કડં–તે પાપ નિષ્ફળ થાઓ.

પાઠ ૨૪ મો–બીજું શ્રમણ સૂત્ર.

પડિક્કમામિ–પાપનું નિવારણ કરૂં છું. ગોયરગ્ગ ચરિયાએ–ગાયની પેઠે થોડો થોડો આહાર લેવા જતાં. ભિક્ખાયરિયાએ–ભિક્ષા માગવા જતાં. ઉગ્ઘાડકવાડ–અડધું કમાડ ઉઘાડયું હોય. ઉગ્ઘાડણાએ–આખું કમાડ ઉઘાડયું હોય. સાણા–કુતરા. વચ્છા–વાછરડાં. દારા–બાળક. સંઘટ્ટણાએ–અડીને કે ઓળંગીને જવાણું હોય. મંડિપાહુડિયાએ–બીજા કોઇને વાસ્તે રાખેલ લીધું હોય. બલિપાહુડિયાએ–બાકળા ઉડાડવા સારૂ કર્યા હોય તે લીધા હોય. ઠવણાપાહુડિયાએ–કોઇ ભિખારી વગેરે સારૂ રાખી મેલ્યું હોય તે લીધું હોય. સંકીએ સહસાગારે–શંકા પડયા છતાં બળાત્કાર કર્યાથી લેવું પડયું હોય. અણેસણાએ–અન્નને. પાણેસણાએ પાણીને; અણભોયણા એ–જીવાતવાળું ભોજન, પાણ ભોયણાએ–જીવાતવાળું પાણી લીધું હોય. બીયભોયણાએ–બીજવાળું ભોજન લીધું હોય. હરિયભોયણાએ–લીલોત્રીવાળું ભોજન લીધું હોય. પચ્છાકમ્મિયાએ–આહાર વહોર્યા પછી કોઇ દોષ લગાડયો હોય. પુરેકમ્મિયાએ–આહાર લીધા પહેલાં કોઇ દોષ લગાડયો હોય. અદિટ્ઠહડાએ–નજરે દેખાતું ન હોય ત્યાંથી લાવી દીધેલું લીધું હોય. દગસંસટ્ઠહડાએ–કાચા પાણીનો સ્પર્શ કરી દીધેલો આહાર લીધો હોય. રયસંસટ્ઠહડાએ–સચેત–રજના સ્પર્શવાળું લીધું હોય. પારિસાડણિયાએ–વહોરાવતી વખતે વેરાતી કે ઢોળાતી વસ્તુ લીધી હોય. પરિઠાવણિયાએ–ખાવો થોડો ને નાંખી દેવો ઘણો એવો આહાર લીધો હોય.

ઉહાસણુભિક્ખાએ-વારંવાર વસ્તુ માગી લીધી હોય. જં ઉગ્ગમેણં-જે ગૃહસ્થથી દોષ લાગ્યા હોય. ઉપ્પાયણેસણાએ-પોતાથકી જે દોષ લાગ્યા હોય. અપરિસુદ્ધં-એવા અકલ્પનિક આહાર પાણી. પરિગ્ગાહિયં-લીધા હોય. પરિભુત્તાંવા-ભોગવ્યાં હોય, જં ન પરિઠ્ઠવિયં-જે નાંખી દેવાં યોગ્ય હોય તે નાખી દીધું ન હોય. તસ્સ મિચ્છા મિ દુક્કડં-તે પાપ નિષ્ફળ થાઓ.

પાઠ ૨૫ મો-ત્રીજું શ્રમણ સૂત્ર.

પડિક્કમામિ-પાપનું નિવારણ કરૂં છું. ચાઉક્કાલં-ચાર વખત (સવારે, સાંજે, આગલી રાત્રે, પાછલી રાત્રે) સજ્ઝાયસ્સ અકરણયાએ-સજઝાય પાઠ ન કર્યા હોય. ઉભઓકાલં-બે વખત (સાંજે સવારે) ભંડોવગરણસ્સ-ભંડ ઉપકરણ (પાત્રાદિ તથા વસ્ત્રાદિને) અપ્પડિલેહણાએ-નજરે જોયાં ન હોય. દુપ્પડિલેહણાએ-માઠી રીતે જોયાં હોય. અપ્પમજ્જણાએ-પોંજ્યા ન હોય. દુપ્પમજ્જણાએ-માઠી રીતે પોંજ્યા હોય. અઇક્કમે-અતિક્રમ કીધો હોય. (પાપ કરવાનો વિચાર) વઇક્કમે-વ્યતિક્રમ કીધો હોય (પાપ કરવાને તૈયાર થયો હોઉં) અઇયારે-અતિચાર તે વસ્તુ કરવામાં લાગ્યો હોય. અણાયારે-અનાચાર તે પાપ કીધું હોય. જો મે દેવસિઓ-જે મેં દિવસ સંબંધી. અઇયારોકઓ-પાપ કીધું હોય. તસ્સ મિચ્છા મિ દુક્કડં-તે પાપ નિષ્ફળ થાઓ.

પાઠ ૨૬ મો-ચોથું શ્રમણ સૂત્ર.

પડિક્કમામિ-પાપનું નિવારણ કરૂં છું. એગવિહં-એક પ્રકારે અસંજમેહિં-અસંજમપણું (અવ્રત) પડિક્કમામિ-નિવર્તું છું. દોહિં-બે પ્રકારના. બંધણેહિં-બંધનથી. રાગબંધણેણં-પ્રીતિ બંધન. દોસબંધણેણં-દ્વેષ બંધન. પડિક્કમામિ-નિવર્તું છું. તીહિં દંડેહિં-ત્રણ પ્રકારના દંડથી. મણદંડેણં-મનને દંડ. (અશુભ મને) વયદંડેણં-વચનનો દંડ. કાયદંડેણં-કાયાનો દંડ. પડિક્કમામિ-નિવર્તું છું. તીહિં ગુત્તીહિં-ત્રણ પ્રકારની ગુપ્તિ (ન કરી હોય તેથી.) મણગુત્તીએ-મનેગુપ્તિથી મનને ગોપવી રાખવું. વયગુત્તીએ-વચનને ગોપવવું. કાયગુત્તીએ-કાયાને ગોપવી રાખવી તે. પડિક્કમામિ-નિવર્તું છું. તીહિં સલ્લેહિં-ત્રણ પ્રકારનાં શલ્યથી. માયાસલ્લેણં-કપટ રાખવું તે શલ્ય. નિયાણસલ્લેણં-નિયાણું એટલે ક્રિયાનું ફળ માગી લેવું તે શલ્ય. મિચ્છાદંસણસલ્લેણં-જૂઠો ધર્મ તે શલ્ય. પડિક્કમામિ-નિવર્તું છું. તીહિં ગારવેહિં-ત્રણ પ્રકારના ગર્વથી. ઇડ્ઢિગારવેણં-ઋધિ (નાણાં) નો ગર્વ. રસગારવેણં-સ્વાદનો ગર્વ. સાયાગારવેણં-શાતા (શરીરના સુખનો) ગર્વ. પડિક્કમામિ-નિવર્તું છું. તિહિંવિરાહણાએ-ત્રણ પ્રકારની વિરાધનાથી (ભંગ લગાડવાથી) નાણવિરાહણાએ-જ્ઞાનમાં ભંગ પડયો હોય. દંસણવિરાહણાએ-સમકિતમાં ભંગ પડયો હોય. ચરિત્તવિરાહણાએ-ચારિત્ર કરણીમાં ભંગ પડયો હોય. પડિક્કમામિ-નિવર્તું છું. ચઉહિં કસાએહિં-ચાર પ્રકારના કષાયથી. કોહકસાએણં-ક્રોધ કષાય. માણકસાએણં-અભિમાન કષાય. માયાકસાએણં-કપટ કપાય. લોહકસાએણં-લોભ કષાય. પડિક્કમામિ-નિવર્તું છું.

ચઉહિંસન્નાહિં-ચાર પ્રકારની સંજ્ઞાથી (ઇચ્છા) આહારસન્નાએ-આહારની ઇચ્છા. ભયસન્નાએ-બ્હીક ભોગવવી. મેહુણસન્નાએ-મૈથુનની ઇચ્છા. પારિગ્ગહસન્નાએ-દોલત વસ્ત્રાદિની ઇચ્છા. પડિક્કમામિ-નિવર્તું છું. ચઉહિં વિકહાહિં-ચાર પ્રકારની વિકથાથી (પાપનો કથા) ઇત્થીકહાએ-સ્ત્રીની કથા (રૂપાદિ સંબંધી) ભત્તકહાએ-ભોજનની કથા (સારૂં નરસું કહ્યા કરવું) દેસકહાએ-દેશની કથાની વિષે સારૂં નરસું કહેવું તે. રાયકહાએ-રાજા વિષે (સારૂં નરસું કહેવું) પડિક્કમામિ-નિવર્તું છું. ચઉહિં ઝાણેહિં-ચાર પ્રકારનાં ધ્યાનથી. અટ્ટેણં ઝાણેણં-આર્તધ્યાન (વિષય સંબંધી ધ્યાન ધરવાથી) રૂદ્દેણં ઝાણેણં-રૌદ્રધ્યાન (હિંસાદિકનું ધ્યાન ધરવાથી). ધમ્મેણં ઝાણેણં-ધર્મ સંબંધી ધ્યાન (ન ધરવાથી). સુક્કેણં ઝાણેણં-શુક્લ ધ્યાન (નિર્મળ ધ્યાન ન ધરવાથી) પડિક્કમામિ-નિવર્તું છું. પંચહિં કિરિયાહિં-પાંચ પ્રકારની ક્રિયા લાગે છે તેથી (કર્મ લાગે છે.) કાઇયાએ-કાયાએ કરી (અજતનાએ વર્તવાથી.) અહિગરણિયાએ-અધિકરણથી (હથિયારથી) પાઉસિયાએ-બીજા ઉપર દ્વેષ રાખવાથી. પારિતાવણિયાએ-બીજાને પરિતાપ ઉપજાવવાથી. પાણાઇવાયકિરિયાએ-જીવહિંસા કરવાથી. પડિક્કમામિ-નિવર્તું છું. પંચહિં કામગુણેહિં-પાંચ પ્રકારના કામ વધવાના ગુણથી. સદ્દેણં-શબ્દથી-વિષયી ગીત સાંભળવાથી. રૂવેણં-રૂપ નીરખવાથી. રસેણં-રસથી સ્વાદ લેવાથી. ગંધેણં-ગંધેથી. સુગંધીએથી. ફાસેણં-સ્પર્શથી સારા સારા સ્પર્શ અંગીકાર કરવાથી. પડિક્કમામિ-નિવર્તું છું. પંચહિં મહવ્વએહિં-પાંચ મહાવ્રતને વિષે દોષ લાગવાથી. પાણાઇવાયાઓવેરમણં-હિંસા કરવાથી નિવર્તું છું. મુસાવાયાઓવેરમણં-સર્વથા જૂઠું બોલવાથી નિવર્તું છું. અદિન્નાદાણાઓવેરમણં-અણદીધેલું લેવાથી સર્વથા નિવર્તું છું. મેહુણાઓ વેરમણં-મૈથુન થકી નિવર્તું છું. પરિગ્ગહાઓવેરમણં-દોલત રાખવાથી નિવર્તું છું. પડિક્કમામિ-નિવર્તું છું. (પ્રાયશ્ચિત લઉં છું.) પંચહિં સમિએહિં-પાંચ પ્રકારની સમિતિને વિષે દોષ લાગ્યો હોય તેથી ઇરિયાસમિએ-રસ્તે ચાલતા જોઇને ચાલવું તે સમિતિ. ભાસાસમિએ-બોલતાં દોષ ન લાગે તેવું બોલવું તે સમિતિ એસણાસમિએ-દોષ રહિત આહાર આદિ લેવા તે સમિતિ. આયાણભંડમત્તનિક્ખેવણાસમિએ-પાત્રાં, વસ્ત્રને જતનાએ લેવા મૂકવાં તે સમિતિ. ઉચ્ચાર,- પાસવણ, ખેલજલ્લસિંઘાણ, પારિઠાવણિયાસમિએ-ઝાડો પેશાબ, બળખો, લીંટ, મેલને પરઠવવું એટલે જાળવીને નાખવું તે સમિતિ. પડિક્કમામિ-નિવર્તું છું. છહિં જીવનિકાએહિં-છ પ્રકારના જીવની જાતને વિષે દોષ લાગ્યા હોય તેથી પુઢવિકાએણં-પૃથ્વીની જાત. આઉકાએણ-અપકાય તેઉકાએણં-અગ્નિકાય વાઉકાએણં-વાયુકાય, વણસ્સઇકાએણં-વનસ્પતિકાય. તસ્સકાએણ-ત્રસકાય બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવ. -પડિક્કમામિ-નિવર્તું છું છહિં લેસાહિં-છ પ્રકારનાં લેશ્યા એટલે જીવનાં પરિણામ (મન) કિન્હલેસાએ-કૃષ્ણલેસ્યા. અત્યંત હિંસા કરવાનું મન નીલલેસાએ-નીલ લેશ્યા-ક્રોધ દ્વેષ આદિ દુરાચાર કરવાનું મન, કાઉલેસાએ-વાંકા કાર્ય કરવાં સરલપણારહિત પોતાના દોષ ઢાંકવા, મિથ્યાત્વ તથા અનર્થપણું તે. તેઉલેસાએ-તેજુ લેશ્યા-કપટરહિત, વિનીત; દ્રઢધર્મી, મોક્ષનો અર્થી એવા ગુણ હોય તે. પઉમ્હલેસાએ-પદ્મ લેશ્યા-ક્રોધ, માન કપટ આદિને પાતળાં કરી નાખ્યાં છે. તથા આત્માને દમ્યો છે મન, વચન, કાયાને જીત્યાં છે, એવા ગુણ હોય તે. સુક્કલેસાએ-શુકલ લેશ્યા. ધર્મ, ધ્યાન, શુકલ ધ્યાન, રાગ, દ્વેષ જીત્યા છે જેણે તથા સમિતિ ગુપ્તિ સહિત એવા ગુણ હોય તે પડિક્કમામિ

–નિવર્તું છું. **સત્તહિં ભયઠાણેહિં**–સાત પ્રકારનાં ભયનાં ઠેકાણાંથી. ૧ આલોકભય. ૨ પરલોકભય ૩ ધનભય ૪ આકસ્માતભય ૫ આજીવિકાભય. ૬ મરણભય ૭ અપ યશભય **પડિક્કમામિ**–નિવર્તું છું **અટ્ઠહિં મયઠાણેહિં**–આઠ પ્રકારના મદન ઠેકાણા ૧ જાતિ. ૨ કુળ ૩ બળ ૪ રૂપ, ૫ તપ. ૬ લાભ. ૭ સૂત્ર. ૮ મોટાઇ. **નવહિં બંભચેરગુત્તિહિં**–નવ પ્રકારનું બ્રહ્મચર્ય : (સાધુની ગુપ્તિ) તે. ૧ સ્ત્રી. પશુ. નપુંસકરહિત ઠેકાણામા રહેવું. ૨ સ્ત્રી સાથે એકાંતમાં વાત કરવી નહિ. ૩ સ્ત્રીને આસને બેસવુ નહિ. ૪ સ્ત્રીનું રૂપ નીરખવુ નહિ. ૫ સ્ત્રી રહેતી હોય ત્યાં ભીંતને આંતરે રહેવુ નહિ ૬ પૂર્વની ક્રીડા સંભારવી નહિ ૭ પુષ્કળ ઘી સહિત સરસ આહાર જમવો નહિ ૮ અતિ આહાર કરવો નહિં. ૯ ચુવા ચંદન આદિ વિલેપન કરી શરીરને શોભાવવું નહિ **દસ વિહેસમણધમ્મે**–દશ પ્રકારનો સાધુનો ધર્મ. ૧ ક્ષમા ૨ નિર્લોભતા ૩ કપટરહિતપણું ૪ માનરહિતપણું. ૫ બાર પ્રકારનું તપ કરવું. ૬ સંજમ પાળવો. ૭ સત્ય બોલવું ૮ નિર્મળપણું. ૯ ધનરહિતપણું. ૧૦ બ્રહ્મચર્યવ્રત.–**ઇક્કારસહિં ઉવાસગપડિમાહિં**–અગિયાર પ્રકારની શ્રાવકની પ્રતિમા (તપની જાત) ૧ દંસણ પ્રતિમા–એટલે સમકિત ચોકખું રાખવું. ૩ વ્રત પ્રતિમા એટલે બારે વ્રત પ્રતિમા એટલે બારે વ્રત નિર્દોષ પાળવાં ૩ સામાયિક પ્રતિમા–દરરોજ બે વખત સામયિક કરવું. ૪ પોસહ પ્રતિમા–એક મહિનામાં બે પોષા કરે. ૫ પોષો કરવો તેમાં બન્ને તો આખી રાત અથવા બે પહોર સુધી કાઉસ્સગ્ગ કરવો. ૬ છઠ્ઠી પ્રતિમા–પોષાને બીજે દિવસે પણ બ્રહ્મચર્ય પાળવું. ૭ સાતમી, સચિત્ત પરિહાર પ્રતિમા–સચિત્ત આહાર ન કરવો, સાત માસ સુધી. ૮ અણારંભ પ્રતિમા આરંભ–પાપ લાગે એવું કામ આઠ માસ સુધી કરે નહિ ૯ પેસારંભ વિવજ્જણ પ્રતિમા–દાસ વગેરે આગળ પણ આરંભનું કામ ન કરાવે, નવ માસ સુધી. ૧૦ ઉદ્દિષ્ટકૃત પ્રતિમા–પોતા સારૂ કીધેલાં આહાર, પાણી ન લે પણ નિર્દોષ હોય તે જ લે. દસ માસ સુધી. ૧ શ્રમણભૂત પ્રતિમા–સાધુનો વેષ ધારણ કરી તે પ્રમાણે વર્તે ને કોઇ વંદણા કરે તો કહે કે હું સાધુ નથી પણ સાધુની ક્રિયા સર્વ પાળે. અગિયાર માસ સુધી. ઉપર મુજબ અગિયાર તે પહેલી એક માસથી છેલ્લી અગિયારમી અગિયાર માસ સુધી પાળવાની છે (આગળ શ્રાવક તે મુજબ કરતા હતા) **બારસહિં ભિક્ખુ-પડિમાહિં**–બાર પ્રકારની સાધુની પ્રતિજ્ઞાના નિયમ એટલે જે સાધુ એકલો વિચારી પ્રતિમા કરવા ચાહે તે આ પ્રમાણે કરે. ૧ પ્રતિમા–તે રોજ એક વખત એક જ ઘેર આહારની એક દત્તિ [દાત] એટલે એકધાર તથા પાણીની એક દત્તિ લેવી ને તેથી નિર્વાહ કરવા. બીજા–ત્રીજા–ચોથા–પાંચમા–છઠ્ઠા અને સાતમા મહિનામાં રોજ બે, ત્રણ, ચાર. પાંચ. છ અને સાત દત્તિ ઉપરાંત લેવું નહિ. એવો નિયમ તે સાત પ્રતિમા થઇ. ૮ સાત દિવસ સુધી એકાંતરા ઉપવાસ કરે અને ઉત્કૃષ્ટ આસન એટલે કઠણ આસને બેસે ૯ સાત દિવસ એકાંતરા ઉપવાસ કરે પણ દંડાસને બેસે ૧૦ નવમી મુજબ પણ ગોદોહાસને એટલે જેમ ગાયને દોહવા બેસે એવી રીતે બેસી રહે ૧૧ એક રાત દિવસની પ્રતિમા તે અગાઉથી બે ઉપવાસ કરી તે જ દિવસ ને રાત ગામબહાર કાઉસ્સગ્ગ કરે. ૧૨ એક રાતની પ્રતિમા તે પહેલાં ત્રણ ઉપવાસ કરી ત્રીજે દિવસે રાતે વનમાં એક ચિત્તે રહીને ઉપસર્ગ આવે તે સહે. **તેરસહિં કિરિયાઠાણેહિં**–તેર પ્રકારની ક્રિયા એટલે કર્મ બાંધવાનાં ઠેકાણાં ૧ કામ સારૂં આરંભ કરવો. ૨ વગર કામે આરંભ કરવો. ૩ જીવઘાત કરવા સારૂં કાંઇ હિંસા

કરે. ૪ અકસ્માત ક્રિયા-તે જેમ કે હરણને તીર મારતાં માણસને વાગે ને તેનો જીવ જાય. ૫ મિત્રદોષ ક્રિયા તે મિત્રને વેરી કરી માને તથા અચોરને ચોર ગણી હણે. ૬ મુસાવાઇ ક્રિયા-તે જુઠું બોલવાથી લાગે છે. ૭ અદિન્નાદાણ ક્રિયા-અણદીધું લેવાથી લાગે તે ક્રિયા ૮ અનર્થ ક્રિયા-વગર કારણે આર્તરોદ્ર ધ્યાન ધરવું. ૯ માનવત્તિય ક્રિયા અહંકાર કરવાથી લાગે તે ૧૦ અમિત્ત ક્રિયા-પુત્ર, સેવન આદિને થોડે અપરાધે ઘણો દંડ કરે તે ૧૧ માયા વત્તિયા ક્રિયા માયા કપટ કરવું તે ક્રિયા. ૧૨ લોભ-વત્તિયા ક્રિયા લોભ કરવો તે. ૧૩ ઇરિયાવહિયા ક્રિયા-માર્ગે અજતનાએ ચાલતા ક્રિયા લાગે તે **ચઉદ્દસહિં ભૂયગામેહિં**-ચૌદ પ્રકારના જીવના જથ્થા-સૂક્ષ્મ એકેંદ્રિય, બાદર, એકેંદ્રિય- બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, અસંજ્ઞી, પંચેંદ્રિય, સંજ્ઞી પંચેંદ્રિય એ સાત જાતના જીવના અપર્યાપ્તા ને પર્યાપ્તા. એ ચૌદ જાતના જીવ. પર્યાય છ છે તે-૧ આહાર, ૨ શરીર, ૩ ઇંદ્રિય, ૪ શ્વાસોશ્છ્વાસ, ૫ ભાષા, ૬ મન, તે જે જીવને જેટલી પર્યાય બાંધવી હોય તે ઊપજયા પછી પૂરી બાંધી રહ્યો નથી ત્યાં સુધી તે અપર્યાપ્ત કહેવાય ને પછી પર્યાપ્ત કહેવાય. એ સાત જાતના જીવના બે બે ભાગ કર્યા તેનુ કારણ એજ કે, અપર્યાપ્તપણે પણ જીવ મરી જાય છે. **પન્નરસ હિં. પરમાહમ્મિએહિં** -પંદર પ્રકારના પરમાધામી એટલે અધમીં દેવતા તેનાં નામ-૧ અંબ, ૨ અંબરિસ, ૩ શામ, ૪ સબળ ૫ રૂદ્ર, મહારૂદ્ર, ૭ કાળ ૮ મહાકાળ, ૯ અસિપત્ર, ૧૦ ધનુષ્ય ૧૧ કુંભ ૧૨ વાલુ, ૧૩ વેતરણી, ૧૪ ખરસ્વર ને ૧૫ મહાઘોષ **સોલસહિં ગાહાસોલસએહિં**-સુયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના સોળ અધ્યયન છે. **સત્તારસવિહે અસંજમેહિ**-સત્તર ભેદે અસંયમ-૧ પૃથ્વી, ૨ પાણી, ૩ અગ્નિ, ૪ વાયુ. ૫ વનસ્પતિ, ૬ બેઇન્દ્રિય, ૭ તેઇન્દ્રિય, ૮ ચૌરેન્દ્રિય, ૯ પંચેન્દ્રિય એ નવને હણવા તે અસંજમ તથા. ૧૦ અજીવ તે પુસ્તકાદિને અવિધિએ વાવરે તે. ૧૧ (પેહા) જોયા વગર જમીન પર બેસે, ૧૨ (ઉપેહા) સંજમને વિષે લાગેલા સાધુને મદદ કરે નહિ. ૧૩ (અપમ્મજ્જણા) પાત્રાદિકને બરાબર પોંજે નહિ. ૧૪ (પરિઠ્ઠાપના) માત્રાદિકને અવિધિએ પરઠવે, ૧૫ મન, ૧૬ વચન, ૧૭ કાયા, તેને અયોગ્ય રીતે વર્તાવે, **અઠ્ઠારસવિહેઅબંભેહિં**--અઢાર પ્રકારનું અબ્રહ્મચર્ય-ઉદારિક શરીર મનુષ્ય અને તિર્યંચની સાથે વિષય સેવવો, સેવરાવવો અને સેવતા પ્રત્યે રૂડું જાણવું એ ત્રણ, તે મને કરી, વચને કરીને કાયાએ કરી એટલે નવ; તેમ વૈક્રિય શરીર સંબંધી નવ ભેદ એટલે કુલ અઢાર **એગુણવીસાએ નાયઝયણેહિં**-શ્રી જ્ઞાતા ધર્મકથા સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનાં ઓગણીસ અધ્યયન છે. **વીસાએ અસમાહિઠાણેહિં**-વીસ પ્રકારનાં અસમાધિનાં ઠેકાણા (મોક્ષ માર્ગને વિષે એકાંત ચિત્તની સ્થિરતાથકી વિપરીતપણે વર્તે તે અસમાધિ) ૧ ઉતાવળો ઉતાવળો ચાલે. ૨ વગર પોંજે ચાલે. ૩ જેમ તેમ પોંજીને ચાલે. ૪ ઘણા પાટ પાટલા ભોગવે. ૫ ગુરુના સામું બોલે. ૬ સાધુની ઘાત ચિંતવે. ૭ પ્રાણીની ઘાત ચિંતવે. ૮ ક્રોધ કરે. ૯ પારકું વાંકુ બોલે. ૧૦ પૂરી ખબર વિના નિશ્ચયકારી ભાષા બોલે. ૧૧ કલેશ કરે, ૧૨, બીજાને કલેશ ઉપજાવે. ૧૩ અકાળે સજ્ઝાય કરે. ૧૪ બહારથી આવ્યા પછી હાથ પગ પોંજયા વગર બેસે. ૧૫ પહોર રાત્રિ ગયા પછી ઉતાવળો બોલે. ૧૬ માંહોમાંહે કજીયા કરે. ૧૭ ગચ્છ ભેદ કરે એટલે તડાં પડાવે. ૧૮ પોતે તપે અને બીજાને તપાવે. ૧૯ ઘણું ખા ખા કરે. ૨૦ જોઇને કામ કરવું તેમાં સાવચેતી ન રાખે. **એગવીસાએ સબલેહિં**-એકવીશ પ્રકારના સબળા દોષ કે જેથી ચારિત્રને હાનિ પહોંચે

૧૦ વનસ્પતિ અને ૧૧ ત્રસ જીવની હિંસા ન કરે, ૧૨ રાત્રિભોજન ન કરે ૧૩ શ્રોતેંદ્રિય ૧૪ ચક્ષુ ઇંદ્રિય, ૧૫ ઘ્રાણેંદ્રિય, ૧૬ રસેંદ્રિય. ૧૭ સ્પર્શેન્દ્રિયને વશ કરે, ૧૮ લોભ જીતે, ૧૯ ક્ષમાવંત, ૨૦ ભાવ વિશુદ્ધ, ૨૧ ક્રિયા વિશુદ્ધ, ૨૨ સંજમમાં ચિત્ત, ૨૩ મન, ૨૪ વચન, ૨૫ કાયાને ગોપાવનાર, ૨૬ બાવીશ પરીષહના સહન કરનાર, ૨૭ મરણથી ડરે નહીં. **અઠ્ઠાવીસાએ આયારપ્પકપ્પેહિં**-અઠ્ઠાવીશ સાધુના આચાર છે તેમાંનાં પચીસ અધ્યયન આચારાંગ સુત્રમાં છે તથા ત્રણ અધ્યયન નિશીથ સુત્રમાં છે **એગુણ-તીસાએ પાવસુયપ્પ-સંગેહિં**-ઓગણત્રીશ પ્રકારનાં પાપસૂત્ર છે-૧ વ્યંતરદેવ કૃત હાસ્યાદિકનો ગ્રંથ, ૨ રૂધિરાદિક વરસે તેનો ગ્રંથ ૩ ગ્રહના ચાળાના ફળ લખ્યાં હોય તે, ૪ ધરતીકંપના ફળનું જ્ઞાન બતાવે તે, ૫ શરીરનાં લક્ષણ સંબંધી ગ્રંથ, ૬ મસા, તિલકાદિના જ્ઞાનસંબંધી ગ્રંથ હાથ પગની રેખા પ્રમુખનું જ્ઞાન બતાવે તે ૮ સ્વર લક્ષણ સંબંધી ગ્રંથ, મૂળ એ આઠ તેના વૃતિ, વાર્તિક એક એકના ત્રણ ભેદ થાય છે એટલે કુલ ૨૪, ૨૫ ગાંધર્વ, ૨૬ નાટક, ૨૭ વાસ્તુવિદ્યાનાં શાસ્ત્ર, ૨૮ આયુર્વેદ, ૨૯ ધનુર્વેદ એ ઓગણત્રીશ પાપસૂત્ર **તીસાએ મહામોહનીયઠ્ઠાણેહિં**-ત્રીશ પ્રકારનાં મહામોહનીયનાં ઠેકાણાં છે (મહામોહનીય કર્મ બાંધવાથી જીવ સંસારમાં રઝળે છે.) તે મોહનીય ત્રીશ પ્રકારથી બાંધે તે કહે છે-૧ ત્રસ-જીવને પાણીમાં બોળી મારે, ૨ બાળકાદિકને મોઢે ડુચો દઇ મારે, ૩ બાળક વગેરેને આળાં ચર્મ વીંટીને મારે, ૪ મુદ્‌ગર પ્રમુખ માથામાં મારે, ૫ પરોપકારી જે ઘણા જીવને આધા-ભૂત હોય તેને મારે, ૬ મોટા રાજાને હણે, ૭ છતી શક્તિએ કંગાળ લોકોની સંભાળ ન રાખે, ૮ જે સાધુ શુદ્ધ ધર્મમાર્ગને વિષે લાગેલો હોય તેને તેથી બળાત્કારે ભ્રષ્ટ કરે, ૯ જિનધર્મનું વાંકું બોલે, ૧૦ જાત્યાદિ મદે કરી આચાર્ય વગેરેને ગાળો, દે, ૧૧ શુદ્ધ સાધુને આહાર પાણી ન આપે, ૧૨ ઘણાં હથિયારો એકઠાં કરે. જ્ઞાનનો માર્ગ ન પાળે, ૧૪ અધર્મી-પ્રયોગ એટલે મંત્રજંત્ર આદિકની સાધના કરે, ૧૫ ચરિત્ર લીધા પછી વિષ-યની વાંછના કરે; ૧૬ પોતે વિદ્વાન ન હોય ને હું બહુ વિદ્વાન છું એમ ડોળ બતાવે ૧૭ તપસ્વી ન હોય ને કહે કે હું તપસ્વી છું, ૧૮ ઘરમાં ઘાલી કોઇને અગ્નિએ બાળે તથા ધુમાડાથી ગુંગળાવે. ૧૯ પોતે પાપ કરી બીજાને માથે નાખે, ૨૦ કોઇનું રહસ્ય કામ ભરસભામાં કહી દે, ૨૧ હંમેશાં ક્રોધ તથા ક્લેશ કરે. ૨૨ વિશ્વાસઘાત કરે, ૨૩ કોઈ પુરુષથી પ્રીતિ લગાડી તેની સ્ત્રીને ભોળવે, ૨૪ પોતે કુંવારો નથી ને કુંવારો કહે. ૨૫ જેણે પોતાને ધન આદિકે વધાર્યો તેનું માઠું ચિંતવે, ૨૬ બ્રહ્મચારી ન હોય ને કહે કે હું બ્રહ્મચારી છું. ૨૭ જેને પ્રતાપે લોકમાં પ્રસિદ્ધ થયો હોય, મહત્ત્વ પામ્યો હોય તેને હાનિ કરે, ૨૮ દેશની જેને શિર ચિંતા છે તેને હણે, ૨૯ કાંઇ દેખતો ન હોય તો પણ કપટે કરી કહે કે હું જ્ઞાનમાં દેવતાદિકને પ્રત્યક્ષ દેખું છું, ૩૦ દેવને અવગણે કે દેવ આવો કેવો કે મને કાંઇ આપે નહિ. એ ત્રીશ પ્રકારનું કામ કરે તો મહામોહનીય કર્મ બાંધે **એગતીસાએસિદ્ધાઇગુણેહિં**-એકત્રીશ સિદ્ધ ભગવાનનાં ગુણ કહે છે પાંચ સંઠાણ-૧ પરિમંડળ, ૨ વાટલો (નક્કર ગોળ) ૩ ત્રિકોણ, ૪ ચોખુણ, ૫ લાંબુ, પાંચ વર્ણ-૬ કાળો, ૭ લીલો, ૮ રાતો, ૯ પીળો, ૧૦ ધોળો, પાંચ રસ, ૧૧ ખાટો, ૧૨ મીઠો, ૧૩ કડવો, ૧૪ કસાયલો, ૧૫ તીખો, બે ગંધ-૧૬ સુગંધ, ૧૭ દુર્ગંધ આઠ સ્પર્શ-૧૮ ખરખરો ૧૯ સુંહાળો, ૨૦ ઊનો, ૨૧ ટાઢો, ૨૨ હળવો, ૨૩ ભારે, ૨૪ લૂખો, ૨૫ ચોપડયો; ત્રણ વેદ, - ૨૬ સ્ત્રી, ૨૭ પુરુષ, ૨૮ નપુંસક,

એમાંનું સિદ્ધને કાંઈ નથી. ૨૯ અશરીરપણું, ૩૦ અસંગપણું, ૩૧ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ ખપાવ્યાં છે. તે કુલ એકત્રીશ સિદ્ધનાં ગુણ બત્તીસાએ જોગસંગહેહિં- બત્રીસ પ્રકારના જોગનો સંગ્રહ કરવો તે કહે છે. ૧ શિષ્ય, આચાર્ય જેવો થાય તેને માટે તેને જ્ઞાન દેવું. ૨ પોતાનું આચાર્યપણું (જ્ઞાન) તે બીજા આગળ પ્રકાશ કરવું ૩ કઠણ વખતે પણ ધર્મની દઢતા મૂકે નહિ. ૪ આ લોક પરલોકને વિષે ફળની ઈચ્છા રહિત તપ કરે. ૫. શિક્ષા મળી તે પ્રમાણે વર્તવું ને નવી ગ્રહણ કરતાં જવું. ૬ મમતા ન કરે, ૭ છાનું તપ કરે, ૮ નિર્લોભપણું રાખે, ૯ પરીષહ [ઉપસર્ગ] જીતે. ૧૦ સરસ ચિત્ત રાખે. ૧૧ શુદ્ધ સંયમ પાળે. ૧૨ સમકિત શુદ્ધ રાખે, ૧૩ ચિત્તની સમાધ રાખે. ૧૪ કપટ રહિત આચાર પાળે, ૧૫ વિનય બરાબર કરે, ૧૬ સંતોષીપણું, ૧૭ વૈરાગીપણું, ૧૮ કપટ રહિતપણું. ૧૯ શુદ્ધ કરણી, ૨૦ સંવર ધરે, [પાપને રોકે] ૨૧ પોતાના દોષ ટાળે, ૨૨ સર્વ વિષયથી વિરકત હોય. ૨૩ મૂળ ગુણ પચ્ચક્ખાણ [પહેલાં પાંચ] મહાવ્રત પાળે; ૨૪ ઉત્તરગુણ પચ્ચક્ખાણ [એ સિવાયનાં વ્રત પાળે] ૨૫ ભાવસહિત કાઉસ્સગ્ગ કરે. ૨૬ પ્રમાદ રહિત વર્તે, ૨૭ હંમેશાં ચારિત્રને વિષે સાવધાન રહે. ૨૮ ધ્યાન ધરે. ૨૯ મરણાંત દુઃખ પડયેથી પણ ભય ન પામે. ૩૦ સ્ત્રી આદિના સંગને છાંડે, ૩૧ પ્રાયશ્ચિત લે [વિશુદ્ધિ કરે.] ૩૨ મરણકાળે આરાધના કરે, તેતીસાએ આસાયણાએ- તેત્રીશ પ્રકારની ગુરુની અશાતના તે અવિનયને ટાળવો- ૧ ગુરુની આગળ આગળ ચાલે તો અવિનય કર્યો, ૨ ગુરુની જોડાજોડ ચાલે. ૩ ગુરુને ભરાઈને ચાલે, ૪ ગુરુને પૂંઠ દઈ ઉભો રહે, ૫ ગુરુની જોડાજોડ ઉભો રહે, ૬ ગુરુની પૂંઠે અડીને ઉભો રહે, ૭ ગુરુની આગળ બેસે. ૮ ગુરુની જોડાજોડ બેસે, ૯ ગુરુને અડીને બેસે, ૧૦ ગુરુ પહેલાં આચમન લે. ૧૧ ગુરુની સાથે દિશાએ ગયો હોય અને આવ્યા પછી તે પહેલાં ઇરિયાવહી પડિકકમે, ૧૨ કોઇ માણસને ગુરુ બોલાવવા ચાહે છે તે અગાઉ પોતે તે માણસ સાથે વાત કરવા માંડી જાય. ૧૩ પોતે સુતો હોય ને જાણતો પણ હોય ને ગુરુ સાદ કરે તો બોલે નહિ, ૧૪ પોતે આહાર પાણી લાવ્યો તે પહેલાં ગુરુને દેખાડયા વિના બીજાને દેખાડે, ૧૫ પોતે આહાર પાણી લાવ્યો તે પહેલાં પોતાના શિષ્યને દેખાડે ને પછી પોતાના ગુરુને દેખાડે, ૧૬ પોતે જે લાવ્યો છે તે પહેલાં પોતાના શિષ્યને દઈને પછી ગુરુને દે. ૧૭ પોતાનો શિષ્ય આહાર પાણી લાવ્યો છે તે ગુરુને પૂછયા વિના બીજાને આપે. ૧૮ ગુરુવાદિ સાથે આહાર કરવા બેઠો ને પોતે ઉતાવળો ઉતાવળો સારૂં સારૂં ખઈ જાય, ૧૯ ગુરુ બોલાવે ને બોલે નહિ, ૨૦ ગુરુએ બોલાવ્યાં છતાં બેઠો બેઠો હોંકારા કરે પણ આવીને જવાબ ન દે, ૨૧ ગુરુ બોલાવે ત્યારે જોરથી બોલે કે શું કહો છો. ? ૨૨ ગુરુ કામ કહે તો ઊલટું કહે કે તમે કરો, ૨૩ ગુરુને આકરે વચને બોલાવે, ૨૪ ગુરુને તિરસ્કારે બોલાવી વચન ન માને; ૨૫ ગુરુ કથા કહે છે તેમાં આડું બોલે કે આમ કહો, ૨૬ ગુરુ કથા કહે છે તેમાં કહે છે કે, તમે શું, ભૂલી ગયા કે! ૨૭ ગુરુ ધર્મકથા કહે તેમાં રાજી ન રહે, ૨૮ ગુરુનો ધર્મકથામાં ભેદ પાડે, ૨૯ ગુરુ ધર્મકથા કહેતા હોય તેમાં પોતે આડો પડી જુદું બતાવે, ૩૦ ગુરુનું વાકુ બોલે, ૩૧ ગુરુની પથારી ન કરી આપે, ૩૨ ગુરુની પથારી ખૂંદી નાખે, ૩૩ ગુરુથી ઊંચે આસને બેસે, એ તેત્રીશ પ્રકારથી ચાલે તેથી ગુરુનો અવિનય થાય માટે તેમ કરવું નહિ. અરિહંતાણં આસાયણાએ- અરિહંત દેવની અશાતના કરી હોય એટલે તેના વિષે કાંઇ ખોટું ચિંતવ્યુ હોય તેનું

નિવારણ કરૂં છું. **સિદ્ધાંણુ આસાયણાએ**-સિદ્ધભગવાનની અશાતના કરી હોય, તે વિષે કાંઇ સંદેહ આણ્યો હોય. **આયરિયાણું-આસાયણાએ**-આચાર્યજીની અશાતના કરી હોય, **ઉવજ્ઝાયાણું-આસાયણાએ** ઉપાધ્યાયની અશાતના કરી હોય. **સાહૂણં આસાયણાએ**-સાધુની આશાતના કરી હોય. **સાહુણીણં આસાયણાએ**-સાધ્વીની અશાતના કરી હોય. **સાવયાણું-આસાયણાએ**-શ્રાવકની અશાતના કરી હોય. **સાવિયાણું આસાયણાએ**-શ્રાવિકાની આશાતના કરી હોય. **દેવાણુ આસાયણાએ**-ચાર જાતના દેવતાની શ્રદ્ધા ન આણી હોય. **દેવીણું-આસાયણાએ**-દેવતાની દેવીનું ભૂંડું બોલી અશાતના કરી હોય, **ઇહલોગસ્સ આસાયણાએ**-આ લોક જે મનુષ્ય તિર્યંચના ભવ તેની નાસ્તિ કહી અશાતના કરી હોય. **પરલોગસ્સ-આસાયણાએ**-પરલોક જે દેવતા નારકીના ભવ તેની નાસ્તિ કહી, અશાતના કરી હોય **કેવલીણું આસાયણાએ**-કેવળજ્ઞાનને વિષે શંકા આણી તેની અશાતના કરી હોય. **કેવલી-પન્નત્તસ્સધમ્મસ્સઆસાયણાએ**-કેવળી પ્રરૂપેલ ધર્મનું માઠું બોલી તેની અશાતના કરી હોય. **સદેવમણુંઆસુરસ્સલોગસ્સ-આસાયણાએ**- દેવતા અને મનુષ્ય સહિત જે લોક તેની શ્રદ્ધા ન આણી અશાતના કરી હોય **સવ્વપાણુ, ભૂય, જીવ, સત્તાણું આસાયણાએ**-સર્વ પ્રાણી ભૂત જીવ સત્ત છે તેની શ્રદ્ધા કરી ન હોય (વિગલેન્દ્રીય વનસ્પતિ પંચેન્દ્રીય અપ, તેઉ, વાઉ એ સર્વેની શ્રદ્ધા ન કરી હોય.) **કાલસ્સઆસાયણાએ**-ત્રણ કાળ નથી એમ કહી અશાતના કરી હોય. **સુયસ્સઆસાયણાએ**-સૂત્ર સિદ્ધાંત વિષે શંકા લાવી આશાતના કરી હોય. **સુયદેવયાએઆસાયણાએ**-સૂત્રદેવ જે તીર્થંકર તેની આશાતના કરી હોય. **વાયણારિયસ્સ-આસાયણાએ**-વાંચણી આપનાર આચાર્યની આશાતના કરી હોય. **જં વાઇદ્ધં**-સૂત્ર આઘાં પાછાં ભણાયાં હોય. **વચ્ચામેલિયં**-ઉપયોગ વિના વારંવાર સૂત્ર ભણાયેલ હોય. **હીણક્ખરં**-અક્ષર ઓછો બોલાણો હોય. **અચ્ચક્ખરં**-અક્ષર અધિક બોલાણો હોય. **પયહીણું**-પદ ઓછું બોલાણું હોય **વિણયહીણું**-વિનયરહિત ભણ્યો હોય. **જોગહીણું**-ધ્યાન રાખ્યા વિના ભણ્યો હોય. **ઘોસહીણું**-શુદ્ધ ઉચ્ચાર વિના ભણ્યો હોય. **સુઠ્ઠદિન્નં**-સારૂં જ્ઞાન અવિનીતને ભણાવ્યું હોય **દુઠ્ઠપડિચ્છયં**-પ્રમાદસહિત આળસે ભણ્યો હોય. **અકાલે કઓ સજ્ઝઓ**-કવખતે સજ્ઝાય કરી હોય. **કાલે ન કઓ સજ્ઝાઓ**-બરાબર વખતે સજ્ઝાય ન કરી હોય. **અસજ્ઝાઇ એસજ્ઝાય**-અપવિત્ર સ્થાનકમાં સજ્ઝાય કરી હોય. **સજ્ઝાઇએ ન સજ્ઝાયં**-સજ્ઝાય કરવાને યોગ્ય સ્થાન છે તે સ્થાને સજ્ઝાય ન કરી હોય. **તસ્સ મિચ્છા મિ દુક્કડં**-તે સર્વ ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

આલોયણા-એક બોલથી માંડીને તેત્રીશ બોલ સુધી જે કોઈ જાણવા જોગ જાણતા હશે, આદરવા જોગ આદરતા હશે. છાંડવા જોગ છાંડતા હશે, સફળ જન્મ જીવિત કરતા હશે, મુકિતગામી, હળુકર્મી, સુલભ બોધી, ભવ્ય જીવ સમતાવંત, લજ્જાવંત, ધ્યાનવંત, તેમને ધન્ય છે, તેમને સમય સમયની વંદણા હોજો. મારે જીવે આજના દિવસ સંબંધી જાણવા જોગ જાણ્યા ન હોય, આદરવા જોગ આદર્યા ન હોય. છાંડવા જોગ છાંડયા ન હોય. સમકિત સહિત બાર વ્રત સલેખણા સહિત નવાણું અતિચાર, પાંચ આચાર સંબંધી એકસો ને વીશ દોષ અતિચાર સંબંધી, ૧ દર્પે, ૨ પ્રમાદે, ૩ અણાભોગે, ૪ આતુરતાએ, ૫ આપદાએ, ૬ શંકાએ, ૭ સહસાકારે, ૮ ભયે, ૯ ઉપશમભાવે, ૧૦ વિષમયભાવે એ દસ પડિસેવણાએ દોષ લાગ્યા હોય તે, સમકાએણું, ફાસિયં પાલિયં, તીરિયં, કીટ્ટિયં, સોહિયં, સામાઇયં, આરાહિયં, આણાએ અણુપાલિતા, ભવઇ, મન વચન, કાયાએ, કરણ. કોટિ ભાંગે

કરી, કરણ કરાવણ અનુમોદને કરી, ખંડન કરાવ્યો હોય, વિરાધના કરી હોય, દેશથી સર્વથી, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, વિરાધના કરી હોય, ઉત્સૂત્રે, ઉન્માર્ગે, અકલ્પે, અકરણીએ, દુષ્ટ ધ્યાને, દુષ્ટ ચિંતવણાએ, અણાચાર, આચરવે, અણેષણિક ઇચ્છાએ, સંકલ્પ, વિકલ્પ કીધો હોય. આરંભ, સમારંભ કીધો હોય, હાસ્યે, ભયે, અજ્ઞાને મિથ્યાત્વે, અવ્રતે, પ્રમાદે, કષાયે, અશુભ જોગે કરી, ગતિચપળ, મતિચપળ, દષ્ટિચપળ, ભાષાચપળ. ભાવચપળપણે, અશુદ્ધ ભાવે કરી આપસ્થાપના, પરઉત્થાપના કરવે, બગધ્યાને ગૃદ્ધિપણે લોલુપતાપણે, દુષ્ટપણે, મૂઢપણે, મંજાર બુદ્ધિએ, દંભ કદાગ્રહપણે, અવિનયપણે, અજોગપણે, કામબુદ્ધિ વિષયવિકારપણે, આળસે, આકુટ્ટિએ, અણાકુટ્ટિએ, જાણપણે, અજાણપણે, જે કાંઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યા હોય, ને આલોવ્યા ન હોય, નિંધા ન હોય, પડિકમ્યા ન હોય, વિશુદ્ધ કર્યા ન હોય, પ્રાયશ્ચિત લીધું ન હોય, ને નિવારણ સમી રીતે કર્યું ન હોય એવા અવિશુદ્ધ આત્મા, સપાપ જોગે કરી આત્માને અરિહંતની સાખે, ધર્માચાર્યની - સાખે, સિદ્ધાંત-પ્રવચનની સાખે, આત્માની સાખે, મિચ્છા મિ દુક્કડં.

પાંચમું સૂત્ર

નમો-નમસ્કાર હોજો. **ચઉવીસાએ**-ચોવીશ **તિત્થયરાણં** તીર્થંકર દેવને **ઉસભાઈ-મહાવીર**-ઋષભદેવ સ્વામી આદિ મહાવીર સ્વામી પર્યંત. **પજ્જવસણાણં**-સેવા ભક્તિ કરૂં છું. **ઇણમેવ**-એવા. **નિગ્ગંથં**-નિર્ગ્રંથ (ધન રહિત)નાં. **પાવયણં**-પ્રવચન. **સચ્ચં**-સાચો. **અણુત્તરં**-સર્વથી ઉત્તમ. **કેવલિયં**-કેવળજ્ઞાનીનો કહેલ. **પડિપુન્નં**-પ્રતિપૂર્ણ-સંપૂર્ણ. **નેયાઉયં**-ન્યાયકારક. **સંસુદ્ધ**-બરાબર શુદ્ધ. **સલ્લકત્તાણં**-શલ્ય-વહેમનો કાપનાર. **સિદ્ધિમગ્ગં**-એવો સિદ્ધ થવાનો માર્ગ. **મુત્તિમગ્ગં**-(મુકિત) કર્મથી મુકવાનો માર્ગ. **નિજ્જાણમગ્ગં**-કર્મનો છેડો આણવાનો માર્ગ-**નિવ્વાણમગ્ગં**-(નિર્વાણ) કર્મ નિવારીને શીતળ થવાનો માર્ગ. **અવિતહ**-એના વિષે, **અવિસંધિ**-સંદેહ રાખવો નહિ. **સવ્વદુક્ખપ્પહીણમગ્ગં**-સઘળાં દુઃખ મટાડવાનો માર્ગ છે **ઇત્થં ઠિયા જીવા**-એને વિષે રહેલા જીવ **સિજ્ઝંતિ**-સિદ્ધ થશે, **બુજ્ઝંતિ**-બૂઝશે, સર્વ જાણશે. **મુચ્ચંતિ**-કર્મથી મુકાશે. **પરિનિવ્વાયંતિ**-કર્મ નિવારીને શીતળભૂત થશે. **સવ્વદુખાણ મંતકરંતિ**-સર્વ દુઃખનો અંત કરશે. **તં**-તે **ધમ્મ**-ધર્મ, **સદ્દહામિ**-શ્રધ્ધું છું. **પત્તિયામિ**-પ્રતીતિ આણું છું; **રોએમિ**-રૂચવું છું. **ફાસેમિ**-સ્પર્શ કરૂં છું તે મુજબ ચાલું છું. **પાલેમિ**-પારૂં છું. વર્તુ છું. **અણુપાલેમિ**-વિશેષે પારૂં છું. **તં**-તે **ધમ્મં**-ધર્મ. **સદ્દહંતો**-સદ્દહંતો. **પત્તિયંતો**-પ્રતીતિ કરતો. **રોચંતો**-રૂચવતો, **ફાસંતો**-સ્પર્શ કરતો. **પાલંતો**-પારતો. **અણુપાલંતો**-વિશેષે પારતો. **તસ્સ**-તે. **ધમ્મસ્સ**-ધર્મ. **કેવલીપન્નત્તસ્સ**-કેવળીનો પ્રરૂપેલ તેને **અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ**-આરાધવાને હું ઉદ્યમવંત થયો છું. તત્પર થયો છું. **વિરઓમિ**-હું નિવર્તું છું. **વિરાહણાએ**-તેની વિરાધના કરવાથી. **અસંજમં**-અસંજમ-પાપ. **પરિયાણામિ**-છાંડું છું. **સંજમં**-સંજમને. **ઉવસંપજ્જામિ**-અંગીકાર કરૂં છું. **અબંભં**-અબ્રહ્મચર્યને **પરિયાણામિ**-છાંડું છું. **બંભં**-બ્રહ્મચર્યને. **ઉવસંપજ્જામિ**-અંગીકાર કરૂં છું. **અકપ્પં**-લેવાનું અયોગ્ય તે. **પરિયાણામિ**-છાંડું છું. **કપ્પં**-લેવાનું યોગ્ય તે. **ઉવસંપજ્જામિ**-

અંગીકાર કરૂં છું, **અન્નાણં**-અજ્ઞાન, **પરિયાણામિ**-છાંડું છું. **નાણં**-જ્ઞાન. **ઉવસંપજ્જામિ** અંગીકાર કરૂં છું. **અકિરિયં**-અક્રિય (ખોટી કરણી) **પરિયાણામિ**-છાંડું છું. **કિરિયં**-સુકૃત. **ઉવસંપજ્જામિ**-અંગીકાર કરૂં છું. **મિચ્છત્તં**-મિથ્યાત્વને. **પરિયાણામિ**-છાંડુ છું **સમ્મત્ત**-સમકિતને. **ઉવસંપજ્જામિ**-અંગીકાર કરૂં છું. **અબોહિં**-દુબોધ. **પરિયાણામિ**-છાંડુ છું. **બોહિં**-સુબોધ. **ઉવસંપજ્જામિ**-અંગીકાર કરૂં છું. **અમગ્ગં**-ઉન્માર્ગ. **પરિયાણામિ**-છાંડું છું. **મગ્ગં**-મોક્ષમાર્ગ. **ઉવસંપજ્જામિ**-અંગીકાર કરૂં છું **જં સંભરામિ**-જે મને સાંભરે છે. **જં ચ ન સંભરામિ**-જે મને નથી સાંભરતું. **જં પડિક્કમામિ**-જેનું પ્રાયશ્ચિત લીધું છે. **જં ચ ન પડિક્કમામિ**-જેનું પ્રાયશ્ચિત ન લીધું હોય. **તસ્સ**-તે. **સવ્વસ્સ**-સર્વ. **દેવસિયસ્સ**-દિવસ સંબંધી. કીધેલા-કહેલા. **અઇઆરસ્સ**-અતિચાર પાપનાં. **પડિક્કમામિ**-પ્રાયશ્ચિત કરૂં છું. નિવારણ કરું છું. **સમણોહં**-શ્રમણ છું. **સંજય**-સંજતિ છું **વિરય**-સંસારથી વિરક્ત થયો છું. **પડિહય**-હણ્યાં છે. **પચ્ચક્ખાય**-બંધી કરીને. **પાવકમ્મો**-પાપ કર્મને **અનિયાણો**-નિયાણા રહિત કરણીનું ફળ માગી લેવું નહિ. **દિઠ્ઠ**-સમકિત દૃષ્ટિ. **સંપન્નો**-સહિત છે. **માયા**-કપટ. **મોસો**-જૂઠાપણું. **વિવજ્જિઓ**-તજી દીધું છે. વર્જી દીધું છે. **અડ્ઢાઇજ્જેસુ**-જે અઢી **દીવસમુદ્દેસુ** દ્વીપ સમુદ્ર છે તેને વિષે. **પન્નરસ કમ્મભુમીસુ**-પંદર કર્મભૂમિ ક્ષેત્રને વિષે **જાવંતિ**-જેટલા. **કેઇ**-કોઇ. **સાહૂ**-સાધુ. **રયહરણ**-રજોહરણ જેવી રજ કાઢી શકાય છે. **ગુચ્છગ**-ગુચ્છો. **પડિગ્ગહ**-પાત્રનાં. **ધારા**-ધરણહાર છે. રાખનાર છે. **પંચમહવ્વયધારા**-પાંચ મહાવ્રતના ધરનાર છે **અઢારસસહસ્સ**-અઢાર હજાર. **સીલંગરથ-ધારા**-બ્રહ્મચર્યના શ્લોક રૂપી રથના ધારણ કરનાર છે. **અક્ખયઆયારચરિત્તા**-અક્ષય છે જેનાં આચાર અને ચારિત્ર. **તે સવ્વે**-તે સર્વને. **સિરસા**-મસ્તક નમાડીને. **મણસા**-મને કરી, **મત્થએણવંદામિ**-મસ્તકે કરી નમું છું. અતિચાર આળોવ્યા, પડિક્મ્યા, નિંદ્યા, ગર્હ્યાં, નિસલ્લ થયા,- વિશેષે, વિશેષે, અરિહંત, સિદ્ધ, કેવળી, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, ગુર્વાદિકને ભુજો ભુજો કરી ખમાવું છું.

ઇતિ શ્રમણસૂત્ર સમાપ્ત.

પહેલા ખામણા

પહેલા ખામણા પંચમહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા તીર્થંકરદેવ બિરાજે છે તે જઘન્ય તીર્થંકર ૨૦ અને ઉત્કૃષ્ટા હોય તો ૧૬૦ તે સ્વામીનાં ગુણગ્રામ કરતાં જઘન્ય કર્મની કોડું ખપે, ઉત્કૃષ્ટો રસ ઉપજે તો આ જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે તે વીશ સ્વામીનાં નામ કહું છું. ૧ શ્રીસીમંધરસ્વામિ, ૨ શ્રી જુગમંધરસ્વામી, ૩ શ્રીબાહુસ્વામી, ૪ શ્રીસુબાહુસ્વામી, ૫ શ્રીસુજાતનાથસ્વામી, ૬ શ્રીસ્વયંપ્રભસ્વામિ ૭ શ્રીઋષભાનનસ્વામી, ૮ શ્રીઅનંતવીર્યસ્વામી, ૯ શ્રીસુરપ્રભસ્વામી, ૧૦ શ્રીવિશાળપ્રભસ્વામી, ૧૧ શ્રીવજ્રધરસ્વામી, ૧૨ શ્રીચંદ્રાનનસ્વામી, ૧૩ શ્રીચંદ્રબાહુસ્વામી, ૧૪ શ્રીભુજંગદેવસ્વામી, ૧૫ શ્રીઈશ્વરસ્વામી ૧૬ શ્રીનેમપ્રભસ્વામી, ૧૭ શ્રીવીરસેનસ્વામી, ૧૮ શ્રીમહાભદ્રસ્વામી, ૧૯ શ્રીદેવજશસ્વામી, ૨૦ શ્રી અજિતસેનસ્વામી, તેમને મારી તમારી સમય સમયની વંદના હજો. તે સ્વામી કેવા છે ? મારા તમારા મનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી દેખી

રહ્યા છે, સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે, ચૌદ રાજ લોક હસ્તામલકવત્ જાણી દેખી રહ્યા છે, અનંત જ્ઞાન છે. અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે, અનંત ધીરજ છે, અનંત વીર્ય છે, ખટે ગુણે કરી સહિત છે, ચોત્રીશ અતિશયે કરી બિરાજમાન છે, પાંત્રીશ પ્રકારની સત્યવચન વાણી ગુણે કરી સહિત છે, એક હજારને અષ્ટ ઉત્તમ લક્ષણે કરી સહિત છે, અઢાર દોષ રહિત છે, બાર ગુણે કરી સહિત છે, ચાર કર્મ ઘનઘાતીયાં ક્ષય કર્યાં છે, બાકીનાં ચાર કર્મ પાતળાં પાડયાં છે. મુકિત જવાના કામી થકા વિચરે છે, ભવ્યજીવના સંદેહ ભાંગે છે, સજોગી, સશરીરી, કેવળજ્ઞાની, કેવળદર્શની, યથાખ્યાત ચારિત્રના ધારણહાર છે, ક્ષાયક સમકિત, શુકલધ્યાન, શુકલલેશ્યા, શુભધ્યાન, શુભજોગ, ચોસઠ ઇંદ્રના પૂજનિક, વંદનિક, અર્ચનિક છે, પંડિતવીર્ય આદિ અનંત ગુણે કરી સહિત છે. ધન્ય તે સ્વામીનાથ, ગામ, નગર, રાયહાણી, પુરપાટણ, એક ગામથી બીજે ગામ વિહાર કરતા હશે ત્યાં જિનેંદ્રદેવ, રૂપી સૂર્ય આગળ ચાલે. તે વાંસે ગણધર ચાલે તે વાંસે શેષ સાધુ ચાલે, સ્વામી પગ ધરે ત્યાં લાખ પાંખડીનું પદ્મ કમળ-ફૂલ થઇ આવે, પાછો પગ ઉપાડે ત્યારે વિસરાળ થઇ જાય, નદી-નાળાં આવે ત્યાં પાજ બંધાઇ જાય, કાંટા સમે મુખે હોય તે ઉંધે મુખે થઇ જાય, સ્વામીજી હજારો ગાઉનો વિહાર કરી બાગ બગીચામાં વનપાળની આજ્ઞા લઇ સમોસરે, ત્યાંથી પચીશ પચીશ જોજનમાં માર નહિ મરકી નહિ, સ્વચક્ર પરચક્રના ભય: નહિ, સાત પ્રકારની ભીતિ માત્ર રહે નહિ, આઝું મિથ્યાત્વ હોય ત્યાં ત્રગડા ગઢની રચના થઇ આવે, રૂપાનો ગઢ ને સોનાના કાંગરા, સોનાનો ગઢ ને રત્નના કાગરાં, રત્નનો ગઢ અને મણિરત્નના કાંગરાં, ચાર દિશાએ ચાર ચાર દરવાજા થઇ આવે, એક એક દરવાજે વીશ વીશ હજાર પગથિયાં થઇ આવે, સમોસરણને મધ્ય ભાગે સ્ફટિક રત્નનું સિંહાસન થઇ આવે, બારગણું અશોકવૃક્ષ થઇ આવે, અંબોડાને ઠેકાણે ભામંડળ થઇ આવે, ઉપર ચોવીસ જોડાં ચામરના થઇ આવે, વનપાળ જઇ રાજાદિને વધામણી આપે, બાર પ્રકારની પ્રખદા વખાણવાણી સાંભળે, સૌ સૌની ભાષામાં સૌ સમજી જાય, કોઇને શંકા ઉપજે નહિ. ભવનપતિ અને તેની દેવી, વાણવ્યંતર અને તેની દેવી, જ્યોતિષી અને તેની દેવી, વૈમાનિક અને તેની દેવી, મનુષ્ય અને મનુષ્યણી, તિર્યંચ અને તિર્યંચણી એ બાર જાતની પ્રખદા વખાણવાણી સાંભળતાં કોઇ કોઇનું વેર ઉલ્લસે નહિ. ધન્ય તે મહારાજ, જ્યાં દેશના દેતા થકા વિચરતા હશે રાઇસર, તલવર, માડંબિઅ, કોડંબિઅ શેઠ સેનાપતિ, ગાથાપત્તિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઇ કર પવિત્ર કરતા હશે, તેને ધન્ય છે. સ્વામીનાથ, તમે પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે બિરાજો છો, હું અપરાધી, દીનકિંકર, ગુણહીન, અહીં બેઠો છું. તમારા જ્ઞાન, દર્શન ચરિત્ર, તપ સંબંધી અવિનય આશાતના, અભકિત, અપરાધ કર્યો હોય તો મન વચન કાયાએ કરી હાથ જોડી મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું. તિક્ખુત્તોનો પાઠ ત્રણ વાર કહેવો.)

બીજા ખામણા.

બીજા ખામણા અનંતા સિદ્ધ ભગવંતને કરૂં છું. તે ભગવંતના ગુણગ્રામ કરતાં જઘન્ય કર્મની કોડો ખપે. ઉત્કૃષ્ટો રસ ઉપજે તો આ જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે.

આ ચોવીશીના નામ કહું છું-૧ શ્રી ઋષભદેવ સ્વામી, ૨ શ્રી અજિતનાથસ્વામી. ૩ શ્રી સંભવનાથસ્વામી, ૪ શ્રી અભિનંદન સ્વામી, ૫ શ્રી સુમતિનાથસ્વામી, ૬ શ્રી પદ્મપ્રભસ્વામી, ૭ શ્રી સુપાર્શ્વનાથસ્વામી, ૮ શ્રી ચંદ્રપ્રભસ્વામી, ૯ શ્રી સુવિધિનાથ-સ્વામી, ૧૦ શ્રી શીતળનાથસ્વામી, ૧૧ શ્રી શ્રેયાંસનાથસ્વામી, ૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામી ૧૩ શ્રી વિમળનાથસ્વામી, ૧૪ શ્રી અનંતનાથસ્વામી, ૧૫ ધર્મનાથસ્વામી, ૧૬ શ્રી શાંતિનાથસ્વામી. ૧૭ શ્રી કુંથુનાથસ્વામી, ૧૮ શ્રી અરનાથસ્વામી, ૧૯ શ્રી મલ્લિનાથ-સ્વામી, ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી, ૨૧ શ્રી નમિનાથસ્વામી, ૨૨ શ્રી નેમનાથસ્વામી. ૨૩ શ્રી પાર્શ્વનાથસ્વામી, ૨૪ શ્રી મહાવીરસ્વામી, આ ચોવીસી. અનંત ચોવીસી પંદર ભેદ સમ્મુચ્ચય જીવ માટે છે, તિર્થંકર માટે નથી સીઝી, બૂઝી, આઠ કર્મ ક્ષય કરી મોક્ષ પધાર્યા છે. આઠ કર્મ તે કયા ? ૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ ૭ ગોત્ર, ૮ અંતરાય. એ આઠ કર્મ ક્ષય કરી મુક્તિ શિલાએ પહોંચ્યા છે. મુક્તિશિલા ક્યાં છે ? સમપૃથ્વીથી સાતસેં નેવું જોજન ઊંચપણે તારામંડળ આવે. ત્યાંથી દશ જોજન ઊંચપણે સૂર્યનું વિમાન છે, ત્યાંથી એંશી જોજન ઊંચપણે ચંદ્રમાનું વિમાન છે, તે ઉપર ચાર જોજન ઊંચપણે નક્ષત્રના વિમાન છે, ત્યાંથી ચાર જોજન ઊંચપણે બુધનો તારો છે, તે ઉપર ત્રણ જોજન ઊંચપણે શુક્રનો તારો છે, તે ઉપર ત્રણ જોજન ઊંચપણે બૃહસ્પતિનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે મંગળનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે શનિશ્ચરનો તારો છે, એમ નવસેં જોજન લગી જ્યોતિષચક્ર છે. તે ઉપરાંત અસંખ્યાતા જોજન ક્રોડાક્રોડી ઊંચપણે પહેલું સુધર્મ નામે અને બીજું ઇશાન નામે દેવલોક છે, એકલું અર્ધ-ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે, પહેલામાં બત્રીશ લાખ વિમાન છે, બીજામાં અઠ્ઠાવીશ લાખ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર ત્રીજું સનત્કુમાર અને ચોથું માહેંદ્ર એ બે દેવલોક છે. એકેકું અર્ધચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. ત્રીજામાં બાર લાખ અને ચોથામાં આઠ લાખ વિમાન છે. તે ઉપર અસંખ્યાતા જોજન ઉપર પાંચમું બ્રહ્મલોકદેવલોક છે એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં ચાર લાખ વિમાન છે. તેથી અસંખ્યતા જોજન ઉપર છઠું લાંતક દેવલોક છે. એકલું પૂર્ણ ચંદ્રમાંને આકારે છે, તેમાં પચાસ હજાર વિમાન છે. ત્યાથી અસંખ્યતા જોજન ઉપર સાતમું મહાશુક્ર દેવલોક છે. એકલું પૂર્ણચંદ્રમાને આકારે છે, તેમાં ચાલીસ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યતા જોજન ઉપર આઠમું સહસ્સાર દેવલોક છે, એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં છ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યતા જોજન ઉપર નવમું આણત અને દશમું પ્રાણત એ બે દેવલોક જોડાજોડ છે, એકેકું અર્ધ ચંદ્રમાંને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે, બેમાં મળીને ચારસો વિમાન છે. ત્યાંથી અસંખ્યતા-જોજન ઉપર અગ્યારમું આરણ અને બારમું અચ્યુય દેવલોક છે, એ બે જોડાજોડ છે, એકેકુ અર્ધ ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે, બેમાં મળીને ત્રણસો વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર નવ ગ્રૈવેયક છે. તેના—નામ ભદ્દે, સુભદ્દે, સુજાએ

સુમાણસે, પિયદંસણે, સુદંસણે, આમોહે, સુપડિબદ્ધે, જસોધરે, તેની ત્રણ ત્રિક છે. તેમાં પહેલી ત્રિકમાં એકસો અગિયાર વિમાન છે, બીજી ત્રિકમાં એકસો સાત વિમાન છે, અને ત્રીજી ત્રિકમાં એકસો વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે પાંચ અનુત્તર વિમાન છે, તેનાં નામ-વિજય, વિજયંત જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ તે સર્વાર્થસિદ્ધ મહા-વિમાનની ધ્વજા થકી બાર જોજન ઊંચપણે મુક્તિશિલા છે. તે મુક્તિશિલા કેવી છે ? પિસ્તાલીસ લાખ જોજનની લાંબી પહોળી છે, મધ્યે આઠ જોજનની જાડી છે, ઊતરતા છેડે માંખીની પાંખથકી પાતલી છે, ઊજળી, ગોખીર, શંખ, ચંદ્ર, અંકરત્ન રૂપાનો પટ, મોતીના હાર, ખીરસાગરના પાણી થકી પણ અધિક ઊજળી છે. સિદ્ધશિલા ઉપર ઊંચપણે એક જોજન તેના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિષે સિદ્ધભગવંતજી બિરાજી રહ્યા છે. તે સ્વામી કેવા છે ? અવર્ણે અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અવિનાશી, ભૂખ નહિ, દુઃખ નહિ, રોગ નહિ, શોક નહિ જન્મ નહિ, મરણ નહિ, કાયા નહિ, કર્મ નહિ, અનંત અનંત સુખની લહેરમાં બિરાજી રહ્યા છે. તમે સ્વામી ત્યાં બિરાજો છો, હું અહીં બેઠો છું. તમારા જ્ઞાન, દર્શન સંબંધી અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી હાથ જોડી મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું. (તિક્ખુત્તોનો પાઠ ત્રણ વખત કહેવો.)

ત્રીજા ખામણા

ત્રીજા ખામણા પંચમહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા કેવળી ભગવાન બિરાજે છે; તે જઘન્ય બે ક્રોડ કેવળી, ઉત્કૃષ્ટા નવ ક્રોડ કેવળી તે સ્વામી કેવા છે ? મારા તમારા મનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી દેખી રહ્યાં છે, સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે, ચૌદ રાજલોક હસ્તામલકવત જાણી દેખી રહ્યા છે, અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે; અનંત વીર્ય છે, અનંત ધીરજ છે, પટે ગુણે કરી સહિત છે, ચાર કર્મ ઘનઘાતી ક્ષય કર્યાં છે, ચાર કર્મ પાતળા પાડયાં છે, મુક્તિ જવાના કામી થકા વિચારે છે; ભવ્ય જીવના સંદેહ ભાંગે છે, સજોગી સશરીરી, કેવળજ્ઞાની, કેવળ દર્શની છે, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે, ક્ષાયક સમકિત, શુકલ-ધ્યાન, શુકલલેશ્યા, શુભધ્યાન, શુભજોગ, પંડિતવીર્ય એ આદિ અનંત ગુણે કરી સહિત છે, ધન્ય તે સ્વામી, ગામ, નગર રાયહાણી, જ્યાં જ્યાં સ્વામી દેશના દેતા થકા વિચરતા હશે ત્યાં રાઈસર, તલવર, માડંબિય, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે, તેને ધન્ય છે, સ્વામીનાથ, તમે પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે બિરાજો છો. હું અપરાધી, દીન, કીંકર, ગુણહીન અહીં બેઠો છું. તમારાં જ્ઞાન, દર્શન ચારિત્ર, તપ સંબંધી અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી હાથ જોડી મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું. (તિક્ખુત્તોનો પાઠ ત્રણવાર કહેવો.)

———

ચોથા ખામણા

ચોથા ખામણા ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીને કરું છું. ગણધરજી બાવન ગુણે કરી સહિત છે, આચાર્યજી છત્રીસ ગુણે કરી સહિત છે. ઉપાધ્યાયજી પચીશ ગુણે કરી સહિત છે. મારા તમારા ધર્મગુરુ, ધર્મ આચાર્ય, ધર્મ ઉપદેશના દાતાર, મહાપુરુષ, પંડિતરાજ, મુનિરાજ, ગીતાર્થ, બહુસૂત્રી, સૂત્રસિદ્ધાંતના પારગામી, તરણ તારણ, તારણીનાવસમાન, સફર જહાજ સમાન, કલ્પવૃક્ષ સમાન, જિનશાસનના શણગાર ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક, એવી અનેક ઉપમાએ કરી બિરાજમાન પૂજ્યજી, સાહેબજી શ્રી (જે હોય તેમના નામ બોલવાં.)

........સ્વામી આદિ દઇને સાધુ–સાધ્વી આલોવી, પડિક્કમી, નિન્દી, નિઃશલ્ય થઇ પ્રાયે, દેવગતિએ પધાર્યા છે, તેમનો ઘણો ઉપકાર છે. આજ વર્તમાનકાળે, તરણ તારણ, તારણી નાવ સમાન રત્નચિંતામણી સમાન, પાર્શ્વમણિ સમાન, જિનશાસનના શણગાર, સર્વે સાધુજીના ગુણે કરી બિરાજમાન પૂજ્યજી સાહેબજી શ્રી (જે હોય તેમનાં નામ લેવાં)........

....સ્વામી આદિ દઇને સાધુ સાધ્વી વિચરે છે તે સ્વામી કેવા છે? પંચ મહાવ્રતના પાલનહાર, પાંચ સમિતિએ અને ત્રણ ગુપ્તિએ સહિત છકાયના પિયેર છકાયના નાથ, સાત ભયના ટાળણહાર, આઠ મદના ગાળણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાળણહાર, દશવિધ યતિધર્મના અજવાળિક છે, બાર ભેદે તપસ્યાના કરણહાર છે, સત્તર ભેદે સંજમના ધરણહાર છે બાવીશ પરીસહના જીતણહાર છે, સત્તાવીશ સાધુના ગુણે કરી સહિત છે, બેતાળીશ સુડતાળીશ તથા છન્નુ દોષ રહિત આહાર પાણીના લેનાર છે; બાવન અનાચરણના ટાળણહાર છે; સચેતના ત્યાગી, અચેતના ભોગી કંચનકામિનીના ત્યાગી, માયા મમતના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર આદિ, અનેક ગુણે કરી સહિત છે. ધન્ય મહારાજ! તમે ગામ, નગર, પુરપાટણને વિષે બિરાજો છો, હું અપરાધી દીનકિંકર ગુણહીન અહીં બેઠો છું, તમારા જ્ઞાન, દર્શન ચારિત્ર તપસંબંધી અવિનય અશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી હાથ જોડી ભુજો જુજો કરી ખમાવું છું તિક્ખુત્તોનો પાઠ ત્રણ વાર કહેવો)

———

પાંચમા ખામણાં

પાંચમા ખામણા પાંચ ભરત, પાંચ ઇરવત ને પાંચ મહાવિદેહ, અઢીદ્વીપ ક્ષેત્રને વિષે જે સાધુ સાધ્વી બિરાજે છે તે જ ધન્ય બે હજાર ક્રોડ સાધુ સાધ્વી. ઉત્કૃષ્ટા હોય તો નવ હજાર ક્રોડ સાધુ સાધ્વી તેમને મારી સમય સમયની વંદણા હોજો તે સ્વામી કેવા છે? પંચમહાવ્રતના પાળણહાર છે પાંચ સમિતિએ સમિતા, ત્રણ ગુપ્તિએ ગુપ્તા, છ કાયના પિયેર, છ કાયના નાથ, સાત ભયના ટાળણહાર, આઠ મદના ગાળણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાળણહાર છે, દશવિધ યતિધર્મના અજવાલિક છે; બાર ભેદે તપસ્યાના કરણહાર છે. સત્તર ભેદે સંજમના

ચરણુહાર છે, બાવીશપરી સહના જીતણુહાર છે. સત્તાવીશ સાધુજીના ગુણે કરી સહિત છે, બેંતાલીશ. સુડતાલીશ તથા છન્નુ દોષ રહિત આહાર પાણીના લેનાર છે, બાવન અનાચરણના ટાળણુહાર છે. સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, સમતાનો સાગર દયાના આગર આદિ અનેક ગુણે કરી સહિત છે. ધન્ય મહારાજ! તમે ગામ, નગર, પુરપાટણને વિષે બિરાજો છો. હું અપરાધી, દીનકિંકર ગુણહીન અહીં બેઠો છું તમારા જ્ઞાન, દર્શન, ચારિત્ર. તપ સંબંધી અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી હાથ જોડી મસ્તક નમાવી ભુજો જુજો કરી ખમાવું છું. (સાધુને ખમાવવા) (તિક્ખુત્તોનો પાઠ ત્રણ વાર કહેવો.)

છઠા ખામણાં

છઠા ખામણા અઢીદ્વીપમાંહી સંખ્યાતા, અઢીદ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક, શ્રાવિકાને કરૂં છું તે શ્રાવકજી કેવા છે! હુંથી, તમથી, દાને, શિયળે, તપે, ભાવે, ગુણે કરી અધિક છે. બે વખત આવશ્યક પ્રતિક્રમણના કરનાર છે. મહિનામાં છ પોષાના કરનાર છે, સમકિત સહિત બાર વ્રતધારી, અગિયાર પડિમાના સેવણુહાર છે, જીવ અજીવ આદિ નવ તત્ત્વના જાણુનાર છે, ત્રણ * મનોરથના ચિંતવનાર છે, એકવીશ શ્રાવકને ગુણે કરી સહિત છે. દુબળા પાતળા જીવની દયાના જાણુનાર છે, પરધન પથ્થર બરોબર લેખે છે, પરસ્ત્રી માતા, બેન બરાબર લેખે છે. દૃઢધર્મી પ્રિયધર્મી દેવતાના ડગાવ્યા ડગે નહિ એવા છે; ધર્મનો રંગ હાડહાડની મિંજાએ લાગ્યો છે, એવા શ્રાવક, શ્રાવિકા, સંવર, પોષા, પ્રતિક્રમણમાં બિરાજતાં હશે તેમને આજના દિવસ સંબંધી અવિનય, આશાતના કરી હોય તો ભુજો ભુજો કરી ખમાવું છું.

સાધુ સાધ્વીને વાંદું છું. શ્રાવક, શ્રાવિકાને ખમાવું છું. સમકિતદૃષ્ટિજીવને ખમાવું છું, ઉપકારી બાઇ, ભાઇને ખમાવું છું. ચોરાશી લક્ષ જીવાજોનિના જીવને ખમાવું છું, સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઊકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઇંદ્રિય, બે લાખ તેઇંદ્રિય. બે લાખ ચૌરેંદ્રિય, ચાર લાખ નારકી ચાર લાખ દેવતા, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય ચૌદ લાખ મનુષ્યની જાતિ, એ ચોરાશી લક્ષ જીવાજોનિના જીવને, હાલતાં ચાલતા, ઊઠતાં, બેસતાં, જાણતાં, અજાણતાં, હણ્યા હોય, હણાવ્યા હોય, છેદ્યા હોય, ભેદ્યા હોય, પરિતાપના. કિલામના ઉપજાવી હોય તો અનંતા સિદ્ધ કેવળીની સાખે મિચ્છા મિ દુક્કડં.

ખામેમિ-ખમાવું છું. સવ્વે જીવ્વા-સર્વ જીવને સવ્વે જીવા વિ-સર્વ જીવ પણ ખમંતુ મે-મારો અપરાધ ક્ષમા કરજો. **મિત્તિ**-મિત્રાઇ છે. **મે**-મારે. **સવ્વ ભૂએસુ**-સર્વ જીવ સાથે **વેરં**-વેર-દુશ્મનાઈ. **મજ્ઝં**-મારે. **ન કેણઇ**-કેઇ સાથે **નથી. એવમહં**-એ પ્રકારે હું. **આલોઇય**ં-કહું છું. **નિંદિયં**-નિંદા કરૂં છું. ખોટું કીધું તેની **ગરહિયં**-ગહરા કરૂં છું. **દુગંછિયં**-ખોટું કીધું એમ કહું છું. **સવં**-સર્વ પાપ, **તિવહેણં**-ત્રણ પ્રકારે મન

---

* ૧ ક્યારે પરિગ્રહ છાંડીશ. ૨ ક્યારે દીક્ષા લઇશ. ૩ ક્યારે સંથારો કરીશ.

વચન કાયાએ કરી. પડિક્કંતો-પ્રાયશ્ચિત કરૂં છું. વંદામિ-નમસ્કાર કરૂં છું. જિણુચઉવીસં-ચોવીશ જિન-તીર્થંકરને.

ઇતિ અતિચાર આલોવ્યા. પડિક્કમ્યા, નિંદ્યા, નિઃશલ્ય થયા, વિશેષે વિશેષે અરિહંત, સિદ્ધ, કેવળી, ગણધર, આચાર્યજી, ઉપાધ્યાયજી સાધુ, સાધ્વી ગુરુ આદિને ભુજો ભુજો કરી ખમાવ્યા છે.

(આ ઠેકાણે "ઇચ્છામિ ખમાસમણો" બે વખત પૂરૂં કહેવું.)

એમ દિવસ, રાત, પખ્ખી, ચૌમાસી અને સંવત્સરી સંબંધી, મૂલગુણ, ઉત્તરગુણ, દ્રવ્યે, ભાવે, નિશ્ચયે, વ્યવહારે, સામાન્યપણે વિશેષપણે, ભ્રમણપણે, ઓછું, અધિક, વિપરીત સ્થાપ્યું હોય, માન્યું હોય, પ્રરૂપ્યું હોય, અજાણપણે, સંશયપણે, અવતીપણે ઓઘસંજ્ઞાએ ગાડરીઆ પ્રવાહપણે, અણસમજણપણે, આચર્યું હોય, ઇચ્છા, વાંછા, મૂર્છાભાવે જે શુભ અને શુદ્ધ-આચરણ-કરણી અસાર કરી હોય, તુચ્છ કરી હોય, ગુમાવી હોય, સંસારવૃદ્ધિ કારણે જીવને જોડયા હોય. તે મારાં પૂર્વના આકર્ષણ સુદ્ધાંત, મારા સર્વે પાપ ફળરૂપ સાવદ્ય મિથ્યા-નિષ્ફળ હોજો, એવી રીતે દિવસ અને રાત સંબંધી અતિચારના દોષ પડિક્કમણ કરીને, આલોયણ, નિંદણ કરીને પૂજનિક. અર્ચનિક, વંદનિક, જીવને ભક્તિસહિત વંદણા કરીને, સર્વ પ્રાણ, જીવ; ભૂતને ખમત ખામણા કરીને, ચિત્ત ઉપશાંત કરીને, વિરુદ્ધ ભાવ મટાડીને, નિજભાવ ઋદ્ધિ સંભાળીને, અસત્યપણું, ભ્રાંતિપણું, ડોલપણું, ભેળસંભેળપણું, નિરાકરણ કરીને મૂળગુણ. ઉત્તરગુણના પચ્ચક્ખાણની તજવીજ કરીને, વ્રતનાં છિદ્રો રોકીને, આશ્રવ રૂંધીને, કષાયપણું ટાળીને, વિશુદ્ધપણું કરવાને-હવે શરીરની મમતા કાંઇક ત્યાગ કરવારૂપ, કાંઇક વોસિરાવવા રૂપ, પાંચે આવશ્યક અતિચાર વિશુદ્ધ નિમિત્તે, અશરીરી, અજોગી પદ આત્માનું સંભાળીને દેહ મૂર્છા ત્યાગ કરવારૂપ પાંચમો આવશ્યક કરવો.

સામાયિક ૧. ચઉવીસત્થો [લોગસ્સ] ૨, વંદણા ૩, પડિક્કમણું. ૪, એ ચાર થયા ને પાંચમાં આવશ્યકની આજ્ઞા-લેવી.

પાંચમો આવશ્યક.

દેવસી-દિવસ સંબંધી, પ્રાયશ્ચિત-પાપ **વિશુદ્ધનાર્થ**-વિશુદ્ધ કરવા માટે. **કરેમિ**-હું કરૂં છું. **કાઉસ્સગ્ગં**-સ્થિર કાયા રાખવાનું.

(આ ઠેકાણે નવકાર, કરેમિ ભંતે, ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં તથા તસ્સ ઉત્તરિના પાઠ કહીને ચાર લોગસ્સનો, અથવા ધર્મધ્યાનનો કાઉસ્સગ નિત્ય પ્રાયે કરવો, પાખી પડિક્કમણે આઠ લોગસ્સનો, ચઉમાસી પડિક્કમણે બાર લોગસ્સનો અને સંવત્સરી પડિક્કમણે વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો અને એક નવકાર કહી• કાઉસ્સગ્ગ પારવો. પછી (લોગસ્સ એક સંપૂર્ણ બોલવો.)

(આ ઠેકાણે ઇચ્છામિ ખમાસમણો બે વખત કહેવું).

સામયિક ૧, ચઉવીસત્થો ૨, વંદણા ૩, પડિક્કમણું ૪, કાઉસ્સગ્ગ ૫, એ પાંચ આવશ્યક પૂરા થયા, એ પાંચ આવશ્યક ચાર તીર્થને અવશ્યમેવ કરવા રૂપ અતીત કાલનું દુષ્કૃત્ય આલોવી, પડિક્કમી નિંદી ગર્હા કરી, વર્તમાનકાળનો આશ્રવ રૂંધી, સંવર કરીને,

હવે આગામી કાળસંબંધી અનાદિ કાળનો આહાર લેવા રૂપ આત્માને પુદ્દગળ મૂર્છા, સંજ્ઞા, અભિલાષા ઘણી છે, તે મોટું કલંક છે અને અણુહારી, નિરાશી, નિરાલંબી, નિઃકલંકી, નિરાશ્રવી, નિઃસંગી છે નિર્મળ, નિર્વંચ્છક અકળ, અગમ્ય, અગોચર, અગાધ, સુલક્ષણાપણું, આત્માનું આવરણ, તેને નિવારણ કરવા સાધન કરણરૂપ પચ્ચક્ખાણ યથાશકિત, ચઉવિધ આહાર ત્યાગરૂપ, પચ્ચક્ખાણ કરણરૂપ, છઠ્ઠો આવશ્યક કરવો.

છઠ્ઠો આવશ્યક.

'ધારણા પ્રમાણે ચઉવિહારનાં પચ્ચક્ખાણ કરવાં, તે નીચે મુજબ **ચઉવિહંપિ-આહારં**-ચાર પ્રકારના આહાર. **અસણં**- અન્ન, **પાણં**-પાણી. **ખાઈમં**-મેવાદિ. **સાઈમં**-મુખવાસ. **અન્નથાણાભોગેણં**-અજાણતાં મુખમાં કાંઇ વસ્તુ ઘલાઇ જાય તેની માફી, **સહસાગારેણં**-બળાત્કારે મોઢામાં કાંઇ નાખે તેની માફી. **વોસિરામિ**-તજું છું.

સામાયિક ૧, ચઉવીસત્થો ૨, વંદના ૩, પડિક્કમણું ૪, કાઉસ્સગ્ગ ૫, ને પચ્ચક્ખાણ ૬, તેને વિષે વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્ર, મીંડી, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક વિપરીત કહેવાણું હોય ને જાણતાં અજાણતાં કાંઇ દોષ લાગ્યો હોય તે મિચ્છા મિ દુક્કડં.

મિથ્યાત્વનું પડિક્કમણું, અવ્રતનું પડિક્કમણું, કષાયનું પડિક્કમણું, પ્રમાદનું પડિક્કમણું, અશુભજોગનું પડિક્કમણું, ખ્યારી બોલનું પડિક્કમણું એ પ્રતિક્રમણ વિષે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતાં અજાણતાં કાંઇ દોષ લાગ્યો હોય તો મિચ્છા મિ દુક્કડં.

ગયા કાળનું પડિક્કમણું, વર્તમાનકાળનો સંવર, આવતા કાળનાં પચ્ચક્ખાણ, કરેમિ મંગલં, મહામંગલં, થયથૂઈમંગલં, અહીં ત્રણ નમોત્થુણં કહેવાં.

પ્રતિક્રમણમાં લાગતા દોષના ૧૨૪ પ્રકાર

નવાણું અતિચારમાંથી જ્ઞાનના ૧૪ અતિચાર વર્જીને બાકીના ૮૫ દોષ રહ્યા તે ટાળવા તથા જ્ઞાનના ૮ આચાર તે-૧ બત્રીશ અસજ્ઝાય ટાળી વખતસર ભણવું, ૨ વિનય સહિત ભણવું, ૩ જ્ઞાનનો સત્કાર કરી ભણવું, ૪ ઉપધાન સહિત ભણવું, (સૂત્ર ભણવાને માટે જે જે તપ કરવું કહ્યું છે તે તે કરીને) ૫ ઉપકારીનો ગુણ ભૂલવો નહિ, ૬ શુદ્ધ ઉચ્ચાર સહિત ભણવું ૭ અર્થ સહિત ભણવું, ૮ પાઠ અર્થ વગેરે શુદ્ધ ભણવું. તથા સમકિતના ૮ આચાર તે-૧ જૈનમતને વિષે શંકા ન રાખવી, ૨ અન્યમતની વાંચ્છના ન કરવી. ૩ કરણીના ફળનો સંદેહ ન રાખવો, ૪ અન્યમતનો આડંબર દેખી મુંઝાવું નહિ, ૫ ઉપકારીના ગુણ દીપાવવા, ૬ સમકિતથી પડતા જીવને સ્થિર કરવા, ૭ ચારે તીર્થની વાત્સલ્યતા કરવી, ૮ જૈનમાર્ગનો મહિમા નિરવદ્યપણે પ્રકાશવો તથા ચારિત્રના ૮ આચાર, તે ૩ ગુપ્તિ અને ૫ સમિતિ એટલે ૧૦૯ તથા બાર વ્રત તે-૫ મહાવ્રત, ૫ ઇંદ્રિય, સંવર ૧ રાત્રિભોજન, ત્યાગ ૨ મન, સંવર એ બાર તથા વીર્યના ૩ આચાર તે ૧ ધર્મકાર્યમાં બળ ગોપવવું

નહિ. ૨ ધર્મકાર્ય ઉપયોગ સહિત કરવું, ૩ યથાશક્તિ ક્રિયા, અનુષ્ઠાન કરવું એ મળી કુલ ૧૨૪ પ્રકાર થયા.

આવશ્યક પ્રતિક્રમણ) વિષે ખુલાસો.

ખરી રીતે જોતાં વીતરાગભાષિત ધર્મ, તેનું મૂળ અને તેનો મોટો આધાર આવશ્યક સૂત્ર ઉપર રહેલ છે. આવશ્યક સૂત્ર વિષે અનેક જુદા જુદા મત મતાંતર છે. કોઈ કહે છે કે આવશ્યક મૂળ સંપૂર્ણ છે અને કોઇ કહે છે કે વિચ્છેદ ગયું છે. પણ તેના કરતાં તદ્દન જુદી વાત છે. આજ વીતરાગભાષિત મૂળ આવશ્યક સંપૂર્ણ નથી, કારણ કે ચોરાસી ગચ્છના આવશ્યક જુદા જુદા છે, જો મૂળ સંપૂર્ણ હોત તો બધા ગચ્છનું એક સરખું હોત, તેમ નથી, તેથી નક્કી થાય છે કે મૂળ સંપૂર્ણ નથી પણ થોડું ઘણું હાલ જે પ્રવર્તે છે તે સૂત્રાનુસારે પાંચમા આરાના છેડા સુધી રહેવાનું છે.

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને-આવશ્યક-અવશ્યકરીને કરવાનો નિત્ય નિયમ છે તેથી આવશ્યક સૂત્ર વિચ્છેદ ગયાનું જેઓ કહે છે તે કોઇ પણ રીતે ખરૂં નથી.

જે આવશ્યક સૂત્ર પોતપોતાના ગચ્છમાં જુદી જુદી રીતે પ્રવર્તે તે તેનું કારણ કે આવશ્યક સંપૂર્ણ રહ્યું નથી, તેમ સર્વથા વિચ્છેદ ગયું નથી. પણ ત્રુટક થઇ ગયેલ છે. તેથી સૌ સૌએ પોતાના બુદ્ધિબળથી જોઇએ તેટલું નવું વધારી મિશ્રણ કરેલું છે.

આવશ્યક સૂત્રનું નામ અનુયોગદ્વાર અને નંદીસૂત્રમાં છે અને તે વ્યતિરિક્ત છે. કાલિક કે ઉત્કાલિક નથી. આવશ્યકનું બીજું નામ પ્રતિક્રમણ છે કારણ કે ચોથા અધ્યયનનું નામ પ્રતિક્રમણ છે અને સૂત્રમાં ઘણે ઠેકાણે **સપડિક્કમણં ધમ્મં, ઉવસંપજ્જિતાણં, વિહરઈ**-આ પાઠ છે. એ રીતે આવશ્યકનું બીજું નામ પ્રતિક્રમણ છે.

શ્રી પ્રતિક્રમણ સૂત્ર સમાપ્ત.

ધર્મ-ધ્યાનનો કાઉસ્સગ્ગ.

સેકિતં-શું તે, **ધમ્મેજ્ઝાણે**-ધર્મધ્યાન? **ધમ્મેજ્ઝાણે**-ધર્મ-ધ્યાન, **ચઉવ્વિહે**-ચાર જાતના. **ચઉપ્પડીયારે**-ચાર ચાર પડભેદ છે. **પન્નતે**-પરૂપ્યા. **તંજહા**-તે આ પ્રમાણે. **આણા વિજયે**-આજ્ઞાનો વિચાર કરવો. **આવાય વિજયે**-દુઃખનો વિચાર કરવો. **વિવાગ વિજયે**-સુખ ને દુઃખ શાથી ભોગવે છે તેનો વિચાર કરવો. **સંઠાણ વિજયે**-લોકના આકારનો વિચાર કરવો. **ધમ્મસ્સણંઝાણસ્સ**-ધર્મ ધ્યાનના. **ચત્તારિ લક્ખણા**-ચાર લક્ષણ. **પન્નતા તંજહા**-આ પ્રમાણે કહ્યા. **આણારૂઈ**-ધર્મ આજ્ઞાની રૂચિ. **નિસગ્ગરૂઇ**-વીતરાગ દેવે પરૂપ્યું તેના ઉપર શ્રદ્ધા આણવાની રૂચિ. **ઉવએસરૂઇ**-ઉપદેશની રૂચિ. **સુત્તરૂઇ**--સૂત્ર સિદ્ધાંતની રૂચિ. **ધમ્મસ્સણઝાણસ્સ**-ધર્મ ધ્યાનના. **ચત્તારિઆલંબણા**-ચાર પ્રકારના આધાર. **પન્નત્તા તંજહા**-તે આ પ્રમાણે કહ્યા. **વાયણા**-વાંચવું. **પુચ્છણા**-પૂછવું. **પરિયટ્ટણા**-શીખેલું સંભાળવું. **ધમ્મકહા**-ધર્મકથા કરવી. **ધમ્મસ્સણંઝાણસ્સ**-ધર્મ ધ્યાનના. **ચત્તારિઅણુપ્પેહા**

ચાર પ્રકારનો વિચાર. પન્નત્તા તંજહા-તે આ પ્રમાણે કહ્યા. એગચ્ચાણુપ્પેહા-એકલાપણાનો વિચાર. જીવ એકલો આવ્યો ને એકલો જશે તેનો વિચાર કરવો અણિચ્ચાણુપ્પેહા-અનિત્યપણાનો વિચાર કરવો. સંસાર અનિત્ય છે. કોઇ કોઇનું નથી. એવો વિચાર અસરણાણુપ્પેહા-અશરણપણાનો વિચાર. સંસારમાં કોઈ કોઇને ત્રાણ-શરણ નથી. એવો વિચાર કરવો. સંસારાણુપ્પેહા-સંસાર વિષે વિચાર સંસાર કેવો અસ્થિર છે તે વિષે વિચાર કરવો તે.

એ ધર્મધ્યાનનો સૂત્રપાઠ કહ્યો. હવે તેનો અર્થ કહે છે.

ધર્મધ્યાનના પહેલા ચાર ભેદ-૧ આણાવિજયે, ૨ અવાયવિજયે, ૩ વિવાગવિજયે, ૪ સંઠાણવિજયે.

પહેલો ભેદ-આણાવિજયે, કહેતાં વીતરાગ દેવની આજ્ઞાનો વિચાર ચિંતવવો તે. વીતરાગદેવની આજ્ઞા એવી છે કે સમકિત સહિત શ્રાવકનાં બાર વ્રત અને અગિયાર પડિમાં તથા સાધુનાં પંચ મહાવ્રત ને બાર ભિક્ખુની પડિમા, શુભધ્યાન, શુભજોગ, જ્ઞાન, દર્શન ચારિત્ર, તપ, છકાય જીવની રક્ષા એ વીતરાગની આજ્ઞા આરાધવી, તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરવો, ચતુર્વિધ તીર્થના ગુણ કીર્તન કરવાં, એ ધર્મધ્યાનનો પહેલો ભેદ કહ્યો.

બીજો ભેદ-અવાયવિજયે કહેતાં, જીવ સંસારમાં દુઃખ શાથી ભોગવે છે, તેનો વિચાર ચિંતવવો તેનો વિચાર એ કે મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય, અશુભ જોગ, અઢાર પાપસ્થાનક; છકાય જીવની હિંસા, એથી જીવ દુઃખ પામે છે, એવું દુઃખનું કારણ જાણી, એવો આશ્રવ માર્ગ છાંડી, સંવર માર્ગ આદરવો, જેથી જીવ દુઃખ ન પામે એ ધર્મધ્યાનનો બીજો ભેદ કહ્યો.

ત્રીજો ભેદ-વિવાગવિજયે કહેતાં જીવ જે સુખ દુઃખ ભોગવે છે તે શા થકી ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ કે જીવે જેવે રસે કરી પૂર્વે જેવાં શુભાશુભ જ્ઞાનવરણીય આદિ આઠ કર્મ ઉપાર્જ્યાં છે, તે શુભાશુભ કર્મના ઉદયથી જીવ તે પ્રમાણે સુખ, દુઃખ અનુભવે છે, તે અનુભવતાં થકાં કોઇ ઉપર રાગ-દ્વેષ ન આણીએ, સમતાભાવ આણી, મન, કાયાનાં શુભ જોગ સહિત, જૈનધર્મને વિષે પ્રવર્તીએ, જેથી નિરાબાધ પરમ સુખને પામીએ એ ધર્મધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો

ચોથો ભેદ-સંઠાણવિજયે કહેતાં ત્રણ લોકનાં આકારનું સ્વરૂપ સુપઇઠીકને આકારે છે. લોક જીવ અજીવે કરી સંપૂર્ણ ભર્યો છે, અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડ ત્રિછોલોક છે. ત્યાં અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે, તથા અસંખ્યાતા વાણવ્યંતરના નગર છે. તથા અસંખ્યાતાં જ્યોતિષીનાં વિમાન છે, તથા અસંખ્યાતી રાજધાની છે, તેને મધ્યભાગે અઢી દ્વીપ છે, તેમાં જઘન્ય તીર્થંકર વીશ ઉત્કૃષ્ટા એકસો સાઠ અથવા એકસો સીત્તેર હોય તથા જઘન્ય બે ક્રોડ ને ઉત્કૃષ્ટા નવ ક્રોડ કેવળી હોય. તથા જઘન્ય બે હજાર ક્રોડને ઉત્કૃષ્ટ નવ હજાર ક્રોડ સાધુ સાધ્વી હોય, તેમને 'તિક્ખુત્તો' આયાહિણં, પયાહિણં વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલં, દેવયં ચેઇયં, પજ્જુવાસામિ, તથા ત્રિછાલોકમાંહે અસંખ્યાતા શ્રાવક શ્રાવિકા છે, તેમના ગુણગ્રામ કરવાં તે ત્રિછાલોકથકી અસંખ્યા ગુણો અધિક ઊર્ધ્વલોક છે, ત્યાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન છે, તે સર્વેમાં મળી ચોરાશી લાખ, સત્તાણુ હજાર, ત્રેવીશ વિમાન છે, તથા તે ઉપર સિદ્ધશિલા

છે. ત્યાં શ્રીસિદ્ધ ભગવંતજી, નિરંજન નિરાકાર બિરાજે છે, તેને તિકખુત્તોથી જાવ પજ્જૂવાસામિ સુધી કહેવું તે ઊર્ધ્વલોક થકી કાંઇક વિશેષ અધિક અધોલોક છે, ત્યાં સાત નરક ના ચોરાશી લાખ નરકાવાસ છે, સાત ક્રોડ બહોંતેર લાખ, ભવનપતિનાં ભવન છે, એવાં ત્રણ લોકનાં સર્વ સ્થાનક (પાંચ અનુત્તર વિમાનના દેવ નવલોકાંતિક દેવ અને સિદ્ધત્વ વર્જીને) સમકિત કરણી વિના સર્વે જીવે અનંતી અનંતી વાર જન્મ મરણે કરી ફરસી મૂકયાં છે. એમ જાણી સમકિતસહિત શ્રુત અને ચારિત્ર ધર્મની આરાધના કરવી જેથી અજર અમર નિરાબાધ પરમ સુખને પામીએ. એ ધર્મધ્યાનનો ચોથો ભેદ કહ્યો. ઇતિ ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ સંપૂર્ણ.

દશમું વ્રત તથા અગિયારમું વ્રત આદરવાની વિધિ

જેને દશમું તથા અગિયારમું વ્રત આદરવું હોય તેણે પ્રથમ વસ્ત્ર તથા રજોહરણ તથા ગુચ્છાનું પડિલેહણ કરવું, પછી નવકારથી તસ્સઉત્તરીના પાઠ સુધી ભણીને ઇરિયાવહિનો કાઉસ્સગ્ગ કરવો, પછી લોગસ્સ કહીને ગર્વાદિકને વંદણા કરવી. પછી ગુરૂને કહેવું કે મને ૧૦મું વ્રત અથવા પોષો કરાવો. ત્યારે ગુરુ વ્રત આદરાવે, જો ગુરુનો જોગ ન હોય તો પોતાની મેળે પચ્ચક્ખે, પછી ત્રણ નમોત્થુણં ગણવાં.

જેણે સામાયિક અથવા દેશાવગાશિક કે પૌષધવ્રત કર્યું હોય ને તેમાં લઘુનીત વડીનીત કરવાનું કારણ પડે ત્યારે પરઠવવા જાતાં બારણામાં "આવસ્સહિ" કહેવું પછી જઇને જોવું અને શક્રેંદ્રની આજ્ઞા માગવી. પછી જોઇને "અણુજાણહ" કહીને જતનાએ પરઠવવું પરઠીને "વોસિરેહ" કહેવું. વળતાં બારણામાં "નિસીહિ" કહેવું. પછી તેની ઇરિયવહિયા પડિકકમવી.

એ ત્રણે વ્રતમાં નિદ્રા કરી હોય તો તેના નિવારણ કારણે જ લોગસ્સ ને ઇચ્છામિ પડિકકમિઉં પગામ સિજ્જાએ ઇત્યાદિક પ્રથમ શ્રમણ સૂત્રનો કાઉસ્સગ્ગ કરવો.

દશમું તથા અગિયારમું વ્રત લીધું હોય તેને પારવાની વિધિ–પથમ ઇરિયાવહિયા કરવી. પછી જે વ્રત લીધું, તેના અતિચાર કહેવા, શેષ વિધિ સામાયિક પારવાની રીતે જાણવી ઇતિ.

પોષાના અઢાર દોષ

નીચે લખ્યા અઢાર દોષ ટાળી પૌષધવ્રત કરવું

પોષો કરવાને આગલે દિવસે-૧ શરીરની શોભા સારૂ હજામત કરાવવી નહી, નખ ઉતરાવવા નહિ અને નાહવું નહીં. ૨ બ્રહ્મચર્યવ્રત પારવું. ૩ સરસ આહાર કરવો નહીં ૪ વસ્ત્ર ધોવરાવવાં નહીં. ૫ આભૂષણ પહેરવાં નહીં, ૬ વધારે પડતું ખાવું નહીં, એ ૬ આગલે દિવસે ટાળવા. ૭ અવ્રતીના વૈયાવચ્ચ કરવી નહીં. ૮ શરીરના શુશ્રૂષા કરવી નહીં. ૯ મેલ ઉતારવો નહીં. ૧૦ ઘણી નિદ્રા કરવી નહીં. ૧૧ પૂંજ્યા વગર ખણવું નહીં. ૧૨ ચાર વિકથા કરવી નહિ. ૧૩ પરનિંદા કરવી નહીં. ૧૪ સંસારી બાબતના

ચર્ચા કરવી નહીં. ૧૫ અંગઉપાંગ નીરખવા નહીં. ૧૬ સંસારની વાતો કરવી નહીં. ૧૭ ખુલ્લે મોઢે બોલવું નહીં. ૧૮ ભય ઉપજાવવો નહીં. ઇ તિ.

શ્રાવકનાં દશ પચ્ચક્ખાણ (પ્રત્યાખ્યાન)

(૧) **નમોક્કારસહિયં** * (સૂર્ય ઉગ્યા પછી બે ઘડી વીતે ત્યાં સુધી) **પચ્ચક્ખામિ** (પચ્ચક્ખાણ કરૂં છું) **ચઉવ્વિહં પિ આહારં** (ચાર પ્રકારના અને બીજા આહાર તે) **અસણં** (અન્ન) **પાણં** (પાણી) **ખાઇમં** (મેવો વગેરે) **સાઇમં** (મુખવાસ) **અન્નત્થાણાભોગેણં** (અજાણપણે ભોગવાય તેનો તથા) **સહસાગારેણં** (બળાત્કારે કોઇ મુખમાં ઘાલી દે તેનો આગાર રાખીને) **વોસિરામિ** (પરિત્યાગ કરૂં છું.)

(૨) **પોરિસી** (સૂર્ય ઊગ્યા પછી એક પહોર સુધી) **પચ્ચક્ખામિ, ચઉવ્વિહં પિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થાણાભોગેણં સહસાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં** (સર્વ પ્રકારે અસમાધિ થવાથી ઓસડવેસડ કરવું પડે તેનો આગાર રાખું છું) **પચ્છન્નકાલેણં** (મેઘ અથવા રજથી સૂર્ય ઢંકાઇ જતા વખતની ખબર ન પડે તેનો પણ આગાર રાખી) **વોસિરામિ.**

(૩) **સાઢ પોરિસી કે પુરિમઢ્ઢ** (સૂર્ય ઉગ્યા પછી દોઢ કે બે પહોર સુધી) **પચ્ચક્ખામિ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થાણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં સવ્વ સમાહિવત્તિયાગારેણં વોસિરામિ.**

(૪) **એગાસણં**-દિવસમાં એકવાર જમી રાત્રે ચઉવ્વિહારનાં પચ્ચક્ખાણ કરવાં તે) **એકાસણા ઉપરાંત દુવિહં પિ આહારં પચ્ચક્ખામિ અસણં ખાઇમં અન્નત્થાણાભોગેણં સહસાગારેણં ગુરુ અબ્ભુટ્ઠાણેણં** (ગુરુ પધારે તો ઉભાં થવાનો આગાર રાખીને તથા) **આઉટણપસારેણં** (અંગ ઉપાગ લાંબુ ટૂંકું કરવું હોય તેનો અને) **સવ્વસમાહિવત્તિયાગારેણં** (અસમાધિને લીધે ઓસડ વેસડ કરવું પડે તેનો આગાર રાખીને **વોસિરામિ**

(૫) **એગઠાણં**- (એક સ્થાને બેસી અંગ ઉપાંગ હલાવ્યા વગર જ દિવસમાં એક વાર જમી ચઉવ્વિહાર કરી ઊઠવું તે).

ઉપરાંત ચઉવ્વિહં પિ આહારં પચ્ચક્ખામિ અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થાણાભોગેણં સહસાગારેણં ગુરુ અબ્ભુટ્ઠાણેણં સવ્વ સમાહિવત્તિયાગારેણં વોસિરામિ.

(૬) **નિવ્વિગઇવિહં**- (દિવસમાં એક વાર વિગય વિના જમી રાત્રે ચઉવ્વિહારનાં પચ્ચક્ખાણ કરવાં તે) **પચ્ચક્ખામિ તે ઉપરાંત ચઉવ્વિહં પિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થાણાભોગેણં સહસાગારેણં લેવાલેવેણં**-(લેપ રહિત નહિ એવી વસ્તુનો તથા) **ઉક્ખિત્તવિવેગણં**-રોટલી વગેરે ઉપરથી ઠરેલું ઘી મૂકેલું હોય

---

*જેટલા અક્ષર જાડા છે તે પાઠ તરીકે બોલવાના છે અને (કૌંસમા પાતળા અક્ષર છે તે જાડા અક્ષરનો અર્થ છે. તે માત્ર સમજવા માટે છે.

તો ઉપાડી લીધેલી રોટલી આવી જાય તો તેનો તથા પડુચ્ચમક્ખિએણું-(ઘૃતાદિકમાં પોળી પ્રમુખ કરેલી હોય અથવા અન્નાદિકમાં ઘૃતાદિકના છાંટા પડ્યા હોય તે અજાણતાં આવી જાય તો તેનો આગાર રાખીને) સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરામિ

(૭) આયંબિલ વિહં-(વિગય રહિત-સ્વાદ વિનાનો લૂખો આહાર દિવસમાં એકવાર જમીને રાત્રે ચઉવ્વિહારના પચ્ચક્ખાણ કરવા તે) પચ્ચક્ખામિ ચઉવ્વિહં પિ આહારં અસણું પાણું ખાઈમં અન્નત્થાણાભોગેણું સહસાગારેણં લેવાલેવેણં ઉક્ખિત્ત વિવેગેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ.

(૮) દિવસચરિમં (સૂર્ય ઊગ્યાથી તે સૂર્ય આથમે ત્યાં સુધી) પચ્ચક્ખામિ અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થાણાભોગેણં સહસાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરામિ

(૯) ચઉત્થભત્તં અથવા અબ્ભત્તટ્ઠં (ઉપવાસ-આગલી રાતે ચઉવ્વિહારનાં પચ્ચક્ખાણ કરીને) પચ્ચક્ખામિ તિવિહં વા ચઉવ્વિહં પિ આહારં પચ્ચક્ખામિ અસણું પાણું ખાઇમં સાઈમં અન્નત્થાણાભોગેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરામિ.

(૧૦)અભિગ્રહ-દ્રવ્યથી, ક્ષેત્રથી, દેશથી, કાળથી ભાવથી, અભિગ્રહ ધારવો તે સંબંધી) પચ્ચક્ખામિ ચઉવ્વિહં પિ આહારં પચ્ચક્ખામિ અસણું પાણં ખાઈમં સાઈમં અન્નત્થાણાભોગેણું સહસાગારેણું મહત્તરાગારેણું (મોટાના કહેવાથી જમવું પડે તેનો આગાર રાખીને,) સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરામિ.

ઇતિ પચ્ચક્ખાણ સંપૂર્ણ.

પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણ અર્થ સહિત

અરિહંતના બાર ગુણ.

૧. જ્યાં જ્યાં ભગવંત સમોસરે ત્યાં ત્યાં ભગવંતના શરીરથી બાર ગુણો ઊંચા અશોકવૃક્ષ થઈ આવે તેની નીચે બેસીને પ્રભુ દેશના દે.

૨. ભગવંતના સમોસરણમાં પાંચે વર્ણનાં અચેત ફૂલોની વૃષ્ટિ કરે. તે ફૂલોનાં બીટાં નીચે અને મુખ ઉપર રહે.

૩. જ્યારે ભગવંત દેશના દે, ત્યારે ભગવંતનો સ્વર અખંડ પૂરાય.

૪. ભગવંતની બન્ને બાજુએ, રત્નજડિત સુવર્ણની ડાંડીવાળાં શ્વેત ચામરો વીંજાય.

૫ ભગવંત હોય ત્યાં આકાશમાં વિસસાપુદ્ગલોનું રત્નજડિત સિંહાસન થઇ આવે.

૬. ભગવંતના મસ્તકના પાછલા ભાગે સૂર્યથી પણ અધિક પ્રકાશવાળું ભામંડળ થઇ આવે.

૭ ભગવંતના સમોસરણમાં ગર્જારવ શબ્દવાળી ભેરી વાગે.

૮. ભગવંતના મસ્તક ઉપર અતિશય ઉજ્જ્વળ એવાં ત્રણ છત્રો થઇ આવે.

૯. જ્યાં જ્યાં ભગવંત વિચારે ત્યાં ત્યાં ભગવંતની ચારે બાજુ પચીશ જોજન સુધી પ્રાયઃ રોગ, વૈર, ઉંદર, મારિ મરકી, અતિવૃષ્ટિ દુષ્કાલ, પોતાના તથા પરના સૈન્યનો ભય એટલાં વાનાં થાય નહિ. [અવાયાપગમ અતિશય]

૧૦. કેવળજ્ઞાન વડે ભગવંત લોક અને અલોકનું સ્વરૂપ સર્વપ્રકારે જાણી રહ્યા છે.

૧૧. ભગવંતની રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવતી, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક પ્રમુખ ભવ્ય જીવો સેવા ભક્તિ કરવાની અભિલાષા રાખે છે. [પરમ પુજ્યપણાનો અતિશય].

૧૨. ભગવંત એવી વાણીથી દેશના દે છે કે, દેવતા મનુષ્ય અને તિર્યંચ; એ સર્વે પોતપોતાની ભાષામાં સમજી જાય. [અનંત વાણી અતિશય]

સિદ્ધભગવંતના આઠ ગુણ

૧. જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થવાથી, સિદ્ધભગવંત લોકાલોકનું સ્વરુપ કેવળજ્ઞાનથી જાણે છે.

૨. દર્શનાવરણીય કર્મ ક્ષય થવાથી, લોકાલોકના સ્વરુપને દેખે છે. [કેવળદર્શન].

૩. વેદનિય કર્મ ક્ષય થવાથી, અવ્યાબાધપણું એટલે સર્વ પ્રકારની પીડારહિત છે. [અનંત આત્મિક સુખ].

૪. મોહનીય કર્મ ક્ષય થવાથી, **ક્ષાયિક સમક્તિવાન છે.**

૫. આયુષ્ય કર્મ ક્ષય થવાથી, અક્ષય સ્થિતિવાન છે.

૬. નામ કર્મ ક્ષય થવાથી, અરૂપી, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી રહિત છે.

૭. ગોત્ર કર્મ ક્ષય થવાથી અગુરુ લઘુ છે અર્થાત્ ઊંચ ગોત્ર અને નીચ ગોત્રથી રહિત છે. તેમજ ઉંચી નીચી ત્રીછી ગતિ નથી.

૮. અંતરાય કર્મ ક્ષય થવાથી, અનંત આત્મિક શકિત છે.

આચાર્યજીના છત્રીસ ગુણ.

૫. શ્રોતેન્દ્રિય, ચક્ષુઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય અને સ્પર્શેન્દ્રિય એ પાચ ઇંદ્રિયોને સંવરનાર હોય.

૯. નવ પ્રકારની બ્રહ્મચાર્યની ગુપ્તિને ધારણ કરનાર હોય.

૪. ક્રોધ, માન માયા અને અને લોભ એ ચાર કષાયથી મુકાયેલા હોય.

૫. પાંચ મહાવ્રતે કરી સહિત.

૫. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર; તપાચાર, અને વીર્યાચાર, એ પાંચ આચાર પાળે છે અને પળાવે છે.

૫. ઇર્યા, ભાષા, એષણા, આદાનભંડ-મત્ત-નિક્ષેપના અને ઉચ્ચાર પાસવણ ખેલ, જલ્લ, સિંઘાણ, પારિઠ્ઠાવણિયા એ પાંચ સમિતિ સહિત હોય.

૩. મન, વચન અને કાયા એ ત્રણની ગુપ્તિ સહિત હોય.

ઉપાધ્યાયજીના પચીશ ગુણ.

૧૧. આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતા, ઉપાસકદશાંગ, અંતગડ, અનુત્તરોવવાઇ, પ્રશ્નવ્યાકરણ અને વિપાક એ અગિયાર અંગ પોતે ભણે અને બીજાને ભણાવે.

૧૨. ઉવવાઇ, રાયપ્પસેણી. જીવાભિગમ, પન્નવણા, જંબુદ્રીપપન્નતિ, ચંદ્રપન્નતિ, સૂર્યપન્નતિ, કપ્પિયા, કપ્પવડિંસયા, પુપ્ફિયા, પુપ્ફચુલિયા અને વન્હિદશા; એ બાર ઉપાંગ પોતે ભણે અને બીજાઓને ભણાવે,

૨. ચરણ-સિત્તરી અને કરણ-સિત્તરી એ બેઉને શુદ્ધ રીતે પાળે.

સાધુજીના સત્તાવીશ ગુણ.

૬. પંચ મહાવ્રત અને છઠું રાત્રિભોજ ત્યાગ વ્રત પાળે.

૬. પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ અને ત્રસકાય એ છકાયની રક્ષા કરે.

૫. પાંચ ઇંદ્રિય તેનો નિગ્રહ કરે.

૧. ક્ષમા રાખે.

૧. વૈરાગ્ય ધારણ કરે.

૧. ભાવ વિશુદ્ધ-ચિત્ત નિર્મળ રાખે. (ભાવ સત્ય)

૧. બાહ્ય ઉપકરણાદિનું પડિલેહણ ઉપયોગ સહિત કરે. (કરણ સત્ય)

૧. સંયમ જોગને વિષે યુક્ત હોય. (જોગ સત્ય)

૩. મન, વચન અને કાયાને માઠાં કાર્યમાં જતા રોકી રાખે. (મન-વચન-કાયાને સમ્યક્ પ્રકારે ધારણ કરે.)

૧. શીતાદિક બાવીશ પરિષહ સમભાવે સહન કરે.

૧. મરણાંત ઉપસર્ગ સહન કરે, પરંતુ ધર્મ મુકે નહિ.

શ્રાવકના ૨૧ ગુણ

સમકિતી શ્રાવકનાં લક્ષણ શ્રાદ્ધવિધિ ગ્રંથમાં નીચે જણાવેલા એકવીશ પ્રકારે બતાવેલા છે.

૧ તુચ્છ પરિણામી ન હોય,
૨ રૂપવંત હોય
૩ સ્વભાવે સૌમ્ય હોય.
૪ લોકપ્રિય હોય.
૫ ક્રૂર ન હોય.
૬ ભાગ્યવંત હોય.
૭ મૂર્ખ ન હોય.
૮ દાક્ષિણ્યયુક્ત હોય.
૯ લજ્જાવંત હોય.
૧૦ દયાવંત હોય.
૧૧ સમાન દષ્ટિ હોય.
૧૨ ગુણાનુરાગી હોય
૧૩ ધર્મકથાકથક હોય.
૧૪ રૂડાં કુટુંબવાળો હોય.

૧૫ દીર્ઘદષ્ટિ હોય.

૧૬ ધર્મ, અર્થ તથા કામમાર્ગને વિશેષને જાણનાર હોય.

૧૭ આપદાદાના માર્ગને અનુસરનાર હોય.

૧૮ વડીલોની મર્યાદા જાળવનાર હોય.

૧૯ કરેલા ઉપકારને જાણનાર હોય.

૨૦ પર જીવના હિતાર્થનો કરનાર હોય.

૨૧ સર્વ સારા કાર્યમાં સાવધાન હોય.

સમકિતવંત અને આવા ગુણજ્ઞ શ્રાવકોએ પ્રથમ તો પ્રથમ ગૃહસ્થને ઉપયોગી વિદ્યાનો સંગ્રહ કરવો જોઇએ તેમ જ પોતાની સંતતિ વિદ્વાન થાય અને તેની વૃત્તિ સ્વધર્મ તરફ વળે તેવા ઉપાયો અને તેવી યોજનાઓ યોજવી જોઇએ. કેમકે વિદ્યાવડે ગૃહસ્થ સર્વસ્વ મેળવી શકે છે અને નિપુણ બને છે. વાસ્તે વિદ્યારૂપ ખેડવડે બુદ્ધિરૂપ પૃથ્વીને અવશ્ય સુધારવી જોઇએ.

અથ શ્રી છ કાયનાં બોલ.

પ્રથમ છ કાયનાં નામ કહે છેઃ-

૧ પહેલે બોલે ઇંદીથાવરકાય, ૨ બંભીથાવરકાય, ૩ સપિથાવરકાય, ૪ સુમતિથાવરકાય, ૫ પયાવચથાવરકાય, ૬ જંગમકાય. હવે તેનાં ગોત્ર કહે છે-૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય, ૬ ત્રસકાય.

પૃથ્વીકાયના બે ભેદ-સૂક્ષ્મ ને બાદર સૂક્ષ્મ તે કોને કહીએ જે હણ્યાં હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ, તે આખા લોકમાં ભર્યા છે પણ આપણી નજરે આવે નહિ, તે તો ફક્ત જ્ઞાની જ જાણે અને દેખે, બાદર તે કોને કહીએ ? જે આપણી નજરે આવે અથવા ન આવે, હણ્યા હણાય, માર્યા મરે, બાળ્યા બળે, તેને બાદર કહીએ તેનાં નામ કહે છે-૧ પહેલે બોલે માટી ને મીઠાની જાત, ૨ ખડી ને ખારાની જાત, ૩ કાળમિંઢ મરડીઆ પાણા ને શિલાની જાત, ૪ હિંગળો ને હરતાલની જાત, ૫ ગેરૂ ને ગોપીચંદનની જાત, ૬ રત્ન પરવાળાની જાત, ૭ સોળ જાતના રત્ન આદિ લઇને તેંતાળીસ જાતની પૃથ્વીકાય છે તેના એક કકડામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. જુવાર તથા પીલું જેટલી પૃથ્વીકાય લઇએ, તેમાંથી એકેકો જીવ નીકળીને પારેવાં જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. તેના કુળ બાર લાખ ક્રોડ છે, તેનું આઉખું જઘન્ય અંતમુહુર્તનું, ઉત્કૃષ્ટું બાવીસ હજાર વર્ષનું છે. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંત સુખ પામીએ.

(૨) અપકાય તે પાણી-તેના બે ભેદ-સૂક્ષ્મ ને બાદર, સૂક્ષ્મ તે કોને કહીએ ? હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ, તે આખા લોકમાં ભર્યા છે પણ આપણી નજરે આવે નહિ, તેને સૂક્ષ્મ કહીએ.

હવે બાદર પાણીનાં નામ કહે છે-પહેલે બોલે વરસાદ ને કરાનાં પાણી, ૨ ઝાકળ ને ધુમસનાં પાણી, ૩ કૂવા, નદી ને તળાવનાં પાણી, ૪ દરિયા ને ઝરણનાં પાણી, ૫ ખારાં ખાટાં પાણી, ૬ મીઠાં મોળાં પાણીએ આદિ લઇને ઘણી જાતનાં પાણી છે. તેના એક બિંદુમાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે, તેમાંથી એકકો જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. તેના કુળ સાત લાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતમુહુર્તનું ઉત્કૃષ્ટું સાત હજાર વર્ષનું. તેની દયા પાળીએ તો મોક્ષના અનંતા સુખ પામીએ.

(૩) તેઉકાય તે અગ્નિ-તેના ભેદ- સૂક્ષ્મ ને બાદર સૂક્ષ્મ તે કોને કહીએ ? હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ, તે આખા લોકમાં ભર્યા છે પણ આપણી નજરે આવે નહિ, તેને સૂક્ષ્મ કહીએ.

હવે બાદર અગ્નિનાં નામ કહે છે-૧ પહેલે બોલે ચૂલા ને ભઠ્ઠીની અગ્નિ, ૨ ધૂમાડી ને તાપણીની અગ્નિ, ૩ ચકમક ને વીજળીની અગ્નિ, ૪ દીવા ને ઉમાડાની અગ્નિ, ૫ ધગધગતાં લોઢાં ને અરણીની અગ્નિ, ૬ દાવાનળની અગ્નિ, ૭ નીંભાડાની અગ્નિ, એ આદિ લઈને ઘણી જાતની અગ્નિ છે. તેના એક તણખામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેમાંથી એકેકો જીવ નીકળીને ખસખસના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. તેનાં કુળ ત્રણ લાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું ઉત્કૃષ્ટું ત્રણ અહોરાત્રિનું તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ,

(૪) વાઉકાય તે વાયરો–તેના બે ભેદ–સૂક્ષ્મ ને બાદર, સૂક્ષ્મ તે કોને કહીએ ? હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ. તે આખા લોકમાં ભર્યા છે પણ આપણી નજરે આવે નહિ, તેને સૂક્ષ્મ કહીએ.

હવે બાદર વાયરાનાં નામ કહે છે-૧ પહેલે બોલે ઉગમણો ને આથમણો વા. ૨ ઉત્તર ને દક્ષિણનો વા, ૩ ઉંચો નીચો ને તિર્છો વા, ૪ વંટોળીઓ ને મંડળીઓ વા, ૫ ગુંજ વા ને સૂધ વા એ આદિ લઈને ઘણી જાતનો વાયરો થાય છે. તે વાયરો શા થકી હણાય છે ? ઉઘાડે મોઢે બોલવાથી, ૨ ઝાપટ નાંખવાથી, ૩ સૂપડે સોવાથી, ૪ ઝાટકવાથી, ૫ કાંતવાથી, ૬ વિંજવાથી, ૭ તાલોટા વગાડવાથી, ૮ વિંઝણે વિંઝવાથી, ૯ હીંચોળે હીંચકવાથી, એ આદિ લઈને ઘણી જાતના શસ્ત્રે કરી હણાય છે. એકવાર ઉઘાડે મોઢે બોલવાથી વાયરાના અસંખ્યાતા જીવ હણાય છે, તેમાંથી એકેકો જીવ નીકળીને વડના બીજ જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. તેનાં કુળ સાત લાખ ક્રોડ છે તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું; ઉત્કૃષ્ટું ત્રણ હજાર વર્ષનું. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

(૫) વનસ્પતિકાયના બે ભેદ–સૂક્ષ્મ ને બાદર. સૂક્ષ્મ તે કોને કહીએ ? હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ, તે આખા લોકમાં ભર્યા છે પણ આપણી નજરે આવે નહિ તેને સૂક્ષ્મ કહીએ.

હવે બાદર વનસ્પતિના બે ભેદ-પ્રત્યેક ને સાધારણ. પ્રત્યેક કોને કહીએ ? શરીરે શરીરે એકેકો જીવ હોય તેને પ્રત્યેક કહીએ અને એક શરીરે અનંતા જીવ હોય તેને સાધારણ કહીએ. હવે પ્રત્યેકનાં નામ કહે છે-૧ પહેલે બોલે વૃક્ષ ને વેલાની જાત, ૨ રીંગણી તળસી ને ગુલમની જાત, ૩ એરડા આકડા ધતુરાની જાત, ૪ દાડમ સેલડી ને કેળાંની જાત, ૫ ધ્રો કેવડો દાભડો ને તરણાંની જાત, ૬ ફૂલ કમળ ને નાગરવેલની જાત, ૭ બોરડી કેરડો ને કસેલાંની જાત. ૮ જુવાર, બાજરો, મઠ મકાઈની જાત, ૯ તાંદળજો, સુવા, મોધરી, વાલોર ફળીની જાત, એ આદિ લઈ ને ઘણી જાતની પ્રત્યેક વનસ્પતિ છે. તેમાં ભગવાને ત્રણ પ્રકારના જીવ કહ્યા છે સંખ્યાતા અસંખ્યાતા અને અનંતા. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ–પામીએ.

હવે સાધારણ વનસ્પતિનાં નામ કહે છે-૧ પહેલે બોલે લીલફુગ સેવાળની જાત, ૨ ગાજર ને મૂળાની જાત, ૩ ડુંગળીને લસણની જાત, ૪ આદુ ને ગરમરની જાત, ૫ રતાળુ ને પીંડાળુની જાત, ૬ કંટાલો થોર, ખરસાણી, કુંવાર ને શેલરાંની જાત, ૭ મોથ ને

લુણીની જાત, ૮ ઉગતા અંકુશ અને કુણી કાકડીની જાત એ આદિ લઈને ઘણી જાતની સાધારણ વનસ્પતિ છે એક કંદમૂળના કકડામાં શ્રી ભગવંતે અનંતા જીવ કહ્યા છે તેનાં કુળ અઠ્ઠાવીસ લાખ ક્રોડ છે, પ્રત્યેક વનસ્પતિનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટું દશ હજાર વર્ષનું અને સાધારણનું જ. ઉ. અંતર્મુહૂર્તનું તેની દયા પાળીએ તો મોક્ષના અનંતા સુખ પામીએ.

(૬) ત્રસકાય તેના ચાર ભેદ–૧ બેઇંદ્રિય, ૨ તેઇંદ્રિય, ૩, ચોરિંદ્રિય, ૪ પંચેદ્રિય.

(૧) બે ઇંદ્રિયના બે ભેદ–અપર્યાપ્તા અને પર્યાપ્તા બે ઇંદ્રિય તે કોને કહીએ ? જેને કાયા અને જીભ હોય તેને બેઇંદ્રિય કહીએ, તેના નામ કહે છે–૧ જળો, ૨ કીડા ૩ પોરા, ૪ કરમીઆ, ૫ સરમીયા, ૬ મામણમુંડા, ૭ અળસીયા, ૮ વાતરાં ૯ શંખ, ૧૦ છીપ, ૧૧ કોડાં, ૧૨ ઇયળ એ આદિ લઈને ઘણી જાતના બેઇંદ્રિય જીવ છે, તેના કુળ સાત લાખ ક્રોડ છે, તેનું આઉખું જઘન્ય અંતમુહુર્તનું, ઉત્કૃષ્ટું બાર વર્ષનું દયા પાળીએ તો મોક્ષના અનંતા સુખી પામીએ.

(૨) તે ઇંદ્રિયના બે ભેદ–અપર્યાપ્તા અને પર્યાપ્તા તેઇંદ્રિય તે કોને કહીએ ? જેને કાયા મુખ અને નાસિકા હોય તેને તેઇંદ્રિય કહીએ, તેનાં નામ કહે છે–૧ જૂ, ૨ લીંખ, ૩ ચાંચડ. ૪ માંકડ, ૫ કીડી, ૬ કંથવા, ૭ માટલા, ૮ ધનેડાં, ૯ જુવા, ૧૦ ઇતડી, ૧૧ ગીંગોડા, ૧૨ ધીમેલ, ૧૩ ગધૈયાં, ૧૪ કાનખજુરા, ૧૫ મંકોડા, ૧૬ ઉદ્ધાઇ, ૧૭ શવા, એ આદિ લઈને ઘણી જાતના તેઇંદ્રિય જીવ છે, તેમાં કુળ આઠ લાખ ક્રોડ છે આઉખું જઘન્ય અંતમુહુર્તનું ઉત્કૃષ્ટું ઓગણપચાસ દિવસનું. તેની દયા પાળીએ તો મોક્ષના અનંતા સુખ પામીએ.

(૩) ચૌરેંદ્રિયના બે ભેદ–અપર્યાપ્તા અને પર્યાપ્તા. ચૌરેંદ્રિય તે કોને કહીએ ? જેને કાયા મુખ, નાસિકા અને આંખ હોય તેને ચૌરેંદ્રિય કહીએ. તેનાં નામ કહે છે–૧ માખી, ૨ મસલાં, ૩ ડાંસ, ૪ મચ્છર, ૫ ભમરા, ૬ તીડ, ૭ પતંગ, ૮ કરોડીઆ, ૯ કંસારી, ૧૦ ખડમાંકડી, ૧૧ ધુડિયાં, ૧૨ વીંછી, ૧૩ બગા, ૧૪ કુદાં, એ આદિ લઈને ઘણી જાતનાં ચૌરેંદ્રિય જીવ છે તેનાં કુળ નવ લાખ ક્રોડ છે, તેનુ આઉખું જઘન્ય અંતમુહૂર્તનું. ઉત્કૃષ્ટું છ માસનું તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ

(૪) પંચેદ્રિયના બે ભેદ–અપર્યાપ્તા અને પર્યાપ્તા, પંચેદ્રિય તે કોને કહીએ ? જેને કાયા, મુખ નાસિકા, આંખ અને કાન એ પાંચ ઇંદ્રિય હોય તેને પંચેદ્રિય કહીએ. પંચેદ્રિયની ચાર જાત. ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય અને દેવતા.

તેમાં ૧૪ ભેદ નારકીના ૪૮ ભેદ તિર્યંચના, ૩૦૩ ભેદ મનુષ્યના અને ૧૯૮ ભેદ દેવતાના, કુલ મળી ૫૬૩ ભેદ થયા.

દેવતાના ચાર ભેદ–૧ ભવનપતિ, ૨ વાણવ્યંતર, ૩ જ્યોતિષી, ૪ વૈમાનિક મનુષ્યના ચાર ભેદ–૧ પંદર કર્મભુમિના મનુષ્ય, ૨ ત્રીસ અકર્મભુમિના મનુષ્ય, ૩ છપ્પન અંતરદ્વીપના મનુષ્ય, ૪ ચૌદ સ્થાનકનાં સમૂર્છિમ નારકી ને દેવતાની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની ઉત્કૃષ્ટી તેત્રીશ સાગરોપમની; તિર્યંચ ને મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતમુહુર્તની ઉત્કૃષ્ટી ત્રણ પલ્યની તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

ઇતિશ્રી છ કાયના બોલ સમાપ્ત.

અથ શ્રી નવ તત્ત્વ

વિવેકી સમદૃષ્ટિ જીવોએ નવ પદાર્થ જેવા છે તેવા તથારૂપ બુદ્ધિ પ્રમાણે ગુરુ આમ્યાનથી ધારવા તે નવ તત્ત્વના નામ કહે છે.

૧. જીવતત્ત્વ, ૨. અજીવતત્ત્વ, ૩. પુણ્યતત્ત્વ ૪. પાપતત્ત્વ, ૫. આશ્રવતત્ત્વ ૬. સંવરતત્ત્વ, ૭, નિર્જરાતત્ત્વ, બંધતત્ત્વ, ૯ મોક્ષતત્ત્વ.

વ્યવહારનયે કરી જે શુભાશુભ કર્મોનો કર્તા હર્તા તથા ભોક્તા છે અને નિશ્ચય નયે કરી જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ નિજગુણોનો જે કર્તા તથા ભોક્તા છે અથવા દુઃખ સુખ જ્ઞાનોપયોગ લક્ષણવંત ચેતના સહિત હોય તથા પ્રાણ ધારણ કરે તેને પ્રથમ **જીવતત્ત્વ** કહીએ, તેથી વિપરીત જે ચેતનારહિત, જડસ્વભાવવાળો હોય તેને બીજું **અજીવતત્ત્વ** કહીએ, જેણે કરી શુભ કર્મના પુણ્યનો સંચય થવાથી સુખનો અનુભવ થાય છે તેને ત્રીજું **પુણ્યતત્ત્વ** કહીએ; તેથી વિપરીત જેણે કરી અશુભ કર્મના પાપનો સંચય થવાથી દુઃખનો અનુભવ થાય છે તેને ચોથું **પાપતત્ત્વ** કહીએ; જેણે કરી નવાં કર્મ બંધાય છે. શુભાશુભ કર્મોપાદાન હેતુ હિંસાદિક તેને પાંચમું **આશ્રવતત્ત્વ** કહીએ; જેણે કરી આવતાં કર્મ રોકાય અર્થાત્ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ તેણે કરી જે આશ્રવનું રૂંધન કરવું તેને છઠ્ઠું **સંવરતત્ત્વ** કહીએ. જેણે કરી આત્મપ્રદેશમાંથી દેશથકી કર્મ જુદાં થાય છે. અથવા પૂર્વે કરેલાં કર્મો જે ક્ષય થાય છે એટલે તપ પ્રમુખે કરી કર્મનું નિર્જરવું થાય છે તેને સાતમું **નિર્જરાતત્ત્વ** કહીએ; જે નવાં કર્મોનું ગ્રહણ કરીને તેની સાથે જીવનું બંધન થવું. ક્ષીર નીરની પેઠે મળી જવું તેને આઠમું **બંધતત્ત્વ** કહીએ; અને જે આત્મપ્રદેશથકી સર્વથા કર્મોનો ક્ષય થવો તેને નવમું **મોક્ષતત્ત્વ** કહીએ; જે નવ તત્ત્વરૂપ વસ્તુનું યથાસ્થિત સ્વરૂપ જે પ્રમાણે સિદ્ધાંતોને વિષે કહ્યું છે તેમજ સમ્યગ્દૃષ્ટિ જીવોને એ નવતત્ત્વ તે "જ્ઞ" પરિજ્ઞાએ કરી જાણવા યોગ્ય છે અને કેટલાએક પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ કરી છાંડવા યોગ્ય છે.

એ નવતત્ત્વ માંહેલા જીવ અને અજીવ એ બે તત્ત્વ માત્ર જાણવા યોગ્ય છે; પુણ્ય, સંવર નિર્જરા અને મોક્ષ એ ચાર તત્ત્વ ગ્રહણ કરવા યોગ્ય છે; પરંતુ એમાંનું પુણ્યતત્ત્વ વ્યવહારનયે કરી શ્રાવકને ગ્રહણ કરવું યોગ્ય છે; અને નિશ્ચયનયે ત્યાગ કરવું એ યોગ્ય છે, તેમજમુનિને ઉત્સર્ગે ત્યાગ કરવું યોગ્ય છે અને અપવાદે ગ્રહણ કરવું યોગ્ય છે તથા પાપ, આશ્રવ અને બંધ એ ત્રણ તત્ત્વ તો સર્વથા સર્વને ત્યાગ કરવા યોગ્ય જ છે.

એ નવતત્ત્વનાં નામ કહ્યાં અન્યથી સંક્ષેપથી તો જીવ અજીવ એ બે તત્ત્વ જ શ્રી ઠાણાંગમાંહે કહ્યાં છે. કેમકે જીવને પુણ્ય તથા પાપનો સંભવ છે તથા કર્મનો બંધ પણ તાદાત્મિક છે અને કર્મ જે છે તે પુદ્ગલ પરિણામ છે અને પુદ્ગલ તે અજીવ છે તથા આશ્રવ જે છે તે પણ મિથ્યા દર્શનારૂપ ઉપાધિએ કરી જીવનો મલિન સ્વભાવ છે એ

પણ આત્માના પ્રદેશ અને પુદ્ગલ વિના બીજો કોઇ નથી તથા સંવર જે છે તે પણ આશ્રવ નિરોધ લક્ષણ દેશ સર્વ ભેદ આત્માનો નિવૃત્તિરૂપ સ્વભાવ પરિણામ જ્ઞાનાત્મક છે તથા નિર્જરા જે છે તે પણ જીવ અને કર્મને પૃથક ઉપજાવવાને કારણે દધિ મંથન ન્યાયે કરી કર્મનો પરિપાક છે તથા સર્વ શક્તિએ કરી સકલ કર્મ દુઃખનો ક્ષય નવનીત-ગત દુગ્ધ જલ નિર્મળ ઘૃત પ્રગટરૂપ દ્રષ્ટાંતે ચિદાનંદમય આત્માનું પ્રગટ થાવું તે મોક્ષ તત્ત્વ છે. તે માટે જીવ અને અજીવ એ બે તત્ત્વ જ કહીએ તથા અન્યત્ર મતાંતરે સાત તત્ત્વ પણ છે કેમકે પુણ્ય અને પાપ એ તત્ત્વનો અંતર્ભાવ બંધતત્ત્વમાંહે થાય છે. કારણ જે શુભ પ્રકૃતિકર્મબંધ તે પુણ્ય અને અશુભ પ્રકૃતિકર્મ બંધ તે પાપતત્ત્વ છે. માટે પૂણ્ય પાપ રહિત સાત તત્ત્વ કહીએ. તેમજ વળી પાંચ તત્ત્વ પણ કહ્યાં છે. ઈત્યાદિક વિસ્તાર ઘણો વિશેષાવશ્યક તથા તત્ત્વાર્થ અને લોક પ્રકાશાદિ ગ્રંથો થકી જાણવો,

નવ તત્ત્વના રૂપી અરૂપી ભેદોની સંખ્યાનો તથા હેય જ્ઞેયાદિ યંત્ર નીચે પ્રમાણેઃ—

અંક	નામ	રૂપી ભેદ	અરૂપી ભેદ	હેય જ્ઞેયાદિ
૧	જીવ	૧૪	સિદ્ધ	જ્ઞેય
૨	અજીવ	૪	૧૦	જ્ઞેય
૩	પુણ્ય	૪૨	૦	ઉપાદેય હેય
૪	પાપ	૮૨	૦	હેય
૫	આશ્રવ	૪૨	૦	હેય
૬	સંવર	૦	૫૭	ઉપાદેય
૭	નિર્જરા	૦	૧૨	ઉપાદેય
૮	બંધ	૪	૧	હેય
૯	મોક્ષ	૦	૯	ઉપાદેય

૧. જીવ તત્ત્વ

ચૈતન્ય લક્ષણ * સદા સહઉપયોગી, અસંખ્યાત પ્રદેશી, સુખ દુઃખનો જાણ, સુખ દુઃખનો પાક વેદક, અરૂપી હોય તેને જીવ તત્ત્વ કહીએ.

* જેમ ગોળનો ગુણ મીઠાશ તેમ જીવનો ગુણ ચૈતન્ય. જેમ ગોળ અને મીઠાશ એક તેમ જીવ અને ચૈતન્ય એક.

જીવના ભેદો વિસ્તારથી કહે છે.

જીવનો એક ભેદ છે, સકળ જીવોનું ચૈતન્ય લક્ષણ એકજ પ્રકારે છે તે માટે સંગ્રહનયે કરીને એક ભેદે જીવ કહીએ, બે પ્રકારે પણ જીવ કહીએ. ૧ ત્રસ ને ૨ સ્થાવર તથા ૧ સિદ્ધ અને ૨ સંસારી, ત્રણ પ્રકારે જીવ. ૧ સ્ત્રી વેદ, ૨ પુરુષ વેદ ને ૩ નપુંસક વેદ તથા ૧ ભવ સિદ્ધિયા, ૨ અભવ સિદ્ધિયા, ૩ નોભવ સિદ્ધિયા, નો અભવ સિદ્ધિયા, ચાર પ્રકારે જીવ ૧ નારકી, ૨ તિર્યંચ; ૩ મનુષ્ય ને, ૪ દેવતા તથા ૧ ચક્ષુદર્શની, ૨ અચક્ષુદર્શની, ૩ અવધિદર્શની, ૪ કેવળદર્શની પાંચ પ્રકારે જીવ. ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચૌરેંદ્રિય, ૫ પંચેંદ્રિય તથા ૧ સજોગી, ૨ મન જોગી, ૩ વચન જોગી, ૪ કાય જોગી; ૫ અજોગી છ, પ્રકારે જીવ, ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય, ૬ ત્રસકાય, તથા ૧ સકષાયી, ૨ ક્રોધ કષાયી, ૩ માન કષાયી, ૪ માયા કષાયી, ૫ લોભ કષાયી, ૬ અકષાયી, સાત પ્રકારે જીવ ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ તિર્યંચણી. ૪ મનુષ્ય, મનુષ્યણી, ૬ દેવતા, ૭ દેવી આઠ પ્રકારે જીવ, ૧ સલેશી, ૨ કૃષ્ણલેશી, ૩ નીલલેશી, ૪, કાપોતલેશી, ૫ તેજુલેશી, ૬ પદ્મલેશી, ૭ શુક્લલેશી, ૮ અલેશી. નવ પ્રકારે જીવ, ૧ પૃથ્વી, ૨ અપ, ૩ તેઉ, ૪ વાઉ, ૫ વનસ્પતિ, ૬ બેઇંદ્રિય, ૭ તેઇંદ્રિય, ૮ ચૌરેંદ્રિય, ૯ પંચેંદ્રિય, દશ ભેદે જીવ, ૧ એકેંદ્રિય, બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચૌરેંદ્રિય, ૫ પંચેંદ્રિય, એ પાંચના અપર્યાપ્તા અને અને પર્યાપ્તા મળી દશ થયા. અગ્યાર ભેદે જીવ ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય ૪ ચૌરેંદ્રિય, ૫ નારકી, ૬ તિર્યંચ, ૭ મનુષ્ય, ૮ ભવનપતિ, ૯ વાણુવ્યંતર, ૧૦ જ્યોતિષી, ૧૧ વૈમાનિક. બાર ભેદે જીવ. ૧ પૃથ્વી, ૨ અપ, ૩ તેઉ, ૪ વાઉ, ૫ વનસ્પતિ, ત્રસકાય, એ છના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી બાર થયા. તેર ભેદે જીવ ૧ કૃષ્ણલેશી, ૨ નીલલેશી, ૩ કાપોતલેશી, ૪ તેજુલેશી, ૫ પદ્મલેશી, ૬ શુક્લલેશી, એ છના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી બાર ને એક અલેશી મળી કુલ તેર થયા.

જીવના ચૌદ ભેદ કહે છે- ૧ સૂક્ષ્મ એકેંદ્રિયનો અપર્યાપ્તો, ૨ સૂક્ષ્મ એકેંદ્રિયનો પર્યાપ્તો, ૩ બાદર એકેંદ્રિયનો અપર્યાપ્તો, ૪ બાદર એકેંદ્રિયનો પર્યાપ્તો, ૫ બેઇંદ્રિયનો અપર્યાપ્તો, ૬ બેઇંદ્રિયનો પર્યાપ્તો, ૭ તેઇંદ્રિયનો અપર્યાપ્તો, ૮ તેઇંદ્રિયનો પર્યાપ્તો, ૯ ચૌરેંદ્રિયનો અપર્યાપ્તો, ૧૦ ચૌરેંદ્રિયનો પર્યાપ્તો, ૧૧ અસંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો, ૧૨ અસંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તો, ૧૩ સંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો, ૧૪ સંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તો એ ચૌદ ભેદ જીવના કહ્યા.

વ્યવહાર વિસ્તાર નયે કરીને પાંચસેં ત્રેસઠ ભેદ જીવના કહે છે-તેમાં ત્રણસેં ને ત્રણ ભેદ મનુષ્યના; એકસો અઠાણું ભેદ દેવતાના, અડતાલીશ ભેદ તિર્યંચના, ચૌદ ભેદ નારકીના એમ ૫૬૩ ભેદ થયા.

મનુષ્યના ૩૦૩ ભેદ કહે છે-૧૫ કર્મભૂમિનાં મનુષ્ય, ૩૦ અકર્મભૂમિનાં મનુષ્ય, ૫૬ અંતરદ્વીપનાં મનુષ્ય એમ ૧૦૧ થયા, તે ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા ને પર્યાપ્તા એમ ૨૦૨ અને ૧૦૧ ક્ષેત્રના સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા એ સર્વ મળી કુલ ૩૦૩ ભેદ મનુષ્યના થયા.

કર્મભૂમિ તે કોને કહીએ ?-૧ અસિ, ૨ મસી, ૩ કૃષિ, એ ત્રણ પ્રકારના વેપારે કરી જીવે તે. તે કર્મભૂમિનાં ક્ષેત્ર કેટલાં અને ક્યાં છે તે કહે છે- ૫ ભરત, ૫ ઇરવત અને ૫- મહાવિદેહ એ ૧૫. તે એક લાખ જોજનનો જંબૂદ્વીપ છે તેમાં ૧ ભરત, ૧ ઇરવત, ૧ મહાવિદેહ એ ત્રણ ક્ષેત્ર કર્મભૂમિનાં જંબુદ્વીપમાં છે. તેને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે, તેને ફરતો ચાર લાખ જોજનનો ધાતકીખંડ દ્વીપ છે, તેમાં ૨ ભરત. ૨ ઇરવત, ૨ મહાવિદેહ છે. તેને ફરતો આઠ લાખ જોજનનો કાળોદધિ સમુદ્ર છે, તેને ફરતો આઠ લાખ જોજનનો અર્ધપુષ્કર દ્વીપ છે, તેમાં ૨ ભરત, ૨ ઇરવત, ૨ મહાવિદેહ છે. એમ સઘળાં મળીને પંદર કર્મભૂમિનાં મનુષ્ય કહ્યાં.

હવે અકર્મભૂમિ તે કોને કહીએ ? ત્રણ કર્મરહિત દશ પ્રકારનાં કલ્પવૃક્ષે કરી જીવે તે કેટલાં અને ક્યાં છે, તે કહે છે. ૫ હેમવય, ૫ હિરણ્યવય, ૫ હરિવાસ, ૫ રમ્યકવાસ, ૫ દેવકુરૂ, ૫ ઉત્તરકુરૂ એ ત્રીશ અકર્મભૂમિનાં નામ કહ્યાં. ૧ હેમવય, ૧ હિરણ્યવય, ૧ હરિવાસ. ૧ રમ્યકવાસ, ૧ દેવકુરૂ, ૧ ઉત્તરકુરૂ, એ છ ક્ષેત્ર જંબૂદ્વીપમાં છે. ૨ હેમવય, ૨ હિરણ્યવય, ૨ હરિવાસ, ૨ રમ્યકવાસ, ૨ દેવકુરૂ, ૨ ઉત્તરકુરૂ એ બાર ક્ષેત્ર ધાતકીખંડમાં છે, ૨ હેમવય, ૨ હિરણ્યવય, ૨ હરિવાસ, ૨ રમ્યકવાસ, ૨ દેવકુરૂ, ૨ ઉત્તરકુરૂ, એ બાર અર્ધપુષ્કર દ્વીપમાં છે, એ સઘળાં મળી કુલ ૩૦ અકર્મભૂમિનાં મનુષ્ય કહ્યાં.

છપ્પન ભેદ અંતરદ્વીપનાં મનુષ્ય કહે છે.

જંબુદ્વીપનાં ભરતક્ષેત્રની મર્યાદાનો કરણહાર ચૂલહિમવંત નામે પર્વત છે તે સોના જેવો પીળો છે, સો જોજનનો ઊંચો છે, સો ગાઉનો ઊંડો છે, એક હજાર બાવન જોજન ને બાર કળાનો પહોળો છે. ચોવીશ હજાર નવસેં બત્રીશ જોજનનો લાંબો છે, તેને પૂર્વ પશ્ચિમને છેડે બબે દાઢા નીકળી છે. એકેકી દાઢા ચોરાસીસેં ચોરાસીસેં જોજનની ઝાઝેરી લાંબી છે. એકેકી દાઢા ઉપર સાત અંતરદ્વીપ છે. તે અંતરદ્વીપ કયાં છે તે કહે છે.

--જગતીના કોટથકી ત્રણસેં જોજન લવણસમુદ્રમાં જઇએ તે વારે પહેલો અંતરદ્વીપ આવે. તે ૩૦૦ જોજનનો લાંબો પહોળો છે. ત્યાંથી ચારસેં જોજન જઇએ તેવારે બીજો અંતરદ્વિપ આવે, તે ૪૦૦ જોજનનો લાંબો ને પહોળો છે ત્યાંથી પાંચસે જોજન જઇએ તેવારે ત્રીજો અંતરદ્વીપ આવે, તે ૫૦૦ જોજનનો લાંબો ને પહોળો છે ત્યાંથી છસેં જોજન જઇએ તે વારે ચોથો અંતરદ્વીપ આવે, તે ૬૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી સાતસેં જોજન જઇએ તેવારે પાંચમો અંતરદ્વીપ આવે, તે ૭૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી આઠસેં જોજન જઇએ તેવારે છઠ્ઠો અંતરદ્વીપ આવે, તે ૮૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી નવસેં જોજન જઇએ તેવારે સાતમો અંતરદ્વીપ આવે તે ૯૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. એમ એકેક દાઢા ઉપર સાત સાત અંતરદ્વીપ જાણવા.

આવી જ રીતે ઇરવત ક્ષેત્રની મર્યાદાનો કરણહાર શિખરી નામે પર્વત છે, ચુલહિમવંત સરખો જ જાણવો. ત્યાં પણ ૨૮ અંતરદ્વીપ છે એમ સઘળા મળી કુલ ૫૬ અંતરદ્વીપ જાણવા તેને અંતરદ્વીપનાં મનુષ્ય શા માટે કહીએ ? હેઠળ સમુદ્ર છે અને ઉપર-અધર દાઢામાં દ્વીપોમાં રહેનારાં છે માટે અંતરદ્વીપના મનુષ્ય કહીએ સુખ અકર્મભૂમિના જેવું.

એકસોને એક ક્ષેત્રનાં સંમૂચ્છિમ મનુષ્ય ચૌદ સ્થાનકમાં ઊપજે છે તે કહે છે.

૧ ઉચ્ચારેસુ કહેતાં વડીનીતમાં ઉપજે, ૨ પાસવણેસુ કહેતાં લઘુનીતમાં ઊપજે, ૩ ખેલેસુ કહેતાં બગખામાં ઊપજે, ૪ સિંઘાણેસુ કહેતાં, લીંટમાં ઉપજે ૫ વંતેસુ કહેતા વમનમાં ઊપજે ૬ પિત્તેસુ કહેતાં લીલા પીળા પીત્તમાં ઊપજે, ૭ પૂએસુ કહેતાં પરૂમાં ઊપજે, ૮ સોણિએસુ કહેતાં રૂધિરમાં ઊપજે, ૯ સુક્કેસુ કહેતાં વીર્યમાં ઊપજે; ૧૦ સુક્ક પોગલ પરિસાડિએસુ કહેતાં વીર્યાદિકનાં પુદ્ગળ સુકાણાં તે ફરી ભીનાં થાય તેમાં ઊપજે, ૧૧ વિગય જીવ કલેવરેસુ કહેતાં મનુષ્યના કલેવરમાં ઊપજે, ૧૨ ઇત્થીપુરિસ સંજોગેસુ કહેતાં સ્ત્રી પુરુષના સંજોગમાં ઊપજે, ૧૩ નગરનિધમણેસુ કહેતાં નગરની ખાળોમાં ઊપજે, ૧૪ સવ્વેસુ ચેવ અસુઈ ઠાણેસુ વા કહેતાં સર્વ મનુષ્ય સંબંધી અશુચિ સ્થાનકોમાં ઊપજે એ ચૌદ સ્થાનકનાં નામ કહ્યા તે ૧૦૧ ક્ષેત્રનાં સંમૂચ્છિંમ મનુષ્યના અપર્યાપ્તા છે એ સર્વે મળી કુલ ૩૦૩ ભેદ મનુષ્યના કહ્યા.

૧૯૮ ભેદ દેવતાના કહે છે.

દશ ભવનપતિનાં નામ-૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિજ્જુકુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વીપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશાકુમાર, ૯ પવનકુમાર, ૧૦ થણીતકુમાર.

પંદર પરમાધામીનાં નામ-૧ અંબ, ૨ અંબરિસ, ૩ સામ, ૪ સબલ, ૫ રૂદ્ર, ૬ વૈરૂદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯- અસિપત્ર ૧૦ ધનુષ્ય, ૧૧ કુંભ, ૧૨ વાલુ, ૧૩ વેતરણી, ૧૪ ખરસ્વર, ૧૫ મહાઘોષ,

સોળ વાણવ્યંતરનાં નામ-૧ પિશાચ, ૨ ભુત, ૩ જક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરુષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ, ૯ આણુપન્ની, ૧૦ પાણુપન્ની, ૧૧ ઇસીવાઇ, ૧૨ ભુઇવાઇ, ૧૩ કદીય, ૧૪ મહાકંદીય, ૧૫ કોહંડ, ૧૬ પયંગદેવ.

દશ જાંભકાનાં નામ-૧ આણજાંભકા, ૨ પાણજાંભકા, ૩ લયણજાંભકા ૪ સયણજાંભકા, ૫ વત્થજાંભકા, ૭ ફળજાંભકા ૮ બીયજાંભકા, ૯ વિજ્જુજાંભકા. ૧૦ અવિયતજાંભકા.

દશ જ્યોતિષીનાં નામ-૧ ચંદ્ર, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર ૫ તારા, એ પાંચ ચર તે અઢી દ્વીપમાં છે ને એ જ નામના બીજા સ્થિર તે અઢી દ્વીપ બહાર છે એ મળી દશ.

ત્રણ કિલ્વિષીનાં નામ-૧ ત્રણ પલીયા, ૨ ત્રણ સાગરીયા, ૩ તેર સાગરીયા.

નવ લોકાંતિકનાં નામ-૧ સારસ્વત ૨ આદિત્ય, ૩ વિન્હિ, ૪ વરૂણ, ૫ ગર્દતોયા. ૬ તોષિયા, ૭ અવ્યાબાધા, ૮ અગિચ્ચા, ૯ રિઠા.

બાર દેવલોકનાં નામ-૧ સુધર્મા, ૨ ઈશાન, ૩ સનતકુમાર, ૪ માહેંદ્ર ૫ બ્રહ્મલોક, ૬ લંતક, ૭ મહાશુક્ર, ૮ સહસ્રાર, ૯ આણત, ૧૦ પ્રાણત, ૧૧ આરણ, ૧૨ અચ્યુત.

નવ ગ્રૈવેયકનાં નામ-૧ ભદ્દે ૨ સુભદ્દે, ૩ સુજાએ, ૪ સુમાણસે, ૫ પ્રિયદંસણે, ૬ સુદંસણે, ૭ આમોહે, ૮ સુપડિબુધ્ધે, ૯ જશોધરે.

પાંચ અનુત્તર વિમાનનાં નામ-૧ વિજય, ૨ વિજયંત. ૩ જયંત, ૪ અપરાજિત, ૫ સર્વાર્થસિદ્ધ.

સઘળા મળી ૯૯ જાતના દેવતા અપર્યાપ્તા ૯૯ જાતના પર્યાપ્તા કુલ મળી ૧૯૮ ભેદ દેવતાના કહ્યા.

૪૮ ભેદ તિર્યંચના કહે છે.

૧ પૃથ્વી, ૨ પાણી, ૩ તેઉ, ૪ વાઉ એ ચાર સૂક્ષ્મ ને ચાર બાદર એ આઠના અપર્યાપ્તાને પર્યાપ્તા મળી સોળ થાય. વનસ્પતિના ત્રણ ભેદ-૧ સૂક્ષ્મ, ૨ પ્રત્યેક ને ૩ સાધારણએ ત્રણના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી ૬ બધા મળી ૨૨ એકેંદ્રિના, ત્રણ વિકલેંદ્રિયના, ૧ બેઇંદ્રિય ૨ તેઇંદ્રિય, ૩ ચૌરિંદ્રિય એ ત્રણના અપર્યાપ્તા ને પર્યાપ્તા એ છ મળી ૨૮ થયા.

૧ જળચર, ૨ થળચર, ૩ ઉરપર, ૪ ભુજપર, ૫ ખેચર એ પાંચ સંમૂચ્છિંમ ને પાંચ ગર્ભજ એ મળી ૧૦ અપર્યાપ્તા ને ૧૦ પર્યાપ્તા એ મળી ૨૦, કુલ મળી ૪૮ ભેદ તિર્યંચના કહ્યા.

ચૌદ ભેદ નારકીના કહે છે.

સાત નરકનાં નામ-૧ ધમા, ૨ વંશા ૩ શિલા, ૪ અંજણા, ૫ રિઠા, ૬ મઘા, ૭ માઘવાઈ એ સાતનાં નામ કહ્યાં. હવે તેના ગોત્ર કહે છે-૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમસપ્રભા, ૭ તમસ્તમસપ્રભા એ સાતના અપર્યાપ્યા અને પર્યાપ્તા મળી ચૌદ ભેદ નારકીના કહ્યા.

નારકીનો વિસ્તાર કહે છે

૧. પહેલી નરકનો પિંડ એક લાખ એંસીહજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજન દળ નીચે મૂકીએ ને એક હજાર જોજન દળ ઉપર મૂકીએ તે વચ્ચે એક લાખ અઠયોતેર હજાર જોજનની પોલાણ છે તે પોલાણમાં ૧૩ પાથડા છે ને બાર આંતરાં છે. તે મધ્યે ત્રીસ લાખ નરકાવાસા છે. અસંખ્યાતી નારકીને ઉપજવાની કુંભીઓ છે ને અસંખ્યાતા નારકી છે. તેની નીચે ચાર બોલ છે. (૧) ૨૦૦૦૦ જોજનનો ઘનોદધિ (૨) અસંખ્યાતા જોજનનો ઘનવા છે. (૩) અસંખ્યાતા જોજનનો તનવા છે. (૪) અસંખ્યાતા જોજનનો આકાશ છે. એ ચાર બોલ થયા. તેની નીચે બીજી નરક છે.

બીજી નરકનો પિંડ-એક લાખ બત્રીશ હજાર જોજનનો છે તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજન દળ નીચે મૂકીએ તે વચ્ચે એક લાખ ત્રીશ હજાર જોજનની પોલાણ છે તે પોલાણમાં ૧૧ પાથડા અને ૧૦ આંતરાં છે; તે મધ્યે પચીશ લાખ નરકાવાસા છે. અસંખ્યાતી નારકીને ઉપજવાની કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તે નીચે પહેલી નરકમાં કહ્યા તે જ ચાર બોલ છે, તેની નીચે ત્રીજી નરક છે.

ત્રીજી નરકનો પિંડ-એક લાખ અઠ્ઠાવીશ હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજન દળ નીચે મૂકીએ તે વચ્ચે એક લાખ છવીશ હજાર જોજનની પોલાણ છે તે પોલાણમાં ૯ પાથડા છે ને ૮ આંતરાં છે તે મધ્યે પંદર

લાખ નરકાવાસા છે, નારકીને ઊપજવાની અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે, તેની નીચે ચોથી નરક છે.

ચોથી નરકનો પિંડ-એક લાખ વીશ હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજન દળ નીચે મૂકીએ તે વચ્ચે એક લાખ અઢાર હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં ૭ પાથડા છે ને ૬ આંતરાં છે તે મધ્યે દશ લાખ નરકાસા છે, તે નારકીને ઊપજવાની અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે પાંચમી નરક છે.

પાંચમી નરકનો પિંડ-એક લાખ અઢાર હજાર જોજનનો છે, તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજન દળ નીચે મૂકીએ. તે વચ્ચે એક લાખ સોળ હજાર જોજનની પોલાણ છે તે પોલાણમાં ૫ પાથડા છે ને ૪ આંતરાં છે તેમાં ત્રણ નરકાવાસા છે. અસંખ્યાતીઓ કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તેની નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે છઠ્ઠી નરક છે.

છઠ્ઠી નરકનો પિંડ-એક લાખ સોળ હજાર જોજનનો છે તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજન દળ નીચે મુકીએ તે વચ્ચે એક લાખ ચૌદ હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં ૩ પાથડા છે ને ૨ આંતરા છે. તેમાં એક લાખમાં પાંચ ઓછા નરકાવાસા છે. અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે સાતમી નરક છે.

સાતમી નરકનો પિંડ-એક લાખ આઠ હજાર જોજનનો છે. તેમાંથી સાડી બાવન હજાર જોજન દળ ઉપર મૂકીએ ને સાડી બાવન હજાર જોજન દળ નીચે મૂકીએ તે વચ્ચે ત્રણ હજાર જોજનની પોલાણ છે તે પોલાણમાં પાંચ નરકાવાસ અસંખ્યાતી કુંભીઓ છે ને અસંખ્યાતા નારકી છે એ નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે અનંતો અલોક છે. એ નારકીનો વિસ્તાર સંપૂર્ણ થયો.

જીવનું લક્ષણ કહે છે.

જ્ઞાન તે મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાન, સમ્યકત્વ આશ્રયીને કહ્યાં છે. એની સાથે મતિઅજ્ઞાન. શ્રુતઅજ્ઞાન તથા વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન મિથ્યાત્વઆશ્રી છે, તે લેતાં આઠની સંખ્યા થાય છે એમાંનું ગમે તે એક અથવા અધિક જ્ઞાન જેમાં હોય, વળી દર્શન તે ચક્ષુ, અચક્ષુ, અવધિ તથા કેવલ, એ ચાર પ્રકારનાં દર્શનમાંનું ગમે તે એક અથવા અધિક દર્શન જેમાં હોય તથા ચારિત્ર તે સામાયિક, છેદોપસ્થાપનીય. પરિહાર વિશુદ્ધ, સુક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ તથા અવિરતિ એ સાત પ્રકારનાં હિંસાદિક અશુભ પરિણામથી નિવૃત્તિ તથા વ્યવહારથી ક્રિયાનિરોધરૂપ ચારિત્રમાંનું ગમે તે એક અથવા અધિક ચારિત્ર હોય તથા તપ બે પ્રકારનું કહ્યું છે, એક દ્રવ્યથી, એના બાર ભેદ છે. તેનાં નામ નિર્જરા તત્ત્વમાં કહેવાશે. ઇચ્છાનિરોધરૂપ ભાવથી, એમાંનું ગમે તે એક અથવા અધિક તપ જેમાં હોય, તેમજ કરણ તથા લબ્ધિરૂપ અથવા બળપરાક્રમરૂપ એ બે પ્રકારનાં વીર્યમાંનું ગમે તે એક અથવા વધારે જેમાં હોય તથા ઉપયોગ તે પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન તથા ચાર દર્શન એ બાર પ્રકારના સાકાર તથા

નિરાકાર ૪ ઉપયોગમાંનો ગમે તે એક અથવા વધારે ઉપયોગ જેમાં હોય, તેને સંસારી અથવા સિદ્ધ જીવ કહીએ. એ ગુણ, જીવ વિના બીજા કોઈમાં હોય નહિ, એ પ્રકારે જીવનું લક્ષણ જાણવું. ઇતિ જીવતત્ત્વ,

૨. અજીવતત્ત્વ

જડ લક્ષણ ચૈતન્ય રહિત તેને અજીવતત્વ કહીએ

હવે અજીવતત્ત્વના ચૌદ ભેદ કહે છે. ૧ ધર્માસ્તિકાયનો સ્કંધ, ૨ દેશ ૩ પ્રદેશ. ૪ અધર્માસ્તિકાયનો સ્કંધ, ૫ દેશ, ૬ પ્રદેશ, ૭ આકાશાસ્તિકાયનો સ્કંધ, ૮ દેશ, ૯ પ્રદેશ, ૧૦ અદ્ધાસમયકાળ, એ દશ ભેદ અરૂપી અજીવના કહ્યા. રૂપી અજીવના ચાર ભેદ કહે છે. ૧૧, પુદ્ગલાસ્તિકાયનો સ્કંધ, ૧૨ દેશ ૧૩ પ્રદેશ ૧૪ પરમાણુપુદ્ગલ એ મળી ૧૪ ભેદ કહ્યા.*

---

* સ્કંધ, દેશ પરદેશની સમજણ

પ્રદેશના સમૂહને અસ્તિકાય કહે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકવ્યાપક અને આકાશાસ્તિકાય લોકાલોક વ્યાપક છે એ ત્રણે સંપૂર્ણ દ્રવ્યોને સ્કંધ કહેવાય છે તેથી કાંઈક ઓછો હોય અથવા સકળ પ્રદેશાનુગત સામાન્ય પરિણામની પેરે અવયવ ધર્માસ્તિકાય આદિના જે બુદ્ધિ પરિકલ્પિતાદિ પ્રકૃષ્ટ દેશ અને અતિ નિર્વિભાજ્ય અવિભાજ્ય હોય તે પ્રદેશ કહેવાય છે અખંડ દ્રવ્યરૂપ આખા પદાર્થને અથવા અનંતાદિ પરમાણુના મળેલા સમૂહને સ્કંધ કહે છે. સ્કંધનો કેટલોએક ભાગ જેનો સ્કંધની સાથે સંબંધ હોય તેને દેશ કહે છે. જેનો સ્કંધની સાથે નિર્વિભાજ્ય કલ્પના કરી છતાં સ્કંધની સાથે અભિન્ન સંબંધ હોય તેને પ્રદેશ કહે છે અને તે જ પ્રદેશ જો સ્કંધથી ભિન્ન થાય એવો નિર્વિભાજ્ય ભાગ એટલે જેના કેવળીની બુદ્ધિએ એક ભાગના બે ભાગ થઈ શકે નહિ તેને પરમાણું કહે છે.

ચાર દ્રવ્યોની દૃષ્ટાંતથી સમજણ.

૧ જેમ માછલાંને ગતિ કરતાં પાણીનો આધાર અને પાંગળાંને લાકડીનો આધાર તેમ જીવ પુદ્ગળને ગતિ પરિણમ્યાને ધર્માસ્તિકાયનો આધાર ૨ જેમ ઉષ્ણકાળે તૃષાએ પીડિત પંથીને વૃક્ષની છાયાનો આધાર તેમ સ્થિર પરિણમ્યાં જીવ પુદ્ગળને અધર્માસ્તિકાયનો આધાર. ૩ જેમ ઓરડામાં એક દીવાની જ્યોતિના પરમાણુ સમાય છે અને હજાર દીવાની પ્રભા પણ સમાય અથવા ભીંતમાં ખીલો પેસે તેનું કારણ આકાશાસ્તિકાયની અવગાહના દાન શક્તિ છે ૪ જેમ કોઈક બાળક જન્મ્યો હોય, તે બાલ્યા વસ્થાવાળો થાય, પછી યુવાન થાય, પછી વૃદ્ધ થાય, જો કે જીવ તો સદાય સરખો છે, પણ બાળ યુવાન તથા વૃદ્ધનો કરનાર કાળ છે.

પુદ્ગલદ્રવ્યનું ઔપાધિક લક્ષણ કહે છે.

શબ્દ, અંધકાર તથા રત્ન પ્રમુખનો પ્રભા તથા ચંદ્રમા પ્રમુખની જ્યોતિ તથા છાયા અને સૂર્ય પ્રમુખનો આતાપ, વર્ણ ગંધ, રસ; સ્પર્શ એવા ગુણોવાળો હોય અને જે ચૌદ રાજલોકમાં વ્યાપક, સંખ્યાત પ્રદેશી અસંખ્યાત તથા અનંત પ્રદેશીનો પૂરણ. ગલન સ્વભાવ વાન એવો અખંડ પુદ્ગલાસ્તિકાય રૂપ સ્કંધ તે સ્કંધનો એક ભાગ અથવા કાંઇ પણ

વ્યવહાર વિસ્તાર નયે કરી ૫૧૦ ભેદ અજીવતત્વના કહે છે.

૧ ધર્માસ્તિકાય-દ્રવ્યથકી એક, ૨ ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે ૩ કાળ થકી અનાદિ અનંત ૪ ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, ૫ ગુણુથકી ચલણ સહાય, ૬ અધર્માસ્તિકાય-દ્રવ્યથકી એક, ૭ ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, ૮ કાળથકી અનાદિ અનંત, ૯ ભાવથકી અવર્ણે અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, ૧૦ ગુણુથકી સ્થિર સહાય, ૧૧ આકાશાસ્તિકાય-દ્રવ્યથકી એક, ૧૨ ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે, ૧૩ કાળથકી અનાદિ અનંત, ૧૪ ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, ૧૫ ગુણુથકી અવગાહનાદાન, ૧૬ કાળ-દ્રવ્યથકી અનેક, ૧૭ ક્ષેત્રથકી અઢીદ્વીપ પ્રમાણે, ૧૮ કાળથકી

ન્યૂન ભાગરૂપ દેશ તથા જે કેવલીની દષ્ટિએ પણુ એક ભાગના બે ભાગ થઈ શકે નહિ, એવો અતિ સુક્ષ્મ સ્કંધનો અભિન્ન ભાગ નિર્વિભાજ્યરૂપ તે પ્રદેશ, તેની જ જ્યારે સ્કંધથી ભિન્ન કલ્પના થાય ત્યારે તે પરમાણુ કહેવાય છે એ પુદ્‌ગલોનું નિશ્ચયપણે લક્ષણુ છે.

કાળપ્રત્યના ભેદ દર્શાવે છે.

એક ક્રોડ, સડસઠ લાખ, સત્યોતેર હજાર, બસેં અને સોલ ઉપર એટલી આવલિકા એક મુહૂર્તમાં થાય છે એનો ભાવાર્થ કહે છે-આંખના એક પલકારામાં અથવા એક ચપટી વગાડવામાં યા જીર્ણ વસ્ત્ર ફાડવાને વખતે એક તંતુથી બીજા તંતુએ જાય તથા કમળના પાંદડાના સમૂહને યુવાન પુરુષ ભાલાવડે વીંધતાં એક પાંદડાથી બીજે પાંદડે ભાલુ પહોંચે, એટલા વખતમાં અસંખ્યાતા સમય થઈ જાય, એટલે વસ્ત્ર અથવા પત્ર ફાડવાના આરંભમાં સુક્ષ્મ ક્ષણરૂપ જે કાળ હોય છે, જેનો વિભાગ થઈ શકે નહિ, જેનો ભૂત અને ભવિષ્ય વિષે વિચાર થાય નહિ, એટલે વસ્ત્ર અથવા પત્ર ફાડતાં પ્રથમ વર્તમાનકાળરૂપ અતિ સુક્ષ્મ કાળનું ઉલ્લઘન થઈને તે કયારે ભૂતકાળ થયો ? કયો વર્તમાન કાળ છે ? અને કયો ભવિષ્યકાળ થવા યોગ્ય છે ? તેનું અનુમાન થઈ શકે નહિ. તેને સર્વ લઘુકાળરૂપ સમય કહે છે. એવા અસંખ્યાત સમયને આવલિકા કહે છે. એવી બસેંને છપ્પન આવલિકાનો એક ક્ષુલ્લક ભવ હોય છે. એ કરતાં બીજા કોઈ પણ નાના ભવની કલ્પના થઈ શકે નહિ. એવા કાંઈક અધિક સત્તર ક્ષુલ્લક ભવમાં એક શ્વાસોશ્વાસરૂપ પ્રાણુની ઉત્પત્તિ હોય છે, એવા સાત પ્રાણોત્પત્તિ કાળને એક સ્તોક કહે છે. એવા સાત સ્તોક સમયે એક લવ હોય છે. એવા સત્યોતેર લવે બે ઘડીરૂપ એક મુહૂર્ત હોય છે.

ત્રીસ મુહૂર્તે એક અહોરાત્રરૂપ દિવસ થાય છે, પંદર અહોરાત્રિએ પખવાડીયું થાય છે, બે પખવાડિયે એક મહિનો થાય છે, બાર મહિને એક વર્ષ થાય છે, તેમજ અસંખ્યાતા વર્ષે એક પલ્યોપમ થાય, તેવા દશ ક્રોડાક્રોડી પલ્યોપમે ૧ સાગરોપમ થાય, તેવા ક્રોડાક્રોડી સાગરોપમે ૧ ઉત્સર્પિણી અને બીજા દશ ક્રોડાક્રોડી સાગરોપમે ૧ અવસર્પિણી થાય, એ બે મળી વીશ ક્રોડાક્રોડી સાગરોપમે એક કાળચક્ર થાય, એવા અનંત કાળ ચક્રે એક પુદ્‌ગલ પરાવર્તન થાય. એ સર્વ મનુષ્ય લોકોમાં વ્યવહારથી કાળ જાણવો

પૂર્વોક્ત જે કાળના ભેદ કહ્યા, તેથી વળી બીજા પણુ કાળના ભેદ ઘણા છે જેમ કે બે માસે એક ઋતુ થાય છે, ત્રણ ઋતુએ એક અયન, બે અયને એક વર્ષ, પાંચ વર્ષે એક યુગ, ચોરાશી લાખ વર્ષે એક પૂર્વાંગ, તે એક પૂર્વાંગને ચોરાશી લાખે ગુણતાં એક પૂર્વ થાય છે.

અનાદિ અનંત, ૯ ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, ૨૦ ગુણથકી વર્તના લક્ષણ, એ વીશ અને ઉપર જે અરૂપી અજીવના દશ ભેદ કહ્યા તે મળી કુલ ૩૦ ભેદ અરૂપી અજીવના જાણવા.

૫૩૦ ભેદ રૂપી અજીવના કહે છે તે વર્ણ ૫-૧ કાળો, ૨ લીલો, ૩ રાતો, ૪ પીળો ૫ ધોળો, એકેકા વર્ણમાં વીશ વીશ ભેદ લાભે, તે ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ, ૮ સ્પર્શ એ મળી વીશ ને પાંચેમાં થઈ ને સો થયા

બે ગંધ-૧ સુરભિ ગંધ, ૨ દુરભિ ગંધ, એકેકા ગંધમાંહી ત્રેવીશ ત્રેવીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૫ રસ, ૫ સંઠાણ, ૮ સ્પર્શ એ ત્રેવીશ, બન્નેમાં મળી છેંતાલીશ ભેદ જાણવા.

પાંચ રસ-૧ તીખો, ૨ કડવો, ૩ કસાયેલો, ૪ ખાટો, ૫ મીઠો, એકેકા રસમાં વીશ વીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ સંઠાણ, ૮ સ્પર્શ, એ મળી વીશ ને પાંચેમાં થઈ સો થયા.

પાંચ સંઠાણ-૧ પરિમંડળ સંઠાણ, ૨ વટ સંઠાણ, ૩ ત્રંસ, ૪ ચઉરસ ૫ આયત સંઠાણ એ પાંચ. એકેકા સંઠાણમાં વીશ વીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ ૫ રસ, ૮ સ્પર્શ એ મળી વીશને પાંચેમાં થઈ સો થયા.

આઠ સ્પર્શ-૧ ખરખરો, ૨ સુંહાળો, ૩ ભારે, ૪ હળવો, ૫ ટાઢો ૬ ઉન્હો, ૭ ચોપડયો, ૮ લુખો, એ આઠ એકેકા સ્પર્શમાં ત્રેવીશ ત્રેવીશ ભેદ લાભે, ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ, ૬ સ્પર્શ એ ત્રેવીશ ભેદ લાભે. ખરખરામાં ખરખરો ને સુંહાળો બે વર્જવા, એમ બબ્બે સ્પર્શ વર્જવા. એમ ત્રેવીશને આઠે ગુણતાં ૧૮૪ થયા. એ સર્વે મળીને ૫૩૦ ભેદ રૂપી અજીવના કહ્યા. એમ સઘળા મળીને કુલ ૫૬૦ ભેદ અજીવના જાણવા ઇતિ અજીવતત્ત્વ.

૩ પુણ્યતત્ત્વ.

શુભ કમાણીએ કરી, શુભ કર્મના ઉદયે કરી જેનાં ફળ આત્માને ભોગવતાં મીઠાં લાગે તેને પુણ્યતત્ત્વ કહીએ.

નવ ભેદે પુણ્ય ઉપરાજે તે કહે છે. ૧. અન્નપુન્ને, ૨. પાણપુન્ને, ૩ લયણપુન્ને[1], ૪ સયણપુન્ને[2], ૫ વત્થપુન્ન[3], ૬ મનપુન્ને ૭ વચન ૮ કાયપુન્ને, ૯ નમસ્કાપુન્નેર એ નવ ભેદ પુણ્ય ઉપરાજે તેનાં શુભ ફળ ૪૨ ભેદે ભોગવે તે કહે છે.

૧ શાતાવેદનીય-સુખનો અનુભવ કરાવે. ૧ ઉંચ ગોત્ર ૩ મનુષ્યગતિ ૪ મનુષ્યાનુપૂર્વી-મનુષ્યની ગતિમાં દોરી જનાર કર્મ ૫ દેવતાની ગતિ, ૬ દેવાનુપૂર્વી-દેવતાની ગતિમાં દોરી જનાર કર્મ ૭ પંચેંદ્રિયની જાતિ. ૮ ઔદારિક શરીર-ઔદારિક શરીર યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરીને તથા તેને શરીરપણે પરિણમાવીને જીવ પોતાના પ્રદેશની સાથે મેળવે તે મનુષ્ય તિર્યંચનું શરીર. ૯ વૈક્રિય શરીર-બે પ્રકારનું છે. ૧ ઔપપાતિક તે દેવતા તથા નારકીને હોય. ૨ લબ્ધિ પ્રત્યયી તે તિર્યંચ તથા મનુષ્ય લબ્ધિવંત હોય છે,

---

૧. સ્થાનક આદિ. ૨. શય્યા, પાટ, પાટલા આદિ. ૩. વસ્ત્ર.

૧૦ આહારક શરીર–ચૌદપૂર્વધારી મુનિરાજ તીર્થંકરની ઋદ્ધિ પ્રમુખ જોવાને અર્થે એક હાથ પ્રમાણ દેહ કરે છે તે. ૧૧ તૈજસ શરીર–આહારનું પચન કરનાર તથા તેજુલેશ્યાનો હેતુ આ સર્વ સંસારી જીવને હોય છે. ૧૨ કાર્મણ શરીર–કર્મનાં પરમાણુઓ આત્મપ્રદેશોની સાથે મળ્યાં છે તે. આ શરીર પણ સંસારી સર્વ જીવને હોય છે. ૧૩ ઔદારિકનાં અંગ ઉપાંગ–ઉદારિક શરીરના સઘળા અવયવો પામવાં. ૧૪ વૈક્રિયનાં અંગ ઉપાંગ ૧૫ આહારકનાં અંગ ઉપાંગ–૧૬ વજ્રઋષભનારાચસંઘયણ–લોઢાના જેવું ઘણુ જ મજબૂત સંઘયણ. ૧૭ સમચઉરંસસંઠાણ–પલાંઠી વાળી બેસતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય અને પોતાના અંગુલ પ્રમાણે ૧૦૮ અંગુલ પ્રમાણે શરીર ભરાય તે. ૧૮ શુભ વર્ણ. ૧૯ શુભ ગંધ ૨૦ શુભરસ. ૨૧ શુભ સ્પર્શ. ૨૨ અગુરુલઘુ નામ–મધ્યમ વજનદાર શરીરની પ્રાપ્તિ થાય એટલે લોઢાની પેઠે અતિ ભારે નહિ અને કપાસના પેઠે અતિ હલકું નહિ અને મધ્યમ પરિણામી હોય. પોતાનું શરીર પોતાને ભારે પણ ન લાગે અને હલકું (ફોરૂં) પણ ન લાગે તે આકર્મથી થાય. ૨૩ પરાઘાત નામ–બીજા બળવાન જે અતિદુઃસહ્નીય છતાં પોતે ગમે તેવા બળીઆને જીતવા સમર્થ થાય એવા બળની પ્રાપ્તિ થાય તે ૨૪ ઉચ્છ્વાસ નામ–સુખેથી શ્વાસોચ્છ્વાસ લઈ શકાય. ૨૫ આતાપ નામ–સૂર્યના બિંબની પેઠે પરને તાપ ઉત્પન્ન કરવાના હેતુરૂપ તેજયુક્ત શરીરનાં પ્રાપ્તિ થાય, ૨૬ ઉદ્યોત નામ–ચંદ્રબિંબની માફક શીતળતા ઉપ્તન્ન કરનાર. ૨૭ શુભ ચાલવાની ગતિ. ૨૮ નિર્માણ નામ–પોતાનાં અંગના સર્વ અવયવો યોગ્ય સ્થળે ગોઠવી શકે તે. ૨૯ ત્રસનામ ૩૦ બાદર નામ ૩૧ પર્યાપ્તા નામ. ૩૨ પ્રત્યેક નામ. ૩૩ સ્થિર નામ. ૩૪ શુભ નામ. ૩૫ સૌભાગ્ય નામ. ૩૬ સુસ્વર નામ ૩૭ આદેય નામ. ૩૮ જશોકીર્તિ નામ ૩૯ દેવતાનું આઉખું ૪૦ મનુષ્યનું આઉખું. ૪૧ તિર્યંચનુ આઉખું જુગલવત. ૪૨ તીર્થંકર નામ કર્મ, એમ બેંતાલીસ ભેદ પુણ્યના જાણવા ઈતિ પુણ્યતત્ત્વ.

૪. પાપતત્ત્વ

અશુભ કરણી કરી, અશુભ કર્મના ઉદયે કરી, જેનાં ફળ આત્માને ભોગવતાં કડવા લાગે તેને પાપતત્ત્વ કહીએ.

અઢાર પ્રકારે પાપ ઉપરાજે તે કહે છે.

૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા. ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલહ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન્ય ૧૫ પરપરિવાદ, ૧૬ રતિ અરતિ, ૧૭ માયામોસો. ૧૮ મિચ્છાદંસણસલ્લ, એ અઢાર પ્રકારે પાપ ઉપરાજે તે બ્યાસી પ્રકારે ભોગવે. તે નીચે મુજબ–

૧ મતિજ્ઞાનાવરણીય–પાંચ ઇંદ્રિય તથા મનદ્વારા જે નિયત વસ્તુનું જ્ઞાન થાય એવા મતિજ્ઞાનનું આચ્છાદન એટલે બુદ્ધિ નિર્મળ ન હોય. ૨ શ્રુતજ્ઞાનાવરણીય–સૂત્રજ્ઞાન પામે નહિ. ૩ અવધિજ્ઞાનાવરણીય–ઇંદ્રયાદિકની અપેક્ષા વિના આત્મદ્રવ્યને સાક્ષાત્ રૂપી દ્રવ્યને જણાવનારૂં જે જ્ઞાન તે પામે નહિ. ૪ મનઃપર્યવજ્ઞાનાવરણીય–સંજ્ઞી પચેંદ્રિયના મનોગત ભાવ જણાવનારૂં જ્ઞાન પામે નહિ ૫ કેવળજ્ઞાનાવરણીય–પૂર્વોક્ત ચાર જ્ઞાન રહિત જે એકલું નિરાવરણ જ્ઞાન હોય એવા કેવળ જ્ઞાનનું આચ્છાદન એટલે કેવળજ્ઞાન પામે નહિ. ૬ દાનાંતરાય–છતી શકિતએ દાન આપી શકે નહિ.

૭ લાભાંતરાય-લાભ મેળવી શકે નહિ. **૮ ભોગાંતરાય**-ભોગ ભોગવી શકે નહિ. **૯ ઉપભોગાંતરાય**-વારંવાર ભોગ ભોગવી શકે નહિ. **૧૦ વીર્યાંતરાય**-પોતાનું બળ ફેરવી શકાય નહિ. **૧૧ નિદ્રા**-સુખેથી જાગૃત થાય તેવી ઊંઘ **૧૨ નિદ્રા નિદ્રા**-દુઃખથી જાગૃત થાય તેવી ઊંઘ **૧૩ પ્રચલા**-ઊઠતાં બેસતાં નિદ્રા આવ્યા કરે. **૧૪ પ્રચલા પ્રચલા** હરતાં ફરતાં નિદ્રા આવે. **૧૫ થીણુદ્ધિનિદ્રા**-દિવસનું ચિંતવેલું કાર્ય રાત્રે ઊંઘમાં ને ઊંઘમાં કરી આવે તે આ નિદ્રાવાળો વાસુદેવના અર્ધ બળયુક્ત હોય છે તે નરકગામી સમજવો **૧૬ ચક્ષુદર્શનાવરણીય. ૧૭ અચક્ષુદર્શનાવરણીય. ૧૮ અવધિદર્શનાવરણીય. ૧૯ કેવળદર્શનાવરણીય. ૨૦ નીચ ગોત્ર. ૨૧ અશાતાવેદનીય. ૨૨ મિથ્યાત્વ મોહનીય ૨૩ સ્થાવરપણું. ૨૪ સૂક્ષ્મપણું. ૨૫ અપર્યાપ્તપણું. ૨૬ સાધારણપણું. ૨૭ અસ્થિર-નામ**-શરીર કંપ્યા કરે. **૨૮ અશુભનામ. ૨૯ દુર્ભાગ્યનામ. ૩૦ દુસ્વરનામ. ૩૧ અનાદેય-નામ**-તેના બોલ કોઈ માને નહિ **૩૨ અજશોકીર્તિનામ. ૩૩ નરકનીગતિ. ૩૪ નરકનું આઉખું. ૩૫ નરકાનુપૂર્વી. ૩૬ અનંતાનુબંધી** ક્રોધ-અનંતો સંસાર બંધાય તેવો જીવતાં સુધી ક્રોધ રહે તે. **૩૭ અનંતાનુબંધી માન. ૩૮ અનંતાનુબંધી માયા. ૩૯ અનંતાનુબંધી લોભ. ૪૦ અપચ્ચક્ખાણાવરણીય** ક્રોધ-એક વરસ સુધી રહે તેવો ક્રોધ **૪૧ અપચ્ચખાણા-વરણીય માન. ૪૨ અપચ્ચક્ખાણાવરણીય માયા. ૪૩ અપચ્ચક્ખાણાવરણીય લોભ. ૪૪ પચ્ચક્ખાણાવરણીય** ક્રોધ-ચાર માસ સુધી રહે તે. **૪૫ પચ્ચક્ખાણાવરણીય માન. ૪૬ પચ્ચક્ખાણાવરણીય માયા. ૪૭ પચ્ચક્ખાણાવરણીય લોભ. ૪૮ સંજ્વલનનો ક્રોધ**-પંદર દિવસ સુધી રહે તે. **૪૯ સંજ્વલનનો માન. ૫૦ સંજ્વલનની માયા. ૫૧ સંજ્વલનનો લોભ. ૫૨ હાસ્ય ૫૩ રતિ. ૫૪ અરતિ. ૫૫ ભય. ૫૬ શોક, ૫૭ દુગંછા**-અણગમો. **૫૮ સ્ત્રીવેદ. ૫૯ પુરુષવેદ. ૬૦ નપુંસકવેદ, ૬૧ તિર્યંચની ગતિ. ૬૨ તિર્યંચની અનુ-પૂર્વી ૬૩ એકેંદ્રિયપણું. ૬૪ બેઇંદ્રિયપણું. ૬૫. તેઇંદ્રિયપણું. ૬૬ ચૌરેન્દ્રિયપણું. ૬૭ અશુભ ચાલવાની ગતિ. ૬૮ ઉપઘાત નામ કર્મ**-કોઈનો ઘાત કરવા જતાં પોતાનો જ ઘાત થાય. **૬૯ અશુભ વર્ણ. ૭૦ અશુભ ગંધ. ૭૧ અશુભ રસ. ૭૨ અશુભ સ્પર્શ. ૭૩ ઋષભ-નારાચ સંઘયણ**-બે પાસાં મર્કટબંધ અને ઉપર પાટો એ બે હોય તે. **નારાચ સંઘયણ**-મર્કટબંધ જ હોય તે. **૭૫ અર્ધ નારાચ સંઘયણ**-એક પાસું મર્કટબંધ હોય તે. **૭૬ કીલકુ સંઘયણ**-માંહોમાંહે હાડકાં અને ખીલીનો બંધ હોય તે. **૭૭ છેવટું સંઘયણ**-ખીલી ન હોય અને હાડકાં માંહોમાંહે અડાડી રાખ્યાં હોય તે. **૭૮ ન્યગ્રોધ પરિમંડળ સંઠાણ**-વડવૃક્ષની પેઠે નાભિની ઉપર સુલક્ષણ યુક્ત અને નીચે નિલક્ષણયુક્ત હોય તે. **૭૯ સાદિ સંઠાણ**--નાભિની નીચેનું અંગ સારૂં અને ઉપરનું અંગ નરસું. હોય તે **૮૦ વામન સંઠાણ**-ઉદર લક્ષણોપેત અને હાથ, પગ, માથું, કટિ, પ્રમાણ રહિત હોય તે ઠીંગણો. **૮૧ કુબ્જ સંઠાણ**-હાથ, પગ, માથું; કટિ. પ્રમાણોપેત અને ઉદર પ્રમુખ હીન હોય તે કુબડો. **હુંડ સંઠાણ**-સર્વ અવયવ અશુભ હોય તે એ બ્યાશી ભેદ પાપ તત્ત્વના જાણવા.

૫ આશ્રવતત્વ

અવ્રત અને અપચ્ચક્ખાણે કરી, વિષય કષાયને સેવવે કરી, આત્મરૂપ તળાવને વિષે ઇંદ્રિયાદિક ઘડનાળે છિદ્રે કરી; કર્મપાપરૂપ જળનો પ્રવાહ આવે તેને આશ્રવતત્ત્વ કહીએ.

આશ્રવતત્ત્વના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે.

૧ મિથ્યાત્વ તે આશ્રવ, ૨ અવ્રત તે આશ્રવ, ૩ પ્રમાદ તે આશ્રવ, ૪ કષાય તે આશ્રવ, ૫ અશુભજોગ તે આશ્રવ, ૬ પ્રાણુાતિપાત તે આશ્રવ, ૭ મૃષાવાદ તે આશ્રવ, ૮ અદત્તાદાન તે આશ્રવ. ૯ મૈથુન તે આશ્રવ, ૧૦ પરિગ્રહ તે આશ્રવ, ૧૧ શ્રોતેંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૨ ચક્ષુઈંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૩ ઘ્રાણેંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૪ રસેંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૫ સ્પર્શેંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૬ મન અસંવરે તે આશ્રવ. ૧૭ વચન અસંવરે તે આશ્રવ, ૧૮ કાયા અસંવરે તે આશ્રવ. ૧૯ ભંડ ઉપગરણુ ઉપાધિ જેમ તેમ લે મૂકે તે આશ્રવ. ૨૦ શુચિ કુસગ્ગ કરે તે આશ્રવ, ૧

વિશેષ ૪૨ ભેદ કહે છે.

૫ આશ્રવ, ૫ ઈંદ્રિય મોકળી મૂકે, ૪ કષાય અને ૩ અશુભ જોગ એ મળી ૧૭ ને ૨૫ ક્રિયા તે નીચે પ્રમાણે—

૧ **કાયકી** ક્રિયા-કાયાને અજનતાએ પ્રવર્તાવે. ૨ **અધિકરણકી** ક્રિયા-હથિયારેથી જીવને દુઃખ થાય તે. ૩ **પાઉસિઆ**-જીવ અજીવ ઉપર દ્વેષ રાખવાથી ૪ **પારિતાવણીયા** પોતાને તથા પરને પરિતાપ ઉપજાવવો તે, ૫ **પાણાઈવાય**-જીવ હિંસા ૬ **આરંભિયા** કૃષિ પ્રમુખ હિંસા થાય એવા કામની ઉત્પતિ કરવી અથવા કરાવવી, ૭ **પરિગહિયા** ધનધાન્યાદિ પરિગ્રહ મેળવી મોહ કરવો તે. ૮ **માયાવત્તિયા**-કપટથી કોઈને ઠગવું તે, ૯ **અપચ્ચખાણવત્તિયા**-કોઈ જાતનાં પચ્ચક્ખાણુ કર્યા વગર લાગે તે. **મિચ્છાદંસણવત્તિયા** જિનવચન અણસદ્દહતો થકો જે વિપરિત પરૂપણા કરતાં લાગે તે ૧૧. **દિઠ્ઠયા** કૌતુકે કરી નજરે જોવું તે ૧૨ **પુઠ્ઠિયા**રાગને વશે કરીને સ્ત્રી, પુરૂષ, ગાય, વસ્ત્ર પ્રમુખને સ્પર્શ કરતાં ૧૩ **પાડુચ્ચિયા**-કોઇને ઘેર મોટી સાહેબી દેખી દ્વેષથી માહી ચિંતવના કરવાથી લાગે તે. **સામંતોવણીયા**-પોતાના અશ્વ પ્રમુખને જોવા આવેલ માણુસો પ્રશંસા કરે તેથી હર્ષ થાય તથા ઘી, દુધ, દહીં, તેલ વગેરેનાં વાસણુ ઉઘાડાં મૂકવાથી જીવ હિંસા થાય તેથી લાગે તે ૧૫ **નેસત્થિયા**-રાજાદિકના આદેશથી યંત્રશસ્ત્રાદિકનું જે આકર્ષક કરવું અથવા શસ્ત્ર કરાવવા, વાવ, કૂવા, ખોદાવવાથી લાગે તે. ૧૬ **સાહત્થિયા**-પોતાને હાથે અથવા બીજાથી જીવહિંસા કરાવે તથા અભિમાનથી પોતાને હાથે કરે તે ૧૭ **આણવણિયા**-કોઇ પાસે વસ્તુ માગવાથી. ૧૮ **વિદારણિયા**-જીવ અજીવને કાપવાથી ૧૯ **અણાભોગી**-ઉપયોગ વિના શૂન્યે ચિત્તે કાંઈ વસ્તુ લેવી મૂકવી અથવા ઊઠવા બેસવાથી લાગે તે. ૨૦ **અણવકંખવત્તિયા**-આ લોક પરલોકથી વિરૂદ્ધ કાર્ય કરવાથી લાગે તે. ૨૧ **અનાપઉગી**-ઉપયોગ ન રાખવાથી લાગે તે. ૨૨ **સામુદાણી**-સમુદાય એટલે ઘણાં જણુ મળી કોઈ કાર્ય કરતા લાગે તે. ૨૩ **પેજ્જવત્તિયા**-પ્રીતીને લીધે લાગે તે. ૨૪ **દોસવત્તિયા**-ક્રોધ કરવાથી લાગે તે. ૨૫ **ઇરિયાવહિયા** ક્રિયા-હાલતાં ચાલતાં લાગે તે. **એ પચીશ અને ઉપર સત્તર કહ્યા તે મળી ૪૨ ભેદ આશ્રવતત્ત્વના જાણવા.**

---

૧. ડાભની અણી ઉપર પાણી રહે તેટલું પાપ કરે તે. ૨ પાંચ અવ્રત.

૬ સંવરતત્ત્વ.

જીવરૂપી તળાવને વિશે કર્મરૂપ જળ આવતાં, વ્રતપચ્ચક્ખાણુદિક દ્વારા દેવે (આડશ) કરી રોકીએ તેને સંવરતત્ત્વ કહીએ.

સંવરતત્ત્વના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે

૧ સમકિત તે સંવર, ૨ વ્રત પચ્ચક્ખાણુ તે સંવર, ૩ અપ્રમાદ તે સંવર, ૪ અકષાય તે સંવર, ૫ શુભજોગ તે સંવર, ૬ જીવ દયા પાળવી તે સંવર, ૭ સત્ય વચન બોલવું તે સંવર, ૮ દત્તવ્રત ગ્રહણ કરવું તે સંવર, ૯ શિયળ પાળવું તે સંવર, ૧૦ અપરિગ્રહ તે સંવર, એ દશ. પાંચ ઇન્દ્રિય, ૩ જોગ, એ મળી આઠનું સંવરવું તે સંવર, એ મળી અઢાર ૧૯ ભંડ ઉપગરણ ઉપધિ જતનાએ લે મૂકે તે સંવર. ૨૦ શુચિ કુસગ્ગ ન કરે તે સંવર, એ વીશ ભેદ કહ્યા.

વિશેષે ૫૭ ભેદ કહે છે.

૧ **ઇરિયાસમિતિ**-જયણા રાખી ઉપયોગ સહિત ધુંસરા પ્રમાણે જમીન નજરે જોઇ ચાલવું તે. ૨ **ભાષાસમિતિ**-સમ્યક્ પ્રકારે નિરવદ્ય ભાષા બોલવી. ૩ **એસણાસમિતિ**-સમ્યક્ પ્રકારે નિર્દોષ આહાર, વસ્ત્ર, પાત્ર વગેરે ભિક્ષાની ગવેષણા કરવી ૪ **આયાણભંડમત્તનિક્ખેવણાસમિતિ**-વસ્ત્રપાત્રાદિ જતનાએ લેવું મૂકવું તે. ૫ **ઉચ્ચાર પાસવણખેલજલ્લસંઘાણ પારિઠાવણિયાસમિતિ**-પરઠવવાની વસ્તુ જતનાએ પરઠવવી. તે એ પાંચ **સમિતિતથા**. ૧ **મનગુપ્તિ**-મન ગોપવવું. ૨ **વચનગુપ્તિ**-વચન ગોપવવું. ૩ **કાયગુપ્તિ**-કાયાગોપવવી. **એ આઠ પ્રવચનમાતા આદરવા તથા બાવીસ પરીષહ** (ઉપસર્ગ) **સહન કરવા તે કહે છે.**

૧ **ક્ષુધાનો**-ભૂખનો, ૨ **તૃષાનો**-તરસનો, ૩ **શીતનો**-ટાઢનો, ૪ **ઉષ્ણનો**-તડકાનો, ૫ **દંસમસનો**-ડાંસ મચ્છર કરડવાનો, ૬ **અચેલનો**-ફાટાં ત્રુટાં વસ્ત્રનો અથવા વસ્ત્ર ન મળે તેનો. ૭ **અરતિનો**- ૮ **સ્ત્રીનો**-સ્ત્રી જોવાનો. ૯ **ચર્યાનો**-ચાલવાનો. ૧૦ **બેસવાનો**-બેસી રહેવું પડે. ૧૧ **સેજાનો**-રહેવાના સ્થાનકનો. ૧૨ **આક્રોશવચનનો**-આંકરાં વચન સાંભળવાં પડે તેનો. ૧૩ **વધનો**-માર ખાવો પડે. ૧૪ **જાચવાનો**-માગવાનો, ૧૫ **અલાભનો**-કોઇ વસ્તુની ઇચ્છા થતાં તે વસ્તુ ન મળે. ૧૬ **રોગનો**-રોગ આવ્યે થકે આર્તધ્યાન કરવાનો. ૧૭ **તૃણસ્પર્શના**-તણખલાં વગેરેના સ્પર્શથી દુઃખ થાય તે. ૧૮ **મેલનો**-મેલને દૂર કરવાની ઇચ્છાથી ન્હાવાનો. ૧૯ **સત્કારપુરસ્કારનો**-આદર સત્કાર માગવાનો ૨૦ **પ્રજ્ઞાનો**-જ્ઞાનના ગર્વનો. ૨૧ **અજ્ઞાનનો**-જ્ઞાન ન ચડે તેનો. ૨૨ **દંસણનો**-સમકિત, સૂક્ષ્મ વિચાર સાંભળીને ધર્મને વિષે અસદ્દહણા કરવાનો. **એ મળી કુલ ત્રીશ થયા તથા દસ પ્રકારનો યતિધર્મ આરાધવો તે કહે છે.**

૧ **ખંતિ**-ક્ષમા, ક્રોધનો અભાવ. ૨ **મુત્તિ**-નિર્લોભતા, સંતોષ. ૩ **અજ્જવે**-કપટ રહિતપણું. ૪ **મદ્દવે**-માનનો ત્યાગ. ૫ **લાઘવે**-લઘુતા, અલ્પઉપધિ ૬ **સચ્ચે**-સત્ય ભાષણ કરવું. ૭ **સંજમે**-સત્તર ભેદે સંયમ પાળવો. ૮ **તવે**-ઇચ્છા નિરોધ-બાર પ્રકારે તપ કરવો. ૯ **ચિયાએ અથવા અકિંચણે**-સમસ્ત પરિગ્રહ ત્યાગરૂપ મૂર્છા રહિત થવું. ૧૦ **બંભચેરવાસે**-મૈથુનનો ત્યાગ **એ દશ.**

બાર ભાવના ભાવવી તે કહે છે ૧ અનિત્યભાવના-સંસારના સર્વ પદાર્થને અનિત્ય, અસ્થિર જાણવા. ૨ **અશરણભાવના**-કોઇ કોઇને શરણ નથી, એક ધર્મનું જ શરણ છે. ૩ **સંસારભાવના** સંસારમાં ઘણા કાળ થયાં રઝળ્યાં કરે છે-મા તે સ્ત્રી થાય, સ્ત્રી તે મા થાય, પિતા તે પુત્ર થાય, પુત્ર તે પિતા થાય ઇત્યાદિ ભાવનો અનુભવ કરવો. ૪ **એકત્વભાવના**-આ જીવ એકલો આવ્યો, એકલો જશે અને એકલો સુખ દુઃખ ભોગવે છે પણ તેનું કોઈ સાથી નથી એવી ભાવના. ૫ **અન્યત્વભાવના**-જીવ કાયાથી જુદો છે અને કર્મે કરી જુદી જુદી કાયા ધારણ કરે છે. તેમ જ ધન તથા સ્વજનાદિ પણ અન્ય છે એવી ભાવના. ૬ **અશુચિભાવના**-રસ રૂધિર, માંસ મેદ, અસ્થિ, મજ્જા. વીર્ય, પરૂ, તથા આંતરડાં પ્રમુખે કરી આ શરીર બનેલું છે અને જેનાં નવ દ્વાર સદા વહેતાં રહે છે. એ શરીર કોઈ કાળે પણ પવિત્ર થવાનું નથી. એવી ભાવના ૭ **આશ્રવભાવના**-પાંચ આશ્રવે કરી પાપ બંધાય છે અને તેથી જીવ દુઃખ ભોગવે છે તેનો વિચાર. ૮ **સંવરભાવના**-વ્રત પચ્ચક્ખાણોથી આશ્રવ રોકવો અને સંવર આદરવો. ૯ **નિર્જરાભાવના**-બાર પ્રકારના તપે કરી કર્મને પચાવવું અર્થાત્ પૂર્વનાં સચેલા કર્મનું તોડવુ તે. ૧૦ **લોકભાવના**-લોકનું સ્વરૂપ ચિંતવવું તથા આ જીવે સર્વ લોક સ્પર્શી મૂક્યો છે, ૧૧ **બોધભાવના**-યથાપ્રવૃત્તિ કરણને યોગે કરી અકામ નિર્જરા વડે પુણ્યના પ્રયોગે મનુષ્યભવ, આર્ય દેશ, નિરોગીપણું તથા ધર્મશ્રવણાદિ પ્રાપ્તિ થઇ તથાપિ, સમ્યક્ત્વ પ્રાપ્ત થવું દુર્લભ છે એવી ભાવના કરવી તે. ૧૨ **ધર્મભાવના**-દુસ્તર સંસાર સમુદ્રમાંથી પ્રવહણ સમાન તે શ્રી જિનપ્રણીત દશવિધ ક્ષમાદિક શુદ્ધ ધર્મ તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર એ રત્નત્રયાત્મક ધર્મ પામવો તે દુર્લભ તેમજ તે ધર્મના સાધક અરહિંતાદિ દેવો પામવા તે પણ દુર્લભ છે એવી ભાવના કરવી. એ બાર.

પાંચ પ્રકારનાં ચારિત્ર-૧ સામાયિક, છેદોપસ્થાપનીય, ૩ પરિહાર વિશુદ્ધ, ૪ સૂક્ષ્મસંપરાય, ૫ યથાખ્યાત ચારિત્ર.

પહેલું સામાયિક ચારિત્ર કહે છે-સમ અને **આયિક** એ બે શબ્દનો એક **સામાયિક** શબ્દ થયો છે. **સમ** એટલે રાગ દ્વેષ રહિતપણાને માટે **આય** એટલે ગમણ પ્રાપ્ત છે જ્યાં તે **સમ** કહીએ, તે જ્યાં ઉત્પન્ન થાય તેને **સામાયિક** કહેવાય છે. વળી **સમ** તે જ્ઞાન, દર્શન, ચારિત્ર તેનો **આયિક** તે લાભ જ્યાં થાય છે, એટલે જેણે કરી જ્ઞાન, દર્શન તથા ચારિત્ર એ ત્રણેની પ્રાપ્તિ થાય તેને સર્વ સાવદ્ય યોગ ત્યાગરૂપ અને નિરવદ્ય યોગ સેવનરૂપ **સામાયિક** કહીએ. એને **સમ્યક્ ચારિત્ર** પણ કહે છે; એ **સામાયિક ચારિત્ર** જીવને પ્રાપ્ત થયા વિના બીજા ચારિત્રનો લાભ થાય નહિ માટે એને આદિમાં કહ્યું છે.

બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર-તે પૂર્વોક્ત સર્વ વિરતિ સામાયિક ચારિત્રને જ છેદાદિ વિશેષપણે વિશેષીએ. એ વારે શબ્દથી તથા અર્થથી નાના પ્રકારપણું ભજે તે વારે **છેદોપસ્થાપનીય** ચારિત્ર થાય છેદ એટલે પૂર્વ પર્યાયનો **છેદ કરવો અને ઉપસ્થાપન** એટલે ગણાધિપે આપેલું પંચમહાવ્રતરૂપપણું જે મહાવ્રતને વિષે હોય તે **છેદોપસ્થાપનીય ચારિત્ર** કહીએ. જ્યાં નવા પર્યાયોનું સ્થાપન કરવું તથા પંચ મહાવ્રતનો ઉચ્ચાર કરાવવો, તે બે ભેદ, એક સાતિચાર તે મૂળ ગુણ ઘાતિને પ્રાયશ્ચિતરૂપ અને બીજો નિરતિચાર તે ઇત્વર સામાયિકવંત નવ દીક્ષિત શિષ્યને છજીવણીયા અધ્યયન ભણ્યા પછી હોય તથા બીજા

તીર્થ આશ્રયી તે, જેમ પાર્શ્વનાથના તીર્થથી, વર્ધમાન સ્વામીના તીર્થે આવી, ચાર મહાવ્રતરૂપ ધર્મ ત્યાગીને પંચ મહાવ્રતરૂપ ધર્મ આદરે તેને હોય.

ત્રીજુ **પરિહાર વિશુદ્ધ ચારિત્ર**-તપ વિશેષ તેણે કરી વિશુદ્ધિ એટલે કર્મની નિર્જરા જે ચારિત્રને વિષે હોય તેને **પરિહાર વિશુદ્ધ ચારિત્ર** કહીએ તે બે ભેદ છે. તેમાં પહેલું જે ચાર જણ વિવક્ષિત ચારિત્રના આ સેવક એ કલ્પમાં પ્રવર્ત્તતા હોય તેનું ચારિત્ર તે **નિર્વિશમાનસિક પારિહાર વિશુદ્ધિક ચારિત્ર** જાણવું અને બીજું, જે ચાર જણ તેના અનુચારી હોય તેને **નિર્વિષ્ટકાઈક પરિહાર વિશુદ્ધિક ચારિત્ર** જાણવું. તે આ રીતેઃ- નવ જણાનો ગચ્છ જૂદો નીકળે તે તીર્થંકર પાસે અથવા પૂર્વે જેણે તીર્થંકર પાસેથી એ ચારિત્ર પડિવજ્યું હોય તેની પાસે એ ચારિત્ર પડિવજે હવે તે નવ સાધુમાં ચાર જણ પરિહારક એટલે તપના કરનારા થાય તે **નિર્વિશમાનસિક** જાણવા અને ચાર તેના વૈયાવચ્ચના કરનારા થાય તે **નિર્વિષ્ટકાયિક** જાણવા તથા એકને **વાચનાચાર્ય** ગુરુસ્થાનકે ઠાવે પછી તે ચાર પરિહારિક છ માસ સુધી તપ કરે, તેમાં ઉષ્ણકાળે જઘન્યથી ચોથ, મધ્યમથી છઠ્ઠ અને ઉત્કૃષ્ટથી અઠ્ઠમ એવો તપ કરે અને શીત કાળે જઘન્યથી છઠ્ઠ, મધ્યમથી અઠ્ઠમ અને ઉત્કૃષ્ટથી દશમ તથા વર્ષાકાળે જઘન્યથી અઠ્ઠમ, મધ્યમથી દશમ અને ઉત્કૃષ્ટથી દ્વાદશ કરે, પારણે આયંબીલ કલ્પસ્થિતપણે નિત્ય કરે, એમ છ મહિના તપ કરે, તે પછી ફરી ચાર તપસ્યાના કરનાર તે વૈયાવચ્ચીઆ થાય અને વૈયાવચ્ચ કરનાર તપિયા થાય તે પણ છ માસ લગે તપ કરે, તે વાર પછી ગુરુ વાચનાચાર્ય છ માસ લગી તપસ્યા કરે તે વારે આઠ મહિના સુધી તપ સંપૂર્ણ કરી પછી જિનકલ્પ આદરે અથવા ગચ્છમાં પણ આવે, એ તપ જે પ્રથમ સંઘયણી, પૂર્વધર, લબ્ધિવંત હોય તે પ્રચૂર કર્મના પરિપાકને અર્થે અંગીકાર કરે, એ ચારિત્ર પાંચ ભરત, પાંચ ઐરવતમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં હોય. એ પરિહારવિશુદ્ધ ચારિત્રનો સંક્ષેપથી વિચાર કહ્યો.

ચોથું **સૂક્ષ્મસંપરાય ચારિત્ર** સૂક્ષ્મ છે કષાય જ્યાં તેને **સૂક્ષ્મ સંપરાય ચારિત્ર** કહીએ તે ઉપશમશ્રેણીએ કર્મ ઉપશમાવતાં અથવા ક્ષપકશ્રેણીએ કર્મ ખપાવતાં હોય ત્યાં નવમે ગુણઠાણે લોભના સંખ્યાતા ખંડ કરી તેને ઉપશમશ્રેણીવાળો જે હોય તે ઉપશમાવે તથા ક્ષપકશ્રેણીવાળો હોય તે ખપાવે, તે સંખ્યાતા ખંડ માહેલો જે વારે છેલ્લો એક ખંડ રહે તેના અસંખ્યાતા સૂક્ષ્મ ખંડ કરીને દશમે ગુણઠાણે ઉપશમાવે અથવા ક્ષપક હોય તે ખપાવે, દશમા ગુણઠાણાનું નામ સૂક્ષ્મસંપરાય અને ચારિત્રનુ નામ પણ સૂક્ષ્મસંપરાય જાણવુ એ ચારિત્ર બે ભેદ છે, એક શ્રેણી ચઢતાને **વિશુદ્ધ્ય માનસિક** હોય, બીજો ઉપશમ શ્રેણીથી પડતાને **સંકલિષ્ટમાનસિક** જાણવું ઉપશમિકને એ ચારિત્ર આખા સંસારમાં પાંચ વાર અને એક ભવમાં બે વાર આવે.

પાંચમું યથાખ્યાત ચારિત્ર-તે જ્યાં તથાવિધે કરીને અકષાયપણું અર્થાત્ જ્યાં સંજ્વલનાદિક કરી સર્વથા રહિતપણું કહીએ તે **યથાખ્યાત** ચારિત્ર જાણવું તેના બે ભેદ છે. એક છદ્મસ્થિક અને બીજો કેવળિક છદ્મસ્થિક તે છદ્મસ્થ ઉપશમિકને અગિયારમે ગુણઠાણે હોય, અને ક્ષપકને બારમે ગુણપણે હોય, બીજો કેવળી તેને તેરમે અને ચૌદમે ગુણઠાણે હોય, તે કેવળિક જાણવું. એ ચારિત્ર સમસ્ત જીવલોકને વિષે પ્રસિદ્ધ છે. તે કેવી રીતે પ્રસિદ્ધ છે તે કહે છે. જે ચારિત્ર આચરીને સુવિહિત સાધુ તે અજરામર સ્થાનક પામે એટલે જન્મ, જરા અને મરણ રહિત એવું જે મોક્ષરૂપ સ્થાનક તે પામે. ઈતિ સંવરતત્વ.

૭ નિર્જરાતત્વ.

આત્માના પ્રદેશથી, બાર ભેદે તપસ્યાએ કરી, દેશથકી કર્મનું નિર્જરવું, ઝરીને દૂર થવું તેને નિર્જરાતત્ત્વ કહીએ.

નિર્જરા બે પ્રકારે છે ૧ દ્રવ્ય નિર્જરા, ૨ ભાવ નિર્જરા તથા અકામ અને સકામ એવા બે ભેદ પણ છે. પુદ્ગળ કર્મનું જે સડવું તે દ્રવ્ય નિર્જરા અને આત્માનાં શુદ્ધ પરિણામે કરી કર્મની સ્થિતિ જે પોતાની મેળે પાકે અથવા બાર પ્રકારનાં તપે કરી નીરસ કર્યાં એવાં જે કર્મ પરમાણુ તે જેનાથી સડે એવા જે આત્માનાં પરિણામ થાય તે ભાવ નિર્જરા. તિર્યંચાદિકની માફક ઇચ્છા વિના કષ્ટ સહન કરતા કર્મ પુદ્ગળનું ક્ષપન થાય છે, તે દ્રવ્ય અથવા અકામ નિર્જરા. બાર પ્રકારના તપે કરી સંયમી થકાં કષ્ટ સહન કર્યાથી જે કર્મ પરમાણુનું ક્ષપન કરવું અથવા સાડવું તે ભાવ અથવા સકામ નિર્જરા. આ બન્ને નિર્જરામાં ભાવ અથવા સકામ નિર્જરા શ્રેષ્ઠ છે.

તે નિર્જરાતત્ત્વ, બાર પ્રકારના તપના ભેદે કરી કહે છે એટલે બાર પ્રકારનો તપ કરવાથી અનાદિ સંબંધ સર્વ કર્મોનું પરિશાટન થાય છે, તેનેજ નિર્જરાતત્વ કહે છે.

બાર પ્રકારના તપથી કર્મોની નિર્જરા થાય છે. તે તપના બે ભેદ છે. એક બાહ્ય તપ, બીજો અભ્યંતર તપ તેમાં બાહ્ય તપના છ પ્રકાર કહે છે.

૧ **અનશન**-આહારનો ત્યાગ, ૨ **ઉણોદરી**-ન્યૂનતા કરવી-ઉપગરણ અથવા આહાર પાણીમાં ઓછું કરવું, ૩ **વૃત્તિસંક્ષેપ**-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી આજીવિકાનો સંક્ષેપ કરવો એટલે અભિગ્રહ તથા નિયમાદિક ધારવા. ૪ **રસપરિત્યાગ**-વિગયાદિક સારા સારા રસનો ત્યાગ. ૫ **કાયક્લેશ**-તપ, લોચાદિક કષ્ટનું સહન કરવું. કાઉસ્સગ્ગ કરવો. ૬ **પ્રતિસંલીનતા**-અંગ ઉપાંગનું સવરવું ગોપન કરવું **એ છ પ્રકારનો બાહ્ય તપ તે સર્વથી તથા દેશથી એવા બે ભેદે જાણવા જે કષ્ટને મિથ્યાત્વીઓ પણ તપ કરી માને છે. જેને લોક પણ દેખી શકે છે જેથી કષ્ટ ઘણું ને લાભ અલ્પ થાય અને બાહ્ય શરીરને તપાવે તેથી એ છ પ્રકારનો બાહ્ય તપ કહ્યો.**

છ પ્રકારનો અભ્યંતર તપ કહે છે.

૧. **પ્રાયશ્ચિત**-કરેલા અપરાધની શુદ્ધિ કરવી, કપટ રહિતપણે લાગેલા દોષ ગુરુ આગળ પ્રકાશ કરી તેની આલોયણા લેવી. ૨. **વિનય**-ગુર્વાદિકની ભક્તિ કરવી તથા અશાતના ટાળવી. ૩. **વૈયાવચ્ચ**-અન્ન, પાણી, વસ્ત્ર તથા ઔષધ પ્રમુખે કરી યથાયોગ્ય સેવા-ભક્તિ કરવી. ૪. **સજ્ઝાય**-૧. પોતાને ભણવું. શિષ્યાદિકને ભણાવવું તથા વાંચવું. ૨. સંદેહ પડવાથી ગુર્વાદિકને પૂછવું. ૩. શિખેલું વરી સંભારવું. ૪. ધારેલું ચિંતન કરવું. ૫. ધર્મ સંબંધી કથા કહેવી તથા ઉપદેશ કરવો એ પાંચ ભેદ. ૫. **ધ્યાન**-આર્ત, રૌદ્ર એ બે ધ્યાન ટાળી ધર્મ અને શુક્લ એ બે ધ્યાનથી મનની એકાગ્રતાએ અવલંબન કરવું ૬, **કાઉસ્સગ્ગ** કાયા હલાવવી નહિ. તે કાઉસ્સગ્ગ દ્રવ્યે તથા ભાવે એ બે ભેદ છે **એ છ ભેદને સમ્યક્ દૃષ્ટિ જીવ તપ કરી માને. એમ બાર પ્રકારના તપે કરી નિર્જરા તત્ત્વ કહ્યો** ઈતિ.

બંધતત્વ.

આત્માના પ્રદેશોને કર્મ પુદ્ગળનાં દળ, ખીર નીરની પેઠે લોહપિંડ અગ્નિની પેઠે લોલીભુત થઇ બંધાય તેને બંધતત્વ કહીએ.

બંધતત્વના ચાર ભેદ કહે છે.

પ્રકૃતિબંધ-કર્મનો સ્વભાવ તથા પરિણામ. ૨ સ્થિતિ બંધ-જે કર્મની જેટલી સ્થિતિ છે. તે. અનુભાગબંધ-કર્મનો તીવ્ર, મંદાદિ રસ પરિણામરૂપ. ૪ પ્રદેશબંધ-કર્મ પુદ્ગળના પ્રદેશ.

ચાર પ્રકારનો બંધ મોદકને દ્રષ્ટાંતે છે.

૧. પ્રકૃતિબંધ

સુંઠ પ્રમુખ પદાર્થ નાખી મોદક કર્યો હોય તે વાયુ રોગનું હરણ કરે છે. જીરૂં પ્રમુખ ટાઢી વસ્તુ નાખી મોદક કર્યો હોય તે પિત્તરોગનું હરણ કરે છે, ઇત્યાદિક જે દ્રવ્યના સંયોગે કરી તે મોદક નીપજ્યો હોય દ્રવ્યના ગુણાનુસાર તે મોદક વાત, પિત્ત તથા કફાદિ રોગનું હરણ કરે છે તે તેનો સ્વભાવ જાણવો. તેમ જ્ઞાનવરણીય કર્મનો જ્ઞાન અપહારક સ્વભાવ છે. સામાન્ય ઉપયોગરૂપ જે દર્શન તેને નાશ કરવાનો દર્શનાવરણીય કર્મનો સ્વભાવ છે, અનંત અવ્યાબાધ સુખને ટાળવાનો વેદનીય કર્મનો સ્વભાવ છે. સમ્યકત્વ તથા ચારિત્રને ટાળવાનો મોહનીય કર્મનો સ્વભાવ છે અક્ષય સ્થિતિને ટાળવાનો આયુ કર્મનો સ્વભાવ છે, શુદ્દ અવગાહનાને ટાળવાનો નામ કર્મનો સ્વભાવ છે. આત્માના અગુરૂલઘુ ગુણને ટાળવાનો ગોત્ર કર્મનો સ્વભાવ છે અને અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ તથા અનંત વીર્યને ટાળવાનો અંતરાય કર્મનો સ્વભાવ છે.

૨. સ્થિતિ-બંધ

જેમ તે જ મોદકને પક્ષ, માસ, બે માસ, ત્રણ માસ તથા ચાર માસ સુધી રહેવાને કાળનું માન છે, તેમ કોઇક કર્મની જઘન્ય અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટી સીતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય, તે સ્થિતિની વચમાં જે કર્મ જેટલી રહેવાની સ્થિતિએ બાધ્યું હોય તે કર્મ જેટલો કાળ રહે તેને કાળનું અવધારણ એટલે નિશ્ચય કરવારૂપ સ્થિતિ-બંધ કહીયે,

૩. અનુભાગ-બંધ

તે જ મોદક કોઇ મીઠો હોય, કડવો હોય અને કોઇ તીખો હોય તેમ જ કોઇ મોદકનો એકઠાણીઓ રસ હોય, કોઇનો બેઠાણીઓ રસ હોય ઇત્યાદિ અનેક પ્રકારે અલ્પ-વિશેષ હોય છે; તેમ કોઇ કર્મનો શુભ, તીવ્ર, મંદ વિપાક હોય છે અને કોઇ કર્મનો અશુભ તીવ્ર મંદ વિપાક હોય છે, જેમ સાતા-વેદનીયાદિમાં કોઇકનો અશુભ રસ અલ્પ હોય છે અને કોઇકનો અશુભ રસ ઘણો હોય તેને ત્રીજો અનુભાગ બંધ કહીએ.

૪. પ્રદેશ-બંધ

તે જ મોદક કોઈ અલ્પદળથી થયો હોય, કોઈ બહું દળથી થયો હોય અને કોઈ બહુતર દળથી થયો હોય તેમ કોઈ કર્મપુદ્ગળનાં દળ થોડાં હોય છે અને કોઈનાં વધારે હોય છે. તેનું પરિણામ તે પ્રદેશબંધ.

આઠ કર્મ ઉપર પ્રકૃતિ તથા સ્થિતિ

૧ જ્ઞાનાવરણીય કર્મ-આંખના પાટા સમાન, તેની પાંચ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંત મુહૂર્તની, ઉત્કૃષ્ટી ત્રીશ કોડાકોડી સાગરોપમની

૨ દર્શનાવરણીયકર્મ-પોળીઆ સમાન. તેની નવ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી ત્રીશ કોડાકોડી સાગરોપમની.

૩ વેદનીયકર્મ-મધે તથા અફીણે ખરડયા ખડગ સમાન તેની બે પ્રકૃતિ. સ્થિતિ જઘન્ય ૨ સમયની, ઉત્કૃષ્ટી ત્રીસ કોડાકોડી સાગરોપમની.

૪ મોહનીયકર્મ-મદિરાના છાક સમાન, તેની અઠ્ઠાવીશ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંત-મુંહુર્તની ઉત્કૃષ્ટી સીતેર કોડાકોડી સાગરોપમની.

૫ આયુષ્યકર્મ-હેડ સમાન, તેની ચાર પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી તેત્રીસ કોડાકોડી સાગરોપમની.

૬ નામકર્મ-ચિતારા સમાન, તેની એકસો ત્રણ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય આઠ મુહુર્તની, ઉત્કૃષ્ટી વીશ કોડાકોડી સાગરોપમની.

૭ ગોત્રકર્મ-કુંભારના ચાકડા સમાન. તેની બે પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્તની, ઉત્કૃષ્ટી વીશ કોડાકોડી સાગરોપમની.

૮ અંતરાય કર્મ-ભંડારી સમાન, તેની પાંચ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી ત્રીસ કોડાકોડી સાગરોપમની.

૩ અનુભાગબંધ સંક્ષેપથી બતાવે છે-રાગાદિગ્રસ્ત જીવ, અભવ્ય જીવની રાશિથી અનંત ગુણા અને સિદ્ધના જીવોની રાશિને અનંતમે ભાગે એટલા પરમાણુઓ નિષ્પન્ન કર્મ સ્કંધ સમય સમય પ્રત્યે ગ્રહણ કરે છે તે દળીઆને વિષે પરમાણુ દીઠ કષાયના વશથી સર્વ જીવની રાશિથી અનંત ગુણા રસ વિભાગના પરિચ્છેદ હોય, તે રસ તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ તથા મંદ મંદતર, મંદતમાદિ અનેક પ્રકારે હોય. ત્યાં અશુભ બ્યાશી પાપ પ્રકૃતિનો તીવ્ર સંકલેશ પરિણામે કરી બંધાય અને શુભ બેતાલીસ પુણ્ય પ્રકૃત્તિનો તીવ્રરસ વિશુદ્ધિએ કરી બંધાય તથા મંદરસાનુબંધ તેથી વિપર્યય હોય તે આવી રીતે-શુભ પ્રકૃતિનો મંદરસ સંકલેશ પરિણામે કરી બંધાય અને અશુભ પ્રકૃતિનો મંદરસ વિશુદ્ધિએ કરી બંધાય.

પ્રદેશબંધ સંક્ષેપથી કહે છે તે-લોકને વિષે ૧ ઔદારિક ૨ વૈક્રિય ૩ આહારક, ૪ તૈજસ, ૫ ભાષા, ૬ શ્વાસોશ્છ્વાસ ૭ મન અને ૮ કાર્મણ એ આઠ જાતિની કર્મની વર્ગણા છે. તે એકેકી વર્ગણા જીવને ગ્રહણ યોગ્ય તથા અગ્રહણ યોગ્ય એવા બે પ્રકારે છે

પ્રથમ બે પ્રદેશથી માંડીને અભવ્યથી અનંત ગુણાધિક પ્રદેશ લગી ઔદારિક વર્ગણા તે થોડા પ્રદેશ અને સ્થૂળ માટે જીવને અગ્રહણ યોગ્ય વર્ગણા જાણવી. બીજી ઔદારિક ગ્રહણ કરવા યોગ્ય તે પણ અનંતી વર્ગણા જાણવી. ત્યાર પછી ઘણા પ્રદેશ અને સૂક્ષ્મ પરિણામ માટે ઔદારિકને અગ્રહણ યોગ્ય તથા વૈક્રિયની અપેક્ષાએ થોડા પ્રદેશ અને સ્થૂળ પરિણામ માટે વૈક્રિયને પણ અગ્રહણ યોગ્ય-એમ બેઉને ગ્રહણ કરવાને અયોગ્ય તે પણ અભવ્યથી અનંત ગુણાધિક વર્ગણા જાણવી. ત્યાર પછી વૈક્રિયને ગ્રહણ યોગ્ય વર્ગણા જાણવી. એમ સર્વ આઠ જાતિની વર્ગણા તે વિષે ગ્રહણ યોગ્ય અને અગ્રહણ યોગ્ય વર્ગણા જાણવી. ઇતિ બંધતત્ત્વ.

૯ મોક્ષતત્ત્વ

સકળ આત્માના પ્રદેશથી, સકળ કર્મનું છૂટવું, સકળ બંધનથી મુકાવું, સકળ કાર્યની સિદ્ધિ થાય તેને મોક્ષતત્ત્વ કહીએ.

પંદર ભેદે સિદ્ધિ થાય છે તે કહે છે.

૧ તીર્થસિદ્ધા-તીર્થંકરને કેવળજ્ઞાન ઉપજ્યા પછી જે મોક્ષ ગયા તે ગણધર પ્રમુખ

૨ અતીર્થસિદ્ધા-તીર્થંકરને કેવળજ્ઞાન ઉપજ્યા પહેલાં જે મોક્ષ ગયા તે, મારૂદેવી માતા પ્રમુખ.

૩ તીર્થંકરસિદ્ધા-તીર્થંકર પદવી પામીને મોક્ષ ગયા તે, તે ઋષભાદિક અરિહંત ભગવાન

૪ અતીર્થંકરસિદ્ધા-તીર્થંકર પદ પામ્યા વિના સામાન્ય કેવળી થઇ મોક્ષ ગયા તે.

૫ ગૃહસ્થલિંગસિદ્ધા-ગૃહસ્થના વેષે રહ્યા થકા મોક્ષ ગયા તે મારૂદેવી માતા પ્રમુખ

૬ અન્યલિંગસિદ્ધા-યોગી, સંન્યાસી પ્રમુખ તાપસના વેષે મોક્ષ ગયા તે વલ્કલચીરી આદિ.

૭ સ્વલિંગસિદ્ધા-સાધુના વેષે મોક્ષ ગયા તે, શ્રી જંબૂસ્વામી વગેરે સાધુ મુનિરાજો.

૮ સ્ત્રીલિંગસિદ્ધા-સ્રી લિંગે મોક્ષ ગયા તે, ચંદનબાળા આદિ.

૯ પુરુષલિંગસિદ્ધા-પુરુષ લિંગે મોક્ષ ગયા તે, ગૌતમાદિક.

૧૦ નપુંસકલિંગસિદ્ધા-નપુંસક લિંગે મોક્ષ ગયા તે, ગાંગેય અણગાર પ્રમુખ.

૧૧ પ્રત્યેકબુદ્ધસિદ્ધા-કોઇ પદાર્થ દેખીને પ્રતિબોધ પામવાથી પોતાની મેળે ચારિત્ર લઇ મોક્ષ ગયા તે. કરકંડુ પ્રમુખ.

૧૨ સ્વયંબુદ્ધાસદ્ધા-ગુરુના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણ આદિ જ્ઞાનથી પ્રતિબોધ પામી મોક્ષ ગયા તે, કપિલ આદિ.

૧૩ બુદ્ધબોહીસિદ્ધા-ગુરુનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી મોક્ષ ગયા તે.

૧૪ એક સિદ્ધા-એક સમયમાં એક જ જીવ મોક્ષ ગયો તે, મહાવીર સ્વામી.

૧૫ અનેકસિદ્ધા-એક સમયમાં ઘણા જીવ મોક્ષ ગયા તે ઋષભાદિક સ્વામી પ્રમુખ.

એ પંદર ભેદ સિદ્ધના જાણવા યદ્યપિ તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ એ ભેદમાં બીજા તેર ભેદ આવી જાય છે, તથાપિ વિશેષ દેખાડવા સારૂ ૧૫ ભેદ કહ્યા.

૪ પ્રકારે જીવ મોક્ષ જાય તે કહે છે.

૧ જ્ઞાને કરી, ૨ દર્શને કરી, ૩ ચારિત્રે કરી, ૪ તપે કરી,

મોક્ષના નવ દ્વાર કહે છે.

૧ સત્પદપ્રરૂપણાદ્વાર ૨ દ્રવ્યદ્વાર. ૩ ક્ષેત્રદ્વાર, ૪ સ્પર્શનાદ્વાર, ૫ કાળદ્વાર, ૬ અંતરદ્વાર, ૭ ભાગદ્વાર, ૮ ભાવદ્વાર, અલ્પબહુત્વદ્વાર એ નવનાં નામ કહ્યાં. (૧) સત્પદરૂપણાદ્વાર તે મોક્ષ ગતિ પૂર્વ કાળે હતી, હમણાં પણ છે. આવતા કાળે હશે, તે છતી અસ્તિ છે, પણ આકાશના ફૂલની પરે નાસ્તિ નથી. (૨) દ્રવ્ય પ્રમાણે તે સિદ્ધ અનંતા છે. અભવ્ય જીવથી અનંતગુણા અધિક છે. વનસ્પતિ વર્જીને ૨૩ દંડકથી સિદ્ધના જીવ અનંતગુણા અધિક છે. (૩) ક્ષેત્રદ્વાર તે સિદ્ધશિલાની ઉચે છે, તે ૪૫ લાખ જોજન લાંબુ પહોળું છે અને ત્રિગુણુ ઝાઝેરી પરિધી છે અને ઊંચપણે ૩૩૩ ધનુષ્યને ૩૨ આંગળ પ્રમાણે એટલા ક્ષેત્રમાં સિદ્ધ રહ્યા છે. (૪) સ્પર્શના દ્વાર તે સિદ્ધ ક્ષેત્રથી કાંઈક અધિકી સિદ્ધની સ્પર્શના છે. (૫) કાળદ્વાર તે એક સિદ્ધ આશ્રયી સાદિ અનંત, સર્વ સિદ્ધ આશ્રયી અનાદી અનંત (૬) અંતરદ્વાર-તે ફરી સિધ્ધને સંસારમાં અવતરવું નથી અને એક સિદ્ધ ત્યાં અનંત સિદ્ધ છે અને અનંત સિધ્ધ ત્યાં એક સિધ્ધ છે એટલે સિધ્ધોમાં અંતર નથી. એટલે સિધ્ધક્ષેત્રમાં કોઈ જગ્યા સિધ્ધ વગરની નથી. (૭) ભાગદ્વાર તે સઘળા જીવને સિધ્ધના જીવ અનંતમે ભાગે છે, લોકને અસંખ્યાતમે ભાગે છે. (૮) ભાગદ્વાર તે સિધ્ધમાં ક્ષાયિકભાવ, કેવળજ્ઞાન કેવળદર્શન, ક્ષાયિક સમકિત છે અને પારિણામિક ભાવ તે સિધ્ધપણું જાણવું (૯) અલ્પબહુત્વદ્વાર તે સર્વથી થોડા નપુંસક સિધ્ધ તેથી સ્ત્રી સંખ્યાતગુણી સિધ્ધ તેથી પુરુષ સંખ્યાતગુણા સિધ્ધ. એક સમયે નપુંસક ૧૦ સિધ્ધ થાય, સ્ત્રી ૨૦ સિધ્ધ થાય, પુરુષ ૧૦૮ સિધ્ધ થાય.

ચૌદ બોલ કહે છે

૧ ત્રસપણે, ૨ બાદરપણે, ૩ સંજ્ઞીપણે, ૪ વજ્રઋષભનારાચ સંઘયણપણે, ૫ શુક્લધ્યાનપણે, ૬ મનુષ્યગતિ, ૭ ક્ષાયિક સમકિત, ૮ યથાખ્યાત ચારિત્ર, ૯ પંડિતવીર્ય ૧૦ કેવળજ્ઞાન, ૧૧ કેવળદર્શન, ૧૨ ભવ્યસિદ્ધિક, ૧૩ પરમશુક્લલેશી, ૧૪ ચરમ શરીરી. એ ચૌદ બોલનો ધણી મોક્ષ જાય. જઘન્ય બે હાથની અવઘેણાવાળો, ઉત્કૃષ્ટી પાંચસે ધનુષની અવઘેણાવાળો, જઘન્ય નવ વરસનો, ઉતકૃષ્ટ પૂર્વ કોડીના આયુષ્યવાળો, કર્મભૂમિનો હોય તે મોક્ષમાં જાય. ઇતિ મોક્ષતત્ત્વ ઇતિ નવતત્ત્વ સંપૂર્ણ.

મંગલ સ્તોત્રો

અર્હંતો ભગવંત ઇંદ્ર મહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધ સ્થિતાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ॥

———

બ્રાહ્મી ચંદનબાલિકા ભગવતી, રાજીમતી, દ્રૌપદી;
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા, સીતા સુભદ્રા શિવા,
કુંતિ શીલવતી નલસ્યદયિતા, ચૂલા પ્રભાવત્યપિ,
પદ્માવત્યપિ સુંદરી પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ॥

———

વીરઃ સર્વ સુરા સુરેંદ્ર મહિતો, વીરં બુધાઃ સંશ્રિતા;
વીરેણાભિહતઃ સ્વકર્મ નિચયો, વીરાય, નિત્યં નમઃ ।
વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં; વીરસ્ય ઘોરં તપો,
વીરે શ્રી ધૃતિ કીર્તિ કાંતિ નિચય, શ્રી વીરભદ્રં દિશઃ ॥

———

અથ શ્રી લઘુદંડક.

(आर्या)

सरीरोगाहण संघयण, संठाण कसाय तह् हुंति सन्नाओ ॥
लेसिंदिय समुग्घाए, सन्नि वेदे य पज्जत्ति ॥ १ ॥
दिट्ठि दंसण नाम अनाणे, जोगुवओगे तहा किमाहारे ॥
उववाय ठिइ समुहाओ, चवण गइ आगइ चेव ॥ २ ॥

એ બે ગાથા સૂત્ર પાઠે કહી. તેમાં ચોવીસ દ્વાર કહ્યા. તે ચોવીસ દ્વાર અર્થ સહિત કહે છે.

(શરીર કે૦) શરીર પાંચ. ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ અને ૫ કાર્મણ ॥ ૧ ॥

(ઓગાહણ કે૦) અવઘેણા, ઔદારિકની અવઘેણા જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટી એક હજાર જોજન ઝાઝેરી, કમળના ડોડાને ન્યાયે જાણવી, વૈક્રિયની ભવધારણી અવઘેણા જ૦ આંગળનો અસંખ્યાતમો ભાગ અને વૈક્રિયની ઉ૦ અવગેહના—નારકીઆશ્રી ૫૦૦ ધનુષ્ય, દેવઆશ્રી ૭ હાથ ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અગુંલનો સંખ્યાતમો ભાગ, ઉ૦ નારકીઆશ્રી ૧૦૦૦ ધનષ્ય અને દેવઆશ્રી એક લાખ જોજન ઝાઝેરી. ૩ આહારકની અવઘેણા જ૦ મુઢા હાથની અને ઉ૦ એક હાથની ૪-૫ તૈજસ અને કાર્મણની અવઘેણા જ૦ આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉ૦ ચૌદ રાજ લોક પ્રમાણે તે કેવળ સમુદ્‌ઘાતની અપેક્ષાએ તથા પોતપોતાના શરીર પ્રમાણે જાણવી ॥ ૨ ॥

(સંઘયણ કે૦) સંઘયણ છ. ૧ વજ્રઋષભનારાચ સંઘયણ, ૨ ઋષભનારાચ સં૦, ૩ નારાચ સં૦, ૪ અર્ધનારાચ સં૦, ૫ કિલિકુ સં૦, અને ૬ છેવટ્ઠુ સંઘયણ ॥ ૩ ॥

(સંઠાણ કે૦) સંસ્થાન છ,—૧ સમચઉરસ સંસ્થાન, ૨ નિગ્રોહ પરિમંડળ સં૦ ૩ સાદિ સં૦, ૪ વાંમન સં૦ ૫ કુબ્જ સં૦, ૬ હુંડ સંસ્થાન ॥ ૪ ॥

(કષાય કે૦) કષાય ચાર—૧ ક્રોધ, ૨ માન, ૩ માયા અને ૪ લોભ ॥ ૫ ॥ (તહહુંતિ કે૦) તેમજ આગળ કહેશે, તે પ્રકારે હોય.

(સન્નાઓ કે૦) ચાર—૧ આહાર સંજ્ઞા, ૨ ભય સંજ્ઞા, ૩ મૈથુન સંજ્ઞા અને ૪ પરિગ્રહ સંજ્ઞા ॥ ૬ ॥

(લેસ કે૦) લેશ્યા છ—૧ કૃષ્ણ લેશ્યા, ૨ નીલ લેશ્યા, ૩ કાપોત લેશ્યા, ૪ તેજુ લેશ્યા ૫ પદ્મ લેશ્યા અને ૬ શુકલ લેશ્યા ॥ ૭ ॥

ઇંદ્રિય પાંચ-૧ શ્રોતેંદ્રિય, ૨ ચક્ષુઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય ૪ રસેંદ્રિય અને ૫ સ્પર્શેંદ્રિય ॥ ૮ ॥

(સમુગ્ઘાએ કે૦) સમુદ્‌ઘાત સાત-૧ વેદની સમુદ્‌ઘાત, ૨ કસાય સ૦, ૩ મારણાંતિક સ૦, ૪ વૈક્રિય સ૦, ૫ તૈજસ સ૦, આહારક સ૦, અને ૭ કેવળ સમુદ્‌ઘાત ॥ ૯ ॥

(સન્ની કે૦) સંજ્ઞી અને અસંજ્ઞી,-તેમાં જેને મન હોય તે સંજ્ઞી અને મન ન હોય તે અસંજ્ઞી ॥ ૧૦ ॥

(વેદ કે૦) વેદ ત્રણ-૧ સ્ત્રી વેદ, ૨ પુરૂષ વેદ અને ૩ નપુંસક વેદ ॥ ૧૧ ॥

(ય કે૦) વળી (પજ્જત્તિ કે૦) પર્યાપ્તિ છ તે-૧ આહાર પર્યાપ્તિ, ૨ શરીર પ૦, ૩ ઇંદ્રિય પ૦, ૪ શ્વાસોશ્છ્‌વાસ પ૦, ૫ ભાષા પ૦ અને ૬ મન પર્યાપ્તિ ॥ ૧૨ ॥

છ પર્યાપ્તિનું સ્વરૂપ દર્શાવે છે.

પુદ્‌ગલના ઉપચયથી થયો જે હેતુ શકિત વિશેષ તેને પર્યાપ્તિ કહે છે. એના બે ભેદ છે-એક લિબ્ધપર્યાપ્તિ અને બીજી કરણપર્યાપ્ત. જે કર્મના ઉદયથી આરંભેલી સ્વયોગ્ય પર્યાપ્તિ સર્વ પૂરી કરી નથી, પણ કરશે. તેને લબ્ધિપર્યાપ્તિ કહે છે અને જેણે સ્વયોગ્ય પર્યાપ્તિ સર્વ પૂરી કરી લીધી હોય તેને કરણપર્યાપ્ત કહે છે.

અપર્યાપ્તિ પણ બે પ્રકારની છે-એક લબ્ધિ અપર્યાપ્તિ, બીજી કરણ અપર્યાપ્તિ. આરંભેલી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરે નહિ તેને લબ્ધિ અપર્યાપ્ત કહે છે અને જે સ્વયોગ્ય પર્યાપ્તિ સર્વ પૂરી કરશે. પણ હજી કીધી નથી, તેને કરણ અપર્યાપ્તિ કહે છે.

પર્યાપ્તિ છ પ્રકારે છે હરેક જીવને ભવાંતરની ઉત્પત્તિ સમયે જે શક્તિવડે આહાર લઇને તેને રસપણે પરિણમાવવાની જે શક્તિ વિશેષ તેને આહારપર્યાપ્તિ કહે છે. પછી તે રસરૂપ પરિણામને રસ, રૂધિર. માંસ. મેદ, અસ્થિ, મજ્જા તથા વીર્ય એ સાત ધાતુપણે પરિણમાવીને શરીર બાધવાની જે શકિત વિશેષ તેને શરીરપર્યાપ્તિ કહે છે. પછી તે સાત ધાતુપણે પરિણમાવ્યો જે રસ, તે જેને જેટલાં દ્રવ્ય ઇંદ્રિય જોઇએ તેને તેટલાં ઇંદ્રિયપણે પરિણમાવવાની જે શકિતવિશેષ તેને ઇંદ્રિયપર્યાપ્તિ કહે છે, પર્યાપ્તિ એ શબ્દ સર્વ સાથે જોડવો કેમકે એ કહેલી ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના કોઇ જીવ મરણ પામે નહિ, માટે પર્યાપ્તિ શબ્દ વચમાં કહ્યો છે. એ ત્રણ પર્યાપ્તિ બાંધીને પછી શ્વાસોશ્છ્‌વાસપણે યોગ્ય વર્ગણાનાં દલિક લઇ, શ્વાસોશ્છ્‌વાસપણે પરિણમાવીને અવલંબી મૂકવાનો જે શકિત વિશેષ તેને શ્વાસોશ્છ્‌વાસ પર્યાપ્તિ કહે છે ભાષાયોગ્ય પુદ્‌ગળ લઇ ભાષાપણે પરિણમાવીને અવલંબી મૂકવાનો જે શક્તિવિશેષ તેને ભાષાપર્યાપ્તિ કહે છે અને મનોવર્ગણા યોગ્ય પુદ્‌ગળ લઇ મનપણે પરિણમાવીને અવલંબી મૂકવાનો જે શકિતવિશેષ તેને મન પર્યાપ્તિ કહે છે એવી રીતે છ પ્રકારે પર્યાપ્તિ કહી છે.

આહાર પર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇંદ્રિયપર્યાપ્તિ તથા શ્વાસોશ્છ્‌વાસપર્યાપ્તિ એ ચાર પર્યાપ્તિ એકેંદ્રિયને હોય ને તે ચાર પર્યાપ્તિઓની સાથે પાંચમી ભાષા પર્યાપ્તિ જોડીને પાંચ પર્યાપ્તિ તે વિકલેંદ્રિય એટલે બેઇંદ્રિય તેઇંદ્રિય તથા ચૌરિંદ્રિય પ્રત્યેકને હોય, એ જ પાંચ પર્યાપ્તિઓ અસંજ્ઞી પંચેદ્રિયને હોય અને છ એ પર્યાપ્તિઓ સંજ્ઞી પંચેંદ્રિયને હોય.

(દિટ્ઠ કે૦) દૃષ્ટિ ત્રણ ૧ સમકિતદૃષ્ટિ, ૨ મિથ્યાત્વદૃષ્ટિ, અને ૩ સમામિથ્યાત્વદૃષ્ટિ ।। ૧૩ ।।

(દંસણ કે૦) દર્શન ચાર. ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન, ૪ કેવળદર્શન ।। ૧૪ ।।

(નાણ કે૦) જ્ઞાન પાંચ. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતિજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન અને ૫ કેવળજ્ઞાન ।। ૧૫ ।।

(અન્નાણે) કે૦) અજ્ઞાન ત્રણ. ૧ મતિ અજ્ઞાન ૨ શ્રુત અજ્ઞાન અને ૩ વિભંગ જ્ઞાન ।। ૧૬ ।।

(જોગ કે૦) યોગ પંદર. ૪ મનના ૪ વચનના અને ૭ કાયાના તેમાં ૧ સત્ય મનયોગ, ૨ અસત્ય મ૦, ૩ મિશ્ર મ૦ અને ૪ વ્યવહાર મ૦ એ ચાર મનના જાણવા તથા ૧ સત્ય વચનયોગ, ૨ અસત્ય, વ૦ ૩ મિશ્ર વ૦, ૪ વ્યવહાર વ૦ એ ચાર વચનના જાણવા. તથા ૧ ઔદારિક ૨ ઔદારિકનો મિશ્ર, ૩ વૈક્રિય, ૪ વૈક્રિયનો મિશ્ર, ૫ આહારક, ૬ આહારકનો મિશ્ર, અને ૭ કાર્મણકાય યોગ એ સાત કાયાના જાણવા. સર્વે મળી પંદર યોગ જાણવા ।। ૧૭ ।।

(ઉવયોગ કે૦) ઉપયોગ બાર, તે પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન એ બાર ઉપયોગ જાણવા. ।। ૧૮ ।।

(તહા કિમાહારે કે૦) તેમ જ અનુક્રમે આહાર લે. જ૦ ત્રણ દિશિનો અને ઉ૦ છ દિશિનો. ત્રણ દિશિ તે ૧ ઊંચી, ૨ નીચી અને ૩ તીરછી, અને છ દિશિ તે ૧ પૂર્વ ૨ પશ્ચિમ, ૩ ઉત્તર ૪ દક્ષિણ, ૫ ઊંચી અને ૬ નીચી. તથા ત્રણ પ્રકારનો આહાર લે તે ૧ સચિત ૨ અચિત અને ૩ મિશ્ર. તથા ત્રણ પ્રકારનો આહાર લે તે ૧ ઓજ, ૨ રોમ અને ૩ કવળ એ ત્રણ પ્રકારનો આહાર ।। ૧૯ ।।

(ઉવવાય કે૦) કેટલા દંડકનો આવીને ઉપજે ? તે આગળ કહેવાશે ।। ૨૦ ।।

(ઠિઇ કે૦) સ્થિતિ. તે જ૦ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની. તે સ્થિતિ આગળ કહેવાશે ।। ૨૧ ।।

(સમુહાએ કે૦) ૧ સમોહિયા મરણ, ૨ અસમોહિયા મરણ, તેમાં સમોહિયા મરણ તે કીડીની હારની પેઠે જીવના પ્રદેશ છૂટા છૂટા નીકળે તે અને અસમોહિયા મરણ તે બંદૂકના ભડાકાની પેઠે જીવના પ્રદેશ સામટા નીકળે તે. ।। ૨૨ ।।

(ચવણ કે૦) કેટલા દંડકમાં ચવીને જાય તે આગળ કહેવાશે ।। ૨૩ ।।

(ગઇ કે૦) ગતિ પાંચ, તે ૧ નરકની, ૨ તિર્યંચની. ૩ મનુષ્યની, ૪ દેવતાની અને ૫ સિદ્ધની. તેમાં જે જવું તે ગતિ.

(આગઇ કે૦) આવવું તે આગતિ, તે ચાર પ્રકારની. ૧ નરકની ૨ તિર્યંચની ૩ મનુષ્યની અને ૪ દેવતાની (ચેવ કે૦) નિશ્ચે એ બે ગાથાનો અર્થ કહ્યો ।। ૨૪ ।।

પ્રાણ દશ, તેમાં પંચેંદ્રિના પાંચ પ્રાણ. તે ૧ શ્રોત્રેંદ્રિય; ૨ ચક્ષુઈંદ્રિય, ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય, અને ૫ સ્પર્શેંદ્રિય ૬ મનબળ, ૭ વચનબળ, ૮ કાયાબળ ૯ શ્વાસોશ્વાસ અને ૧૦ આઉખું એ દશ. એ પચ્ચીસ દ્વાર કહ્યા. ।। ૨૫ ।।

ચોવીશ દંડકના નામ કહે છે.

પ્રથમ નારકીનો દંડક તે સાત નરકનાં નામ કહે છે. ૧ ધમા, ૨ વંસા, ૩ શીલા, ૪ અંજણા, ૫ રિઠ્ઠા, ૬ મઘા અને ૭ માઘમતી, તેનાં ગોત્ર કહે છે. ૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમપ્રભા, અને ૭ તમત્તમાપ્રભા એ સાત મળી એક દંડક થયો.

દશ ભવનપતિના દશ દંડક, ૧ અસુરકુમાર, ૨નાગ કુ૦ ૩ સુવર્ણ કુ૦, ૪ વિદ્યુત કુ૦ ૫ અગ્નિ કુ૦, ૬ દ્વિપ કુ૦, ૭ ઉદધિ કુ૦ ૮ દિશા કુ૦, ૯ પવન કુ૦, અને ૧૦ સ્તનિતકુમાર.

પાંચ થાવરના પાંચ દંડક. ૧ ઇંદિ થાવરકાય, ૨ બંભી થા૦, ૩ સપિ થા૦, ૪ સુમતિ થા૦, અને ૫ પયાવચ્ચ થાવરકાય. તેનાં ગોત્ર કહે છે, ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાયુકાય અને ૫ વનસ્પતિકાય.

ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક. ૧ બેઇંદ્રિય, ૨ તેઇંદ્રિય અને ૩ ચૌરેંદ્રિય.

વીશમો તિર્યંચ પચેંદ્રિયનો દંડક. તિર્યંચ પંચેંદ્રિયના પાંચ ભેદ. તે ૧ જળચર, ૨ સ્થળચર, ૩ ઉરપર ૪ ભુજચર, અને ૫ ખેચર, જળચર તે કોને કહીએ? જે જળમાં ચાલે તેને જળચર કહીએ, તેના અનેક ભેદ. મચ્છ કચ્છગાહા, મગર, સુસુમાર પ્રમુખ ॥૧॥ જે પૃથ્વી ઉપર ચાલે તેને સ્થળચર કહીએ, તેના ચાર ભેદ. ૧ એકખુરા, ૨ દોખુરા, ૩ ગંડિપયા અને ૪ સણુપયા તેમાં એકખુરા તે ઘોડા, ખર પ્રમુખ, દોખુરા તે ગાય, ભેંસ પ્રમુખ. ગંડિપયા તે સુંવાળા પગ, સોનીની એરણને ઘાટે પગ તે હાથી, ગેંડા પ્રમુખ સણુપયા તે નહોરવાળા જીવ તે સિંહ, વાઘ, ચિત્તા, કુતરા, બીલાડા પ્રમુખ એ સ્થળચરના ૪ ભેદ જાણવા. ॥ ૨ ॥ ઉરપર તે હૈયાપર ચાલે તે સર્પની જાત. તેની બે જાત. એક ફેણ માંડે તે અને બીજી ફેણ ન માંડે તે. ॥ ૩ ભુજપર સર્પ તે ભુજાયે તથા હૈયાભર ચાલે તે ભુજપર સર્પ, તેના અનેક ભેદ નોળ કોળ, કાકિંડા, ઘોહ, ઉંદર, ખિસકોલી પ્રમુખ ॥ ૪ ॥ ખેચર તે જે આકાશે ચાલે તે પંખીની જાતિ તે પંખીના ચાર ભેદ, ૧ ચર્મ પંખી ૨ રોમ પંખી, ૩ વિતત પંખી, ૪ સમુગ પંખી, ચર્મ પંખી તે ચામડાની પાંખે તે છાપા, વાગુલ પ્રમુખ ॥ ૧ ॥ રોમ પંખી તે રોમરાયની પાંખ તે સુડા, ચકલાં, પારેવા પ્રમુખ ॥ ૨ ॥ એ બે પંખી અઢી દ્વીપમાંહી અને અઢી દ્વીપ બહાર છે. વિતત પંખી, તે જેની પાંખ પહોળી જ રહે તે વિતત પંખી, કહીએ. પંખી, તે જેની પાંખ ડાબડાની પેઠે બીડી રહે તે સમુગ પંખી કહીએ. એ બે પંખી અઢી દ્વીપ બહાર જ છે. એ પાંચ તિર્યંચ પંચેંદ્રિય, સંમૂર્છીમ અને ગર્ભજ જાણવા. એ વીશમો તિર્યંચ પંચેદ્રિયનો દંડક થયો.

એકવીશમો મનુષ્ય પંચેંદ્રિયનો દંડક, તે મનુષ્ય પંચેન્દ્રિયના ૪ ભેદ-૧ પંદર કર્મભૂમિના મનુષ્ય, ૨ ત્રીશ અકર્મ ભૂમિના મનુષ્ય, ૩ છપ્પન અંતર્દ્વીપના મનુષ્ય અને ૪ ચૌદ સ્થાનકના સંમૂર્છીમ મનુષ્ય, કર્મભુમિ તે કોને કહીએ ? જ્યાં અસિ, મસિ, અને કૃષિ એ ત્રણ પ્રકારના વ્યાપાર છે. તે ૧ (અસિ કે૦) તરવાર પ્રમુખ હથિયારનું બાંધવું, ૨ (મસિ કે૦) લખવાનો વ્યાપાર કરવો, ૩ (કૃષિ કે૦) ખેતીવાડી પ્રમુખ વ્યાપાર કરવો એ ત્રણ પ્રકારના વ્યાપારે કરીને જે જીવે, તે કર્મભૂમિના મનુષ્ય કહીએ તે કર્મભુમિનાં ક્ષેત્ર કેટલાં ? પાંચ ભરત, પાંચ ઐરવત પાંચ મહાવિદેહ, એ પંદર ક્ષેત્ર કર્મભુમિનાં છે.

તે કયે કયે ઠેકાણે છે ? તે કહે છે. એક લાખ જોજનનો જબૂંદ્વીપ છે. તેમાં એક ભરત, એક ઐરવત, અને એક મહાવિદેહ, એ ત્રણ કર્મભૂમિના ક્ષેત્ર, જંબૂદ્વીપ મધ્યે છે. તે જંબૂદ્વીપને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે તેને ફરતો ચાર લાખ જોજનનો ધાતકીખંડ દ્વીપ છે, તેમાં બે ભરત, બે ઐરવત અને બે મહાવિદેહ, એ છ ક્ષેત્ર ધાતકીખંડ મધ્યે છે, તેને ફરતો આઠ લાખ જોજનનો કાળોદધિ સમુદ્ર છે, તેને ફરતો આઠ લાખ જોજનનો પુષ્કરાર્ધ દ્વીપ છે તેમાં બે ભરત, બે ઐરવત અને બે મહાવિદેહ, એ છ પુષ્કરાર્ધ દ્વીપ મધ્યે છે. એ પંદર કર્મભુમિ કહ્યાં.

ત્રીશ અકર્મભુમિ, અકર્મભૂમિનાં મનુષ્ય તે કોને કહીએ ? જ્યાં અસિ, મસિ અને કૃષિ એ ત્રણ વ્યાપાર નથી અને દશ પ્રકારનાં કલ્પવૃક્ષે કરીને જીવે, તે અકર્મભૂમિનાં મનુષ્ય કહીએ. તે કયા કયા ? પાંચ હેમવય, પાંચ હિરણવય, પાંચ હરિવાસ પાંચ રમ્યકવાસ, પાંચ દેવકુરૂ અને પાંચ ઉતરકુરૂ એ ત્રીશ તે કયે કયે ઠેકાણે છે ? એક હેમવય, એક હિરણવય, એક હરિવાસ, એક રમ્યકવાસ, એક દેવકુરૂ એક ઉત્તરકુરૂ એ છ જુગલિયાનાં ક્ષેત્ર જંબૂદ્વીપ મધ્યે છે. એથી બમણા એટલે બાર ક્ષેત્ર ધાતકિખંડમાં છે. તેમજ બાર ક્ષેત્ર પુષ્કરાર્દ્ધ દ્વીપમાં છે. એ ત્રીશ અકર્મભુમિ કહ્યાં.

છપ્પન અંતરદ્વીપ તે કોને કહીએ ? લવણ સમુદ્રના પાણી ઉપર, અંતર સહિત ડાઢામાં દ્વીપ ઉપર રહેનાર, માટે અંતરદ્વીપના મનુષ્ય કહીએ. તે કયાં છે ? ભરત ક્ષેત્રની મર્યાદાનો કરનાર પીળા સુવર્ણનો ચુલહિમવંત નામે પર્વત છે, તે એકસો જોજનનો ઊંચો છે, એકસો ગાઉનો ઊંડો છે તથા એક હજાર બાવન જોજન અને બાર કળાનો પહોળો છે, ચોવીશ હજાર નવસેં બત્રીશ જોજનનો લાંબો છે, તેને પૂર્વ પશ્ચિમને છેડે બબે ડાઢા નીકળી છે, તે એકેકી ડાઢા ચોરાશીસેં ચોરાશીસેં × જોજનથી અઝેરી લાંબી છે. તે એકેકી ડાઢા ઉપર સાત સાત અંતરદ્વીપ છે. જગતીથી ડાઢા ઉપર ત્રણસેં જોજન જઈએ ત્યારે ત્રણસેં જોજનનો લાંબો પહોળો પહેલો દ્વીપ આવે ॥ ૧ ॥ ત્યાંથી ચારસેં જોજન જઈએ, ત્યારે ચારસેં જોજનનો લાંબો પહોળો બીજો દ્વીપ આવે ॥ ૨ ॥ ત્યાંથી પાંચસેં જોજન જઈએ ત્યારે પાંચસેં જોજનનો લાંબો પહોળો દ્વીપ આવે ॥ ૩ ॥ ત્યાંથી છસેં જોજન જઈએ, ત્યારે છસેં જોજનનો લાંબો પહોળો ચોથો દ્વીપ આવે ॥ ૪ ॥ ત્યાંથી સાતસેં જોજન જઈએ, ત્યારે સાતસેં જોજનનો લાંબો પહોળો પાંચમો દ્વીપ આવે ॥ ૫ ॥ ત્યાંથી આઠસેં જોજન જઈએ, ત્યારે આઠસેં જોજનનો લાંબો પહોળો છઠ્ઠો દ્વીપ આવે ॥ ૬ ॥ ત્યાંથી નવસેં જોજન જઈએ, ત્યારે નવસે જોજનનો લાંબો પહોળો સાતમો દ્વીપ આવે ॥ ૭ ॥ એમ ચારે ડાઢા ઉપર થઈને સાત ચોકું અઠ્ઠાવીશ થાય. એમ જ અરવત ક્ષેત્રની મર્યાદાનો કરનાર શિખરીનામા પર્વત છે. તે પણ પીળા સુવર્ણનો છે તે ચુલહિમવંત પર્વતની પેઠે જાણવો તેને પણ પૂર્વ પશ્ચિમને છેડે બબ્બે ડાઢા નીકળી છે, તે એકેકી ડાઢા ઉપર સાત સાત અંતરદ્વીપ છે એમ અઠ્ઠાવીશ દુ છપ્પન અંતરદ્વીપ છે. તેનું સુખ અકર્મભૂમિની પેઠે જાણવું.

+ ચોરાશીસોને બદલે કોઈ ૧૮૦૦ જોજન પણ કહે છે. અને દરેક અંતરદ્વીપો અનુક્રમે જગતીથી ૩૦૦-૪૦૦-૫૦૦ યાવત્ ૯૦૦ જોજન દૂર હોવાનું કહે છે.

ચૌદ સ્થાનકના સંમૂર્છિમ મનુષ્ય. ૧ (ઉચ્ચારેસુવા કે૦) વડીનિતમાં ઉપજે, (પાસવણેસુવા)કે૦ લઘુનિતમાં ઉપજે, ૩ (ખેળેસુવા કે૦) બળખામાં ઉપજે, ૪ (સિંઘાણેસુવા કે૦) નાસિકાના શ્લેષ્મમાં ઊપજે, ૫ (વંતેસુવા કે૦) વમનમાં ઊપજે, ૬ પિત્તાસુવા કે૦) પિત્તોડામાં ઊપજે, ૭ (પુએસુઆ કે૦) પરૂમાં ઉપજે, ૮ (સોણિએસુવા કે૦) રૂધિરમાં ઊપજે, ૯ (સુકકેસુવા કે૦) વીર્યમાં ઊપજે, ૧૦ (સુકકપોગ્ગલ પરિસાડિએસુવા કે૦) વીર્યાદિના પુદગલ સુકાણા તે ભીના થયા તેમાં ઊપજે, ૧૧ (વિગય જીવ કલેવરેસુવા કે૦ જીવ રહિત મૃતકનાં કલેવરમાં ઉપજે, ૧૨ (ઇત્થિ પુરિસ સંજોગેસુવા કે૦) સ્ત્રીપુરુષના સંયોગમમાં ઊપજે, ૧૩ (નગરની ધમણેસુવા) કે૦) નગરની ખાળ પ્રમુખમાં ઊપજે અને ૧૪ (સવ્વેસુ ચેવ અસુઇ ઠાણેસેવા કે૦) મનુષ્ય સંબંધી પિયા પ્રમુખ સર્વ અશુચિ સ્થાનકમાં ઊપજે. એ અસંખ્યતા સંમૂર્છિમ મનુષ્ય અંતમુહુર્તમાં મનુષ્યના શરીરથી વસ્તુ દૂર થાય તેમાં ઊપજે, એવા એકસો એક ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા અને એકસો એક પર્યાપ્તા તથા એકસો એક સંમૂર્છિમ મનુષ્યના અપર્યાપ્તા એમ ત્રણસેં ત્રણ ભેદનો એકવીશમો મનુષ્યનો દંડક થયો.

બાવીશમો વાણવ્યંતરનો દંડક તેની સોળ જાત છે. ૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરુષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ, ૯ આણપન્ની, ૧૦ પાણપન્ની ૧૧ ઇસિવાઇ, ૧૨ ભૂઇવાઇ, ૧૩ કંદિય, ૧૪ મહાકંદિય, ૧૫ કોહંડ અને ૧૬ પયંગદેવ. એ સોળ જાતના વાણવ્યંતરનો બાવીશમો દંડક થયો.

ત્રેવીશમો જ્યોતિષીનો દંડક તેની દશ જાત છે. ૧ ચંદ્રમાં, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર, ૫ તારા. એ પાંચ ચળ તે અઢીદ્વીપમાં છે અને એ પાંચ સ્થિર તે અઢીદ્વીપ બહાર છે. એ દશ જાત, બે ચંદ્રમાં અને બે સૂર્ય જંબૂદ્વીપમાં છે, ચાર ચંદ્રમાં અને ચાર સૂર્ય લવણ સમુદ્રમાં છે, બાર ચંદ્રમા અને બાર સૂર્ય ધાતકીખંડમાં છે, બેંતાલીશ ચંદ્રમા અને બેંતાલીશ સર્ય કાળોદધિ સમુદ્રમાં છે, બહોતેર ચંદ્રમા અને બહોંતેર સૂર્ય પુષ્કરાર્ધદ્વીપમાં છે; એમ સર્વ મળીને મનુષ્યક્ષેત્રમાં એકસો બત્રીશ ચંદ્રમા અને એકસો બત્રીસ સૂર્ય પરિવાર સહિત ચળ છે પરિવાર તે જ્યાં એક ચંદ્રમા અને એક સૂર્ય હોય ત્યાં અઠ્ઠાશી ગ્રહ, અઠ્ઠાવીશ નક્ષત્ર, છાસઠ હજાર નવસેં ને પંચોતેર ક્રોડાક્રોડી તારા એ સર્વ ચંદ્રમા, સૂર્યનો પરિવાર ગણવો. અસંખ્યતા ચંદ્રમા અને અસંખ્યાતા સૂર્ય, પરિવાર સહિત મનુષ્ય ક્ષેત્ર બહાર, અસંખ્યાતા દ્વીપ સમુદ્રમાં સ્થિર છે, એ દશ જાતનો ત્રેવીશમો જ્યોતિષીનો દંડક થયો.

ચોવીશમો વૈમાનિકનો દંડક, તેના છવીશ ભેદ છે. બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન, એ છવીસ તેના નામ કહે છે– ૧ સૌધર્મ, ૨ ઇશાન, ૩ સનત્કુમાર, ૪ માહેંદ્ર, ૫ બ્રહ્મલોક, ૬ લાંતક ૭ મહાશુક્ર, ૮ સહસાર, ૯ આણત, ૧૦ પ્રાણત, ૧૧ આરણ અને ૧૨ અચ્યુત. એ બાર દેવલોકનાં નામ કહ્યાં. નવ ગ્રૈવેયકનાં નામ કહે છે. ૧ ભદ્દે, ૨ સુભદ્દે ૩ સુજાએ, ૪ સુમાણસે, ૫ પ્રિયંદસણે, ૬ સુદંસણે, ૭ આમોહે, ૮ સુપડિબદ્ધે અને ૯ જસોધરે. પાંચ અનુત્તર વિમાનનાં નામ કહે છે. ૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત, ૫ સર્વાર્થસિદ્ધ, એ ચોવીશમો વૈમાનિકનો દંડક કહ્યો. હવે પંદર પરમા ધામીનાં નામ કહે છે. ૧. અંબ, ૨ અંબરીષ, ૩ શામ ૪ સબળ,

૫ રૂદ્ર, ૬ ૌરૂદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અશિપત્ર, ૧૦ ધનુષ્ય, ૧૧ કુંભ, ૧૨ વાલુક, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર અને ૧૫ મહાઘોષ. એ પંદર પરમાધામી તે અસુરકુમારમાં ભળ્યા. દશ જાતિના જંભકા, તેનાં નામ કહે છે. ૧ આણુજંભકા, ૨ પાણુજંભકા, ૩ લયણુજંભકા, ૪ સયણુજંભકા, ૫ વત્થજંભકા, ૬ પુપ્ફજંભકા, ૭ ફળજંભકા, ૮ બીજ-જંભકા, ૯ વિજ્જુજંભકા, અને ૧૦ અવ્યત્તજંભકા, એ દશ જાતિના જંભકા દેવતા તે વાણુવ્યંતરમાં ભળ્યા. ત્રણ કિલ્વિષીનાં નામ ૧ ત્રણ પલિયા ૨ ત્રણ સાગરીઆ અને ૩ તેર સાગરીઆ. એ ત્રણ કિલ્વષી, દેવલોક અંતર નિવાસી માટે વૈમાનિકમાં ભળ્યા. હવે નવ લોકાંતિકનાં નામ કહે છે. ૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વન્હી, ૪ વરૂણ, ૫ ગર્ધતોયા ૬ તોષિયા, ૭ અવ્યાબાધા, ૮ અગ્ગિચ્ચા અને ૯ રિઠ્ઠા એ નવ લોકાંતિક બ્રહ્મલોકવાસી માટે ઉત્તમ વૈમાનિકમાં ભળ્યા. ઇતિ ચોવીશ દંડકના નામ કહ્યાં ।। ૨૪ ।।

હવે સાત ક્રોડ ને બહોતેર લાખ ભવનપતિનાં ભવન છે. ચોરાશી લાખ નરકવાસા છે, વાણુવ્યંતરનાં અસંખ્યાતા નગર છે, જ્યોતિષીનાં અસંખ્યાતા વિમાન છે, અસંખ્યાતી રાજધાની છે, ચોરાશી લાખ સત્તાણું હજાર ત્રેવીશ વૈમાનિકના વિમાન છે, મનુષ્યના સંખ્યાતા વાસ છે. શેષ નવ દંડકના અસંખ્યાતા વાસ છે, તે સર્વનું વર્ણન અન્ય સિદ્ધાંતોથી જાણવું.

સિદ્ધશિલાનાં બાર નામ. ૧ ઇસિતિવા, ૨ ઇસિપભારાતિવા, ૩ તણુતિવા, ૪ તણુ તણુતિવા, ૫ સિદ્ધિતિવા, ૬ સિદ્ધાલયેતિવા, ૭ મુત્તિતિવા ૮ મુત્તાલયેતિવા, ૯ લોયગ્ગેતિવા, ૧૦ લોગથુભિયેતિવા, ૧૧ લોગપડિબોહેતિવા, ૧૨ સવ્વપાણભુય જીવસત્તા સુહાવહેતિવા, એ મુક્તિશિલાનાં બાર નામ કહ્યાં.

એ કિંચિત્ માત્ર નામ દ્વાર સંપૂર્ણમ

ચોવીસ દ્વાર તે ચોવીશ દંડક ઉપર ઉતારે છે.

પહેલો નારકીનો દંડક.

નારકીને શરીર ત્રણઃ-વૈક્રિય, તૈજસ અને કાર્મણ. ભવધારણી શરીરની અવઘેણા જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃ૦ પાંચસે ધનુષની અને ઉત્તર વૈક્રિય શરીરની જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ હજાર ધનુષની. પહેલી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ પોણા આઠ ધનુષ ને છ આંગળની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સાડાપંદર ધનુષ ને બાર આંગળની બીજી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ સાડાપંદર ધનુષ ને બાર આંગળની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સવાએકત્રીસ ધનુષની ત્રીજી નરકે જ૦ અ૦નો અસં૦ અને ઉ૦ સવાએકત્રીસ ધનુષની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦નો સં૦ ભાગ અને ઉત્કૃ૦ સાડીબાસઠ ધનુષની ચોથી નરકે૦ જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ સાડીબાસઠ ધનુષની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સવાસો ધનુષની પાંચમી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ સવાસો ધનુષની. અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સં૦ અને ઉત્કૃ૦ અઢીસે ધનુષની. છઠ્ઠી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ અઢીસે ધનુષની અને ઉત્તર વૈક્રિ કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦

પાંચસે ધનુષની. સાતમી નરકે જ૦ અં૦નો અસં૦ અને ઉત્કૃ૦ પાંચસે ધનુષની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ હજાર ધનુષની. સંઘયણ–નારકી અસંઘયણીય, નારકીને એક હુંડ સંસ્થાન. કષાય ચારે ક્રોધ, માન, માયા અને લોભ, પણ નારકીને ક્રોધ ઘણો. સંજ્ઞા ચારે, આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા પણ નારકીને ભય ઘણો. નારકીને લેશ્યા, ત્રણ, પહેલી સમુચ્ચે, પહેલી બીજી નરકે એક કાપોત લેશ્યા, ત્રીજી નરકે બે લેશ્યા, કાપોત ઘણી ઘણી અને નીલ થોડી, ચોથી નરકે એક નીલ લેશ્યા, પાંચમી નરકે બે લેશ્યા, નીલ ઘણી અને કૃષ્ણ થોડી, છઠ્ઠી નરકે એક કૃષ્ણ લેશ્યા, સાતમી નરકે મહાકૃષ્ણ લેશ્યા. ઇંદ્રિય પાંચ. ૧ શ્રોત્રેંદ્રિય, ૨ ચક્ષુઇંદ્રિય, ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય અને ૫ સ્પર્શેંદ્રિય. સમુદ્દઘાત ચાર તે વેદની, કષાય, મારણાંતિક અને વૈક્રિય, (સન્નિ કે૦) પહેલી નરકે સંજ્ઞી ને અસંજ્ઞી એ બે હોય. બીજીથી માંડી સાતમી નરક સુધી એકલા સંજ્ઞી છે. વેદ, નારકીને એક નપુંસક વેદ નારકીને પર્યાય છ, પણ ભાષા અને મન ભેગાં બાંધે. નારકીને દ્રષ્ટિ ત્રણ. સમકિત દ્રષ્ટિ, મિથ્યાદ્રષ્ટિ, અને સમામિથ્યાદ્રષ્ટિ. નારકીને દર્શન ત્રણ ચક્ષુદર્શન અચક્ષુદર્શન અને અવધિદર્શન. નારકીને જ્ઞાન ત્રણ, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન. અજ્ઞાન ત્રણ, મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન અને વિભંગઅજ્ઞાન નારકીને યોગ અગીયાર, તે ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના, તે વૈક્રિય, વૈક્રિયનો મિશ્ર અને કાર્મણકાયયોગ, એમ અગિયાર યોગ નારકીને ઉપયોગ નવ, તે ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન; એમ નવ. (તહા કે૦) તેમજ આહાર લે, તો જ૦ ઉત્કૃ૦ છ દિશિનો આહાર લે તે બે પ્રકારનો, ઓજ અને રોમ આહાર. તે પણ અશુભ અને અચિત્ત, (ઉવવાય કે૦) આવીને ઉપજે, તે પહેલી નરકે બે દંડકના મનુષ્ય ગર્ભજ, તિર્યંચ ગર્ભજ અને સંમૂર્છિમ એ બે દંડકના આવીને ઉપજે. અને બીજીથી માંડીને સાતમી સુધી ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યના આવી ઊપજે. સ્થીતી, પહેલી નરકે જ૦ દશ હજાર વર્ષની અને ઉત્કૃ૦ એક સાગરની. બીજી નરકે જ૦ એક સાગ૦ ઉત્કૃ૦ ત્રણ સાગ૦, ત્રીજી નરકે જ૦ ત્રણ સા૦ ઉત્કૃ૦ સાત સાગ, ચોથી નરકે જ૦ સાત સ૦ઉત્કૃ૦ દશ સા૦, પાંચમી નરકે જ૦ દશ સા૦ ઉત્કૃ૦ સત્તર સા૦ છઠ્ઠી નરકે જ૦ સત્તર સા૦ ઉત્કૃ૦ બાવીશ સા૦, સાતમી નરકે જ૦ બાવીશ સા૦ ઉત્કુ૦ તેત્રીશ સાગરની. સમોહિયા મરણ અને અસમોહિયા મરણ બે પ્રકારે છે ચવણ તે નારકી ચ્યવીને બે દંડકમાં જાય તે મનુષ્ય અને તીર્યંચમાં જાય તેમાં સાતમી નરકનો નીકળ્યો એક તીર્યંચનાં દંડકમાં જાય (ગઇ કે૦) નારકી મરીને બે ગતીમાં જાય, તે મનુષ્ય અને તીર્યંચમાં જાય. આવે પણ બે ગતિનો, તે મનુષ્ય અને તિર્યંચનો, પ્રાણ દશ લાભે યોગ ત્રણ, મન, વચન અને કાયાના એ ત્રણ

ઇતિ પ્રથમ નારકીનો દંડક.

દશ ભવનપતિના દશ દંડક.

તેમાં શરીર ત્રણ વૈક્રિય, તૈજસ અને કાર્મણ, ભવનપતિની અવઘેણા જ૦ અંગુ૦ અસં૦ ઉત્કૃ૦ સાત હાથની અને સત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સં૦ ઉત્કૃ૦ લાખ જોજનની. સંઘયણ નથી. સંસ્થાન એક–સમચઉરંસ. કષાય ચારે, પણ દેવતાને લોભ ઘણો. સંજ્ઞા ચારે, પણ દેવતાને પરિગ્રહ સંજ્ઞા ઘણી. લેશ્યા, કૃષ્ણ, નીલ, કાપોત અને

તેજુ. ઇંદ્રિય પાંચે છે. સમુદ્દઘાત પાંચ, વેદની, કષાય. મારણાંતિક, વૈક્રિય અને તૈજસ. સંજ્ઞી અસંજ્ઞી બે જાણવા, વેદ બે, સ્ત્રી અને પુરુષ. પર્યાય પાંચ, ભાષા અને મન ભેગાં બાંધે. દૃષ્ટિ ત્રણ, દર્શન ત્રણ, એક કેવળદર્શન નહિ, જ્ઞાન ત્રણ, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાન. અજ્ઞાન ત્રણ, યોગ અગીયાર, તે ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના, વૈક્રિય, વૈક્રિયને મિશ્ર અને કાર્મણ કાયયોગ. ઉપયોગ નવ, ત્રણજ્ઞાન ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન, તેમજ આહાર લે. તે જ૦ અને ઉત્કૃ૦ છ દિશિને આહાર લે વળી બે પ્રકારે આહાર લે. ઓજ આહાર ને રોમ આહાર તે પણ શુભ અને અચિત. (ઉવવાય કે૦) બે દંડકના આવીને ઊપજે તે મનુષ્ય ને તિર્યંચના આવીને ઊપજે. (ઠિઇ કે૦) સ્થિતિ. ભવનપતિમાં દક્ષિણ દિશાના અસુરકુમારની સ્થિતિ જ૦ દશ હજાર વર્ષની, -ઉત્કૃ૦ એક સા૦ તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની, ઉત્કૃ૦ સાડાત્રણ પલ્યોપમની. તેના નવનિકાય દેવતાની જ૦ દશ હજાર વર્ષની. ઉ૦ દોઢ પલ્યોપમની, તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ પોણા પલ્યની. ઉત્તર દિશાના અસુરકુમારની સ્થિતિ જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ એક સાગર ઝાઝેરાની. તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની ઉ૦ સાડાચાર પલ્યોપમની. તેના નવનિકાયના દેવતાની જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ બે પલ્યોપમની દેશોઊણી. તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની ઉ૦ એક પલ્યોપમ દેશોઊણીની. સમોહિયા મરણ અને અસમોહિયા મરણ એ બે મરણ લાભે, ચવણ તે ચ્યવીને પાંચ દંડકમાં જાય, તે પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય અને તિર્યંચ એ પાંચમાં જાય ,(ગઇ કે૦) મરીને બે ગતિમાં જાય. (આગઇ કે૦) આવે પણ બે ગતિના, મનુષ્ય અને તિર્યંચના પ્રાણ, દશ લાભે. જોગ ત્રણ.

ઇતિ દશ ભવનપતિના દશ દંડક

પાંચ સ્થાવરનાં પાંચ દંડક

૧ પૃથ્વી, ૨ પાણી, ૩ તેઉ, ૪ વનસ્પતિ, એ ચારને શરીર ત્રણ તે ઔદારિક તૈજસ અને કાર્મણ અને વાયુને શરીર ચાર, તે ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ, પૃથ્વી પાણી, તેઉ અને વાયુ એ ચારની અવઘેણા જ૦ ને ઉત્કૃ૦ અંગુલને અસં૦ ભાગ અને વનસ્પતિની જ૦ અંગુ૦ અસંખ્યા ઉત્કૃ૦ હજાર જોજનની ઝાઝેરી, કમળ પ્રમુખની સંઘયણ એક છેવટુ, સંસ્થાન એક હુંડ, પાંચેના સંસ્થાન કહે છે ૧ પૃથ્વીનું સંસ્થાન મસૂરની દાળ તથા ચંદ્રમાને આકારે. ૨ પાણીનું સંસ્થાન પાણીના પરપોટાને આકારે; ૩ તેઉનું સંસ્થાન સોયના ભારાને આકારે, ૪ વાયરાનું સંસ્થાન ધ્વજાને આકારે ૫ વનસ્પતિનું સંસ્થાન નાના પ્રકારનું કષાય ચારે, સંજ્ઞા ચારે લેશ્યા :- પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ત્રણને અપર્યાપ્તા વેળા લેશ્યા ચાર પહેલી, બાકીના અપર્યાપ્તામાં અને પાંચેના પર્યાપ્તામાં લેશ્યા ત્રણ પહેલી. ઇંદ્રિય, એક કાયાની, સમુદ્દઘાત પૃથ્વી, પાણી, તેઉ ને વનસ્પતિ એ ચારને ત્રણ વેદની, કષાય ને મારણાંતિક અને વાયરાને સમુદ્દઘાત ચાર તે વૈક્રિયની વધી. સંજ્ઞી તે પાંચે સ્થાવર અસંજ્ઞી. વેદ એક નપુંસક, પર્યાય પાંચેને ચાર :- આહાર પર્યાય, શરીર પર્યાય, ઇંદ્રિય પર્યાય શ્વાસોચ્છ્વાસ પર્યાય, દ્રષ્ટિ એક મિથ્યાત્વ, દર્શન એક અચક્ષુદર્શન, જ્ઞાન નથી, અજ્ઞાન બે તે મતિઅજ્ઞાન ને શ્રુતઅજ્ઞાન. પૃથ્વી. પાણી તેઉ અને વનસ્પતિ એ ચારને યોગ ત્રણ તે ૧ ઔદારિક ૨ ઔદારિકને મિશ્ર અને

૩ કાર્મણ કાય યોગ અને વાયરાને યોગ પાંચ તે વૈક્રિય અને વૈક્રિયનો મિશ્ર એ બે વધ્યા ઉપયોગ ત્રણ, પાંચ ને બે અજ્ઞાન ને એક અચક્ષુદર્શન, (તહા કેo) તેમજ આહાર લે જઘન્ય ત્રણ દિશિનો ઉત્કૃત છ દિશિનો, કવળ વર્જીને બે પ્રકારનો આહાર કરે' ઉવવાય તે આવીને ઊપજે, પૃથ્વી, પાણી ને વનસ્પતિમાં ત્રેવીશ દંડકના એક નારકી વર્જીને અને તેઉ, વાયુમાં દશ દંડકના આવીને ઊપજે, પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય ને તિર્યંચ ૧ પૃથ્વીની સ્થિતિ જo અંતમુહૂર્તની ઉo બાવીશ હજાર વર્ષની. ૨ પાણીની સ્થિતિ જo અંo ઉo સાત હજાર વર્ષની તેઉની સ્થિતિ જ અંતમુહૂર્તની ઉo ત્રણ અહોરાત્રિની. ૪ વાયરાની સ્થિતિ જo અંતમુહૂર્તની, ઉo ત્રણ હજાર વર્ષની, ૫ વનસ્પતિની સ્થિતિ જo અંતમુહૂર્તની ઉo દશ હજાર વર્ષની. સમોહિયા મરણ અને અસમોહિયા એ બે મરણ છે, ચવણ તે ચ્યવીને પૃથ્વી, પાણી ને વનસ્પતિ એ દશ દંડકમાં જાય, પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય મનુષ્ય ને તિર્યંચમાં, વાપરો નવ દંડકમાં જાય, મનુષ્ય વર્જી પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિયને તિર્યંચ (ગઈ કેo) ગતિ તે મરીને પૃથ્વી, પાણી ને વનસ્પતિ, બે ગતિમાં જાય. મનુષ્ય ને તિર્યંચમાં અને તેઉ, વાયુ એક, તિર્યંચગતિમાં જાય. આગઇ તે પૃથ્વી પાણી, વનસ્પતિમાં ત્રણ ગતિનો આવે તે દેવતા, મનુષ્ય ને તિર્યંચનો. પ્રાણ પાંચેયને ચાર ૧ એકેંદ્રિયપણું ૨ કાયબળ, ૩ શ્વાસોચ્છવાસ, ૪ આઉખું. જોગ એક કાય જોગ.

ઇતિ પાંચ સ્થાવરના પાંચ દંડક

ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક.

બે ઇંદ્રિય, તેઇંદ્રિય, અને ચૌરેંદ્રિયમાં શરીર ત્રણ ઔદારિક તૈજસ ને કાર્મણ બે ઇંદ્રિયની અવઘેણા જo અંગુo અસંo ઉo બાર જોજનની. તેઇંદ્રિય જo અંગુo અસંo ઉo ત્રણ ગાઉની. ચૌરેંદ્રિયની જo અંગુo અસંo ઉo ચાર ગાઉની સંઘયણ એક છેવટ્ઠું. સંસ્થાન એક હુંડ, કષાય, ચારે, સંજ્ઞા ચારે લેશ્યા ત્રણ પહેલી, બેઇંદ્રિયને ઇંદ્રિય બે ૧ કાયા અને ૨ જીભ. તેઇંદ્રિયને ઇંદ્રિય ત્રણ, તે નાસિકા વધી. ચૌરેંદ્રિયને ઇંદ્રિય ચાર, તે આંખો વધી. સમુદ્દઘાત ત્રણ, વેદની. કષાય ને મરણાંતિક, સંજ્ઞી તે અસંજ્ઞી. વેદ ૧ નપુંસક, પર્યાય પાંચ મન નહિ, દૃષ્ટિ બે, સમકિત દૃષ્ટિ (અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન સમકીત)ને મિથ્યાત્વદૃષ્ટિ બેઇંદ્રિય તેઇંદ્રિય ને એક અચક્ષુદર્શન. ચૌરેંદ્રિયને બે દર્શન ચક્ષુદર્શન ને અચક્ષુદર્શન, જ્ઞાન બે મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન. (અપર્યાપ્ત અવસ્થામાં) અજ્ઞાન બે, મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન જોગ ચાર ૧ ઔદારિક ઔદારિકનો મિશ્ર ૩ કાર્મણકાય જોગ ૪ વ્યવહાર વચન, બેઇંદ્રિય તેઇંદ્રિયને ઉપયોગ પાંચ બે જ્ઞાન, બે અજ્ઞાન એક અચક્ષુદર્શન ચૌરેંદ્રિયને ઉપયોગ છ, બે જ્ઞાન બે અજ્ઞાન ને બે દર્શન (તહા કેo) તેમજ આહાર લે, જઘન્ય અને ઉત્કૃષ્ટો છ દિશિનો આહાર લે તથા ત્રણ પ્રકારનો આહાર લે ૧ ઓજ, ૨ રોમ અને ૩ કવલ. ઉવવાય તે આવીને ઊપજે, દશ દંડકના પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય; મનુષ્ય અને તિર્યંચ, બે ઇંદ્રિયની સ્થિતિ જo અંતમુહૂર્તની ઉo બાર વર્ષની તેઇંદ્રિયની જo અંતમુહૂર્તની ઉo ઓગણપચાસ દિવસની ચૌરેંદ્રિયની જo અંતમુહૂર્તની ઉo છ મહિનાની સમોહિયા મરણ ને અસમોહિયા મરણ બે છે. ચવણ તે ચ્યવીને દશ દંડકમાં જાય, પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય ને તિર્યંચમાં આગઇ તે આવે પણ બે ગતિના તે મનુષ્ય ને

તિર્યંચના બે ઈંદ્રિયને પ્રાણ છ, રસેંદ્રિયબળ, સ્પર્શેદ્રિયબળ, કાયબળ, વચનબળ, શ્વાસોશ્વાસ, આઉખું, તેઇંદ્રિને પ્રાણ સાત, તે નાસિકા વધી અને ચૌરેંદ્રિયને આઠ પ્રાણ તે આંખ વધી જોગ બે, વચનજોગ ને કાયજોગ.

ઇતિ ત્રણ વિકલેંદ્રિના ત્રણ દંડક

વીશમો તિર્યંચ પંચેંદ્રિયનો દંડક

પાંચે સંમૂચ્છિંમને શરીર ત્રણ, ઔદારિક તેજસ ને કાર્મણ અને ગર્ભજને ચાર શરીર તે વૈક્રિય વધ્યું. એ પાંચની અવઘેણા કહે છે. જળચર સંમૂચ્છિંમ ને ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ હજાર જોજનની. સ્થળચર સમૂચ્છિંમની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક ગાઉની. ગર્ભજની જ૦ અસં૦ ઉ૦ છ ગાઉની. ઉરપર સંમૂચ્છિંમ સર્પની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક જોજનની, અને ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ હજાર જોજનની, ભુજપર સંમૂચ્છિંમ સર્પની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક ધનુષની. ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક ગાઉની ખેચર સંમૂચ્છિંમને ગર્ભજની જ. અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક ધનુષની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા ઉ૦ નવસે જોજનની, સંમૂચ્છિંમને એક છેવટું સંઘયણ ગર્ભજને છ સંઘયણ સંમૂચ્છિંમને એક હુંડસંસ્થાન, ગર્ભજને છ સંસ્થાન, કષાય ચારે, પણ તિર્યંચને માયા ઘણી, સંજ્ઞા ચારે, પણ તિર્યંચને આહાર સંજ્ઞા ઘણી. લેશ્યા સંમૂચ્છિંમને ત્રણ પહેલી, ગર્ભજને છ લેશ્યા, ઇંદ્રિય પાંચે છે. સમૂચ્છિંમને સમુદ્‌ઘાત ત્રણ, તે વેદની. કષાય, મારણાંતિક, અને ગર્ભજને સમુદ્‌ઘાત પાંચ, તે વેદની, કષાય, મારણાંતિક, વૈક્રિય અને તેજસ. સંજ્ઞી, અસંજ્ઞી બે છે સમૂચ્છિંમને વેદ એક નપુંસક. ગર્ભજને ત્રણ વેદ સંમૂચ્છિંમને પર્યાય પાંચ, મન નહિ અને ગર્ભજને છ પર્યાય છે. સમૂચ્છિંમને દ્રષ્ટિ બે, સમકિત ને મિથ્યાત્વ, ગર્ભજને દ્રષ્ટિ ત્રણ સંમૂચ્છિંમને દર્શન બે તે ચક્ષુદર્શન અચક્ષુદર્શન, ગર્ભજને ત્રણ દર્શન, સંમૂચ્છિંમને જ્ઞાન બે મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન, ગર્ભજને ત્રણ જ્ઞાન. અજ્ઞાન સંમૂચ્છિંમને બે, મતિ અને શ્રુત અજ્ઞાન અને ગર્ભજને ત્રણ અજ્ઞાન સંમૂચ્છિંમને યોગ ચાર. તે ઔદારિકના બે, કાર્મણ કાયજોગ ને વ્યવહાર વચન. ગર્ભજને તેર યોગ તે આહારકના બે નહિ, સંમૂચ્છિંમને ઉપયોગ છ, તે બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન ગર્ભજને ઉપયોગ નવ, તે ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ને ત્રણ દર્શન તેમજ આહાર જઘન્ય ઉત્કૃષ્ટો છ દિશિનો લે તથા ત્રણ પ્રકારે આહાર લે તે ઓજ, રોમ ને કેવળ, ઉવવાય તે સમૂચ્છિંમમાં દશ દંડકના આવીને ઉપજે પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય ને તિર્યંચ. ગર્ભજમાં ચોવીશે દંડકના આવીને ઉપજે. સ્થિતિ જળચર સંમૂચ્છિંમ ને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પૂર્વ ક્રોડની. સ્થળચર સંમૂચ્છિંમની જ૦ અંત૦ ઉ૦ ચોરાશી હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ ત્રણ પલ્યોપમની ઉરપર સર્પ સમૂચ્છિંમની જ૦ અંત૦ ઉ૦ ત્રેપન હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પૂર્વક્રોડની. ભુજપર સર્પ સંમૂચ્છિંમની જ૦ અંત ઉ૦ બેતાલીશ હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પૂર્વક્રોડની ખેચર સંમૂચ્છિંમની જ૦ અંત૦ ઉ૦ બહોંતેર હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. સમોહિયા મરણ

અસમોહિયા મરણ એ બે મરણ છે. ચવણ તે ચ્યવીને સંમૂચ્છિંમ જાય તો બાવીસ દંડકમાં, જ્યોતિષી ને વૈમાનિકમાં જાય નહિ અને ગર્ભ જ ચોવીશે દંડકમાં જાય. ગઇ તે સંમૂચ્છિંમ મરીને ચાર ગતિમાં જાય. અને ગર્ભ જ ચાર ગતિમાં જાય આગાઇ તે સંમૂચ્છિંમ બે ગતિનો આવે, મનુષ્ય ને તિર્યંચનો અને ગર્ભજમાં ચાર ગતિનો આવે. સંમૂચ્છિંમને નવ પ્રાણ, એક મન નહિ અને ગર્ભજને દશ પ્રાણ લાભે. સંમૂચ્છિંમને જોગ બે, કાયજોગ ને વચનજોગ અને ગર્ભજને ત્રણ જોગ મન, વચન ને કાયજોગ.

ઇતિ વીશમો તિર્યંચ પચેંદ્રિયનો દંડક

એકવીશમો મનુષ્યનો દંડક

સંમૂચ્છિંમ મનુષ્યમાં ત્રણ શરીર, ઉદારિક તેજસ ને કાર્મણ. જુગલિયામાં પણ તે જ ત્રણ શરીર, પંદર કર્મભૂમિના ગર્ભ જ મનુષ્યમાં પાંચ શરીર લાભે. સંમૂચ્છિંમની અવઘેણા જ૦ ને ઉ૦ અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ગર્ભજ મનુષ્યની ભરત, ઐરવત, એ બેમાં આરાને મેળે જાણવી. પહેલે આરે બેસતાં ત્રણ ગાઉની અને ઉતરતાં આરે બે ગાઉની અને બીજે આરે બેસતા બે ગાઉની ઉતરતાં એક ગાઉની. ત્રીજે આરે બેસતાં એક ગાઉની અને ઉતરતાં પાંચસેં ધનુષની, ચોથે આરે બેસતાં પાંચસેં ધનુષની અને ઉતરતે આરે સાત હાથની, પાંચમે આરે બેસતાં સાત હાથની અને ઉતરતાં એક હાથની છઠ્ઠે આરે બેસતાં એક હાથની અને ઉતરતાં મૂઢા હાથની, પછી ચડતાં અવળા સવળી જાણવી. પાંચ મહાવિદેહમાં પાંચસેં ધનુષની, ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ લાખ જોજનની ઝાઝેરી, હેમવય, હિરણ્યવયમાં જ૦ અંગુ૦ અસં. ઉ૦ એક ગાઉની, હરિવાસ, રમ્યકવાસમાં જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ બે ગાઉની, દેવકુરૂ, ઉતરકુરૂમાં જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ ત્રણ ગાઉની છપ્પન અંતરદ્વીપની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ આઠસેં ધનુષની સંમૂચ્છિંમને એક છેવટ્ઠું સંઘયણ, જુગલિયાને એક વજ્રઋષભનારાચ સંઘયણ. પંદર કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને છ સંઘયણ, સંમૂચ્છિમને એક હુંડ સંસ્થાન. જુગલિયાને એક સમચઉરસ સંસ્થાન. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને છ સંસ્થાન. કષાય ચારે પણ મનુષ્યને માન ઘણું, સંજ્ઞા ચારે પણ મનુષ્યને મૈથુન સંજ્ઞા ઘણી, સંમૂચ્છિંમને પહેલી ત્રણ લેશ્યા. જુગલિયાને પહેલી ચાર લેશ્યા અને ગર્ભજને છ લેશ્યા. ઇંદ્રિયપાંચે સંમૂચ્છિંમને સમુદ્ઘાત ત્રણ તે વેદની, કષાય ને મરણાંતિક, જુગલિયાને પણ તે જ ત્રણ સમુદ્ઘાત. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને સાત સમુદ્ઘાત, સંજ્ઞી અસંજ્ઞી બે સંમૂચ્છિંમને એક નપુંસક વેદ, જુગલિયામાં બે વેદ સ્ત્રી ને પુરુષ, કર્મભૂમિના ગર્ભજ મનુષ્યમાં સ્ત્રી, પુરુષ ને નપુસંક એ ત્રણ વેદ, સંમૂચ્છિંમને પર્યાય ચાર. ભાષાને મન નહિ. ગર્ભજને છ પર્યાય, સંમૂચ્છિંમને એક મિથ્યાત્વ દૃષ્ટિ, દશ અકર્મભૂમિમાં બે દૃષ્ટિ, સમકિત અને મિથ્યાત્વ. વીશ અકર્મભૂમિને છપ્પન અંતર દ્વીપમાં એક મિથ્યાત્વ દૃષ્ટિ અને કર્મભૂમિના મનુષ્યમાં ત્રણ દૃષ્ટિ સમકિત મિથ્યાત્વ અને સમામિથ્યાત્વ. સંમૂચ્છિંમ અને જુગલિયાને બે દર્શન–ચક્ષુદર્શન ને અચક્ષુદર્શન. ગર્ભજને ચારે દર્શન લાભે. જ્ઞાન, દશ અકર્મભૂમિમાં બે અને વીશ અકર્મભૂમિ, છપ્પન અંતરદ્વીપ, અને સંમૂચ્છિંમને નથી અને ગર્ભજને પાંચે જ્ઞાન. સંમૂચ્છિંમ તથા જુગલિયાને અજ્ઞાન બે મતિ અજ્ઞાન તે શ્રુત અજ્ઞાન, ગર્ભજને ત્રણ, સંમૂચ્છિંમને

જોગ ત્રણ. ઔદારિકના બે ને ૧ કાર્મણ કાય યોગ. જુગલિયાને જોગ અગીઆર, ૪ મનના, ૪ વચનના. ૨ ઔદારિકના ૧ કાર્મણ કાય જોગ. ગર્ભજને પંદર જોગ, અકર્મભૂમિ તે પાંચ દેવકુરૂ ને પાંચ ઉતરકુરૂ એ દશમાં છ, બે જ્ઞાન, બે અજ્ઞાન ને બે દર્શન અને વીશ અકર્મભૂમિ, છપ્પન અંતરદ્વીપમાં ને સંમૂર્ચ્છિમને ચાર તે અજ્ઞાન અને બે દર્શન, ગર્ભજને બાર ઉપયોગ. તેમજ આહાર લે તો જ૦ ઉ૦ છ દિશિનો તથા ત્રણ પ્રકારે આહાર લે, ઓજ, રોમ ને કવળ, ઉવવાય તે સંમૂચ્છિમમાં આઠ દંડકના આવીને ઊપજે પૃથ્વી, પાણી, વનસ્પતિ, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય ને તિર્યંચ. જુગલિયામાં બે દંડકના આવીને ઊપજે તે મનુષ્ય અને તિર્યંચના, કર્મભૂમિના ગર્ભજ મનુષ્યમાં બાવીશ દંડકના ઊપજે, તેઉ-વાયુના નહીં. સંમૂચ્છિમની સ્થિતિ જ૦ ને ઉ૦ અંતર્મુહૂર્તની ગર્ભજની આશના મેળે જાણવી. ભરત ઇરવતમાં પહેલે આરે બેસતાં ત્રણ પલ્યોપમની, ઉતરતાં બે પલ્યોપમની. બીજે આરે બેસતાં બે પલ્યોપમની ઉતરતાં એક પલ્યોપમની. ત્રીજે આરે બેસતાં એક પલ્યોપમની, ઉતરતાં પૂર્વ ક્રોડની ચોથે આરે બેસતાં, પૂર્વ ક્રોડની, ઉતરતાં સવાસો વર્ષની. પાંચમે આરે બેસતાં સવાસો વર્ષની, ઉતરતાં વીશ વર્ષની. છઠે આરે બેસતાં વીશ વર્ષની, ઉતરતાં સોળ વર્ષની એમ ચડતાં અગળા સવળી જાણવી. હિમવય, હિરણવયમાં એક પલ્યોપમની, હરિવાસ રમ્યકવાસમાં બે પલ્યોપમની, દેવકુરૂ, ઉત્તરકુરૂમાં ત્રણ પલ્યોપમની, છપ્પન અંતરદ્વીપમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, પાંચ મહાવિદેહમાં પૂર્વક્રોડની સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે મરણ છે. ચવણ તે ચ્યવીને સંમૂર્ચ્છિમ દશ દંડકમાં જાય, પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય ને તિર્યંચમાં જાય. જુગલીઆ તેર દંડકમાં જાય , તે દેવતાના તેર દંડકમાં. કર્મભૂમિના ગર્ભજ ચોવીશે દંડકમાં જાય. ગઇ તે સંમૂર્ચ્છિમ મરીને બે ગતિમાં જાય, તે મનુષ્ય ને તિર્યંચમાં જાય. જુગલીઆ મરીને એક દેવગતિમાં જાય કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પાંચે ગતિમાં જાય. આગઇ તે સંમૂર્ચ્છિમમાં આવે તો બે ગતિનો તે મનુષ્ય ને તિર્યંચનો ગર્ભજમાં ચારે ગતિનો આવે સંમૂર્ચ્છિમને પ્રાણ આઠ. ભાષા ને મન નહિ. ગર્ભજને દશ પ્રાણ સંમૂર્ચ્છિમને એક કાયાનો જોગ. ગર્ભજને ત્રણ જોગ.

(ઇતિ એકવીશમો મનુષ્યનો દંડક)

બાવીશમો વાણવ્યંતરનો દંડક

તેમાં શરીર ત્રણ વૈક્રિય, તૈજસ ને કાર્મણ. અવઘેણા જ૦ અંગુ૦ અસં ઉ૦ સાત હાથની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ ઉ૦ લાખ જોજનની. સંઘયણ નથી, સંઠાણ એક સમચઉરસ, કષાય ચારે પણ દેવતાને લોભ ઘણો, સંજ્ઞા ચારે પણ દેવતાને પરિગ્રહ સંજ્ઞા ઘણી. લેશ્યા ચાર પહેલી, ઇંદ્રિય પાંચે. સમુદ્ઘાત પાંચ આહારક ને કેવળ નહીં. સંજ્ઞી અસંજ્ઞી. વેદ બે, સ્રી ને પુરૂષ. પર્યાય છ પણ ભાષા અને મન ભેગાં બાંધે. દૃષ્ટિ ત્રણ દર્શન, ત્રણ જ્ઞાન ત્રણ અજ્ઞાન, જોગ અગીયાર, તે ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના, તે વૈક્રિય, વૈક્રિયનો મિશ્ર અને કાર્મણ કાય જોગ, એમ અગીઆર. ઉપયોગ નવ, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન તેમજ આહાર લે તો જઘન્ય ને ઉ૦ છ દિશિનો તથા બે પ્રકારે ઓજ ને રોમ તથા શુભ અને અચિત્ત આહાર ઉવવાય

તે બે દંડકના આવીને ઊપજે તે મનુષ્ય ને તિર્યંચના. વાણવ્યંતરની સ્થિતિ જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ એક પલ્યોપમની. તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની ઉ૦ અર્ધ પલ્યોપમની. સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે પ્રકારે છે, ચવણ તે ચ્યવીને પાંચ દંડકમાં જાય તે પૃથ્વી, પાણી, વનસ્પતિ મનુષ્ય ને તિર્યંચ એ પાંચ. ગઇ તે મરીને બે ગતિમાં જાય, તે મનુષ્ય ને તિર્યંચમાં આગઇ તે આવે પણ બે ગતિના તે મનુષ્ય ને તિર્યંચના, પ્રાણ દશ. જોગ ત્રણ, મન, વચન ને કાયાના. ઇતિ બાવીશમો વાણવ્યંતરનો દંડક.

ત્રેવીશમો જ્યોતિષીનો દંડક

તેમાં શરીર ત્રણ. વૈક્રિય, તૈજસ ને કાર્મણ. અવઘેણા જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ સાત હાથની અને ઉત્તર વૈક્રિય કરેતો જ૦ અંગુ૦ સં૦ ઉ૦ લાખ જોજનની, સંઘયણ નથી. સંઠાણ એક સમચઉરસ. કષાય ચારે. સંજ્ઞા ચારે, લેશ્યા એક તેજુ, ઇંદ્રિય પાંચે સમુદ્‌ઘાત પાંચ, આહારક ને કેવળ નહીં, સંજ્ઞી છે, વેદ બે, પર્યાય છ, પણ ભાષા ને મન ભેગાં બાંધે. દૃષ્ટિ ત્રણ, દર્શન ત્રણ, જ્ઞાન ત્રણ, અજ્ઞાન ત્રણ, જોગ અગીયાર, ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના તે વૈક્રિય, વૈક્રિયનો મિશ્ર, ને કાર્મણ કાયજોગ. ઉપયોગ નવ, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન તેમજ આહાર લે તો, જ૦ ને ઉ૦ ૬ દિશિનો તથા બે પ્રકારે તે ઓજ ને રોમ, તે પણ શુભ ને અચિત્ત આહાર, ઉવવાય તે બે દંડકના આવીને ઉપજે, તે મનુષ્ય ને તિર્યંચના. ચંદ્રમાની સ્થિતિ જ૦ પા પલ્યની ઉ૦ અર્ધ પલ્ય ને પચાસ હજાર વર્ષની. સૂર્યની જ૦ પા પલ્યની, ઉ૦ એક પલ્ય ને હજાર વર્ષની. તેની દેવીની જ૦ પા પલ્યની, ઉ૦ અર્ધ પલ્ય ને પાંચસે વર્ષની ગ્રહની જ૦ પા પલ્યની ઉ૦ એક પલ્યની તેની દેવીની જ૦ પા પલ્યની ઉ૦ અર્ધ પલ્યની. નક્ષત્રની જ૦ પા પલ્યની, ઉ૦ અર્ધ પલ્યની, તેની દેવીની જ૦ પા પલ્યની. ઉ૦ પા પલ્યની ઝાઝેરી. તારાની જ૦ પલ્યનો આઠમો ભાગ ઉ૦ પલ્યનો આઠમો ભાગ ઝાઝેરી સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે મરણ છે. ચવણ તે ચ્યવીને પાંચ દંડકમાં જાય. તે પૃથ્વી, પાણી વનસ્પતિ, મનુષ્ય ને તિર્યંચ ગઇ તે મરીને બે ગતિમાં જાયે, તે મનુષ્ય ને તિર્યંચ. આગઇ તે આવે પણ બે ગતિનો તે મનુષ્ય ને તિર્યંચનો આવે. પ્રાણ દશ, જોગ ત્રણ. ઇતિ ત્રેવીશમો જ્યોતિષીનો દંડક.

ચોવીસમો વૈમાનિકનો દંડક.

વૈમાનિક દેવમા શરીર ત્રણ, વૈક્રિય, તૈજસ ને કાર્મણ. અવઘેણા, સૌધર્મ, ઇશાન એ બે દેવલોકે જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ સાત હાથની ત્રીજે, ચોથે દેવલોકે છ હાથની પાંચમે, છઠ્ઠે દેવલોકે પાંચ હાથની, સાતમે, આઠમે, દેવલોકે ચાર હાથની; નવમે, દશમે, અગીયારમે અને બારમે દેવલોકે ત્રણ હાથની, નવ ગ્રૈવેયકે બે હાથની, ચાર અનુત્તર વિમાનમાં એક હાથની. સર્વાર્થસિદ્ધમાં મૂઢા હાથની, ઉત્તર વૈક્રિય કરે તો બાર દેવલોક સુધી જ૦ અંગુ૦ સંખ્યા૦ ઉ૦ લાખ જોજનની. સંઘયણ નથી. સંસ્થાન એક સમચઉરસ, કષાય ચારે પણ લોભ ઘણો, સંજ્ઞા ચારે પણ પરિગ્રહ સંજ્ઞા ઘણી, લેશ્યા પહેલે બીજે દેવલોકે તેજુ લેશ્યા, ત્રીજે, ચોથે, પાંચમે એક પદ્મ લેશ્યા. છઠ્ઠાથી માંડી નવ ગ્રૈવેયકમાં એક શુકલ લેશ્યા અને પાંચ અનુત્તર વિમાનમાં એક પરમ શુકલ લેશ્યા. ઇંદ્રિય પાંચે. બાર દેવલોક સુધી સમુદ્‌ઘાત પાંચ, તે આહારકને કેવળ નહીં, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર

વિમાનમાં ત્રણ તે વેદની, કષાય ને મરણાંતિક. સંજ્ઞી એકલા છે. વેદ પહેલે બીજે દેવલોક બે વેદ. ત્રીજાથી તે સર્વાર્થસિદ્ધ સુધી એક પુરુષ વેદ. પર્યાય છ પણ ભાષા મન ભેગાં બાંધે દૃષ્ટિ, બાર દેવલોકમાં ત્રણ, નવ ગ્રૈવેયકમાં બે દૃષ્ટિ, પાંચ અનુત્તર વિમાનમાં એક સમકિત દૃષ્ટિ. દર્શન ત્રણ, જ્ઞાન ત્રણ, અજ્ઞાન બાર દેવલોકે, અને નવ ગ્રૈવેયકે ત્રણ અને પાંચ અનુત્તર વિમાનમાં અજ્ઞાન નથી. જોગ અગિયાર ચાર મનના; ચાર વચનના, ત્રણ કાયાના તે વૈક્રિય વૈક્રિયનો મિશ્ર ને કાર્મણ કાયયોગ એમ અગિયાર. ઉપયોગ બાર દેવલોક ને નવ ગ્રૈવેયકમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન. પાંચ અનુત્તર વિમાનમાં છ ઉપયોગ ત્રણ જ્ઞાન ત્રણ દર્શન તેમજ આહાર લે તો જ૦ ને ઉ૦ છ દિશિનો તથા બે પ્રકારે ઓજ ને રોમ તે પણ અચિત્ત ને શુભ ઉત્પાય તે આવીને ઊપજે, પહેલા દેવલોકથી માંડીને આઠમા દેવલોક સુધી બે દંડકના તે મનુષ્ય ને તિર્યંચના અને નવમેથી તે સર્વાર્થસિદ્ધ સુધી એક મનુષ્યનો આવે. પહેલે દેવલોકે સ્થિતિ જ૦ એક પલ્યની, ઉ૦ બે સાગરની, તેના પરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યની ઉ૦ સાત પલ્યની અને અપરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યની, ઉ૦ પચાસ પલ્યની, બીજે દેવલોકે જ૦ એક પલ્યની ઝાઝેરી ઉ૦ બે સાગર ઝાઝેરી, તેની પરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યની ઝાઝેરી ઉ૦ નવ પલ્યની અને અપરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યની ઝાઝેરી, ઉ૦ પંચાવન પલ્યની. ત્રીજે દેવલોકે જ૦ બે સાગરની ઉ૦ સાત સા૦, ત્યાં દેવી નથી પણ તેડાવી જાય. ચોથે દેવલોકે જ૦ બે સા૦ ઝાઝેરી ઉ૦ સાત સા૦ ઝાઝેરી. પાંચમે દેવલોકે જ૦ સાત૦ સા૦, ઉ૦ દશ સા. છઠ્ઠે દેવલોકે જ૦ દશ સા૦, ઉ૦ ચૌદ સા૦, સાતમે દેવલોકે જ૦ ચૌદ સાગરનો, ઉ૦ સત્તર સા. આઠમે દેવલોકે જ૦ સત્તર સા૦, ઉ૦ અઢાર સા૦, નવમે દેવલોકે જ૦ અઢાર સા૦, ઉ૦ ઓગણીશ સા૦ દશમે દેવલોકે જ૦ ઓગણીશ સા૦, ઉ૦ વીશ સા૦ અગીઆરમે દેવલોકે જ૦ વીશ સા૦, ઉ૦ એકવીશ સા૦, બારમે દેવલોકે જ૦ એકવીશ સા૦, ઉ૦ બાવીશ સા૦, પ્રથમ ગ્રૈવેયકે જ૦ બાવીશ સા૦, ઉ૦ ત્રેવીશ સા. બીજી ગ્રૈવેયકે જ૦ ત્રેવીશ સા૦, ઉ૦ ચોવીશ સા૦ ત્રીજી ગ્રૈવેયકે જ૦ ચોવીશ સાગરોપમની, ઉ૦ પચીસ સા૦ ચોથી ગ્રૈવેયકે જઘન્ય પચીશ સા૦ ઉ૦ છવીશ સાગરો૦, પાચમી ગ્રૈવેયકે જ૦ છવીશ સા૦ ઉ૦ સત્તાવીશ સા૦; છઠ્ઠી ગ્રૈવેયકે જ૦ સત્તાવીશ સા૦ ઉ૦ અઠ્ઠાવીશ સા૦, સાતમી ગ્રૈવેયકે જ૦ ઉ૦ ઓગણત્રીશ સા૦, આઠમી ગ્રૈવેયકે જ૦ ઓગણત્રીશ સા૦ ઉ૦ ત્રીશ સા૦ નવમે ગ્રૈવેયકે જ૦ ત્રીશ સા૦ ઉ૦ એકત્રીશ સા૦ ચાર અનુત્તર વિમાનમાં જ૦ એકત્રીશ સા૦ ઉ૦ તેત્રીશ સા૦ અને સર્વાર્થસિદ્ધમાં જ૦ ને ઉ૦ તેત્રીશ સા૦ સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે મરણ લાભે. ચવણ તે ચવીને પહેલા બીજા દેવલોકના દેવતા પાંચ દંડકમાં જાય, તે પૃથ્વી, પાણી, વનસ્પતિ મનુષ્ય ને તિર્યંચ. ત્રીજાથી તે આઠમા દેવલોકના દેવતા બે દંડકમાં જાય તે મનુષ્ય ને તિર્યંચ. નવમેથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધીના દેવતા એક દંડકમાં જાય તે મનુષ્યમાં જાય. ગઇ તે પહેલેથી માંડીને આઠમાં દેવલોકના દેવતા બે ગતિમાં જાય અને નવમેથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધીના એક મનુષ્યની ગતિમાં જાય આગઇ તે પહેલેથી માંડીને આઠમા દેવલોક સુધી બે ગતિનો આવે તે મનુષ્ય ને તિર્યંચનો આવે અને નવમાથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધી એક મનુષ્યનો આવે. પ્રાણ દશ જોગ ત્રણ

ઇતિ શ્રી ચોવીશમો વૈમાનિકનો દંડક.

સિદ્ધનો દ્વાર કહે છે.

સિદ્ધને શરીર નથી....સિદ્ધની અરૂપી આત્મ પ્રદેશોના ઘનની અવઘેણા જ૦ એક હાથ ને આઠ અંગુલની, મધ્યમ ચાર હાથ ને સોળ આંગળની અને ઉ૦ ત્રણસેં ત્રેવીશ ધનુષ્ય ને બત્રીશ આંગળની૦ સિદ્ધને સંઘયણ નથી. સિદ્ધને સંસ્થાન નથી. સિદ્ધને કષાય નથી. સિદ્ધને સંજ્ઞા નથી. સિદ્ધને લેશ્યા નથી. સિદ્ધને ઇંદ્રિય નથી. સિદ્ધને સમુદ્દઘાત નથી. સિદ્ધ સંજ્ઞી અસંજ્ઞી નથી. સિદ્ધને વેદ નથી. સિદ્ધને પર્યાય નથી. સિદ્ધને સમકિત દષ્ટિ છે. સિદ્ધને એક કેવળ દર્શન છે; સિદ્ધને એક કેવળ જ્ઞાન છે, સિદ્ધને અજ્ઞાન નથી. સિદ્ધને જોગ નથી. સિદ્ધને બે ઉપયોગ, તે કેવળજ્ઞાન ને કેવળદર્શન છે. સિદ્ધને આહાર નથી. ઉવવાય તે આવીને ઉપજે એક દંડકનો તે મનુષ્યનો. સિદ્ધની સ્થિતિનો છેડો નથી. સિદ્ધને મરણુ નથી. સિદ્ધને ચવવું નથી. ગઇ તે મરીને સિદ્ધને કોઇ ગતિમાં જવું નથી. આગઇ તે સિદ્ધમાં એક મનુષ્યનો આવે, સિદ્ધને પ્રાણુ નથી. સિદ્ધને જાગ નથી.

ઇતિ લઘુદંડકના બોલ સમાપ્ત.

અથ શ્રી ગતાગતના બોલ

---

૧ પહેલી નરકે આગત ૨૫ ભેદની, તે ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ ને ૫ અસંજ્ઞી તિર્યંચ, એ પચીશના પર્યાપ્તાની. ગત ૪૦ ભેદની તે ૧૫ કર્મભૂમિ ને ૫ સંજ્ઞી તિર્યંચ એ ૨૦ ના પર્યાપ્તા અને અપર્યાપ્તા એટલે ૪૦ ની.

૨ બીજી નરકે આગત ૨૦ ભેદની, તે ઉપર ૨૫ કહ્યા તેમાથી ૫ અસંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા વર્જ્યા. ગત ૪૦ ભેદની પૂર્વવત્.

૩ ત્રીજી નરકે ૧૯ ભેદની તે ઉપર ૨૦ ભેદ કહ્યા તેમાંથી ભુજપરનો એક ભેદ વર્જ્યો. ગત ૪૦ પૂર્વવત્.

૪ ચોથી નરકે આગત ૧૮ ભેદની તે ઉપર ૧૯ કહ્યા તેમાંથી ખેચરનો એક ભેદ વર્જ્યો. ગત ૪૦ ની પૂર્વવત્.

૫ પાંચમી નરકે આગત ૧૭ ભેદની તે ઉપર ૧૮ કહ્યા તેમાંથી સ્થળચરનો એક ભેદ વર્જ્યો. ગત ૪૦ ની પૂર્વવત્.

૬ છઠ્ઠી નરકે આગત ૧૬ ભેદની તે કહ્યા તેમાંથી ઉરપરનો એક ભેદ વર્જ્યો. ગત ૪૦ ની પૂર્વવત્.

૭ સાતમી નરકે ૧૬ ભેદની તે ૧૫ કર્મભૂમિ ને ૧ મચ્છ જળચરના પર્યાપ્તાની સ્રી વર્જી. ગત્ ૧૦ ભેદની ૫ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા અને અપર્યાપ્તાની.

૮ એકાવન જાતના દેવતા. (૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી, ૧૬ વાણુવ્યંતર અને ૧૦ જંભકા)માં આગત ૧૧૧ ભેદની તે ૧૦૧ ક્ષેત્રના સંજ્ઞી મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ અને ૫ અસંજ્ઞી તિર્યંચ એ ૧૧૧ ના પર્યાપ્તાની. ગત ૪૬ ની તે ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ, ૩ પૃથ્વી, પાણી અને વનસ્પતિ એ ૨૩ના પર્યાપ્તા અને અપર્યાપ્તાની.

૯ જ્યોતિષી અને પહેલા દેવલોકમાં આગત ૫૦ ભેદની તે ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ અને ૩૦ અકર્મભૂમિ એ ૫૦ ના પર્યાપ્તાની ગત ૪૬ ની પૂર્વવત્.

૧૦ બીજા દેવલોકમાં આગત ૪૦ ભેદની તે ઉપર ૫૦ કહ્યા તેમાંથી ૫ હેમવય અને ૫ હિરણ્યવય એ ૧૦ ના ભેદ વર્જ્યા. ગત ૪૬ ની પૂર્વવત્.

૧૧ પહેલા કિલ્વિષીમાં આગત ૩૦ ભેદની તે ઉપર ૪૦ કહ્યા તેમાંથી ૫ હરિવાસ અને ૫ રમ્યકવાસ એ ૧૦ ભેદ વર્જ્યા. ગત ૪૬ની પૂર્વવત્.

૧૨ ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધી (૬ દેવલોક, ૯ લોકાંતિક અને ૨ કિલ્વિષી એ ૧૭)માં આગત ૨૦ ભેદની તે ૧૫ કર્મભૂમિ અને ૫ સંજ્ઞી તિર્યંચ એ ૨૦ ના પર્યાપ્તાની. ગત ૪૦ ભેદની તે ૧૫ કર્મભૂમિ અને ૫ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા અને અપર્યાપ્તાની.

૧૩ નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ સુધી (૪ દેવલોક ૯ ગ્રૈવેયેક, ૫ અનુત્તર વિમાન એ ૧૮)માં આગત ૧૫ કર્મભૂમિના પર્યાપ્તાની. ગત ૩૦ ભેદની તે કર્મભૂમિના પર્યાપ્તા તથા અપર્યાપ્તાની.

૧૪ પૃથ્વી, પાણી અને વનસ્પતિ એ એ ત્રણમાં આગત ૨૪૩ ભેદની, ૧૦૧ સંમૂર્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૧૩૧ અને ૪૮ ભેદ તિર્યંચના એવં ૧૭૯ની લટની અને ૬૪ ભેદ દેવતાના (૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી, ૧૬ વાણુવ્યંતર, ૧૦ જંભકા, ૧૦ જ્યોતિષી, ૨ દેવલોક અને ૧ કિલ્વિષી) પર્યાપ્તા કુલ ૨૪૩ થયા. ગત ૧૭૯ની લટની.

૧૫ તેઉ અને વાયુ એ બેમાં આગત ૧૭૯ની લટની ગત ૪૮ ભેદ તિર્યંચની.

૧૬ ત્રણ વિકલેંદ્રિય (બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય) માં આગત ૧૭૯ની લટની, ગત પણ ૧૭૯ની લટની.

૧૭ અસંજ્ઞી તિર્યંચમાં આગત ૧૭૯ની લટની. ગત ૩૯૫ ભેદની તે ૫૬ અંતરદ્વીપા, ૫૧ જાતના દેવતા (ઉપર પ્રમાણે) ૧ પહેલી નરક એ ૧૦૮ ના પર્યાપ્તા અને અપર્યાપ્તા એટલે ૨૧૬ અને ૧૭૯ની લટ સર્વ મળીને ૩૯૫ ભેદ થયા.

૧૮ સંજ્ઞી તિર્યંચમાં આગત ૨૬૭ ભેદની તે ૮૧ ભેદ દેવતાના (૯૯ ભેદમાંથી ઉપરના ૪ દેવલોક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાન એ ૧૮ ભેદ વર્જ્યા બાકી રહ્યા તે) ૧૭૯ની લટ અને ૭ નરકના પર્યાપ્તા એમ ૨૬૭ ની. ગત પાંચેની જુદી જુદી કહે છે. જળચરની ૫૨૭ ભેદની તે ૫૬૩ માંથી નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ સુધીના અઢાર જાતના દેવતા અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૩૬ ભેદ વર્જ્યા શેષ ૫૨૭ રહ્યા. તે ઉરપરની ગત ૫૨૩ ભેદની ૫૨૭માંથી છઠ્ઠી તથા સાતમી એ બે નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૪ ભેદ વર્જ્યા. સ્થળચરની ગત ૫૨૧ની તે ૫૨૩માંથી પાંચમી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ બે ભેદ વર્જ્યા. ખેચરની ગત ૫૧૯ની તે ૫૨૧માંથી ચોથી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ભેદ વર્જ્યા. ભુજપરની ગત ૫૧૭ની તે ૫૧૯ માંથી ત્રીજી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ બે ભેદ વર્જ્યા.

૧૯ સંમૂર્છિમ મનુષ્યમાં આગત ૧૭૧ ભેદની ને ૧૭૯ની લટમાંથી તેઉ, વાઉના આઠ ભેદ વર્જ્યા, શેષ ૧૭૧ રહ્યા તે, ગત ૧૭૯ ની લટની.

૨૦ સંજ્ઞી મનુષ્યમાં આગત ૨૭૬ ભેદની તે ૧૭૯ની લટમાંથી તેઉ, વાઉના આઠ ભેદ વર્જ્યા. શેષ ૧૭૧ તથા ૯૯ જાતના દેવતા અને ૬ નરકના પર્યાપ્તા સર્વ મળી ૨૭૬ ભેદ થયા. ગત ૫૬૩ ભેદની.

× જ્યાં લટ આવે ત્યાં આ બતાવ્યા પ્રમાણે ૧૭૯ ભેદ સમજવા.

૨૧ અકર્મભૂમિમાં આગત ૨૦ ભેદની. ૧૫ કર્મભૂમિ અને ૫ સંજ્ઞી તિર્યંચ એમ ૨૦ની ગત જુદી જુદી કહે છે. ૫ દેવગુરૂ અને ૫ ઉત્તરકુરૂની ગત ૧૨૮ ભેદની તે ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી, ૧૬ વાણવ્યંતર, ૧૦ જંભકા, ૧૦ જ્યોતિષી, ૨ દેવલોક પહેલું; બીજું અને ૧ કિલ્વિષી, એ ૬૪ જાતના દેવતાના અપર્યાપ્તા એટલે ૧૨૮. ૫ હરિવાસ અને ૫ રમ્યકવાસની ગત ૧૨૬ ની તે પૂર્વે ૧૨૮ કહ્યા, તેમાંથી પહેલા કિલ્વિષીના અપર્યાપ્તા ને પર્યાપ્તા એ બે ભેદ વર્જ્યા. ૫ હેમવય અને ૫ હિરણ્યવયની ગત ૧૨૪ ભેદની તે પૂર્વે ૧૨૬ કહ્યા તેમાંથી બીજા દેવલોકના અપર્યાપ્તા ને પર્યાપ્તા એ બે ભેદ વર્જ્યા.

૨૨ છપ્પન અંતરદ્વીપમાં આગત ૨૫ ભેદની તે, ૧૫ કર્મભૂમિ ૫ સંજ્ઞીતિર્યંચ અને ૫ અસંજ્ઞીતિર્યંચ એ ૨૫ ના પર્યાપ્તાની. ગત તે ૧૦ ભવનપતિ ૧૫ પરમાધામી, ૧૬ વાણવ્યંતર, ૧૦ જંભકા એમ ૫૧ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૧૦૨.

ઇતિ ચોવીશ દંડકની ગતાગત સંપૂર્ણ

૨૩ તીર્થંકરદેવમાં આગત ૩૮ ભેદની તે ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર, વિમાન અને ૩ પહેલી, બીજી, ત્રીજી નરક એમ ૩૮ ની ગત મોક્ષની.

૨૪ ચક્રવર્તીમાં આગત ૮૨ ભેદની, તે ૯૯ જાતના દેવતામાંથી ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષી એ ૧૮ વર્જ્યા. શેષ ૮૧ રહ્યા તે અને ૧ પહેલી નરક એમ ૮૨ ભેદની ગત ૭ નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૨૫ બળદેવમાં આગત ૮૩ ભેદની તે પૂર્વે કહ્યા તે અને એક બીજી નરક એમ ૮૩ ભેદ ગત ૭૦ ભેદની, તે ૧૨ દેવલોક ૯ લોકાંતિક ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન એ ૩૫ ના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૨૬ વાસુદેવમાં આગત ૩૨ ભેદની તે. ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક અને ૨ નરક પહેલી અને બીજી, એમ ૩૨ ની ગત ૧૪ ભેદની તે ૭ નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૨૭ કેવળીમાં આગત ૧૦૮ ભેદની તે ૯૯ જાતના દેવતામાંથી ૧૫ પરમાધામી, ૩ કિલ્વિષી એ અઢાર વર્જ્યા શેષ ૮૧ રહ્યા તે. અને ૧૫ કર્મભૂમિ. ૫ સંજ્ઞીતિર્યંચ, ૪ નરક પહેલી અને પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ૩ એમ સર્વ મળી ૧૦૮ ભેદ થયા તે. ગત મોક્ષની.

૨૮ સાધુમાં આગત ૨૭૫ની તે ૧૭૯ ની લટમાંથી તેઉ-વાઉના ૮ વર્જ્યા. શેષ ૧૭૧, ૯૯ જાતના દેવતા અને ૫ નરક એમ ૨૭૫ ની ગત ૭૦ ભેદની તે ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાન એ ૩૫ના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૨૯ શ્રાવકમાં આગત ૨૭૬ ભેદની તે પૂર્વે ૨૭૫ કહ્યા તે અને ૧ છઠ્ઠી નરક વધી. ગત ૪૨ ભેદની, તે ૧૨ દેવલોક અને ૯ લોકાંતિક એ ૨૧ના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૩૦ સમ્યક્તત્વ દૃષ્ટિની આગત ૩૬૩ બોલની

૯૯ જાતિના દેવતા પર્યાપ્તા
૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્ત
૧૦૧ સમુચ્છિંમ મનુષ્ય અપર્યાપ્ત
૧૫ કર્મભૂમિના અપર્યાપ્ત
૭ નરકના પર્યાપ્ત
૪૦ તિર્યંચના ભેદ (૪૮માંથી તેજસ વાયુના ૮ બાદ કર્યા)

૩૬૩

ગત ૨૨૨ ની તે ૮૧ જાતના દેવતા, ૯૯ ભેદમાંથી ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષી એ ૧૮ વર્જ્યા ને ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞીતિર્યંચ, ૬ નરક એમ ૧૦૭ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૨૧૪. ત્રણ વિકલેંદ્રિયના અપર્યાપ્તા અને ૫ અસંજ્ઞીતિર્યંચના અપર્યાપ્તા એ સર્વ મળી ૨૨૨ થાય તે. ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષીના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ૩૬ ભેદ ભેળવતાં ૨૫૮ ભેદની ગત પણ કેટલાકો કહે છે.

૩૧ મિથ્યાત્વીમાં આગત ૩૭૧ ભેદની તે પૂર્વે ૩૬૩ કહ્યા તેમાં તેઉ વાઉના ૮ ભેદ વધ્યા. ગત ૫૫૩ ભેદની તે ૫૬૩ માંથી ૫ અનુતર વિમાનના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૦ ભેદ વર્જ્યા.

૩૨ સ્ત્રીવેદ અને પુરુષવેદમાં આગત ૩૭૧ ભેદની મિથ્યાત્વીની પેઠે ગત પુરુષવેદની ૫૬૩ ની, સ્ત્રીવેદની, ૫૬૧ ની સાતમી નરકના બે ભેદ વર્જ્યા.

૩૩ નપુંસકવેદમાં આગત ૨૮૫ ભેદની તે ૯૯ જાતના દેવતા, ૧૭૯ની લટ અને, ૭ નારકી એમ ૨૮૫ ની ગત ૫૬૩ ભેદની.

ઇતિ ગતાગતના બોલ સંપૂર્ણ.

અથ શ્રી કર્મ પ્રકૃતિના બોલ

---

૧ પહેલું જ્ઞાનાવારણીય કર્મ તે આંખના પાટા સમાન. ૨ બીજું દર્શનાવરણીય કર્મ તે રાજાના પોળીઆ સમાન. ૩ ત્રીજું વેદનીય કર્મ તે મધ તથા અફીણે ખરડયા ખડગ સમાન. ૪ ચોથું મોહનીય કર્મ તે મદિરાપાન સમાન, ૫ પાંચમું આયુષ્ય કર્મ તે હેડ સમાન. ૬ છઠું નામ કર્મ તે ચિતારા સમાન. ૭ સાતમું ગોત્ર કર્મ તે કુંભારના ચાકડા સમાન. ૮ આઠમું અંતરાય કર્મ તે રાજાના ભંડારી સમાન. ૧ જ્ઞાનાવરણીય કર્મે અનંત જ્ઞાન ગુણ ઢાંકયો છે ૨ દર્શનાવરણીય કર્મે અનંત દર્શનગુણ ઢાંક્યો છે, ૩ વેદનીય કર્મે અનંત અવ્યાબાધા આત્મિક સુખ રોક્યું છે. ૪ મોહનીય કર્મે ક્ષાયક સમક્તિ અને ક્ષાયક યથાખ્યાત ચારિત્ર ગુણો રોકયા છે. ૫ આયુષ કર્મે અક્ષય સ્થિતિ ગુણ રોકયો છે ૬ નામ કર્મે અમૂર્તિ ગુણ રોકયો છે. ૭ ગોત્ર કર્મે અગુરુ લઘુ ગુણ રોકયો છે. ૮ અંતરાય કર્મે અનંત આત્મિક શક્તિ ગુણ રોકયો છે.

૧. જ્ઞાનાવરણીય કર્મ ૬ પ્રકારે બાંધે, પહેલે બોલે નાણપડિણીયાએ તે, જ્ઞાનીના ભુંડા બોલે, બીજે બોલે નાણનિન્હવણયાએ તે જ્ઞાનીનો ઉપકાર ઓલવે, ત્રીજે બોલે નાણઅસાયણાએ તે જ્ઞાનીની આશાતના કરે, ચોથે બોલે નાણઅંતરાએણં તે જ્ઞાનની અંતરાય પડાવે, પાંચમે બોલે નાણપઉસેણં તે જ્ઞાની ઉપર દ્વેષ કરે, છઠે બોલે નાણવિસંવાયણાજોગેણં તે જ્ઞાની સાથે ખોટા ઝગડા, વિખવાદ કરે એ છ પ્રકારે બાંધે, તે પાંચ તથા ૧૦ પ્રકારે ભોગવે; તે પાંચ કયા તે કહે છે. ૧ મતિજ્ઞાનાવરણીય, ૨ શ્રુતજ્ઞાનાવરણીય, ૩ અવધિજ્ઞાનાવરણીય, ૪ મનઃપર્યજ્ઞાનાવરણીય, ૫ કેવલજ્ઞાનાવરણીય એ ૫ જ્ઞાન પ્રગટ થવા દીએ નહિ તથા ૧૦ પ્રકારે ભોગવે તે કહે છે, ૧ સોયાવરણે ૨ સોયવિન્નાણાવરણે, ૩ નેત્તાવરણે ૪ નેત્તાવિન્નાણાવરણે, ૫ ઘ્રાણાવરણે ૬ ઘ્રાણવિન્નાણાવરણે ૭ રસાવરણે ૮ રસવિન્નાણાવરણે, ૯ ફાસાવરણે, ૧૦ ફાસવિન્નાણાવરણે, એ ૧૦ પ્રકારે ભોગવે. જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ, જઘ૦ અંતમુહુર્તની ઉત્૦ ત્રીશ ક્રોડાક્રોડી સાગરોપમની અને ઉ૦ અબાધા કાળ ત્રણ હજાર વર્ષનો.

૨ બીજું દર્શનાવરણીય કર્મ ૬ પ્રકારે બાંધે તે કહે છે, ૧ પહેલે બોલે દંસણપડિણીયાએ. ૨ દંસણનિન્હવણયાએ, ૩ દંસણઆસાયણાએ, ૪ દંસણઅંતરાએણં, ૫ દંસણપઉસેણં, ૬ દંસણવિસંવાયણાજોગેણં એ છ પ્રકારે બાંધે, તે ૯ પ્રકારે ભોગવે તે કહે છે. ૧ ચક્ષુદર્શનાવરણીય. ૨ અચક્ષુદર્શનાવરણીય, ૩ અવધિદર્શનાવરણીય. ૪ કેવળદર્શનાવરણીય, ૫ નિદ્રા, ૬ નિદ્રાનિદ્રા, ૭ પ્રચલા, ૯ પ્રચલાપ્રચલા ૯ થીણદ્ધિનિદ્રા. ૯ પ્રકારે ભોગવે. દર્શનાવરણીય કર્મની સ્થિતિ જઘ૦ અંતમુહુર્તની ઉત્૦ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની અને ઉ૦ અબાધા કાળ ત્રણ હજાર વર્ષનો.

૩ ત્રીજું વેદનીય કર્મ તેના બે ભેદ. ૧ સાતા વેદનીય, ૨ અસાતા વેદનીય, તેમાં સાતા વેદનીય દશ પ્રકારે બાંધે તે કહે છે. ૧ પાણાણુકંપયાએ, ૨ ભુયાણુકંપયાએ. ૩ જીવાણુકંપયાએ, ૪ સત્તાણુકંપયાએ, ૫ બહુણું પાણાણું ભુયાણું જીવાણું સત્તાણું અદુખણયાએ, ૬ અસોયણયાએ, ૭ અઝુરયણયાએ, ૮ અટિપ્પણયાએ, ૯ અપીટ્ટણયાએ, ૧૦ અપરિયાવણયાએ, ૧૦ પ્રકારે બાંધે તે આઠ પ્રકારે ભોગવે. ૧ મણુણાસદ્દા, ૨ મણુણારૂવા, ૩ મણુણાગંધા, ૪ મણુણારસા ૫ મણુણાફાસા, ૬ મણસુહયા, ૭ વયસુહયા, ૮ કાયસુહયા એઆઠ તેનાં સ્થિતિ જઘ૦ ૨ સમયની ઉત્ત૦ ૧૫ ક્રોડાક્રોડી સાગરોપમની, ઉ૦ અબાધાકાળ દોઢ હજાર વર્ષનો, આસાતાવેદનીય ૧૨ પ્રકારે બાંધે તે કહે છે ૧ પરદુઃખણયાએ, ૨ પરસોયણયાએ, ૩ પરઝુરણયાએ, ૪ પરટિપ્પણયાએ ૫ પરપિટ્ટણયાએ, ૬ પરપરિયાવણયાએ, ૭ બહુણું ૮ પાણાણું ભુયાણું જીવાણું સત્તાણું, દુખણયાએ ૮ સોયણયાએ, ૯ ઝુરણયાએ, ૧૦ ટિપ્પણયાએ ૧૧ પિટ્ટણયાએ, ૧૨ પરિયાવણયાએ, એ ૧૨ પ્રકારે બાંધે. તે આઠ પ્રકારે ભોગવે. ૧ અમણુણાસદ્દા, ૨ અમણુણારૂવા, ૩ અમણુણગંધા, ૪ અમણુણારસા, ૫ અમણુણાફાસા, ૬ મણદુહયા, ૭ વયદુહયા, કાયદુહયા તેની સ્થિતિ જઘ૦ એક સાગરના સાત ભાગ કરીએ એવા ૩ ભાગ, એક પલ્યને અસંખ્યાતમે ભાગ ઉણાની, ઉત૦ ત્રીશ ક્રોડક્રોડી સાગરોપમની. એનો ઉ૦ અબાધા કાળ ત્રણ હજાર વરસનો.

૪ ચોથું મોહનીય કર્મ છ પ્રકારે બાંધે ૧ તિવ્વકોહે, ૨ તિવ્વમાણે, ૩ તિવમાયાએ ૪ તિવ્વલોહે, ૫ તિવ્વદંસણમોહણિજે, ૬ તિવ્વચરિત્તમોહણિજે. એ પ્રકારે બાંધે. તે ૨૮ પ્રકારે ભોગવે. ૧ અનંતાનુબંધી ક્રોધ તે પર્વતની રાઇ (ફાટ)સમાન, ૨ અનંતાનુબંધી માન તે પથ્થરના સ્તંભ સમાન, ૩ અનંતાનુબંધી માયા તે વાંસની ગાંઠ સમાન, ૪ અનંતાનુબંધી લોભ તે કિરમજીના રંગ સમાન. એ ચારે ગતિ નરકની કરે. સ્થિતિ જાવજીવની કરે, ઘાત સમકિતની કરે. ૧ અપ્રત્યાખ્યાની ક્રોધ તે તળાવના ખોટ (સુકેલ ભાગમાં તડ) સમાન, ૨ અપ્રત્યાખ્યાની માન તે હાડકાના સ્તંભ સમાન, ૩ અપ્રત્યાખ્યાની માયા તે ઘેટાના શૃંગ સમાન, ૪ અપ્રત્યાખ્યાની લોભ તે ગાડાના ઉંજણ (ખંજન) સમાન. એ ચારે ગતિ તિર્યંચની કરે. સ્થિતિ વરસ એકની કરે, ઘાત દેશવ્રતની કરે. ૮. ૧ પચ્ચક્ખાણાવરણીય ક્રોધ તે વેળુની લીંટી સમાન, ૨ પચ્ચક્ખાણાવરણીય માન તે લાકડાના સ્તંભ સમાન, ૩ પચ્ચક્ખાણાવરણીય માયા તે ગોમૂત્રિકા સમાન, ૪ પચ્ચક્ખાણાવરણીય લોભ તે છાણના ચલા અથવા નગરની ખાળનો કાદવ સમાન એ ચારે ગતિ મનુષ્યની કરે, સ્થિતિ ચાર માસની કરે, ઘાત સર્વ વ્રતની કરે. ૧૨ ૧ સંજવલનો ક્રોધ તે પાણીની લીંટી સમાન, ૨ સંજવલનું માન તે નેતરના સ્તંભ સમાન, ૩ સંજવલની માયા તે વાંસની છોઇ સમાન, ૪ સંજવલનો લોભ તે પતંગ તથા હલદરના રંગ સમાન, એ ચારે ગતિ દેવતાની કરે, સ્થિતિ પંદર દિનની કરે, ઘાત કેવળજ્ઞાનની કરે. ૧૬ એ સોળ કષાય. હવે ૯ નોકષાય કહે છે. ૧૭ હાસ્ય. ૧૮ રતિ. ૧૯ અરતિ. ૨૦ ભય. ૨૧ શોક ૨૨ દુર્ગંછા. ૨૩ સ્ત્રીવેદ. ૨૪ પુરુષવેદ. ૨૫ નપુંસકવેદ એ ચારિત્ર મોહનીયની, ૨૫ પ્રકૃતિ. હવે દંસણ મોહનીયની ૩ પ્રકૃતિ કહે છે, ૧ સમકિત મોહનીય, ૨ મિથ્થાત્વ મોહનીય. ૩ સમામિથ્થાત્વ મોહનીય, એવં સર્વ મળી ૨૮ પ્રકૃતિ. તેની સ્થિતિ જઘ. અંતમુહૂર્તની ઉત. મિથ્યાત્વ આશ્રી ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની, ઉ૦ આબાધા કાલ ૭ હજાર વર્ષનો

૫ પાંચમું આયુષ્ય કર્મ સોળ પ્રકારે બાંધે તેમાં નારકીનું આયુષ્ય ૪ પ્રકારે બાંધે, તે ૧ મહાઆરભિયાએ, મહાપરિગ્ગહિયાએ ૩ કુણિમ + આહારેણં ૪ પંચિંદિયવહેણં. તિર્યંચનું આયુષ ૪ પ્રકારે બાંધે. ૧ માઈલયાએ. ૨ નિયડિલયાએ, ૩ અલિયવયણેણં. ૪ કુડતોલે કુડમાણે. મનુષ્યનું આયુષ. ૪ પ્રકારે બાંધે, ૧ પગઈભદ્દિયાએ ૨ પગ ઇવિણયાએ, ૩ સાણુક્કોસયાએ ૪ અમચ્છરિયાએ, દેવતાનું આયુષ ૪ પ્રકારે બાંધે, ૧ સરાગસંજમેણં, ૨ સંજમાસંજમેણં ૩ બાલતવોકમ્મેણં ૪ અકામનિર્જરાએ, એ સોળ પ્રકારે બાંધે, તે ૪ પ્રકારે ભોગવે, નારકી અને દેવતાનું આયુષ જઘ૦ ૧૦ હજાર વર્ષને અંતર્મુહૂર્ત અધિકનું ઉત૦ ૩૩ સાગર તે પૂર્વક્રોડિનો ત્રીજો ભાગ અધિક. મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય જઘ૦ અંતર્મુહૂર્ત ઉત્૦ ૩ પલ્ય ને પૂર્વક્રોડનો ત્રીજો ભાગ અધિક.

૬ છઠ્ઠું નામ કર્મ તેના બે ભેદ. ૧ શુભનામ ૨ અશુભનામ; શુભનામ કર્મ ૪ પ્રકારે બાંધે, ૧ કાયુજુયાએ, ૨ ભાસુજુયાએ ૩ ભાવુજુયાએ ૪ અવિસંવાયણાજોગેણં, તે ૧૪ પ્રકારે ભોગવે, ૧ ઇઠ્ઠાસદ્દા * ઇઠ્ઠારૂવા, ૩ ઇઠ્ઠાગંધા, ૪ ઇઠ્ઠારસા, ૫ ઇઠ્ઠાફાસા, ૬ ઇઠ્ઠાગઈ, ૭ ઇઠ્ઠાઠિઈ, ૮ ઇઠ્ઠાવણ્ણે, ૯ ઇઠ્ઠાજસોકિત્તી, ૧૦ ઇઠ્ઠંઉઠાણ કમ્મબલવિરિય પુરિસાકાર પરક્કમ્મે, ૧૧ ઇઠ્ઠસરયા, × ૧૨ કંતસરયા, ૧૩ પિયસરયા, ૧૪ મણુણસરયા. એ ૧૪ પ્રકારે ભોગવે. અશુભનામ કર્મ ૪ પ્રકારે બાંધે, ૧ કાયઅણુજુયાએ, ૨ ભાસાણુંજુયાએ, ૩ ભાવાણુજુયાએ, ૪ વિસંવાયણાજોગેણં, તે ૧૪ પ્રકારે ભોગવે. ૧ અણિઠાસદ્દા, ૨ અણિઠારૂવા, ૩ અણિઠાગંધા, ૪ અણિઠારસા, ૫ અણિઠાફાસા. ૬ અણિઠાગઈ, ૭ ૭ અણિઠાઠિઈ, ૮ અણિઠેલાવણ્ણે, ૯ અણિઠાજસોકિતી, ૧૦ અણિઠેઉઠાણ કમ્મબલ વીરિયપુરિસાકાર પરક્કમે, ૧૧ હિણસરયા, ૧૨ દિણસરયા, ૧૩ અણિઠસરયા, ૧૪ અકંતસરયા એ ૧૪ પ્રકારે ભોગવે, હવે નામ કર્મની, ૯૩ પ્રકૃતિ કહે છે, ૧ નરકગતિ, ૨ તિર્યંચગતિ ૩ મનુષ્યગતિ, ૪ દેવગતિ, ૫ એકેંદ્રિયજાતિ, ૬ બેઇંદ્રિય જાતિ, ૭ તેઇંદ્રિય જાતિ, ૮ ચૌરેંદ્રિય ૯ પંચેંદ્રિય જાતિ, ૧૦ ઉદારિકશરીર, ૧૧ વૈક્રિય શરીર ૧૨ આહારક શરીર, ૧૩ તૈજસ શરીર, ૧૪ કાર્મણ શરીર ૧૫ ઉદારિક અંગોપાંગ, ૧૬ વૈક્રિયઅંગોપાંગ, ૧૭ આહારક અંગોપાંગ, ૧૮ ઉદારિકબંધન, ૧૯ વૈક્રિયબંધન, ૨૦ આહારકબંધન ૨૧ તૈજસબંધન, ૨૨ કાર્મણબંધન, ૨૩ ઉદારિકસંઘાતન, ૨૪ વૈક્રિયસંઘાતન, ૨૫ આહારક સંઘાતન, ૨૬ તૈજસ સંઘાતન, ૨૭ કાર્મણસંઘાતન, ૨૮ વજ્રઋષભનારાચસંઘયણ, ૨૯ ઋષભનારાચસંઘયણ, ૩૦ નારાચસંઘયણ; ૩૧ અર્દ્ધનારાચસંઘયણ, ૩૨ કિલકુસંઘયણ, ૩૩ છેવટ્ટુસંઘયણ, ૩૪ સમચઉરંસસંઠાણ, ૩૫ નિગ્ગોહપરીમંડળસંઠાણ, ૩૬ સાદિસંઠાણ, ૩૭ વામનસંઠાણ, ૩૮ કુબ્જસંઠાણ, ૩૯ હુંડસંઠાણ ૪૦ કાળોવર્ણ ૪૧ નીલોવર્ણ. ૪૨ રાતોવર્ણ, ૪૩ પીળોવર્ણ; ૪૪ ધોળોવર્ણ, ૪૫ સુરભિ ગંધ, ૪૫ દુરભિગંધ, ૪૭ તીખોરસ ૪૮ કડવોરસ, ૪૯ કસાયેલોરસ, ૫૦ ખાટોરસ, ૫૧ મીઠોરસ, ૫૨ ખરખરોસ્પર્શ, (ફરસ) ૫૩ સુંવાળો, ફરસ, ૫૧ ભારે ફરસ, ૫૫ હળવો ફરસ, ૫૬ ટાઢો ફરસ, ૫૭ ઉનો ફરસ, ૫૮ ચોપડયો ફરસ, ૫૯ લૂખો ફરસ ૬૦ નરકાપૂર્વી, ૬૧ તિર્યંચાનુપૂર્વી, ૬૨ મનુષ્યાનુપૂર્વી, ૬૩ દેવતાનુંપૂર્વી, ૬૪ શુભવિહાયગતિ, ૬૫ અશુભવિહાયગતિ, ૬૫ એ પિંડપ્રકૃતિ

+ કુણિમ=માંસ

* ઇટ્ટા-ઇષ્ટ. + ઇટ્ઠસરહા-ઇષ્ટ સ્વર.

થઈ, ૬૬ પરાઘાતનામ, ૬૭ ઉસ્વાસનામ, ૬૮ અગુરુલઘુનામ, ૬૯ આતાપનામ, ૭૦ ઉદ્યોતનામ, ૭૧ ઉપઘાતનામ, ૭૨ તીર્થંકરનામ, ૭૩ નિર્માણનામ, ૭૪ ત્રસનામ, ૭૫ બાદરનામ, ૭૬ પ્રત્યેકનામ, ૭૭ પર્યાપ્તનામ, ૭૮ સ્થિરનામ, ૭૯ શુભનામ, ૮૦ સૌભાગ્યનામ, ૮૧ સુસ્વરનામ, ૮૨ આદેયનામ, ૮૩ જશોકીર્તિનામ, ૮૪ સ્થાવરનામ, ૮૫ સૂક્ષ્મનામ, ૮૬ સાધારણનામ, ૮૭ અપર્યાપ્તનામ, ૮૮ અસ્થિરનામ, ૮૯ અશુભનામ, ૯૦ દુર્ભાગ્યનામ, ૯૧ દુઃસ્વરનામ, ૯૨ અનાદેયનામ ૯૩ અજશોકીર્તિનામ, એ ૯૩ પ્રકૃતિ થઈ તેમાં ૧૦ બંધનની અધિક ભેળવતાં ૧૦૩ પ્રકૃતિ પણ ગ્રંથવાળા કહે છે; અથવા નામકર્મની ૪૨ પણ ખરી. ૧ ગતિ, ૨ જાતિ, ૩ શરીર, ૪ અંગોપાંગ, ૫ બંધન, ૬ સંઘાતન, ૭ વર્ણ ૮ ગંધ, ૯ રસ, ૧૦ ફરસ, ૧૧ સંઘયણ, ૧૨ સંઠાણ, ૧૩ અનુપૂર્વી ૧૪ વિહાયગતિ, એ ૧૪ અને પ્રત્યેક પ્રકૃતિ ૮ ત્રસનો દશકો ૧૦ સ્થાવરનો દશકો ૧૦, એવં ૪૨ થઇ તથા વિસ્તારે ચૌદની ૬૫ તથા પ્રત્યેક પ્રકૃતિ, ૮ ત્રસનો દશકો ૧૦ સ્થાવરનો દશકો ૧૦, એવં વિસ્તારે ૯૦ પ્રકૃતિ થઈ, નામકર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્તની ઉત૦ વીશ કોડાકોડી સાગરોપમની, ઉ૦ અબાધા કાળ ૨ હજાર વરસનો

૭ હવે ગોત્રકર્મના ૨ ભેદ ૧ ઊંચ ગોત્ર, ૨ નીચ ગોત્ર, તેમાં ઊંચગોત્ર ૮ પ્રકારે બાંધે, ૧ જાઇઅમદેણં, ૨ કુલઅમદેણં, ૩ બળઅમદેણં ૪ રૂવઅમદેણં, ૫ તવઅમદેણં, ૬ સુયઅમદેણં, ૭ લાભઅમદેણં, ૮ ઇસ્સરિયાઅમદેણં એ આઠ મદ અણકરવે કરી ઊંચગોત્ર બાંધે. તે આઠ પ્રકારે ભોગવે. ૧ જાઇ વીસીઠીઆ, ૨ કુલવીસીઠીઆ, ૩ બળવીસીઠીઆ, ૪ રૂવવીસીઠીઆ, ૭ તપવીસીઠીઆ, ૬ સુયવીસીઠીઆ, ૭ લાભવીસીઠીઆ, ૮ ઇસ્સરિયવીસીઠીઆ, એ આઠ પ્રકારે ભોગવે. ૧ હવે નીચગોત્ર ૮ પ્રકારે બાંધે તે. ૧ જાઇમએણં, ૨ કુલમએણં, જાવ ઈસ્સરિયમએણં, એ વગેરે ઉપર કહ્યા તે ૮ મદે કરી નીચગોત્ર, બાંધે, તે આઠ પ્રકારે ભોગવે. જાઈવીહીણયાથી જાવ ઇસ્સરિયવીહીણયા સુધી ઉપર કહ્યા તે. ગોત્રકર્મની સ્થિતિ જઘ૦ ૮ મુહૂર્તની ઉત૦ વીશ કોડાકોડી સાગરોપમની, ઉ૦ અબાધા કાળ બે હજાર વર્ષનો

૮ આઠમું અંતરાયકર્મ, પાંચ પ્રકારે બાંધે. ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય; ૪ ઉવભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, એ પાંચ અંતરાય પાડવે કરી અંતરાયકર્મ બાંધે તે પાંચ પ્રકારે ભોગવો. ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉવભોગાંતરાય ૫ વીર્યાંતરાય, એ પાંચ પામે નહિ. એ અંતરાયકર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની ઉત૦ ત્રીસ કોડાકોડી સાગરોપમની, ઉ૦ અબાધા કાળ ૩ હજાર વર્ષનો.

આઠ કર્મ બાંધ્યાની ૮૫ પ્રકૃતિ, ૬ જ્ઞાનાવરણીયની ૬ દર્શનાવરણીયની ૨૨ વેદનીયની ૬ મોહનીયની, ૧૬ આયુષની ૮ નામની, ૧૬ ગોત્રની, ૫ અંતરાયની, એવં સર્વ મળી ૮૫ પ્રકૃતિ બાંધ્યાની જાણવી અને ભોગવ્યાની ૯૩ પ્રકૃતિ. તે૦ જ્ઞાનાવરણીયની, ૯ દર્શનાવરણીયની, ૧૬ વેદનીયની, ૫ મોહનીયની, તે ૧ સમ્મંત્તવેયણિજ્જે, ૧ મિછત્તવેયણિજ્જે; ૩ સમ્મામિછત્તવેયણિજ્જે, ૪ કસાયવેયણિજ્જે, ૫ નીકસાયવેયણિજ્જે, એ ૫, આયુષની ૪, નામની ૨૮, ગોત્રની ૧૬, અંતરાયની ૫, એ સર્વ મળી ૯૩ પ્રકૃતિ ભોગવ્યાની જાણવી, અથવા ૧૪૮ પ્રકારે પણ ભોગવે જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૯, વેદનીયની

૨ મોહનીયની ૨૮, આયુષની ૪, નામકર્મની ૯૩ ગોત્રકર્મની ૨, અંતરાયની ૫, એવં સર્વ મળીને ૧૪૮ પ્રકૃતિ જાણવી. તથા બંધન નામકર્મની ૧૦ પ્રકૃતિ ગ્રંથાંતરે કહી છે તે મેળવતાં ૧૫૮ પ્રકૃતિ પણ થાય અથવા મૂળ પ્રકૃતિ ૮ તેની ઉત્તર પ્રકૃતિ ૩૧. જ્ઞાનાવરણીયની ૫ દર્શનાવરણીયની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨, આયુષની ૪ નામની ૨, ગોત્રની ૨, અંતરાયની ૫, એવં ૩૧ પ્રકૃતિ થાય. તેનો વિસ્તાર ૧૪૮ કર્મપ્રકૃતિ જાણવી. એ બોલ સિદ્ધાંત પ્રમાણે છે.

ઇતિ કર્મપ્રકૃતિના બોલ સમાપ્ત.

————

અથ શ્રી ગુણસ્થાનદ્વાર.

[अनुष्टुपवृत्त]

नाम १ लखणगुण २ ठिइ ३ ।
किरिआ ४ सत्ता ५ बंध ६ वेदेय ७॥
उदय ८ उदिरणा ९ चेंव ॥
निज्जरा १० भाव ११ कारणा १२ ॥१॥
परिषह १३ मग्ग १४ आयाय १५।
जीवाय भेदे १६ भोग १७ उविओग १८॥
लेस्सा १९ चरण २० सम्मतम् २१।
अप्पाबहुच्च २२ गुणठाणेहिं ॥२॥

એ બે ગાથામાં ૨૨ દ્વાર કહ્યા.

પહેલો નામદ્વાર કહે છે.

પહેલું મિથ્યાત્વ ગુણઠાણું, બીજું સાસ્વાદાન ગુ૦, ત્રીજું સમામિશ્રછત ગુ૦, ચોથું અવિરતિ સમ્યક્ત્વદૃષ્ટિ ગુ૦, પાંચમું દેશવિરતિ ગુ૦ છઠ્ઠું પ્રમત્તસંજતિ ગુ૦ સાતમું અપ્રમત્તસંજતિ ગુ૦, આઠમું નિયટ્ટિબાદર ગુ૦, નવમું અનિયટ્ટિબાદર ગુ૦, દશમું સુક્ષ્મસંપરાય ગુ૦ અગીયારમું ઉપશાંતમોહ ગુ૦ બારમું ક્ષીણમોહ ગુ૦, તેરમું સજોગી કેવળી ગુ૦ ચૌદમું અજોગી કેવળી ગુણઠાણું.

બીજો લક્ષણ ગુણદ્વાર કહે છે.

પહેલા મિથ્યાત્વ ગુણઠાણાનાં લક્ષણ કહે છે. શ્રી વીતરાગની વાણીથી ઓછું, અધિક વિપરીત, સરદહે, પરૂપે, ફરસે, તેહને મિથ્યાત્વ કહીએ. ઓછી પરૂપણા તે કોને કહીએ; જેમ કોઈ કહે જે જીવ અંગુઠા માત્ર છે, તંદુલ માત્ર છે, શામા માત્ર છે, દીપક માત્ર છે તેહને ઓછી પરૂપણા કહીએ. બીજી અધિક પરૂપણા તે કોને કહીએ? એક જીવ સર્વ બ્રહ્માંડ માત્રમાં વ્યાપી રહ્યો છે તેહને અધિક પરૂપણા કહીએ. ત્રીજી વિપરીત પરૂપણા તે કોને કહીએ? કોઇ કહે જે પાંચ ભુત પૈકી આત્મા ઉપજ્યો છે અને એહને વિનાશે જીવ વીણશે છે. તે જડ છે. તે થકી ચૈતન્ય ઉપજે, વીણશે એમ કહે તેહને વિપરીત પરૂપણા કહીએ. એમ નવ પદાર્થનું વિપરીતપણું સરહદે, પરૂપે, ફરસે તેહને

મિથ્યાત્વ કહીએ. પણ જૈન માર્ગે આત્મા અકૃત્રિમ, અખંડ, અવિનાશી નિત્ય છે. શરીર માત્ર વ્યાપક છે તે વિષે ગૌતમ સ્વામી હાથ જોડી માન મોડી વંદણા, નમસ્કાર કરીને શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ! તે જીવને શું ગુણ નીપજ્યો ? શ્રી ભગવંતે કહ્યું જે જીવરુપ દડી તે કર્મરૂપ ગેડીએ કરી ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લાખ જીવાજોનીમાં વારંવાર પરિભ્રમણ કરે પણ સંસારનો પાર પામે નહિ.

બીજા ગુણઠાણાનાં લક્ષણ કહે છે. જેમ કોઇ પુરુષ ખીરખાંડનું ભોજન જમ્યો, પછી વમન કર્યું, ત્યારે કોઇક પુરુષે પૂછ્યું, ભાઈ! કાંઈ સ્વાદ રહ્યો ? એટલે કહે જે થોડો સ્વાદ રહ્યો, તે સમાન સમકિત રહ્યું અને વમ્યો તેટલું સમકિત ગયું. ૧ બીજું દ્દષ્ટાંત કહે છે જેવો ઘંટાનો નાદ પહેલો ગહેર ગભીર, પછી રણકો રહી ગયો. ગહેરગંભીર સમાન સમકિત ગયું અને રણકો રહી ગયો, તેટલું સાસ્વાદન. ૨ ત્રીજું દષ્ટાંત આંબાનું. જીવરૂપ આંબો તેના પરિણામરૂપ ડાળથી સમકિતરૂપ ફળ મોહરૂપ વાયરે કરી તૂટયું, મિથ્યાત્વરૂપ ધરતીએ આવી પડયું નથી, વચમાં છે ત્યાં સુધી સાસ્વાદન કહીએ અને ધરતીએ આવી પડયું ત્યારે મિથ્યાત્વ. તે વિષે ગૌતમ સ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા. સ્વામીનાથ! તે જીવને શું ગુણ નીપજ્યો ? શ્રી ભગવંત કહે કૃષ્ણપક્ષી હતો તે શુકલપક્ષી થયો, અર્ધ પુદ્ગલ સંસાર ભોગવવો રહ્યો. જેમ કોઇ પુરુષને માથે લાખ ક્રોડનું દેણું હતું તે પરદેશ જઇને કમાઇ આવ્યો. દેણું દેતાં એક અધેલીનું દેણું રહ્યું તેનું વ્યાજ થયું; અર્ધ પુદ્ગલ સંસાર ભોગવવો રહ્યો. સાસ્વાદ સમકિત પાંચવાર આવે.

ત્રીજા ગુણઠાણાનાં લક્ષણ કહે છે ત્રીજું મિશ્રગુણઠાણું તે બે વસ્તુ મળીને મિશ્ર શીખંડને દષ્ટાંતે. જેમ શીખંડ ખાટો ને મીઠો, તેમ મીઠાશ સમાન સમકિત ને ખટાશ સમાન મિથ્યાત્વ. તે જિનમાર્ગ પણ રૂડો જાણે તથા અન્ય માર્ગ પણ રૂડો જાણે. જેમકે નગર બહાર સાધુ મહાપુરુષ પધાર્યા છે, તેહને શ્રાવક વાંદવા જાય છે, એવામાં મિશ્રદષ્ટિવાળો મિત્ર મળ્યો તેણે પૂછ્યું, કયાં જાઓ છો ? શ્રાવક કહે સાધુ મહાપુરુષને વાંદવા જઇએ છીએ. એટલે મિશ્રદષ્ટિવાળો કહે, એહને વાંદે શું થાય ? શ્રાવક કહે જે મહાં લાભ થાય તેથી તે કહે, હું પણ આવું છું. એમ કહીને મિશ્રગુણઠાણાવાળે વાંદવાને પગ ઉપાડયો, એટલામાં બીજો મહા મિથ્યાત્વી મિત્ર મળ્યો, તેણે પૂછ્યું કે શા ભણી જાઓ છો ? મિશ્રગુણઠાણાવાળો કહે છે, સાધુ મહાપુરુષને વાંદવા જઇએ છીએ. ત્યારે મહામિથ્યાત્વી કહે છે, એહને વાંદે શું થાય ? એ તો મેલા, ઘેલાં છે, એમ કહીને ભોળવી નાખ્યો, એથી પાછો ગયો. સાધુજ્ઞાનીને શ્રાવકે પૂછ્યું, સ્વામી! વાંદવા પગ ઉપાડયો તેહને શું ગુણ નીપજ્યો ? જ્ઞાની ગુરુ કહે છે કાળા અડદ સરખો હતો તે છડીદાળ સરખો થયો, કૃષ્ણપક્ષી ટળીને શુકલપક્ષી થયો, અનાદિ કાળનો ઊલટો હતો તે સુલટો થયો, સમકિત સન્મુખ થયો પણ પગ ભરવા સમર્થ નહીં, તે વિષે ગૌતમ સ્વામી હાથ જોડી માન મોડી વંદણા, નમસ્કાર કરીને શ્રી ભગવંતને પૂછવા લાગ્યા. સ્વામીનાથ! તે જીવને શું ગુણ નીપજ્યો ? શ્રી ભગવંત કહે, તે જીવ ૪ ગતિ, ૨૪ દંડકમાં ભમીને પણ દેશે ઉણું અર્ધ પુદ્ગળ પરાવર્તનમાં ઉત્કૃષ્ટો સંસારનો પાર પામશે.

ચોથું અવિરતિ સમ્યકૃત્વદૃષ્ટિ ગુણઠાણું તેનું શું લક્ષણ ? ૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે તે. ૧ અનંતાનુબંધી ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, ૫ સમ્યકૃત્વ મોહનીય, ૬ મિથ્યાત્વ મોહનીય એ ૭ મિશ્ર મોહનીય એ ૭ પ્રકૃતિ કાંઇક ઉદય આવે તેહને ક્ષય કરે અને સત્તામાં દળ છે તેહને ઉપશમાવે, તેને ક્ષયોપશમ સમ્યકૃત્વ કહીએ તે સમ્યકૃત્વ અસંખ્યાતીવાર આવે અને ૭ પ્રકૃતિના દળને સર્વથા ઉપશમાવે, ઢાંકે તેને ઉપશમસમકિત કહીએ. તે સમકિત પાંચવાર આવે, અને ૭ પ્રકૃતિના દળને સર્વથા ક્ષય કરે તેને ક્ષાયિક સમકિત કહીએ તે સમ્યકૃત્વ ૧ વાર આવે. ચોથે ગુણઠાણે આવ્યો થકો જીવાદિ પદાર્થ દ્રવ્યથી ૧, ક્ષેત્રથી ૨, કાળથી ૩, ભાવથી ૪, નોકારશીઆદિ છમાશી તપ જાણે, સરદહે, પરૂપે પણ ફરસી શકે નહિ તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપજ્યો ? શ્રી ભગવંત કહે, હે ગૌતમ ! તે જીવ સમકિત વ્યવહારપણે શુદ્ધ પ્રવર્તતો જઘન્ય ત્રીજે ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો પંદર ભવે મોક્ષ જાય, વેદક સમકિત એક વાર આવે. એક સમયની સ્થિતિ છે, પૂર્વે જો આયુષ્યનો બંધ પડયો ન હોય તો ૭ બોલમાં બંધ પાડે નહિં. ૧ નરકનું આયુષ્ય, ૨ ભવનપતિનું આયુષ્ય, ૩ તિર્યંચનું આયુષ્ય, ૪ વાણવ્યંતરનું આયુષ્ય, ૫ જ્યોતિષીનું આયુષ્ય, ૬ સ્ત્રી વેદ, ૭ નપુંસક વેદ, એ સાત બોલમાં આયુષ્યનો બંધ પાડે નહિ, તે જીવ, ૮ આચાર, સમકિતના આરાધી ચતુર્વિધ સંઘની વત્સલતા પરમહર્ષ અને ભકિતભર કરતો થકો જઘન્ય પહેલે દેવલોકે ઉપજે, ઉત્૦ બારમે દેવલોકે, ઉપજે પન્નવણાની સાખે, પૂર્વ કર્મને ઉદયે કરીને વ્રત પચ્ચકૃખાણ કરી ન શકે, પણ અનેક વરસની શ્રમણોપાસકની પ્રવજ્યાનો પાળક કહીએ, દશાશ્રુત સ્કંધે શ્રાવક કહ્યા છે તે માટે દર્શન શ્રાવકને અવિરય સમદીઠી કહીએ.

પાંચમું દેશવિરતિ ગુણઠાણું તેનું શું લક્ષણ ? અહીં ચોથા ગુણ સ્થાનની રીતે ૭ પ્રકૃતિ (દર્શન સપ્તક)નો ક્ષય કે ઉપશમ કે ક્ષયોપશમ હોય અને અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ એ ચારનો ક્ષયોપશમ હોય, પાંચમે ગુણઠાણે આવ્યો થકો જીવાદિક પદાર્થ દ્રવ્યથી ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારસી આદિ દઇને છમાસી [illegible] તપ જાણે સરદહે પરૂપે, શકિત પ્રમાણે સ્પર્શે. એક પચ્ચકખાણથી માંડીને ૧૨ વ્રત, ૧૧ શ્રાવકના પડિમા આદરે, યાવત સંલેખણા સુધી અનશન કરી આરાધે, તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપજ્યો ? ત્યારે શ્રી ભગવંતે કહ્યું, જ૦ ત્રીજે ભવે મોક્ષ જાય ઉ૦ ૧૫ ભવે મોક્ષ જાય જ૦ પહેલે દેવલોકે ઉપજે, ઉત૦ ૧૨મે દેવલોકે ઉપજે. તે સાધુના વ્રતની અપેક્ષાએ દેશવિરતિ કહીએ, પણ પરિણામથી અવ્રતની ક્રિયા ઉતરી ગઇ છે. અલ્પઇચ્છા, અલ્પઆરંભ, અલ્પપરિગ્રહી, સુશીલ, સુવ્રતી, ધર્મિષ્ઠ, ધર્મવ્રતી, કલ્પઉગ્રવિહારી, મહાસંવેગ વિહારી ઉદાસી, વૈરાગ્યવંત, એકાંતઆર્ય. સમ્યગ્માર્ગી, સુસાધુ, સુપાત્ર ઉત્તમ ક્રિયાવાદી, આસ્તિક આરાધક, જૈનમાર્ગપ્રભાવક, અરિહંતના શિષ્ય વર્ણવ્યા છે, ગીતાર્થ જાણે છે. સિદ્ધાંતની શાખ છે. શ્રાવકપણું એક ભવમાં પ્રત્યેક હજારવાર આવે.

છઠું પ્રમત્ત સંજતિ ગુણઠાણું, તેહનું શું લક્ષણ ? અહીં દર્શન સપ્તકનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે અને પ્રત્યાખ્યાની તથા અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ એ આઠ પ્રકૃતિનો ક્ષયોપશમ કરે તે વિષે ગૌત્તમસ્વામી હાથ જોડી માન મોડી

શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, તે જીવને શું ગુણ નીપજ્યો ? શ્રી ભગવંતે કહ્યું :- તે જીવ દ્રવ્યથી, ક્ષેત્રથી કાળથી, ભાવથી જીવાદિક નવ પદાર્થને તથા નોકારસી આદિ છમાસી તપ જાણે, સરદહે, પરૂવે, ફરસે. સાધુપણું એક ભવમાં નવસેંવાર આવે. તે જીવ જઘન્ય ત્રીજે ભવે મોક્ષ જાય, ઉત્૦ ૧૫ ભવે મોક્ષ જાય. આરાધક જીવ જઘ૦ પહેલે દેવલોકે ઉપજે. ઉત્૦ અનુત્તર વિમાને ઉપજે. ૧૭ ભેદે સંજમ નિર્મળ પાળે, ૧૨ ભેદે તપસ્યા કરે પણ યોગ ચપળ, કષાય ચપળ, વચન ચપળ, દૃષ્ટિમાં ચપળતાનો અંશ છે; તેણે કરીને યદ્યપિ ઉત્તમ અપ્રમાદીથકા રહે છે તો પણ પ્રમાદ રહે છે માટે પ્રમાદપણે કરી તથા કૃષ્ણાદિ લેશ્યા, અશુભ જોગ કોઇક કાળે પ્રણિત પરિણમે છે, માટે કષાય પ્રકૃષ્ટમત્ત થઇ જાય તેવ પ્રમત્ત સંજિત ગુણઠાણું કહીએ,

સાતમું અપ્રમત્ત સંજતિ ગુણઠાણું, તેહનું શું લક્ષણ : પાંચ પ્રમાદ છોડે ત્યારે સાતમે ગુણઠાણે આવે તે પ્રમાદના નામ (ગાથા) ૧ મદ, ૨ વિષય, ૩ કષાય, ૪ નિંદ્રા, ૫ વિકથા પંચમાં ભણિયા; એ પંચ પમાયા, જીવા પંડિત સંસારે એ ૫ પ્રમાદ છાંડે અને ૧૬ પ્રકૃતિનો ક્ષયોપશમ કરે ને ૧૫ પૂર્વે કહી તે અને સંજલનો ક્રોધ, એમ ૧૬ પ્રકૃતિને ક્ષયોપશમાવે તેને શું ગુણ નીપજ્યો ? જીવાદિ પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી તથા નોકારસી આદિ દેઇને છમાસી તપ, ધ્યાન જુગતપણે જાણે સરદહે, પરૂપે, ફરસે, તે જીવ જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો ત્રીજે ભવે મોક્ષ જાય. ગતિ તો પ્રાય : કલ્પાતીતની થાય ધ્યાનને વિષે, અનુષ્ઠાનને વિષે અપ્રમત્ત ઉદ્યત થકા રહે છે, તથા શુભ લેશ્યાપણે જ કરીને નથી પ્રમત્ત કષાય જેને તેને અપ્રમત્ત સંજતિ ગુણઠાણું કહીએ. ક્ષપક અથવા ઉપશમ શ્રેણી જેને માંડવાની હોય તે અહીં યથાપ્રવૃત્તિકરણ કરે.

આઠમું નિયટ્ટિ બાદર ગુણઠાણું તેનું શું લક્ષણ ? ૧૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે. તે સોળ પૂર્વે કહી તે, અને સંજલનું માન મળી ૧૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે. તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી, માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપજ્યો ? ભગવંતે કહ્યું, પરિણામધારાં, અપૂર્વકરણ જે કોઇ કાળે જીવને કોઇ દિને આવ્યું નથી તે શ્રેણી જુગત જીવાદિ પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારસી આદિ દઇ છમાસી તપ જાણે, સરદહે, પરૂપે, ફરસે, તે જીવ જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત્૦ ત્રીજે ભવે મોક્ષ જાય, અહીંથી શ્રેણી ૨ કરે : ૧ ઉપશમશ્રેણી. ને ૨ ક્ષપકશ્રેણી. ઉપશમ શ્રેણીવાળો જીવ મોહનીય કર્મની પ્રકૃતિનાં દળને ઉપશમાવતો અગિયારમાં ગુણઠાણા સુધી જાય, પડિવાઇ પણ થાય, હાયમાન પરિણામપણે પરિણમે. અને ક્ષપક શ્રેણીવાળો જીવ તે મોહનીય કર્મની પ્રકૃતિના દળને ખપાવતો, શુદ્ધ મૂળમાંથી નિર્જરા કરતો, નવમે, દશમે ગુણઠાણે થઇને બારમે ગુણઠાણે જાય, અપડિવાઇ જ હોય. વર્ધમાન પરિણામ પરિણમે. હવે નીયટ્ટિ બાદરનો અર્થ તે નિવર્ત્યો છે બાદર કષાયથી, બાદર સંવરાય ક્રિયાથી, શ્રેણી કરવે, અભ્યંતર પરિણામે, અધ્યવસાય સ્થિર થતે, બાદર ચપળતાથી નિવર્ત્યો છે માટે નીયટ્ટિ બાદર ગુણઠાણું કહીએ, તથા બીજું નામ અપૂર્વ કરણ ગુણઠાણું પણ કહીએ; શા માટે જે કોઇ કાળે જીવે પૂર્વે એ શ્રેણી કરી નહોતી અને ગુણઠાણે પહેલું જ કરણ તે પંડિતવીર્યનું આવરણ ક્ષયકરણરૂપ કરણ પરિણામધારા વર્ધનરૂપ શ્રેણી કરે તેહને અપૂર્વકરણ ગુણઠાણું કહીએ.

નવમું અનીયટ્ટિબાદર ગુણઠાણું; તેનું શું લક્ષણ ? સતાવીશ પ્રકૃતિને ઉપશમાવે અથવા ક્ષય કરે તે ૧૭ પ્રકૃતિ પૂર્વે કહી તે અને સંજલની ૧ માયા, ૨ સ્રીવેદ, પુરુષવેદ ૪ નપુંસકવેદ તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંચ્છા એ ૨૭ પ્રકૃતિને ક્ષય કે ઉપશમ કરે તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપજ્યો ? શ્રી ભગવંતે કહ્યું, તે જીવને જીવાદિક પદાર્થ તથા નોકારસી આદિ દઇને છમાસી તપ, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નર્વિકાર અમાયી વિષય નિરવાંચ્છનાપણે જાણે, સરદહે, પરૂપે ફરસે, તે જીવ જઘન્ય તે જ ભવે મોક્ષ જાય. અનીયટ્ટિબાદર તે સર્વથા પ્રકારે નિવર્ત્યો નથી, અંશ માત્ર હજી બાદરસંપરાય ક્રિયા રહી છે, તે માટે અનીયટ્ટિયાબાદર ગુણઠાણું કહીએ. "આઠમા, નવમા ગુણઠાણાના શબ્દાર્થ × ઘણા ગંભીર છે તે અન્ય પંચસંગ્રહાદિક ગ્રંથ તથા સિદ્ધાંતથી સમજવા."

દશમું સૂક્ષ્મ સંપરાય ગુણઠાણું, તેને શું લક્ષણ ? તે ઉપશમ કે ક્ષય થયેલી હોય છે, અહીં સૂક્ષ્મ લક્ષનો છેવટનો હિસ્સો બાકી હતો તે ખપાવતાં ખપાવતાં છેલ્લે સમયે સર્વથા લોભનો ક્ષય કે ઉપશમ થાય છે. તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપજ્યો ? શ્રી ભગવંત કહ્યું, તે જીવ દ્રવ્યથી, ક્ષેત્રથી કાળથી, ભાવથી, જીવાદિ પદાર્થ તથા નોકારસી આદિ દઇને છમાસી તપ, નિરભિલાષ, નિર્વાંચ્છના, નિર્વેદકતાપણે, નિશરી, અવ્યામોહ,

---

× નિયટ્ટિ (નવત્તિ) એટલે પરિણામોનાં ભિન્નતા, અને અનિવૃત્તિ એટલે અભિન્નતા. આઠમા ગુણસ્થાને ભિન્ન ભિન્ન જીવો આશ્રયી પ્રતિસમય અનુક્રમે વધતા અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનકો હોય છે. જેઓ આ ગુણસ્થાનના પ્રથમ સમયને પ્રાપ્ત થાય છે અને થશે તે સર્વ જીવોની અપેક્ષાએ જઘન્યથી માંડી ઉત્કૃષ્ટ સુધી અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા અધ્યવસાય સ્થાન હોય છે. અસંખ્યાતા અસંખ્ય પ્રકાર હોવાથી પ્રથમ સમયવર્તી સર્વ જીવોના અને સર્વ સમયોમાં વર્તતા જીવોના અધ્યવસાયો અસંખ્યાતા કહ્યા છે. આ ગુણસ્થાનના પ્રથમ સમયના જઘન્ય અધ્યવસાય સ્થાનથી પ્રથમ સમયનું ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાનક અનંત ગુણ વિશુદ્ધ છે. પ્રથમ સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાનકથી બીજા સમયનું જઘન્ય અધ્યવસાય સ્થાનક અનંતગુણ વિશુદ્ધ છે. એમ છેલ્લા સમય સુધી જાણવું. **આ ગુણસ્થાનકના કોઈ એક સમયને પ્રાપ્ત થયેલા જીવોમાં પરસ્પર અધ્યવસાયોની નિવૃત્તિ-ભિન્નતા-હોય છે.** તેથી તે નિયટ્ટિ કહેવાય છે, તેમજ આ ગુણસ્થાને ૨૭ પ્રકૃત્તિ ઉપશમ કે ક્ષય કર્યા વગર નિવૃત્તિ પામે નહિ.

નવમા ગુણસ્થાનને એક સાથે પ્રાપ્ત થયેલા જીવોમાં અધ્યવસાયની નિવૃત્તિ એટલે ભિન્નતા હોતી નથી તેથી તે અનિયટ્ટિ કહેવાય છે. વળી દશમાં ગુણસ્થાનના સૂક્ષ્મ લોભ રૂપ કષાયની અપેક્ષાએ અહીં બાદર (સ્થુલ) સંપરાય (કષાય) નો ઉદય હોવાથી તેને અનિવૃત્તિ-બાદરસંપરાય ગુણસ્થાનક પણ કહે છે. તેનો કાળ અંતર્મુહૂર્તનો છે. તેના પ્રથમ સમયથી માંડી પ્રતિસમય ઉત્તરોત્તર અનંતગુણ વિશુદ્ધ અધ્યવસાય સ્થાનક હોય છે. તેની અંતર્મુહૂર્તનીસ્થિતિના, જેટલા સમયો તેટલાં તેનાં અધ્યવસાય સ્થાનકો હોય છે. કેમકે આ ગુણસ્થાનમાં પ્રવેશ કરનારને **એક સમયે એક જ અધ્યવસાય સ્થાનક હોય** છે. એટલે નવમા સ્થાનકના જેટલા સમય તેટલાં તેનાં અધ્યવસાય સ્થાનકો સમજવાં.

અવિભ્રમપણે જાણે, સરદહે, પરૂપે, ફરસે. તે જીવ જઘન્ય તે જ ભવે મોક્ષ જાય. ઉત્ ત્રીજે ભવે મોક્ષ જાય. સૂક્ષ્મ-થોડીક-લગારેક પાતળી શી સંપરાય ક્રિયા હોવાને લીધે તેને સૂક્ષ્મસંપરાય ગુણઠાણું કહીએ.

અગિયારમું ઉપશાંતમોહ ગુણઠાણું, તેનું શું લક્ષણ ? ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિને ઉપશમાવે સર્વથા ઢાંકે, (ભસ્મભારી પ્રછન્ન અગ્નિવત્) તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપજ્યો ? શ્રી ભગવંતે કહ્યું, તે જીવ જીવાદિ પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારસી આદિ દઈને છમાસી તપ વીતરાગ ભાવે, યથાખ્યાત ચારિત્ર પણે જાણે, સરદહે, પરૂપે, ફરસે, એવામાં જો કાળ કરે તો અનુત્તર વિમાનમાં જાય, પછી મનુષ્ય થઈ મોક્ષ જાય અને જો સૂક્ષ્મ લોભનો ઉદય થાય તો કષાય અગ્નિ પ્રગટે, પછી પડે, દશમાથી સર્વથા પડે તો પહેલે ગુણઠાણે જાય, પણ અગિયારમેથી ચઢવું તો નથી. ઉપશાંત તે ઉપશમ્યો છે મોહ સર્વથા જળે કરી અગ્નિ ઓલવ્યાની પેઠે. ટાળ્યો નહિ, ઢાંક્યો છે માટે ઉપશાંતમોહ ગુણઠાણું કહીએ.

બારમું ક્ષીણમોહ ગુણઠાણું, તેને શું લક્ષણ ? ૨૮ પ્રકૃતિને સર્વથા ખપાવેલી હોય છે તેથી ક્ષીણમોહ કહેવાય ક્ષપકશ્રેણી, ક્ષાયિક ભાવ, ક્ષાયિકસમકિત, ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર, કરણસત્ય, જોગસત્ય, ભાવસત્ય, અમાયી, અકષાયી, વીતરાગી ભાવનિર્ગ્રંથ, સંપૂર્ણ સંવુડ, સંપૂર્ણ ભાવિતાત્મા, મહાતપસ્વી, મહાસુશીલ, અમોહી, અવિકારી; મહાજ્ઞાની, મહાધ્યાની, વર્ધમાન પરિણામી, અપડીવાઇ થઇ, અંતર્મુહૂર્ત રહે. એ ગુણઠાણે કાળ કરવો નથી. પુનર્ભવ છે નહિ, છેલ્લે સમયે પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય, પંચવિધ અંતરાય ક્ષય કરણોદ્યમ કરી, કેવળ જ્યોતિ પ્રકટે તે માટે ક્ષીણમોહ ગુણઠાણું કહીએ અને તેરમે ગુણસ્થાને જાય. જે સમયે ૧૪ પ્રકૃતિનો ક્ષય થાય તેજ સમયે કેવળજ્ઞાન પ્રગટ થાય પણ વ્યવહારથી તેરમું ગુણસ્થાન સજોગી કેવળીનું ગણાય છે.

તેરમું સજોગી કેવળી ગુણઠાણું, તેનું શું લક્ષણ ? દશ બોલ સહિત તેરમે ગુણઠાણે વિચરે. ૧ સજોગી, ૨ સશરીરી, ૩ સલેશી, ૪ શુક્લલેશી, ૫ યથાખ્યાતચારિત્ર, ૬ ક્ષાયિકસમકિત, ૭ પંડિતવીર્ય, ૮ શુક્લધ્યાન, ૯ કેવળજ્ઞાન, ૧૦ કેવળદર્શન. એ દશ બોલ સહિત જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્૦ દેશેઊણું પૂર્વ ક્રોડી સુધી વિચરે, ઘણા જીવને તારી, પ્રતિબોધી. ન્યાલ કરીને બીજા, ત્રીજા શુક્લધ્યાનના પાયાને ધ્યાઇને ચૌદમે જાય, સજોગી તે શુભ મન, વચન, કાયાના જોગ સહિત છે બાહ્યચલોપકરણ છે, ગમનાગમનાદિક ચેષ્ટા શુભ સહિત છે. કેવળજ્ઞાન, કેવળ દર્શન, ઉપયોગ સમયાંતર અવછિન્નપણે શુદ્ધ પરિણમે તે માટે સજોગી કેવળી ગુણઠાણું કહીએ. આ ગુણસ્થાનના છેવટના ભાગમાં શૈલેશીકરણથી અત્યંત આત્મવીર્ય પ્રગટ થવાથી જોગોનું રૂંધન થવા માંડે અને જોગો રૂંધાઇ જાય ત્યારે ચૌદમું અજોગી કેવળી ગુણઠાણું પ્રાયે થાય તેનું શુ લક્ષણ ? શુક્લધ્યાનનો ચોથો પાયો, સમુચ્છિન્નક્રિય, અનંતર અપ્રતિપાતી અનિવૃત્તિધ્યાતા મનજોગ રૂંધી, વચનજોગ રૂંધી, કાયજોગ રૂંધી અને પ્રાણનિરોધ કરી રૂપાતીત, પરમ શુક્લધ્યાન ધ્યાતા ૭ બોલ સહિત વિચરે. તેરમે ૧૦ બોલ કહ્યા તેમાંથી ૧ સજોગી, ૨ સલેશી, ૩ શુક્લલેશી, એ ત્રણ વર્જીને શેષ ૭ બોલ સહિત સકલ ગિરિનો રાજા મેરુ તેની પેઠે અડોલ, અચલ, સ્થિર અવસ્થાને પામે. શૈલેશીપણે રહી પંચ લઘુ

અક્ષર ઉચ્ચારણપ્રમાણુ કાળ રહી શેષ ૧ વેદનીય, ૨ આયુષ્ય, ૩ નામ ૪ ગોત્ર એ ચાર કર્મ ક્ષીણ કરીને મુક્તિપદ પામે. શરીર ઔદારિક, તેજસ, કાર્મણ સર્વથી છાંડીને સમશ્રેણી ઋજુગતિ, અન્ય આકાશ પ્રદેશ અણુઅવગાહતો, અણુફરસતો, એક સમય માત્રમાં ઊર્ધ્વગતિ, અવિગ્રહગતિએ તીહાં જાય, "એરંડબીજ બંધન મુક્તવત, નિર્લેપ તુંબીવત કોદંડમુક્તબાણવત, ઇંધનવહ્નિમુક્ત ધુમ્રવત્" તીહાં સિદ્ધ ક્ષેત્રે જઇ સાકારોપયોગે સિદ્ધ થાય, બુદ્ધ થાય, પારંગત થાય. પરંપરાગત થાય, સકલકાર્ય અર્થ સાધી, કૃતકૃતાર્થ, નિષ્ઠિતાર્થ, અતુલ્ય સુખસાગર નિમંગ્ન સાદિ અનંતભાગે સિદ્ધ થાય એ સિદ્ધ પદને ભાવસ્મરણ ચિંતન મનન કદીકાળે મુજને હોશે ? સો ઘટી; પળ, ધન્ય સફળ હોશે અજોગી તે જોગ રહિત કેવળ સહિત વિચરે તેને અજોગી કેવળી ગુણુઠાણું કહીએ.

ત્રીજો સ્થિતિદ્વાર કહે છે.

પહેલા ગુણુઠાણાની સ્થિતિ ૩ પ્રકારની છે, અણાદીઆ અપજ્જવસીઆ તે જે મિથ્યાત્વની આદિ નથી ને અંત પણ નથી તે અભવ્યજીવના આશ્રી મિથ્યાત્વ. ૧ અણાદીઆ, સપજ્જવસીઆ તે જે મિથ્યાત્વની આદી નથી પણ અંત છે તે ભવ્ય જીવના મિથ્યાત્વ આશ્રી ૨. સાદીઆસપજ્જવસીઆ તે જે મિથ્યાત્વની આદી પણ છે ને અંત પણ છે. તે પડીવાઇ સમદિઠ્ઠીના મિથ્યાત્વ આશ્રી તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્૦ અર્ધ પુદ્ગલ પરાવર્તન દેશે ઉણી. પછી અવશ્ય સમકિત પામીને મોક્ષ જાય. ૩. ૧' બીજા ગુણુઠાણાંની સ્થિતિ જ૦ ૧ સમય ૩૦ ૬ આવલીકા નં ૭ સમયની ૨, ત્રીજા ગુણુઠાણાંની સ્થિતિ જ૦ ઉ૦ અંતર્મુહૂર્તની ૩. ચોથા ગુણુઠાણાની સ્થિતિ જ૦ અંત૦, ઉ૦, ૬૬ સાગરોપમ ઝાઝેરાની તે ૨૨ સાગરોપમની સ્થિતિએ ત્રણવાર બારમે દેવલોકે ઉપજે, ત્રણ પૂર્વક્રોડી અધિક મનુષ્યના ભવ આશ્રી જાણવી. તથા બે વાર અનુત્તર વિમાનમાં ૩૩ સાગરોપમની સ્થિતિએ ઉપજે. ૩૩ દુ છાસઠ સાગરોપમ અને ૩ પૂર્વક્રોડી અધિક મનુષ્યના ભવ આશ્રી જાણવી ૫. પાંચમા, છઠ્ઠા, તેરમા ગુણુઠાણાંની સ્થિતિ જ૦ અંત૦ ઉ૦ દેશે ઉણી તે સાડા આઠ વર્ષ ઉણી પૂર્વ ક્રોડીની, સાતમાંથી અગિયારમાં ગુ૦ સુધી જ૦ ૧ સમય૦ ઉ૦ અંત૦ બારમાં ગુ૦ ની સ્થિતિ જઘન્ય ઉ૦ અંત૦ ચઉદમા ગુણુઠાણાની સ્થિતિ પાંચ હ્રસ્વ અક્ષર અ૧ ઇ૨ ઉ૩ ઋ૪ લૃ૫ બોલવા પ્રમાણે જાણવી.

ચોથો ક્રિયાદ્વાર કહે છે.

પહેલે ને ત્રીજે ગુણુઠાણે ૨૪ ક્રિયા લાભે, ઇરિયાવહી ક્રિયા વર્જીને બીજે ચોથે ગુ૦ ૨૩ ક્રિયા લાભે, ઇરિયાવહી ૧ને મિથ્યાત્વની ૨, એ બે વર્જીને પાંચમે ગુ૦ ૨૨ ક્રિયા લાભે, મિથ્યાત્વ ૧, અવિરતિ ૨ ઇરિયાવાહી ૩. એ વર્જીને છઠે ગુ૦ ૨ ક્રિયા આરંભીઆ ૧ માયાવત્તિયા, ૨ લાભે. સાતમેથી દશમા સુધી માયાવત્તિયા ક્રિયા લાભે. અગિયારમે, બારમે, તેરમે ગુ૦ ૧ ઇરિયાવહી ક્રિયા લાભે ચૌદમે ગુ૦ કોઇ ક્રિયા લાભે નહિ.

પાંચમો સત્તાદ્વાર કહે છે.

પહેલા ગુણુઠાણાથી તે અગિયારમા ગુ૦ સુધી આઠ કર્મની સત્તા, બારમે સાત

કર્મની સત્તા-૧ મોહનીય કર્મ વર્જીને, તેરમે ચઉદમે ગુ૦ ૪ કર્મની સત્તા- વેદનીય ૧, આયુષ ૨, નામ ૩, ગોત્ર ૪.

છઠ્ઠો બંધદ્વાર કહે છે.

પહેલા ગુણઠાણાથી તે સાતમાં ગુ૦ સુધી ત્રીજું ગુ૦ વર્જીને ૮ કર્મ બાંધે અને જો ૭ બાંધે તો આયુષ્ય વર્જીને ત્રીજે, આઠમે, નવમે ગુ૦ ૭ કર્મ બાંધે આયુષ્ય વર્જીને દશમે ગુ૦ ૬ કર્મ બાંધે. આયુષ્ય ૧ ને મોહનીય એ ૨ વર્જીને અગિયારમે, બારમે, તેરમે ગુ૦ ૧ સાતા વેદનીય બાંધે ચૌદમે ગુ૦ અબંધ.

સાતમો વેદ ને આઠમો ઉદયદ્વાર ભેળો કહે છે.

પહેલા ગુણઠાણાથી તે દશમા ગુ૦ સુધી ૮ કર્મ વેદે ને ૮ નો ઉદય અગિયારમે બારમે ૭ કર્મ વેદે ને ૭ નો ઉદય, મોહનીય વર્જીને તેરતે, ચૌદમે ૪ કર્મ વેદે ને ૪નો ઉદય વેદનીય ૧, આયુષ ૨, નામ ૩, ગોત્ર ૪.

નવમો ઉદીહરણાદ્વાર કહે છે.

પહેલા ગુણઠાણાથી માંડીને સાતમા ગુ૦ સુધી ૮ કર્મની ઉદીરણા તથા ૭ ની કરે તો આયુષ્ય વર્જીને. આઠમે નવમે ગુ૦ સાત કર્મની ઉદીરણા તે આયુષ્ય વર્જીને તથા ૬ ની કરે તો આયુષ્ય ૧, મોહનીય ૨ એ ૨ વર્જીને દશમે ૬ની ઉદીરણા કરે આયુષ્ય ૧, મોહનીય ૨, એ ૨ વર્જીને અને પની કરે તો આયુષ્ય ૧. મોહનીય ૨, વેદનીય ૩ એ ૩, વર્જીને. અગિયારમે બારમે ૫ ની ઉદીરણા આયુષ્ય ૧, મોહનીય, ૨ વેદની ૩ એ ૩ વર્જીને તથા ૨ ની કરે તો નામ, ગોત્ર ૨ એ ૨ ની તેરમે ગુ૦ ૨ કર્મની ઉદીરણા નામ, ૧, ગોત્ર ૨ એ ૨ ની કરે. ચૌદમે ગુણ૦ ઉદીરણા કરે નહિ. (ચેવ કે) નિશ્ચયે

દશમો નિર્જરાદ્વાર કહે છે.

પહેલાથી તે અગિયારમાં ગુણઠાણા સુધી ૮ કર્મની નિર્જરા બારમે ૭ કર્મની નિર્જરા, મોહનીય વર્જીને, તેરમે ચૌદમે ૪ કર્મની નિર્જરા-વેદનીય ૧, આયુષ્ય ૨, નામ ૩, ગોત્ર ૪.

અગિયારમો ભાવદ્વાર કહે છે.

૧ ઉદયભાવ ૨ ઉપશમભાવ, ૩ ક્ષાયિકભાવ, ૪ ક્ષયોપશમભાવ, ૫ પારિણામિકભાવ, ૬ સંનીવાઈભાવ, પહેલે ને ત્રીજે ગુણઠાણે ૩ ભાભ, ૧, ઉદય, ૨ ક્ષયોપશમ, ૩ પારિણામિક બીજે ગુણઠાણે તથા ચોથાથી તે અગિયારમાં ગુણઠાણા સુધી ઉપશમ શ્રેણીવાળાને, ૪, ભાવ ૧ ઉદય. ૨ ઉપશમ, ૩ ક્ષયોપશમ, ૪ પારિણામિક તથા ૪ થી ૮ ગુ૦માં જેને ક્ષાયક સમકિત આવ્યું હોય તે ક્ષાયક ભાવ પણ હોય અને ૯ થી ૧૧ ગુ૦ સુધી પાંચ ભાવ હોય ૮ માંથી માંડીને બારમા સુધી ક્ષપક શ્રેણીવાળાને. ૪ ભાવ-૧ ઉદય, ૨ ક્ષયોપશમ, ૩ ક્ષાયિક, ૪ પારિણામિક તેરમે, ચૌદમે ગુ૦ ૩ ભાવ-૧ ઉદય, ૨ ક્ષાયિક, ૩ પારિણામિક. સિદ્ધમાં ૨ ભાવ ક્ષાયિક અને પારિણામિક.

બારમો કારણદ્વાર કહે છે.

કર્મબંધના કારણ ૫–૧ મિથ્યાત્વ, :૨ અવિરતિ, ૩ પ્રમાદ, ૪ કષાય, ૫ જોગ. પહેલે ત્રીજે ગુ૦ ૫ કારણ લાભે. બીજે ચોથે, ૪ કારણ લાભે મિથ્યાત્વ વર્જીને પાંચમે છઠે ગુણુ૦ ૩ કારણ લાભે. ૧ મિથ્યાત્વ, ૨ અવિરતિ વર્જીને સાતમેથી તે દશમા ગુણઠાણા સુધી. ૨ કારણ લાભે ૧ કષાય. ૨ જોગ. અગિયારમે–બારમે તેરમે, ૧ કારણ લાભે તે જોગ ચૌદમે કોઇ કારણ નથી.

તેરમો પરિષહદ્વાર કહે છે.

પહેલાથી તે ચોથા ગુણઠાણા સુધી યદ્યપિ પરિષહ ૨૨ લાભે પણ તે દુઃખરૂપ છે, નિર્જરારૂપ પરિણામે નહિ. પાંચમાથી તે ૯ મા ગુણઠાણાં સુધી ૨૨ પરિષહ લાભે, એક સમયે ૨૦ વેદે. ટાઢનો ત્યાં તાપનો નહિ, તાપનો ત્યાં ટાઢનો નહિ. ચાલવાનો ત્યાં બેસવાનો નહિ, બેસવાનો ત્યાં ચાલવાનો નહિ. દશમે, અગિયારમે, બારમે ૧૪ પરિષહ લાભે. આઠ જે મોહનીય કર્મને ઉદયે હતા તે વર્જ્યા તે કહે છે, ૧ અચેલનો ૨ અરતિનો ૩ સ્ત્રીનો, ૪ બેસવાનો, ૫ આક્રોશનો, ૬ યાચનાનો, ૭ સત્કાર-પુરસ્કાર, એ ૭ ચારિત્ર મોહનીય કર્મને ઉદયે હતા તે અને ૮ મો દંસણ પરિષહ દર્શન મોહનીયને ઉદયે હતો તે, એ વર્જીને શેષ ૧૪ રહ્યા, તે માંહેલા ૧ સમયે ૧૨ વેદે. ટાઢનો ત્યાં તાપનો નહિ. તાપનો ત્યાં ટાઢનો નહિ ચાલવાનો ત્યાં સ્થાનકનો નહિ સ્થાનકનો ત્યાં ચાલવાનો નહિ તેરમે ચૌદમે ગુણઠાણે ૧૧ પરિષહ લાભે પૂર્વે ૧૪ કહ્યા તેમાંથી એક પ્રજ્ઞાનો, ૨ અજ્ઞાનનો, એ ૨ જ્ઞાનાવરણીય કર્મને ઉદયે હતા તે અને એક અલાભનો, અંતરાય કર્મને ઉદયે હતો તે એ ૩ વર્જીને શેષ ૧૧ રહ્યા. તે માંહેલા ૧ સમયે ૯ વેદે. ટાઢનો ત્યાં તાપનો નહિ તાપનો ત્યાં ટાઢનો નહિ, ચાલવાનો ત્યાં સ્થાનકનો નહિ. સ્થાનકનો ત્યાં ચાલવાનો નહિ.

ચૌદમો માર્ગણાદ્વાર કહે છે

પહેલે ગુણઠાણે માર્ગણા ૪. ત્રીજે, ચોથે, પાંચમે, સાતમે જાય. બીજે ગુણ૦ માર્ગણા ૧, પડે અને પહેલે આવે, પણ ચડવું નથી. ત્રીજે માર્ગણા ૪, પડે તો પહેલે આવે અને ચડે તો ચોથે, પાંચમે અને સાતમે જાય. ચોથે માર્ગણા ૫ પડે તો પહેલે, બીજે આવે અને ચડે તો પાંચમે, સાતમે જાય. પાંચમે માર્ગણા ૫, પડે તો પહેલે, બીજે, ત્રીજે, ચોથે આવે અને ચડે તો સાતમે જાય. છઠ્ઠે માર્ગણા ૬, પડે તો પહેલે, બીજે, ત્રીજે, ચોથે પાંચમે આવે અને ચડે તો સાતમે જાય. સાતમે માર્ગણા ૩, પડે તો છઠ્ઠે ચોથે આવે અને ચડે તો આઠમે જાય. આઠમે માર્ગણા ૩, પડે તો સાતમે, ચોથે આવે ચડે તો નવમે જાય નવમે માર્ગણા ૩. પડે તો આઠમે, ચોથે આવે, અને ચડે તો દશમે જાય. દશમે માર્ગણા ૪, પડે તો નવમે, ચોથે આવે, ચડે તો અગિયારમે, બારમે જાય. અગિયારમે માર્ગણા ૨, કાળ કરે તો અનુત્તર વિમાને જાય, પડે તો દશમે તથા પહેલે આવે. ચડવું નથી. બારમે માર્ગણા ૧, તેરમે જાય, પડવું નથી. તેરમે માર્ગણા ૧, ચૌદમે જાય, પડવું નથી. ચૌદમે માર્ગણા એકે નથી, મોક્ષ જાય.

પંદરમો આત્માદ્વાર કહે છે.

આત્મા ૮ દ્રવ્ય આત્મા ૧, કષાય આત્મા ૨, યોગ આત્મા ૩, ઉપયોગ આત્મા

૪, જ્ઞાન આત્મા ૫, દર્શન આત્મા ૬, ચારિત્ર આત્મા ૭, વીર્ય આત્મા ૮, પહેલે, ત્રીજે ગુણ૦ ૬ આત્મા, જ્ઞાન ૧, ચારિત્ર ૨ એ ૨ વર્જીને. બીજે, ચોથે ગુણ૦ ૭ આત્મા, ચારિત્ર વર્જીને. પાંચમે ગુણઠાણે પણ ૭ આત્મા, દેશથી ચારિત્ર છે. છઠ્ઠાથી દશમા ગુણઠાણાં સુધી આઠ આત્મા. અગિયારમે, બારમે, તેરમે ૭ આત્મા, કષાય વર્જીને ચૌદમે ૬ આત્મા કષાય ને જોગ વર્જીને. સિદ્ધમાં ૪ આત્મા, જ્ઞાન આત્મા ૧, દર્શન આત્મા ૨, દ્રવ્ય આત્મા ૩, ઉપયોગ આત્મા ૪.

સોળમો જીવભેદદ્વાર કહે છે.

પહેલે ગુણઠાણે ૧૪ ભેદ લાભે. બીજે ગુણ૦ ૬ ભેદ લાભે બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીતિર્યંચ પંચેદ્રિય ૪, એ ૪ ના અપર્યાપ્તા, ને સંજ્ઞી પંચેદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો-એ ૬. ત્રીજે ગુણ૦ ૧ સંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તો લાભે ચોથે ગુણઠાણે ૨ ભેદ લાભે, સંજ્ઞી પચેંદ્રિયનો ૧ અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો. પાંચમેથી તે ૧૪ મા ગુણઠાણાં સુધી ૧ સંજ્ઞી પંચેદ્રિયનો પર્યાપ્તો લાભે.

સત્તરમો જોગદ્વાર કહે છે.

પહેલે, બીજે ને ચોથે ગુણઠાણે જોગ ૧૩ લાભે. બે આહારકના વર્જીને. ત્રીજે ગુણ૦ ૧૦ જોગ લાભે. ૪ મનના ૪ વચનના, ૧ ઔદારિકનો, ૧ વૈક્રિયનો એ ૧૦ લાભે. પાંચમે ગુણઠાણે ૧૨ જોગ ૨ આહારકના ને એક કાર્મણનો એ ૩ વર્જીને છઠ્ઠે ગુણ૦ ૧૪ જોગ લાભે. ૧ કાર્મણનો વર્જીને સાતમે ગુણ૦ ૧૧ જોગ. ૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિકનો, ૧ વૈક્રિયનો, ૧ આહારકનો એવં ૧૧ આઠમેથી માડીને ૧૨ ગુણઠાણાં સુધી જોગ ૯ લાભે, ૪ મનના, ૪ વચનના ને ૧ ઔદારિકનો. તેરમે ગુણઠાણે ૭ જોગ લાભે, બે મનના બે વચનના ઔદારિકનો ૧ ઔદારિકનો મિશ્ર ૨, કાર્મણકાય જોગ ૩ એવં ૭ ચૌદમે ગુણઠાણે જોગ નથી.

અઢારમો ઉપયોગદ્વાર કહે છે.

પહેલે ને ત્રીજે ગુણઠાણે ૬ ઉપયોગ લાભે, ૩ અજ્ઞાન ને ૩ દર્શન. બીજે, ચોથે, પાંચમે ગુણ૦ ૬ ઉપયોગ લાભે, ૩ જ્ઞાન, ૩ દર્શન. છઠ્ઠાથી તે બારમા ગુણઠાણા સુધી ઉપયોગ ૭ લાભે, ૪ જ્ઞાન ને ૩ દર્શન. તેરમે, ચૌદમે ગુણઠાણે તથા સિદ્ધમાં ૨ ઉપયોગ. કેવળજ્ઞાન ૧ ને કેવળદર્શન ૨.

ઓગણીશમો લેશ્યાદ્વાર કહે છે.

પહેલાથી તે છઠ્ઠા ગુણઠાણા સુધી ૬ લેશ્યા લાભે, સાતમે ગુણ૦ ઉપલી ૩ લેશ્યા લાભે. આઠમેથી માંડીને બારમાં ગુણઠાણા સુધી શુકલલેશ્યા લાભે. તેરમે ગુણઠાણે ૧ પરમ શુકલ લેશ્યા લાભે ચૌદમે ગુણઠાણે લેશ્યા નથી.

વીશમો ચારિત્રદ્વાર કહે છે.

પહેલાથી તે ચોથા ગુણઠાણા સુધી કોઇ ચારિત્ર નથી. પાંચમે ગુણઠાણે દેશથી સામાયિક ચારિત્ર છે. છઠ્ઠે, સાતમે ગુણઠાણે ૩ ચારિત્ર લાભે, સામાયિક ચારિત્ર ૧, છેદોપસ્થાપનીય ચારિત્ર ૨, પરિહારવિશુદ્ધ ચારિત્ર ૩ એ ૩ લાભે. આઠમે, નવમે ગુણઠાણે ૨

ચારિત્ર લાભે. સામાયિક ૧, છેદોપસ્થાપનીય ૨. દશમે ગુણ૦ સૂક્ષ્મસંપરાય ચારિત્ર લાભે, અગિયારમેથી તે ચૌદમા ગુણઠાણા સુધી ૧ યથાખ્યાત ચારિત્ર લાભે.

એકવીશમો સમક્તિદ્વાર કહે છે.

પહેલે ને ત્રીજે ગુણઠાણે સમક્તિ નથી. બીજે ગુણ૦ ૧ સાસ્વાદાન સમકિત લાભે ચોથેથી તે સાતમા ગુણઠાણા સુધી ૪ સમકિત લાભે. ઉપશમ ૧, ક્ષયોપશમ ૨, વેદિક ૩ ક્ષાયિક સમકિત ૪ આઠમે ગુણઠાણે ૩ સમક્તિ લાભે, ઉપશમ ૧, ક્ષયોપશમ ૨, ક્ષાયિક નવમે, દશમે, અગિયારમે ગુણઠાણે ૨ સમકિત લાભે ઉપશમ ૧. ક્ષાયિક ૨. બારમે, તેરમે, ચાદમે ગુણઠાણે તથા સિદ્ધમાં ૧ ક્ષાયિક સમકિત લાભે.

બાવીશમો અલ્પબહુત્વદ્વાર કહે છે.

સર્વથી થોડા અગિયારમા ગુણઠાણાવાળા, એક સમયે ઉપશમ શ્રેણીવાળા ઉત્કૃષ્ટા ૫૪ જીવ લાભે ૧. તેથી બારમા ગુણઠાણાવાળા સંખેજગુણા, એક સમયે ક્ષપકશ્રેણીવાળા એકસો ને આઠ જીવ લાભે ૨. તેથી આઠમા, નવમા, દશમા, ગુણઠાણાવાળા સંખેજ ગુણા૦ જ૦ બસેં ઉ૦ નવસેં લાભે ૩. તેથી તેરમા ગુણઠાણાવાળા સંખેજગુણા, જઘ૦ બે ક્રોડી, ઉત્૦ નવ ક્રોડી લાભે ૪. તેથી સાતમા ગુણઠાણાવાળા સંખેજગુણા, જઘ૦ બસેં ક્રોડી, ઉત્૦ નવસેં ક્રોડી લાભે ૫. તેથી છઠ્ઠા ગુણઠાણાવાળા સંખેજગુણા જઘ૦ બે હજાર ક્રોડી ઉત૦ નવ હજાર ક્રોડી લાભે ૬. તેથી પાંચમાં ગુણઠાણાવાળા અસંખેજગુણા, તિર્યંચ શ્રાવક ભળ્યા ૭. તેથી બીજા ગુણઠાણાવાળા અસંખેજગુણા, ૪ ગતિમાં લાભે ૮. તેથી ત્રીજા ગુણઠાણાવાળા અસંખેજગુણા ૪ ગતિમાં વિશેષ છે ૯. તેથી ચોથા ગુણઠાણાવાળા અસંખેજગુણા, ઘણી સ્થિતિવાળા ઘણા દેવતા નારકી વગેરે છે. માટે ૧૦ તેથી ચૌદમા ગુણઠાણાવાળા ને સિદ્ધભગવંતજી અનંતગુણા ૧૧ તેથી પહેલા ગુણઠાણાવાળા અનંતગુણા, એકેંદ્રિય પ્રમુખ સર્વ મિથ્યાદષ્ટિ છે તે માટે ૧૨.

ઇતિ ગુણઠાણાના ૨૨ દ્વાર સમાપ્ત.

હવે છ ભાવ કહે છે.

૧. ઉદય ભાવ, ૨ ઉપશમ ભાવ, ૩ ક્ષાયિક ભાવ, ૪ ક્ષયોપશમ ભાવ, ૫ પારિણામિક ભાવ, ૬, સન્નિવાઈ ભાવ, ઉદયભાવના ૨ ભેદ, ૧ જીવ ઉદયનિષ્પન્ન. ને ૨ અજીવ ઉદયનિષ્પન્ન. જીવ ઉદયનિષ્પન્નના ૩૩ બોલ પામે. ૪ ગતિ, ૬ કાય, ૬ લેશ્યા, ૪ કષાય, ૩ વેદ એવં ૨૩ ને એક મિથ્યાત્વ, ૨ અજ્ઞાન, ૩ અવિરતિ, ૪ અસંજ્ઞીપણું, ૫ આહારકપણું, ૬ છદ્મસ્થપણું, ૬ સજોગીપણું, ૮ સંસાર પરિયટ્ટણા, ૯ અસિદ્ધ, ૧૦ અકેવળી. એવં ૩૩ અજીવ ઉદયનિષ્પન્નના ૩૦ બોલ પામે, ૫ વર્ણ ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૫ શરીર, ૫ શરીરના વ્યાપાર. એવં ૩૦. ઉભય મળીને ૩૩ ને ૩૦ ત્રેસઠ ભેદ ઉદયભાવના કહ્યા.

ઉપશમભાવે ૧૧ બોલ છે, ૪ કષાયનો ઉપશમ, ૫ રાગનો ઉપશમ, ૬ દ્વેષનો ઊપશમ, ૭ દર્શન મોહનીયનો ઉપશમ, ૮ ચારિત્ર મોહનીયનો ઉપશમ, એવં ૮ મોહનીયની

પ્રકૃતિ અને ૯ ઉવસમિય દંસણલદ્ધિ તે સમકિત, ૧૦ ઉવસમિયાચરીત્તલદ્ધિ, ૧૧ ઉવસમિયા અકષાયછઉમત્થ વિતરાગલદ્ધિ એવં ૧૧.

ક્ષાયિક ભાવે ૩૭ બોલ છે. ૫ જ્ઞાનાવરણીયની, ૯ દર્શનાવરણીયની, ૨ વેદનીયની ૧ રાગની, ૧ દ્વેષની, ૪ કષાયની, ૧ દર્શનમોહનીયની, ૧ ચારિત્રમોહનીયની, ૪ આયુષની, ૨ નામની, ૨ ગોત્રની, ૫ અંતરાયની, એવં ૩૭ પ્રકૃતિનો ક્ષય કરે તેહને ક્ષાયિક ભાવ કહીએ; તે ૯ બોલ પામે, ૧ ક્ષાયિક સમકિત, ૨ ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર, ૩ કેવળજ્ઞાન ૪ કેવળદર્શન અને ક્ષાયિક દાનાદિ, લબ્ધિના ૫ ભેદ એમ ૯.

ક્ષયોપશમભાવે ૩૦ બોલ છે. ૪ જ્ઞાન પ્રથમ, ૩ અજ્ઞાન, ૩ દર્શન, ૩ દ્રષ્ટિ, ૪ ચારિત્ર પ્રથમ, ૧ ચરિત્તાચરિત્તે તે શ્રાવકપણું પામે. ૧ આચાર્યની પદવી, ૧ ચૌદ પૂર્વ જ્ઞાનની પ્રાપ્તિ, ૫ ઇંદ્રિયની, ૫ લબ્ધિ દાનાદિલબ્ધિ. એવં સર્વ મળી ૩૦ બોલ.

પારિણામિક ભાવના ૨ ભેદ, ૧ સાદિપારિણામિક, ૨ અનાદિપારિણામિક. સાદિ વિણસે, અનાદિ વિણસે નહિ, સાદિપારિણામિકના અનેક ભેદ છે. જૂનો સુરા મદિરા, જૂનો ગોળ, તંદુલ એ આદિ ૭૩ બોલ ભગવતીની સાખે છે. અનાદિપારિણામિકભાવના ૧૦ બોલ, ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ પુદ્ગલાસ્તિકાય ૫ જીવાસ્તિકાય, ૬ કાળ, ૭ લોક, ૮ અલોક, ૯ ભવ્ય, ૧૦ અભવ્ય, એવં ૧૦.

સન્નિવાઇ ભાવના ૨૬ ભાંગા, ૧૦ દ્વિકસંજોગીના; ૧૦ ત્રિકસંજોગીના, ૧ ચૌકસંજોગીના, ૧ પંચસજોગીનો એવં ૨૬ ભાંગા એહનો વિચાર શ્રી અનુયોગદ્વાર સિદ્ધાંતથી જાણવો ૬ ઇતિ.

૧૪ ગુણઠાણાં ઉપર ૧૦ ક્ષેપકદ્વાર ઉતારે છે.

૧ હેતુદ્વાર, ૨૫ કષાય, ૧૫ જોગ. એવં ૪૦ ને ૬ કાય, ૫ ઇંદ્રિય, ૧ મન એ ૧૨ અવ્રત. એવં ૫૨ ને ૫ મિથ્યાત્વ, એવં ૫૭ હેતુ. પહેલે ગુણઠાણે ૫૫ હેતુ તે આહારકના ૨ વર્જીને ૧. બીજે ગુ૦ ૫૦ હેતુ તે ૫૫ માંથી ૫ મિથ્યાત્વ ટળ્યા ૨. ત્રીજે ગુ૦ ૪૩ હેતુ તે ૫૭માંથી ચાર અનતાનુબંધીના, ઔદારિકનો મિશ્ર. ૧ વૈક્રિયનો મિશ્ર. ૨ આહારકના. ૧ કાર્મણનો, ૫ મિથ્યાત્વના એવં ૧૪ વર્જ્યા. શેષ ૪૩. ૩ ચોથે ગુ૦ ૪૬ હેતુ તે પૂર્વે ૪૩ કહ્યા તે અને ૧ ઔદારિકનો મિશ્ર. વૈક્રિયનો મિશ્ર, ૩ કાર્મણકાય જોગ, એ ૩ વધ્યા. સર્વ મળીને ૪૬. ૪ પાંચમે ગુ૦ ૪૦ હેતુ તે પૂર્વે ૪૬ કહ્યા તેમાંથી ૪ અપ્રત્યાખ્યાનીની ચોકડી, ૧ ત્રસકાયનો અવ્રત, ૧ કાર્મણકાયજોગ, એવં ૬ ઘટયા, શેષ ૪૦ હેતુ, ૫ છઠે ગુ૦ ૨૭ હેતુ, પૂર્વે ૪૦ કહ્યા તેમાંથી ૪ પ્રત્યાખ્યાનાવરણીયની ચોકડી, ૫ સ્થાવરનો અવ્રત, ૫ ઇંદ્રિયનો અવ્રત ને એક મનનો અવ્રત એવં ૧૫ વર્જ્યા, શેષ ૨૫ રહ્યા ને ૨ આહારકના વધ્યા, એવં સર્વ મળી ૨૭ હેતુ ૬, સાતમે ગુ૦ ૨૪ હેતુ તે પૂર્વે ૨૭ કહ્યા તેમાંથી એક ઔદારિક મિશ્ર, ૨ વૈક્રિય મિશ્ર, ૩ આહારક મિશ્ર, એ ૩ વર્જ્યા, શેષ ૨૪ હેતુ ૭ આઠમે ગુ૦ ૨૨ હેતુ તે પૂર્વે ૨૪ કહ્યા તેમાંથી ૧ વૈક્રિયનો, ૧ આહારકનો. એ બે વર્જ્યા, શેષ ૨૨ હેતુ ૮ નવમે ગુ૦ ૧૬ હેતુ તે પૂર્વે ૨૨ કહ્યા તેમાંથી ૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ ભય, ૫ શોક ૬ દુગંછા એ ૬ વર્જ્યા. શેષ ૧૬ હેતુ ૯ દશમે ગુ૦ ૧૦ હેતુ તે ૯ જોગ ને ૧ સંજવલનો લોભ એવં ૧૦ હેતુ. ૧૦ અગિયારમે

બારમે ગુ૦ ૯ હેતુ તે ૯ જોગ જાણુવા. તેરમે ગુ૦ ૭ હેતુ તે ૭ જોગ જાણુવા. ચૌદમે ગુ૦ હેતુ નથી.

૨ દંડકદ્વાર, પહેલે ગુ૦ ૨૪, દંડક, બીજે ગુ૦ ૧૯ દંડક તે ૫ સ્થાવર વર્જ્યા, ત્રીજે ચોથે ગુ૦ ૧૬ દંડક તે ૩ વિકલેંદ્રિય વર્જ્યા, પાંચમે ગુ૦ ૨ દંડક, ૧ સંજ્ઞીમનુષ્ય, ૨ સંજ્ઞીતિર્યંચ. છઠ્ઠાથી તે ચૌદમા ગુણુઠાણાં સુધી ૧ મનુષ્યનો દંડક.

૩ જીવાજોનીદ્વાર, પહેલે ગુ૦ ૮૪ લાખ જીવાજોની. બીજે ગુ૦ ૩૨ લાખ તે એકેંદ્રિયની વર્જી, ત્રીજે ચોથે ગુ૦ ૨૬ લાખ જીવાજોની પાંચમે ગુ૦ ૧૮ લાખ જીવાજોની છઠ્ઠાથી તે ૧૪મા ગુણુઠાણા સુધી ૧૪ લાખ જીવાજોની.

૪ અંતરદ્વાર, પહેલે ગુ૦ જઘ૦ અંતર્મુહૂર્ત ઉત્૦ ૬૬ સાગર ઝઝેરાનું. બીજાથી માંડીને અગિયારમા ગુણુઠાણા સુધી જ૦ અંત૦ અથવા પલનો અસંખ્યાતમો ભાગ એટલા કાલ વિના ઉપશમ શ્રેણી કરીને પડે નહિ ઉ૦ અર્ધ પુદ્ગલ દેશે ઉણું, બારમે, તેરમે ને ચૌદમે ગુણુ૦ આંતરૂં નથી એ એક જીવ આશ્રી.

૫ ધ્યાનદ્વાર, પહેલે બીજે ત્રીજે ના ગુ૦ ૨ ધ્યાન પહેલાં, ચોથે પાંચમે ગુણુ૦ ૩ ધ્યાન પહેલાં. છઠ્ઠે ગુણુ૦ ૨ ધ્યાન, ૧ આર્ત્ત ને ૨ ધર્મ. સાતમે ગુણુ૦ ૧ ધર્મધ્યાન. આઠમેથી માંડીને ચૌદમા ગુણુઠાણાં સુધી ૧ શુકલધ્યાન.

૬ સ્પર્શનાદ્વાર, પહેલું ગુણુઠાણું ૧૪ રાજલોક સ્પર્શે બીજું ગુણુ૦ અધોગામ વિજયથી ઊંચું તે ૯ ગ્રૈવેયક સુધી સ્પર્શે. ત્રીજું ગુણુ૦ લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે ચોથું ગુણુ૦ અધોગામ વિજયથી ૧૨મા દેવલોક સુધી સ્પર્શે. પાંચમું ગુણુ૦ પણ એમ જ સ્પર્શે. છઠ્ઠાથી તે અગિયારમા ગુણુઠાણુવાળા અધોગામ વિજયથી ૫ અનુત્તર વિમાન સુધી સ્પર્શે. બારમું ગુણુ૦ લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે, તેરમું ગુણુ સર્વ લોક સ્પર્શે, ચૌદમું ગુણુઠાણું લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે.

૭ તીર્થંકર ગોત્ર, ૪ ગુણુઠાણે બાંધે, ચોથે, પાંચમે, છઠ્ઠે ને સાતમે શેષ ગુણુઠાણે ન બાંધે. તીર્થંકર દેવ ૯ ગુણુઠાણા સ્પર્શે તે ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, એ ૯.

૮ ગુણુઠાણા ૧૪માં, ૧, ૪, ૫, ૬, ૧૩, એ પાંચ શાશ્વતા, શેષ ૯ ગુણુઠાણા અશાશ્વતા.

૯ ગુણુઠાણા ૧૪માં, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, એ ૭ ગુણુઠાણે ૬ સંઘયણુ, આઠમાંથી તે ૧૪મા ગુણુઠાણા સુધી એક વજ્રઋષભ નારાચ સંઘયણુ.

૧ આર્યાજી, ૨ અવેદિ, ૪ પરિહારવિશુદ્ધ ચારિત્રવંત ૪ પુલાકલબ્ધિવંત, ૫ અપ્રમાદિ સાધુ, ૬ ચૌદપૂર્વી સાધુ, ૭ આહારક શરીરી, એનું કોઇ દેવતા સાહારણુ કરી શકે નહિ.

ઇતિ ક્ષપકદ્વાર અને ગુણુઠાણાદ્વાર સમાપ્ત.

અથ શ્રી મહોટો બાસઠીઓ.

[अनुष्ठुपवृत्त]

जीव १ गइ १ ईंदिय ३ काए ४ । जोग ५ वेद ६ कसाय ७ लेस्सा ८।। सम्मत १ नाण १० दंसण ११ । संजय १२ उवआग १३ आहारे १४ ।।१।। भासग १५ परित १६ पज्जति १७ । सुहुम १८ सन्नि ११ भवत्थि २० चरिमेय २१ ।। जोवेयखेत्तबंधे । पुग्गलऐमहादंडएचेव ।।२।।

એ બે ગાથાનો વિસ્તાર કહેઃ છે

૧ જીવદ્વાર

૧ સમુચ્ચય જીવમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ ગતિદ્વાર

૧ નરક ગતિમાં જીવના ભેદ ૩; ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો ૨ પ્રર્યાપ્તો ને ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો, ગુણઠાણા ૪ પ્રથમ, જોગ ૧૧; ૪ મનના, ૪ વચનના, ૧ વૈક્રિય ૧, વૈક્રિયનો મિશ્ર, ૧ કાર્મણકાયજોગ, એવં ૧૧ ઉપયોગ ૯; ૩ જ્ઞાન ૩ અજ્ઞાન, ૩ દર્શનલેશ્યા, ૩ પ્રથમ.

૨ તિર્યંચની ગતિમાં જીવના ભેદ ૧૪, ગુ૦ ૫ પ્રથમ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને ઉપ૦ ૯, ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન, લેશ્યા ૬.

૩ તિર્યંચાણીમાં જીવના ભેદ ૨, સંજ્ઞીનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો ગુ૦ ૫ પ્રથમ, જોગ ૧૩, ઉપયોગ ૯, ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

૪ મનુષ્યની ગતિમાં જીવના ભેદ ૩; ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો, ગુ૦ ૧૪ જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૫ મનુષ્યણીમાં, જીવના ભેદ ૨, સંજ્ઞીના. ગુ૦ ૧૪, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૬ દેવતાની ગતિમાં જીવના ભેદ ૩, ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો, ગુ૦ ૪ પહેલા, જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના ૨ વૈક્રિયના, ૧ કાર્મણનો ઉપયોગ ૯ લેશ્યા ૬.

૭ દેવાંગનામાં જીવના ભેદ ૨, ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો ગુ૦ ૪ પ્રથમ; જોગ ૧૧, ૪ મનના ૪ વચનના ૨ વૈક્રિયના ને ૧ કાર્મણનો, ઉપયોગ ૯ લેશ્યા ૪.

૮ સિદ્ધગતિમાં જીવના ભેદ નથી, ગુણઠાણાં નથી, જોગ નથી, ઉપયોગ ૨; ૧ કેવળજ્ઞાન ૩ કેવળદર્શન; લેશ્યા નથી.

એ આઠ ભેદનો અલ્પબહુત્વ, સર્વથી થોડી મનુષ્યણી ૧. તેથી મનુષ્ય સંમૂર્છિમ ભળતાં અસંખેજ્જગુણા, ૨ તેથી નારકી અસંખેજ્જગુણા, ૩. તેથી તિર્યંચણી અસંખેજ્જગુણા ૪, તેથી દેવતા અસંખેજ્જગુણા ૫, તેથી દેવી સંખેજ્જગુણી ૬, તેથી સિદ્ધભગવંત અનંતગુણા ૭ તેથી તિર્યંચ અનંતગુણા ૮.

૩ ઇંદ્રિયદ્વાર.

૧ સઇંદ્રિયામાં જીવના ભેદ ૧૪ ગુણઠાણા ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ તે ૧ કેવળજ્ઞાન ૨ કેવળદર્શન એ ૨ વર્જીને લેશ્યા ૬.

૨ એકેંદ્રિયમાં જીવના ભેદ ૪, ૧ સૂક્ષ્મ એકેંદ્રિયનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો, ૩ બાદર એકેંદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તા ગુ૰ પ્રથમ જોગ ૫, ઔદારિક ૧, ઔદારિકનો મિશ્ર ૨, વૈક્રિય ૩, વૈક્રિયનો મિશ્ર ૪, કાર્મણ કાયજોગ ૫. ઉપયોગ ૩, ૨ અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન, લેશ્યા ૪.

૫ બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય એ ૩ માં જીવના ભેદ ૨ પોતપોતાના અપર્યાપ્તો ૧ ને પર્યાપ્તો ૨, ગુ૰ ૨ પહેલા, જોગ ૪, ૨ ઔદારિકનો ૧ કાર્મણનો ને ૧ વ્યવહાર વચનનો, ઉપયોગ બેઇંદ્રિય, તેઇંદ્રિયમાં ૫, ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન અને ચૌરેંદ્રિયમાં ૬ તે ૧ ચક્ષુદર્શન વધ્યું, લેશ્યા ૩.

૬ પંચેંદ્રિયમાં, જીવના ભેદ ૪, ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો ને ૪ પર્યાપ્તો, ગુ૰ ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળજ્ઞાન ૧, કેવળદર્શન એ ૨ વર્જ્યા. લેશ્યા ૬.

૭ અણિંદિયામાં, જીવનો ભેદ ૨ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ૰ ૨ તેરમું ને ચૌદમું, જોગ ૭, ૨ મનના તે સત્ય મન ૧, વ્યવહાર મન ૨, બે વચનના તે સત્ય વચન ૧, વ્યવહાર વચન ૨ અને ઔદારિકનો ૫, ઔદારિકનો મિશ્ર ૬, કાર્મણકાયજોગ ૭, ઉપયોગ ૨ કેવળજ્ઞાન ૧. કેવળદર્શન ૨ લેશ્યા ૧ શુકલ.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા પંચેંદ્રિયા ૧, તેથી ચૌરેંદ્રિયા વિશેષાહિયા ૨; તેથી તેઇંદ્રિયા વિશેષાહિયા ૩. તેથી બેઇંદ્રિયા વિશેષાહિયા ૪, તેથી અણિંદિયા અનંતગુણા ૫, તેથી એકેંદ્રિય અનંતગુણા ૬, તેથી સઇંદ્રિયા વિશેષાહિયા ૭.

૪ કાયદ્વાર.

૧ સકાયામાં જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫ ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૪ પૃથ્વીકાય ૧, અપકાય ૨, વનસ્પતિકાય ૩ એ ૩ માં. જીવના ભેદ ૪ ગુણ૰ ૧. જોગ ૩, ઉપયોગ ૩, લેશ્યા ૪.

૬ તેઉકાય ૧, વાઉકાય ૨ એ ૨ માં, જીવના ભેદ ૪, ગુ૰ ૧ જોગ, તેઉમાં ૩ ને વાઉમાં ૫ તે ૨ વૈક્રિયના વધ્યા, ઉપયોગ ૩ લેશ્યા ૩.

૭ ત્રસકાયમાં, જીવના ભેદ ૧૦ તે ૪ એકેંદ્રિયના વર્જ્યા, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૮ અકાયામાં, જીવના ભેદ નથી, ગુણઠાણા નથી. જોગ નથી, ઉપયોગ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા ત્રસકાયા ૧, તેથી તેઉકાયા અસંખેજ્જગુણા ૨, તેથી પૃથ્વીકાય વિશેષાહિયા ૩ તેથી અપકાયાઃવિશેષાહિયા × ૪, તેથી વાઉકાય વિશેષાહિયા ૫, તેથી અકાયા અનંતગુણા ૬, તેથી વનસ્પતિકાયા અનંતગુણા ૭, તેથી સકાયા વિશેષાહિયા ૮.

૫ જોગદ્વાર.

૧ સંજોગીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨ લેશ્યા ૬.

૨ મનજોગીમાં, જીવનો ભેદ ૧, સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૧૩, જોગ ૧૪ એક કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૩ વચનજોગીમાં, જીવના ભેદ ૫, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪, સંજ્ઞીપંચેંદ્રિય ૫, એ ૫ ના પર્યાપ્તા, ગુણઠાણા ૧૩, જોગ, ૧૪, કાર્મણ વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૪ કાયાજોગીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૫ અજોગીમાં જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણું ૧ ચૌદમું, જોગ નહિ, ઉપયોગ ૨ કેવળજ્ઞાન ને કેવળદર્શન, લેશ્યા નથી,

એહનો અલ્પબહુત્વ, સર્વથી થોડા મનજોગી ૧ તેથી વચનજોગી અસંખેજ્જગુણા ૨, તેથી અજોગી (ગુ૦ ૧૪ અને સિદ્ધ) અનંતગુણા ૩, તેથી કાયજોગી અનંતગુણા ૪, તેથી સંજોગી વિશેષાહિયા ૫.

૬ વેદદ્વાર.

૧ સવેદીમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૯ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન ૧. કેવળદર્શન ૨ વર્જીને લેશ્યા ૬.

૩ સ્ત્રી વેદ ૧, પુરુષવેદ ૨, એ ૨ માં, જીવના ભેદ ૨ સંજ્ઞીના ગુણ૦ ૯, જોગ પુરુષવેદમાં ૧૫, અને સ્ત્રીવેદમાં ૧૩ તે ૨ આહારકના વર્જીને, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

૪ નપુંસકવેદમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૯, જોગ ૧૫ ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨ વર્જીને લેશ્યા ૬.

૫ અવેદીમાં જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ૦ ૬, નવમાંથી તે ૧૪ મા સુધી, જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના ને ૧ કાર્મણનો એવં ૧૧. ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૧ શુક્લ

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા પુરુષવેદી ૧. તેથી સ્ત્રીવેદી સંખેજ્જગુણા ૨, તેથી અવેદી (સિદ્ધા સહિત) અનંતગુણા ૩. તેથી નપુંસકવેદી અનંતગુણા ૪, તેથી સવેદી વિશેષાહિયા ૫.

× વિશેષાહિયા=વિશેષાહિયા અધિકા;

૭ કષાયદ્વાર,

૧ સકષાયીમાં, જીવના ભેદ ૧૪ ગુણુ૦ ૧૦ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨ વર્જીને, લેશ્યા ૬,

૪ ક્રોધ ૧, માન ૨. માયા ૩, એ ૩ મા, જીવના ભેદ ૧૪; ગુણુઠાણુા ૯, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

૫ લોભકષાયીમાં, જીવના ભેદ ૧૪ ગુણુઠાણુા ૧૦ પહેલાં, જોગ ૧૫, ઉપયોગ ૧૦ લેશ્યા ૬

૬ અકષાયીમાં, જીવનો ભેદ ૧. સંજ્ઞીનો પર્યાપ્તો. ગુણુ૦ ૪ ઉપરના, જોગ ૧૧, ૪ મનના ૪ વચનના, ૨ ઓદારિકના ૧ કાર્મણુનો એવં ૧૧, ઉપયોગ ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન એવં ૯, લેશ્યા ૧.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અકષાયી ૧, તેથી ક્રોધકષાયી અનંતગુણા ૨, તેથી માનકષાયી વિશેષાહિયા ૩, તેથી માયાકષાયી વિશેષાહિયા ૪, તેથી લોભકષાયી વિશેષાહિયા ૫, તેથી સકષાયી વિશેષાહિયા ૬.

૮ લેશ્યાદ્વાર

૧ સલેશીમાં, જીવના ભેદ ૧૪, ગુણુઠાણુા ૧૩ જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬

૪ કૃષ્ણુ ૧, નીલ ૨, કાપુત ૩, એ ૩ લેશ્યામાં જીવના ભેદ ૧૪ ગુણુઠાણુા ૬ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, બે કેવળના વર્જ્યા, લેશ્યા પોતપોતાની.

૫ તેજુલેશીમાં, જીવના ભેદ ૩, સંજ્ઞીનો અપર્યાપ્તો ૧, પર્યાપ્તો ૨, બાદર એકેંદ્રિયનો અપર્યાપ્તો ૩, ગુણુ૦ ૭ પ્રથમ, જોગ ૧૫ ઉપયોગ ૧૦, લેશ્યા ૧. તેજું

૬ પદ્મલેશીમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણુ૦ ૭ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ લેશ્યા ૧ પદ્મ.

૭ શુક્લલેશીમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણુ૦ ૧૩ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૧ શુક્લ.

૯ અલેશીમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો. ગુણુ૦ ૧ ચૌદમું, જોગ નથી, ઉપયોગ ૨, કેવળજ્ઞાન ૧ કેવળદર્શન ૨, લેશ્યા નથી,

એહનો અલ્પબહુત્વ સર્વથી થોડા શુક્લલેશી ૧, તેથી પદ્મલેશી સંખેજ્જગુણુા ૨, તેથી તેજુલેશી સંખેજ્જગુણુા ૩, તેથી અલેશી સિદ્ધ સહિત અનંતગુણુા ૪, તેથી કાપુતલેશી અનંતગુણા ૫ તેથી નીલલેશી વિશેષાહિયા ૬, તેથી કૃષ્ણુલેશી વિશેષાહિયા, તેથી સલેશી વિશેષાહિયા ૮.

૯. સમકિતદ્વાર

૧ સમુચ્ચય સમ્યક્ત્વદ્દષ્ટિમાં, જીવના ભેદ ૬, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચોદ્રય ૪, એ ૪ ના અપર્યાપ્તા અને સંજ્ઞીપંચેદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો એવં ૬, ગુણુ૦ ૧૨ પહેલું, ત્રીજું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૯, અજ્ઞાન વર્જીને લેશ્યા ૬.

૨ સાસ્વાદાન સમ્યકૃત્વદષ્ટિમાં, જીવના ભેદ ૬, ગુણ૦ બીજુ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને ઉપયોગ ૬, ૩ જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

૩ ઊપશમ સમ્યકૃત્વદષ્ટિમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના ગુણ૦ ૮, ચોથાથી ૧૧મા ; જોગ ૧૫, ઉપયોગ ૭, ૪ જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

૪ ક્ષયોપશમ ને વેદક સમ્યકૃત્વદષ્ટિમાં જીવના ભેદ ૨ સંજ્ઞીના ગુણ૦ ૪ થી આઠમા સુધી, જોગ, ૧૫, ઉપ૦ ૭, લેશ્યા ૬,

૫ ક્ષાયિક સમ્ય૦ જીવના ભેદ ૨ સંજ્ઞીના ગુણઠાણા ૧૧, ચોથાથી તે ચૌદમા સુધી, જોગ ૧૫, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને. લેશ્યા ૬.

૬ મિથ્યાત્વદષ્ટિમાં, જીવના ભેદ ૧૪ ગુણઠાણા ૧ પ્રથમ, જોગ ૧૩, આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૬, ૩ અજ્ઞાન; ૩ દર્શન લેશ્યા ૬,

૭ સમામિથ્યાત્વ દષ્ટિમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણું ૧ ત્રીજું, જોગ ૧૦, ૪ મનના ૪ વચનના, ૧ ઔદારિકનો ૧ વૈક્રિયનો એવં ૧૦, ઉપયોગ ૬, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા સાસ્વાદાન સમકિતી ૧, તેથી ઉપશમ સમકિતી સંખેજ્જગુણા ૨ તેથી મિશ્રદષ્ટિ સંખેજ્જગુણા ૩, તેથી ક્ષયોપશમ અને વેદક સમકિતી માંહોમાહે તુલ્ય અને અસંખેજ્જગુણા ૫ તેથી ક્ષાયિક સમકિતી અનંતગુણા ૫ સમચ્ચય સમકિતી વિશેષાહિયા ૭, તેથી મિથ્યાત્વ દષ્ટિ અનંતગુણા ૮.

૧૦ જ્ઞાનદ્વાર.

૧ સમુચ્ચયજ્ઞાનીમાં, જીવના ભેદ ૬, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪. એ ૪ ના અપર્યાપ્તા ને સંજ્ઞીનો અપર્યાપ્તો ને પર્યાપ્તો એવં ૬, ગુણઠાણાં ૧૨ પહેલું ત્રીજું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૯; ૫ જ્ઞાન ને ૪ દર્શન, લેશ્યા ૬.

૩ મતિજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨ એ બેમાં, જીવના ભેદ ૬ ગુણઠાણાં ૧૦, પહેલું ત્રીજું તેરમું, ચૌદમું વર્જીને જોગ ૧૫, ઉપયોગ ૭ લેશ્યા ૬.

૪ અવધિજ્ઞાનીમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણઠાણાં ૧૦, જોગ ૧૫, ઉપયોગ ૭, લેશ્યા ૬.

૫ મનઃપર્યવજ્ઞાનીમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણાં ૭ છઠ્ઠાથી બારમા સુધી, જોગ કાર્મણનો વર્જીને; ઉપયોગ ૭, લેશ્યા ૬.

૬ કેવળજ્ઞાનીમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૨, તેરમું ને ચૌદમું જોગ ૭, ઉપયોગ ૨, લેશ્યા ૧ પરમશુક્લ.

૭ અજ્ઞાનીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણાં ૨, પહેલું ને ત્રીજું, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૬, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

૯ મતિશ્રુત અજ્ઞાનીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણાં ૨, પહેલું ત્રીજું, જોગ ૧૩ ઉપયોગ ૬, લેશ્યા ૬.

૧૦ વિભંગજ્ઞાનીમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણઠાણાં ૨ પહેલું ને ત્રીજું, જોગ ૧૩, ઉપયોગ ૬, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા મનપર્ય૦ જ્ઞાની ૧, તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા ૨, તેથી મતિજ્ઞાની ને શ્રુતજ્ઞાની માંહોમાંહી તુલ્ય વિશેષાહિયા ૪, તેથી વિભંગ જ્ઞાની અસંખ્યાગુણા ૫, તેથી કેવળજ્ઞાની અનંતગુણા ૬, તેથી જ્ઞાની વિશેષાહિયા ૭, તેથી મતિશ્રુતઅજ્ઞાની માંહોમાહી તુલ્ય ને અનંતગુણા ૯, તેથી અજ્ઞાની વિશેષાહિયા ૧૦

૧૧ દર્શનદ્વાર.

૧ ચક્ષુદર્શનીમાં જીવના ભેદ ૬. ચૌરેંદ્રિય ૧, અસંજ્ઞીપચેંદ્રિય ૨, સંજ્ઞીપંચેંદ્રિય ૩, એ ૩ ના અપર્યાપ્તા ને પર્યાપ્તા, ગુણઠાણા ૧૨ પ્રથમ, જોગ ૧૪ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૦ કેવળના ૨ વર્જ્યા, લેશ્યા ૬.

૨ અચક્ષુદર્શનીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૨, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

૩ અવધિદર્શનીમાં, જીવના ભેદ ૨, ગુણઠાણાં ૧૨ જોગ ૧૫, ઉપયોગ ૧૦ લેશ્યા ૬.

૪ કેવળદર્શનીમાં, જીવનો ભેદ ૧, ગુણઠાણાં ૨, તેરમું, ચૌદમું, જોગ ૭, ઉપયોગ ૨, લેશ્યા ૧.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અવધિદર્શની ૧, તેથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા ૨, તેથી કેવળદર્શની અનંતગુણા ૩, તેથી અચક્ષુદર્શની અનંતગુણા ૪.

૧૨ સંજયદ્વાર.

૧ સંજતિમાં, જીવનો ભેદ ૧, સંજ્ઞાનો પર્યાપ્તો, ગુણઠાણા ૯, છઠ્ઠાથી તે ૧૪ મા સુધી, જોગ ૧૫, ૯, ૩ અજ્ઞાન વર્જીને લેશ્યા ૬.

૩ સામાયિક ૧, છેદોપસ્થાપનીય ૨ એ બે ચારિત્રમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણા ૪, છઠ્ઠાથી ૯ મા સુધી, જોગ ૧૪, કાર્મણનો વર્જીને ઉપયોગ ૭; ૪ જ્ઞાનને ૩ દર્શન, લેશ્યા ૬.

૪ પરિહારવિશુદ્ધ ચારિત્રમાં જીવનો ભેદ ૧. ગુણઠાણા ૨ છઠ્ઠું ને સાતમું, જોગ ૯, ૪ મનના, ૪ વચનના ને ૧ ઔદારિકનો, ઉપયોગ ૭, લેશ્યા ૩ ઉપલી.

૫ સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં, જીવનો ભેદ ૧ ગુણઠાણું ૧ દશમું, જોગ ૯, ઉપયોગ ૭ લેશ્યા ૧ શુક્લ.

૬ યથાખ્યાત ચારિત્રમાં જીવનો ભેદ ૧, ગુણઠાણા ૪ ઉપલા, જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના ને ૩ કાર્મણનો, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને લેશ્યા ૧

૭ સંજતાસંજતિમાં, જીવનો ભેદ ૧, ગુણઠાણું ૧ પાંચમું જોગ ૧૨ આહારકના ૨ ને ૧ કાર્મણનો વર્જીને ઉપયોગ, ૬ ૩ જ્ઞાન ને ૩ દર્શન લેશ્યા, ૬.

૮ અસંજતિમાં જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૪ પ્રથમ જોગ ૧૩ આહારકના ૨ વર્જીને ઉપયોગ ૯. ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન લેશ્યા. ૬.

૯ નો સંજતિ, નો અસંજતિ, નો સંજતાસંજતિમાં જીવનો ભેદ ૦, ગુણ ૦, જોગ નથી, ઉપયોગ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા સૂક્ષ્મસંપરાય ચારિત્રિયા ૧, તેથી પરિહાર વિશુદ્ધ ચારિત્રિયા સંખેજ્જગુણા ૨, તેથી યથાખ્યાત ચારિત્રિયા સંખેજ્જગુણા ૩, તેથી છેદોપસ્થાપનીય ચારિત્રિયા સંખેજ્જગુણા ૪, તેથી સામાયિક ચારિત્રિયા સંખેજ્જગુણા ૫ તેથી સંજતિ વિશેષાહિયા ૬, તેથી સંજતાસંજતિ અસંખ્યાતગુણા ૭, તેથી નોસંજતિ, નો અસંજતિ, નોસંજતાસંજતિ અનંતગુણા ૮, તેથી અસંજતિ અનંતગુણા ૯.

૧૩ ઉવઓગદ્વાર

૧ સાગરોવત્તામાં જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨ લેશ્યા ૬.

૨ અણગારોવઉત્તામાં જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩ દશમું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૧૨ લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ સર્વથી થોડા અણાગારોવઉત્તા ૧, તેથી સાગરોવઉત્તા સંખેજ્જ ગુણા ૨.

૧૪ આહારદ્વાર

૧ આહારકમાં જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩ પહેલાં, જોગ ૧૪ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ અણાહારકમાં જીવના ભેદ ૮, સાત અપર્યાપ્તા ને ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ૦ ૫ પહેલું, બીજું ચોથું, તેરમું ને ચૌદમું એ ૫, જોગ ૧, કાર્મણનો. ઉપયોગ ૧૦ મનઃપર્યવજ્ઞાન ૧ ને ચક્ષુદર્શન ૨ એ વર્જીને, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ સર્વથી થોડા અણાહારક ૧. તેથી આહારક અસંજ્જગુણા ૨.

૧૫ ભાષગદ્વાર

૧ ભાષગામાં, જીવના ભેદ ૫. બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪, સંજ્ઞીપંચેંદ્રિય ૫, એ ૫ ના પર્યાપ્તા, ગુણઠાણાં ૧૩ પ્રથમ, જોગ ૧૪ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૨ લેશ્યા ૬.

૨ અભાષગામાં, જીવના ભેદ ૧૦, તે ૧૪માંથી બેઇંદ્રિય ૧ તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪, એ ૪ વર્જ્યા ગુણ૦ ૫ તે પહેલું ૧, બીજું ૨, ચોથું ૩, તેરમું ૪, ચૌદમું ૫, જોગ ૫ તે ૨ ઔદારિકના ૨ વૈક્રિયના ને કાર્મણનો; ઉપયોગ ૧૧ તે મનઃપર્યવજ્ઞાન નહિ. લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ. સર્વથી થોડા ભાષગા. ૧, તેથી અભાષગા અનંતગુણા ૨.

૧૬ પરિત્તદ્વાર

૧ પરિત્તસંસારીમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧૪, જોગ ૧૫ ઉપયોગ ૧૨ લેશ્યા ૬.

૨ અપરિત્તસંસારીમાં જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧ પહેલું જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૬ ૩, લેશ્યા ૬.

૩ નાપરિત્ત નાઅપરિત્તમાં જીવના ભેદ૦, ગુણ૦ ૦, જોગ નથી, ઉપયોગ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ સર્વથી થોડા પરિત્ત ૧, તેથી નાપરિત્ત નાઅપરિત્ત અનંતગુણા ૨, તેથી અપરિત્ત અનંતગુણા ૩.

૧૭ પર્યાપ્તાદ્વાર.

૧ પર્યાપ્તામાં, જીવના ભેદ ૭. ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ અપર્યાપ્તામાં, જીવના ભેદ ૭, ગુણ૦ ૩ તે પહેલું બીજું ને ચોથું, જોગ ૫ તે ૨ ઔદારિકના. ૨ વૈક્રિયના ૧ કાર્મણનો, ઉપ૦ ૯, ૩ જ્ઞાન, અજ્ઞાન, ૩ દર્શન એવં લેશ્યા ૬.

૩ નાપર્યાપ્તા નાઅપર્યાપ્તામાં, જીવના ભેદ૦; ગુણ૦ ૦; જોગ નથી, ઉપ૦ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા નાપર્યાપ્તા નાઅપર્યાપ્તા ૧, તેથી અપર્યાપ્તા અનંતગુણા ૨, તેથી પર્યાપ્તા સંખેજ્જગુણા ૩.

૧૮ સુક્ષ્મદ્વાર.

૧ સૂક્ષ્મમાં, જીવના ભેદ ૨, સૂક્ષ્મ એકેંદ્રિયનો અપર્યાપ્તા ૧ ને પર્યાપ્તા ૨, ગુણ૦ ૧ પ્રથમ, જોગ ૩; બે ઔદારિકના, ૧ કાર્મણનો, ઉપ૦ ૩, બે અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન, લેશ્યા ૩.

૨ બાદરમાં, જીવના ભેદ ૧૨ તે ૨ સૂક્ષ્મના વર્જ્યા, ગુણ૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૩ નાસૂક્ષ્મ, નાબાદરમાં, જીવના ભેદ ૦, ગુણ૦ ૦, જોગ નથી, ઉપયોગ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા નાસૂક્ષ્મ નાબાદર ૧, તેથી બાદર અનંતગુણા ૨, તેથી સૂક્ષ્મ અસંખેજ્જગુણા ૩.

૧૯ સંજ્ઞીદ્વાર.

૧ સંજ્ઞીમાં જીવના ભેદ ૨. ગુણઠાણું ૧૨ પહેલા. જોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળના ૨ વર્જ્યા. લેશ્યા ૬.

૨ અસંજ્ઞીમાં, જીવના ભેદ ૧૨ તે ૨ સંજ્ઞીના વર્જ્યા, ગુણ૦ ૨ પ્રથમ, જોગ ૬; ૨ ઔદારિકના, ૨ વૈક્રિયના, ૧ કાર્મણનો. ૧ વ્યવહાર વચનનો એવં ૬, ઉપ૦ ૬, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન એવં ૬, લેશ્યા ૪ પ્રથમ.

૩ નાસંજ્ઞી નાઅસંજ્ઞીમાં જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૨ તેરમું, ચૌદમું, જોગ ૭ ઉપ૦ ૨, લેશ્યા ૧ પરમ શુકલ.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા સંજ્ઞી ૧, તેથી નાસંજ્ઞી નાઅસજ્ઞી અનંતગુણા ૨, તેથી અસંજ્ઞી અનંતગુણા ૩.

૨૦ ભવ્યઅભવ્યદ્વાર.

ભવ્યમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણાં૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.
૨ અભવ્યમાં, જીવના ભેદ ૧૪, ગુણ ૧ પ્રથમ, જોગ ૧૩, આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૬, લેશ્યા ૬.
૩ નોભવ્ય નોઅભવ્યમાં, જીવના ભેદ ૦; ગુણ ૦, જોગ નથી, ઉપયોગ ૨; લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ સર્વથી થોડા અભવ્ય ૧, તેથી નોભવ્ય નોઅભવ્ય અનંતગુણા ૨ તેથી ભવ્ય અનંતગુણા ૩.

૨૧ ચરમદ્વાર.

૧ ચરમમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.
૨ અચરમમાં× જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧ પ્રથમ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૮ ત્રણ અજ્ઞાન ત્રણ દર્શન (અભવ્યને) તથા કેવળજ્ઞાન કેવળદર્શન (સિદ્ધને) લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથા થોડા અચરમ ૧, તેથી ચરમ અનંતગુણા. ૨

૧ સમુચ્ચય કેવલીમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ૦ ૧૧ ઉપલા, જોગ ૧૫, ઉપયોગ ૯ ૩ અજ્ઞાન વર્જીને લેશ્યા ૬.
૨ વીતરાગીમાં, જીવનો ભેદ ૧, ગુ૦ ૪, તે અગિયારમાંથી ચૌદમાં સુધી, જોગ ૧૧. ઉપયોગ ૯, લેશ્યા ૧.
૩ જુગલિયામાં, જીવના ભેદ ૨, સંજ્ઞીના ગુ૦ પહેલું, ને ચોથું, જોગ ૧૧ તે ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના ૧ કાર્મણનો એવં ૧૧, ઉપ૦ ૬; બે જ્ઞાન, બે અજ્ઞાન બે દર્શન એવં ૬ લેશ્યા ૪ પ્રથમ.
૪ અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયમાં જીવના ભેદ ૨, ગુ૦ ૨ પ્રથમ, જોગ ૪ તે ૨ ઔદારિકના ૧ કાર્મણનો ને ૧ વ્યવહાર વચનનો એવં ૪, ઉપયોગ ૬, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન, લેશ્યા ૩ પ્રથમ,
૫ સંમૂચ્છિંમ મનુષ્યમાં, જીવનો ભેદ ૧, ગુ૦ ૧ પહેલું, જોગ ૩ તે ૨ ઔદારિકના ને ૧ કાર્મણનો ઉપયોગ ૪; ૨ અજ્ઞાન ને ૨ દર્શન. લેશ્યા ૩.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા જુગલિયા ૧, તેથી સંમૂચ્છિંમ મનુષ્ય અસંખેજ્જગુણા ૨, તેથી અસંજ્ઞી તિર્યંચ અસંખેજ્જગુણા ૩ તેથી વીતરાગી અનંતગુણા ૪, તેથી સમુચ્ચય કેવળી વિશેષાહિયા ૫.

૧ ઔદારિક શરીરમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧૪. જોગ ૧૫, ઉપયોગ ૧૨ લેશ્યા ૬.
૨ વૈક્રિય શરીરમાં, જીવના ભેદ ૪; ૨ સંજ્ઞીના ને ૧ અસંજ્ઞીનો* અપર્યાપ્તો અને ૧

× અચરમ એટલે જેનો છેડો નહીં તે. અભવી તથા સિદ્ધભગવંતને અચરમ જાણવા

* અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને પહેલી નરકે તથા ૫૧ જાતના દેવતામાં ઉપજે છે ત્યાં અપર્યાપ્તાવસ્થામાં અસંજ્ઞી જ હોય છે એ અપેક્ષાએ વૈક્રિય શરીરમાં અસંજ્ઞીના અપર્યાપ્તાનો ભેદ ગણેલ છે.

બાદર વાઉકાયનો પર્યાપ્તો એવં ૪, ગુણ૦ ૭ પ્રથમ જોગ ૧૨; ૨ આહારકના ને ૧ કાર્મણનો એ ૩ વર્જ્યા, ઉપયોગ ૧૦ તે ૨ કેવળના વર્જ્યા લેશ્યા, ૬.

૩ આહારક શરીરમાં જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૨ છઠું ને સાતમું, જોગ ૧૨; ૨ વૈક્રિયના, ૧ કાર્મણનો એ ૩ વર્જ્યા, ઉપ૦ ૭; ૪ જ્ઞાન ને ૩ દર્શન, લેશ્યા ૬,

૫ તૈજસ, કાર્મણ શરીરમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણાં ૧૪ જોગ ૧૫, ઉપયોગ ૧૨. લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા આહારક શરીરી ૧, તેથી વૈક્રિય શરીરી અસંખ્યાતગુણા ૨, તેથી ઔદારિક શરીરી અસંખ્યાતગુણા ૩, તેથી તૈજસ કાર્મણ શરીરી માંહોમાંહી તુલ્ય ને અનંતગુણા ૫.

ઇતિ મહોટો બાસઠીઓ સમાપ્ત.

અથ શ્રી ચાર કષાયનો થોકડો

શ્રી પન્નવણાજી સૂત્ર પદ ચૌદમે કષાયનો વર્ણવ ચાલ્યો છે કષાય ૧૬ પ્રકારે કહી તેઃ ૧ પોતાને માટે, ૨ પરને માટે, ૩ તદુભય કહેતાં બન્ને માટે, ૪ ખેત કહેતાં ઉઘાડી જમીનને માટે, ૫ વથ્થુ કહેતાં ઢાંકી જમીનને માટે, ૬ શરીર માટે, ૭ ઉપાધિને માટે, ૮ નિશ્ચયપણે, ૯ જાણતાં, ૧૦ અજાણતાં, ૧૧ ઉપશાંતપણે, ૧૨ અણુશાંતપણે, ૧૩ અનંતાનુબંધી ક્રોધ, ૧૪ અપ્રત્યાખ્યાની ક્રોધ, ૧૫ પ્રત્યાખ્યાની ક્રોધ, ૧૬ સંજલનો ક્રોધ, એવં ૧૬. તે ૧૬ સમુચ્ચય જીવઆશ્રી અને ચોવીશદંડક આશ્રી એમ ૨૫ને સોળે ગુણતાં ૪૦૦ થયા. હવે કષાયના દળીઆ કહે છે, ચણીઆ ઉપચણીઆ, બાંધ્યા. વેદ્યા, ઉદારીઆ, નિર્જર્યા એવં ૪ તે ભુતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ આશ્રી એમ ૬ ને ૩ વડે ગુણતાં ૧૮ થાય. તે એક જીવ આશ્રી અને ૧૮ બહુ જીવ આશ્રી એવં ૩૬ થાય. તે સમુચ્ચય જીવ આશ્રી અને ચોવીશ દંડક આશ્રી, એમ ૩૬ ને ૨૫ થી ગુણતાં ૯૦૦ થાય અને ૪૦૦ ઉપર કહ્યા તે મળી કુલ ૧૩૦૦ ક્રોધના, ૧૩૦૦ માનના, માયાના અને ૧૩૦૦ લોભના, એવં સર્વ મળી ૫૨૦૦ થાય.

શ્રી અઠ્ઠાણું બોલનો અલ્પ બહુત્વદ્વાર.

૧	સર્વથી થોડા ગર્ભજ મનુષ્ય	
૨	મનુષ્યાણી સંખેજ્જગુણી.	
૩	બાદર તેઉકાયના પર્યાપ્તા અસંખેજ્જગુણા.	
૪	અનુત્તર વિમાનના દેવતા	અ૦
૫	ઉપલી ત્રિકના દેવતા	સં૦
૬	મધ્યમ ત્રિકના દેવતા	સં૦
૭	હેઠલી ત્રિકના દેવતા	સં૦
૮	બારમા દેવલોકના દેવતા	સં૦
૯	અગિયારમા દેવ૦ દેવતા	સં૦
૧૦	દશમા દેવલોકના દેવતા	સં૦
૧૧	નવમા દેવલોકના દેવતા	સં૦
૧૨	સાતમી નરકના નારકી	અસં૦
૧૩	છઠ્ઠી નરકના નારકી	અસં૦
૧૪	આઠમા દેવ૦ દેવતા	અસં૦
૧૫	સાતમા દેવ૦ દેવતા	અસં૦
૧૬	પાંચમી નરકના નારકી	અસં૦
૧૭	છઠ્ઠા દેવલોકના દેવતા	અસં૦
૧૮	ચોથી નરકના નારકી	અસં૦
૧૯	પાંચમા દેવ૦ દેવતા	અસં૦
૨૦	ત્રીજી નરકના નારકી	અસં૦
૨૧	ચોથા દેવ૦ દેવતા	અસં૦
૨૨	ત્રીજા દેવ૦ દેવતા	અસં૦
૨૩	બીજી નરકના નારકી	અસં૦
૨૪	સામૂર્ચ્છિમ મનુષ્ય	અસં૦
૨૫	બીજા દેવ૦ દેવતા	અસં૦
૨૬	બીજા દેવલોકની દેવી	સં૦
૨૭	પહેલા દેવલોકના દેવતા	સં૦
૨૮	પહેલા દેવલોકની દેવી	સં૦
૨૯	ભવનપતિ દેવતા	અસં૦
૩૦	ભવનપતિની દેવી	સં૦
૩૧	પહેલી નરકના નારકી	અસં૦
૩૨	ખેચર પુરુષ	અસં૦
૩૩	ખેચરની સ્ત્રી	સં૦
૩૪	થળચર પુરુષ	સં૦
૩૫	થળચર સ્ત્રી	સં૦
૩૬	જળચર પુરુષ	સં૦
૩૭	જળચર સ્ત્રી	સં૦
૩૮	વ્યંતર દેવતા	સં૦
૩૯	વ્યંતર દેવી	સં૦
૪૦	જ્યોતિષી દેવતા	સં૦
૪૧	જ્યોતિષીની દેવી	સં૦
૪૨	ખેચર નપુંસક	સં૦
૪૩	થળચર નપુંસક	સં૦
૪૪	જળચર નપુંસક	સં૦
૪૫	ચૌરેંદ્રિય પર્યાપ્તા	સં૦
૪૬	પંચેંદ્રિય પર્યા૦ વિશેષાહિયા	
૪૭	બેઇંદ્રિય પર્યા૦ વિશેષાહિયા	
૪૮	તેઇંદ્રિય પર્યા૦	વિ૦
૪૯	પંચેંદ્રિય અપ૦	અસં૦
૫૦	ચૌરેંદ્રિય અપ૦	વિ૦
૫૧	તેઇંદ્રિય અપ૦	વિ૦
૫૨	બેઇંદ્રિય અપ૦	વિ૦
૫૩	પ્રત્યેક શરીર બાદર વનસ્પતિ-પ.	અસં૦

૫૪ બાદર નિગોદીઆ	૫૦ ના		શરીર અસં૦
૫૫ પુઢવિકાયા		૫૦	અસં૦
૫૬ બાદર અપકાયા		૫૦	અસં૦
૫૭ બાદર વાઉકાયા		૫૦	અસં૦
૫૮ બાદર તેઉકાયા		અપ૦	અસં૦
૫૯ બાદર પ્રત્યેક શરીરી વનસ્પતિ		અપ૬	અસં૦
૬૦ બા૦	નિગોદિયા	અપ૦	નાં શરીર અસં૦
૬૧ બાદર	પુઢવી	અપ૦	અસં૦
૬૨ બા૦	અપકાય	અપ૦	અસં૦
૬૩ બાદર	વાઉ૦	અપ૦	અસં૦
૬૪ સૂક્ષ્મ	તેઉ૦	અપ૦	અસં૦
૬૫ સૂક્ષ્મ	પુઢવી૦	અપ૦	વિ૦
૬૬ સૂક્ષ્મ	અપ૦	અપ૦	વિ૦
૬૭ સૂક્ષ્મ	વાઉ૦	અપ૦	વિ૦
૬૮ સૂક્ષ્મ	તેઉ૦	૫૦	સં૦
૬૯ સૂક્ષ્મ	પુઢવી	૫૦	વિ૦
૭૦ સૂક્ષ્મ	અપ૦	૫૦	વિ૦
૭૧ સૂક્ષ્મ	વાઉ૦	૫૦	વિ૦
૭૨ સૂક્ષ્મ નિગોદિયા અપ.ના શરીર			અસં૦
૭૩ સૂક્ષ્મ નિગોદિયા	૫૦ના શરીર		સં૦
૭૪ અભવ્ય અનંતગુણા			

૭૫ પડિવાઇ સમદિઠિ		અનં૦
૭૬ સિદ્ધ ભગવંતજી		અનં૦
૭૭ બાદર વનસ્પતિ	૫૦	અનં૦
૭૮ બાદર ૫૦ વિ૦		
૭૯ બા૦ વનસ્પતિ	અપ૦	અસં૦
૮૦ બાદર અપ૦		વિ.
૮૧ સમુચ્ચય બાદર		વિ.
૮૨ સૂક્ષ્મ વનસ્પતિ	અપ૦	અસં૦
૮૩ સૂક્ષ્મ અપ૦		વિ૦
૮૪ સૂક્ષ્મ વનસ્પતિ	૫૦	સં૦
૮૫ સૂક્ષ્મ	૫૦	વિ૦
૮૬ સમુચ્ચ સૂક્ષ્મ	૫૦	વિ૦
૮૭ ભવ્ય સિદ્ધિઆ		વિ૦
૮૮ નિગોદિયા	જીવ	વિ૦
૮૯ વનસ્પતિ	જીવ	વિ૦
૯૦ એકેંદ્રિય	જીવ	વિ૦
૯૧ તિર્યંચ	જીવ	વિ૦
૯૨ મિથ્યાદષ્ટિ	જીવ	વિ૦
૯૩ અવિરતિ	જીવ	વિ૦
૯૪ સકષાયા	જીવ	વિ૦
૯૫ છદ્મસ્થા	જીવ	વિ૦
૯૬ સજોગી	જીવ	વિ૦
૯૭ સંસારસ્થા	જીવ	વિ૦
૯૮ સવ્વ	જીવ	વિ૦

ઇતિશ્રી પન્નવણાસૂત્રપદ ત્રીજેથી અઠાણું બોલનો
અલ્પબહુત્વ સંપૂર્ણ

અથ શ્રી ચોવીશ જિનાંતરાં.

---

૧. અઢાર ક્રોડાક્રોડ સાગરને અંતરે પહેલા શ્રી આદિનાથ તીર્થંકર વનિતા નગરીને વિષે થયા નાભિરાજા પિતા, મરૂદેવી રાણી માતા, હેમવર્ણે, વૃષભ લાંછન, પાંચસેં ધનુષ દેહીમાન, ચોરાશી લાખ પૂર્વનું આયુષ, વીશ લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ત્રેસઠ લાખ પૂર્વ રાજ્ય પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી એક હજાર વર્ષે કેવળજ્ઞાન ઉપજ્યું, સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને, ત્રીજા આરાના ત્રણ વર્ષ ને સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે મહા વદ તેરશને દહાડે, દશ હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૨. પહેલા શ્રી આદિનાથ તીર્થંકર નિર્વાણ, મોક્ષ પહોંચ્યા પછી પચાસ લાખ ક્રોડ સાગરને આંતરે બીજા અજિતનાથ તીર્થંકર અયોધ્યા નગરીને વિષે થયા. જિતશત્રુ રાજા પિતા, વિજયાદેવી રાણી માતા, હેમવર્ણે, ગજ કહેતાં હસ્તીનું લાંછન સાડા ચારસે ધનુષનું દેહીમાન, બોંતેર લાખ પૂર્વનું આયુષ, અઢાર લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ત્રેપન લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવજ્યા પાળી, પ્રવર્જા લીધા પછી બાર વર્ષે કેવળજ્ઞાન ઊપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને, દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૩ બીજા અજિતનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી ત્રીશ લાખ ક્રોડ સાગરને આંતરે, ત્રીજા સંભવનાથ તીર્થંકર સાવથી નગરીને વિષે થયા. જિતાર્થ રાજા પિતા, સૈન્યાદેવી રાણી માતા, હેમવર્ણે, અશ્વ કહેતાં ઘોડાનું લાંછન, ચારસેં ધનુષનું દેહીમાન, સાઠ લાખ પૂર્વનું આયુષ, પંદર લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ચુમાલીશ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વ પ્રવર્જા પાળી, પ્રવર્જા લીધા પછી ચૌદ વર્ષે કેવળજ્ઞાન ઊપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૪ ત્રીજા સંભવનાથ તીર્થંકર મોક્ષે પહોંચ્યા પછી દશ લાખ ક્રોડ સાગરોપમને આંતરે ચોથા અભિનંદન તીર્થંકર, વનિતા નગરીને વિશે થયા. સંવર રાજા પિતા, સિદ્ધાર્થા રાણી માતા; હેમવર્ણે, વાનરનું લાંછન, સાડાત્રણસેં ધનુષનું દેહીમાન, પચ્ચાસ લાખ પૂર્વેનું આયુષ, તેમાં સાડાબાર લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, સાડીછત્રીસ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવજ્યા પાળી, પ્રવર્જા લીધા પછી અઢાર વર્ષે કેવળજ્ઞાન ઊપજ્યું, સાધુ, સાધ્વી. શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી, દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૫. ચોથા અભિનંદન તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી નવ લાખ ક્રોડ સાગરને આંતરે પાંચમા સુમતિનાથ તીર્થંકર કુશલપુરી નગરીને વિશે થયા. મેઘરથ રાજા પિતા, સુમંગલા દેવી રાણી માતા, હેમવર્ણે, ક્રૌંચ પંખીનું લાંછન; ત્રણસેં ધનુષનું દેહીમાન, ચાલીસ લાખ પૂર્વનું આયુષ, તેમાં દશલાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ઓગણત્રીસ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વની, પ્રવર્જ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી વીશ વર્ષે કેવળજ્ઞાન ઉપજ્યું. સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ, સંઘતીર્થ સ્થાપીને, દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ પામ્યા.

૬. પાંચમા સુમતિનાથ તીર્થંકર નિર્વાણ, મોક્ષ પહોંચ્યા પછી નેવું હજાર ક્રોડ સાગરને આંતરે છઠ્ઠા પદ્મપ્રભુ તીર્થંકર કૌસંબી નગરીને વિશે થયા. શ્રીધર રાજા પિતા, સુસિમા દેવી રાણી માતા, રાતે વર્ણે, પદ્મકમળનું લાંછન, અઢીસો ધનુષનું દેહીમાન, ત્રીશ લાખ પૂર્વનું આયુષ, સાડાસાત લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, સાડીએકવીશ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવર્જ્યા પાળી. પ્રવર્જ્યા લીધા પછી છઠ્ઠે મહિને કેવળજ્ઞાન ઉપજ્યું, સાધું, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘતીર્થ સ્થાપીને, દ્વાદશાંગી ગણીની પેટી આપીને તેતેર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ પધાર્યા.

૭. છઠ્ઠા શ્રી પદ્મપ્રભુ તીર્થંકર નિર્વાણ, મોક્ષ પહોંચ્યા પછી નવ હજાર ક્રોડ સાગરને આંતરે સાતમા સુપાર્શ્વનાથ તીર્થંકર વાણારસી નગરીને વિશે થયા. પ્રતિષ્ઠ રાજા પિતા, પૃથ્વી દેવી રાણી માતા, હેમવર્ણે, સાથીઆનું લાંછન, બસેં ધનુષનું દેહીમાન. વીશ લાખ પૂર્વનું આયુષ, તેમાં પાંચ લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ચૌદ લાખ પૂર્વ, રાજ પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવર્જ્યા પાળી. પ્રવર્જ્યા લીધા પછી નવ માસે કેવળજ્ઞાન ઉપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ, ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને, દ્વાદશાંગી ગણીની પેટી આપીને પાંચસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ પધાર્યા

૮. સાતમા શ્રી સુપાર્શ્વનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી નવસેં ક્રોડ સાગરને આંતરે આઠમા ચંદ્રપ્રભ તીર્થંકર ચંદનપુરી નગરીને વિશે થયા મહાસેન રાજા પિતા, લક્ષ્મણાદેવી રાણી માતા, ઉજ્જવલ વર્ણે ચંદ્રમાનું લાંછન, દોઢસો ધનુષનું દેહીમાન, દશ લાખ પૂર્વનું આયુષ, તેમાં અઢીલાખ પૂર્વ કુંવરપણે રહ્યા, સાડા છ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી. પ્રવર્જ્યા લીધા પછી છઠ્ઠે મહિને કેવળજ્ઞાન ઉપજ્યું. સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૯. આઠમા શ્રી ચંદ્રપ્રભ તીર્થંકર નિર્વાણ મોક્ષ પહોંચ્યા પછી નેવું ક્રોડ સાગરને આંતરે નવમા શ્રી સુવિધિનાથ તીર્થંકર કકંદી નગરીને વિશે થયા. સુગ્રીવ રાજા પિતા, રમાદેવી રાણી માતા, ઉજ્જવલ વર્ણે, મગરમચ્છનું લાંછન, સો ધનુષનું દેહીમાન, બે લાખ પૂર્વનું આયુષ તેમાં અર્ધ લાખ પુર્વ કુંવરપણે રહ્યા, અર્ધ લાખ પૂર્વ રાજ પાળ્યુ, એક લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી. પ્રવર્જ્યા લીધા પછી ચાર મહિને કેવળજ્ઞાન ઉપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે નિર્વાણ મોક્ષ પધાર્યા.

૧૦. નવમા શ્રીસુવિધિનાથ તીર્થંકર નિર્વાણ, મોક્ષ પહોંચ્યા પછી નવ ક્રોડ સાગરને આંતરે દશમા શ્રી શીતળનાથ તીર્થંકર ભદ્દીલપુર નગરીને વિશે થયા. દશરથ રાજા પિતા, નંદાદેવી રાણી માતા, હેમવર્ણે, શ્રીવત્સ સાથિયાનું લાંછન, નેવું ધનુષનું દેહીમાન, એક લાખ પૂર્વનું આયુષ, તેમાં પા (૦l) લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, અર્ધા લાખ પૂર્વ રાજ પાળ્યું. પા લાખ પૂર્વની પ્રવર્જ્યા પાળી. પ્રવર્જ્યા લીધા પછી ત્રણ માસે કેવળજ્ઞાન ઊપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૧૧. દશમા શ્રી શીતળનાથ તીર્થંકર નિર્વાણ પહોંચ્યા પછી એક ક્રોડ સાગરમાં એકસો સાગર, છાસઠ લાખ, છવીશ હજાર વરસને ઉણે આંતરે અગિયારમા શ્રેયાંસનાથ તીર્થંકર સિંહપુરી નગરીને વિશે થયા. વિષ્ણુ રાજા પિતા અને વિષ્ણુ દેવી રાણી માતા, હેમવર્ણે, ગેંડાનું લાંછન. એંસી ધનુષ્યનું દેહીમાન ચોરાસી લાખ વર્ષનું આયુષ, તેમાં ૨૧ લાખ વર્ષ કુંવરપણે રહ્યા, ૪૨ લાખ વર્ષનું આયુષ, તેમાં ૨૧ લાખ વર્ષની પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી બે માસે કેવળજ્ઞાન ઊપજ્યું. સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૧૨. અગિયારમા શ્રી શ્રેયાંસનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી ૫૪ સાગરને આંતરે, બારમા શ્રી વાસુપૂજ્ય તીર્થંકર ચંપાપુરી નગરીને વિશે થયા. વાસુપૂજ્ય રાજા પિતા, જયાદેવી રાણી માતા, રાતેવર્ણે ભેંસનું લાંછન, સિત્તેર ધનુષનું દેહીમાન બોંતેર લાખ વર્ષનું આયુષ તેમાં અઢાર વર્ષ કુંવરપણે રહ્યા, ચોપન લાખ વર્ષની પ્રવર્જ્યા લીધા પછી એક માસે કેવળજ્ઞાન ઊપજ્યું; સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને છસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૧૩. બારમા શ્રી વાસુપૂજ્ય તીર્થંકર નિર્વાણ, મોક્ષ પહોંચ્યા પછી ત્રીશ સાગરને આંતરે તેરમા શ્રી વિમળનાથ તીર્થંકર કંપીલપુર નગરીને વિશે થયા. કૃતવર્મા રાજા પિતા, શ્યામાદેવી રાણી માતા, હેમવર્ણે, સૂવરનું લાંછન સાઠ ધનુષનું દેહીમાન, સાઠ લાખ વરસનું આયુષ, તેમાં પંદર લાખ વર્ષ કુંવરપણે રહ્યા, ત્રીશ લાખ વર્ષે રાજ પાળ્યું. ૧૫ લાખ વર્ષની પ્રવર્જ્યા પાળી પ્રવર્જ્યા લીધા પછી બે મહિને કેવળજ્ઞાન ઊપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક; શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને ૬૦૦ સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૧૪. તેરમા શ્રી વિમળનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી નવ સાગરને આંતરે ચૌદમા અનંતનાથ તીર્થંકર અયોધ્યા નગરીને વિશે થયા. સિંહસેન રાજા પિતા. સુયશાદેવી રાણી માતા, હેમવર્ણે, શકરાનું લાંછન, પચાસ ધનુષનું દેહીમાન, ૩૦ લાખ વર્ષનું આયુષ તેમાં સાડા સાત લાખ વર્ષ કુંવરપણે રહ્યા, પંદર લાખ વર્ષ રાજ પાળ્યું, સાડાસાત લાખ વર્ષની પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી ૩ મહિને કેવળજ્ઞાન ઊપજ્યું. સાધુ,

સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને સાતસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૧૫. ચૌદમા શ્રી અનંતનાથ તીર્થંકર નિર્વાણ, મોક્ષ પહોંચ્યા પછી ચાર સાગરને આંતરે પંદરમાં ધર્મનાથ તીર્થંકર રત્નપુરી નગરીને વિષે થયા. ભાનુ રાજા પિતા, સુવ્રતાદેવી રાણી માતા, હેમવર્ણે, વજ્રનું લાંછન, પિસ્તાલીશ ધનુષનું દેહીમાન દશ લાખ વર્ષનું આયુષ, તેમાં અઢી લાખ વર્ષ કુંવરપણે રહ્યા, સાડા છ લાખ વર્ષ રાજ પાળ્યું, એક લાખ વર્ષની પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી બે મહિને કેવળજ્ઞાન પામ્યા. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને આઠસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૧૬. પંદરમા શ્રી ધર્મનાથ તીર્થંકર નિર્વાણ, મોક્ષ પહોંચ્યા પછી ત્રણ સાગર તેમાં પોણાપલ્યને ઉણે આંતરે સોળમા શ્રી શાંતિનાથ તીર્થંકર હસ્તીનાપુર નગરીને વિશે થયા, વિશ્વસેન રાજા પિતા, અચિરાદેવી રાણી માતા, હેમવર્ણે મૃગનું લાંછન, ચાળીશ ધનુષનું દેહીમાન, એક લાખ વરસનું આયુષ, તેમાં પા લાખ વર્ષ કુંવરપણે રહ્યા; અર્ધ લાખ વર્ષ રાજ પાળ્યું પા લાખ વર્ષની પ્રવર્જ્યા પાળી પ્રવર્જ્યા લીધા પછી એક મહિને કેવળજ્ઞાન ઊપજ્યું, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને નવસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૧૭. સોળમાં શ્રી શાંતિનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી અર્ધ પલ્યને આંતરે સત્તરમા શ્રી કુંથુનાથ તીર્થંકર ગજપુર નગરીને વિશે થયા. સુરરાજા પિતા, સુશ્રીદેવી રાણીમાતા. હેમવર્ણે, છાગલ કહેતાં બોકડાનું લાંછન, પાંત્રીશ ધનુષનું દેહીમાન. પંચાણું હજાર વર્ષનું આયુષ, તેમાં પોણી ચોવીશ હજાર વર્ષ કુંવરપણે રહ્યા, પોણી ચાવીશ હજાર વર્ષ રાજ પાળ્યું, પોણી ચોવીશ હજાર વર્ષ ચક્રવર્તીની પદવી, ભોગવી પોણી ચોવીશ હજાર વર્ષની પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી સોળ મહિને કેવળજ્ઞાન ઊપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ પધાર્યા.

૧૯. સત્તરમા શ્રી કુંથુનાથ તીર્થંકર નિર્વાણ, મોક્ષ પહોંચ્યા પછી પા પલ્યમાંથી એક ક્રોડ ૧ હજાર વર્ષને ઉણે આંતરે ૧૮મા શ્રી અરનાથ તીર્થંકર નાગપુર નગરીને વિશે થયા. સુદર્શન રાજા પિતા, દેવકીદેવી રાણી માતા, હેમવર્ણે, નંદાવર્ત્ત સાથિયાનું લાંછન, ત્રીશ ધનુષનું દેહીમાન, ચોરાશી હજાર વર્ષનું આયુષ, તેમાં ૨૧ હજાર વર્ષ કુંવરપણે રહ્યા, ૨૧ હજાર વર્ષ રાજ્ય પાળ્યું. ૨૧ હજાર વર્ષ ચક્રવર્તીની પદવી ભોગવી, ૨૧ હજાર વર્ષ પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી ત્રણ મહીને કેવળજ્ઞાન ઊપજ્યું, સાધુ સાધ્વી શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ મોક્ષ પધાર્યા.

૧૯. અઢારમાં અરનાથ તીર્થંકર નિર્વાણ, મોક્ષ પહોંચ્યા પછી એક ક્રોડને એક હજાર વરસને અંતરે ૧૯ મા મલ્લિનાથ તીર્થંકર મિથિલા નગરીને વિશે થયા. કુંભ રાજા

પિતા, પ્રભાવતી રાણી માતા, નીલવર્ણે, કળશનું લાંછન; પચ્ચીશ ધનુષનું દેહીમાન, પંચાવન હજાર વર્ષનું આયુષ, તેમાં સો વર્ષ કુંવરીપણે રહ્યા, બાકી પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી ત્રીજે પહોરે કેવળજ્ઞાન ઉપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને પાંચસેં સાધુ અને પાંચસે સાધ્વી સંઘાતે સ્વામી નિર્વાણ. મોક્ષ પધાર્યા.

૨૦. ઓગણીસમાં મલ્લિનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી ચોપન લાખ વરસને આંતરે વીશમા શ્રી મુનિસુવ્રત તીર્થંકર રાજગ્રહી નગરીને વિશે થયા. સુમિત્ર રાજા પિતા, પદ્માવતી રાણી માતા, શ્યામ વર્ણે, કાચબાનું લાંછન, વીશ ધનુષનું દેહીમાન, ત્રીસ હજાર વર્ષનું આયુષ તેમાં સાડાસાત હજાર વર્ષ કુંવરપણે રહ્યા. પંદર હજાર વર્ષ રાજ પાળ્યું, સાડાસાત હજાર વર્ષ પ્રવર્જ્યા પાળી પ્રવર્જ્યા લીધા પછી અગિયાર મહીને કેવળ જ્ઞાન ઉપજ્યું, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા

૧૧. વીશમા શ્રી મુનિસુવ્રત તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી છ લાખ વર્ષને આંતરે ૨૧મા નમિનાથ તીર્થંકર મથુરા નગરીને વિશે થયા. વિજય રાજા પિતા, વિપુલાદેવી રાણી માતા, હેમવર્ણે, નીલોત્પલ કમળનું લાંછન; પંદર ધનુષનું દેહીમાન, દશ હજાર વર્ષનું આયુષ, અઢી હજાર વર્ષ કુંવરપણે રહ્યા, સાડા છ હજાર વર્ષ રાજ પાળ્યું, એક હજાર વર્ષ પ્રવર્જ્યા પાળી પ્રવર્જ્યા લીધા પછી નવ મહીને કેવળજ્ઞાન ઉપજ્યું, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ, ચાર તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપી એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૨૨. એકવીશમા શ્રી નમિનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી પાંચ લાખ વર્ષને આંતરે ૨૨ મા નેમિનાથ તીર્થંકર સોરીપુર નગરીને વિશે થયા. સમુદ્રવિજય રાજા પિતા, શીવાદેવી રાણી માતા, શ્યામવર્ણે, શંખનું લાંછન દશ ધનુષનું દેહીમાન, એક હજાર વર્ષનું આયુષ, તેમાં ત્રણસેં વર્ષ કુંવરપણે રહ્યા, સાતસેં વર્ષ પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી ચોપન દહાડે કેવળજ્ઞાન ઉપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને પાંચસેં ને છત્રીશ સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૨૩. બાવીશમા શ્રી નેમિનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી પોણી ચોર્યાસી હજાર વર્ષને આંતરે ૨૩ મા પાર્શ્વનાથ તીર્થંકર વાણારસી નગરીને વિશે થયા. અશ્વસેન રાજા પિતા, વામાદેવી રાણી માતા, નીલવર્ણે, સર્પનું લાંછન, નવ હાથનું દેહીમાન, સો વર્ષનું આયુષ, તેમાં ૩૦ વર્ષ કુંવરપણે રહ્યા, સિત્તોર વર્ષ પ્રવર્જ્યા પાળી. પ્રવર્જ્યા લીધા પછી ચોર્યાસી દહાડે કેવળજ્ઞાન ઉપજ્યું, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધું સંઘાતે નિર્વાણ, મોક્ષ પધાર્યા.

૨૪. ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી અઢીસે વર્ષને આંતરે ચોવીશમા શ્રી મહાવીર તીર્થંકર ક્ષત્રિયકુંડગ્રામ નગરીને વિષે થયા. સિદ્ધાર્થ રાજા પિતા, ત્રિશલાદેશી રાણી માતા, હેમવર્ણે, સિંહનું લાંછન, સાત હાથનું દેહીમાન, બોંતેર વર્ષનું

આયુષ, તેમાં ૩૦ વર્ષ કુંવરપણે રહ્યા. ૪૨ વર્ષની પ્રવર્જ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી સાડા બાર વર્ષ ને એક પખવાડીએ કેવળજ્ઞાન ઉપજ્યું. સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને આસો વદ અમાવાસ્યાની રાત્રે પાવાપુરી નગરીને વિશે ચોથા આરાના ત્રણ વર્ષ ને સાડા આઠ મહિના બાકી રહ્યા, ત્યારે સ્વામીનાથ એકાકીપણે, બે દિવસનું અનશન કરી નિર્વાણ મોક્ષ પધાર્યા.

પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામી અને ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી એ બેઉ વચ્ચે એક કોડાકોડ સાગરોપમનું ઝઝેરૂં તેમાં ૪૨ હજાર વર્ષ ઉણુનું આંતરૂં જાણવું.

ઈતિ શ્રી ચોવીશ તીર્થંકરનાં આંતરાં સંપૂર્ણ.

અથ શ્રી શ્વાસોચ્છવાસનો થોકડો

શ્રી પન્નવણાજી સૂત્ર પદ સાતમે શ્વાસોચ્છવાસનો અધિકાર ચાલ્યો છે, તેમાં નારકી અને દેવતા કેવી રીતે શ્વાસોચ્છવાસ લીએ છે? વીર પ્રભુએ કહ્યું કે હે ગૌતમ નારકીના જીવ નિરંતર ધમણની પેરે શ્વાસોચ્છવાસ લીએ છે. અસુરકુમારના દેવતા જઘન્ય સાત થોક. ઉત્કૃષ્ટા એક પક્ષ ઝઝેરો શ્વાસોચ્છવાસ લીએ છે. વાણવ્યંતર ને નવીનકાયના દેવતા જઘન્ય સાત થોક, ઉત્કૃષ્ટા પ્રત્યેક મુહૂર્ત, જ્યોતિષી જ૦ અને ઉ૦ પ્રત્યેક મુહૂર્ત, પહેલે દેવલોક જ૦ પ્રત્યેક મુહૂર્ત અને ઉ૦ બે પક્ષે. બીજે દેવલોકે જ૦ પ્રત્યેક મુહૂર્ત ઝઝેરે. ઉ૦ બે પક્ષ ઝઝેરે. ત્રીજે દેવલોકે જ૦ બે પક્ષે, અને ઉ૦ સાત પક્ષે. ચોથે દેવલોકે જ૦ બે પક્ષ ઝઝેરે. અને ઉ૦ સાત પક્ષ ઝઝેરે. પાંચમે દેવલોકે જ૦ સાત પક્ષે. ઉ૦ દશ પક્ષે છઠે દેવલોકે જ૦ દશ પક્ષે ઉ૦ ચૌદ પક્ષે. સાતમે દેવલોકે જ૦ ચૌદ પક્ષે. ઉ૦ સત્તર પક્ષે. આઠમે દેવલોકે જ૦ સત્તર પક્ષે. ઉ૦ અઢાર પક્ષે, નવમે દેવલોકે જ૦ અઢાર પક્ષે, ઉ૦ ઓગણીસ પક્ષે. દશમે દેવલોકે જ૦ ઓગણીસ પક્ષે, ઉ૦ વીશ પક્ષે. અગિયારમે દેવલોકે જ૦ વીશ પક્ષે, ઉ૦ એકવીસ પક્ષે. બારમે દેવલોકે જ૦ એકવીશ પક્ષે, ઉ૦ બાવીસ પક્ષે. પહેલી ત્રિકમાં જ૦ બાવીશ પક્ષે, ઉ૦ પચીસ પક્ષે, બીજી ત્રિકમાં જ૦ પચ્ચીસ પક્ષે. ઉ૦ અઠાવીશ પક્ષે ત્રીજી ત્રિકમાં જ૦ અઠાવીશ પક્ષે. ઉ૦ એકત્રીસ પક્ષે. ચાર અનુત્તર વિમાનમાં જ૦ એકત્રીસ પક્ષે, ઉ૦ તેત્રીસ પક્ષે. સર્વાર્થસિદ્ધમાં જ૦ અને ઉ૦ તેત્રીસ પક્ષે. એમ તેત્રીસ પખવાડીએ શ્વાસ ઊંચો લે અને તેત્રીસ પખવાડીએ શ્વાસ નીચો મૂકે.

નંબર	તિથંકરનું નામ	પિતાનું નામ	માતાનું નામ	લાંછન	ધનુષ શરીરમાન.	આયુમાન	યક્ષનાં નામ	યક્ષણીનાં નામ.
૧	શ્રી ઋષભદેવ	નાભીકુલકર	મરૂદેવી	વૃષભ	૫૦૦	૮૪ લાખ પૂર્વ	ગોમુખ.	ચક્રેશ્વરી.
૨	શ્રી અજીતનાથ	જિતશત્રુ	વિજયા	હસ્તિ	૪૫૦	૭૨ ,, ,,	મહાયક્ષ.	અજીતબાળા
૩	શ્રી સંભવનાથ	જિતાર્થ	સેનાદેવી	અશ્વ	૪૦૦	૬૦ ,, ,,	ત્રિમુખ	રૂરીતારી.
૪	શ્રી અભિનંદન	સવરરાજા	સિદ્ધાર્થા	વાંદર	૩૫૦	૫૦ ,, ,,	નાયક.	કાલીકા.
૫	શ્રી સુમતિનાથ	મેઘરાજા	મંગળા	ક્રૌંચપક્ષી	૩૦૦	૪૦ ,, ,,	તુંભરૂં.	મહાકાલી.
૬	શ્રી પદ્મપ્રભ	શ્રીધરરાજા	સુશીમા	પદ્મ	૨૫૦	૩૦ ,, ,,	કુસમય.	શ્યામા.
૭	શ્રી સુપાર્શ્વનાથ	પ્રતિષ્ઠરાજા	પૃથ્વી	સાથીઓ	૨૦૦	૨૦ ,, ,,	માતંગ.	શાન્તા.
૮	શ્રી ચંદ્રપ્રભ	મહાસેનરાજા	લક્ષ્મણા	ચંદ્ર	૧૫૦	૧૦ ,, ,,	વિજય.	ભૃકીટી.
૯	શ્રી સુવિધિનાથ	સુગ્રીવરાજા	રામારાણી	મગરમચ્છ	૧૦૦	૨ ,, ,,	અજીત.	સુતારિકા.
૧૦	શ્રી શીતળનાથ	દશરથ	નંદા	શ્રીવત્સ	૯૦	૧ ,, ,,	બ્રહ્મા.	અશોકા.
૧૧	શ્રી શ્રેયાંસનાથ	વિષ્ણુ	વષ્ણુ	ગેંડો	૮૦	૮૪ લાખ વર્ષ	જક્ષેત	માનવી.
૧૨	શ્રી વાસુપૂજ્ય	વસુપૂજ્ય	જયા	પાડો	૭૦	૭૧ ,, ,,	કુમાર	ચંડા.
૧૩	શ્રી વમળનાથ	કુતવર્મા	શ્યામા	વરાહ	૬૦	૬૦ ,, ,,	ષણ્મુખ.	વિદિતા.
૧૪	શ્રી અનંતનાથ	સિંહસેન	સુયશા	સીચાણો	૫૦	૩૦ ,, ,,	પાતાળ	અંકુશા.
૧૫	શ્રી ધર્મનાથ	ભાનુ	સુવ્રતા	વજ્ર	૪૫	૧૦ ,, ,,	કિન્નર.	કંદર્પ.
૧૬	શ્રી શાંતિનાથ	વિશ્વશેન	અચિરા	હરિણ	૪૦	૧ ,, ,,	ગરૂડ.	નિર્વાણા.
૧૭	શ્રી કુંથુનાથ	સૂર	સુરાદેવી	બકરો	૩૫	૯૫ હજાર વર્ષ	ગંધર્વ.	બલા.
૧૮	શ્રી અરનાથ	સુદર્શન	દેવીકારાણી	નંદાવર્ત્ત	૩૦	૮૪ ,, ,,	યક્ષેદ.	ધણા.
૧૯	શ્રી મલ્લિનાથ	કુંભ	પ્રભાવતી	કળશ	૨૫	૫૫ ,, ,,	કુબેર.	ધરણપ્રિયા.
૨૦	શ્રી મુનિસુવ્રત	સુમિત્ર	પદ્માવતી	કાચબો	૨૦	૩૦ ,, ,,	વરૂણ.	નરદત્તા.
૨૧	શ્રી નમિનાથ	વિજય	વિપુલા	કમળ	૧૫	૧૦ ,, ,,	ભ્રુકુટી.	ગંધારી.
૨૨	શ્રી નેમિનાથ	સમુદ્રવિજય	શિવાદેવી	શંખ	૧૦	૧ ,, ,,	ગોમેધ.	અંબિકા
૨૩	શ્રી પાર્શ્વનાથ	અશ્વસેન	વામાદેવી	સર્પ	૯હાથ.	૧૦૦ વર્ષ	પાર્શ્વ.	પદ્માવતી.
૨૪	શ્રી મહાવીર	સિદ્ધાર્થ	ત્રિશલાદેવી	સિંહ	૭હાથ.	૭૨ વર્ષ.	માતંગ.	સિધ્ધાયિકા

અથ શ્રી ૭ આરાના બોલ

(૧) પહેલો આરો, ૪ ક્રોડાક્રોડી સાગરોપમનો, સુસમ સુસમ એટલે એકલું સુખમાં સુખ; ૩ ગાઉનું દેહીમાન, ૩ પલ્યોપમનું આઉખું, ૨૫૬ પાંસળી; ધરતીની સરસાઇ સાકર સરખી; (દરેક આરો ઉતરવાનું દેહમાન, આઉખું, પાંસળી તથા ધરતીની સરસાઇ. તે પછીનો આરો બેસતાં જે હોય તે જાણવી.) વજ્રઋષભ નારાચ સંઘયણ. સમચઉરસ્ત્ર સંઠાણ, ત્રણ દિવસને આંતરે આહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે; અને તેમાં ૧૦ પ્રકારનાં કલ્પવૃક્ષ મનવાંચ્છિત સુખ પહોંચાડે; ત્રણ આરા સુધી જુગલિયાં (એક પ્રકારના મનુષ્ય યુગલ) હોય છે તેનાં આઉખાં આડા છ માસ રહે ત્યારે પરભવનું આઉખું બાંધે ત્યારે જુગલણી એક જોડલું પ્રસવે, તે છોરૂનું પ્રતિપાલન ૪૯ દિવસ કરે. સ્ત્રીપુરુષને ક્ષણ માત્રનો વિયોગ ન પડે, એકને છીંક ને એકને બગાંસુ આવે એટલે મરીને દેવતાની ગતિમાં જાય. તેમના શરીરનું નિહરણ દેવતા કરે. તેમને વૈર વિરોધ, ઇર્ષ્યા, ઝેર હોતાં નથી.

(૨) બીજો આરો બેસતાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંતા હીણા થયા; ૩ ક્રો૦ ક્રો૦ સા૦ નો, સુસમ એટલે એકલું સુખ; બે ગાઉનું દેહીમાન, બે પલ્યોપમનું આ૦; ૧૨૮ પાંસળી બે દિવસને આંતરે આહારની ઇચ્છા ઉપજે; ત્યારે શરીર પ્રમાણે આહાર કરે, ધરતીની સરસાઇ ખાંડ સરખી, ૧૦ પ્રકારનાં કલ્પવૃક્ષ મનવાંછિત સુખ પહોંચાડે; સંઘયણ, સંઠાણ અને બાકીના બોલ પહેલા પ્રમાણે; પરંતુ છોરૂની પ્રતિપાલણા ૬૪ દિવસ કરે.

(૩) ત્રીજો આરો બેસતાં વર્ણ૦ના પર્યવ અનંતા હીણા થયા; આરો ૨ ક્રો૦ક્રો૦ સા૦ નો સુસમ દુસમ એટલે સુખ ઘણું ને દુઃખ થોડું; ૧ ગાઉનું દે૦ ને ૧ પલ્યોપમનું આ૦; ૬૪ પાંસળી, એકાંતર આહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે, ધરતીની સરસાઇ ગોળ સરખી; બાકીના બોલ બીજા આરા પ્રમાણે, પરંતુ છોરૂનું પ્રતિપાલન ૭૯ દિવસ કરે.

એ ત્રણ આરામાં જરા, રોગ, કુરૂપ હોય નહીં. સંપૂર્ણ અંગોપાંગ, વિષય સુખ પામે તે દાનપુણ્યનાં ફળ જાણવા. ત્રીજા આરામાં ૮૪ લાખ પૂર્વ ૩ વર્ષને ૮॥ માસ બાકી રહ્યા ત્યારે સર્વાર્થસિદ્ધ વિમાન થકી ૩૩ સાગરનું આ૦ ભોગવીને વનિતા નગરી, નાભીકુલકર રાજા પિતા, મરૂદેવી માતાની કુખે શ્રી ઋષભદેવ સ્વામી ઉપજ્યા, ૯ માસે જનમ્યા, પ્રથમ ઋષભનું સ્વપ્ન દેખીને ઋષભદેવ નામ દીધું, તેમણે જુગલિયા-ધર્મ નિવારીને અસિ, મસિ. કૃષિ આદિ ૭૨ કળા શીખવી; અનુકંપા નિમિત્તે ૨૦ લાખ પૂર્વ સુધી કુંવરપણે રહ્યા ને ૬૩ લાખ પૂર્વ રાજ્ય પાળ્યું. ભરતને રાજ્ય આપીને ૪૦૦ સાધુ સાથે સંયમ લીધો તે એક લાખ પૂર્વ પાળ્યો. કેવળ પામીને અષ્ટાપદ પર્વત ઉપર પદ્માસને બેસીને ૧૦૦૦૦ સાધુ સાથે મોક્ષ પધાર્યા, ત્રીજા આરામાં છેવટના ભાગમાં (જુગલ ધર્મનિવારણ પછીના ભાગમાં) ગતિ ૫ જાણવી.

(૪) ચોથો આરો બેસતાં અનંતા પર્યવ-વર્ણ વગેરેના હીણા થયા. એ આરો ૧ કો. કો. સા૦માં ૪૨૦૦૦ વર્ષ ઉણું (ઓછા)નો જાણવો. દુસમ-સુસમ એટલે દુ:ખ ઘણું ને સુખ થોડું; ૫૦૦ ધનુષનું દેહીમાન, ક્રોડ પૂર્વનું આઉખું; છ સંઘયણ ને છ સંઠાણ, ૩૨ પાંસળાં દિન દિન પ્રત્યે (રોજને રોજ) આહારની ઇચ્છા ઉપજે ત્યારે પુરૂષ ૩૨ કવળ, સ્ત્રી ૨૮ ને નપુંસક ૨૪ કવળનો આહાર કરે; ધરતીની સરસાઇ સારેરી, ઉતરતે આરે થોડેરી; એ આરાના છેવટ ૭૫ વર્ષને ૮॥ માસ બાકી રહ્યા, ત્યારે ૧૦મા દેવલોકે ૨૦ સાગરોપમનું આ૦ ભોગવીને માહણકુંડ નગર (બ્રાહ્મણકુંડ)માં ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર દેવાનંદાની કૂખે શ્રી મહાવીર સ્વામી ઊપજ્યા, ત્યાં ૮૨॥ રાત્રી રહ્યા; ૮૩મી રાત્રે શક્રેન્દ્રનું આસન ચળ્યું. એટલે હરણગમેષી દેવને ગર્ભ સાહરણની આજ્ઞા આપી તેણે ગર્ભનું સાહરણ કરીને કુંડીગ્રામના સિદ્ધાર્થ રાજાની ત્રિશલાદેવી રાણીના ગર્ભસ્થાનમાં મૂક્યા, ત્યાં ગર્ભકાળ પૂર્ણ કરી જન્મ પામ્યા અને ૩૦ વર્ષ કુંવરપણે રહી દીક્ષા લીધી પછી સાડાબાર વર્ષને એક પખવાડીએ કેવળ પામ્યા. કુલ ૪૨ વર્ષ દીક્ષા પાળી ચોથા આરાના ૩ વર્ષ અને ૮॥ માસ બાકી રહ્યા ત્યારે મોક્ષ પધાર્યા.

(૫) પાંચમો આરો બેસતાં વર્ણ વ૦ના અનંતા પર્યવ હીણા થયા; આ આરો દુસમ એટલે એકલું દુ:ખ ૨૧૦૦૦ વર્ષનો, ૭ હાથનું દે૦, ૧૨૫ વર્ષનું આ૦ ૬ સંઘયણને ૬ સંઠાણ, ઉતરતે આરે ૧ છેવટું સંઘયણ ૧ હુંડ સંઠાણ; ૧૬ પાંસળી દિનદિન પ્રત્યે આહારની ઇચ્છા ઉપજે. ત્યારે શરીર પ્રમાણે આહાર કરે, 'ધરતીની સરસાઇ કાંઇક સારેરી ઉતરતે આરે કુંભારના નીંભાડાની ક્ષાર સરખી; એ આરામાં જન્મેલા માટે ગતિ ૪. મોક્ષ નહિ.

પાંચમા આરાનાં લક્ષણ; ૧ મોટાં નગર તે ગામડાં સરખાં થશે, ૨. ગામ તે મસાણ સરીખાં; ૩ ભલા કુળના છોરૂ તે દાસ-દાસીપણું કરશે. ૪ પ્રધાન તે લાલચુ થાશે, ૫ રાજા તે જમદંડ સરખા, ૬. ભલાકુળની સ્ત્રી તે લજ્જારહિત થશે, ૭ રૂડા કુળની સ્ત્રી વેશ્યા સરખી થશે ૮ પુત્રો સ્વચ્છંદી થશે ૯ શિષ્ય ગુરુના અપવાદ બોલશે, ૧૦ દુર્જન સુખી થશે, ૧૧ સજ્જન દુ:ખી થસે, ૧૨ દુર્લક્ષને દુકાળ ઘણાં પડશે, ૧૩ ઉંદર, સર્પાદિકની દાઢ ઘણી થશે, ૧૪ બ્રાહ્મણ અર્થના લોભી થશે. ૧૫ હિંસાધર્મના પ્રરૂપક ઘણાં થશે, ૧૬ એક ધર્મના ઘણા ભેદ થશે, ૧૭ મિથ્યાત્વી દેવતા ઘણા પૂજાશે, ૧૮ મિથ્યાત્વી લોક ઘણા થશે; ૧૯ માણસને દેવદર્શન દુર્લભ થશે, ૨૦ વિદ્યાધરના વિદ્યાના પ્રભાવ થોડા હશે, ૨૧. ગોરસ, દુધ, દહીંમાં સરસાઇ થોડી હશે; ૨૧ બળદ પ્રમુખનાં બળ, આઉખાં થોડાં હશે, ૨૩ સાધુ સાધ્વીને માસકલ્પ તથા ચાતુર્માસ કર્યા જેવાં ક્ષેત્ર થોડાં હશે, ૨૪ શ્રાવકની ૧૧ પડિમા ને સાધુની ૧૨ પડિમા વિચ્છેદ જાશે. ૨૫ ગુરુ શિષ્યને ભણાવશે નહીં, ૨૬ શિષ્ય અવિનીત, કલેશકારી હશે, ૨૭ અધર્મી ઝઘડાં કરનારાં કુમાણસ ઘણાં હશે; ૨૮. સુમાણસ થોડાં; ૨૯ આચાર્ય પોતપોતાના ગચ્છની પરંપરા; સમાચારી જુદી જુદી પ્રવર્તાવશે તથા મૂઢ મૂર્ખ જનને મોહ પમાડીને મિથ્યાત્વ પાસમાં પાડશે, ઉત્સૂત્ર ભાખશે; પોતપોતાની પ્રશંસામાં રાચશે, નિંદક કુબુદ્ધિ હશે; ૩૦ સરલ, ભદ્રિક, ન્યાયી, પ્રામાણિક માણસ થોડાં; ૩૧. મ્લેચ્છનાં રાજ્ય ઘણાં, હિંદુ રાજા અલ્પ ઋદ્ધિવાળા ને થોડા; ૩૨ મોટા કુળના રાજા નીચ કામ કરશે; અન્યાય અધર્મ, કુવ્યસનમાં ઘણા રાચશે.

ઉતરતા આ આરામાં ધાતુ સર્વ વિચ્છેદ જાશે, લોઢાની ધાતુ રહેશે; ચામડાની મહોરો

ચાલશે; એવી મહોરો જેની પાસે હશે તે ધનવંત કહેવાશે; ૧ ઉપવાસ કરશે તે માસખમણ સરખો લાગશે; જ્ઞાન તથા સૂત્ર સર્વે વિચ્છેદ જાશે; તેમાં દશવૈકાલિકનાં પહેલાં ૪ અધ્યયન રહેશે. તે ઉપર ૪ જીવ એકાવતારી થશે તેનાં નામ; ૧ 'દુપસહ' નામ સાધુ, ૨; 'ફાલ્ગુણી' નામનાં સાધ્વી; ૩ નાગિલ શ્રાવક; ૪. નાગશ્રી શ્રાવિકા; અષાડ શુદ ૧૫ ને દિને શક્રેંદ્રનું આસન ચળશે, ત્યારે શક્રેંદ્ર ઉપયોગ મૂકી જોશે કે આજ પાંચમો આરો ઉતરી કાલે છઠ્ઠો આરો બેસશે, ત્યારે શક્રેંદ્ર આવી ઉપર કહ્યા ૪ જીવને કહેશે કે કાલે છઠ્ઠો આરો બેસશે, માટે આળોવો, પડિક્કમો ને નિઃસલ્ય થાઓ; એટલે તે જીવ સર્વ જીવને ખમાવીને સંથારો કરશે, ત્યારે મહા સંવર્ત્તક વાયરો થશે તેણે કરીને પહાડ, પર્વત, ગઢ,-બેટ, કોઠ', વાવ. કુવા સરોવર, સર્વે વિસરાલ થશે; વૈતાઢય પર્વત; ગંગા, સિંધુ; ઋષભકુટ ને લવણની ખાડી એ ૫ વર્જીને સર્વ સ્થાનક તૂટી પડશે; તે ૫ જીવ સમાધિ પ્રમાણે કાળ કરીને દેવલોકમાં જાશે ત્યારે ૪ બોલ વિચ્છેદ જાશે; ૧ પહેલે પહોરે જૈન ધર્મ, ૨ બીજે પહોરે ૩૬૩ પાખંડીના મિથ્યાત્વી ધર્મ, ૩ ત્રીજે પહોરે રાજનીતિ, ૪ ચોથે પહોરે બાદર અગ્નિ વિચ્છેદ જાશે.

(૬) છઠ્ઠો આરો બેસતાં વર્ણ વગેરેના અનંતા પર્યવ હીણા થયા; ૨૧૦૦૦ વર્ષનો; 'દુસમ દુસમ' એટલે એકલું દુઃખમાં દુઃખ; ૧ હાથનું દે૦ ૨૦ વર્ષનું આ૦ ઉતરતે આરે મૂંઢાહાથની કાયા; ૧૬ વર્ષનું આ૦, ૧ છેવટુ સંઘયણને હુંડ સંઠાણ; ૮ પાંસળી ઉતરતે આરે ૪ પાંસળી; છ વર્ષની સ્ત્રી ગર્ભ ધરશે; તે કાળાં, કુદર્શની, રોગી ને રીસાળ, નખ ને મોંવાળા ઘણાં એવા છોકરાં પ્રસવશે; તે કૂતરીની પેઠે પરિવાળ ભેળો, ફેરવશે; ગંગા સિંધુ નદીઓ રહેશે; તેમાં ૭૨ બીલ છે, ૩-૩ માળ છે. તેમાં મનુષ્ય, તિર્યંચ, પંખી બીજ માત્ર રહેશે; ગંગાસિંધુ નદીનો ૬૨ાા જોજનનો મહોટો પટ છે. તેમાં રથના ચીલા પ્રમાણે પહોળું અને ગાડાની ધરી બુડે એટલું ઊંડું પાણી રહેશે. તેમાં મચ્છ, કચ્છ ઘણાં થશે. તે ૭૨ બીલના મનુષ્યો સાંજ ને સવાર મચ્છ, કચ્છ કાઢીને વેળુમાં ભરાશે, તે સૂર્ય ઘણો તપશે, ટાઢ ઘણી પડશે. તેણે કરી સીઝવાઈ રહેશે. તેનો આહાર કરશે, તેનાં હાડકાં. ચામડાં, તિર્યંચ, ચાટીને રહેશે. માનવીના માથાની તુંબડીમાં પાણી લાવીને પીશે; એ આરામાં નવકાર, સમકિત, વ્રત, પચ્ચક્ખાણ રહિત હશે તે જીવો અવતરશે. એવું જાણી જે જીવ જૈન ધર્મ પાળશે તે સુખી થશે.

———————

અથ શ્રી ત્રેવીસ પદવીના બોલ

તેનાં નામ કહે છે. પ્રથમ ૭ એકેંદ્રિય રત્ન, ૭ પંચેદ્રિય રત્ન ૯ મહોટી પદવી. તેમાં ૭ એકેંદ્રિય રત્નનાં નામ કહે છે. ચક્ર રત્ન ૧, છત્ર રત્ન ૨, ચર્મ રત્ન ૩, દંડ રત્ન ૪, અસિ રત્ન ૫, મણિ રત્ન ૬; કાંગણિ રત્ન ૭, એ ૭ એકેંદ્રિય રત્નનાં નામ કહ્યા. હવે પંચેંદ્રિય રત્નનાં નામ કહે છે. સેનાપતિ ૧, ગાથાપતિ ૨, વાદ્ધિંક ૩, પુરોહિત ૪, સ્ત્રી ૫, અશ્વ ૬, ગજ ૭, એ પંચેંદ્રિય રત્નનાં નામ કહ્યાં. હવે ૯ મહોટી પદવીનાં નામ કહે છે. અરિહંતની ૧, ચક્રવર્તીની ૨, બલદેવની ૩, વાસુદેવની ૪, કેવલીની ૫, સાધુની ૬, શ્રાવકની ૭, સમ્યગ્દૃષ્ટિની ૮, મંડલિક રાજાની ૯, એ ૯ મહોટી પદવી કહી. એવં સર્વ મળી ૨૩ પદવી. હવે ૧૪ રત્ન શું શું કામ કરે તે, ચક્ર રત્ન, ષટ્ ખંડ સાધતા માર્ગ બતાવે ૧, છત્ર રત્ન તે ૪૮ કોશ પ્રમાણે છાયા કરે ૨, ચર્મ રત્ન તે નદિ આદિ પાર ઉતારે ૩, દંડ રત્ન તે તમસ્ ગુફાનાં બાર ઉઘાડે ૪, અસિરત્ન તે શત્રુને હણે ૫, મણિરત્ન તે ઉદ્યોત કરે ૬, કાંગણિ રત્ન તે ૪૯ માંડલા આલેખે તથા તોલાં માપ વધારે ૭, સેનાપતિ તે દેશ સાધે ૮, ગાથાપતિ તે ધાન, રસવતી નિપજાવે ૯, વાર્દ્ધિક તે આવાસ, ઘર નિપજાવે ૧૦, પુરોહિત તે ઘાવ સાજા કરે તથા શાન્તિકર્મ કરે, વિઘ્ન ટાળે ૧૧, સ્ત્રીરત્ન તે ભોગ સાધનને કામ આવે ૧૨; અશ્વ ને ગજ બેઉ ચડવાને કામ આવે ૧૪. હવે ૧૪ રત્ન ક્યાં ક્યાં ઊપજે તે કહે છે. ચક્ર ૧, છત્ર ૨, અસિ ૩, દંડ ૪, એ આયુધશાળામાં ઊપજે. ચર્મ મણિ ને કાંગણિ એ ૩ લક્ષ્મીના ભંડારમાં ઊપજે. સેનાપતિ ૧, ગાથાપતિ ૨, વાર્દ્ધિક ૩, પુરોહિત ૪. એ ૪ પોતાનાં નગરમાં ઊપજે. સ્ત્રી વિદ્યાધરની શ્રેણીમાં ઊપજે. અશ્વ ને ગજ એ ૨ વૈતાઢ્યને મૂલે ઊપજે, હવે ૧૪ રત્નની કાયાનું પરિમાણ કહે છે; ચક્ર, છત્ર ને દંડ એ ૩ વામ પ્રમાણે. વામ તે ૪ હાથ પ્રમાણે, ચર્મરત્ન તે ૨ હાથ પ્રમાણે, ખડગરત્ન તે ૫૦ અંગુલનું લાંબું, ૧૬ અંગુલનું પહોળું, ને અર્ધ અંગુલનું જાડું, મણિરત્ન ૪ અંગુલનું લાંબું ને ૨ અંગુલનું પહોળું, કાંગણિરત્નને છ તળાં, આઠ ખુણાં, બાર હાંસો, સોનીની એરણને સંઠાણે ૧ અંગુલનું લાંબું, પહોળું ને ઊંચું. સેનાપતિ ૧ ગાથાપતિ ૨ વાર્દ્ધિક ૩, પુરોહિત ૪, એ ૪ની અવગાહના ચક્રવર્તી પ્રમાણે ઊંચી જાણવી. સ્ત્રીરત્ન ચક્રવર્તીથી ૪ અંગુલ નીચી હોય. અશ્વરત્ન ૧૦૮ અંગુલનો લાંબો–કાનના મૂળથી તે પૂંછના મૂળ લગે અને ૮૦ અંગુલનો ઊંચો, ગજરત્ન ચક્રવર્તીથી બમણો ઊંચો હોય. એ ૨૩ પદવી. હવે જે ગતિમાંથી નીકળ્યો તે કેટલી પદવી પામે તે કહે છે. પહેલી નરકના નીકળ્યા ૧૬ પદવી પામે. તે ૨૩ માંહેથી ૭ એકેંદ્રિય રત્ન વર્જ્યાં ૧, બીજી નરકના નીળ્યા ૧૫ પદવી પામે. પૂર્વે ૧૬ કહી તેહમાંથી ૧ ચક્રવર્તીની વર્જી ૨, ત્રીજી નરકના નીકળ્યા તેર પદવી પામે. તે ૧૫ માંથી બલદેવ ને વાસુદેવ એ બે વર્જ્યાં ૩,

ચોથી નરકના નીકળ્યા ૧૨ પદવી પામે. તે તેરમાંથી ૧ તીર્થંકર વર્જ્યાં ૪, પાંચમી નરકના નીકળ્યા અગીયાર પદવી પામે. તે ૧૨ માંહેથી ૧ કેવલી વર્જ્યાં ૫, છઠ્ઠી નરકના નીકળ્યા દશ પદવી પામે તે સાધુજી વર્જ્યા ૬ સાતમી નરકના નીકળ્યા ૩ પદવી પામે. અશ્વ ૧, ગજ ૨, સમ્યક્ત્વ દૃષ્ટિ તિર્યંચમાં ૩, એ ૩ પદવી પામે. ૭ ભવનપતિ, વાણુવ્યંતર, જ્યોતિષી એ ૩ ના નીકળ્યા એકવીશ પદવી પામે. તે વાસુદેવ ૧, ને તીર્થંકર એ ૨, વર્જ્યા. પૃથ્વી, પાણી, વનસ્પતિ, ગર્ભજ મનુષ્યને ગર્ભજ તિર્યંચ એટલાના નીકળ્યા ૧૯ પદવી પામે. ૨૩માંથી તીર્થંકર ૧, ચક્રવર્તી ૨, બલદેવ ૩, વાસુદેવ ૪, એ ૪ વર્જ્યા. બેઇંદ્રિય તેઇંદ્રિય, ચૌરેંદ્રિય, સંમૂચ્છિમ તિર્યંચને સંમૂર્ચ્છિમ મનુષ્ય એ પાંચના નીકળ્યા ૧૮ પદવી પામે ૧૯ માંથી ૧ કેવલી વર્જ્યા, તેઉવાઉના નીકળ્યા ૯ પદવી પામે તે એકેંદ્રિયરત્ન ને હાથી ૧, ઘોડો ૨, એ ૯ પદવી પામે, પંદર પરમાધામી ને પહેલા કિલ્વિષીના નીકળ્યા ૧૮ પદવી પામે. તે ૨૩ માંથી ૪ ઉત્તમ પુરુષ ને કેવલી વર્જ્યા, ઉપલા ૨ કિલ્વિષીના નીકળ્યા ૧૧ પદવી પામે. તે ૧૮ માંથી ૭ એકેંદ્રિય વર્જ્યા, શેષ ૧૧ પામે. સુધર્મ ૧, ઇશાન ૨, એ બે દેવલોકના નીકળ્યા ૨૩ પદવી પામે. ત્રીજાથી તે આઠમા દેવલોક સુધીના તથા નવ લોકાંતિકના નીકળ્યા ૧૬ પદવી પામે. તે ૨૩માંથી ૭ એકેંદ્રિય રત્ન વર્જ્યા શેષ ૧૬ પામે, નવમા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીના નીકળ્યા ચૌદ પદવી પામે. તે ૧૬ માંથી અશ્વ ૧ ને ગજ ૨ એ ૨ વર્જ્યા શેષ ૧૪ પામે પાંચ અનુત્તર વિમાનના નીકળ્યા ૮ પદવી પામે. તે ૨૩માંથી ૧૪ રત્ન, ને ૧ વાસુદેવ વર્જ્યા. શેષ ૮ પામે. સંજ્ઞીમાંહી ૧૫ પદવી લાભે તે ૨૩માંથી ૭ એકેંદ્રિય ને ૧ કેવલીની એ ૮ વર્જી શેષ ૧૫ લાભે. અસંજ્ઞીમાંહી ૮ પદવી લાભે ૭ એકેંદ્રિય ને સમકિતની એ લાભે. તીર્થંકર તથા ચક્રવર્તીમાં ૬ પદવી લાભે તે તીર્થંકરની ૧, ચક્રવર્તીની ૨, મંડલિકની ૩, સમકિતની ૪, સાધુની ૫, કેવલીની એ ૬ લાભે. વાસુદેવમાં ૩ પદવી લાભે, વાસુદેવની ૧, સમકિતની ૨, મંડલિકની ૩, એ ૩ લાભે. બલદેવમાં પાંચ પદવી લાભે, બલદેવની ૧ માંડલિકની ૨, સાધુની ૩, કેવલીની ૪, સમકિત દૃષ્ટિની ૫, એ પાંચ લાભે. મનુષ્યમાંહી પદવી ૧૩ લાભે, નવ મહોટી પદવી ને સેનાપતિ ૧, ગાથાપતિ ૨, ૨, વાર્ધિક ૩, પુરોહિત ૪, એવં સર્વ મળી ૧૩ પદવી લાભે. મનુષ્યણીમાંહી પદવી ૫ લાભે સમકિતની ૧, શ્રાવિકાની ૨, સાધ્વીની ૩, કેવલીની ૪, સ્ત્રી રત્નની ૫, એ ૫.

ઇતિ ૨૩ પદવીના બોલ સમાપ્ત.

અથ શ્રી વીરહ દ્વાર

સમુચ્ચય ચાર ગતિનો વિરહકાલ, જઘન્ય ૧ સમયનો ઉત્કૃષ્ટો ૧૨ મુહૂર્તનો. હવે પહેલી નરકે જ૦ ૧ સમયનો ઉ૦ ૨૪ મુહૂર્તનો ૧ બીજી નરકે જ૦ ૧ સમયનો ઉ૦ ૭ દિનનો ૨, ત્રીજી નરકે જ ૧ સમયનો ઉ૦ ૧૫ દિનનો ૩, ચોથી નરકે જ૦ ૧ સમયનો, ઉ૦ ૧ માસનો ૪, પાંચમી નરકે જ૦ ૧ સમયનો ઉ૦ ૨ માસનો ૫, છઠ્ઠી નરકે જ૦ ૧ સમયનો ઉ૦ ૪ માસનો ૬, સાતમી નરકે જ૦ ૧ સમયનો, ઉ૦ ૬ માસનો ૭ ઉપજવાનો તથા ચવવાનો વિરહ પડે. હવે દશ ભવનપતિનો જ૦ ૧ સમયનો, ઉ૦ ૨૪ મુહૂર્તનો. પાંચ એકેંદ્રિય અવિરહિયા, સંખ્યાતાને ઠામે સંખ્યાતા ઉપજે, અસંખ્યાતાને ઠામે અસંખ્યાતા ઉપજે, અનંતા ને ઠામે અનંતા ઉપજે. સમય સમય ઉપજે. સમય સમય ચવે. ત્રણ વિગલેંદ્રિયનો જ૦ ૧ સમયનો, ઉ૦ અંતમુહૂર્તનો સંમૂચ્છિંમ તિર્યંચ પંચેંદ્રિયનો જ૦ ૧ સમયનો ઉ૦ અંતમુહુર્તનો ગર્ભજતિર્યંચ પંચેં-દ્રિયનો જ૦ ૧ સમયનો ઉ૦ ૧૨ મુહૂર્તનો. સંમૂચ્છિંમ મનુષ્યનો જ૦ ૧ સમયનો ઉ૦ ૨૪ મુહૂર્તનો. ગર્ભજ મનુષ્યનો જ૦ ૧ સમયનો ઉ૦ ૧૨ મુહુર્તનો. વાણુંવ્યંતર જ્યોતિષી અને વૈમાનિકમાં પહેલા, બીજા દેવલોક સુધીનો જ૦ ૧ સમયનો ઉ૦ ૨૪ મુહુર્તનો વિરહકાલ, ત્રીજે દેવલોકે જ૦ ૧ સમયનો ઉ૦ ૯ દિન ને વીશ મુહુર્તનો, ચોથે દેવલોકે જ૦ ૧ સમય ઉ૦ ૧૨ દિન ને ૧૦ મુહૂર્તનો, પાંચમે. દેવલોકે જ૦ ૧ સમય ઉ૦ સાડા બાવીશ દિનનો, છઠ્ઠે દેવલોકે જ૦ ૧ સમયનો ઉ૦ ૪૫ દિનનો, સાતમે, દેવલોકે જ૦ ૧ સમયનો ઉ૦ ૮૦ દિનનો વિરહકાલ, આઠમે દેવલોકે જ૦ ૧ સમયનો, ઉ૦ ૧૦૦ દિનનો. નવમે, દશમે દેવલોકે જ૦ ૧ સમયનો ઉ૦ સંખ્યાતા માસનો જ્યાં લગે ૧ વરસ ન હોય, અગિયારમે, બારમે દેવલોકે જ૦ ૧ સમયનો ઉ૦ સંખ્યાતા વરસનો, જ્યાં લગે સો વરસ ન હોય પહેલી ત્રીકે જ૦ ૧ સમયનો ઉ૦ સંખ્યાતા વર્ષના સેંકડા, જ્યાં લગે હજાર વરસ ન હોય. બીજી ત્રીકે જ૦ ૧ સમયનો, ઉ૦ સંખ્યાતા હજાર વરસ, જ્યાં લગે લાખ વરસ ન હોય. ત્રીજી ત્રીકે જ૦ ૧ સમયનો, ઉ૦ સંખ્યાતા લાખ વરસનો, જ્યા લગે ક્રોડ વરસ ન હોય. ચાર અનુત્તર વિમાનમાં જ૦ ૧ સમયનો, ઉ૦ પલ્યના અસંખ્યાતમા ભાગનો વિરહકાલ, સર્વાર્થસિદ્ધમાં જ૦ ૧ સમયનો, ઉ૦ પલ્યના સંખ્યાતમા ભાગનો વિરહકાલ. સિદ્ધનો વિરહ જ૦ ૧ સમયનો, ઉ૦ છ માસનો વિરહકાલ. ચાર ગતિમાં પંચેંદ્રિય આશ્રી વિરહકાલ જ૦ ૧ સમયનો ઉ૦ ૧૨ મુહૂર્તનો, સર્વ ઇંદ્ર સ્થાનકનો વિરહ જ૦ ૧ સમયનો ૬ માસનો.

ઇતિ શ્રી વિરહ દ્વાર સમાપ્ત,

અથ શ્રી પ્રમાણુ બોધનો થોકડો

ભવ્ય જીવના બોધને અર્થે ત્રણ પ્રકારના અંગુલ તથા ત્રણ પ્રકારના પલ્યોપમનું માન, સૂત્ર અનુયોગદ્વારથી કહે છે, તેમાં પ્રથમ ત્રણ પ્રકારનાં અંગુલનાં નામ, આત્મ અંગુલ ૧, ઉત્સેધાંગુલ ૨; પ્રમાણુંગુલ ૩, આત્મ અંગુલનું માન કહે છે, ભરતાદિ ૧૫ ક્ષેત્ર છે, તિહાં જે કાળે જે આરે જે મનુષ્ય હોય તે મનુષ્ય પોતપોતાને ૧૨ અંગુલે ૧ મુખ થાય, અને ૯ મુખે એક પુરુષનું ઉંચપણાનું માન થાય; એટલે ૧૨ નવા ૧૦૮ આત્મ અંગુલનો પુરુષ ઊંચો હોય તે પુરુષને પ્રમાણોપેત કહીએ. ૧ માનયુક્ત પુરુષ કોને કહીએ? પુરુષ પ્રમાણે ઊંડી કુંડી હોય તેને જળે કરી પરિપૂર્ણ ભરીએ. તેમાં પુરુષ બેસે. તે વારે એક દ્રોણ પ્રમાણે જળ કુંડી માંહીથી બાર નીકળે તથા એક દ્રોણ પ્રમાણે જળે કરી કુંડી ઉણી હોય, તે કુંડીમાં તે પુરુષ બેસે તો પરિપૂર્ણ જળે ભરાય તેને માનોપેત પુરુષ કહીએ. દ્રોણ તે કેવડો હોય તે કહે છે. બે અસલીએ ૧ પસલી થાય, બે પસલીએ ૧ સઇ થાય; ચાર સઇએ ૧ કુડવ થાય; ચાર કુડવે ૧ પાયો થાય, ચાર પાયે ૧ આઢો થાય, ચાર આઢે ૧ દ્રોણ થાય. એ દ્રોણનું માન કહ્યું. એ રીતે માનોપેત પુરુષ કહીએ ૨. ઉન્માનયુક્ત પુરુષ કોને કહીએ? જે પુરુષ તોળ્યો થકો અર્ધ ભાર થાય તેને ઉન્માનયુક્ત પુરુષ કહીએ. અર્ધ ભારનું માન કહે છે. એક હજાર ને પચાસ પલે અર્ધ ભાર થાય. એ અર્ધ ભારનું માન કહ્યું. ૩ પ્રમાણ માન ઉન્માનયુક્ત લક્ષણ સાથિયાદિક વ્યંજન, મસ તીલાદિક ગુણ, ક્ષમા, દાનાદિક સહિત જે પુરુષ હોય તે ઉત્તમ પુરુષ જાણવો ઉત્તમ પુરુષ ૧૦૮ આત્મ અંગુલનો ઊંચો હોય. ૧ મધ્યમ પુરુષ ૧૦૪ આત્મઅંગુલનો ઊંચો હોય ૨. જે પુરુષ ૧૦૮ આત્મ અંગુલથી ન્યુનાધિક હોય, સ્વર આદેય વચન ૧, સત્વધીર્ય ૨. સાર તે રૂપાદિ એ ૩ ગુણે વર્જિત હોય તે પરનો દાસ કિંકર થાય. એહવા ૬ આત્મ અંગુલે ૧ પગના મધ્યભાગનું પહોળપણું થાય. બે પગે ૧ વેંત થાય. બે વેંતે ૧ હાથ, બે હાથે ૧ કુક્ષિ થાય, બે કુક્ષિએ ૧ ધનુષ થાય. બે ધનુષે ૧ ગાઉ થાય, ચાર ગાઉએ ૧ જોજન થાય, જે કાળે મનુષ્યનું આત્મ અંગુલ હોય તે આત્મ અંગુલે તે વખતના નગર, ગામ, વન, કુવા, તળાવ, વાવ, ગઢ, પોળ, કોઠા, યાન, રથ; ગાડાદિક ૭૩ બોલનાં નામ કહ્યાં છે. ૧ ઉત્સેધાંગુલનું માન કહે છે, અનંતા સૂક્ષ્મ પરમાણું ભેળા કરીએ ત્યારે ૧ વ્યવહારી પરમાણુ થાય તથા જાળીને વિષે સૂર્યના કિરણ તેમાં રજ ઊડતી દેખાય, તે રજનો અનંતમો ભાગ તેને વ્યવહારી પરમાણુ કહીએ, અન્યમતિવાળા રજના તેત્રીસમા ભાગને પરમાણુ કહે છે. તે વ્યવહારી પરમાણુ, શસ્ત્રાદિ કોઇ પ્રકારે છેદાય નહિ, અગ્નિમાં બળે નહિ, પાણીમાં ચાલ્યો જાય પણ ભીંજાય નહિ. ગંગા મહાનદીનો પ્રવાહ ઊંચો ચુલ્લહિમવંત પર્વતથી પડે છે તે પ્રવાહ સામે ચાલ્યો જાય પણ ખળાય નહિ, ઘાત પામે નહિ, પાણીના બિંદુમાં રહે પણ

પાણી ન થાય. તે અતિ તીક્ષ્ણ શસ્ત્રે કરી દેવતાની શક્તિએ છેદતા એક ખંડનો બીજો ખંડ ન થાય. તેને તત્ત્વજ્ઞાતા પરમાણુ કહે છે. એવા અનંતા વ્યવહારી પરમાણુ એકઠા મળે તેવારે ૧ ઉષ્ણુસન્નિઓ થાય. આઠ ઉષ્ણુસન્નિએ ૧ સણુસન્નિઓ થાય. આઠ સણુસન્નિએ ૧ ઉર્દ્ધરેણુ થાય. આઠ ઉર્દ્ધરેણુએ એ ૧ ત્રસરેણુ, બેઇંદ્રિયાદિક ત્રસ જીવને ચાલતા રજ ઉડે તે ત્રસરેણુ કહેવાય, આઠ ત્રસરેણુ એ ૧ રથરેણુ, રથાદિક હિંડતા રજ ઉડે તે રથરેણુ થાય. આઠ રથરેણુ એ ૧ દેવકુરૂ, ઉત્તરકુરૂના જુગલિયા મનુષ્યના વાળાગ્રનું જાડપણું થાય. આઠ દેવકુરૂ, ઉત્તરકુરૂના વાળાગ્રે ૧ હરિવાસ, રમ્યક્‌વાસ ક્ષેત્રના જુગલિયાના વાળાગ્રનું જાડપણું થાય. આઠ હરિવાસ; રમ્યક્‌વાસના વાળગ્રે ૧ હેમવય; હિરણ્યવય ક્ષેત્રના જુગલિયાના વાળાગ્રનું જાડપણું થાય; આઠ હેમવય; હિરણ્યવયના વાળાગ્રે ૧ પૂર્વ પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યના વાળાગ્રનું જાડપણું થાય. આઠ પૂર્વ પશ્ચિમ મહાવિદેહના વાળાગ્રે ૧ ભરત, ઐરવતના મનુષ્યના વાળાગ્રનું જાડપણું થાય. એવા ૮ વાળાગ્રે ૧ લિખ થાય. આઠ લિખે ૧ જૂ થાય; આઠ જૂએ ૧ જવમધ્ય થાય; આઠ જવમધ્યે ૧ અંગુલ થાય; ૭ અંગુલે ૧ પગ થાય; ૧૨ અંગુલે ૧ વેંત થાય. ૨૪ અંગુલે ૧ હાથ થાય; ૪૮ અંગુલે ૧ કુક્ષિ થાય, ૯૬ અંગુલે ૧ ધનુષ થાય, ૨ હજાર ધનુષે ૧ ગાઉ થાય, ૪ ગાઉએ ૧ જોજન થાય; એ ઉત્સેધાંગુલે ૨૪ દંડકની અવઘેણા વર્ણવી છે પ્રમાણાંગુલનું માન કહે છે. ભરતાદિક ચક્રવર્તીનું કાંગણિ રત્ન હોય તે ૮ સોનૈયા ભાર છે. સોનૈયાનો તોલ કહે છે. ૪ મધુર ત્રિફલે ૧ શ્વેત સરસવ થાય, ૧૬ સરસવે ૧ અડદ થાય, ૨ અડદે ૧ ગુંજા થાય, ૫ ગુંજાએ ૧ માસો થાય, ૧૬ માસે ૧ સોનૈયો થાય, એવા ૮ સોનૈયા ભારનું કાંગણિ રત્ન હોય, તેને ૭ તળા, ૮ ખુણા, ૧૨ હાંસ છે સોનીની એરણને સંઠાણે છે. તે કાંગણિ રત્નની એકેકી હાંસ ઉત્સેધાંગુલની પહોળી છે, અને જે ઉત્સેધાંગુલ છે તે શ્રમણ ભગવંત મહાવીરનું અર્ધઅંગુલ થાય તેને હજારગણું કરીએ ત્યારે ૧ પ્રમાણાંગુલ થાય. એટલે મહાવીર સ્વામીના પાંચસે આત્મઅંગુલે ૧ પ્રમાણાંગુલ થાય. એવા ૬ પ્રમાણાંગુલે ૧ પગ થાય, ૧૨ અંગુલે ૧ વેંત થાય, ૨૪ અંગુલે ૧ હાથ થાય. ૪૮ અંગુલે ૧ કુક્ષિ થાય. ૯૬ અંગુલે ૧ ધનુષ થાય, ૨ હજાર ધનુષે ૧ ગાઉ થાય. ૪ ગાઉએ ૧ જોજન થાય. એ પ્રમાણાંગુલે પૃથ્વી; પર્વત વિમાન, નરકાવાસા, દ્વીપ; સમુદ્ર નરક, દેવલોક; લોક, અલોક, શાશ્વતી જમીન, રત્નપ્રભાદિક ૨૮ બોલનું તથા દ્વીપસમુદ્રાદિ ૨૮ બોલનું લાંબાપણું, પહોળાપણું; ઊંચાપણું, ઊંડાપણું, ચાપરિધિ પ્રમુખનાં માન વર્ણવ્યા છે. ૩. એ ૩ પ્રકારના અંગુલ કહ્યા, તે પ્રત્યેક પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદ, શ્રેણિઅંગુલ ૧, પ્રતરાંગુલ ૨, ઘનાંગુલ ૩. તિહાં અસત્કલ્પનાએ શ્રેણી તે અસંખ્યાતા જોજન ક્રોડાક્રોડી પ્રમાણે લાંબી, અને એક આકાશ-પ્રદેશની પહોળી, જાડપણે લોકાંત સુધી હોય તે શ્રેણીને શ્રેણી ગુણો કરીએ તેને પ્રતર કહીએ ૨. તે પ્રતરને શ્રેણી ગુણો કરીએ તેને ઘન કહીએ ૩. તે ઘનીકૃત લોકને સંખ્યાતગુણો કરીએ ત્યારે સંખ્યાતા લોક અલોકમાં થાય, તે સંખ્યાતા લોકને અસંખ્યાતા ગુણા કરીએ ત્યારે અસંખ્યાતા લોક અલોકમાં થાય. તે અસંખ્યાતા લોકને અનંતગુણા કરીએ ત્યારે અનંતા લોક અલોકમાં થાય. અને તે અનંતા લોકના જેટલા આકાશ પ્રદેશ છે તેટલા નિગોદના એક શરીરમાંહી નિગોદીઆ જીવ છે. અસંખ્યાતા સૂક્ષ્મ નિગોદે ૧ બાદર નિગોદ થાય; એક નિગોદમાં અનંતાજીવ જાણવા. એ ૩ પ્રકારના અંગુલ કહ્યા. ૩ પ્રકારના પલ્યોપમનું માન કહે છે. તેમાં પલ્યોપમના ૩ ભેદ, ઉદ્ધાર પલ્યોપમનું

૧, અદ્ધાપલ્યોપમનું ૨, ક્ષેત્રપલ્યોપમ ૩, એક એકના બબ્બે ભેદ, સૂક્ષ્મ ને બાદર, પ્રથમ બાદર ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ કહે છે. એક જોજનનો ઉત્સેધાંગુલે લાંબો, પહોળો ને ઊંડો એવો એક પાલો (કુવો) કલ્પીએ. તેની ત્રિગુણી ઝાઝેરી પરિધિ હોય. તે પાલો દેવકુરૂ, ઉત્તરકુરૂના જુગલિયાના મસ્તકના કેશ તે એક દિનથી માંડીને ૭ દિનના ઉગ્યા વાલાગ્રે કરી ભરીએ, એવો તો ઠાંસી-ઠાંસીને ભરીએ કે અગ્નિમાંહી બળે નહિ. વાયરે કરી ઊડે નહિ, પાણીએ કરી સડે નહિ, પોલારનાં અભાવથી વિધ્વંસે નહિ, દુર્ગંધ થાય નહીં, ચક્રવર્તીનું સૈન્ય ઉપર ચાલે તો પણ નમે કે ડોલે નહિ, ગંગાનદીનો પ્રવાહ ઉપર ચાલે તો પણ પાણીમાંહી ભેદાય નહિ. પાલામાંથી સો સો વર્ષે એક એક વાળાગ્ર કાઢીએ, એમ કાઢતાં જેટલે કાળે પાલો ખાલી થાય, બાકી એકે પણ વાલાગ્ર ન રહે તેટલા કાળને બાદર ઉદ્ધાર-પલ્યોપમ કહીએ. તે પલ્યોપમ સંખ્યાત વર્ષનો જાણવો. એવા દશ કોડાકોડી પલ્યોપમે બાદર ઉદ્ધાર સાગરોપમ થાય. કેવળ પરૂપણા માત્ર છે, એ બાદર ઉદ્ધાર પલ્યોપમ ૧, સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું માન કહે છે, જેમ એક જોજનનો પાલો કલ્પીએ તે પૂર્વવત તે પાલામાંહી દેવકુરૂ, ઉત્તરકુરૂના જુગલિયાના માથાના કેશ એક દિનથી સાત દિનના ઉગ્યા વાલાગ્ર લઈએ. એકેકા વાલાગ્રના અસંખ્યાતા ખંડ કરીએ, તે ખંડ કેવડા નાના થાય ? ચક્ષુ ઇંદ્રિયની અવઘેણાથી અસંખ્યાતમે ભાગે અને નાના સૂક્ષ્મ વનસ્પતિ જીવના શરીરની અવઘેણાથી અસંખ્યાત ગુણા મોટા અને જેવડું એક બાદર પૃથ્વીકાયના જીવનું શરીર તેવડા વાલાગ્રના ખંડ નાના થાય. તે વાલાગ્રના ખંડ, અગ્નિએ બળે નહિ, વાયરે ઊડે નહિ, તે વાલાગ્રને ખંડે કરી પાલો ઠાંસી-ઠાંસીને ભરીએ, તે પાલામાંહીથી સો સો વર્ષે એકેકો વાલાગ્રનો ખંડ કાઢીએ, એમ કાઢતાં જેટલે કાળે તે પાલો ખાલી થાય, તેટલા કાળને સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહીએ. એ પલ્યોપમ અસંખ્યાતા કાળનો થાય. એવા દશ કોડાકોડી પલ્યોપમે ૧ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય, એ સાગરોપમે દ્વીપ સમુદ્રનું માન વર્ણવ્યું છે. અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમય થાય તેટલા દ્વીપ સમુદ્ર તીરછા લોકમાં છે. જંબૂદ્વીપ એક લાખ જોજનનો લાંબો ને પહોળો એનાથી બમણો લવણ સમુદ્ર બે લાખ જોજનનો, ધાતકી ખંડ ૪ લાખ જોજનનો, એમ ઠામ બમણા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર જાણવા, એ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ ૧ અદ્ધા પલ્યોપમનું સ્વરૂપ કહે છે. તેના બે ભેદ, સૂક્ષ્મ ને બાદર. તેમા બાદર અદ્ધા પલ્યોપમ કેહને કહીએ એક જોજનનો લાંબો, પહોળો ને ઊંડો ચારે હાંસે સરખો પૂર્વવત પાલો કલ્પીએ. દેવકુરૂ, ઉત્તરકુરૂ જુગલિયા મનુષ્યના વાળાગ્રે કરી પાલો ઠાંસી ઠાંસીને ભરીએ પછી સો સો વરસે એકેકો વાલાગ્ર કાઢીએ એમ કઢતાં જેટલે કાળે તે પાલો ખાલી થાય, તેટલા કાળને, બાદર અદ્ધા પલ્યોપમ કહીએ. એ પલ્ય સંખ્યાતા કોડી વરસે થાય. એવા દશ કોડાકોડી બાદર અદ્ધા પલ્યોપમે ૧ બાદર અદ્ધા સાગરોપમ થાય. કેવલ પ્રરૂપણા માત્ર છે. ૧ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનું સ્વરૂપ કહે છે, એક જોજનનો લાંબો પહોળો ને ઊંડો પૂર્વવત કલ્પીએ. તેમાં પૂર્વવત્દેવકુરૂ ઉત્તરકુરૂ ક્ષેત્રના જુગલિયાના વાલાગ્રને અસંખ્યાતા ખંડ કરી ભરીએ, પાલામાંથી સો સો વરસે એકેકો ખંડ કાઢીએ, જેટલે કાળે તે પાલો ખાલી થાય, તેટલા કાળને સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહીએ. એવા દશ કોડાકોડી પલ્યોપમે ૧ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ થાય, એ સાગરોપમે નારકી, તિર્યંચ મનુષ્ય અને દેવતા એ ૪ ગતિના આયુષ વર્ણવ્યા છે, ૩. ક્ષેત્ર પલ્યોપમ કહે છે ક્ષેત્ર પલ્યોપમના ૨ ભેદ સૂક્ષ્મ ને બાદર.

તેમાં બાદરક્ષેત્ર પલ્યોપમ કેહને કહીએ ? એક જોજનનો લાંબો પહોળો ને ઉંડો પૂર્વવત પાલો કલ્પીએ. તેમાં પૂર્વવત્ દેવકુરૂ ઉત્તરકુરૂ ક્ષેત્રના જુગલિયાના માથાના વાળાગ્ર ભરીએ, તે પાલા માંહીલાં વાળાગ્રના ફરસ્યા આકાશ પ્રદેશને સમયે સમય અપહરતા જેટલે કાળે તે પાલો ખાલી થાય તેટલા કાળને બાદર ક્ષેત્ર પલ્યોપમ કહીએ. એ પાલો ખાલી થતાં અસંખ્યાતી અવસર્પિણી, ઉત્સર્પિણી વહી જાય, એવા દશ કોડાકોડી પલ્યોપમે ૧ બાદર ક્ષેત્ર સાગરોપમ થાય, કેવલ પ્રરૂપણા માત્ર છે. મતાંતરે જીવ દ્રવ્યનાં પરિણામ દાખવ્યા છે. ૧, સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમનું સ્વરૂપ કહે છે. એક જોજનનો લાંબો, પહોળો ને ઊંડો પૂર્વવત્ પાલો કલ્પીએ, તેમાં દેવકુરૂ, ઉત્તરકુરૂ ક્ષેત્રના જુગલિયાના વાળાગ્રના અસંખ્યાતા ખંડ કરી ભરીએ, તે પાલા માંહીલા વાળાગ્રના ફરસ્યા આકાશ પ્રદેશ તથા અણુ-ફરસ્યા આકાશ પ્રદેશ છે તે ફરસ્યા અણુફરસ્યા આકાશ પ્રદેશને સમયે સમયે અપહરીએ. જેટલે કાળે પાલો ખાલી થાય, તેટલા કાળને ૧ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહીએ. એવા દશ કોડાકોડી સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમે ૧ સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ થાય. એ સાગરોપમના ભાવ, દૃષ્ટિવાદ સૂત્રે વર્ણવ્યા છે ૨ એ ત્રણ પ્રકારના અંગુલ તથા ત્રણ પ્રકારના પલ્યોપમનું માન કહ્યું ઇતિ.

અથ શ્રી પચીસ બોલનો થોકડો.

---

૧ પહેલે બોલે મહાવીર પ્રભુએ એકલાએજ દીક્ષા લીધી અને મોક્ષ પણ એકલાજ ગયા ઊર્ધ્વલોકે સર્વાર્થસિદ્ધ વિમાન એક લાખ જોજનનું છે, તીરછા લોકે જંબૂદ્વીપ એક લાખ જોજનનો છે. અધો લોકે સાતમી નરકે અપઇઠાણ નરકાવાસો એક લાખ જોજનનો છે, ચિત્રા નક્ષત્ર, શાંતિ નક્ષત્ર, આર્દ્રા નક્ષત્ર એ ત્રણ નક્ષત્રનો એકેકો તારો કહ્યો છે. ૨ બીજે બોલે ધર્મકરણી કરતી વખતે બે દિશા સન્મુખ બેસી કરવી તે પૂર્વ અને ઉત્તર. બે પ્રકારે ધર્મ કહ્યો છે, ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ. બે પ્રકારે જીવ કહ્યા છે, સિદ્ધના જીવ અને સંસારી જીવ. બે પ્રકારે દુઃખ કહ્યું છે, તે શારીરિક દુઃખ અને માનસિક દુઃખ. પૂર્વાફાલ્ગુણી નક્ષત્ર, ઉત્તરા ફાલ્ગુણી નક્ષત્ર, પૂર્વા ભાદ્રપદ અને ઉત્તરાભાદ્રપદ એ ચાર નક્ષત્રના બબે તારા કહ્યા છે. ૩ ત્રીજે બોલે શ્રાવક ત્રણ મનોરથ ચિંતવે તે એવી રીતે કે હે ભગવાન ! હું આરંભ અને પરિગ્રહ ક્યારે છાંડીશ ? હે ભગવાન ! હું પંચ મહાવ્રતધારી ક્યારે થઇશ ? હે ભગવાન ! હું આલોયણા કરી સંથારો ક્યારે કરીશ ? તે વખતને ધન્ય છે. ત્રણ પ્રકારના જિન કહ્યા; ૧ અવધિજ્ઞાની જિન, ૨. મનપર્યવજ્ઞાની જિન, ૩ કેવળજ્ઞાની જિન, ત્રણ પ્રકારના પાત્ર સાધુને ખપે તે ૧, માટીનું, ૨. તુંબડાનું ૩. કાષ્ઠનું, સાત નક્ષત્રના ત્રણ ત્રણ તારા કહ્યા છે, અભિચ; શ્રવણ, અશ્વની, ભરણી, મૃગશર,, પુષ્પ જ્યેષ્ઠા એ સાત

નક્ષત્ર ૪ ચોથે બોલે શ્રાવકને ચાર વિસામા કહ્યા છે. ભાર વહેનારને દ્રષ્ટાંતે. એવી રીતે કે ભાર એક ખભેથી બીજે ખભે લે તે એક વિસામો ૧, કોઈ જગ્યાએ એટલે કે ચોતરે ઓળે મૂકીને પેશાબ કરવા જાય કે ઝાડે ફરવા જાય તે બીજો વિસામો ૨, ગામ દૂર હોય, રસ્તામાં ધર્મશાળા કે યક્ષનું દેવળ આવે ત્યાં રાત રહે તે ત્રીજો વિસામો. ૩, પોતાને કે ધણીને ત્યાં ભાર મૂકે તે ચોથો વિસામો, ૪ હવે એ દ્રષ્ટાંત શ્રાવકના ઉપર ઉતારે છે. તે જેમ ભાર લીધો તેમ શ્રાવકને બોજો તે અઢાર પાપ. રૂપ. તેના ચાર વિસામા નીચે પ્રમાણે; શ્રાવક આઠમ, પાખી ઉપવાસ, એકાસણું કરે તે પાપ રૂપ બોજો, એક ખાંધેથી બીજે ખાંધે લેવા રૂપ તે પહેલો વિસામો. કેમકે ઉપવાસ કર્યો તે પોતાની જાતને માટે ખાવાનું બંધ કર્યું અથવા પાપ બંધ કર્યું પણ બીજાને માટે કરવું પડે છે, તેથી પહેલો વિસામો જાણવો. ૧. શ્રાવક એક સામાયિક, બે સામાયિક અથવા બે ઘડીનું, ચાર ઘડીનું દેશાવગાસિક કરે તે બીજો વિસામો જાણવો. કેમકે એટલો વખત પાપમાંથી રોકાયો ૨. શ્રાવક આઠમ પાખીના પોષધ કરે તે રાત રહેવા રૂપ ત્રીજો વિસામો ૩, શ્રાવક આલોયણા કરી સંથારો કરે ત્યારે સર્વ પાપથી નિવર્ત્યો એ ભાર ઘેર મૂકવા રૂપ ચોથો વિસામો, ૪ શ્રાવકને ચાર પ્રકારનું રાત્રિભોજન કહ્યું છે તે જેમકે રાત્રીએ રાંધે અને દિવસે ખાય તે અશુદ્ધ. ૧, દિવસે રાંધે અને રાત્રીએ ખાય તે પણ અશુદ્ધ. ૨, રાત્રે રાંધે અને રાત્રે ખાય તે પણ અશુદ્ધ, ૩, દિવસે રાંધે અને દિવસે ખાય તે શુદ્ધ ૪, વળી એ જ ચાર ભાંગા. બીજી રીતે કહે છે; અંધારી જગ્યાએ રાંધે અને અજવાળે ખાય તે પણ અશુદ્ધ ૧ અજવાળામાં રાંધે અને અંધારી જગ્યાએ ખાય તે પણ અશુદ્ધ ૨, અંધારી જગ્યાએ રાંધે અને અંધારી જગ્યાએ ખાય તે અશુદ્ધ ૩, અજવાળી જગ્યાએ રાંધે અને અજવાળી જગ્યાએ ખાય તે શુદ્ધ ૪, પૂર્વાષાઢા નક્ષત્ર, ઉત્તરાષાઢા નક્ષત્ર, અનુરાધા નક્ષત્ર, એ ત્રણના ચાર ચાર તારા કહ્યા છે. ૪ પાંચમે બોલે સમકિતના લક્ષણ પાંચ. શમ, ૧ સંવેગ ૨. નિર્વેદ ૩, અનુકંપા ૪, આસ્થા ૫, પાંચ સમકિતનાં દુષણ કહ્યા છે : મિથ્યાત્વીએ બોલાવ્યા પહેલાં પોતે તેને બોલાવે તે ૧, મિથ્યાત્વીના સામું વારંવાર જોવું તે ૨, મિથ્યાત્વીને પહોંચાડવા જવું તે ૩, કામ વિના તેના મકાન ઉપર જવું તે ૪, વારંવાર તેના મકાન ઉપર જવું તે ૫. એ પાંચ દુષણ. પાંચ સમકિતનાં ભૂષણ કહે છે ધર્મને વિષે ચતુરાઈ રાખે તે સમકિતનું ભૂષણ ૧ જિનશાસનને અનેક રીતે દિપાવે તે ૨, સાધુની સેવા કરે તે ૩. ધર્મથી ડગતાને સ્થિર કરે તે ૪. સાધુ, સ્વધર્મીની વૈયાવચ્ચ કરે તે ૫. એ પાંચ ભૂષણ જાણવા. શરીરમાંહેથી પાંચ ઠેકાણેથી જીવ નીકળે તે કહે છે. પગને તળીએથી નીકળે તે નરકે જાય. ૧. જાંગેથી નીકળે તે તિર્યંચમાં જાય. ૨. છાતીએથી નીકળે તે મનુષ્યમાં જાય, ૩, મસ્તકેથી નીકળે તે દેવલોકમાં જાય ૪. અને સર્વાંગથી નીકળે તે મોક્ષ જાય. ૫. પાંચ પ્રકારે જીવ ધર્મ ન પામે તે કહે છે. અહંકારી ૧, ક્રોધી ૨, રોગી ૩, પ્રમાદી ૪, આળસુ ૫, પાંચ નક્ષત્રના પાંચ પાંચ તારા કહ્યા છે તે રોહિણી ૧, પુનર્વસુ ૨, ધનિષ્ઠા ૩, વિશાખા ૪. હસ્ત ૫ ૬ છઠે બોલે છ પ્રકારે સાધુ આહાર કરે તે કહે છે. ક્ષુધાવેદની સમાવવાને માટે, વૈયાવચ્ચ કરવાને માટે. ઈર્યાસમિતિ શોધવાને માટે ૩, સંયમના નિર્વાહને માટે. ૪, આયુષ્ય નિભાવવાને માટે ૫, રાત્રીએ ધર્મ જાગરણ કરવાને માટે ૬. છ ધર્મના દેવ ગુરુના નામ કહે છે. જૈન ધર્મમાં દેવ આરિહંત, ગુરુનિગ્રંથ. ૧ બૌદ્ધ મતમાં દેવ બુદ્ધ ગુરુ કુંગી. ૨, શીવ મતમાં દેવ રૂદ્ર, ગુરુ યોગી, ૩ દેવી મતમાં દેવી ધર્મ ગુરુ વૈરાગી. ૪. ન્યાય મતમાં દેવ

જગતકર્તા ગુરુ સંન્યાસી. ૫. મીમાંસક-મતમાં દેવ અલખ, ગુરુ દરવેશ, ૬. સમકિતની છ જતના કહે છે. અન્યતીર્થીના ગુણગ્રામ ન કરે, ૧, અન્યતીર્થીને માને વાંદે ને પૂજે નહિ. ૨, અન્યતીર્થીના બોલાવ્યા વિના પોતે બોલે નહિ, ૩, વારંવાર એ સાથે અલાપ સલાપ કરે નહિ. ૪, અન્યતીર્થીને તરણતારણ માની અન્ન, પાણી આપે નહિ. (દયા, બુદ્ધિ, અનુકંપાનો આગાર) ૫, અન્ય તીર્થીને ધર્મબુદ્ધિએ વસ્ત્ર, પાત્ર આપે નહિ. શાતા નિમિત્તે આપે ૬, છ લેશ્યાના વિચાર કહે છે કૃષ્ણ લેશ્યાવાળાને જીવ હિંસા કરવાની ઇચ્છા હોય. ૧. નીલ લેશ્યાવાળાને ચોરીની ઇચ્છા હોય. ૨, કાપુત લેશ્યાવાળાને મૈથુનની ઇચ્છા હોય. ૩, તેજુ લેશ્યાવાળાને તપશ્ચર્યા કરવાની ઇચ્છા હોય. ૪, પદ્મ લેશ્યાવાળાને દાન દેવાની ઇચ્છા હોય. ૫, શુક્લ લેશ્યાવાળાને મોક્ષની ઇચ્છા હોય. ૬, કૃત્તિકા, અશ્લેષા એ બે નક્ષત્રના છ છ તારા છે, સાતમે બોલે સાત કારણે છદ્મસ્ત જાણવો. પ્રાણાતિપાત લગાડે. ૧, મૃષાવાદ લગાડે. ૨, અદત્તાદાન લગાડે. ૩, શબ્દ, રૂપ, ગંધ રસ, સ્પર્શ તેનો સ્વાદ લે. ૪, પૂજા સત્કાર વાંછે. ૫, નિર્વદ્ય પરૂપે સાવદ્ય લાગે. ૬, જેવું પરૂપે તેવું કરી શકે નહિ. ૭, એ સાત વાનાં જેનામાં હોય તે છદ્મસ્ત જાણવો. સાત પ્રકારે આઉખું ઘટે તે કહે છે. ધ્રાસકો પડવાથી મરે. ૧, શસ્ત્રથી મરે. ૨, મંત્રમૂઠથી મરે. ૩, ઘણે આહારે અજીર્ણથી મરે. ૪, શૂલાદિકની વેદનાથી મરે ૫, સર્પાદિક કરડેથી મરે. ૬, શ્વાસોચ્છ્વાસ રૂંધાવાથી મરે. ૭, એ સાત પ્રકારે આઉખું તૂટે. ૭, હવે સાત નય કહે છે, નિગમ નય, ૧ સંગ્રહ નય, ૨, વ્યવહાર નય, ૩, ઋજુ સૂત્ર નય, ૪, શબ્દ નય, ૫, સમભિરૂઢ નય, ૬, એવંભૂત નય, ૭, એ સાત પ્રકારે નય કહ્યા. મઘા નક્ષત્રના સાત તારા કહ્યા છે, ૮, આઠમે બોલે આચાર્યની આઠ સંપદા, આચાર સંપદા, ૧, શરીર સંપદા ૨, સૂત્ર સંપદા ૩, વચન સંપદા, ૪, પ્રયોગ સંપદા, ૫, મતિ સંપદા. ૬, સંગ્રહ સંપદા ૭, વાચના સંપદા, ૮, એકલવિહારી સાધુસાધ્વીનાં આઠ અવગુણ કહ્યાં છે તેનાં નામઃ ક્રોધી હોય તે એકલો રહે, ૧, અહંકારી હોય તે એકલો રહે. ૨, કપટી હોય તે એકલો રહે. ૩, લોભી હોય તે એકલો રહે. ૪, પાપ કરવામાં આસક્ત હોય તે એકલો રહે. ૫, કુતુહલી-મશ્કરો હોય તે એકલો રહે. ૬, ધુતારો હોય તે એકલો રહે. ૭, માઠા આચારનો ધણી હોય તે એકલો રહે ૮, આઠ ગુણનો ધણી એકલો હોય તેનાં નામઃ સંયમને દૃઢ પ્રમાણનો ધણી ગુરુની આજ્ઞા લઇ એકલો રહે ૧, ઘણા સૂત્રનો જાણ એકલો રહે. ૨, જઘન્ય દશ પૂર્વનો ભણેલો, ઉત્કૃષ્ટ ચઉદ પૂર્વનો ભણેલો એકલો રહે, ૩; ચાર જ્ઞાનનો ધણી એકલો રહે ૪, મહાબળનો ધણી એકલો રહે, ૫. કલેશ રહિત હોય તે એકલો રહે. ૬, સંતોષી હોય તે એકલો રહે, ૭, ધૈર્યવંત હોય તે એકલો રહે ૮, આઠ ઠેકાણે મનુષ્યને ઘેલાપણું ઉત્પન્ન થાય તે કહે છેઃ નરનારી પરસ્પર વાતો કરે ત્યારે ઘેલા, ૧, બાળકને રમાડે ત્યારે ઘેલા ૨, કલેશ કરે ત્યારે ઘેલા, ૩, દારૂ, ભાંગ; કેફી પદાર્થ પીએ ત્યારે ઘેલા, ૪, પેચબંધ પાઘડી બાંધીને ફરે ત્યારે ઘેલા, ૫, અરીસામાં મુખ જુએ ત્યારે ઘેલા, ૬, શયન સમય ઘેલા, ૭, હોળીમાં પુરુષો અને અષાઢી પૂનમે સ્ત્રીઓ ૮, દેખતા આઠ પ્રકારે અંધ કહ્યા તે કહે છે, કામાંધ ૧, ક્રોધાંધ ૨, કૃપણાંધ ૩, માનાંધ, ૪, મદાંધ, ૫, ચોરાંધ ૬, જુગટાંધ ૭, ચુગલ્યાંધ ૮, એ આઠ આંધળાં જાણવા. આઠ મહાપાપી કહે છે, આત્મઘાતી મહા પાપી ૧, વિશ્વાસઘાતી મહા પાપી ૨, ગુણ ઓળવનાર મહા પાપી ૩. ગુરુ દ્રોહી મહા પાપી ૪, કુડી સાક્ષી પૂરે તે મહા પાપી ૫, ખોટી સલાહ આપે તે મહા પાપી ૬, પચ્ચક્ખાણ વારંવાર ભાંગે તે મહા પાપી ૭, હિંસામય ધર્મ પરૂપે તે મહા પાપી ૮. નવમે બોલે

નવ પ્રકારે શરીરમાં રોગ ઉપજે તે કહે છે. ઘણું ખાય તો રોગ ઉપજે ૧, અજીરણમાં ખાય તથા ઘણું બેસી રહે તો રોગ ઉપજે ૨, ઘણું ઉંઘે તો રોગ ઉપજે ૩, ઘણું જાગે તો રોગ ઉપજે ૪, દિશા રોકે તો રોગ ઉપજે ૫, પેશાબ રોકે તો રોગ ઉપજે ૬, ઘણું ચાલે તો રોગ ઉપજે ૭, અણુગમતી વસ્તુ ભોગવે તો રોગ ઉપજે ૮, વારંવાર વિષય સેવે તો રોગ ઉપજે ૯, નવ બોલ સમજવાના કહ્યા તે કહે છે. રજપૂતને ક્રોધ ઘણો ૧, ક્ષત્રિયને માન ઘણું ૨, ગુણકાને માયા ઘણી ૩, બ્રાહ્મણને લોભ ઘણો ૪, મિત્રને રાગ ઘણો ૫, શોકને દ્વેષ ઘણો ૬, જુગારીને શોચ ઘણો ૭, ચોરની માતાને ચિંતા ઘણી ૮, કાયરને ભય ઘણો, ૯, દશમે બોલે નારકીના જીવને દશ પ્રકારની વેદના કહે છે, અનંતી ભૂખ ૧, અનંતી તરસ ૨, અનંતી ટાઢ ૩, અનંતી ગરમી ૪, અનંતો દાઘ ૫, અનંતો ભય ૬, અનંતો જ્વર ૭, અનંતી ખરજ ૮, અનંતુ પરવશપણું. ૯ અનંતો શોક ૧૦. દશ પ્રકારે શ્રાવકને પસ્તાવું પડે તે કહે છે. સાધુની જોગવાઈ હોય અને પ્રશ્નાદિક પૂછે નહિ તો સાધુ વિહાર કર્યા પછી પસ્તાવું પડે ૧, વખાણ વાણી સાંભળે નહિ તો પસ્તાવું પડે ૨, સામાયિક-પ્રતિક્રમણ કરે નહિ તો પસ્તાવું પડે ૩, આહાર પાણી અસુઝતો હોય તો પસ્તાવું પડે ૪, ભણવાની જોગવાઈ હોય અને ભણે નહિ તો પસ્તાવું પડે ૫, સ્વધર્મીની ખબર લે નહિ તો પસ્તાવું પડે ૬, ધર્મ જાગરણ જાગે નહિ તો પસ્તાવું પડે ૭, સાધુની વિનયભક્તિ કરે નહિ તો પસ્તાવું પડે ૮, સાધુની સાર સંભાળ લે નહિ તો પસ્તાવું પડે. ૯, સાધુ વિહાર કરી જાય ને ખબર ન પડે તો પસ્તાવું પડે ૧૦. દશ કારણે દેવતાનું આયુષ્ય બંધાય. દશ પ્રકારે જ્ઞાનમાં વૃદ્ધિ કરનાર નક્ષત્રના નામ. મૃગશર. ૧, આર્દ્રા ૨; પુષ્ય ૩; પૂર્વાભાદ્રપદ ૪; પૂર્વાષાઢા ૫; પૂર્વાફાલ્ગુની ૬; મૂળ ૭, અશ્લેષા ૮, હસ્ત ૯, ચિત્રા ૧૦, એ દશ નક્ષત્રમાં જ્ઞાન ભણે તો વૃદ્ધિ થાય ને વિઘ્ન જાય ૧૧, અગિયારમે બોલે મહાવીરનાં ૧૧ ગણધરના નામ કહે છે. ઇંદ્રભૂતિ ૧, અગ્નિભૂતિ ૨; વાયુભુતિ ૩; વ્યક્ત ૪, સુધર્મા સ્વામી ૫, મંડિત પુત્ર ૬, મૌરીપુત્ર ૭, અકંપિત ૮, અચળ ભ્રાતા ૯, મહેતાર્ય ૧૦, પ્રભાસ ૧૧, અગિયાર બોલે જ્ઞાન વધે તે કહે છે. ઉદ્યમ કરતાં જ્ઞાન વધે ૧; નિદ્રા તજે તો જ્ઞાન વધે ૨, ઉણોદરી કરે તો જ્ઞાન વધે ૩, થોડું બોલે તો જ્ઞાન વધે ૪, પંડિતની સોબત કરે તો જ્ઞાન વધે ૫, વિનય કરે તો જ્ઞાન વધે ૬, કપટરહિત તપ કરે તો જ્ઞાન વધે ૭, સંસાર અસાર જાણે તો જ્ઞાન વધે ૮, માંહોમાંહી ચર્ચા-વાર્તા કરે તો જ્ઞાન વધે ૯, જ્ઞાની પાસે ભણે તો જ્ઞાન વધે ૧૦, ઇંદ્રિયોના વિષયનો ત્યાગ કરે તો જ્ઞાન વધે ૧૧, મૂળ નક્ષત્રના અગિયાર તારા છે. ૧૨, બારમે બોલે બાર કારણે આત્માનું પરમ કલ્યાણ થાય તે કહે છે. સમકિત નિર્મળ પાળે તો આત્માનું પરમ કલ્યાણ થાય. શ્રેણિક રાજાની પેરે ૧, નિયાણારહિત કરણી કરે તો પરમ કલ્યાણ થાય-તામલી તાપસની પેરે ૨, મન વચન કાયાના જોગ કબજે રાખે તો પરમ કલ્યાણ થાય. ગજસુકુમાર મુનિની પેરે ૩, છતી શક્તિએ ક્ષમા કરે તો પરમ કલ્યાણ થાય-પરદેશી રાજાની પેરે ૪, જે પાંચ ઇંદ્રિયનું દમન કરે તો પરમ કલ્યાણ થાય ધર્મરૂચી અણગારની પેરે ૫, સાધુનો શુધ્ધ આચાર પાળે તો પરમ કલ્યાણ થાય-ધન્ના અણગારની પેરે ૬, ધર્મ ઉપર શ્રધ્ધા-પ્રતિત રાખે તો પરમ કલ્યાણ થાય-વરૂણ નાગ નતુયાના મિત્રની પેરે ૭, માયા કપટ છાંડે તો પરમ કલ્યાણ થાય-મલ્લિનાથના છ મિત્રની પેરે ૮, આશ્રવમાં સંવર નીપજાવે તો પરમ કલ્યાણ થાય-સંજતિ રાજાની પેરે ૯; રોગ આવે હાય વોય ન કરે તો પરમ કલ્યાણ થાય અનાથી નિર્ગ્રંથની પેરે ૧૦;

પરિષહ આવ્યે સમભાવ રાખે તો પરમ કલ્યાણ થાય-મેતારજ મુનિની પેરે ૧૧, તૃષ્ણા ઉત્પન્ન થઇ તેને પાછી વાળે તો પરમ કલ્યાણ થાય-કંપીલ કેવળીની પેરે ૧૨, ૧૩-તેરમે બોલે તેર તણુખા કહે છે-જન્મરૂપી રૂ અને મરણરૂપી તણુખો ૧. સંજોગરૂપી રૂ અને વિજોગરૂપી તણુખો ૨; શાંતારૂપી રૂ અને અશાતારૂપી તણુખો ૩. સંપદારૂપી રૂ અને આપદારૂપી તણુખો ૪; હરખરૂપી રૂ અને શોકરૂપી તણુખો ૫, શીલરૂપી રૂ અને કુશીલરૂપી તણુખો ૬; જ્ઞાનરૂપી રૂ અને અજ્ઞાનરૂપી તણુખો ૭, સમકિત રૂપી રૂ અને મિથ્યાત્વરૂપી તણુખો ૮, સંજમરૂપી રૂ અને અસંજમરૂપી તણુખો ૯, તપસ્વીરૂપ રૂ અને ક્રોધરૂપી તણુખો, ૧૦, વિવેકરૂપી રૂ અને અભિમાનરૂપી તણુખો ૧૧, સ્નેહરૂપી રૂ અને માયારૂપી તણુખો ૧૨, સંતોષરૂપી રૂ અને લોભરૂપી તણુખો ૧૩, એ તેર તણુખા હવે તેર કાઠીઆ કહે છે. જુગાર ૧, આળસ ૨, શોક ૩, ભય ૪, વિકથા ૫, કૌતુક ૬, ક્રોધ ૭, કૃપણ બુદ્ધિ ૮, અજ્ઞાન ૯, વહેમ ૧૦, નિદ્રા ૧૧, મદ ૧૨, મોહ ૧૩, એ તેર કાઠીઆ. ૧૪, ચૌદમે બોલે વ્યાખ્યાન સાંભળનારનાં ૧૪ ગુણુ કહે છે. ભકિતવંત હોય. ૧, મીઠા બોલો હોય ૨ ગર્વરહિત હોય ૩, સાંભળ્યા ઉપર રૂચિ હોય ૪, ચપળતારહિત એકાગ્ર ચિત્તે સાંભળનાર હોય ૫, જેવું સાંભળે તેવું પૂછનારને બરાબર કહે ૬, વાણીને પ્રકાશમાં લાવનાર હોય ૭, ઘણાં શાસ્ત્ર સાંભળીને તેના રહસ્યને જાણુ હોય ૮, ધર્મકાર્યમાં આળસ ન કરનાર હોય ૯, ધર્મ સાંભળતાં નિદ્રા ન કરનાર હોય ૧૦, બુદ્ધિવંત હોય ૧૧, દાતાર ગુણુ હોય, ૧૨, જેની પાસે ધર્મ સાંભળે તેના ગુણુનો ફેલાવો કરનાર હોય ૧૩, કોઈની નિંદા ન કરે તેમજ તેમનો વાદવિવાદ ન કરે ૧૪, ૧૫ પંદરમે બોલે વિનીત શિષ્યના પંદર ગુણુ કહે છે, ગુરુથી નીચા આસને બેસવાવાળો હોય ૧, ચપળપણા રહિત હોય ૨, માયા રહિત હોય ૩, કુતૂહલરહિત હોય ૪, કર્કશ વચનરહિત હોય ૫, લાંબો પહોંચે તેવો ક્રોધ ન કરનાર હોય ૬, મિત્ર સાથે મિત્રતા રાખે ૭, સૂત્ર ભણી મદ ન કરે ૮, આચાર્યાદિની નિંદા ન કરે. ૯ શિખામણ દેનાર ઉપર ક્રોધ ન કરે ૧૦ પૂંઠ પાછળ વાલેસરીના ગુણુ બોલે ૧૧, કલેશ, મમતા, રહિત હોય ૧૨, તત્ત્વનો જાણુ હોય ૧૩, વિનયવંત હોય ૧૪, લજ્જાવંત તથા ઇંદ્રિયનો દમનાર હોય ૧૫. સોળમે બોલે સોળ પ્રકારનાં વચન જાણુવા તે કહે છે. એક વચન, ઘટ, પટ, વૃક્ષ ૧, દ્વિવચન ઘટૌ, પટૌ, વૃક્ષૌ ૨, બહુવચન ઘટા : પટ્ટા : વૃક્ષા : ૩, સ્રીલિંગે વચન : કુમારી નગરી, નદી, ૪, પુરુષલિંગે વચન : દેવ, નર. અરિહંત, સાધુ. ૫. નપુંસકલિંગે વચન : કપટં, કમળં, નેત્રં, ૬, અતીતકાળ વચન (ગયો કાળ) : કરેલું. થએલું ૭; અનાગતકાળ વચન (આવતો કાળ) કરશે, થશે, ભાંગશે, ૮, વર્તમાન કાળ વચન : કરે છે થાય છે, ભણે છે ૯, પરોક્ષ વચન : એ કાર્ય તેણે કર્યું ૧૦, પ્રત્યક્ષ વચન એમ જ છે ૧૧, ઉપનીત વચન : એ પુરુષ રૂપવંત છે ૧૨, અપનીત વચન: જેમ એ પુરુષ કુરૂપવંત છે ૧૩, ઉપનીત અપનીત વચન : જેમ એ રૂપવંત પણુ કુશીલીઓ છે ૧૪, અપનીત ઉપનીત વચન : જેમ એ પુરુષ કુશીલીઓ પણુ રૂપવંત છે ૧૫, આધ્યાત્મ વચન : ભગ્ન બોલે (તુટેલું વચન). રૂ વાણીઆની પેરે રૂ પા ૧૬. સત્તરમે બોલે સત્તર પ્રકારનો સંયમ કહે છેઃ પૃથ્વીકાયની દયા પાળવી તે સંયમ ૧, અપકાયની દયા પાળવી તે સંયમ ૨, તેઉકાયની ૩, વાયુકાયની ૪, વનસ્પતિકાયની ૫, બેઇંદ્રિયની ૬, તેઇંદ્રિયની ૭, ચૌરેંદ્રિયની ૮, પંચેદ્રિયની ૯, અજીવકાય ઉપર રાગદ્વેષ ન કરવો ૧૦, ઉપેહા ૧૧, ઉપેહા ૧૨, પમજણાં ૧૩, પરીઠાવણીઆ ૧૪, મન ૧૫, વચન ૧૬, કાયા ૧૭, એ સત્તર પ્રકારનો સંયમ ૧૭, અઢારમે બોલે અઢાર

દ્રવ્ય દિશા કહે છે. પૂર્વ ૧, પશ્ચિમ ૨, ઉત્તર ૩, દક્ષિણ ૪; ઇશાન ખુણો ૫, અગ્નિખુણો ૬, નૈઋત્ય ખુણો ૭, વાયવ્ય ખુણો ૮, વિદિશાના આઠ આંતરા એ બધા થઇને સોળ, ઊંચી સત્તર અને નીચી અઢાર, એ અઢાર. અઢારભાવ દિશા કહે છે; પૃથ્વી ૧. અપ ૨, તેઉ ૩, વાયુ ૪; અગ્રબીઆ ૫, મૂળબીઆ ૬, પોરબીઆ ૭, ખંધબીઆ ૮, બેઇંદ્રિય ૯, તેઇંદ્રિય ૧૦, ચારેંદ્રિય ૧૧, પંચેદ્રિય ૧૨, તિર્યંચ ૧૩, કર્મભૂમિ ૧૪, અકર્મભૂમિ ૧૫, છપ્પન અંતરદ્વીપા ૧૬, દેવતા ૧૭, નારકી ૧૮, એ અઢાર. ઓગણીસમે બોલે કાઉસગ્ગના ઓગણીસ દોષ કહે છે. ઠીંચણુ ઉપર એક પગ રાખીને કાઉસગ્ગ કરે તો દોષ ૧, કાયા આઘીપાછી હલાવે તો દોષ ૨, ઓઠીંગણુ દે તો દોષ ૩, માથું નમાવી ઊભો રહે તો દોષ ૪, બે હાથ ઊંચા રાખે તો દોષ ૫, મોઢે, માથે ઓઢે તો દોષ ૬, પગ ઉપર પગ રાખે તો દોષ ૭ શરીર વાકું રાખે તો દોષ ૮, સાધુની બરાબર રહે તો દોષ ૯. ગાડાની ઊધની પેરે ઊભો રહે તો દોષ ૧૦, કેડેથી વાંકો ઊભો રહે તો દોષ ૧૧, રજોહરણુ ઊંચો રાખે તો દોષ ૧૨, એક આસને ન રહે તો દોષ. ૧૩, આંખ ઠેકાણે ન રાખે તો દોષ ૧૪, માથું હલાવે તો દોષ ૧૫, ખોંખારો કરે તો દોષ ૧૬, ડીલ હલાવે તો દોષ ૧૭, ડીલ મરડે તો દોષ ૧૮, શૂન્ય ચિત્ત રાખે તો દોષ ૧૯, ૨૦ વીસમે બોલે વીસ પ્રકારે જીવ તીર્થંકર ગોત્ર બાંધે તે કહે છે. અરિહંતનાં ગુણગ્રામ કરે તો કર્મની ક્રોડ ખપાવે, ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર ગોત્ર બાંધે ૧, સિદ્ધનાં ગુણગ્રામ કરે, તો ૨. સિદ્ધાંતનાં ગુણગ્રામ કરે તો. ૩ ગુરુનાં ગુણગ્રામ કરે તો ૪, સ્થવિરનાં ગુણગ્રામ કરે, તો ૫, બહુસૂત્રીનાં ગુણગ્રામ કરે તો ૬. તપસ્વીનાં ગુણગ્રામ કરે તો ૭, જ્ઞાન ઉપર ઉપયોગ વારંવાર રાખે તો ૮, શુદ્ધ સમકિત પાળે તો ૯, વિનય કરે તો ૧૦, બે વખત પ્રતિક્રમણુ કરે તો ૧૧, વ્રત પચ્ચક્ખાણ ચોખ્ખાં પાળે તો ૧૨, ધર્મધ્યાન શુકલધ્યાન ધ્યાવે તો ૧૩, બાર ભેદે તપ કરે તો ૧૪, સુપાત્રને દાન દે તો ૧૫, વૈયાવચ્ચ કરે તો ૧૬, સર્વ જીવને સુખ ઉપજાવે તો ૧૭, અપૂર્વ જ્ઞાન ભણે તો ૧૮ સૂત્રની ભક્તિ કરે તો ૧૯, તીર્થંકરનો માર્ગ દીપાવે તો ૨૦, એ વીસ. ૨૧, એકવીશમે બોલે શ્રાવકના એકવીશ ગુણ કહે છે. અક્ષુદ્ર ૧, જશવંત ૨. સૌમ્ય પ્રકૃતિ ૩. લોકપ્રિય ૪, સ્વભાવ આકરો નહિ ૫, પાપથી ડરે ૬, શ્રદ્ધાવંત ૭, લબ્ધલક્ષ ૮, લજ્જાવંત ૯, દયાવંત ૧૦, મધ્યસ્થ ૧૧, ગંભીર ૧૨, સૌમ્યદૃષ્ટિ ૧૩ ગુણરાગી ૧૪, ધર્મકથક ૧૫, સાચાનો પક્ષ કરનાર ૧૬, શુદ્ધ વિચારી ૧૭, ઘરડાની રીતે ચાલનાર ૧૮, વિનયવંત ૧૯, કીધેલા ગુણને ભૂલે નહીં ૨૦, પરહિતકારી ૨૧, એ એકવીશ. ૨૨ બાવીશમે બોલે બાવીશ જણુ સાથે વાદ ન કરવો તે કહે છે; ધનવંત સાથે ૧, બળવંત સાથે ૨, ઘણા પરિવાર સાથે ૩. તપસ્વી સાથે ૪. હલકા માણસ સાથે ૫, અહંકારી સાથે ૬, ગુરુ સાથે ૭, સ્થિવર સાથે ૮, ચોર સાથે ૯, જુગારી સાથે ૧૦, રોગી સાથે ૧૧, ક્રોધી સાથે ૧૨, જુઠાબોલા સાથે ૧૩, કુસંગી સાથે ૧૪, રાજા સાથે ૧૫, શીતળ લેશ્યાવાળા સાથે ૧૬, તેજુલેશ્યાવાળા સાથે ૧૭, મોઢે મીઠાબોલા સાથે ૧૮, દાનેશ્રી સાથે ૧૯, જ્ઞાની સાથે ૨૦, ગુણકા સાથે ૨૧ બાળકો સાથે ૨૨, એ બાવીસ. ૨૩ ત્રેવીસમે બોલે પાંચ ઇંદ્રિયના ત્રેવીસ વિષય કહે છે; શ્રોતેંદ્રિયના ત્રણ વિષય, જીવ શબ્દ ૧. અજીવ શબ્દ ૨ મિશ્ર શબ્દ ૩, ચક્ષુ ઇંદ્રિયના પાંચ વિષય, કાળો ૧, પીળો ૨, લીલો ૩, રાતો ૪, ધોળો ૫, ઘ્રાણેંદ્રિયના બે વિષય, સુભી ગંધ ૧, દુભીં ગંધ ૨, કુલ દશ. ફરસ ઇંદ્રિયના આઠ વિષય, તે ખરખરો ૧૧, સુહાળો ૧૨ હલકો ૧૩, ભારે ૧૪, ટાઢો ૧૫ ઉનો ૧૬, લુખો ૧૭, ચીકણો ૧૮, રસઇંદ્રિયના પાંચ વિષય તીખો ૧૯, કડવો ૨૦, કષાયેલો ૨૧, ખાટો

૨૨, મીઠો ૨૩. ૨૪ ચોવીસમે બોલે ચોવીસ ટોટા કહે છે; ભણવા ગણવાની આળસ કરે તો જ્ઞાનનો ટોટો, બહુસૂત્રીની શાખ ૧, સાધુ સાધ્વીનાં દર્શન ન કરે તો સમકિતનો ટોટો. સોમિલ બ્રાહ્મણની શાખ ૨, વખતસર પ્રતિક્રમણ ન કરે તો વ્રત પચ્ચક્ખાણનો ટોટો; ઉત્તરાધ્યયન અધ્યયન ૨૫ની શાખ ૩, સાધુ-સાધ્વી માંહોમાંહી વૈયાવચ્ચ ન કરે તો તીર્થનો ટોટો; ઠાણાંગની શાખ ૪; તપસ્યાની ને આચારની ચોરી કરે તો દેવતામાં ઊંચી પદવીનો ટોટો દશવૈકાલિક ભગવતીની શાખ ૫, કઠણ કલુષ ભાવ રાખે તો શીતળતાનો ટોટો, સમાવાયંગની શાખ ૬; અજતનાથી ચાલે તો જીવદયાનો ટોટો; દશવૈકાલિકની શાખ ૭, રૂપનો ને યાવનનો મદ કરે તો શુભ કર્મનો ટોટો, પન્નવણાની શાખ ૮, મોટાનો વિનય ન કરે તો તિર્થંકરની આજ્ઞાનો ટોટો, વ્યવાહાર સુત્રની શાખ ૯, માયા કપટ કરે તો જશ-કીર્તિનો ટોટો આચારાંગની શાખ ૧૦, પાછલી રાત્રે ધર્મ જાગિકા ન જાગે તો ધર્મધ્યાનનો ટોટો. નિશીથની શાખ ૧૧, ક્રોધ કલેશ કરે તે, સ્નેહ ભાવનો ટોટો ચેલા કુણિકની શાખ ૧૨, મન ઊંચુ નીચું કરે તો અક્કલનો ટોટો, ભૃગુ પુરોહિતની શાખ ૧૩, સ્રીના લાલચુને બ્રહ્મચર્યનો ટોટો, ઉત્તરાધ્યનની શાખ ૧૪, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા માંહોમાંહી હેત મેળાપ ન રાખે તો જૈન ધર્મનો ટોટો, શંખ પોખલીજીની શાખ ૧૫, સુપાત્રને ઉલ્લાસ ભાવે દાન ન આપે તો પુણ્ય પ્રકૃત્તિનો ટોટો, કપિલા દાસીની શાખ ૧૬ સાધુ ગામ, નગર વિહાર ન કરે તો ધર્મ કથાનો ટોટો, શેલક રાજઋષિની શાખ ૧૭, ભણે નહિ તો જિનશાસનનો ટોટો. સમાચારીની શાખ ૧૮, વૃત પચ્ચક્ખાણની આલોયણા કરે નહિ તો મોક્ષના સુખનો ટોટો, પર્શ્વનાથની બસેં છપ્પન સાધ્વીની શાખ ૧૯, અરિહંત; ધર્મ ને ચાર તીર્થના અવર્ણવાદ બોલે તો સત્ ધર્મનો ટોટો, ઠાણાંગની શાખ ૨૦ સાધુનું વચન માને નહીં તો ઊંચી ગતિનો ટોટો, બ્રહ્મદત્તની શાખ ૨૧, સાધુ-સાધ્વી ગુરુ-ગુરુણીની આજ્ઞા ઉલ્લંઘે તો આરાધકપણાનો ટોટો, સુકુમાલિકાની શાખ તથા ખંધકજીની શાખ ૨૨, ભગવાનનાં વચન ઉપર શ્રદ્ધા ન રાખે તો શુદ્ધ માર્ગનો ટોટો, જમાલીની શાખ ૨૩, ભણેલું વારંવાર સાંભળે નહિ તો મેળવેલી વિદ્યાનો ટોટો જવઋષિની શાખ ૨૪. ૨૫ પચીસમે બોલે સાડાપચીસ આર્યદેશ તથા તેની નગરીનાં નામ કહે છે, મગધ દેશ-રાજગૃહિ નગરી ૧, અંગ દેશ, ચંપાનગરી ૨, બંગદેશ-તામલિક નગરી ૩, કલીંગ દેશ-કંચનપુર નગરી ૪, કાસીદેશ-વાણારસી નગરી ૫, કોશળદેશ-અયોધ્યાનગરી ૬, કુરૂદેશ-ગજપુર નગરી ૭, કુષવર્તદેશ-સોરીપુર નગરી ૮, પંચાળ દેશ-કપિલપૂર નગરી ૯, જંગલ દેશ-અહીછત્રા નગરી ૧૦ કચ્છ દેશ-કૌસંબી નગરી ૧૧. સાંડીલ દેશ-નંદીપુર નગરી ૧૨, માળવ દેશ-ભદ્દિલપુર નગરી ૧૩, વચ્છ દેશ-વૈરાટનગરી ૧૪, દશાચરણ દેશ-મૃગાવતી નગરી ૧૫, વરણદેશ-ઇચ્છાપુરી નગરી ૧૬, વિદેહ દેશ-શિવાવતી નગરી ૧૭, સિંધદેશ-વિતીભય પાટણ નગરી ૧૮, સૌવીર દેશ-મથુરા નગરી ૧૯, વિદેહ દેશ-મિથિલા નગરી ૨૦, સુરસેન દેશ-પાવાપુર નગરી ૨૧, ભંગ દેશ-માંસપુર નગરી ૨૨, પાટણ દેશ-કાંડવતી નગરી ૨૩, કુણાલ દેશ-સાવથી નગરી ૨૪, સોરઠ દેશ-દ્વારકા નગરી ૨૫, કેકાર્ધ દેશ-શ્વેતાંબિક નગરી ૨૫॥, એ સાડીપચીસ આર્યદેશ.

ઇતિ શ્રી પચીસ બોલ

અથ શ્રી શ્રોતા અધિકાર

શ્રી નંદિસૂત્રમાં શ્રોતા અધિકાર નીચે મુજબ છે :

ગાથા–૧ સેલ ઘણ ૨ કુડગ, ૩ ચાલણી, ૪ પરિપુણગ, ૫ હંસ, ૬ મહિસ, ૭ મેસે ય: ૮ મસગ, ૯ જલુગ, ૧૦ બિરાલી, ૧૧ જાહગ, ૧૨ ગો, ૧૩ ભેરિ, ૧૪ આભીરી સા. ૧

ચૌદ પ્રકારના શ્રોતા છે. તેમાં

૧. સેલ ઘણ–તે પથ્થર ઉપર જેમ મેઘ વરસે પણ પથ્થર પાણીથી ભીંજાય નહિ, તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળે પણ સમ્યક્‌જ્ઞાન પામે નહિ. બુદ્ધ થાય નહિ.

દ્રષ્ટાંત–કુશિષ્ય રૂપી પથ્થર; સદ્‌ગુરુ રૂપી મેઘ અને બોધ રૂપ પાણી, મુંગશેલીઓ તથા પુષ્કરાવર્ત્ત મેઘનું દ્રષ્ટાંત : જેમ પુષ્કરાવર્ત મેઘથી મુંગશેલીઓ પલળ્યો નહિ તેમ એકેક કુશિષ્ય મહાન્ સંવેગાદિક ગુણયુક્ત આચાર્યના પ્રતિબોધ્યા પણ સમજે નહિ, વૈરાગ્ય રંગ પામે નહિ, માટે તે શ્રોતા છાંડવા યોગ્ય છે. એ અવિનીતનું દ્રષ્ટાંત જાણવું.

જેમ કાળી ભૂમિને વિષે મેઘ વરસે તો તે ઘણી ભીંજે તથા પાણી પણ રાખે. તથા ગોધૂમાદિક (ઘઉં પ્રમુખ) ની ઘણી નિષ્પત્તિ કરે તેમ વિનીત સુશિષ્ય પણ ગુરુની ઉપદેશરૂપ વાણી સાંભળી હૃદયમાં ધારી રાખે, વૈરાગ્યે કરી ભીંજાય અને અનેક બીજા ભવ્ય જીવને વિનય ધર્મ વિષે પ્રવર્તાવે, માટે તે શ્રોતા આદરવા યોગ્ય છે. ૧

૨. કુડગ–કુંભનું દ્રષ્ટાંત. તે કુંભના આઠ ભેદ છે, તેમાં પ્રથમ ઘડો સંપૂર્ણ ઘડાના ગુણે કરી વ્યાપ્ત છે. તેના ત્રણ ગુણ. ૧ તે મધ્યે પાણી ભર્યા થકાં કિંચિત્ બહાર જાય નહિ. ૨. પોતે શિતળ છે માટે બીજાની પણ તૃષા ઉપશમાવે, શીતલ કરે. ૩ પરની મલિનતા પણ પાણીથી દૂર કરે તેમ એકેક શ્રોતા વિનયાદિ ગુણે કરી સંપૂર્ણ ભર્યા છે તે ત્રણ ગુણ કરે. ૧ ગુર્વાદિકનો ઉપદેશ સર્વ ધારી રાખે, કિંચિત્ વિસારે નહિ. ૨ પોતે જ્ઞાન પામી શીતલ દશા પામ્યા છે અને ભવ્ય જીવને ત્રિવિધ તાપ સમાવી શીતળ કરે. ૩ ભવ્ય જીવની સંદેહ રૂપી મલિનતા ટાળે. એ શ્રોતા આદરવા યોગ્ય છે.

૨ એક ઘડો પડખે કાણો છે તેમાં ભરે તો અડધું પાણી રહે ને અડધું પાણી વહી જાય. તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળે તો અડધું ધારી રાખે, અડધું વિસરી જાય.

૩. એક ઘડો હેઠે કાણો છે તેમાં પાણી ભરે તો સર્વ પાણી વહી જાય પણ રહે નહિ તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળે તો સર્વ વિસારે પણ ધારે નહિ.

૪. એક ઘડો નવો છે તેમાં પાણી ભરે તો થોડો થોડો ઝમીને ખાલી થાય, તેમ એકેક શ્રોતા જ્ઞાનાદિ અભ્યાસ કરે પણ થોડે થોડે જ્ઞાન વિસારે.

૫. એક ઘડો દુર્ગંધ વાસિત છે, તેમાં પાણી ભરે તો પાણીના ગુણ બગાડે, તેમ એકેક શ્રોતા મિથ્યાત્વાદિક દુર્ગંધે કરી વાસિત છે તેમને સૂત્રાદિક ભણાવતાં જ્ઞાનના ગુણને વણસાડે.

૬. એક ઘડો સુગંધે કરી વાસિત છે તેમાં પાણી ભરે તો પાણીના ગુણને વધારે, તેમ એકેક શ્રોતા સમકિતાદિક સુગંધે કરી વાસિત છે તેમને સૂત્રાદિક ભણાવતાં જ્ઞાનના ગુણને દીપાવે.

૭. એક ઘડો કાચો છે તેમાં પાણી ભરે તો ઘડો ભીંજાઇને વિણસી જાય, તેમ એકેક શ્રોતા અલ્પબુદ્ધિવાળાને સૂત્રાદિકનું જ્ઞાન આપતાં તે નયપ્રમુખને નહિ જાણવાથી તે જ્ઞાનથી તથા માર્ગથી ભ્રષ્ટ થાય.

૮. એક ઘડો ખાલી છે તે ઉપરથી ઢુઝારૂં ઢાંકી વર્ષાકાળે નેવાં હેઠે પાણી ઝીલવા મૂકયું, પણ પાણી અંદર આવે નહિ ને તળે પાણી ઘણું થવાથી ઉપર તરે ને વાયરાદિકે કરી ભીંત પ્રમુખે અથડાઇને ફૂટી જાય; તેમ એકેક શ્રોતા સદ્‌ગુરુની સભામાં વ્યાખ્યાન સાંભળવા બેસે પણ ઊંઘ પ્રમુખના યોગે કરી જ્ઞાનરૂપ પાણી હૃદયમાં આવે નહિને ઘણી ઊંઘના પ્રભાવે કરી ખોટા ડોળરૂપ વાયરે કરી અથડાય છે, તો સભાથી અપમાન પ્રમુખ પામે તથા ઊંઘમાં પડવાથી પોતાના શરીરને નુકસાન થાય.

૩. ચાલણી–એકેક શ્રોતા ચાલણી સમાન છે, ચાલણીના બે પ્રકાર : ૧ એવો છે કે ચાલણી પાણીમાં મૂકે ત્યારે પાણીથી સંપૂર્ણ ભરી દેખાય અને ઉપાડી લઇએ ત્યારે ખાલી દેખાય, તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સભામાં સાંભળવા બેસે ત્યારે વૈરાગ્યાદિ ભાવનાએ કરી સંપૂર્ણ ભર્યા દેખાય અને સભાથી ઉઠી બહાર જાય ત્યારે વૈરાગ્ય રૂપ પાણી કિંચિત્ પણ દેખાય નહિ એ શ્રોતા છાંડવા યોગ્ય છે.

૨. ચાલાણીએ ઘઉં પ્રમુખનો આટો (લોટ) ચાળવા માંડયો, ત્યારે આટો નીકળી જાય ને કાંકરા પ્રમુખ કચરો ગ્રહી રાખે, તેમ એક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળતા ઉપદેશક તથા સૂત્રના ગુણ ગુણ જાવા દે, અને સ્ખલના પ્રમુખ અવગુણ રૂપ કચરો ગ્રહી રાખે, માટે તે છાંડવા યોગ્ય છે.

૪. પરિપુણગ–તે સુઘરી પક્ષીના માળાનું દૃષ્ટાંત. સુઘરી પક્ષીના માળાથી ઘૃત (ઘી) ઘૃત ઘૃત નીકળી જાય અને કીટી પ્રમુખ કચરો ગ્રહી રાખે, તેમ એકેક શ્રોતા આચાર્ય પ્રમુખના ગુણ ત્યાગ કરી અવગુણ ગ્રહણ કરે એ શ્રોતા છાંડવા યોગ્ય છે.

૫. હંસ–હંસને દૂધ, પાણી એકઠાં કરી પીવા માટે આપ્યા હોય, તો તે પોતાની ચાંચમાં ખટાશના ગુણે દૂધ પીએ ને પાણી ન પીએ, તેમ વિનીત શ્રોતા ગુર્વાદિકના ગુણ ગ્રહે ને અવગુણ ન લે, એ આદરણીય છે.

૬ મહિષ–ભેંસો જેમ પાણી પીવા માટે જલાશયમાં જાય, પાણી પીવા જલમાં પ્રથમ પ્રવેશ કરે, પછી મસ્તક પ્રમુખ કરી પાણી ડહોળે ને મલમૂત્ર કરી પછી પોતે પીવે, પણ શુદ્ધ જલ પોતે ન પીએ, અન્ય યૂથને પણ પીવા ન દે, તેમ કુશિષ્ય શ્રોતા વ્યાખ્યાનાદિકમાં કલેશરૂપ પ્રશ્નાદિકે કરી વ્યાખ્યાન ડહોળે, પોતે શાંતપણે સાંભળે નહિ ને અન્ય સભાજનોને શાંત રસથી સાંભળવા ન દે, એ છાંડવા યોગ્ય છે.

૭. મેષ–બકરાં જેમ પાણી પીવા જલસ્થાને નદી પ્રમુખમાં જાય, ત્યારે કાંઠે રહી પગ નીચા નમાવી પાણી પીએ, ડહોળે નહિ ને અન્ય યૂથને પણ નિર્મળ પીવા દે, તેમ વિનીત શિષ્ય શ્રોતા વ્યખ્યાનાદિક નમ્રતા તથા રસથી સાંભળે, અન્ય સભાજનોને સાંભળવા દે, એ આદરણીય છે

૮ મસગ-તેના બે પ્રકાર : ૧ મસગ તે ચામડાની કોથલી તેમાં વાયરો ભરાય ત્યારે અત્યંત ફૂલેલી દેખાય પણ તૃષા શમાવે નહિ, પણ વાયરો નીકળી જાય ત્યારે ખાલી થાય, તેમ એકેક શ્રોતા અભિમાનરૂપ વાયરે કરી શુષ્ક જ્ઞાનીવત્ તડાકા મારે પણ પોતાના તથા અન્યના આત્માને શાંત રસ પમાડે નહિ. એ છાંડવા યોગ્ય છે.

૨. મસગ તે મચ્છર નામે, જંતુ, અન્યને ચટકા મારી પરિતાપ ઉપજાવે પણ ગુણ ન કરે અને ખણુજ ઉત્પન્ન કરે, તેમ એકેક કુશ્રોતા ગુર્વાદિકને જ્ઞાન-અભ્યાસ કરાવતાં ઘણો પરિશ્રમ આપે તથા કુવચનરૂપ ચટકા મારે પણ ગુણ તે વૈયાવચ્ચ પ્રમુખ કાંઇપણ ન કરે અને ચિત્તમાં અસમાધિ ઉપજાવે એ છાંડવા યોગ્ય છે.

૯ જલુગ-તેના બે પ્રકાર ૧. જલો નામે જંતુ ગાય પ્રમુખના સ્તનમાં વળગે ત્યારે લોહી પીએ પણ દુધ ન પીએ, તેમ એકેક અવિનીત કુશિષ્ય શ્રોતા આચાર્યાદિકની સાથે રહ્યા થકા તેમાં છિદ્રો ગવેષે પણ ક્ષમાદિક ગુણ ન ગ્રહણ કરે, માટે છાંડવા યોગ્ય છે.

૨. જળો નામે જંતુ ગુમડા ઉપર મૂકીએ ત્યારે ચટકો મારે ને દુઃખ ઉપજાવે અને મુડદાલ (બગડેલું) લોહી પીએ ને પછી શાંતિ કરે, તેમ એકેક વિનીત શિષ્ય શ્રોતા આચાર્યાદિક સાથે રહ્યા થકા પ્રથમ વચનરૂપ ચટકો ભરે-કાલે અકાલે બહુ અભ્યાસ કરતાં મહેનત કરાવે-પછી સંદેહરૂપી બિગાડ કાઢી ગુર્વાદીકને શાંતી ઉપજાવે-પરદેશી રાજાવત્ એ આદરવા યોગ્ય છે.

૧૦ બિરાલી-બિરાલી દૂધનું ભાજન સીંકાથી ભોંયપર નીચું નાંખીને રજકણ સહિત દૂધ પીએ, તેમ એકેક શ્રોતા આચાર્યાદિક પાસેથી સૂત્રાદિક અભ્યાસ કરતાં અવિનય બહુ કરે, તથા પર પાસે પ્રશ્ન પૂછાવી સૂત્રાર્થ ધારે પણ પોતે વિનય કરી ધારે નહિ, માટે તે શ્રોતા છાંડવા યોગ્ય છે.

૧૧ જાહગ-સહલો તે તિર્યંચની જાતિ વિશેષ-તે પ્રથમ પોતાની માતાનું દૂધ થોડે થોડે પીએ ને તે પાચન થાય પછી વળી થોડું પીએ એમ થોડે થોડે દૂધથી પોતાના શરીરને પુષ્ટ કરે પછી મોટા ભુજંગનાં માન મર્દન કરે, તેમ એકેક શ્રોતા આચાર્યાદિક પાસેથી પોતાની બુદ્ધિ પ્રમાણે કાળે કાળે થોડે થોડે સૂત્રાદિ અભ્યાસ કરે; અભ્યાસ કરતાં ગુર્વાદિકને અત્યંત સંતોષ ઉપજાવે, કેમકે આપેલો પાઠ બરાબર અસ્ખલિત કરે ને તે કર્યા પછી વળી બીજીવાર અને ત્રીજીવાર એમ થોડે થોડે લે ને પછી બહુશ્રુત થઈ મિથ્યાત્વી લોકોનાં માન મર્દન કરે એ આદરવા યોગ્ય છે.

૧૨ ગો-ગો તે 'ગાય' નાં બે પ્રકાર : જેમ દૂધવતી ગાયને કોઇ એક શેઠ પાડોશીને ત્યાં આપી ગામ જાય, પણ તે પાડોશી ઘાસ પાણી પ્રમુખ બરાબર ગાયને નહિ આપવાથી ગાય ભૂખે તૃષાએ પીડાતી થકી દૂધમાં સુકાય, ને દુઃખી થાય તેમ એકેક અવિનીત શ્રોતાએ ગુર્વાદિકની આહાર પાણી પ્રમુખ વૈયાવચ્ચ નહિ કરવાથી તેમનો દેહ ગ્લાનિ પામે ને શ્રુતાદિકમાં ઘટાડો થાય ને અપયશ પામે.

૨. એક શેઠ પાડોશીને દૂઝણી ગાય સોંપી ગયો. પાડોશીએ ઘાસ, પાણી પ્રમુખ રૂડે પ્રકારે આપવાથી દૂધમાં વધારો થયો ને તે કીર્તિને પામ્યો. તેમ એકેક વિનીત શ્રોતા (શિષ્ય) ગુર્વાદિકની આહાર પાણી પ્રમુખ વૈયાવચ્ચની વિધિએ કરી, ગુર્વાદિકને શાતા ઉપજાવે તો તેમને જ્ઞાનમાં વધારો થાય તે કીર્તિને પામે. એ શ્રોતા આદરવા યોગ્ય છે.

૧૩ ભેરી-તેનાં બે પ્રકાર : ૧ એ છે જે, ભેરીનો વગાડનાર પુરુષ રાજાના હુકમ પ્રમાણે ભેરી વગાડે તો રાજા ખુશ થઇ તેને પુષ્કળ દ્રવ્ય આપે, તેમ વિનીત શિષ્ય તીર્થંકર તથા

ગુર્વાદિકની આજ્ઞા પ્રમાણે સૂત્રાદિકની સ્વાધ્યાય તથા ધ્યાન પ્રમુખ અંગીકાર કરે તો કર્મ રૂપ રોગ મટે અને સિદ્ધ ગતિમાં અનંત લક્ષ્મી પામે; એ આદરવા યોગ્ય છે.

૨, જેમ ભેરીનો વગાડનાર પુરુષ રાજાના હુકમ પ્રમાણે ભેરી વગાડે નહિ, તો રાજા કોપાયમાન થઈ દ્રવ્ય આપે નહિ, તેમ અવિનીત શિષ્ય તીર્થંકરની તથા ગુર્વાદિકની આજ્ઞા પ્રમાણે સૂત્રાદિકની સ્વાધ્યાય, ધ્યાન કરે નહિ તો તેમનો કર્મરૂપ રોગ મટે નહિ અને સિદ્ધ ગતિનું સુખ પામે નહિ, એ છાંડવા યોગ્ય છે.

૧૪ આભીરી-તેના બે પ્રકાર-૧. આભીરી સ્ત્રી-પુરુષ એક ગામથી પાસેના શહેરમાં ચાલતાં ચાલતાં ગાડામાં ઘૃત ભરી વેચવા ગયાં. ત્યાં બજારમાં ઉતારતાં ઘૃતનું ભાજન, વાસણ ફૂટી ગયું. ઘૃત ઢળી ગયું પુરુષે સ્ત્રીને ઘણા ઠપકાવાળા કુવચનો કહ્યાં, ત્યારે સ્ત્રીએ પણ તે ભર્તારને સામાં કુવચનો કહ્યાં, આખરે ઘૃત ઢોળાઇ ગયું ને બન્ને બહુ શોક કરવા લાગ્યાં. જમીન પરનું ઘૃત પાછળથી લુંછી લીધું ને વેચ્યું, કીંમત મળી, તે લઈ સાંજે ગામ જતાં, ચોરોએ લુંટી લીધી. બહુ નિરાશ થયા. લોકોએ પૂછવાથી સર્વ વૃતાંત કહ્યો. લોકોએ ઠપકો દીધો. તેમ ગુરુએ વ્યાખ્યાન ઉપદેશમાં આપેલ સાર-ઘૃતને લડાઈ-ઝઘડો કરી ઢોળી નાખે ને છેવટે કલેશ કરી દુર્ગતિ પામે. આ શ્રોતા છાંડવા યોગ્ય છે.

૨. ઘૃત ભરી શહેરમાં જતાં બજારમાં ઉતારતાં વાસણ ફૂટયું કે તરત જ એકદમ મળી ભેગા થઈ તે ઘૃત ભરી લીધું પણ, બહુ નુકશાન થવા દીધું નહિ. તે ઘૃતને વેચી પૈસા મેળવી સારા સંઘાત સાથે ગામમાં સુખે સુખે જેમ અન્ય સુજ્ઞ પુરૂષો પહોંચે, તેમ વિનીત શિષ્ય શ્રોતા ગુરુ પાસેથી વાણી સાંભળી શુદ્ધ ભાનપૂર્વક તે અર્થ સૂત્રને ધારી રાખે, સાચવે અસ્ખલિત કરે, વિસ્મૃતિ થાય તો ગુરુ પાસે ફરી ફરી માફી માગી ધારે, પૂછે; પણ કકલાટ ઝઘડો કરે નહિ, જે ઉપર ગુરુ પ્રસન્ન થાય, સંયમ, જ્ઞાનની શુદ્ધિ થાય, પરિણામે સદ્‌ગતિ મળે, આવા શ્રોતા આદરણીય છે.

પાંત્રીસ બોલ

પહેલે બોલે-ગતિ ચાર, ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવતા.

બીજે બોલે-જાતિ પાંચ. ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચૌરેંદ્રિય ૫ પંચેદ્રિય.

ત્રીજે બોલે-કાય ૭, ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાયુકાય, ૫ વનસ્પતિ-કાય, ૬ ત્રસકાય.

ચોથે બોલે-ઇંદ્રિય પાંચ ૧ શ્રોતેંદ્રિય, ૨ ચક્ષુરિંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય ૫ સ્પર્શેન્દ્રિય.

પાંચમે બોલે-પર્યાપ્ત છ. ૧ આહાર, ૨ શરીર, ૩ ઇંદ્રિય ૪ શ્વાસોચ્છવાસ, ૫ ભાષા, ૬ મન.

છઠે બોલે-પ્રાણ દશ. પાંચ ઇંદ્રિયના ૫ પ્રાણ, ૬ મનબળ. ૭ વચનબળ. ૮ કાયબળ, ૯ શ્વાસોચ્છવાસ, ૧૦ આયુષ્ય.

સાતમે બોલે-શરીર પાંચ, ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ. ૫ કાર્મણ.

આઠમે બોલે-યોગ પંદર. ૧ સત્ય મનયોગ, ૨ અસત્ય મનયોગ, ૩ મિશ્ર મનયોગ. ૪ વ્યવહાર મનયોગ, ૫ સત્ય વચનયોગ, ૬ અસત્ય વચનયોગ, ૭ મિશ્ર વચનયોગ, ૮ વ્યવહાર વચનયોગ, ૯ ઔદારિક કાયયોગ, ૧૦ ઔદારિક મિશ્ર કાયયોગ, ૧૧ વૈક્રિય કાયયોગ. ૧૨ વૈક્રિય મિશ્ર કાયયોગ, ૧૩ આહારક કાયયોગ, ૧૪ આહારક મિશ્ર કાયયોગ, ૧૫ કાર્મણ કાયયોગ.

નવમે બોલે-ઉપયોગ બાર. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન, ૬ મતિ અજ્ઞાન ૭ શ્રુત અજ્ઞાન, ૮ વિભંગ જ્ઞાન, ૯ ચક્ષુદર્શન, ૧૦ અચક્ષુદર્શન, ૧૧ અવધિ દર્શન, ૧૨ કેવળ દર્શન.

દશમે બોલે-કર્મ આઠ. ૧ જ્ઞાનાવરણીય ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર ૮ અંતરાય.

અગીયારમે બોલે-ગુણઠાણાં ચૌદ. ૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદાન, ૩ મિશ્ર, ૪ અવિરતિ, સમ્યગ્ દષ્ટિ; ૫ દેશવિરતિ; (શ્રાવક) ૬ પ્રમત્ત સંજતિ, ૭ અપ્રમત્ત સંજતિ, ૮ નિવૃત્તિ બાદર, ૯ અનિવૃત્તિ બાદર, ૧૦ સૂક્ષ્મ સંપરાય, ૧૧ ઉપશાંત મોહનીય. ૧૨ ક્ષીણ મોહનીય, ૧૩ સંયોગી કેવળી ૧૪, અયોગી કેવળી.

બારમે બોલે-પાંચ ઇંદ્રિયોના વિષય ૨૩ શ્રોતેંદ્રિયના ત્રણ વિષય. ૧ જીવ શબ્દ, ૨ અજીવ શબ્દ, ૩ મિશ્ર શબ્દ, ચક્ષુરિંદ્રિયના પાંચ વિષય ૧ કાળો, ૨ નીલો, ૩ લાલ, ૪ પીળો, ૫ ધોળો, ૬ ઘ્રાણેંદ્રિયના બે વિષય ૧ સુરભિગંધ, ૨ દુરભિગંધ, રસેંદ્રિયના પાંચ વિષય. ૧ કડવો, ૨ કસાયલો, ૩ ખાટો, ૪ મીઠો, ૫ તીખો. સ્પર્શેંદ્રિયના આઠ વિષય. ૧ સુંવાળો, ૨ ખરખરો, ૩ હલકો, ૪ ભારે, ૫ ઉષ્ણ, ૬ ટાઢો, ૭ લૂખો ૮ ચોપડયો.

તેરમે બોલે-પચીશ પ્રકારનું મિથ્યાત્વ. ૧ અભિગ્રહિક મિથ્યાત્વ, ૨ અનાભિગ્રહિક મિથ્યાત્વ, ૩ અભિનિવેશિક મિથ્યાત્વ, ૪ સાંશયિક મિથ્યાત્વ. ૫ અણાભોગ મિથ્યાત્વ, ૬ લૌકિક મિથ્યાત્વ; ૭ લોકોત્તર મિથ્યાત્વ, ૮ કુપ્રાવચન મિથ્યાત્વ, ૯ જિન માર્ગથી ઓછું પરૂપે તે મિથ્યાત્વ, ૧૦ જિન માર્ગથી અધિક પરૂપે તે મિથ્યાત્વ, ૧૧ જિન માર્ગથી વિપરીત પરૂપે તે મિથ્યાત્વ, ૧૨ ધર્મને અધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૩ અધર્મને ધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૪ જીવને અજીવ કહે તે મિથ્યાત્વ, ૧૫ અજીવને જીવ કહે તે મિથ્યાત્વ, ૧૬ જિનમાર્ગને અન્યમાર્ગ કહે તે મિથ્યાત્વ, ૧૭ અન્યમાર્ગને જિનમાર્ગ કહે તે મિથ્યાત્વ, ૧૮ સાધુને કુસાધુ કહે તે મિથ્યાત્વ, ૧૯ કુસાધુને સાધુ કહે તે મિથ્યાત્વ, ૨૦ આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૧ આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૨ અવિનય મિથ્યાત્વ, ૨૩ અક્રિયા મિથ્યાત્વ, ૨૪ અજ્ઞાન મિથ્યાત્વ, ૨૫ આશાતના મિથ્યાત્વ.

ચૌદમે બોલે-નવતત્ત્વના જાણપણાના ૧૧૫ બોલ. ચૌદ ભેદ જીવના ૧ સૂક્ષ્મ એકેંદ્રિય, ૨ બાદર એકેંદ્રિય, ૩ બેઇંદ્રિય, ૪ તેઇંદ્રિય, ૫ ચૌરેંદ્રિય, ૬ અસંજ્ઞી પંચેદ્રિય, ૭ સંજ્ઞી પચેંદ્રિય તે દરેકના અપર્યાપ્તા ને પર્યાપ્તા. ચૌદ ભેદ અજીવના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અને દરેકના સ્કંધ, દેશ પ્રદેશ એમ નવ, અને કાળ મળી દશભેદ અરૂપી અજીવના તથા પુદ્ગલાસ્તિકાય (રૂપી અજીવ)ના ચાર ભેદ. સ્કંધ, દેશ પ્રદેશ, પરમાણું. નવ ભેદ પુણ્યનાં. અન્નપુન્ને. પાણપુન્ને લયણપુન્ને શયનપુન્ને વથ્થપુન્ને મનપુન્ને વચનપુન્ને કાયપુન્ને નમસ્કારપુન્ને એ ૯ અઢાર ભેદ પાપના તે, અઢાર પાપસ્થાનક. વીશ ભેદ આશ્રવના : મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ, પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, શ્રોતેંદ્રિય, ચક્ષુરિંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય સ્પર્શેંદ્રિય એ પાંચને મોકળી મૂકવી તે મન, વચન, કાયાને મોકળી મૂકવા તે ભંડોપગરણની અયત્ના કરે તે; શુચિ કુસગ્ગ કરે તે વીશ ભેદ સંવરના; સમકિત વ્રત, પચ્ચક્ખાણ, અપ્રમાદ, અકષાય. શુભયોગ, જીવદયા સત્યવચન, અદત્તાદાન ત્યાગ. મૈથુનત્યાગ, અપરિગ્રહ એ દશ તથા પાંચ ઇંદ્રિયને ત્રણ જોગનું સંવરવું તે, ભંડ ઉપકરણ, ઉપધિ યત્નાએ લીએ મૂકે તે શુચિ કુસગ્ગ ન કરે તે બાર ભેદ નિર્જરાના; અણસણ ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ, પ્રતિસંલીનતા, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન, કાઉસગ્ગ ચાર ભેદ બંધના; પ્રકૃતિબંધ, સ્થિતિબંધ. અનુભાગબંધ, પ્રદેશબંધ. ચાર ભેદ મોક્ષના; જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, એમ ૧૧૫ બોલ થયા.

પંદરમે બોલે-આત્મા આઠ પ્રકારના છે : દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા.

સોળમે બોલે દંડક ચોવીસ છે. સાત નરકનો એક દંડક, દશભવન પાતના; અસુર કુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, પાંચ સ્થાવરના; પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રણ વિકલેંદ્રિયના, બેઇંદ્રિય, તેઇંદ્રિય ચૌરેંદ્રિય, એક તિર્યંચ પંચેદ્રિય, એક મનુષ્યનો એક વાણવ્યંતર દેવતાનો, એક જ્યોતિષી દેવતાનો, એક વૈમાનિક દેવતાનો એમ ચોવીસ દંડક થાય.

સત્તરમે બોલે-લેશ્યા ૭. કૃષ્ણ, નીલ, કાપૂત, તેજુ, પદ્મ, શુકલ.

અઢારમે બોલે-દૃષ્ટિ ત્રણ, મિથ્યાત્વદૃષ્ટિ, સમામિથ્યાત્વ દૃષ્ટિ, સમ્યગદૃષ્ટિ.

ઓગણીસમે બોલે-ધ્યાન ચાર, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાન.

વીસમે બોલે-છ દ્રવ્યના ત્રીશ બોલ. તેમાં પાંચ બોલ ધર્માસ્તિકાયના; દ્રવ્યથકી એક, ક્ષેત્ર થકી લોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી ચલણ સહાય. પાંચ બોલ અધર્માસ્તિકાયના; દ્રવ્ય થકી એક, ક્ષેત્રથકી લોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત ભાવથકી અરૂપી, ગુણથકી સ્થિરસહાય. પાંચ બોલ આકાશાસ્તિકાયના; દ્રવ્યથકી એક, ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે; કાળથકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી અવગાહનાદાન ગુણ. (અવગાહનાદાન ગુણ) પાંચ બોલ કાળના. દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી અઢીદ્વીપ પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી. ગુણથકી વર્તના લક્ષણ ગુણ. પાંચ બોલ પુદ્‌ગલના; દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી લોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી રૂપી. ગુણથકી ગળે ને મળે. પાંચ બોલ જીવના; દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, કાળથકી આદિ અંતરહિત, ભાવથકી અરુપી. ગુણથકી ચૈતન્ય ગુણ.

એકવીશમે બોલે-રાશિ બે. જીવરાશિ. અજીવરાશિ.

બાવીશમે બોલે-શ્રાવકના વ્રત બાર તેના ભાંગા ૪૯

ત્રેવીશમે બોલે-સાધુનાં પાંચમહાવ્રત, તેના ભાંગા ૨૫૨.

ચોવીશમે બોલે-પ્રમાણ ચાર. પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન,

પચીશમે બોલે-ચારિત્ર પાંચ. સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, પરિહારવિશુદ્ધ ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર.

છવીશમે બોલે-સાત નય. નૈગમનય, સંગ્રહનય. વ્યવહારનય; ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢમય, એવંભૂતનય.

સતાવીશમે બોલે-નિક્ષેપા ચાર. નામનિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ.

અઠ્ઠાવીશમે બોલે-સમકિત પાંચ. ઉપશમસમકિત, ક્ષયોપશમ સમકિત, ક્ષાયિક સમકિત, સાસ્વાદાનસમકિત, વેદકસમકિત.

ઓગણત્રીશમે બોલે-રસ નવ. શૃંગારરસ, વીરરસ, કરૂણારસ, હાસ્યરસ, રૌદ્રારસ, ભયાનકરસ, અદ્‌ભુત રસ, બિભત્સરસ, શાંતરસ.

ત્રીશમે બોલે-ભાવના બાર. અનિત્યભાવના, અશરણભાવના, સંસારભાવના, એકત્વભાવના, અન્યત્વભાવના, અશુચિભાવના, આશ્રવભાવના, સંવરભાવના, નિર્જરાભાવના, લોકસ્વરૂપ ભાવના, બોધિભાવના, ધર્મભાવના.

એકત્રીશમે બોલે-અનુયોગ ચાર છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ.

બત્રીશમે બોલે-દેવતત્ત્વ, ગુરુતત્વ, ધર્મતત્ત્વ, એ ત્રણ તત્ત્વ.

તેત્રીશમે બોલે-સમવાય પાંચ : કાળ, સ્વભાવ, નિયત, પૂર્વકૃત (કર્મ), પુરુષાકાર (ઉદ્યમ).

ચોત્રીશમે બોલે-પાખંડીના ત્રણસે ત્રેસઠ ભેદ, ક્રિયાવાદીના ૧૦૮; અક્રિયાવાદીના ૮૪, વિનયવાદીના ૩૨ અજ્ઞાનવાદીના ૬૭.

પાંત્રીશમે બોલે-શ્રાવકના ગુણ એકવીશ; ૧ અક્ષુદ્ર, ૨ રૂપવંત ૩ સૌમ્ય પ્રકૃતિવાળો, ૪ લોકપ્રિય, ૫ અક્રૂર. ૬ પાપભીરૂ. ૭ શાઠયરહિત, ૮ ચતુરાઈવાળો, ૯ લજ્જાવંત, ૧૦ દયાળુ ૧૧ મધ્યસ્થ પરિણામી, ૧૨ સુદષ્ટિવાળો. ૧૩ ગુણાનુરાગી, ૧૪ સારો પક્ષ ધારણ કરનાર. ૧૫ દીર્ઘદષ્ટિવંત, ૧૬ વિશેષજ્ઞ, ૧૭ અલ્પારંભી, ૧૮ વિનીત. ૧૯ કૃતજ્ઞ, ૨૦ પરહિતકારી ૨૧ લબ્ધલક્ષી.

પાંત્રીશ બોલ સમાપ્ત

સિદ્ધ દ્વાર.

---

૧ પહેલી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૨ બીજી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૩ ત્રીજી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૪ ચોથી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય: ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૫ ભવનપતિના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૬ ભવનપતિની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, પાંચ સિદ્ધ થાય.

૭ પૃથ્વીકાયના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૮ અપકાયના નીકળેલ, એક સમયે; જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૯ વનસ્પતિકાયના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૭ સિદ્ધ થાય.

૧૦ તિર્યંચ ગર્ભજના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થય.

૧૧ તિર્યંચણીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય

૧૨ મનુષ્ય ગર્ભજના નીકળેલ એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ; દશ સિદ્ધ થાય.

૧૩ મનુષ્યણીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

૧૪ વાણવ્યંતરના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, પાંચ સિદ્ધ થાય,

૧૫ વાણવ્યંતરની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ, પાંચ સિદ્ધ થાય.

૧૬ જ્યોતિષીના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૧૭ જ્યોતિષીની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

૧૮ વૈમાનિકના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૧૯ વૈમાનિકની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૨૦ સ્વલિંગી, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૨૧ અન્યલિંગી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૨૨ ગૃહસ્થલિંગી, એક સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૨૩ સ્ત્રીલિંગી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

૨૪ પુરુષલિંગી એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૨૫ નપુસંકલિંગી એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૨૬ ઊર્ધ્વ લોકમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૨૭ અધો લોકમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૨૮ તિર્યક્ (તીર્છા) લોકમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૨૯ જઘન્ય અવગાહનાના, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૩૦ મધ્યમ અવગાહનાના એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૩૧ ઉત્કૃષ્ટ અવગાહનાના, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ બે સિદ્ધ થાય.

૩૨ સમુદ્રમાંહી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, બે સિદ્ધ થાય.

૩૩ નદી પ્રમુખ જલમાંહી, એક સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ત્રણ સિદ્ધ થાય.

૩૪ તીર્થ સિદ્ધ થાય તો એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૩૫ અતીર્થ સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૩૬ તીર્થંકર સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

૩૭ અતીર્થંકર સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૩૮ સ્વયંબોધ સિદ્ધ થાય તો, એક સમયે; જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૪ સિદ્ધ થાય.

૩૯ પ્રતિબોધ સિદ્ધ થાય તો, એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૪ સિદ્ધ થાય.

૪૦ બુધબોહી સિદ્ધ થાય તો, એક સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૪૧ એક સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, એક સિદ્ધ થાય.

૪૨ અનેક સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, બે સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય ૪૩ વિજય વિજય પ્રતિ. એક સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૪૪ ભદ્રશાલ વનમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૪૫ નંદન વનમા એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૪૬ સોમનસ વનમાં એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૪૭ પંડગવનમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, બે સિદ્ધ થાય.

૪૮ અકર્મભૂમિમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય,

૪૯ કર્મભૂમિમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૦ પહેલે આરે, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૫૧ બીજે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૫૨ ત્રીજે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૩ ચોથે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૪ પાંચમે આરે, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૫૫ છઠે આરે એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૫૬ અવસર્પિણીમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૫૭ ઉતસર્પિણીમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૮ નોઉતસર્પિણી, નોઅવસર્પિણીમાં એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

એ ૫૮ બોલ અંતર સહિત, એક સમયે, જઘન્ય, ઉત્કૃષ્ટ, સિદ્ધ થાય તે કહ્યા.

હવે અંતર રહિત, આઠ સમય સુધી, સિદ્ધ થાય તો કેટલા સિદ્ધ થાય તે.

૧ પહેલા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૨ બીજા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૨ સિદ્ધ થાય.

૩ ત્રીજા સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૯૬ સિદ્ધ થાય.

૪ ચોથા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૮૪ સિદ્ધ થાય.
૫ પાંચમા સમયે જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૭૨ સિદ્ધ થાય.
૬ છટ્ઠા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૬૦ સિદ્ધ થાય.
૭ સાતમા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૪૮ સિદ્ધ થાય.
૮ આઠમા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૩૨ સિદ્ધ થાય.
આઠ સમય પછી અંતર પડયા વિના સિદ્ધ થાય નહિ.

ઇતિ સિદ્ધ દ્વાર સંપૂર્ણ

જંબૂદ્વીપ વિચાર

જંબૂદ્વીપ-૧ લાખ યોજનનો લાંબો ને પહોળો છે. તે વર્તુળ, તેલના પુડલાને આકારે છે. ૧. વર્તુળ રથના પૈડાને આકારે છે, ૨. વર્તુળ કમળની કર્ણિકાને આકારે છે, ૩. વર્તુળ પૂર્ણ ચંદ્રમાને આકારે છે, ૪, તેની પરિધી ૩ લાખ, ૧૬ હજાર, ૨૨૭ યોજન, ૩ કોશ, ૧૨૮ ધનુષ ને ૧૩॥ આંગુલ અધિક છે, જંબૂદ્વીપના ૧૦ દ્વારની

ગાથા

૧	૨	૩	૪	૫	૬
ખંડા	જોયણ	વાસા	પવ્વય	કુડા	ય તિત્થ
૭	૮	૯	૧૦		
સેઢિઓ;	વિજય	દહ	સલિલાઓ.	પિંડએ હોઇ	સંઘહણી.

એ દશ દ્વાર છે, તેમાં પ્રથમ ખંડ દ્વાર છે. જંબૂદ્વીપના ભરત સરખા ૧૯૦ ખંડ છે. ભરત ક્ષેત્રનો ૧, ચુલહિમવંત પર્વતના ૨, હેમવંતક્ષેત્રના ૪, મહાહિમવંત પર્વતના ૮. હરિવર્ષ ક્ષેત્રના ૧૬, નિષધ પર્વતના ૩૨, મહાવિદેહ ક્ષેત્રના ૬૪, નીલવંત પર્વતના ૩૨, રમ્યક્વર્ષ ક્ષેત્રના ૧૬, રૂપી પર્વતના ૮, હિરણ્યવંત ક્ષેત્રના ૪, શિખરી પર્વતના ૨, ઇરવત ક્ષેત્રનો ૧, એ પ્રમાણે સર્વ મળીને પહોળપણે દક્ષિણ ઉત્તરે થઇને ભરત જેવડા પહોળપણે ૧૯૦ ખંડ છે. ઇતિ પહેલો ખંડદ્વાર સમાપ્ત ૧.

૨ જો યોજનદ્વાર :- જંબૂદ્વીપના ચારે હાંસે યોજન-યોજનાના ખંડ કરીએ ત્યારે સાતસેં નેવું ક્રોડ, છપ્પન લાખ ચોરાણું હજાર, એકસો ને પચાસ ચતુરંસ્ર થાય. ઉપર ૧ કોશ ને પંદરસે પંદર ધનુષ્ય વધે. ઉપર ૬૦ અંગુલ વધે. ઇતિ ૨ જો યોજન-દ્વાર સમાપ્ત. ૨.

૩જો વર્ષદ્વાર :– જંબૂદ્વીપને વિષે ૭ વર્ષ–ક્ષેત્ર છે. તે ભરત ૧, હેમવંત ૨, હરિવર્ષ ૩, મહાવિદેહ ૪, રમ્યક્વર્ષ ૫, હિરણ્યવંત ૬, ઈરવત ૭. એ ૭ ક્ષેત્ર તથા એક મહાવિદેહના ૪ ભાગ ગણીએ તો પૂર્વ મહાવિદેહ પશ્ચિમ મહાવિદેહ ૮, દેવકુરૂ ૯, ઉત્તરકુરૂ ૧૦, એ પ્રમાણે ૧૦ ક્ષેત્ર થાય. તેનું વિષ્કંભપણું ૧, બાંહા ૨, જીવા, ૩ ધનુષપીઠ ૪ એ ૪ કહે છે :–ભરતક્ષેત્રના ૨ ભેદ : દક્ષિણ ભરત ૧, ઉત્તર ભરત ૨; દક્ષિણભરતનું વિષ્કંભણું ૨૩૮ જોજન ને ૩ કળાનું એની બાંહા નથી. તેની જીવા ૯૭૪૮ જોજન ને ૧૨ કલા. તેની ધનુષપીઠ ૯૭૬૬ જોજન ને કલાઅધિક (૧) ઉત્તરભરતનું વિષ્કંભપણું ૨૩૮ જોજન ને ૩ કલાનું. તેની બાહાં ૧૮૯૨ જોજન ને સાડીસાત કલાની. તેની જીવા ૧૪૪૭૧ જોજન ને ૬ કલામાં કાંઈક ન્યૂન, તેની ધનુષપીઠ ૧૪૫૨૮ જોજન ને ૧૧ કલાની. (૨) એજ પ્રમાણે ઈરવત ક્ષેત્રનું પણ જાણવું (૩) હેમવંત ૧. હિરણ્યવંત ૨ એ ૨ ક્ષેત્રનું પહોળપણું. ૨૧૦૫ જોજન ને ૫ કલાનું, તેની બાંહા ૬૭૫૫ જોજન ને ૩ કલા. તેની જીવા ૩૭૬૭૪ જોજન ને ૧૬ કલા. તેની ધનુષપીઠ ૩૮૭૪૦ જોજન ને ૧૦ કલા (૪) હરિવર્ષ ૧, રમ્યકૂવર્ષ ૨, એ ૨ ક્ષેત્રનુ વિષ્કંભપણું ૮૪૨૧ જોજન ને ૧ કલા. તેની બાંહા ૧૩૩૬૧ જોજન ને ૬ કલા. તેની જીવા ૭૩૯૦૧ જોજન ને ૧૭ કલા. તેની ધનુષપીઠ ૮૪૦૧૬ જોજન ને ૪ કલા. (૫) મહાવિદેહ ક્ષેત્રનું વિષ્કંભપણું ૩૩૬૮૪ જોજન ને ૪ કલા. તેની બાંહા ૩૩૭૬૭ જોજન ને ૭ કલા. તેની જીવા ૧ લાખ જોજનની. તેની ધનુષપીઠ ૧૫૮૧૧૩ જોજન ને ૧૬ કલા અધિક. (૬) દેવકુરૂ ઉત્તરકુરૂ એ ૨ ક્ષેત્રનું વિષ્કંભપણું ૧૧૮૪૨ જોજન ને ૨ કલાનું. તેની બાંહા નથી તેની જીવા ૫૩૦૦૦ જોજનની. તેની ધનુષપીઠ ૬૦૪૧૮ જોજન ને ૧૨ કલા. (૭) ઈતિ ૩ જો વર્ષદ્વાર સમાપ્ત ૩.

૪થો પર્વતદ્વાર : જંબૂદ્વીપને વિષે ૨૬૯ પર્વત છે. વર્ષધર પર્વત ૬, મેરૂ ૧ વિચિત્ત ૧, યમકર, કંચનગિરિ ૨૦૦, વખાર ગજદંતા ૪, વખારા ૧૬, લાંબા વૈતાઢ્ય ૩૪, વર્તુળ વેતાઢ્ય ૪, એ સર્વ મળીને ૨૬૯ પર્વત છે, તેનું ઊંચપણું ઊંડાપણું, વિષ્કંભપણું, બાંહા, જીવા, ધનુષપીઠ આ પ્રમાણે ચુલહિમવંત ૧, શિખરી ૨, એ બે પર્વત સો સો જોજન ઊંચા છે. અને પચીસ પચીસ જોજનના ધરતીમાં ઊંડા છે. તેમનું પહોળપણું ૧૦૫૨ જોજનનું ને ૧૨ કલાનું છે. તેમની બાંહા ૫૩૫૦ જોજન ને ૧૫ કલા. તેમની જીવા ૨૪૯૩૨ જોજન ને અર્ધ કલામાં થોડી ન્યૂન, તેમની ધનપીઠ ૨૫૨૩૦ જોજન ને ૨ કલા. (૨) મહાહિમવંતને રૂપી એ બે પર્વત બસેં બસેં જોજનના ઊંચા અને પચાસ પચાસ જોજનના ધરતીમાં ઊંડા છે. તેમનું વિષ્કંભપણું ૪૨૧૦ જોજન ને ૧૦ કલાનું, તેમની બાંહા ૯૨૭૬ જોજન ને ૯ કલા; તેમની જીવા ૫૩૯૩૧, જોજન ને ૬ કલા અધિક. તેમની ધનુષપીઠ ૫૭૨૯૩ જોજન ને ૧૦ કલા. (૪) નિષધ ૧ નીલવંત ૨, એ બે પર્વત ચારસો ચારસો જોજનના ઊંચા છે. અને સો સો જોજનના ધરતીમાં ઊંડા છે. તેમનુ વિષ્કંભપણું ૧૬૮૪૨ જોજન ને ૨ કલાનું તેમની બાંહા ૨૦૧૬૫ જોજન ને ૨ કલા, તેમની જીવા ૯૪૧૫૬ જોજન ૨ કલા. તેમની ધનુષપીઠ ૧૨૩૪૬ જોજન ને ૯ કલા. એ ૬ પર્વત થયા (૬) મેરૂ પર્વત એક લાખ જોજનનો છે, તેમાં ૧ હજાર જોજન ધરતીમાં ઊંડો છે, તેમાં પ્રથમ ૨૫૦ જોજન પૃથ્વીમય છે, ૨૫૦ જોજન પાષાણમય છે ૨૫૦ જોજન વજ્ર હીરામય છે, ૨૫૦ જોજન શર્કર પૃથ્વીમય છે, એમ ૧ હજાર જોજન ઊંડો છે. એ પ્રથમ કાંડ. તે ઉપર નવાણુ હજાર જોજનનો મેરુ ઊંચો છે, તેમાં પોણાસોળ હજાર જોજન અંકરત્નમય છે, પોણાસોળ હજાર જોજન સ્ફટિક રત્નમય છે, પોણાસોળ હજાર જોજન પીળા સુવર્ણમય છે. પોણાસોળ હજાર જોજન રૂપામય છે; એ ૬૩ હજાર જોજનનો બીજો કાંડ, તે ઉપર ત્રીજો કાંડ. છત્રીસ હજાર જોજનનો જાંબૂનદ રાતા

સુવર્ણમય છે. એ સર્વ મળીને ૧ લાખ જોજનનો મેરૂ પર્વત છે. તે મૂળે ૧૦૦૯૦ જોજન ને એક જોજનના ૧૧ ભાગ કરીએ તેવા ૧૦ ભાગ એટલો ધરતીને મૂળે પહોળો છે, દશ હજાર જોજનનો ધરતીને સમભૂતળે લાંબો પહોળો છે. ધરતીથકી અગિયાર હજાર જોજન ઊંચા જઇએ ત્યાં નવ હજાર જોજનનો લાંબો ને પહોળો છે, એમ અગિયાર અગિયાર હજારે ૧ હજાર ઘટાડતાં શિખરે ૧ હજાર જોજનનો લાંબો પહોળો છે. તેની ત્રિગુણી અધિક પરિધી છે. મેરુને ૪ વન છે; ભદ્રશાલ વન ૧, નંદન વન ૨, સૌમનસ વન ૩, પંડગ વન ૪, ભદ્રશાલ વન તે મેરુને ચારે બાજુ ધરતી ઉપર છે. તે પૂર્વ પશ્ચિમે બાવીશ હજાર જોજન લાંબુ છે, અને અઢીસો જોજન ઉત્તર દક્ષિણે પહોળું છે. તેને એક પદ્મવરવેદિકા ને એક વન ખંડ સઘળે, ચારે બાજુએ છે. મેરુ પર્વત થકી પૂર્વ દિશાએ ૫૦ જોજન વનમાં જાય ત્યાં એક સિધ્ધાયતન છે. તે ૫૦ જોજનનું લાંબુ ને ૨૫ જોજનનું પહોળું છે અને ૩૧ જોજનનું ઊંચું છે. અનેક સ્તંભ છે. તે સિધ્ધાયતનને ૩ બારણાં છે. પૂર્વ ૧, દક્ષિણે ૨, ઉત્તરે ૩, તેના દરવાજા આઠ આઠ જોજનના ઊંચા છે ને ૪ જોજનના પહોળા છે. તે સિધ્ધાયતનના મધ્ય દિશ વિભાગને વિષે એક મણિમય પીઠિકા છે. તે ૮ જોજનની લાંબી ને પહોળી છે. ૪ જોજનની જાડપણે છે, ને સર્વ રત્નમય છે. તે ઉપર દેવછંદો (ગભારો) છે તે ૮ જોજનનો લાંબો ને પહોળો છે, અને ૮ જોજનનો અધિક ઊંચો છે. ત્યાં જિનપ્રતિમા છે તેનું વર્ણન આ પ્રમાણે છે. દેવછંદોજાવ ધુપના કડુછા છે. એમ એક સિધ્ધાયતનનું વર્ણન કહ્યું તેમ ચાર દિશે ૪ સિધ્ધાયતન છે. ત્યાં મેરુ પર્વતથી ૫૦ જોજન ઇશાન કોણ વનમાં જાય ૪ વાવડીઓ છે મેરુ પર્વતથી ૫૦ જોજન અગ્નિકોણ વનમાં જાય ત્યાં ૪ વાવડીઓ છે. મેરુ પર્વતથી ૫૦ જોજન નૈઋત્યકોણે વનમાં જાય ત્યાં ૪ વાવડીઓ છે મેરુ પર્વતથી ૫૦ જોજન વાયવ્યકોણે વનમાં જાય ત્યાં ૪ વાવડીઓ છે. તે એકેકી વાવડી ૫૦ જોજનની લાંબી અને ૨૫ જોજનની પહોળી છે, અને દશ દશ જોજનની ઊંડી છે. તેઓ ચારે દિશા તોરણ સહિત છે. તે ચાર ચાર વાવડીઓના મધ્યમાં એક એક મહેલ છે ને તે દક્ષિણની બે બાજુમાં (અગ્નિ ને નૈઋત્યકોણમાં) શક્રેંદ્રના ને ઉત્તરની બે બાજુમાં (ઇશાન ને વાયવ્યમાં) ઇશાનેંદ્રના મહેલ છે. તે ચારે પાંચસો પાંચસો જોજનના ઊંચા છે, અને અઢીસો અઢીસો જોજનના લાંબા ને પહોળા છે તથા ઊંચા શિખરબંધ છે, ભદ્રશાલ વનમાં ૮ દિગહસ્તિ કુટ છે. ભદ્રશાલ વનથી પાંચસે જોજન મેરૂ ઉપર જઇએ ત્યાં નંદનવન આવે. તે નંદનવન ૫૦૦ જોજન ચક્રવાલ વિષ્કંભપણે ફરતું વર્તુળ વલયને આકારે છે. તે મેરુ પર્વતની નજીક છે, જ્યાં ઘણાં દેવ-દેવાંગના હાસ્યરતિ ખેલે છે. ત્યાં પણ ૪ સિધ્ધાયતન છે, ૧૬ વાવડીઓ છે. ૪ મહેલ છે, પહેલાના પેઠે છે. પણ ત્યાં ૯ કૂટ છે. વળી નંદનવનથી સાડીબાસઠ હજાર જોજન ઊંચા જઇએ ત્યાં સૌમનસ વન આવે તે ૫૦૦ જોજન ચક્રવાલ વિષ્કંભપણે ફરતું વર્તુળ-વલયને આકારે છે. મેરુને વીંટી રહ્યું છે સિધ્ધાયતન છે. ૧૬ વાવડીઓ છે, ૪ મહેલ છે. ત્યાંથી ૩૬ હજાર જોજન મેરુને શિખરે જઇએ ત્યાં પંડગવન આવે, તે ૪૯૪ જોજન ચક્રવાલ વિષ્કંભપણે ફરતું વર્તુળ-વલયને આકારે છે. મેરુની ચુલિકાને વીંટી રહ્યું છે. પંડગ વનને વિષે એક ચુલિકા છે, તે ૪૦ જોજનની ઊંચી છે. ૧૨ જોજનની મૂળે પહોળી છે, અને ૪ જોજનની મથાળે પહોળી છે. આઠ જોજનની વચમાં પહોળી છે ગાયના પૂંછને આકારે છે. સર્વ વૈડુર્ય રત્નમય છે. તેની એક પદ્મવર વેદિકા છે. ઉપર ઘણી સમરમણિક ભૂમિકા છે. તે ચુલિકા ઉપર એક સિધ્ધાયતન છે. તે ૧ કોશનું લાંબુ ને અર્ધ કોશનું પહોળું છે અને દેશ ઊણું કોશ ઊંચું છે, અનેક સ્તંભો છે, જાવ ધુપના કડુછા છે. તે પંડગ વનમાં ૪ સિધ્ધાયતન છે. ૧૬ વાવડીઓ છે, ૪, મહેલ છે, તે પહેલાંની પેઠે જાણવું. પંડગ વનમાં ૪ અભિષેક શિલા છે, તેનાં નામ :

પાંડુ શિલા ૧, પાંડુ કંબલ શિલા ૨, રક્ત શિલા ૩, રકતકંબલ શિલા ૪, એ ચાર શિલા અર્ધ ચંદ્રમાને આકારે છે. પૂર્વ પશ્ચિમની શિલા ઉત્તર, દક્ષિણે પાંચસો પાંચસો જોજનની લાંબી છે. અને પૂર્વ, પશ્ચિમે અઢીસો અઢીસો જોજનની પહોળી છે. ઉત્તર દક્ષિણની શિલા પૂર્વ પશ્ચિમે પાંચસો પાંચસો જોજનની લાંબી છે અને ઉત્તર દક્ષિણે અઢીસો અઢીસો જોજનની પહોળી છે, ૪ જોજનની જાડપણે છે, સર્વ કનકમય છ. એ ૪ ને ત્રણ દિશે પગથીઆં છે. પૂર્વ પશ્ચિમની શિલા ઉપર બે બે સિંહાસન છે, અને ઉત્તર દક્ષિણની શિલા ઉપર એકેકું સિહાસન છે, તે પાંચસો પાંચસો ધનુષના લાંબા ને પહોળા છે. અને ૨૫૦ ધનુષના ઊંચા છે ત્યાં તીર્થંકર દેવનો જન્મ મહોત્સવ કરે છે. જંબુદ્વીપમાં જઘન્ય ૨ તીર્થંકરનો ઉત્કૃષ્ટ ૪ તીર્થંકરનો જન્મ મહોત્સવ એકી વખતે થાય છે, મેરુનાં ૧૬ નામ; મંદર ૧, મેરુ ૨, મનોરમ ૩, સુદર્શન ૪, સ્વયંપ્રભ, ૫, ગિરિરાજ ૬, રત્નોચ્ચય ૭, તિલકોપમ ૮, લોકમધ્ય ૯, લોકનાભિ ૧૦, રત્ન ૧૧, સૂર્યાવર્ત ૧૨, સૂર્યાવરણ ૧૩, ઉત્તમ ૧૪, દિશાદિ ૧૫, અવતંશ ૧૬. ચિત્ત ૧, વિચિત્ત ૨, એ બે પર્વત દેવકુરૂક્ષેત્રમાં છે. નિષધ પર્વતથી ઉત્તરે ૮૩૪ જોજનને એક જોજનના ૭ ભાગ કરીએ તેવા ૪ ભાગ જઇએ ત્યાં સિતોદા નદીને પૂર્વ પશ્ચિમને કાંઠે છે. ૨ યમક પર્વત ઉત્તર કુરૂક્ષેત્રમાં છે. નીલવંત પર્વતથી દક્ષિણે ૪૩૪ જોજન ને એક જોજનના ૭ ભાગ કરીએ તેવા ૪ ભાગ જઇએ ત્યાં સિતા નદીને પૂર્વ પશ્ચિમને કાંઠે છે. ચિત્ર ૧, વિચિત્ત ૧ યમક ૨. એ ૪ પર્વત ૧ હજાર જોજનના ઊંચા છે અને અઢીસો જોજનના ધરતીમાં ઊંડા છે. એક હજાર જોજનના મૂળે લાંબા પહોળા છે. સાડા સાતસેં જોજનના વચમાં લાંબા પહોળા છે. ઉપર પાંચસો જોજનના લાંબા પહોળા છે. તેની ત્રિગુણી અધિક પરિધી છે. બસેં કંચનગિરિ પર્વત સિતા સિતોદા નદીની વચ્ચે પાંચ પાંચ દ્રહની બે બાજુએ છે તે એકેક દ્રહ પાસે એકેકી કોરે દશ પર્વત છે એમ બીજી પાસે પણ દશ દશ પર્વત છે, એ ૧૦ દ્રહને બેઉ કાંઠે બસેં કંચનગિરિ પર્વત છે. તે સો જોજનના ઊંચા છે, પચીસ પચીસ જોજનના ધરતીમાં ઊંડા છે. મૂળે સો જોજનના લાંબા અને પહોળા છે, વચ્ચે પોણોસો જોજનના લાંબા ને પહોળા છે, ઉપર પચાશ જોજનના લાંબા ને પહોળા છે. તેમની ત્રિગુણી અધિક પરિધી છે (૨૧૧) ૪ ગજદંતા કહે છે; ગંધમાદન ૧. માલવંત ૨, વિદ્યુતપ્રભ ૩, સૌમનસપ્રભ ૪. નિષધથી બે, નીલવંતથી બે ગજદંતા નીકળીને મેરુ પાસે ચારે આવીને અડકી રહ્યા છે. ૩૦૨૦૯ જોજન ને ૬ કલાના લાંબા છે, નિષધ ને નીલવંતને અડતાં ચારસો ચારસો જોજનના ઊંચા છે, અને સો સો જોજનના ધરતીમાં ઊંડા છે, અને પાંચસો પાંચસો જોજનના પહોળા છે. મેરુ પાસે જઇએ ત્યાં પાંચસો પાંચસો જોજનના ઊંચા છે, અને સવાસો સવાસો જોજનના ધરતીમાં ઊંડા છે. ઘટતાં અંગુલને અસંખ્યાતમે ભાગે પહોળા છે. એ હસ્તીના દાંતને આકારે છે. (૨૧૫) સોલ વખારા પર્વતઃ ચિંત્ત ૧, વિચિત્ત ૨, નલીન ૩, એકશૈલ ૪, ત્રિકુટ ૫, વૈશ્રમણ ૬, અંજન ૭, માયંજન ૮, અંકાવતી ૯, પદ્માવતી ૧૦, આશિવિષ ૧૧, સુખાવહ ૧૨, ચંદ્ર ૧૩, સૂર્ય ૧૪, નાગ ૧૫, દેવ ૧૬, એ ૧૬ તે ૧૬૫૯૨ જોજન ને ૨ કલાના લાંબા છે, પાંચસો પાંચસો જોજનના પહોળા છે. નિષધ નિલવંતથી નીકળતાં ચારસો ચારસો જોજનના ઊંચા છે, અને સો સો જોજનના ધરતીમાં ઊંડા છે. સિતા સિતોદા નદીની પાસે પાંચસો પાંચસો જોજનના ઊંચા છે. અને સવાસો સવાસો જોજનના ધરતીમાં ઊંડા છે. પાંચસો પાંચસો જોજનના પહોળા છે. વખારા પર્વત ઘોડાના ખાંધને આકારે છે. (૨૩૧) ચોત્રીશ લાંબા વૈતાઢ્યઃ તેમાં ૧ ભરતનો વૈતાઢ્ય ૧ ઇરવતનો વૈતાઢ્ય અને ૩૨ વિજયના, એ ૩૪ વૈતાઢ્ય. તે પચીસ પચીસ જોજનના ઊંચા છે અને સવા છ જોજનના

ધરતીમાં ઊંડા છે. પચાસ પચાસ જોજનનાં પહોળા છે. તેમની બાંહા ૪૮૮ જોજન ને ૧૬ કલા ઝાઝેરી છે. તેમની જીવા ૧૦૭૨૦ જોજન ને ૧૨ કલાની તેમની ધનુષ્પીઠ ૧૦૭૪૩ જોજન ને ૫૫ કલા એકેક વૈતાઢ્યે બે બે ગુફા છે તમિસ્રગુફા ૧. ખંડપ્રપાતગુફા ૨. એ ૨ ગુફાઓ પચાશ પચાશ જોજનની લાંબી છે અને ૧૨ જોજનની પહોળી છે, અને આઠ જોજનની ઊંચી છે. તેમાં બે બે નદી છે, તેના નામ ઉમગજલા ૧ નિમગજલા ૨. એકવીશ જોજન જઈએ ત્યાં ઉમગજલા નદી આવે તે ત્રણ જોજન પટમાં છે. તેમાં હાથી, ઘોડા, બળદ, મનુષ્યનું કલેવર, કચરો પડે તેને ત્રણવાર ભમાડી ઉછાળી બહાર નાખે તે કારણે ઉમગજલા કહેવાય છે. ત્યાંથી ૨ જોજન આઘા જઈએ ત્યાં નિમગજલા નદી છે, તે ૩ જોજનના પટમાં છે. તેમાં હાથી, ઘોડા, મનુષ્ય, બળદનું કલેવર અનેરું પુદ્ગલ પડે તેને ત્રણ વાર ભમાડીને હેઠું બેસાડે તે કારણે નિમગજલા કહીએ. શેષ ૩૨ દીર્ઘ વૈતાઢ્ય મહાવિદેહ ક્ષેત્રમાં છે, તે પણ એ સરખા છે, પણ બાંહા, જીવા, ધનુષ્પીઠ નથી. તે પલંગને આકારે છે. (૨૬૫) ૪ વર્તુલ વૈતાઢ્ય. શબ્દાપતિ ૧, વિકટાપાતિ ૨, ગંધાપાતિ ૩. માલવંત ૪. એ ૪ વર્તુલ વૈતાઢ્ય : જુગલિયાના ક્ષેત્રમાં છે. તે ૧ હજાર જોજનના ઊંચા છે ૨૫૦ જોજનના ધરતીમાં ઊંડા છે. મૂળ ૧ હજાર જોજનના લાંબા ને પહોળા છે. ધાન્યના કોઠારને આકારે છે, તેની ૩૧૬૨ જોજન અધિક પરિધી શ્વેત વર્ણે છે. એવં સર્વ મળીને ૨૬૯ પર્વત થયા.

ઇતિ ૪થો પર્વત દ્વાર સમાપ્ત ૪.

૫ મો કુટદ્વાર : જંબૂદ્વીપમાં ૫૨૫ કૂટ છે. તેમાં ૪૬૭ કૂટ પર્વત ઉપર છે. તેનું વિવરણ કહે છે: ૩૪ દીર્ઘ વૈતાઢ્ય. નિષધ ૧, નીલવંત ૨, મેરૂ ૩, એ પર્વત અને વિદ્યુત્પ્રભ ૧, માલવંત ૨, એ ૨ વખાર ગજદંત. એ ૩૯ પર્વત ઉપર નવ નવ કૂટ છે. ૩૯ ને નવે ગુણતાં ૩૫૧ કૂટ થાય. ચુલ્લહિમવંત ને શિખરી એ બે પર્વત ઉપર અગિયાર અગિયાર કૂટ છે. એ ૨૨ થયા. મહાહિમવંત ને રૂપી એ ૨ પર્વત ઉપર આઠ આઠ કૂટ છે એ ૧૬ કૂટ સોલ વખારા પર્વત ઉપર ચાર ચાર કૂટ છે, એ ૬૪ કૂટ સૌમનસ ૧, ગંધમાદન ૨, એ ૨ વખાર ગજદંત ઉપર સાત સાત કૂટ છે, એ ૧૪ કૂટ, એ સર્વ મળીને ૪૬૭ કૂટ પર્વત ઉપરના થાય; અને શેષ ૫૮ કૂટ ભૂમિ ઉપરના છે, તે કહે છે, ૩૪ ઋષભકૂટ તે ૧ ભરતનો. ૧ ઐરવતનો, અને ૩૨ વિજયના એ ૩૪, અને ભદ્રશાલ વનના ૮, દેવગુરૂના ૮, ઉત્તરકુરૂના ૮, એ સર્વ મળીને ૫૮ કૂટ ભૂમિ ઉપરના થયા, એ સર્વ મળીને ૫૨૫ કૂટ થયા.

ઇતિ ૫ મો કૂટદ્વાર સમાપ્ત ૫૦

૬ઠ્ઠો તીર્થ દ્વાર : જંબૂદ્વીપ મધ્યે ૧૦૨ તીર્થ છે, તે ૩૨ વિજય ૧ ભરત, ૧ ઐરવત, એ ૩૪ તેમાં દરેકમાં ત્રણ ત્રણ તીર્થ છે, માગધ ૧ વરદામ ૨, પ્રભાસ ૩. એ ૩ તે અગ્નિકોણે ૧ નૈઋત્યકોણે ૨, વાયવ્યકોણે ૩, એ ૪૪ ત્રિ ૧૦૨ તીર્થ થાય,

ઇતિ ૬ઠો તીર્થદ્વાર સમાપ્ત ૬.

૭ મો શ્રેણી દ્વાર : જંબૂદ્વીપમાં ૧૩૬ શ્રેણીઓ છે, તે વૈતાઢ્ય પર્વત ઉપર દશ દશ જોજન ઊંચા ચઢીએ ત્યાં ૧ દક્ષિણે ને ઉત્તરે એ બે વિદ્યાધરની શ્રેણીઓ છે, તેમાં ભરતના વૈતાઢ્ય ઉપર ગગન વલ્લભાદિક ૫૦ નગર દક્ષિણની શ્રેણીએ છે, અને રથ ચક્રવાલાદિક

૬૦ નગર ઉત્તરની શ્રેણીએ છે, એમજ ઇરિવતના વૈતાઢ્ય ઉપર ૬૦ નગર દક્ષિણની શ્રેણીએ છે, અને ૫૦ નગર ઉત્તરની શ્રેણીએ છે, મહાવિદેહના ૩૨ વૈતાઢ્ય ઉપર દક્ષિણ ઉત્તરની શ્રેણીએ પંચાવન પંચાવન નગર છે, સર્વ મળીને ૩૭૪૦ નગર વિદ્યાધરની શ્રેણીએ છે, એ ૩૪ દુ ૬૮ વિદ્યાધરની શ્રેણી, વળી વિદ્યાધરની શ્રેણીથી ૧૦ જોજન ઉંચા ચઢીએ ત્યાં અભિયોગ દેવની બે શ્રેણી આવે; દક્ષિણ ૧ ને ૧ ઉત્તરે એ પ્રમાણે ૩૪ દુ ૬૮ શ્રેણી અભિયોગ દેવની છે, એ સર્વ મળીને ૬૮ વિદ્યાધરની ને ૬૮ દેવની એ ૧૩૬ શ્રેણીઓ છે.

ઇતિ ૭ મો શ્રેણી દ્વાર સમાપ્ત ૭

૮મો વિજયદ્વાર : વિજય કહેતાં જંબૂદ્વીપમાં ૩૪ વિજયરૂપ સ્થાનક છે, તેનાં નામ કચ્છા ૧, સુકચ્છા ૨, મહાકચ્છા ૩, કચ્છાગાવતી ૪, આવર્તા ૫, મંગલા ૬, પુષ્પકલા ૭, પુષ્પકલાવતી ૮, એ વિજય, સીતા મહાનદીને ઉત્તર દિશે પૂર્વ મહાવિદેહને વિષે શ્રી મેરુપર્વતથી માંડીને સિતામુખવન સુધી પ્રથમ ખાંડવું જાણવું. (૧) વત્સા ૯, સુવત્સા ૧૦, મહાવત્સા ૧૧, વત્સાગાવતી ૧૨, રમ્યા ૧૩, રમ્યકા ૧૪, રમણિક ૧૫, મંગલાવતી ૧૬, એ ૮ વિજય, સીતા નદીને દક્ષિણ પાસેસીતા મુખવનથી માંડીને મેરૂ સુધી માયંજન વખારા પર્વત સુધી બીજું ખાંડવું જાણવું (૨) પદ્મા ૧૭, સુપદ્મા ૧૮, મહાપદ્મા ૧૯, પદ્મગાવતી ૨૦, શંખા ૨૧, કુમુદા ૨૨, નલીના ૨૩, નલીનાવતી ૨૪, એ ૮ વિજય, સીતોદા નદીને દક્ષિણને કાંઠે વિદ્યુતતપ્રભ ગજદંત પછી અંકાવતી વખારા પર્વતથી ને સીતોદામુખ વનસુધી ત્રીજું ખાંડવું જાણવું (૩) વપ્રા ૨૫, સુવપ્રા ૨૬, મહાવપ્રા ૨૭, વપ્રગાવતી ૨૮, વલ્ગુ ૨૯, સુવલ્ગુ, ૩૦, ગંધિલા ૩૧, ગંધિલાવતી ૩૨, એ ૮ વિજય, તે સીતોદા મુખવનથી માંડીને સીતોદા નદીને કાંઠે દેવ વખારા પર્વત સુધી ચોથું ખાંડવું. જાણવું. (૪) એ ૩૨ વિજય મહાવિદેહ ક્ષેત્રમાં છે, તે સઘળી વિજય ૧૬૫૯૨ જોજનને ૨ કલાની ઉત્તર દક્ષિણે લાંબી છે. અને ૨૨૧૩ જોજનમાં કાંઇક ન્યૂનની પૂર્વ પશ્ચિમે પહોળી છે. ૧ ભરત, ૧ ઇરિવત, એ ૩૪, ત્યાં ૩૨ વિજયની, ૧ ભરતની, ૧ ઇરિવરતની, એ ૩૪ રાજધાની છે તે, ને ૩૪ તમિસ્ત્રગુફા, ૩૪ ખંડપ્રપાતગુફા, ૩૪ રૂષભકૂટ, એટલે શાશ્વત છે,

ઇતિ ૮ મો વિજયદ્વાર સમાપ્ત ૮.

૯મો દ્રહદ્વાર : જમ્બૂદ્વીપમાં ૧૬ દ્રહ છે. તેનાં નામ : પદ્મદ્રહ ૧, મહાપદ્મ દ્રહ ૨, પુંડરિકદ્રહ ૩, મહાપુંડરિકદ્રહ ૪, તિગિચ્છદ્રહ ૫, કેશરીદ્રહ ૬, એ ૬ દ્રહ વર્ષધર પર્વતના. ૫ દ્રહ દેવકુરૂને વિષે છે; નિષધદ્રહ ૧, દેવકુરૂદ્રહ ૨, સૂર્યદ્રહ ૩, સુલસદ્રહ ૪, વિદ્યુતપ્રભદ્રહ ૫, એ પાંચ દ્રહ દેવકુરૂક્ષેત્રમાં સીતોદા નદીની વચ્ચે છે. એમજ ઉત્તર કુરૂક્ષેત્રને વિષે સીતા નદીને મધ્ય ભાગે ૫ દ્રહ છે, તેનાં નામ : નીલવંતદ્રહ ૧, ઉત્તરકુરૂદ્રહ ૨, ચંદ્રદ્રહ ૩, ઐરાવત દ્રહ ૪, માલવંતદ્રહ ૫, એ ૧૦ ને ૬ ઉપરના એ પ્રમાણે ૧૬ દ્રહ થયા. ૧ પદ્મ દ્રહ અને ૨ પુંડરિકદ્રહ એ ૨ દ્રહ ૧ હજાર જોજન લાંબા અને ૫૦૦ જોજન પહોળા છે, ૧૦ જોજનના ધરતીમાં ઊંડા છે. એ પ્રમાણે જ દેવકુરૂ, ઉત્તરકુરૂના ૧૦ દ્રહ જાણવા. એકેકા દ્રહમાં ૧૨૦૫૦૧૨૦ કમલ છે. સઘળાં રત્નમય છે. પદ્મદ્રહ મધ્યે ૧ મોટું કમલ છે, તે શ્રીદેવીનું છે, અને ૧૦૮ કમલ શ્રી દેવીના ભંડારીનાં છે ૪ કમલ મહત્તરિકાનાં છે. ૭ કમલ અણિકાના અધિપતિનાં છે. ૧૬ હજાર કમલ આત્મરક્ષક દેવનાં તે. ૪ હજાર કમલ સામાનિક દેવનાં છે. ૫ હજાર કમલ માંહેલી પરિષદાનાં છે. ૧૦ હજાર કમલ વચલી પરિષદાનાં છે. ૧૨ હજાર કમલ બહારની પરિષદાનાં છે. તેને ફરતા

૩ કોટ કમલના છે, તેમાં ૩૨ લાખ કમલ પહેલા કોટનાં છે. ૪૦ લાખ કમલ વચલા કોટનાં છે. ૪૮ લાખ કમલ બહારના કોટના છે. એ સર્વ મળીને ૧૨૦૫૦૧૨૦ કમલ થયાં. તેમાં મોટું કમલ ૧ જોજનનું લાંબુ ને પહોળું છે, અર્ધ જોજનનું જાડું છે, ૧૦ જોજનનું પાણીમાં ઊંડું છે, ૨ કોશ પાણીથી ઊંચુ છે. ૧૦ જોજન અધિક સર્વાંગે છે. તે કમલનું વજ્ર રત્નમય મૂળ છે, રિષ્ટ રત્નમય કંદ છે, વૈડુર્ય રત્નમય નીલવર્ણાં બહારનાં પાંદડાં છે, જંબુનંદ રાતા રત્ન સુવર્ણમય માહેલાં પાંદડાં છે. તપાવ્યા સોનામય કેશરા છે, નાના પ્રકારની મણિમય જે ઉપર પાંખડિયો છે સોનાની કર્ણિકા લાંબી ને પહોળી છે, એક કોશનો જાડપણે ડોડો છે, તે ઉપર ઘણું રમણિક છે, ઘણું જ મધ્યદેશ ભાગે શ્રીદેવીનું ઘર છે, તે ૧ કોશનું લાંબુ ને અર્ધ કોશનું પહોળું છે, અને દેશે ઊણું કોશ ઊંચું છે અનેક સ્તંભા છે, ધરાર્યો સુવર્ણે કરી તે જોવા યોગ્ય છે.–તે ભુવનને ૩ બારણાં છેઃ પૂર્વે ૧, દક્ષિણે ૨, ઉત્તરે ૩, તે બારણાં ૫૦૦ ધનુષનાં ઊંચાં છે, અઢીસેં ધનુષનાં પહોળાં છે, તે ભુવનમાં એક મણિપીઠિકા છે તે ૫૦૦ ધનુષની લાંબી ને પહોળી છે, ૨૫૦ ધનુષની ઊંચી છે, તે મણિપીઠિકા ઉપર ૧ દેવશય્યા રહેવાનો પલંગ છે. મહાપદ્મદ્રહ ૧. મહાપુંડરિદ્રહ ૨. એ ૨ દ્રહ એકેકો ૨ હજાર જોજનનો લાંબો ને ૧ હજાર જોજનનો પહોળો છે, અને ૧૦ જોજનનો ધરતીમાં ઊંડો છે મહાપદ્મદ્રહમાં હ્રીદેવી રહે છે. મહાપુંડરિકદ્રહમાં બુધ્ધિદેવી રહે છે. એનાં કમલ શ્રીદેવીની પેઠે જાણવાં, પણ કમલનું માન બમણું જાણવું તેમાં મોટું કમલ ૨ જોજનનું લાંબુ ને પહોળું છે અને ૧ જોજનનું જાડું છે. તિગિચ્છદ્રહ ૧, કેશરીદ્રહ ૨, એ બે દ્રહ એકેકો ૪ હજાર જોજનનો લાંબો ને ૨ હજાર જોજનનો પહોળો છે, ૧૦ જોજનનો ધરતીમાં ઊંડો છે. તિગિચ્છદ્રહમાં ધૃતિદેવી રહે છે, કેશરી દ્રહમાં કીર્તિદેવી છે. અને મોટું કમલ ૪ જોજનનું લાંબુ ને પહોળું છે અને ૨ જોજનનું જાડું છે. કમલ શ્રીદેવીની પેઠે જાણવાં. એમ સોલે દ્રહના ૧૨૦૫૦૧૨૦ કમલને ૧૬ ગુણા કરતાં શાશ્વતા ૧૯૨૮૦૧૯૨૦ કમલ થાય. ૫ દ્રહ દેવકુરૂમાં, ૫, ઉત્તરકુરૂમાં એ ૧૦ દ્રહ ધરતી ઉપર છે. તેને નામે દેવનાં નામ છે. એક પલ્યનું આયુષ્ય છે, ચુલહિમવંત પર્વત ઉપર પદ્મદ્રહ છે. ત્યાં શ્રી દેવીનો વાસ છે. શિખરીપર્વત ઉપર પુંડરિકદ્રહ છે, ત્યાં લક્ષ્મીદેવીનો વાસ છે. મહાહિમવંત પર્વત ઉપર મહાપદ્મદ્રહ છે ત્યાં હ્રીદેવીનો વાસ છે. રૂપીપર્વત ઉપર મહાપુંડરિક દ્રહ છે, ત્યાં બુધ્ધિદેવીનો વાસ છે નિષધ પર્વત ઉપર તિગિચ્છદ્રહ છે. ત્યાં ધૃતિદેવીનો વાસ છે. નીલવંતપર્વત ઉપર કેશરીદ્રહ છે, ત્યાં કીર્તિદેવીનો વાસ છે, એ ૭ દેવીઓ ભવનપતિની જાતિની જાણવી, તેનું આયુષ્ય ૧ પલ્યનું છે. **ઇતિ ૯ મો દ્રહદ્વાર સમાપ્ત ૯.**

૧૦ મો સલિલા દ્વાર–જંબૂદ્વીપ મધ્યે ૧૪૫૬૦૯૦ નદીઓ છે. તેમાં પદ્મદ્રહને પૂર્વદિશને તોરણેથી ગંગા નીકળી ૫૦૦ જોજન પૂર્વ સામી ગઈ ત્યાં ગંગાવર્તન કુટ છે ત્યાં અફળાણી, ત્યાંથી દક્ષિણ દિશે ચાલી, તે ૫૨૩ જોજન ને ૩ કલા દક્ષિણ દિશે પર્વત ઉપર ગઈ. ત્યાં મોટા ઘડાના મુખમાંથી પાણી પડે તેમ મોતીના હાર સરખું મહામગરમચ્છના મુખને આકારે પરનાલી જીભિકામાંથી કાંઇક અધિક ૧૦૦ જોજન ઉંચેથી પાણી પડે છે, તે જીભિકા અર્ધ જોજન લાંબી છે અને સવા છ જોજનની પહોળી છે. પ્રનાલી મગરમચ્છના મુખ વિકસ્યા તેને સંસ્થાને છે. સર્વ વજ્રમય છે. ઓછો તેજવંત છે. તેમાંથી પાણી પડે છે. ત્યાં મોટો ગંગાપ્રપાત નામે કુંડ છે. તે કુંડ ૬૦ જોજન લાંબો ને પહોળો છે. ૧૦ જોજનનો ઊંડો છે. તે કુંડની રૂપામય ઉપકંઠ પાલી છે, વજ્ર પાષાણ તળું છે. સુખે માંહે ઉતરીએ તેવું છે. નાના મણિરત્ને કરી તેને કાંઠો બાંધ્યો છે. સુવર્ણ રજત ને મણિમય વેળુ છે. ગંભીર શીતલ જળ છે અને તે કમલને પાંદડે છાયું છે. ઘણા

ઉત્પલ કમલ છે. કુમુદ, નલીન, પુંડરિક શતપત્ર કમલ ઘણાં છે, ગંગા કુંડને બારણા ૩ છે, ત્રણ દિશે પગથિયાનું વર્ણન છે, પૂર્વદિશે ૧, દક્ષિણ દિશે ૨, પશ્ચિમ દિશે ૩, પગથિયાં છે. જેમ પાષાણ તેનો ઉપરનો ભાગ રિષ્ટ રત્નમય છે, વૈડૂર્યરત્નમય સ્તંભા સોંના રૂપાંનાં પાટિયાં છે, લોહિતાક્ષ રત્નમય ખીલા છે, વજ્રમય સાંધો જડી છે, મણિના આલંબન પકડવાને પગથિયાં આગળ પ્રત્યેક પ્રત્યેક તોરણ છે, તે મણિ સુવર્ણ મુક્તાફળ હારે કરી શોભે છે, તે ગંગાપ્રપાત કુંડની વચ્ચે ૧ ગંગાદ્વીપ નામે દ્વીપ છે, તે ૮ જોજનનો લાંબો ને પહોળો છે, ૨ કોશ પાણીથી ઉંચો છે, સર્વ વજ્ર રત્નમય છે, ગંગાદ્વીપની ઉપર ઘણું રમણિક છે, તે ઉપર ૧ ગંગાદેવીનું ભવન છે તે ૧ કોશનું લાંબુ ને અર્ધ કોશનું પહોળું છે અને દેશે ઉણું કોશ ઉંચુ છે. અનેક સ્તંભા છે, તેનું વર્ણન શ્રીદેવીની પેઠે જાણવું. ગંગાનું શાશ્વત નામ છે, તે ગંગાપ્રપાત કુંડના દક્ષિણ દિશાના બારણાથી ગંગા નદી નીકળીને ઉત્તર ભરતમધ્યે વહેતી વહેતી ૭ હજાર નદી સાથે ખંડપ્રપાત ગુફા ને વૈતાઢ્ય પર્વતને હેઠે થઇને દક્ષિણાર્ધ ભરતમાં વહેતી બીજી ૭ હજાર નદી ભળતી થકી સર્વ ૧૪ હજાર નદીને પરિવારે જગતીને ભેદીને પૂર્વના લવણસમુદ્રમાં મળી, એમજ સિંધુ પણ પશ્ચિમ દિશે જાણવી. જંબૂદ્વીપમાં ૧૪૫૬૦૯૦ નદીઓ છે. તેનું વિવરણ ગંગા ૧; સિંધુ ૨; રકતા ૩, રકતાવતી ૪, એ નદીઓ મૂળથકી નીકળતાં સવા ૭ જોજનની પહોળી અને અર્ધ ગાઉની ઊંડી છે. છેડે સમુદ્રમાં મળતાં સાડીબાસઠ જોજનની પહોળી અને સવા જોજનની ઊંડી છે. એકેકીનો ચૌદ ચૌદ હજાર નદીઓનો પરિવાર જાણવો. સર્વ મળીને ૧૪ ચોકું ૫૬૦૦૦ નદીઓ થઈ. રોહિતા ૧, રોહિતાંશા ૨, એ ૨ નદીઓ હેમવય ક્ષેત્રમાં છે, અને સુવર્ણકુલા ૧ ને રૂપકુલા ૨ એ ૨ નદીઓ હિરણ્યવય ક્ષેત્રમાં છે. એ ૪ નદી નીકળતાં સાડીબાર જોજનની પહોળી અને ૧ ગાઉની ઊંડી છે, છેડે સમુદ્રમાં મળતાં સવાસો જોજનની પહોળી અને અઢી જોજનની ઊંડી છે. એકેકીનો અઠ્ઠાવીશ અઠ્ઠાવીશ હજાર નદીઓનો પરિવાર જાણવો. સર્વ મળીને એક લાખ ને ૧૨ હજાર નદીઓ થઇ, હરિકાંતા ૧; હરિસલિલા ૨, એ ૨ નદીઓ હરિવાસ ક્ષેત્રમાં છે. અને નરકંતા ૧, નારીકંતા ૨, એ ૨ નદીઓ રમ્યકવાસ ક્ષેત્રમાં છે, એ ૪ નદીઓ મૂળે નીકળતાં પચીસ પચીસ જોજનની પહોળી છે અને ૨ ગાઉની ઊંડી છે. છેડે સમુદ્રમાં અઢીસો અઢીસો જોજનની પહોળી છે અને પાંચ પાંચ જોજનની ઊંડી છે. એકેકી નદીનો પરિવાર ત્રેપન હજાર નદીઓનો જાણવો. એ ૪ થઇને ૨ લાખ ને ૨૪ હજાર નદીઓ થઈ. સીતા ૧, સીતોદા ૨, એ નદીઓ મહાવિદેહ ક્ષેત્રમાં છે. તે મૂળે ૫૦ જોજનની પહોળી છે. ચાર ચાર ગાઉની ઊંડી છે. છેડે સમુદ્રમાં મળતાં પાંચસો પાંચસો જોજનની પહોળી છે, દશ દશ જોજનની ઊંડી છે, એકેકીનો પાંચ લાખ ને બત્રીશ હજારનો પરિવાર છે. એ ૨ નો પરિવાર ૧૦ લાખ ને ૬૪ હજાર નદીઓનો જાણવો. મહાવિદેહ ક્ષેત્રની ૧૬ વિજયમાં ગંગા ૧, સિંધુ ૨ છે તે ૧૬ દુ ૩૨ થઇ, અને ૧૬ વિજયમાં રકતાં ૧; રકતાવતી ૨ છે તે પણ ૧૬ દુ ૩૨ થઇ. એમ મહાવિદેહ ક્ષેત્રમાં ૬૪ નદીઓ છે. ૬૪ નું પહોળપણું ભરતની ગંગાની પેઠે જાણવું. તે એકેકીનો ચૌદ ચૌદ હજાર નદીઓનો પરિવાર જાણવો. ચોસઠ ને ૧૪ હજારે ગુણતાં ૮ લાખ ને ૯૬ હજાર નદીઓ થાય, અને દેવકુરૂની ૮૪ હજાર અને ઉત્તરકુરૂની ૮૪ હજાર એ ૧ લાખ ને ૬૮ અને ૮ લાખ ને ૯૬ હજારમાં મેળવીએ એટલે ૧૦ લાખ ને ૬૪ હજાર થાય. એટલો પરિવાર સીતા, સીતોદાનો જાણવો અને શેષ ૧૨ નદીઓનો પરિવાર ૩ લાખ ને ૯૨ હજાર, એ સર્વ મળીને ૧૪ લાખ ૫૬ હજાર નદીઓ થાય. અને ૯૦ મોટી નદીઓ જાણવી. હવે ૧૨ અંતર નદીઓ મહાવિદેહ ક્ષેત્રમાં છે, તે ૮ વિજયનું ૧ ખાંડવું, તેમાં ૩ નદીઓ પૂર્વ મહાવિદેહને ઉત્તરને ખાંડવે અને દક્ષિણને

ખાંડવે ૩, એ ૬, એમજ પશ્ચિમ મહાવિદેહને ઉત્તરને ખાંડવે ૩ અને દક્ષિણને ખાંડવે ૩, એમ ૧૨ અંતર નદીઓ છે. તે એકેકી સવાસો સવાસો યોજનની પહોળી છે, અને અઢી અઢી યોજનની ઊંડી છે. ૧૬૫૯૨ યોજન ને ૨ કલાની લાંબી છે, તે ૧૨ અંતર નદીના નામ કહે છે; ગ્રાહવતી ૧, દ્રહાવતી ૨, પંકાવતી ૩ તપ્તજલા ૪, મત્તજલા ૫, ઉન્મત્તજલા ૬, ક્ષીરોદા ૭, સિંહશ્રોતા ૮, અંતોવાહિણી ૯, ઉર્મેમાલની ૧૦ ફેણમાલિની ૧૧, ગંભીરમાલિની ૧૨, એ સર્વ થઈ મોટી નદીઓ થઇને ૧૪, ૬૪, ૧૨ થઈને ૯૦ નદીઓ થઈ. એનો પરિવાર સર્વ નદીઓ થઈને ૧૪૫૬૦૯૦ નદીઓ થાય.

ઇતિ ૧૦ મો સલિલાદ્વાર સમાપ્ત. ૧૦

ઇતિ જંબૂદ્વીપ વિચાર સંપૂર્ણ.

ગર્ભ વિચાર.

ગુરુ–હે શિષ્ય ! પન્નવણા સૂત્રનો તથા ગ્રંથકારોનો અભિપ્રાય જોતાં. સર્વ જન્મ અને મરણનાં દુઃખનો મુખ્યતાએ કરીને, ચોથા મોહનીય કર્મના ઉદયમાં સમાવેશ થાય છે. તે મોહનીયમાં જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય અને અંતરાય કર્મ, એ ત્રણનો સમાવેશ થાય છે. એ ચારે કર્મ એકાંત પાપ છે. તેનું ફળ અસાતા અને દુઃખ છે. આ ચારે કર્મના આકર્ષણથી આયુષ્ય કર્મ બંધાય છે. તે આયુષ્ય, શરીરમાં રહીને ભોગવાય છે. તે ભોગવવાનું નામ વેદનીય કર્મ કહેવાય છે, વેદનીયમાં સાતા તથા અસાતા વેદનીયનો સમાવેશ થાય છે. તેની સાથે જ નામ તથા ગોત્ર કર્મ જોડાયેલાં હોય છે, અને તે આયુષ્ય કર્મ સાથે સંબંધ રાખે છે. આ ચાર કર્મ શુભ તથા અશુભ, એવાં બે પરિણામથી બંધાય છે. તેથી તે મિશ્ર કહેવાય છે; તેના ઉદય ઉપરથી પુણ્ય તથા પાપની ગણના કરી શકાય છે; આ પ્રમાણે આઠ કર્મ બંધાય છે અને તે જન્મ મરણરૂપ ક્રિયા કરી ભોગવાય છે; તેમાં મોહનીય કર્મ રાજા છે. તેનો દીવાન આયુષ્ય કર્મ છે. મન તેઓનો હજુરી સેવક છે. તે મોહ રાજાના આદેશ મુજબ, નિત્ય નવાં કર્મનો સંચય કરી બંધ બાંધે છે. તે સર્વ પન્નવણાજીના કર્મપ્રકૃતિ પદથી સમજવું. મન હંમેશા ચંચળ અને ચપળ છે અને તે કર્મસંચય કરવામાં અપ્રમાદી અને કર્મ છોડવામાં પ્રમાદી છે. તેથી લોકમાં રહેલા જડ ચૈતન્યરૂપ પદાર્થો સાથે, રાગ દ્વેષની મદદવડે, જોડાય જાય છે. તેથી તેને મનજોગ કહીને બોલાવાય છે, એવા મનજોગથી નવાં કર્મની આવક આવે છે. તેનો પાંચ ઇંદ્રિયદ્વારે ભોગોપભોગ કરે છે, એમ એક પછી એક વિપાકનો ઉદય થાય છે, તે સર્વનું મૂળ મોહ છે, તે પછી મન, તે તે પછી ઇંદ્રિય વિષય, અને તેનાથી પ્રમાદ વધે છે, તેવા પ્રમાદને વશ પડેલો પ્રાણી ઇંદ્રિયોનું પોષણ કરવાના રસ સિવાય, રત્ન ત્રયાત્મક અભેદાનંદના આનંદની લહેરનો રસીલો થઈ શકતો નથી. તે બદલ ઊંચનીચ કર્મના ખેંચાણથી નરક વગેરે ચારે ગતિમાં જા–આવ કરે છે. તેમાં વિશેષ કરીને દેવગતિ સિવાય ત્રણ ગતિનાં જન્મ અશુચિથી ભરેલાં છે. તેમાં પણ નરકકુંડમાં

કેવળ મળમૂત્ર અને માંસ, રૂધિરનો કાદવ ભરેલો છે. તેના છેદન થવાનું ભયંકર દુઃખ છે. તે દુઃખનો ચિતાર સૂયગડાંગ સૂત્રથી જાણવો. ત્યાંથી મનુષ્ય, તિર્યંચની ગતિમાં આવે છે. ત્યાં ગર્ભવાસ મળે છે, તે કેવળ અશુદ્ધ અને અશુચિનો ભંડાર છે. પાયખાનાની અપેક્ષાએ જોતાં તે કાયમ અખૂટ કીચથી ભરેલો છે. તે ગર્ભસ્થાન નરકસ્થાનનું ભાન કરાવે છે, તેમજ ઉપજનારો જીવ નારકીના નમુનાનુ ભાન કરાવે છે, ફેર માત્ર એટલો જ કે નરકમાં છેદન; ભેદન, તાડન; તરજણા, ખાંડણ, પીસણ અને દહન સાથે દશ પ્રકારની ક્ષેત્ર વેદના છે. તે ગર્ભમાં નથી, પણ ગતિના પ્રમાણમાં ભયંકર કષ્ટ ને દુઃખ છે.

ઊપજનારાની સ્થિતિનું તથા ગર્ભસ્થાનનું વિવેચન.

શિષ્ય–હે ગુરુ ! ગર્ભસ્થાનમાં આવી ઉપજનારો જીવ, ત્યાં કેટલા દિવસ કેટલી રાત્રિ; કેટલી મુહૂર્ત રહે ? અને તેટલા વખતમાં કેટલા શ્વાસોચ્છવાસ લે છે ?

ગુરુ–હે શિષ્ય ! ઊપજનારો જીવ બસે ને સાડી સતોતેર અહોરાત્રિ રહે છે. વાસ્તવિક રીતે જોતાં એટલોજ ગર્ભનો કાળ છે. તે જીવ આઠ હજાર ત્રણસે ને પચાસ મુહૂર્ત ગર્ભસ્થાનમાં રહે છે. ચૌદ લાખ દશ હજાર બસેંહ ને પચ્ચીસ શ્વાસોચ્છવાસ લે છે. તેમ છતાં વધઘટ થતી જણાય છે. તે સર્વ કર્મવિપાકનો વ્યાઘાત સમજવો. ગર્ભસ્થાનને માટે સમજવાનું કે માતાના નાભિમંડળ નીચે ફૂલને આકારે બે નાડી છે. તે બેની નીચે ઉંધા ફૂલને આકારે એક ત્રીજી નાડી છે. તે યોનિ નાડી કહેવાય છે. તે યોનિ જીવને ઊપજાવવાનું ઠેકાણું છે. તે ઠેકાણામાં પિતા તથા માતાના પુદ્દગલનું મિશ્રણ થાય છે. ને યોનિરૂપ ફુલની નીચે આંબાની માંજરને આકારે, એક માંસની પેશી હોય છે, તે પેશી દરેક મહિને પ્રવાહિત થવાથી સ્ત્રી ઋતુધર્મમાં આવે છે, તે રૂધિર ઉપરની યોનિ નાડીમાં જા આવ કરે છે, કેમકે તે નાડી ખુલેલી જ હોય છે, ચોથે દિવસે ઋતુસ્ત્રાવ બંધ પડે છે, પણ અભ્યંતરમાં સૂક્ષ્મ સ્ત્રાવ રહે છે, ત્યારે સ્નાન કરી શુચિ થવાય છે, પાંચમે દિવસે યોનિ નાડીમાં સૂક્ષ્મ રૂધિરનો જોગ હોય છે, તે જ વખતે વિર્યબિંદુની પ્રાપ્તિ થાય, તો તેટલા વખતને મિશ્રયોનિ કહેવાય છે, અને તે ફળ પ્રાપ્ત થવા યોગ્ય ગણાય છે. તેનું મિશ્રપણું બાર મુહૂર્ત પહોંચે છે, તેટલી હદસુધીમાં જીવ ઊપજી શકે છે, તેમાં એક બે અને ત્રણ વગેરે નવ લાખ સુધી ઉપજે છે, તેઓનું આઉખુ જઘન્ય અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટ, ત્રણ પલ્યોપમ સુધીનું હોય છે, તે જીવનો પિતા એકજ હોય જ છે, પણ બીજી અપેક્ષાએ જોતાં, છેવટ નવસે પિતા સુધી શાસ્ત્ર કહે છે. તે સંજોગથી નહિ પણ નદીના પ્રવાહ સામે બેસી; સ્નાન કરવા વખતે; ઊપરવાટેથી ખેંચાઇ આવતાં પુરુષનાં બિંદુનાં સેંકડો રજકણો, સ્ત્રીના શરીરમાં પિચકારીના આકર્ષણની રીતે આવી ભરાય જાય છે. કર્મજોગે તેના કદાચિત્ ગર્ભ જામી જાય છે. તેમાં જેટલાં રજકણો આવેલાં હોય તે સર્વ તેના પિતા સ્વરૂપે ગણાય છે. એકી સાથે દશ હજાર સુધી ગર્ભ પાકે છે. તે મચ્છી તથા સર્પની માતાનો ન્યાય છે. મનુષ્યને ત્રણ સુધી પાકે છે. બાકી મરણ પામે છે. એક જ વખતે નવ લાખ ઉપજી મરણ પામ્યા હોય તો તે સ્ત્રી, જન્મ વાંઝણી રહે છે. બીજી રીતે સ્ત્રી કામાંધ થઇને અનિયમિત રીતે વિષય સેવે અથવા વ્યભિચારિણી બનીને હદ ઉપરાંત પરપુરુષ સેવે તે સ્ત્રી વાંઝણી થાય છે. તેનાં બીજકનો નાશ થાય છે. તેના શરીરમાં ઝેરી જીવો ઊપજે છે. તેના ડંખથી વિકાર વધે છે. તેથી તે સ્ત્રી દેવ, ગુરુ, ધર્મ કુળની મર્યાદા તથા શિયળ વ્રતને લાયક રહી શકતી નથી. તેવી બીજકભંગ સ્ત્રીનો સ્વભાવ નિર્દય અને અસત્યવાદી હોય છે, જે સ્ત્રી દયાળુ અને સત્યવાદી હોય તે સ્ત્રી પોતાના શરીરનું જતન કરે છે. કામવાસનાને કબજે રાખે છે. પોતાની પ્રજાનું

રક્ષણ કરવા અર્થે, સંસારી સુખના પ્યારની હદ મર્યાદા કરે છે. તેથી તેવી સ્ત્રીઓ પુત્ર-પુત્રીનું સારૂં ફળ પામે છે. એકલા રૂધિરથી કે એકલા બિંદુથી પ્રજા પ્રાપ્ત થતી નથી તેમજ ઋતુના રૂધિર, સિવાય બીજા રૂધિર, પ્રજાપ્રાપ્તિને કામે આવતાં નથી. એક ગ્રંથકાર કહે છે, કે સૂક્ષ્મ રીતે સોળ દિવસ સુધી રૂતુસ્રાવ રહે છે. તે રોગીને નહિ પણ નિરોગી શરીરવાળી સ્ત્રીને તેમ થાય છે, અને તે પ્રજાપ્રાપ્તિને લાયક કહેવાય છે. તે સોળમાંથી પહેલાં ત્રણ દિવસને ગ્રંથકારો નિષેધે છે. તેવો નીતિમાર્ગનો ન્યાય છે. અને તે ન્યાય પુણ્યાત્મા જીવો કબૂલ રાખે છે. બીજે મતે ચાર દિવસનો નિષેધ છે, કારણ કે ચોથે દિવસે ઉપજેલો જીવ, થોડા જ વખતમાં મરે છે તે જીવ તો શક્તિહીણ થાય, ને મા-બાપને બોજારૂપ નીવડે છે. પાંચમાંથી સોળમા સુધીના દિવસો નીતિશાસ્ત્રના ન્યાય મુજબ ગર્ભાધાન સંસ્કારના ગણાય છે. તેમાંનું એક બાળ-બીજક ચડતા ચડતું બળિયાવર, રૂપમાં તેજમાં, બુદ્ધિમાં અને એ વગેરે સર્વ સંસ્કારોમાં. શ્રેષ્ઠ તથા દીર્ઘાયુષ્યવાળું અને કુટુંબપાલક નીવડે છે પાંચથી સોળમી સુધીની અગિયાર રાત્રી છે, તેમાંથી છઠ્ઠી, આઠમી, દશમી, બારમી, ને ચૌદમી એ પાંચ બેકીનું રાત્રીનું બીજક બહુવચને પુત્રીરૂપ ફળ આપે છે. તેમાં વિશેષ એ છે કે પાંચમી રાત્રીમાં, ઉપજેલી પુત્રી જન્મવા પછી ઘણી પુત્રીઓની માતા થાય છે, પાંચમી, સાતમી, નવમી, અગિયારમી, તેરમી, અને પંદરમી એ એકીની રાત્રીનું બીજક પુત્રરૂપે જન્મી બહાર આવે છે. અને તે ઉપર કહેલા ગુણવાળું નીવડે છે. દિવસનું બીજક શાસ્ત્રથી નિષેધ છે, તેમ છતાં થાય તો કુટુંબની વ્યવહારિક સુખની તથા ધર્મની હાનિ કરનાર નીવડે છે.

બીજકની રીત-બિંદુના રજકણો વધારે અને રૂધિરનાં થોડાં હોય તો પુત્રરૂપ ફળ નીપજે છે. રૂધિર વધારે ને બિંદુ થોડું હોય તો પુત્રીરૂપ ફળ નીપજે છે. બે સરખાં હોય તો નપુંસકરૂપ ફળ નીપજે છે. (હવે તેનું ઠેકાણું કહે છે.) માતાની જમણી કૂખે પુત્ર, ડાબી કૂખે પુત્રી અને બે કૂખની વચ્ચે નપુંસક પાકે છે. (હવે તે ગર્ભની સ્થિતિ કહે છે.) મનુષ્ય ઉત્કૃષ્ટો બાર વરસ ગર્ભમાં જીવતો રહી શકે છે, તે પછી મરે છે; પણ શરીર રહે છે, તે શરીર ચોવીસ વરસ સુધી રહી શકે છે. તે સૂકા શરીરમાં ચોવીસમે વરસે નવો જીવ ઉપજે તો મહા મુશીબતે જન્મે. ન જન્મે તો માતા મરે. સંજ્ઞી તિર્યંચ આઠ વરસ સુધી ગર્ભમાં જીવતો રહી શકે છે (હવે આહારની રીત કહે છે.) યોનિ કમળમાં આવી ઊપજનારો જીવ, પ્રથમ માતાપિતાનાં મળેલા મિશ્ર પુદ્ગલનો આહાર કરીને પછી ઉપજે છે તેનો અર્થ પ્રજ્ઞાદ્વારથી જાણવો. વિશેષ એટલું જ કે અહીંના આહારમાં માતા-પિતાનાં પુદ્ગલ કહેવાય છે. તે આહારથી સાત ધાતુ નીપજે છે. તેમાં પહેલું રસી, બીજું લોહી, ત્રીજું માંસ. ચોથું હાડ, પાચમું હાડની મજ્જા. છઠ્ઠું ચર્મ, સાતમું વીર્ય ને નશા જાળ, એ સાતે મળીને બીજી શરીર પર્યાય અર્થાત્ સૂક્ષ્મ પૂતળું કહેવાય છે. ૭ પર્યાય બંધાય પછી તે બીજક સાત દિવસમાં ચોખાના ધોવાણ જેવો તોલદાર થાય છે. ચૌદમાં દિવસ સુધીમાં પાણીના પરપોટા જેવા આકારમાં આવે છે. એકવીસમાં દિવસ સુધીમાં નાકના શ્લેષ્મ જેવો અને અઠાવીશમાં દિવસ સુધીમાં અડતાળીશ માસા જેટલો વજનદાર થાય છે. પૂરે મહિને બોરના ઠળીઆ જેવડો, અગર છોટી કેરીની ગોટલી જેવો થાય છે. તેનું વજન એક કરખણ ઊણું એક પળનું થાય છે તે પળ એને કહેવાય છે; કે સોળ માસનું એક કરખણ તેવા ચાર કરખણના તોલને પળ કહેવાય છે. બીજે માસે કાચી કેરી જેવો, ને ત્રીજે માસે પાકી કેરી જેવો થાય છે. તે વખતથી ગર્ભ પ્રમાણે માતાને ડહોળા (દોહ-ભાવ) થાય છે. અર્થાત્ સારે ગર્ભે ઊંચા અને નરસે ગર્ભે નીચા મનોરથ થાય છે અને તે કર્મ પ્રમાણે ફળે છે. તે ઉપરથી સારા

નરસા ગર્ભની પરીક્ષા થાય છે. ચોથે માસે કણુકના પીંડા જેવો થાય, તેથી માતાનું શરીર પુષ્ટિ પામે છે. પાંચમે માસે પાંચ અંકુરા ફૂટે છે. તેમાં બે હાથ, બે પગ, પાંચમું મસ્તક, છઠે માસે રૂધિર તથા રોમ, નખ ને કેશની વૃદ્ધિ થાય છે. તેમાં સાડાત્રણ ક્રોડ રોમ છે. તેમાંથી બે ક્રોડ ને એકાવન લાખ ગળા ઉપર અને નવાણું લાખ ગળા નીચે છે, બીજે મતે તેટલી સંખ્યાનાં રોમ ગાડરનાં કહેવાય છે તે વિચારી જોતાં વ્યાજબી લાગે છે, એકેકા રોમને ઉગવા જેટલી જગામાં પોણાબેથી કાંઇક વધારે રોગ ભરેલા છે તેનો સરવાળો ગણતાં પોણા ૭ ક્રોડ ઉપરાંત રોગ થાય છે અને તે પુણ્યના ઉદયથી ઢંકાએલા રહે છે. અહીંથી રોમ આહારની શરૂઆત થવાનો સંભવ છે તત્ત્વં તુ સર્વજ્ઞગમ્યં. તે આહાર, માતાના રૂધિરનો સમેસમે લેવામાં આવે છે ને સમે સમે પ્રગમે છે, સાતમે માસે સાતસેં શીરા એટલે રસહરણી નાડીઓ બંધાય છે તે દ્વારે શરીરનું પોષણ થાય છે. તેથી ગર્ભને પુષ્ટિ મળે છે. તેમાંથી સ્ત્રીને છશેંને સિત્તોર નપુંસકને છસેં ને એંસી. અને પુરૂષને સાતસેં પુરી હોય છે. પાંસસેં માંસની પેશીયો બંધાય છે. તેમાંથી સ્ત્રીને વીસ ને નપુંસકને વીશ ઓછી હોય છે. તે પેશીવડે હાડ ઢંકાયેલા હોય છે, તે હાડમાં સર્વ મળીને ત્રણસેં ને સાઠ સાંધો છે એકેકી સાંધ ઉપર આઠ આઠ મર્મનાં ઠેકાણાં છે, તે મર્મસ્થાન ઉપર એક ટકોર વાગતાં મરણ પામે છે બીજે મતે એકસોને સાઠ સાંધિ; અને એકસોને સિત્તોર મર્મના સ્થાનક કહેવાય છે, ઉપરાંત સર્વજ્ઞગમ્ય. તે શરીરનાં છ અંગ હોય છે, તેમાંથી માંસ, લોહી અને મસ્તકની મજ્જા (ભેજું) એ ત્રણ અંગ માતાનાં છે, તેમજ હાડ હાડની મજ્જા અને નખ, કેશ, રોમ, એ ત્રણ અંગ પિતાનાં છે. આઠમે માસે સર્વ અંગ ઉપાંગ પૂર્ણ નીપજી રહે છે, ગર્ભને લઘુ નીત, વડી નીત, શ્લેષ્મ, ઉધરસ, છીંક બગાસું, ઓડકાર, વગેરે કાંઈ હોતું નથી. તે જે જે આહાર ખેંચે છે, તે આહારના રસવડે ઇંદ્રિયોને પુષ્ટિ મળે છે. હાડ, હાડની મજ્જા, ચરબી, નખ, કેશની વૃદ્ધિ થાય છે. તે આહાર લેવાની બીજી રીત એ છે, કે માતાની તથા ગર્ભની નાભી ઉપરની રસહરણી નાડી એ બે પરસ્પરમાં વાળાના આંટાની જેમ વીંટાઇ રહી છે. તેમાં ગર્ભની નાડીનું મોઢું માતાની નાભીમાં જોડાયેલું છે. માતાના કોઠામાં આહારનો પેલો કવલ પડે છે. તે નાભી પાસે અટકે છે. તેનો રસ બને છે. તે રસ, ગર્ભ પોતાની જોડાયેલી રસહરણી નાડીથી ખેંચી પુષ્ટ થાય છે તે શરીરમાં બોંતેર કોઠા છે, તેમાં પાંચ કોઠા મોટા છે. તેમાંથી શિયાળામાં બે કોઠા આહારના એક કોઠો--પાણીનો ઉનાળામાં બે કોઠા પાણીના, એક કોઠો આહારનો, ચોમાસામાં બે કોઠા આહારના અને બે કોઠા પાણીનાં કહેવાય છે. એક કોઠો સદાકાર આહારના અને બે કોઠા પાણીનાં કહેવાય છે. એક એક કોઠો સદાકાળ ખાલી રહે છે. સ્ત્રીને એક છઠ્ઠો કોઠો વધારે છે, તેમાં ગર્ભ રહે છે. પુરુષને બે કાન, બે ચક્ષુ, બે નાસિકા, મુખ, લઘુનીત અને વડી નીત એ નવ દ્વાર અપવિત્ર અને સદાકાળ વહેતાં રહે છે. તે સ્ત્રીને બે સ્તન અને ગર્ભદ્વાર એ ત્રણ મળીને બાર દ્વાર સદા કાળ વહેતાં રહે છે. તે શરીરમાં અઢાર પૃષ્ટકંડક નામની પાંસળીઓ છે, તે વાંસાની કરોડ સાથે જોડાયેલી છે. તે સિવાય બે પાંસાની બાર કંડક પાંસળીઓ છે, ને ઉપર સાત પડ ચામડીના મઢાયેલાં છે. છાતીના પડદામાં બે કાળજાં છે, તેમાં એક પડદા સાથે જડાયેલો ને બીજા કાંઇક લટકતો છે. પોણા પડદામાં બે અંતસ (નળ) કહ્યા છે, તેમાં પહેલો સ્થૂળ છે તે મળસ્થાન અને બીજો સુક્ષ્મ છે તે લઘુનીત સ્થાન કહેવાય છે. વળી બે પ્રણવસ્થાન એટલે ભોજન, પાન પ્રગમવાની જગા છે, દક્ષિણ (જમણે પાસે) પ્રગમે તો દુઃખ ઉપજે છે, વામ (ડાબે પાસે) પ્રગમે તો સુખ ઊપજે છે. સોળ આંતરા છે, ચાર આંગળની ગ્રીવા (ડોક) છે. ચાર પળની જીભ છે. બે પળની આંખો છે. ચાર પળનું મસ્તક છે, નવ આંગળની જીભ છે; બીજે મતે સાત સાત

આંગળની કહેવાય છે. આઠ પળનું હૃદય છે, પચીસ પળનું કાળજું છે. (હવે સાત ધાતુનાં પ્રમાણ માપ કહે છે.) તે શરીરમાં એક આઢો રૂધિરનો અને અરધો આઢો માંસનો હોય છે, એક પાથો માથાનો ભેજો એક આઢો લઘુનીત, એક પાથો વડી નીતનો છે. કફ, પિત્ત, ને શ્લેષ્મ એ ત્રણનો એકેકો કલવ અને અડધો કલવ વીર્યનો હોય છે, એ સર્વને મૂળ ધાતુ કહેવાય છે, એ ધાતુ ઉપર શરીરનો ટકાવ છે. એ સાતે ધાતુ પોતાના વજન પ્રમાણે રહે ત્યાં સુધી શરીર નિરોગી અને પ્રકાશવાળું રહે છે, તેમાં વધઘટ થવાથી શરીર રોગને આધિન થાય છે.

નાડીનુ વિવેચન :– તે શરીરમાં યોગશાસ્ત્રને ન્યાયે બોતેર હજાર નાડી છે. તેમાંથી નવસેં નાડી મોટી છે. તેમાંથી નવ નાડી ઘમણી ને મોટી છે. તેના થડકારા ઉપરથી રોગની તથા સચેત શરીરની પરીક્ષા થાય છે. તે બે પગની ઘુંટી નીચે બે, એક નાભીની એક હૃદયની, એક તાળવાની, બે લમણાની, અને બે હાથની; એ નવ, એ સર્વ, નાડીઓની મૂળ રાજ્યધાની 'નાભી' છે. તેની વિગત એ છે કે નાભીની એકસો ને સાઠ નાડી, પેટ તથા હૃદય ઉપર પથરાઇને ઠેઠ ઊંચે મસ્તક સુધી પહોંચી છે. તેનાં બંધનથી મસ્તક સ્થિર રહે છે. તે નાડીઓ મસ્તકને નિયમ મુજબ રસ પહોંચાડે છે, તેથી મસ્તક સતેજ, આરોગ્ય ને તર રહે છે. તે નાડીઓમાં નુકસાન હોય ત્યારે આંખ, નાક, કાન અને જીભ એ સર્વ કમજોર થાય છે, રોગિષ્ટ બને છે, શૂળ, ઝામર વગેરે વ્યાધિઓનો પ્રકોપ થાય છે.

નાભીથી બીજી એકસો ને સાઠ નાડી નીચી ચાલે છે, તે પગનાં તળીઆં સુધી પહોંચી છે. તેનાં આકર્ષણથી ગમનાગમન કરવાનું, ઊભું રહેવાનું તથા બેસવાનું બને છે. તે નાડીઓ ત્યાં સુધી રસ પહોંચાડી આરોગ્ય રાખે છે. તે નાડીમાં નુકસાન થવાથી સંધિવા, પક્ષઘાત સાથલના ચસકા, કળતર, તોડ, ફાટ, માથાના ભેજાનો દુઃખાવો અને આધાશીશી વગેરે રોગનો પ્રકોપ થાય છે.

નાભીથી ત્રીજી એકસો ને સાઠ નાડી તીરછી ચાલીને બે હાથની આંગળીઓ સુધી પહોંચી છે, તેટલો ભાગ તેનાથી મજબૂત રહે છે. તેને નુકસાન થવાથી પાસાશૂળ, પેટનાં અનેક દરદો, મુખપાકનાં, દાંતનાં દર્દો વગેરે અનેક રોગનો પ્રકોપ થાય છે.

નાભીથી ચોથી એકસો ને સાઠ નાડી નીચી મર્મસ્થાન ઉપર પથરાઇને, અપાન દ્વાર સુધી પહોચી છે. તેની શકિતવડે બધે જ રહી શકે છે. તેને નુકસાન થવાથી લઘુનીત, વડીનીતની કબજીયાત અથવા અનિયમિત છૂટ થઈ પડે છે. તેમજ વાયુ, કૃમિપ્રકોપ, ઉદરવિકાર, હરસ, ચાંદી, પ્રમેહ, પવનરોધ, પાંડુરોગ, જળોદર, કઠોદર, ભગંદર, સંગહણી વગેરેનો પ્રકોપ થાય છે, નાભીથી પચીસ નાડી ઊપડીને ઊંચી શ્લેષ્મ દ્વાર સુધી પહોંચી છે, તે શ્લેષ્મની ધાતુને પુષ્ટિ આપે છે, તેની નુકસાનીથી શ્લેષ્મ, પીનસનો રોગ થાય છે. તેમજ બીજી પચીસ નાડી તે તરફ આવીને પિત્ત ધાતુને પુષ્ટિ આપે છે. તેની નુકસાનીથી પિત્તનો પ્રકોપ અને જ્વરાદિક રોગ થાય છે. તેમજ ત્રીજી દસ નાડી વીર્ય ધારણ કરનારી છે, તે વીર્યને પુષ્ટિ આપે છે. તેમાં નુકસાન થવાથી સ્વપ્નધાતુ, મુખલાળ, ખરાબ પેસાબ વગેરેથી નબળાઇમાં વધારો થાય છે, એ સર્વે મળીને સાતસેં નાડી રસ ખેંચી પુષ્ટિ આપે છે અને તે શરીરને ટકાવી રાખનારી છે, તે નિયમિત રીતે ચાલવાથી નિરોગ, અને નિયમભંગ થવાથી રોગ થાય છે. તે સિવાયની બસેં નાડી ગુપ્ત ને જાહેર રીતે શરીરનું પોષણ કરે છે, તેથી નવસેં નાડી કહેવાય છે.

ઉપરની રીતે નવમા માસની હદ સુધીમાં, સર્વ અવયવ સાથે શરીર મજબૂત થઈ જાય છે. જ્યારથી ગર્ભનું બીજક રોપાયાની ખબર પડે; ત્યારથી જે સ્ત્રી બ્રહ્મચારિણી રહે છે તેનો ગર્ભ ઘણો ભાગ્યશાળી, મજબૂત બાંધાનો બળીઆવર અને સ્વરૂપવાન થાય છે. તથા ન્યાય નીતિવાળો અને ધર્મી નીવડે છે. તે ઉભયના કુળનો ઉદ્ધાર કરી, માતા પિતાને યશ અપાવે છે, અને તે પાંચે ઇંદ્રિયો ચોકખી પામે છે. જે સ્ત્રી ગર્ભ રહ્યો જાણે છે, તેમ છતાં જન્મવાના છેલ્લા દિવસ સુધી, નિર્દય બુદ્ધિ રાખી કુશીલ સેવ્યા કરે. તેમાં જો પુત્રી ગર્ભમાં હોય તો, તેના માતા પિતા દુષ્ટમાં દુષ્ટ, પાપીમાં પાપી, રૌ રૌ નરકનાં અધિકારી થાય છે, તેમજ તેનો ગર્ભ મરણ પામે છે; છતાં જીવતાં રહે તો કાણા, કુબડા, કોઢીઆ, લુલા, પાંગળા, બોબડા, મૂંગા, ઇંદ્રિયહીણ, કુરૂપ; દુબળા શક્તિહીણ બાંધાના તથા ઘાટ વગરના થઈ જાય છે, ક્રોધી, રીસાળ, કલેશી, પ્રપંચી અને ખોટી ચાલે ચાલનારાં નીવડે છે, એમ સમજી પોતાની પ્રજાનું ભલુ ઇચ્છનારી જે માતાઓ ગર્ભકાળથી શિયળવંતી બને છે. તેઓને ધન્ય છે.

વિશેષમાં ઉપર બતાવેલા ગર્ભવાસના સ્થાનકમાં, મહા કષ્ટ ને પીડા ભોગવવી પડે છે. તેનું દ્રષ્ટાંત એ છે, કે જેમ કોઈ પુરુષનું શરીર કોઢ તથા પતના રોગથી નીગળતું હોય તેને સાડાત્રણ ક્રોડ સોય, અગ્નિમાં ધગાવીને તેનાં સાડાત્રણ ક્રોડ રૂંવાડામાં પરોવે, તેના ઉપર ખાર ને ચુનાનું પાણી છાંટે, તે પછી આળા ચામડાંથી મઢીને તડકે નાખે અને દડાની જેમ અથડાવે તે વખતની પીડાનું વજન કેટલું ભયંકર છે ? તે તે ભોગવનારો તથા સર્વજ્ઞ પરમાત્મા જાણે દેખે છે. એવી ગર્ભ વેદના પહેલે મહિને ભોગવવી પડે છે. તેથી બીજે મહિને બમણી, ત્રીજે મહિને ત્રણગી, એમ ચડતાં ચડતાં નવમે મહિને નવગણી પીડા થાય છે, અર્થાત્ દરેક રૂંવાડે નવ નવ સૂઈ પરોવવા ન્યાયની પીડા સમજવી. ગર્ભવાસની જગા નાની છે, અને ગર્ભનું સ્થૂળ મોટું છે. તેથી સજ્જડ ભીંસાઈને કેરીની માફક ઉંધે માથે લટકીને રહેવું પડે છે. તે વખતે બે ઢીંચણ છાતીમાં ભરાવેલા, અને બે હાથની મુઠી આંખો આડી દીધેલ હોય છે. કર્મજોગે બીજો ને ત્રીજો ગર્ભ જોડે હોય તો તે વખતની સંકડાશનું અને મુંઝવણનું તોલ કરી શકાતું નથી. માતા જંગલ જાય ત્યારે ગર્ભના નાકની દાંડી ઉપર થઈ નીકાલ થાય છે. ખરાબમાં ખરાબ માદળામાં પડેલો હોય છે. તેની માતા ઉભી થાય, તે વખતે ગર્ભ જાણે છે, કે હું આસમાનમાં ફેંકાઈ ગયો છું. હેઠે બેસતી વખતે જાણે કે હું પાતાળમાં પટકાઈ ગયો છું ચાલતી વખતે જાણે છે કે હું મસકમાં ભરેલા દહીંની માફક ડખોળાઉં છું. રસોઈ કરવા વખતે જાણે હું ઇંટની ભઠ્ઠીમાં ભરાઈ બળું છું ઘંટીએ બેસતી વખતે જાણે કે હું કુંભારના ચાકડે ચડયો છું માતા ચત્તી સૂવે ત્યારે ગર્ભ જાણે કે મારી છાતી ઉપર સવામણની શિલા પડી છે. કુશીલ સમયમાં ગર્ભને ઉખળ મુશળનો ન્યાય મળે છે. એવી રીતે માતા પિતાના કરેલા તથા ગર્ભસ્થાનથી મળેલા એવા બે જાતનાં દુઃખોથી પીડાયેલા; કુટાયલા, ખંડાયલા અને અશુદ્ધિથી તરબોળ થયેલા દુઃખી પ્રાણીની દયા, શિયળવંતા ધર્માત્મા માતા-પિતા વિના કોણ રાખી શકે ? અર્થાત્ પાપી-પુરુષોમાંથી કોઈ નહિ. ગર્ભનો જીવ માતાને સુખે સુખી અને માતાને દુઃખે દુઃખી હોય છે. જેવા સ્વભાવવાળી માતા હોય તેવા સ્વભાવની છાયા, ગર્ભમાં પડે છે. ગર્ભમાંથી બહાર આવવા પછી તે પુત્ર-પુત્રીના આચાર, વિચાર, આહાર, વ્યવહાર વગેરે સર્વ માતાના સ્વભાવ મુજબ નીવડે છે, તે ઉપરથી માતા-પિતાના ઉચ્ચ, નીચ બીજકની તથા જશ-અપજશ વગેરેની પરીક્ષા,

પ્રજારૂપ ફોટોગ્રાફ ઉપરથી વિવેકી સ્ત્રી–પુરુષો કરી શકે છે, કેમકે તે ચિત્ર માતા–પિતાની પ્રકૃતિને આધારે ચિત્રાયેલું છે. માતા ધર્મ ધ્યાનમાં, ઉપદેશ શ્રવણ કરવામાં, તથા દાન પુણ્ય કરવામાં અને ભલી ભાવના ભાવવામાં જોડાઈ હોય તો ગર્ભ પણ તેવા વિચારમાં હોય છે. તે વખતે ગર્ભનું મરણ થાય તો દેવલોકમાં જઈ શકે છે, તેમજ માતા આર્ત ને રૌદ્ર ધ્યાનમાં હોય, તો ગર્ભ પણ આર્ત, રૌદ્ર ધ્યાની હોય છે, તે વખતે તે ગર્ભનું મરણ થાય તો તે નરકમાં જાય છે, માતા મહા કપટમાં જોડાઇ હોય તે વખતે તે ગર્ભનું મરણ થાય તો તે તિર્યંચમાં જાય છે. માતા મહા ભદ્રિક અને પ્રપંચ વગરના વિચારમાં જોડાઇ હોય, તે વખતે ગર્ભ મરે તો તે મનુષ્યમાં જાય છે. એમ ગર્ભમાંથી ચારે ગતિમાં જઈ શકે છે. ગર્ભકાળ પૂરો થાય, ત્યારે માતા તથા ગર્ભની નાભીની વિંટાયલી રસહરણી નાડી ઊખડી જાય છે, ત્યારે જન્મ થવાની તૈયારી થાય છે. તેમાં માતા તથા ગર્ભના પુણ્યનું તથા આયુષ્યનું બળ હોય, તો સીધે રસ્તે જન્મ થઇ શકે છે, તે વખતે કેટલાક માથા તરફથી, તો કેટલાક, પગ તરફથી જન્મે છે, પણ જો બન્ને ભારે કર્મી હોય તો ગર્ભ આડો પડી જાય છે. તેથી બેઉ મરણ પામે છે, અથવા માતાની બચાવની ખાતર પાપી ગર્ભના જીવ પર ખેધ કરીને છરીના શસ્ત્રથી ખંડોખંડ કરી જિંદગી પારની શિક્ષાએ પહોંચાડે છે. તેનો કોઇને શોક સંતાપ થતો નથી. સીધે રસ્તે જન્મ લેનારાઓ સોના–રૂપાના તાર જેવા છે. માતાનું શરીર જંતરડો છે. જેમ સોની તાર ખેંચે, તેમ ગર્ભ ખેંચાઇ કોટી કષ્ટે બહાર આવે છે, અર્થાત્ નવમે મહિને કહેલી પીડાને ક્રોડ ગણી કરતાં જે દુઃખ થાય છે, તે દુઃખ જન્મ વખતે થાય છે અને મરતી વખતે તે દુઃખને ક્રોડાક્રોડગણું કરતાં જે દુઃખ થાય છે, તે સર્વ દુઃખ બેહદ છે. તે સર્વ પોતાનાં કરેલા પુણ્ય–પાપનાં ફળ છે અને તે ઉદય કાળમાં ભોગવાય છે, એ સર્વ મોહનીય કર્મના સંતાપ છે.

ઉપર મુજબ ગર્ભકાળ, તથા ગર્ભસ્થાન, અને ગર્ભમાં ઉપજનારા જીવની સ્થિતિનું વિવેચન એ સર્વ, 'તંદુલ વિયાલીઆ પયન્ના' તથા 'ભગવતીજી' અને અન્ય ગ્રંથાંતરના ન્યાય મુજબ ગુરુએ શિષ્યને ઉપદેશમાં કહી બતાવ્યું. છેવટમાં કહ્યું કે જન્મવા પછી ભગીઆણીનો દરજ્જો લઇ માતાએ ઘણી સંભાળથી ઉછેરી પુખ્ત ઉંમરનો કીધો છે, તે પ્રજાની આશામાં માતાનું યૌવન લુંટાયું છે, વ્યવહારિક સુખપર તિલાંજલિ કરી છે, તે સર્વને તથા ગર્ભવાસના અને જન્મવા વખતના દુઃખોને ભૂલી જઈ યૌવન–મદમાં છકેલાં પુત્રીપુત્રીઓ, મહા ઉપકારી માતાને તિરસ્કારની દૃષ્ટિવડે ધિક્કાર આપી અનાદર કરે છે, વસ્ત્રાલંકારથી શોભિતાં બને છે, તેલ, ફુલેલ, ચુવા, ચંદન, ચંપા, ચમેલી અગર તગર અમર અને અત્તર વગેરેમાં ગરકાવ બની ફૂલહાર અને ગજરા ધારણ કરે છે, તેની સુગંધના અભિમાનની આંધીમાં એમ માનતા હશે, કે આ સર્વ શોભા અને સુગંધ મારા ચામડાથી વિંટાયલાં શરીરમાંથી બહાર આવતી હશે. તેવી શોભા અને સુગંધ માતા–પિતા વગેરે કોઇના ચામડામાં નથી, એવા મિથ્યાભિમાની આંધીમાં પડેલ બેભાન અજ્ઞાન પ્રાણીને માટે ગર્ભવાસનાં તથા નરક–નિગોદનાં અનંત દુઃખ તૈયાર છે, પણ એટલું તો સિદ્ધ છે કે સર્વ અગાડો પાપી માતાની ગેરસમજણના સ્વભાવનો અને કમભાગ્ય ઉપજનારા પાપી ગર્ભના વક્ર કર્મનો છે. હવે બીજા પક્ષમાં વિવેકી અને ધર્માત્મા તથા શિયળવ્રત ધારણ કરનારી સગર્ભા માતાઓનાં પુત્રપુત્રીઓ જન્મી ઉછરે છે, તેઓની જન્મક્રિયા પણ તેવી જ છે; પણ સ્વભાવની છાયા પાડવાનો ફેર છે. તેવી માતાઓનાં સ્વભાવનું સ્તનપાન કરી, પુખ્ત ઉમરે પહોંચેલાં પુત્રપુત્રીઓ પણ પોતપોતાના પુણ્યના ઉદય મુજબ સર્વ વૈભવનો ઉપભોગ કરે છે,

તેમ છતાં પોતાનાં માતા-પિતા સાથે વિનયપૂર્વક વર્તી શકે છે, ગુરુજનોમાં ભક્તિપરાયણ નીવડે છે, લજ્જા, દયા ક્ષમાદિ ગુણોમાં અને પ્રભુપ્રાર્થનામાં આગળ વધે છે, અભિમાનથી વિમુખ રહી મૈત્રી ભાવની સન્મુખ થાય છે. જિન્દગીના સાર્થક યોગ્ય સત્સંગ કરી જ્ઞાન મેળવે છે અને શરીરસંપત્તિ વગેરેથી ઉદાસ રહી આત્મ-સ્મરણમાં જિન્દગી પૂર્ણ કરે છે. તેમજ સર્વ કોઈ વિવેકદૃષ્ટિવાળા સ્ત્રી-પુરુષોએ આ અશુચિથી પ્રાપ્ત થયેલા ગંદા શરીરની નિપજ ઉપર ધ્યાન રાખી મમતા ઘટાડવી જોઈએ, મિથ્યાભિમાનથી પાછા હઠવું જોઈએ, મળેલી જિન્દગીનું સાર્થક કરવા માટે, શુભ કાર્યો કરવામાં ઉદ્યોગ કરવો જોઈએ, જેથી કરીને ઉપર કહેલાં ગર્ભવાસનાં દુઃખને આધીન થવું ન પડે.

ઇતિ ગર્ભવિચાર સંપૂર્ણ

અથ શ્રી બત્રીસ અસજઝાય

(આ બત્રીસ પ્રકારની અસજ્ઝાય વખતે સૂત્ર સિદ્ધાંત વાંચવા નહીં)

૧ નજીકમાં હાડકાં પડયાં હોય.
૨ માંસ પડયું હોય.
૩ લોહી પડયું હોય,
૪ વિષ્ટા પડી હોય.
૫ સ્મશાન હોય.
૬ ચંદ્રગ્રહણ હોય.
૭ સૂર્યગ્રહણ હોય.
૮ મોટું (પ્રખ્યાત) માણસ ગુજરી ગયુ હોય.
૯ રાજ્યમાં વિઘ્ન હોય.
૧૦ નજીકમાં પંચેન્દ્રિયનું કલેવર હોય.
૧૧ તારા ખર્યા હોય.
૧૨ દશે દિશા રાતી થઈ હોય. (દિશાઓ પડી હોય)
૧૩ અકાળે ગાજવીજ થાય.
૧૪ અકાળે વીજળી થાય.
૧૫ અકાળે કડાકા થાય.
૧૬ બાળ ચંદ્રમા વખતે. (બીજના ચંદ્રને રોજ ચાર ઘડી)
૧૭ આકાશમાં નવીન ચિન્હ થાય
૧૮ ધુમસ પડતી હોય.
૧૯ ઠાર તથા ઝાકળ પડતો હોય.
૨૦ ઘણો તોફાની પવન વાતો હોય.
૨૧ અશાડ સુદ ૧૫ ને રોજ.
૨૨ અશાડ વદ ૧.
૨૩ ભાદરવા શુદ ૧૫,
૨૪ ભાદવા વદ ૧.
૨૫ કારતક સુદ ૧૫.
૨૬ કારતક વદ ૧.
૨૭ ચૈત્ર શુદ ૧૫.
૨૮ ચૈત્ર વદ ૧.
૨૯ પ્રભાતે ૨ ઘડી સુધી. (સૂર્ય ઉગ્યા પહેલાં)
૩૦ મધ્યાન્હે બે ઘડી સુધી.
૩૧ સાંજે બે ઘડી સુધી (સૂર્ય-અસ્ત થયા પછી).
૩૨ મધ્ય રાત્રે બે ઘડી સુધી.

સૂત્ર ભણનારાઓએ આ અસજ્ઝાય અવશ્ય જાણી તે પ્રમાણે વર્તવું જોઈએ અર્થાત્ સૂત્રની મૂળ ગાથાઓ (પાઠ)નો સ્વાધ્યાય. અસજ્ઝાય વખતે કરવો જોઈએ નહીં,

અધ્યયનો (અર્થ સાથે)

૧ શ્રી મહાવીર સ્તુતિ. (પુચ્છિસ્સુણં)

પુચ્છિસ્સુ ણં સમણા માહણાય, આગારિણો યા પરિતિત્થિઆ ય;
સે કેઈ ણેગંતહિયં ધમ્મમાહુ, અણેલિસં સાહુસમિક્ખયાએ. ૧
કહં ચ ણાણં કહં દંસણં સે, સીલં કહં નાયસુયસ્સ આસિ ?
જાણાસિ ણં ભિક્ખુ જહાતહેણં, અહાસુયં બૂહિ જહા ણિસંતં, ૨
ખેયન્નએ સે કુસલે – મહેસી, અણંતનાણી ય અણંતદંસી;
જસંસિણો ચક્ખુપહે ઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચ ધિઇં ચ પેહિ. ૩
ઉડ્ઢં અહે યંતિરિયં દિસાસુ, તસા ય જે થાવર જે ય પાણા;
સોણિચ્ચણિચ્ચેહિ સમિક્ખ પન્ને, દીવે વ ધમ્મં સમયિં ઉદાહુ. ૪
સે સવ્વદંસિ અભિભૂયનાણી, ણિરામગંધે ધિઇમં ઠિયપ્પા;
અણુત્તરે સવ્વજગંસિ વિજ્જં, ગંથા અઇએ અભયે અણાઊ ૫
સે ભૂઇપણ્ણે અણિયે અચારી, ઓહંતરે ધીરે અણંતચક્ખુ;
અણુત્તરં તપ્પઈ સૂરિએ વા, વઇરોયણિન્દે વ તમં પગાસે. ૬
અણુત્તરં ધમ્મમિણં જિણાણં, ણેયા મુણી કાસવ આસુપન્ને;
ઇંદેવ દેવાણ મહાણુભાવે, સહસ્સણેયા દિવિ ણં વિસિટ્ઠે. ૭
સે પન્નયા અક્ખયસાગરે વા, મહોદહી વા વિ અણંતપારે;
અણાવિલે વા અકસાય ભિક્ખુ, સક્કે વ દેવાહિવઇ જુઇમં. ૮
સે વીરિએણં પડિપુન્નવીરિએ, સુદંસણે વા ણગસવ્વસેટ્ઠે:
સુરાલએ વા સિ મુદાગરે સે, વિરાયએ ણેગગુણોવવેએ. ૯
સયં સહસ્સાણ ઉ જોયણાણં, તિકંડગે પંડગવેજયંતે;
સે જોયણે ણવણવઈસહસ્સે, ઉડ્ઢુસ્સિતો હેટ્ઠ સહસ્સમેગં. ૧૦
પુટ્ઠે ણભે ચિટ્ઠઈ ભૂમિવિટ્ઠિએ, જં સૂરિયા અણુપરિવટ્ટયંતિ;
સે હેમવન્ને બહુનંદણે ય, જંસી રતિં વેદયતી મહિંદા ૧૧
સે પવ્વએ સદ્દમહપ્પગાસે, વિરાયતી કંચણમટ્ઠવન્ને,
અણુંત્તરે ગિરિસુ ય પવ્વદુગ્ગે, ગિરીવરે સે જલિએવ ભોમે. ૧૨
મહીએ મજ્ઝંમિ ઠિએ ણગિંદે, પન્નાયતે સૂરિએ સુદ્ધલેસે;
એવં સિરીએ ઉ સ ભૂરિવન્ને, મણોરમે જોયઈ અચ્ચિમાલી. ૧૩
સુદંસણસ્સેવ જસો ગિરિસ્સ, પવુચ્ચઈ મહતો પવ્વયસ્સ;
એતોવમે સમણે નાયુપુત્તે, જાતીજસોદંસણનાણસીલે. ૧૪

ગિરીવરે વા નિસહાડડયયાણં, રૂયએ વ સેટ્ઠે વલયાયતાણં,
તઓવમે સે જગભૂઇપન્ને, મુણીણ મજઝે તમુદાહુ પન્ને. ૧૫

અણુતરં ધમ્મમુઇરિત્તા, અણુતરં ઝાણવરં ઝિયાઇ;
સુસુક્કસુક્કં અપગંડસુક્કં, સંખિંદુએગંતવદાતસુક્કં. ૧૬

અણુત્તરગ્ગં પરમં મહેસી, અસેસકમ્મં સ વિસોહઇત્તા;
સિદ્ધિં ગએ સાઇમણંતપત્તો, નાણેણ સીલેણ ય દંસણેણ. ૧૭

રૂક્ખેસુ ણાએ જહ સામલી વા, જસિં રઈ વેદયઈ સુવન્ના;
વણેસુ વા ણંદણમાહુ સેટ્ઠં, નાણેણ સીલેણ ય ભૂતિપન્ને. ૧૮

થણિયં વ સદ્દાણ અણુત્તરે ઉ. ચંદો વ તારાણ મહાણુભાવે;
ગંધેસુ વા ચંદણમાહુ સેટ્ઠં, એવં મુણીણં અપડિન્નમાહુ. ૧૯

જહા સયંભૂ ઉદહીણ સેટ્ઠં, નાગેસુ વા ધરણિંદમાહુ સેટ્ઠં,
ખોઓદએ વા રસ વેજયંતે, તવોવહાણે મુણિવેજયંતે. ૨૦

હત્થીસુ એરાવણમાહુ નાએ, સીહો મિગાણં સલિલાણ ગંગા;
પક્ખીસુ વા ગરુલે વેણુદેવો, નિવ્વાણવાદીહિણ નાયુપત્તો. ૨૧

જોહેસુ નાએ જહ વીસસેણે, પુપ્ફેસુ વા જહ અરવિંદમાહુ,
ખત્તીણ સેટ્ઠે જહ દંતવક્કે, ઇસીણ સેટ્ઠે તહ વદ્ધમાણે. ૨૨

દાણાણ સેટ્ઠં અભયપ્પાયાણં, સચ્ચેસુ વા અણવજ્જં વયંતિ;
તવેસુ વા ઉત્તમ બંભચેરં, લોગુત્તમે સમણે નાયપુત્તો, ૨૩

ઠિઇણ સેટ્ઠા લવસત્તમા વા, સભા સુહમ્મા વ સભાણ સેટ્ઠા;
નિવ્વાણસેટ્ઠા જહ સવ્વધમ્મા, ન નાયપુત્તા પરમત્થિ નાણી. ૨૪

પુઢાવમે ધુણઈ વિગયગેહિ, ન સણ્ણિહિં કુવ્વઇ આસુપન્ને;
તરિઉં સમુદ્દં વ મહાભવોઘં, અભયકરે વીર અણંતચક્ખૂ. ૨૫

કોહં ચ માણં ચ તહેવ માયં, લોભં ચઉત્થં અજ્ઝત્થદોસા,
એયાણિ વંતા અરહા મહેસી, ણ કુવ્વઇ પાવ ણ કારવેઇ. ૨૬

કિરિયાકિરિયં વેણઇયાણુવાયં, અણ્ણાણિયાણં પડિયચ્ચ ઠાણં;
સે સવ્વવાયં ઇઇ વેયઇત્તા, ઉવટ્ઠિએ સંજમદીહરાયં. ૨૭

સે વારિયા ઇત્થી સરાઇભત્તં, ઉવહાણવં દુક્ખખયટ્ઠયાએ;
લોગં વિદિત્તા આરં પારં ચ, સવ્વં પભૂ વારિય સવ્વવરં. ? ૨૮

સોચ્ચાય ધમ્મં અરહંતભાસિયં, સમાહિયં અટ્ઠપદોવસુદ્ધં;
તં સદ્દહાણા ય જણા અણાઊ, ઇંદા વ દેવાહિ વ આગમિસ્સંતિ. ૨૯

અર્થ–૧ શ્રી સુધર્મા સ્વામી પ્રત્યે જંબૂસ્વામીએ પૂછ્યું. કે, ભગવાન ! શ્રમણો, બ્રાહ્મણો ગૃહસ્થો અને પરતીર્થીઓ મને પૂછે છે કે, એકાંત હિતકારી અને એના જેવો બીજો કોઈ છે નહિ એવો ધર્મ યથાસ્થિત કોણે કહ્યો છે ? ૨ તે જ્ઞાતપુત્ર શ્રી મહાવીર દેવનું જ્ઞાન કેવું હતું ? તેનો શીલાચાર કેવો હતો ? તે હે ભિક્ષુ ! તમે જાણો છો, તે જેમ સાંભળ્યું હોય અને ધાર્યું હોય તેમ કહો ! ૩ તે (ભગવાન) સંસારી જીવોનાં દુ:ખના જાણ, કર્મ કાપવામાં કુશળ, અનંત–જ્ઞાની, અનંતદર્શી, મોટા યશસ્વી અને લોકના ચક્ષુભૂત એવા શ્રી મહાવીર દેવના પ્રરૂપેલા ધર્મને તથા તેમની ધીરજને જાણ અને દેખ ૪ ઊંચી, નીચી અને તીરછી એ ત્રણે દિશાઓને વિષે જે, ત્રસ અને સ્થાવર જીવો છે તેને, પ્રજ્ઞાવંત મહાવીરદેવે, નિત્યાનિત્ય ભેદે સમ્યક્ પ્રકારે જાણીને સંસાર સમુદ્રમાં બુડતા જીવોને રક્ષણ કરવા સારુ દીપ્યમાન અને સમભાવી એવો ધર્મ કહ્યો છે. ૫ તે ભગવાન લોકાલોકને દેખનારા બાવીશ પરિષહ જીતીને કેવળજ્ઞાન પામ્યા છે એવા મૂળ તથા ઉત્તરગુણે સંયમના પાળનારા ધૈર્યવાન, સર્વ કર્મ નાશ થવાથી સ્થિત આત્મવંત સર્વ જગતને વિષે પ્રધાન જ્ઞાનવાન, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ રહિત, સાત ભય રહિત અને ચાર ગતિના આયુષ્ય રહિત શ્રી મહાવીરદેવ હતા, ૬ એ ભગવંત અનંત જ્ઞાનવાળા અપ્રતિબંધ વિહારી, સંસાર–સમુદ્રને તારનાર, ધીરજવાન અનંતજ્ઞાન રૂપ ચક્ષુવાળા તથા સૂર્ય જેમ સર્વથી અધિક તપે છે તેમ જ્ઞાને કરી સર્વોત્તમ છે. વિરોચન અગ્નિ જેમ સળગવાથી ઇંદ્રની પેઠે અંધકારને દૂર કરી પ્રકાશ કરે છે તેમ શ્રી મહાવીરદેવ પણ અજ્ઞાન રૂપ અંધકાર દૂર કરી પ્રકાશ કરે છે. ૭ દેવલોકને વિષે ઇંદ્ર જેમ દેવોમાં મહાપ્રભાવાન, હજારો દેવોનો નાયક અને સર્વોત્તમ છે તેમ સર્વ તીર્થંકરોએ પ્રરૂપેલો આ જે સર્વોત્તમ ધર્મ તેને પ્રકાશ કરનાર કાશ્યપ ગોત્રી કેવળજ્ઞાની શ્રી મહાવીરદેવ સર્વથી ઉત્તમ છે, ૮ તે ભગવાન પ્રજ્ઞાએ કરી અક્ષય તથા જેમ સ્વયંભૂરમણ નામે મોટો સમુદ્ર અનંત, અપાર અને નિર્મળ જળવાળો છે તેમ ભગવાનનું જ્ઞાન નિર્મળ છે. વળી તે ભગવંત કષાયરહિત તથા ભિક્ષાએ આજીવિકા કરનાર અને દેવતાના અધિપતિ શક્રેન્દ્રની પેઠે તેજસ્વી છે, ૯ તે ભગવાન બળે કરી પ્રતિપૂર્ણ બળવાન છે. સર્વ પર્વતોમાં મેરુ પર્વત જેમ શ્રેષ્ઠ છે તેમ ભગવાન પણ વીર્યાદિક ગુણે કરી સર્વોત્તમ છે. મેરુ પર્વત જેમ સ્વર્ગવાસી દેવોને હર્ષ ઉત્પન્ન કરે છે. તથા અનેક ગુણોએ કરી શોભે છે તેમ ભગવંત પણ અનેક ગુણોએ કરી શોભે છે. ૧૦ તે મેરુ પર્વત એક લાખ જોજનનો છે. તેના એક ભૂમિમય, બીજો સુવર્ણમય અને ત્રીજો વૈડુર્ય રત્નમય એવા ત્રણ કાન્ડ છે, તથા તે મેરુ પર્વતની ટોચ ઉપર પંડગવન ધ્વજાની માફક શોભી રહ્યું છે, તે મેરુ પર્વત નવાણું હજાર જોજન ઊંચો અને એક હજાર જોજન નીચે જમીનમાં છે. ૧૧ તે મેરુ પર્વત આકાશને સ્પર્શી રહ્યો છે. ભૂમિને અગવાહી રહ્યો છે, એટલે ઊંચા, નીચા અને તીરછા લોકને સ્પર્શી રહ્યો છે. જે મેરુ પર્વતની આસપાસ સૂર્ય પ્રમુખ જ્યોતિષી દેવો પ્રદક્ષિણા કરી રહ્યા છે, ને મેરુ પર્વત સુવર્ણના જેવી કાંતિવાળો છે. તેના ઉપર ઘણાં એટલે ચાર નંદનવન છે, જેને વિષે મોટા ઇંદ્રો પણ આવીને રતિસુખ ભોગવે છે. ૧૨ વળી તે મેરુ પર્વત–૧ મંદિર, ૨ મેરુ, ૩ મનોરમા, ૪ સુદર્શન, ૫ સ્વયંપ્રભ, ૬ ગિરિરાજ, ૭ રત્નોચ્ચય, ૮ તિલકાપમ, ૯ લોકમધ્ય, ૧૦ લોકનાભિ, ૧૧ રત્ન, ૧૨ સૂર્યાવર્ત ૧૩ સૂર્યાવરણ, ૧૪ ઉત્તમ ૧૫ દિશાદિ અને ૧૬ અવતંસએ સોળ નામે કરી મહા પ્રકાશવાન શોભે છે તથા સુવર્ણની પેઠે શુદ્ધ વર્ણવાળો, સર્વ પર્વતોમાં પ્રધાન, મેખલાએ કરી વિષમ અને વળી તે ગિરિરાજ મણિ અને ઔષધિઓએ કરી દેદીપ્યમાન છે, તેથી જમીનની પેઠે ઝળકાયમાન થઈ રહે છે. ૧૩ પૃથ્વીના મધ્ય ભાગમાં રહેલો સર્વ પર્વતોનો ઇંદ્ર મેરુ પર્વત સૂર્યની પેઠે શુદ્ધ લેશ્યાવંત પ્રકર્ષે કરીને જણાય છે. ઉપર

કહી એવી શોભાએ કરી તથા અનેક પ્રકારના રત્નોના વર્ણોએ કરી મનને આનંદ કરે છે અને સૂર્યની પેઠે સર્વ દિશાઓને દીપાવે છે. ૧૪ આ જશ મેરુ ગિરિરાજ પર્વતના કહેવાય છે. એ પૂર્વોક્ત ઉપમાએ શ્રમણ ભગવાન જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવ જાતિએ, યશે, દર્શને, જ્ઞાને એવં આચારે સર્વોત્તમ છે. ૧૫ લાંબા પર્વતોમાં નિષધ પર્વત મોટો છે, ગોળાકાર પર્વતોમાં રૂચક પર્વત શ્રેષ્ઠ છે, તે ઉપમાએ શ્રી મહાવીરદેવ જગતમાં પ્રજ્ઞાએ કરી શ્રેષ્ઠ કહ્યા છે તથા સર્વ મુનિઓને વિષે પ્રજ્ઞાવંત કહ્યા છે. ૧૬ તે ભગવાન પ્રધાન ધર્મ પ્રકાશિત પ્રધાન, ઉજ્જવળમાં ઉજ્જવળ, દોષરહિત ઉજ્જવળ, શંખ અને ચંદ્રમાની પેઠે એકાંત ઉજ્જવળ, સર્વ ધ્યાનમાં સર્વોત્તમ એવું શુક્લ ધ્યાન ધ્યાય છે, ૧૮ તે મોટા ઋષીશ્વર (મહાવીરદેવ) સમસ્ત કર્મ ખપાવીને જ્ઞાને કરી, ચારિત્રે કરી દર્શન કરી, સર્વોત્તમ લોકોને અપ્રભાવે ઉત્કૃષ્ટી :સાદિ અનંત ભાગે સિદ્ધિગતિને પામ્યા, ૧૮ જેમ વૃક્ષોને વિષે શામલી વૃક્ષ પ્રસિદ્ધ છે, જે વૃક્ષને વિષે સુવર્ણકુમાર દેવતાઓ રતિસુખ વેદે છે. વનને વિષે જેમ નંદનવન શ્રેષ્ઠ કહ્યું છે તેમ શ્રી મહાવીરદેવ જ્ઞાને અને ચારિત્રે કરી પ્રજ્ઞાવંત છે. ૧૯ શબ્દોમાં જેમ મેઘની ગર્જનાનો શબ્દ, તારાઓને વિષે જેમ ચંદ્રમાં અને સુગંધીઓમાં જેમ ચંદન શ્રેષ્ઠ છે તેમ મુનિઓમાં આકાંક્ષારહિત એટલે આલોક પરલોકની વાંછના રહિત શ્રી મહાવીરદેવ શ્રેષ્ઠ કહ્યા છે. ૨૦ જેમ સર્વ સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર, નાગકુમાર દેવતાઓમાં ધરણેંદ્ર અને રસમાં શેરડીનો રસ શ્રેષ્ઠ છે તેમ તપોપધ્યાને કરી મુનિઓમાં શ્રી મહાવીરદેવ શ્રેષ્ઠ છે ૨૧ હાથીઓને વિષે જેમ ઐરાવત હાથી, મૃગાદિક જનાવરોમાં સિંહ, પાણીમાં ગંગા નદીનું પાણી. પક્ષીઓને વિષે ગરૂડ પક્ષી (વેણુદેવ) પ્રધાન છે. તેમ નિર્વાણવાદીઓમાં જ્ઞાનપુત્ર શ્રી મહાવીરદેવ પ્રધાન કહ્યા છે. ૨૨ યોદ્ધાઓમાં જેમ વિશ્વસેન (ચક્રવર્તી,) ફુલોમાં જેમ અરવિંદ કમળ, ૧ ક્ષત્રીયોમાં જેમ દાતા-વાક્ય (વચન) પાળનારો એવો જે ચક્રવર્તી તે શ્રેષ્ઠ છે તેમ ઋષિઓને વિષે શ્રી વર્ધમાન સ્વામી શ્રેષ્ઠ કહ્યા છે. ૨૩ દાનમાં અભયદાન, સત્ય વચનમાં અનવદ્ય વચન અને તપને વિષે બ્રહ્મચર્ય શ્રેષ્ઠ કહ્યું છે, તેમ સર્વ લોકમાં ઉત્તમ શ્રમણ જ્ઞાનપુત્ર શ્રી મહાવીરદેવ શ્રેષ્ઠ છે. ૨૪ સ્થિતિવાળા લોકોમા જેમ લવ સપ્તમ દેવ. (પાંચ અનુત્તર વિમાનવાસી દેવતા) સભાઓમાં સૌધર્મ સભા, અને સર્વ ધર્મોમાં જેમ મોક્ષધર્મ શ્રેષ્ઠ છે તેમ જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવથી કોઇ ઉત્કૃષ્ટ જ્ઞાની નથી એટલે શ્રી મહાવીરદેવ સર્વથી શ્રેષ્ઠ જ્ઞાની છે. ૨૫ જેમ પૃથ્વી સર્વ વસ્તુને આધારભૂત છે તેમ શ્રી મહાવીરદેવ પણ પૃથ્વી સમાન તથા આઠ પ્રકારનાં કર્મ ખપાવીને અભિલાષારહિત, દ્રવ્યસંનિધિ તે ધન, ધાન્ય, દુપદ અને ચતુષ્પદાદિ અને ભાવસંનિધિ તે ક્રોધ, માન, માયા અને લોભ એ બે પ્રકારની સંનિધિ ન કરનાર, એવા પ્રજ્ઞાવાન ચાર ગતિરૂપ મોટા સમુદ્રને તરીને મોક્ષ પામ્યા છે. અભય કરનાર શૂરવીર તથા અનંત ચક્ષુવાળા છે. ૨૬ ક્રોધ, માન, માયા તેમજ ચોથે લોભ એ ચાર અધ્યાત્મ દોષોને ત્યાગીને અરિહંત અને મોટા ઋષિ થયા તેથી પાપકર્મ કરે નહિ અને કરાવે પણ નહિ. ૨૭ ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, વિનયવાદીના ૩૨ તથા અજ્ઞાનવાદીના ૬૭ એ સર્વ ૩૬૩ પાંખડીઓના ભેદ જાણવા. શ્રી મહાવીરદેવ તે સર્વ ભેદને (દુર્ગતિ જવાનાં કારણ) જાણીને તેનો ત્યાગ કરી ચારિત્રરૂપ ધર્મને વિષે જાવજીવ સુધી સાવધાનપણે રહ્યા ૨૮ તે રાત્રિ ભોજનરહિત, સ્ત્રી-ભોગનું નિવારણ કરીને અષ્ટ કર્મરૂપ દુઃખનો ક્ષય કરવાને અર્થે ઉપધ્યાનવાન (તપસ્યાવડે દેહ સુકાવી નાંખ્યો એવા) થયા. વળી તે પ્રભુએ આ લોક અને પરલોકનાં સ્વરૂપ જાણીને સર્વ પ્રકારનાં

---

૧ સુર્યવિકાસી કમળ ૨ કોઈ જીવને પીડા ન થાય એવું.

પાપનાં સ્થાનકોને ઘણીવાર નિવારણ કર્યાં ૨૯ હે જંબૂ ! સમ્યક્ પ્રકારે અર્થ અને પદવડે શુદ્ધ એવા અરિહંત ભાષિત ધર્મને સાંભળીને તથા સરદ્દહીને ઘણા લોકો અનાયુપ સિદ્ધ થયા અને જે લોકોને કર્મ બાકી રહ્યાં હતાં તે લોકો દેવોના અધિપતિ તથા ઇંદ્રાદિક થઇ આગમિક કાળે સિદ્ધ થશે.

(ત્તિ બેમિ)

પરચુરણ ગાથાઓ (મૂળ)

પંચ–મહવ્વય–સુવ્વય–મૂલં, સમણ–મણાઇલિ સાહૂ સુચ્ચીન્નં;
વેરવિરામણપજ્જવસાણં, સવ્વસમુદ્દમહોદધી નિત્થં. ૧

તિત્થંકરેહિં સુદેસિયમગ્ગં, નરગ–તિરિય વિવજ્જિયમગ્ગં :
સવ્વંપવિત્તં સુનિમ્મિયસારં, સિદ્ધિવિમાણં, અવંગુય–દારં. ૨

દેવ નરિંદ નમંસિય–પૂઇયં, સવ્વજગુત્તમ–મંગલ–મગ્ગં;
દુદ્ધરિસં ગુણ–નાયગમેકં, મોક્ખપહસ્સ–વડિંસગભૂયં. ૩

ધમ્મારામે ચરે ભિક્ખૂ, ધિઇમં ધમ્મ–સારહી;
ધમ્મારામેરયા–દંતે, બંભચેર–સમાહિએ. ૪

દેવ–દાવણ–ગંધવ્વા, જક્ખ–રક્ખસ્સ–કિન્નરા;
બંભયારિં નમંસંતિ, દુક્કરં જે કરંતિ તં ૫

એસ ધમ્મે ધુવે નિચ્ચે; સાસએ જિણદેસિએ;
સિદ્ધા સિજ્ઝંતિ ચાણેણં, સિજ્ઝિસ્સંતિ તહાવ રે. ૬

અરિહંત સિદ્ધ પવયણ, ગુરુ થેર બહુસ્સુએ તવસ્સીસુ,
વચ્છલ્લયા ય તેસિં, અભિક્ખનાણોવઓગે ય. ૭

દંસણ વીણય આવસ્સએ ય, સીલવ્વએ નિરઇયારે;
ખણલવ તવ ચ્ચિયાએ, વેયાવચ્ચે સમાહીએ. ૮

અપુવ્વનાણગ્ગહણે સુયભત્તી, પવ્વયણે પભાવણયા;
એએહિં કારણેહિં, તિત્થરત્તં લહઇ જીઓ. ૯

જિણવયણેઅણુરત્તા, જિણવયણં જે કરંતિ ભાવેણં;
અમલા અસંકિલિટ્ઠા, તે હુંતિ ય પરિત્તસંસારિ. ૧૦

એવંખુ નાણીણો સારં, જં ન હિંસઇ કિંચણં;
અહિંસા–સમયં ચેવ, એતાવન્તં વિયાણિયા. ૧૧

જાઇંચ વુડિંઢચ ઇજ્જ–પાસં, ભૂતોહં જાણે પડિલેહ સાયં;
તમ્હાપિવિજ્જો–પરમંતિ ણચ્ચા, સમ્મત્તદંસી ણ કરેઈ પાવં. ૧૨

ઉમ્મુંચ્ચપાસં ઇહિમચ્ચિએહિં, આરંભજીવીઉજઝપયાણુપસ્સી;
કામેસુ ગિદ્ધ ણિચયં કરંતિ, સંસિચમણા પુણરેતિગઝં. ૧૩

સાવણેનાણેવિન્નાણે, પચ્ચમેક્ખાણેયસંજઓ;
અણએહએ તવે ચેવ, વોદાણે અકિરિયાસિદ્ધિ ૧૪
સારં દંસણ નાણં, સારંતવ નિયમ સંજમ સીલં;
સારં જિણવર ધમ્મં, સારં સંલેહણા પંડિયમરણં. ૧૫
કલ્લાણકોડીકારિણ, દુગઇદુહનિઠવણી;
સંસારજલતારણી, એગંતહોઇજીવદયા. ૧૬

આરંભે નત્થિ દયા, મહિલએસંગનાસાઇબંભ;
સંકાએનાસઇસમ્મત્તં, એવ્વજઝાઅત્થગ્ગહણં ચ. ૧૭
મજ્જં વિસયકસાયા, નિંદ્રાવિકહાયપંચમીભણિયા;
એએપંચપ્પમાય, જીવા પાડંતિસંસારે ૧૮
લબ્ભંતિ વિમલાભોએ લબ્ભંતિ સુરસંપયા
લભંતિ પુત્તમિત્તં ચ એગોધમ્મો ન લબ્ભઇ. ૧૯

એગોહં નિત્થ મે કોઇ, નાહ મન્નસ્સ કસ્સઇ;
એવં અદીણમણસ્સા, અપ્પાણમણુ સાસઇ. ૨૦
એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજઓ;
સેસા મે બાહિરા ભાવ, સવ્વં સંજોગ લખ્ખણા. ૨૧
નવિસુહીદેવતાદેવલોએ, નવિસુહીપુઢવીપઇરાયા;
નવિસુહીસેઠિસેણાવઇ ય, એગંતસુહીમુણીવીયરાગી. ૨૨

નગરી સોહંતિ જલ વૃક્ષ મૂલા, રાજા સોહંતા ચતુરંગી સેના;
નારી સોહંતિ સુશીલવંતી, સાધુ સોહંતા નિરવદ્ય વાણી. ૨૩
ચૌદ પૂરવ ધર કહીએ, જ્ઞાન ચાર વખાણીએ;
જિન નહિ પણ જિન સરિખા; સુધર્મા સ્વામી જાણીએ. ૨૪
માત, પિતા, કુલ જાત નિર્મળ, રૂપ અનૂપ વખાણીએ;
દેવતાને વલ્લભ એવા, જંબૂસ્વામી જાણીએ. ૨૫

દશવૈકાલિકત્રસૂત્રનું પહેલું અધ્યયન

ધમ્મો મંગલમુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો;
દેવાવિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો ૧
જહા દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઇ રસં;
ણ ય પુપ્ફં કિલામેઇ, સો ય પીણેઇ અપ્પયં. ૨

એમેએ સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણો;
વિહંગમા વ પુપ્ફેસુ, દાણભત્તેસણા રયા. ૩
વયં ચ વિત્તિં લબ્ભામો, ણ ય કોઇ ઉવહમ્મઇ;
અહાગડેસુ રીયંતે, પુપ્ફેસુ ભમરા જહા, ૪
મહુકારસમા બુદ્ધા, જે ભવંતિ અણિસ્સિયા
નાણાપિંડરયા દંતા, તેણ વુચ્ચંતિ સાહુણો. ૫ (ત્તિબેમિ.) ૫

અર્થ :- ધર્મ–ઉત્કૃષ્ટ માંગલિક છે. જીવદયા, સત્તર ભેદે સંયમ અને બાર પ્રકારે તપ
। ધર્મનું લક્ષણ છે, એવા ધર્મને વિષે જેનું સદાય મન છે, તેને દેવતા અને ચક્રવર્તી આદિ મનુષ્યો
મસ્કાર કરે છે. ૨ જેમ વૃક્ષના ફૂલને વિષે ભમરો મર્યાદાએ રસ પીને પોતાના આત્મા તૃપ્ત
રે છે, પણ ફૂલને પીડા ઉપજાવતો નથી. ૩ તેમ લોકોને વિષે પરિગ્રહથી મુકાએલા અને ચારિત્ર
ાળનારા સાધુ ભમરાની માફક ગવેષણાને વિષે વિચરે છે તેમ ગૃહસ્થે પોતાને અર્થે કીધેલા અને
ઇ પ્રાણી ન હણાય તેવી આહારની વૃત્તિને અમે પામશું. ૫ જે ભમરા સરખા, તત્ત્વના જાણ
ાધુ, નેશ્રા પ્રતિબંધરહિત નાના પ્રકારના આહારને વિષે અનુરક્ત અને ઇંદ્રિયોના દમણહાર છે
ને ચારિત્રીઆ સાધુ કહીએ, એમ હું માનું છું.

દશવૈકાલિક સૂત્રનું બીજું અધ્યયન

કહં નુ કુજ્જા સામણ્ણં, જો કામે ન નિવારએ;
પએપએ વિસીયંતો સંકપ્પસ્સ વસં ગઓ. ૧
વત્થગંધમલંકારં, ઇત્થીઓ સયણાણિ ય;
અચ્છંદા જે ન ભુંજંતિ, ન સે ચાઇત્તિ વુચ્ચઇ. ૨
જે ય કંતે પિએ ભોએ, લદ્ધે વિપિટ્ઠિ કુવ્વઇ,
સાહીણે ચયઇ ભોએ, સેહુ 'ચાઇ'–ત્તિ વુચ્ચઇ ૩
સમાએ પેહાએ પરિવ્વયંતો, સિયા મણો નિસ્સરઇ બહિદ્ધા;
ન સા મહ નોવિ અહંપિ તીસે, ઇચ્ચેવ તાઓ વિણએજ્જ રાગં. ૪
આયાવયાહી ! ચય સોગમલ્લં, કામે કમાહી કમિયં ખુ દુક્ખં;
છિંદાહી દોસં વિણએજ્જ રાગં, એવં સુહી હોહિસિ સંપરાએ. ૫
પક્ખંદે જલિયં જોઇં, ધૂમકેઉં દુરાસયં;
નેચ્છન્તિ વંતયં ભોત્તું. કુલે જાયા અગંધણે. ૬
ધિરત્થુ તેડજસોકામી, જો તં જીવિયકારણા;
વંતં ઇચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે. ૭

અહં ચ ભોગરાયસ્સ, તં ચડસિ અંધગવણ્હિણો;
મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઓ ચર. ૮
જઇ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારિઓ;
વાયાઇદ્ધો વ્વ હઢો, અટ્ઠિઅપ્પા ભવિસ્સસિ ૯
તીસે સો વયણં સોચ્ચા, સંજયાએ સુભાસિયં;
અંકુસેણ જહા નાગો, ધમ્મે સંપડિવાઇઓ. ૧૦
એવં કરેંતિ સંબુદ્ધા, પંડિયા પવિયક્ખણા;
વિણિયટ્ટંતિ ભોગેસુ, જહા સે પુરિસુત્તમો ૧૧
(ત્તિ બેમિ.)

અર્થ–૧ કેવા વિચારથી સાધુ ચારિત્ર પાળે ? જે કોઇ કામ ભોગની ભૂંડી વાંચ્છના નિવારે નહિ તે પગલે પગલે વિખવાદ પામતો થકો માઠા અધ્યવસાયને વશ થાય. જેને વસ્ત્ર સુગંધી વસ્તુ, અલંકાર, આભરણ, સ્ત્રીઓની જાતિ, શય્યા, આસન એટલાં વાનાં પોતાને નથી અને ભોગવતો પણ નથી પણ ભોગવવાનાં પચ્ચક્ખાણ કર્યાં નથી તેને ત્યાગી કહીએ નહિ. ૩ જે કોઇ વહાલામાં વહાલા ભોગ પામ્યા છે, એવા ભોગ પોતાને વશ છતાં, છાંડે, વેગળા કરે અર્થાત્ પચ્ચક્ખાણ કરે તેને નિશ્ચે ત્યાગી કહીએ. ૪ સમતા પરિણામના વિચારમાં વિચરતા સાધુનું મન કદાચિત્ સંયમથી બહાર (પ્રથમનું સંસારસુખ સાંભળવાથી) નીકળે ત્યારે વિચારે કે, સ્ત્રી મારી નથી તેમ તે સ્ત્રીનો હું નથી, એમ વિચારીને મન વશ કરવા નિમિત્તે તે સ્ત્રી ઉપરથી સ્નેહ રાગ નિવારે. ૫ તડકાની આતાપના લીએ, સુકોમળપણું છાંડે નિશ્ચે સર્વ દુઃખને ઉલ્લંઘવાને અર્થે કામભોગને છાંડે, દ્વેષને છેદે અને રાગને ટાળે; એમ કરવાથી સંસારને વિષે સુખી થાય. ૬ રાજેમતી રહનેમિનું દ્રષ્ટાંત કહે છે. અગંધન કુળમાં ઉપજેલા નાગ, ઝળહળતી, તીક્ષ્ણ ધુમાડાવાળી અને સહન ન થાય તેવી અગ્નિમાં પેસી, બળી મરવું કબૂલ કરશે, પણ પોતાના વમેલા ઝેરને કદી પણ પાછું લેવા ઇચ્છા કરશે નહિ. ૭ ધિક્કાર છે તુજને હે અપજશના કામી ! જે તું અસંયમ જીવિતવ્યને કારણે વમેલા ભોગને પાછા લેવાની ઇચ્છા કરે છે ? તેથી તુજને મરવું ભલું છે. ૮ હું ભોજક રાજાની પૌત્રી અને ઉગ્રસેન રાજાની પુત્રી છું; અને તું અંધકવિષ્ણુનો પૌત્ર અને સમુદ્રવિજય રાજાનો પુત્ર છે; માટે રખે ગંધનકુળના સર્પ સરખો થા ! અર્થાત્ વમ્યા ભોગને પાછા લેવાની ઇચ્છા કરીશ નહિ પણ સંયમ નિશ્ચળ મનથી પાળ. ૯ જો તું સ્ત્રીઓને દેખીને મનને વિષે ભોગની ઇચ્છા કરીશ તો જેમ વાયરે કરી હડ નામે વૃક્ષનાં મૂળ અસ્થિર થાય છે તેમ સ્ત્રીઓને દેખીને કામ ભોગની ઇચ્છાથી તારો આત્મા અસ્થિર થશે. ૧૦ જેમ અંકુશે કરી હાથી ઠેકાણે આવે તેમ સાધ્વી રાજેમતિનાં રૂડાં વચન સાંભળીને રહનેમિ ધર્મને વિષે સમ્યક્ પ્રકારે સ્થિર થયા. ૧૧ જેમ પુરૂષમાંહે ઉત્તમ રહનેમિ ભોગથી નિવર્ત્યા તેમ તત્ત્વના જાણ, પંડિત અતિશય ડાહ્યા, તે પ્રમાણે કરે (ભોગથી નિવર્તે) એમ હું કહું છું. ઇતિ.

———

દશવૈકાલિકનું સૂત્રનું ત્રીજું અધ્યયન

સંજમે સુટ્ઠિઅપ્પાણં, વિપ્પમુક્કાણ તાઇણં;
તેસિમેયમણાઇણ્ણં, નિગ્ગંથાણ, મહેસિણં. ૧

ઉદ્દેસિયં કીયગડં નિયાગં અભિહડાણિ ય;
રાઇભત્તે સિણાણે ય, ગંધ મલ્લે ચવીયણે; ૨

સંન્નિહિ ગીહીમત્તે ય, રાયપિંડ કિમિચ્છએ;
સંવાહણા દંતપહોયણા ય, સંપુચ્છણા દેહપલોયણાય. ૩

અટ્ઠાવએ ય નાલીએ, છત્તસ્સ ય ધારણટ્ઠાએ;
તેગિચ્છં પાણહા પાએ, સમારંભં ચ જોઇણો. ૪

સિજ્જાયરપિંડં ચ, આસંદીપલિયંકએ,
ગિહંતરનિસેજ્જા ય, ગાયસ્સુવ્વટ્ટણાણિ ય. ૫

ગિહિણો વેઆવડિય, જા ય આજીવવત્તિયા;
તત્તાનિવ્વુડભોઇત્તં, આઉરસ્સરણાણિ ય. ૬

મૂલએ સિંગબેરે ય, ઉચ્છુખંડે અનિવ્વુડે;
કંદે મૂલે ય સચ્ચિત્તે, ફલે બીએ ય આમએ. ૭

સોવચ્ચલે સિંધવે લોણે, રોમાલોણે ય આમએ;
સામુદ્દે પંસુખારે ય, કાલાલોણે ય આમએ. ૮

ધૂવણેત્તિ વમણે ય, વત્થીકમ્મવિરેયણે;
અંજણે દંતવણે ય, ગાયબ્ભંગવિભૂસણે. ૯

સવ્વમેયમણાઇન્નં નિગ્ગંથાણ મહેસિણં;
સંજમમ્મિ અ જુત્તાણં, લહુભૂયવિહારિણં. ૧૦

પંચાસવપરિણ્ણાયા, તિગુત્તા છસુ સંજયા;
પંચનિગ્ગહણા ધીરા, નિગ્ગન્થા ઉજ્જુદંસિણો. ૧૧

આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા;
વાસાસુ પડિસંલીણા, સંજયા સુસમાહિયા. ૧૨
પરિસહરિઊદંતા ધૂઅમોહા જિઇંદિયા;
સવ્વદુક્ખપહીણટ્ઠા, પક્કમંતિ મહેસિણો. ૧૩

દુક્કરાઇં કરિત્તાણં, દુસ્સહાઇં સહિતુ ય;
કેઇડત્થ. દેવલોએસુ કેઇ સિજ્ઝંતિ નીરયા. ૧૪

ખવિત્તા પુવ્વકમ્માઈ, સંજમેણ તવેણ ય;
સિદ્ધિમગ્ગમણુપ્પત્તા, તાઇણો પરિણિવ્વુડા. ૧૫

(ત્તિ બેમિ)

અર્થ:- સંયમને વિષે જેણે ભલી રીતે આત્માને સ્થાપ્યો છે, જે વિવિધ પ્રકારના પરિગ્રહથી મુકાણા છે અને છકાયના રખવાળ છે એવા, તથા ચારિત્રના પાળનારા નિર્ગ્રંથ, મોટા ઋષીશ્વરને આગળ કહેશું તે અનાચરણ આચરવાં યોગ્ય નથી તે બાવન અનાચરણનાં નામ કહે છે. ૧ આધાકર્મી આહાર લેવો તે, ૨ પૈસા આપી લાવેલી વસ્તુ લેવી તે, ૩ નિત્ય ચાર પ્રકારનો આહાર લે તે, ૪ સામી મંગાવીને વસ્તુ લેવી તે, ૫ રાત્રિ ભોજન કરે તે, ૬ નાહવું તે, ૭ સુગંધી, શરીરે લગાવે તે, ૮ ફુલ પ્રમુખની માળા પહેરે તે, ૯ પંખાથી વાયરો લે તે, ૧૦ રાતવાસી આહાર રાખે તે, ૧૧ ગૃહસ્થનાં વાસણમાં જમે તે, ૧૨ રાયપિંડ (રાજાને વાસ્તે ઘણા વિગયથી અને બલિષ્ટ આહાર બનાવેલો હોય તે.) ભોગવે તે, ૧૩ દાન દેવાને વાસ્તે કાઢેલો આહાર લે તે, ૧૪ શરીરે મર્દન કરવું તે. ૧૫ દાંત સાફ કરવા તે, ૧૬ ગૃહસ્થને ખુશ ખબર પૂછવા તે, ૧૭ દર્પણ આદિમાં મોઢું જોવું તે, ૧૮ અર્થ ઉપાર્જનને કારણે ચોપાટ, ગંજીપા અને શેત્રંજ આદિ રમત રમવી તે તથા જુગટે રમે તે, ૧૯ છત્રકંબલ આદિ માથે રાખે, રખાવે તે, ૨૦ વૈદું કરવું, કરાવવું તે, ૨૧ પગમાં પગરખાં પહેરવાં તે, (કપડાના અથવા ચામડાનાં). ૨૨ આરંભ કરે તે, ૨૩ અગ્નિનો આરંભ કરે તે, ૨૪ સ્થાનકના ધણીનો આહારાદિક લે તે, ૨૫ ઢોલીઆ, પલંગ અને ખુરશી પર બેસે તે, ૨૬ ગૃહસ્થીને ઘેર બેસે તે, ૨૭ શરીરના ગાત્રને વિલેપન કરવાં તે (પીઠી પ્રમુખનાં) ૨૮ ગૃહસ્થની વૈયાવચ્ચ કરે તે, ૨૯ પોતાની જાતિ જણાવી આજીવિકા કરવી તે, ૩૦ મિશ્ર એટલે કાંઇક જીવના પ્રદેશ રહી ગયા હોય તેવાં કાચાં, પાકાં આહાર પાણી ભોગવવાં તે, ૩૧ ભૂખ તૃષાદિક અથવા રોગાદિક પીડા ઉપજવાથી ગૃહસ્થનું શરણ લે તે, ૩૨ કાચા મૂળા; ૩૩ કાચું આદુ, ૩૪ શેરડીના કટકા ભોગવે તે, ૩૫ સુરણ આદિ કંદ ભોગવે તે, ૩૬ વૃક્ષનાં મૂળ સચિત ભોગવે તે, ૩૭ કાચાં ફળ, ૩૮ કાચાં બીજ લેવાં તે, ૩૯ સંચળ, સિંધવ, ૪૦ મીઠું, ૪૧ અગરનું કાચું મીઠું ભોગવવું તે, ૪૨ સમુદ્રનું મીઠું, ૪૩ ખારી ધૂળથી નીપજેલું મીઠું, ૪૪ કાળું મીઠું કાચું ભોગવવું તે, ૪૫ વસ્ત્રાદિકને ધુપ દેવો અથવા ધોવા તે, ૪૬ ઔષધથી વમન કરવું તે; ૪૭ ગળાથી નીચેના વાળ સમારવા તે, ૪૮ જુલાબ લેવો તે, ૪૯ આંખમાં અંજન કરવું તે, ૫૦ દાતણ કરવું તે, ૫૧ શરીરે તૈલાદિક વિલેપન કરવું તે, ૫૨ શરીરની સુશ્રુષા કરવી તે અનાચાર દોષ. એ સર્વ અનાચરણ દોષ નિર્ગંથ મોટા ઋષિવર, સંયમને વિષે જોડાયેલા અપ્રતિબંધપણે વિચરનારને આચરવા યોગ્ય નહિ. ૧૧ પાંચ આશ્રવ માઠા જાણી છોડનાર, ત્રણ ગુપ્તિ ગોપવનાર, છકાય જીવની સમ્યક્ પ્રકારે યત્ના કરનાર, પાંચ ઇંદ્રિયનો નિગ્રહ કરનાર, ધૈર્યવંત, નિર્ગંથ, સરલ દૃષ્ટિએ સંયમ પાળનાર ૧૨ ઉનાળાની ઋતુને વિષે આતાપના લીએ, શિયાળાની ઋતુને વિષે વસ્ત્ર દૂર મૂકી ટાઢ સહન કરે. વર્ષાકાળે અંગોપાંગને સંવરી એક ઠામ બેસે. સમ્યક્ પ્રકારે યત્નાના કરણહાર, ભલી સમાધિવંત જ્ઞાનાદિકના ધરણહાર. ૧૩ જેણે પરિષહરૂપ વેરીને દમ્યા, મોહને દૂર કર્યો, ઇંદ્રિયને જીત્યાં એવા મોટા ઋષીશ્વર, શારીરિક અને માનસિક દુઃખ ટાળવાને અર્થે ઉદ્યમ કરે છે. ૧૪ દુષ્કર કર્તવ્ય કરીને દુષ્કર-સહી ન શકાય તેવા પરિષહ સહીને તે માંહેલા કેટલાક મુનિરાજો દેવલોકને વિષે ઊપજે અને કેટલાક સિધ્ધ થાય. ૧૫ પાછલા ભવનાં કર્મને, સંયમે કરી, તપે કરી, ખપાવીને મોક્ષ માર્ગ પામ્યા થકા છકાય જીવને તારનાર અને અતિશય શીતળ થયા. એમ હું કહું છું.

શ્રી ઉત્તરાધ્યયન સુત્રનું ત્રીજું અધ્યયન

ચત્તારિ પરમંગાણિ, દુલ્લહાણીહ જન્તુણો;
માણુસત્તં સુઈ સદ્ધા સંજમ્મિ ય વીરિયં. ૧

સમાવન્ના ણં સંસારે નાણાગોત્તાસુ જાઈસુ,
કમ્મા નાણાવિહા કટ્ટુ, પુઢો વિસ્સંભયા પયા. ૨

એગયા દેવલોએસુ, નરએસુવિ એગયા,
એગયા આસુરં કાયં, આહાકમ્મેહિં ગચ્છઈ. ૩

એગયા ખત્તિઓ હોઈ, તઓ ચણ્ડાલબુક્કસો,
તેઓ કીડપયંગો ય, તઓ કુન્થુપિપીલિયા. ૪

એવમાવટ્ટજોણીસુ; પાણિણો કમ્મકિવ્વિસા,
ન નિર્વિજ્જન્તિ સંસારે, સવ્વટ્ઠેસુ વ ખત્તિયા. ૫

કમ્મસંગેહિં સમ્મૂઢા, દુક્ખિયા બહુવેયણા;
અમાણુસાસુ જોણીસુ, વિણિહમ્મન્તિ પાણિણો. ૬

કમ્માણં તુ પહણાએ, આણુપુવ્વી કયાઈ ઉ;
જીવા સોહિમણુપ્પત્તા, આયયન્તિ મણુસ્સયં. ૭

માણુસ્સં વિગ્ગહં લધ્ધુ, સુઈ ધમ્મસ્સ દુલ્લહા;
જં સોચ્ચા પડિવજ્જન્તિ, તવં ખન્તિમહિંસયં. ૮

આહચ્ચ સવણં લધ્ધું, સદ્ધા પરમદુલ્લહા,
સોચ્ચા નેઆઉયં મગ્ગં, બહવે પરિભસ્સઈ. ૯

સુઈં ચ લધ્ધું સદ્ધં ચ, વીરયં પુણ દુલ્લહં;
બહવે રોયમાણાવિ, નો ય ણં પડિવજ્જએ. ૧૦

માણુસત્તંમિ આયાઓ, જો ધમ્મં સોચ્ચ સદ્દહે;
તવસ્સી વીરિયં લધ્ધું, સંવુડે નિધ્ધુણે રયં. ૧૧

સોહી ઉજ્જુય ભૂયસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઈ;
નિવ્વાણં પરમં જાઈ, ઘયસિત્ત વ્વ પાવએ. ૧૨

વિગિંચ કમ્મુણો હેઉં, જસં સંચિણુ ખંતિએ,
શરીરં પાઢવં હિચ્ચા, ઉડ્ઢં પક્કમઈ દિસં. ૧૩

વિસાલિસેહિં સીલેહિં, જક્ખા ઉત્તરઉત્તરા,
મહાસુક્કા વ દિપ્પન્તા, મન્નંતા અપુણચ્ચવં. ૧૪

અપ્પિયા દેવકામાણં, કામરૂવવિઉવ્વિણો;
ઉડ્ઢં કપ્પેસુ ચિટ્ઠન્તિ, પુવ્વા વાસસયા બહુ. ૧૫

તત્થ ઠિચ્ચા જહાઠાણં, જક્ખા આઉક્ખએ ચુયા;
ઉવેન્તિ માણુસં જોણિં, સે દસંગેડભિજાયઈ. ૧૬

ખેત્તાં વત્થું હિરણ્ણં ચ, પસવો દાસપોરૂસં
ચત્તારિ કામખન્ધાણિ, તત્થ સે ઉવવજ્જઇ. ૧૭
મિતવં નાયવં હોઈ, ઉચ્ચાગોએ ય વણ્ણવં;
અપ્પાયંકે મહાપન્ને, અભિજાએ જસોબલે. ૧૮
ભોચ્ચા માણુસ્સએ ભોએ, અપ્પડિરૂવે અહાઉયં;
પુવ્વિં વિસુદ્ધસદ્ધમ્મે, કેવલં બોહિ બુજ્ઝિયા ૧૯
ચઉરંગં દુલ્લહં નચ્ચા, સંજમં પડિવજ્જિયા;
તવસા ધુયકમ્મંસે, સિદ્ધ હવઇ સાસએ. ૨૦

(નિ બેનિ.)

અર્થ :–૧ મોક્ષ પામવાનાં ઉત્કૃષ્ટાં ચાર અંગ તે, ૧ મનુષ્યપણું ૨ સૂત્રનું સાંભળવું; ૩ ધર્મ ઉપર શ્રદ્ધા અને ૪ સંયમને વિષે બળનું ફેરવવું. એ ચાર મોટાં કારણ આ સંસારમાં જીવને મળવાં દુર્લભ છે. ૨ સંસારમાં રહેલા જીવોએ નાનાં (અનેક) પ્રકારનાં ગોત્ર તથા જાતિને વિષે જ્ઞાનાવરણાદિક અનેક પ્રકારનાં કર્મે કરી જુદી જુદી એકેંદ્રિયાદિક જાતિથી સર્વ લોક ભર્યો છે. ૩ એકદા શુભ કર્મે કરી જીવ દેવલોકમાં જાય. એકદા પાપકર્મે કરી નરકગતિમાં જાય અને એકદા અસુરની જાતિમાં જાય, એ પ્રમાણે જેવાં કર્મ કરે તેવી ગતિએ જાય છે. ૪ એકદા ક્ષત્રી (રાજા) થાય છે, ત્યાર પછી ચંડાળ થાય, બુક્કસ[1] થાય, કીડો થાય, પતંગીઓ થાય અને કીડી થાય છે. ૫ એ પ્રમાણે જીવો ચોરાશીલક્ષ જીવાયોનિમાં પરિભ્રમણ કરે છે. કર્મરૂપ મેલથી મલિન થયેલા જીવો સંસાર સમુદ્રથી નિવર્તે નહિ. જેમ સર્વ અર્થને વિષે રાજા પાછો હઠે નહિ તેમ કર્મ કરવામાં જીવ પાછો હઠે નહિ. ૬ કર્મને યોગે જીવ મૂઢ થાય, દુઃખીઓ થાય, ઘણી વેદના ભોગવવાવાળો થાય અને મનુષ્યથી ઊતરતી યોનિમાં વિશેષ હણાય છે. ૭ અનેક ભવ પરિભ્રમણ કરી કેટલેક કાળે જીવ અશુભકર્મને હણી વિશુદ્ધકર્મને પામવાથી મનુષ્યપણું અંગીકાર કરે છે. ૮ મનુષ્યનું શરીર પામીને ધર્મ સાંભળવાનું મળવું દોહ્યલું છે, જે ધર્મ સાંભળવાથી જીવ બાર પ્રકારે તપ, ક્ષમા અને દયા અંગીકાર કરે છે. ૯ કદાચ ધર્મનું સાંભળવું પામે તો ધર્મમાં શુદ્ધ શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે, કેમકે ન્યાયમાર્ગ (મોક્ષમાર્ગ) સાંભળીને પણ જમાલી પ્રમુખ ઘણા લોકો ભ્રષ્ટ થાય છે. ૧૦ વળી ધર્મનું સાંભળવું અને શ્રદ્ધા પામે પણ સંયમને વિષે બળ ફેરવવું દુર્લભ છે, કેમકે શ્રેણિકાદિ ઘણા લોકો ધર્મને ચાહતા થકા પણ ચારિત્રધર્મ અંગીકાર કરી શકતા નથી. ૧૧ મનુષ્ય ભવ પામીને જે કોઈ ધર્મ સાંભળીને સરદહે અને તપસ્વી થઈ સંયમને વિષે બળ ફેરવે તે પુરૂષ આશ્રવ રૂંધી કર્મરૂપ રજને ટાળે. ૧૨ વળી કષાયરૂપ મેલ ટાળીને નિર્મળ થાય, જિનભાષિત શુદ્ધધર્મને વિષે નિશ્ચળ પણે રહે અને ઉત્કૃષ્ટી મોક્ષગતિને પામે ઘીએ સીંચેલ અગ્નિની પેઠે તપ તેજે કરી દીપે. ૧૩ મિથ્યાત્વાદિ કર્મના હેતુને ટાળે. દશ પ્રકારે ક્ષમા આદરીને સંયમનો સંચય કરે તે, માટીના કાચા ભાજન જેવું (ઔદારિક શરીર છાંડીને મોક્ષ, દેવલોક આદિ ઉચ્ચ ગતિએ જાય. ૧૪ અનેક પ્રકારની આકરી ક્રિયાઓ કરીને સાધુ ઊંચામાં ઊંચા દેવતાઓ થાય છે. ચંદ્રમા, સૂર્યની માફક અતિ તેજે દીપતા થકા, મરવું નથી એવું માની સુખે રહે છે. ૧૫ દેવતાનાં કામભોગ બન્યા છે તેમાં આસક્ત થઇ, ચિંતવે. તેવાં રૂપ વિકુર્વતા

૧. માતા બ્રાહ્મણી, પિતા ચંડાળ હોય તેને બુક્કસ કહીએ.

થકા અસંખ્યાતા પૂર્વ સુધી ઊંચા દેવલોકમાં રહે છે ૧૬ દેવતા પોતાના સ્થાનકને વિષે રહેતા થકા આઉખું ક્ષય થયેથી ચવીને મનુષ્યની યોનિપ્રત્યે દશ અંગે સંપૂર્ણ જન્મે છે ૧૭ ઉઘાડી જમીન તે ખેતર, વાડી તથા ઢાંકી જમીન તે ઘર પ્રમુખ, સોનું રૂપું, ઘોડાહાથી દાસદાસી, પાયદળ એ ચાર પ્રકારના સ્કંધ જ્યાં હોય ત્યાં તેઓ ઊપજે છે. ૧૮ તેઓ મિત્રવંત, સ્વજનવંત, ઉચ્ચગોત્રના ધણી, રૂપવંત, નિરોગી, મહા પ્રજ્ઞાવંત વિનયવંત, યશવંત, બળવંત અને કાર્ય કરવામાં સમર્થ હોય છે. ૧૯ પૂર્વજન્મને વિષે નિર્મળ ધર્મને સેવવાથી તેઓ અનુપમ રૂપવાળા થઇ મનુષ્ય સંબંધી ભોગ ભોગવીને જીવતાં સુધી ચોક્ખું સમ્યક્ત્વ પાળે ૨૦ મનુષ્યાદિ ચાર અંગ મળવાં દુર્લભ જાણીને સંયમ અંગીકાર કરી, તપે કરી કર્મરૂપ મેલને ટાળીને શાશ્વતા સિદ્ધ થાય છે એમ હું કહું છું.

શ્રી ઉત્તરાધ્યયન સુત્રનું ચોથું અધ્યયન.

અસંખયં જીવિય મા પમાયએ, જરોવણીયસ્સ હુ નિત્થ તાણં;
એવં વિયાણાહિ જણે પમત્તે કિણ્ણુવિહિંસા અજ્યા ગહિન્તિ. ૧

જે પાવકમ્મેહિ ધણં મણૂસા, સમાયયન્તી અમઇં ગહાય;
પહાય તે પાસપયટ્ટિએ નરે, વેરાણુબદ્ધા નરયં ઉવેન્તિ. ૨

તેણે જહા સન્ધિમુહે ગહીએ. સકમ્મુણા કિચ્ચઇ પાવકારી;
એવં પયા પેચ્ચ ઇહિં ચ લોએ, કડાણ કમ્માણ ન મુક્ખ અત્થિ. ૩

સંસારમાવન્ન પરસ્સ અટ્ઠા, સાહારણં જં ચ કરેઇ કમ્મં;
કમ્મસ્સ તે તસ્સ ઉ વેયકાલે, ન બન્ધવા બન્ધવયં ઉવેન્તિ. ૪

વિત્તેણ તાણં ન લભે પમત્તો, ઇમંમ્મિ લોએ અદુવા પરત્થા;
દીવપ્પણટ્ઠેવ અણન્તમોહે, નેયાઉયં દટ્ઠુમદટ્ઠુમેવ. ૫

સુત્તેસુ યાવી પડિબુદ્ધજીવી, ન વીસસે પણ્ડિએ આસુપન્ને;
ઘોરા મુહુત્તા અબલં સરીરં, ભારંડપક્ખી વ ચરેડપ્પમત્તો. ૬

ચરે પયાઇં પરિસંકમાણો, જંકિંચિ પાસે ઇહ મણ્ણમાણો;
લાભંત્તરે જીવિયા બૂહઇત્તા, પચ્છા પરિન્નાય મલાવધંસી. ૭

છન્દંનિરોહેણ ઉવેઇ મોક્ખં, આસે જહા સિક્ખિયવમ્મધારી,
પુવ્વાઇં વાસાઇં ચરેપ્પમત્તો, તમ્હા મુણી ખિપ્પમુવેઇ મોક્ખં. ૮

સ પુવ્વમેવં ન લભેજ્જ પચ્છા, એસોડવમા સાસયવાઇયાણં,
વિસીયઇ સિઢિલે આઉયમ્મિ, કાલોવણીએ ! દ્િ. સરીરસ્સ ભેએ. ૯

ખિપ્પં ન સક્કેઇ વિવેગમેઉં, તમ્હા સમુટ્ઠાય પહાય કામે;
સમિચ્ચ લોયં સમયામહેસી, અપ્પાણરક્ખી ચરેડપ્પમત્તો. ૧૦

મુહું મુહું મોહગુણે જયન્તં, અણેગરૂવા સમણં ચરન્તં,
ફાસા ફુસન્તિ અસમંજસં ચ, ન તેસિ ભિક્ખૂ મણસા પઉસ્સે. ૧૧

મન્દા ય ફાસા બહુલોહણિજ્જા, તહપ્પગારેસુ મણં ન કુજ્જા;
રક્ખિજ્જ કોહં વિણએજ્જ માણં, માયં ન સેવેજ્જ લોહં ૧૨
જેડસંખયા તુચ્છપરપ્પવાઈ, તે પિજ્જદોસાણુ ગયા પરજ્ઝા;
એએ અહમ્મેતિ દુગંછમાણો, કંખે ગુણે જાવ સરીરભેઉ. ૧૩
(ત્તિ બેમિ)

અર્થ—૧ આઉખું સંધાય તેમ નથી માટે હે જીવ ! ધર્મને વિષે પ્રમાદ ન કર જરાવંત જીવને નિશ્ચે કોઈ ત્રાણ શરણ નથી માટે એવું જાણ કે હિંસક, અજિતેંદ્રિય અને પ્રમાદી જીવો કોને શરણ જશે ? ૨ જે મનુષ્ય પાપકર્મ કરીને ધન મેળવે છે અને એ ધન મારૂં દુઃખ ટાળશે એમ જાણી અમૃતની પેઠે ગ્રહી રાખે છે, તેઓ તે ધન છોડીને સ્ત્રીપુત્રાદિના પાશમાં રહ્યા થકા વેર-બંધ બાંધીને નરકે જાય છે. ૩ જેમ ખાતર પડતાં ખાતરને મોઢે પકડાએલો પાપી ચોર પોતાનાં કર્મે કરી પીડા પામે છે તેમ જીવ આલોક અને પરલોકમાં પીડા પામે છે. કારણ કે કરેલાં કર્મ ભોગવ્યા સિવાય છૂટે નહિ ૪ સંસારી જીવ પરને તથા પોતાને માટે જે સાધારણ કર્મ કરે છે તે કર્મ ભોગવવાને વખતે તે પર જીવો બાંધવપણે રહેતા નથી એટલે દુઃખમાં ભાગ લેતા નથી. ૫ પ્રમાદી જીવ ધને કરીને આલોક અને પરલોકને વિષે ત્રાણ-શરણ પામે નહિં સમક્તિરૂપ દીવો બુઝાણાથી મોહનો ઉદય થાય છે તેથી મોક્ષ માર્ગને દીઠો. અણદીઠો કરે છે. ૬ પંડિત, શીઘ્ર પ્રજ્ઞાવંત પુરુષ, દ્રવ્ય નિદ્રાએ સૂતો થકો પણ ભાવથી જાગતો થકો સંયમ જીવિતવ્યે જીવે અને પ્રમાદનો વિશ્વાસ ન કરે કારણ કે ભયંકર કાળ જાય છે અને શરીર બળરહિત થતું જાય છે, માટે ભારંડ પંખીની પેઠે પ્રમાદરહિત ચાલે છે. ૭ જે કોઈ મૂળ ગુણ તથા ઉત્તરગુણને વિષે દોષ ન લાગે તેમ શંકાતો ચાલે અને સંસારને પાપ સરખો માને તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિક કોઇ જાતનો લાભ મળે ત્યાં સુધી સંયમ જીવિતવ્યને વધારીને પછી મરણને અવસરે કર્મરૂપ મળ તથા શરીરને ટાળે ૮ શીખવેલા અને કવચ ધરનાર ઘોડાની પેઠે સાધુ પોતાની મરજી અટકાવીને મોક્ષને પામે. ઘણા પૂર્વ સુધી પ્રમાદરહિત વીતરાગને માર્ગે ચાલે તે મુનિ શીઘ્ર મોક્ષ જાય છે. ૯ જે પુરુષ પ્રથમ ધર્મ ન કરે અને એમ માને કે અંતકાળે ધર્મ કરીશ, તે પુરુષ પછી પણ ધર્મ કરી શકતો નથી. એ ઉપમા કેવળીને છાજે પણ બીજા પુરુષોને છાજે નહિ. ૧૦ હે જીવ ! તું શીઘ્ર વિવેક (ધર્મ) પામી શકતો નથી માટે સાવધાન થઈ કામભોગને છાંડીને મોટા ઋષીશ્વરની પેઠે સઘળાં પ્રાણીઓને સમભાવે બરાબર જાણીને આત્માની રક્ષા કરતો થકો અપ્રમાદી થકો વિચર. ૧૧ મોહના ગુણોને જીતતાં સંયમને વિષે વિચારતા સાધુને અનેક પ્રકારના આકરા કે સુંવાળા શબ્દાદિ વિષયો વારંવાર હરકત કરે છે પણ તે ઉપર સાધુ મને કરીને પણ દ્વેષ ન કરે. ૧૨ શબ્દાદિ વિષયોનો સ્પર્શ ઘણા જીવોને મંદ પાડે છે અને લોભ ઉપજાવે છે. માટે તેવા વિષયોમાં મન ન રાખવું તથા ક્રોધ ન રાખવો, માનને ટાળવું. માયા ન સેવવી અને લોભને છાંડવો. ૧૩ જે કોઈ તત્ત્વજ્ઞાન વિના સંસ્કૃત ભાષા બોલવાના ડોળ ઘાલનાર અને પારકાં શાસ્ત્રના પરૂપણહાર રાગદ્વેષસહિત પરવશ પડયા છે. તેને મિથ્યાત્વી ગણી તેમનાથી દૂર રહી જાવજીવ સુધી જ્ઞાનાદિક ગુણની વાંછના કરવી. ॥ ઇતિ ॥

———

શ્રી નમિપ્રવ્રજ્યાનું નવમું અધ્યયન (ઉ-તરાધ્યયન)

ચઇઊણ દેવલોગાઓ, ઉવવન્નો માણુસમ્મિ લોગમ્મિ;
ઉવસન્તમોહણિજ્જો, સરઇ પોરાણિયં જાઈ. ૧
જાઇ સરિ-તુ ભયવં, સહસંબુદ્ધ અણુત્તરે ધમ્મે;
પુત્તં ઠવે-તુ રજ્જે, અભિણિક્ખમઈ નમી રાયા. ૨
સો દેવલોગસરિસે, અન્તેઉરવરગઓ વરે ભોએ;
ભુંજિ-તુ નમી રાયા, બુદ્ધો ભોગે પરિચ્ચયઈ. ૩
મિહિલં સપુરજણવયં, બલમોરોહં ચપરિયણં સવ્વં;
ચિચ્ચા અભિનિક્ખન્તો, એગન્તમહિટ્ઠિઓ ભયવં ૪
કોલાહલગભૂયં, આસી મિહિલાએ પવ્વયન્તમ્મિ;
તઇયા રાયરિસિમ્મિ, નમિમ્મિ અભિણિક્ખમન્તમ્મિ. ૫
અબ્ભુટ્ઠિયં રાયરિસિં, પવ્વજ્જાઠાણમુત્તમં;
સક્કો મહાણુરુવેણ, ઇમં વયણમબ્બવી. ૬
કિણ્ણુભો! અજ્જ મિહિલાએ, કોલાહલગસંકુલા;
સુવ્વન્તિ દારૂણા સદ્દા, પાસાએસુ ગિહેસુ ય. ૭
એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી. ૮
મહિલાએ ચેઇએ વચ્છે, સીયચ્છાએ મણોરમે;
પત્ત-પુપ્ફ-ફલો-વેએ, બહૂણં બહુ-ગુણે સયા. ૯
વાએણ હીરમાણમ્મિ, ચેઇયમ્મિ મણોરમે;
દુહિયા અસરણા અત્તા, એએ કંદન્તિ ભો ખગા. ૧૦
એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણ-ચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૧૧
એસ અગ્ગી ય વાઊ ય, એયં ડજ્ઝઈ મન્દિરં;
ભયવં અન્તેઉરં તેણં, કીસ ણં નાવપેક્ખહ. ૧૨
એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણ-ચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી. ૧૩
સુહં વસામો જીવાહો, જેસિં મો નત્થિ કિંચણં;
મિહિલાએ ડજ્ઝમાણીએ, ન મે ડજ્ઝઈ કિંચણં. ૧૪
ચત્ત-પુત્ત-કલત્તસ્સ, નિવ્વાવારસ્સ ભિક્ખુણો;
પિયં ન વિજ્જઇ, કિંચિ, અપ્પિયંપિ ન વિજ્જઇ. ૧૫
બહું ખુ મુણિણો ભદ્દં, અણગારસ્સ ભિક્ખુણો;
સવ્વઓ વિપ્પમુક્કસ્સ, એગન્તમણુપસ્સઓ. ૧૬

એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણ-ચોઇઓ;
તઓ નમી રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૧૭

પાગારં કારઇત્તાણં, ગોપુરટ્ટાલગાણિ ય;
ઉસ્સૂલગસયગ્ઘીઓ, તઓ ગચ્છસિ ખત્તિયા. ૧૮
એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણ-ચોઇઓ,
તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી. ૧૯

સદ્ધં નગરં કિચ્ચા, તવ-સંવર-મગ્ગલં;
ખન્તિ નિઉણ-પાગારં, તિગુત્તં દુપ્પધંસયં. ૨૦

ધણું પરક્કમં કિચ્ચા, જીવં ચ ઇરિયં સયા;
ધિઇં ચ કેયણં કિચ્ચા, સચ્ચેણ પલિમન્થએ. ૨૧

તવ-નારાયજુત્તેણ, ભિત્તુણં કમ્મ-કંચુયં;
મુણી વિગય-સંગામો, ભવાઓ પરિમુચ્ચએ. ૨૨
એયમટ્ઠં નિસામિત્તા, હેઊ - કારણ - ચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૨૩

પાસાએ કારઇત્તાણં, વદ્ધ - માણ - ગિહાણિ ય;
વાલગ્ગ-પોઇયાઓ ય, તઓ ગચ્છસિ ખત્તિયા. ૨૪
એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણ-ચોઇઓ;
તઓ નમી રાયારસિ, દેવન્દિં ઇણમબ્બવી. ૨૫
સંસયં ખલુ સો કુણઇ, જો મગ્ગે કુણઇ ઘરં;
જત્થેવ ગન્તુમિચ્છેજ્જા, તત્થ કુવેજ્જ સાસયં. ૨૬
એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણ-ચોઇઓ;
તઓ નમિં રાયારિસં, દેવિન્દો ઇણમબ્બવી. ૨૭

આમોસે લોમહારે ય, ગંઠિભેએ ય તક્કરે;
નગરસ્સ ખેમં કાઊણ, તઓ ગચ્છસિ ખત્તિયા. ૨૮
એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણ-ચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી. ૨૯

અસઇં તુ મણુસ્સેહિં, મિચ્છા દંડો પજુંજઇ;
અકારિણોઽત્થ બજ્ઝન્તિ, મુચ્ચઈ કારઓ જણો. ૩૦
એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણ-ચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૩૧

જે કેઇ પત્થિવા તુજ્ઝં, નાનમન્તિ નરાહિવા;
વસે તે ઠાવઇત્તાણં, તઓ ગચ્છસિ ખત્તિયા ૩૨.
એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણ-ચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી. ૩૩

જો સહસ્સં સહસ્સાણં, સંગામે દુજ્જએ જિણે;
એગં જિણેજ્જ અપ્પાણં, એસ સે પરમો જઓ. ૩૪

અપ્પણામેવ જુજ્ઝાહિ, કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ;
અપ્પણામેવમપ્પાણં, જઇત્તા સુહમેહએ. ૩૫

પંચિન્દિયાણિ કોહં, માણં માયં તહેવ લોહં ચ,
દુજ્જયં ચેવ અપ્પાણં, સવ્વં અપ્પે જિએ જિયં. ૩૬

એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિ, દેવિન્દો ઇણમબ્બવી. ૩૭

જઇત્તા વિઉલે જન્ને, ભોઇત્તા સમણમાહણે;
દચ્ચા ભોચ્ચા ય જિટ્ઠા ય, તઓ ગચ્છસિ ખત્તિયા. ૩૮

એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી. ૩૯

જો સહસ્સં સહસ્સાણં, માસે માસે ગવં દએ;
તસ્સવિ સંજમો સેઓ, અદિન્તસ્સઽવિ કિંચણં. ૪૦

એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિ, દેવિન્દો ઇણમબ્બવી. ૪૧

ઘોરાસમં ચઇત્તાણં, અન્નં પત્થેસિ આસમં;
ઇહેવ પોસહરઓ, ભવાહિ મણુયાહિવા. ૪૨

એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમી રાયરિસિ, દેવિન્દં ઇણમબ્બવી. ૪૩

માસે માસે તુ જો બાલે, કુસગ્ગેણં તુ ભુંજએ;
ન સો સુયક્ખાયધમ્મસ્સ, કલં અગ્ઘઇ સોલસિં. ૪૪

એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૪૫

હિરણ્ણં સુવણ્ણં મણિમુત્તં, કંસં દૂસં ચ વાહણં;
કોસં વડ્ઢાવઇત્તાણં, તઓ ગચ્છસિ ખત્તિયા. ૪૬

એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી. ૪૭

સુવણ્ણરુપ્પસ્સ ઉ પવ્વયાભવે, સિયા હુ કેલાસસમા અસંખયા;
નરસ્સલુદ્ધસ્સ ન તેહિં કિંચિ, ઇચ્છા હુ આગાસસમા અણંતિયા. ૪૮

પુઢવી સાલી જવા ચેવ, હિરણ્ણં પસુભિસ્સહ;
પડિપુણ્ણં નાલમેગસ્સ, ઇઇ વિજ્જા તવં ચરે. ૪૯

એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૫૦

અચ્છેરગમબ્ભુદએ, ભોએ ચયસિ પત્થિવા;
અસન્તે કામે પત્થેસિ, સંકપ્પેણ વિહમ્મસિ. ૫૧
એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી. ૫૨
સલ્લં કામા વિસં કામા, કામા આસીવિસોવમા;
કામે ય પત્થેમાણા, અકામા જન્તિ દોગ્ગઇં. ૫૩
અહે વયન્તિ કોહેણં, માણેણં અહમા ગઇ;
માયા ગઇપડિગ્ઘાઓ, લોભાઓ દુહઓ ભયં. ૫૪
અવઉજ્જિઊણ માહણરૂવં, વિઉવ્વિઊણ ઇન્દતં;
વન્દઇ અભિત્થુણન્તો, ઇમાહિ મહુરાહિં વગ્ગૂહિં. ૫૫
અહો તે નિજ્જિઓ કોહો, અહો માણો પરાજિઓ;
અહો તે નિરક્કિયા માયા, અહો લોભો વસીકઓ. ૫૬
અહો તે અજ્જવં સાહુ, અહો તે સાહુ મદ્દવં;
અહો તે ઉત્તમા ખન્તી, અહો તે મુત્તિ ઉત્તમા. ૫૭
ઇહિં સિ ઉત્તમો ભન્તે, પચ્છા હોહિસિ ઉત્તમો;
લોગુત્તમુત્તમં ઠાણં, સિદ્ધિં ગચ્છસિ નીરઓ. ૫૮
એવં અભિત્થુણન્તો, રાયરિસિં ઉત્તમાએ સદ્ધાએ;
પયાહિણં કરેન્તો, પુણો પુણો વન્દઇ સક્કો. ૫૯
તો વન્દિઊણ પાએ, ચક્કંકુસલક્ખણે મુણિવરસ્સ;
આગાસેણુપ્પઇઓ, લલિયચવલકુણ્ડલતિરીડી. ૬૦
નમી નમેઇ અપ્પાણં, સક્ખં સક્કેણ ચોઇઓ;
ચઇઊણ ગેહં ચ વેદેહી, સામણ્ણે પજ્જુવટ્ઠિઓ. ૬૧
એવં કરેન્તિ સંબુદ્ધા, પંડિયા પવિયક્ખણા;
વિણિયટ્ટન્તિ ભોગેસુ, જહા સે નમી રાયરિસિ. ૬૨

(ત્તિ બેમિ)

અર્થ :–૧ નમી રાજર્ષિનો જીવ પાંચમા બ્રહ્મ દેવલોકથી ચવીને મનુષ્ય લોકને વિષે ઉત્પન્ન થયો, દર્શન મોહનીય કર્મ ઉપશમાવીને પાછલા ભવની જાતિ સંભારવાથી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ૨ જાતિસ્મરણ જ્ઞાને કરી પાછલા ભવ સંભારીને ભગવંત જ્ઞાનવંત પોતાની મેળે ઉત્કૃષ્ટ પ્રધાન ધર્મને પામીને તે નમી રાજા પોતાના પુત્રને રાજ્ય સોંપીને ઘરથી દીક્ષા લેવાને નીકળ્યા. ૩ તે નમી રાજા અંતેઉરને વિષે રહી દેવલોકના જેવા ઉત્તમ ભોગ ભોગવીને, તત્ત્વના જાણ નમી રાજાએ ભોગને છાંડયા. ૪ તે નમી રાજા મિથિલાનગરી, બીજાં શહેરો, ચતુરંગીસેના, અંતેઉર, સ્વજનાદિક સર્વ છોડીને એકાંત રાગદ્વેષરહિત, નિસ્પૃહીપણે મોટા ઋદ્ધિના અને મોટા જ્ઞાનના

ધણી નમી રાજા ઘરથી બહાર નીકળ્યા. ૫ રાજર્ષિ નમી રાજા દીક્ષા લેવાને ઘરથી બહાર નીકળ્યા ત્યારે મિથિલાનગરીમાં લોકો વિલાપાદિક શબ્દોથી કોલાહલ કરવા લાગ્યા. ૬ તે નમી રાજર્ષિ દીક્ષા લેવાને ઉત્તમ સ્થાનકને વિષે સાવધાન થયા. તે અવસરે શક્રેંદ્ર બ્રાહ્મણરૂપે આવીને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. ૭ અહો નમી રાજા ! આજે મિથિલાનગરી રાજ્યગૃહમાં અને સામાન્ય ગૃહને વિષે હૃદયને અને મનને ઉદ્વેગ કરે એવા દારૂણ શબ્દોથી કોલાહલે કરી કેમ વ્યાપ્ત થઇ ? ૮ ઘણા લોકોને દુઃખનું કારણ તે તારી દીક્ષા છે અને પર જીવને જેથી દુઃખ ઊપજે તે પરિભ્રમણનું કારણ છે. એ અર્થ સાંભળીને તથા વિચારીને ત્યારપછી નમી રાજર્ષિ દેવેંદ્ર પ્રત્યે આ (નીચે) પ્રમાણે વચન કહે છે. ૯ મિથિલા નગરીને વિષે, ઉદ્યાનમાં એક શીતળ છાયાવાળું, મનને રમણિક પત્રે, ફૂલે ફળે કરી સહિત પક્ષી આદિક ઘણા જીવોને સદા ગુણનું કરનાર એવું એક વૃક્ષ છે. ૧૦ અહો વિપ્ર ! વનમાંહે તે મનોરમ વૃક્ષ વાયરે કરી હાલવાથી દુઃખીઆં અને શરણરહિત થયેલાં પંખીઓ દુઃખથી પીડા પામીને આક્રંદ કરે છે, તેમાં ઝાડનો દોષ નથી ૧૧ એ અર્થ સાંભળીને, વિચારીને હેતુ પાર પાડવા નિમિતે નમી રાજર્ષિ પ્રત્યે દેવેંદ્ર આ પ્રમાણે વચન કહે છે. ૧૨ હે નમી રાજા ! તારાં ઘર અને અંતઃપુર વગેરે અગ્નિ અને વાયરે કરી પ્રત્યક્ષ બળતાં દેખાય છે તે તું શા માટે નથી જોતો ? ૧૩ એ અર્થ સાંભળીને હેતુ પાર પાડવા નિમિતે નમી રાજર્ષિ દેવેંદ્ર પ્રત્યે આ પ્રમાણે કહે છે. હે વિપ્ર ! મને જેમ સુખ ઊપજે છે તેમ હું વસું છું અને જીવું છું. તે બળતા ઘરમાં કિંચિતમાત્ર પણ મારૂં નથી, તેથી મિથિલાનગરી બળવાથી મારૂં કાંઇ પણ બળતું નથી. ૧૫ જેણે પુત્ર, સ્ત્રી આદિ તથા સર્વ જાતના વ્યાપાર છાંડયા છે એવા સાધુને લોકમાં કોઇ પણ વસ્તુ પ્રિય કે અપ્રિય નથી. ૧૬ અણગાર (સાધુ) જે સર્વથા પ્રકારે આરંભ પરિગ્રહથી વિશેષે મુકાણા છે અને હું એકલો છું એમ એકત્વપણાને વિચારે છે તે સાધુને નિશ્ચે ઘણું કલ્યાણ થાય છે. ૧૭ એ અર્થ સાંભળીને હેતુ કારણ પ્રેર્યો થકો નમી રાજર્ષિ પ્રત્યે દેવેંદ્ર આ પ્રમાણે કહે છે, ૧૮ હે ક્ષત્રી ! તારા ગામને ગઢ, કોટ, કમાડ ભોગળ, કોટ ઉપરનાં યુદ્ધ કરવાનાં સ્થાનક, પ્રગટ ખાઇ, ગુપ્ત ખાઇ તથા સૌ મનુષ્યનો ઘાત કરે તેવાં શતઘ્ન શસ્ત્ર કરાવીને ત્યાર પછી ઘર મૂકીને જાજે. ૧૯. એ પ્રમાણે દેવતાનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૨૦ હે બ્રાહ્મણ ! મેં શુદ્ધ શ્રદ્ધારૂપ નગર કર્યું છે બાર પ્રકારે તપરૂપ કમાડ કર્યાં છે, સંવર રૂપ ભોગળ કરી છે, ક્ષમારૂપ ગઢ કર્યો છે અને ત્રણ ગુપ્તિરૂપ કોટ કર્યા છે, તે કોઇથી જીતી શકાય નહિ. ૨૧ પરાક્રમરૂપ ધનુષ્ય કર્યું છે, ઇર્યા સમિતરૂપ તેની પણછ, ધૈર્યરૂપ કમાન અને સત્યરૂપ ચાપરે કરી ધનુપ બાંધ્યું છે. અર્થાત્ મનાદિયોગ સત્યે કરી બાંધ્યા છે. ૨૨ તપરૂપ લોઢાનાં બાણે કરી સહિત ધનુષ્ય છે તેણે કરીને સાધુ લૌકિક સંગ્રામથી નહીં પણ ભાવસંગ્રામથી કર્મરૂપ વૈરીને વિદારે (જીતે) અને સંસાર સમુદ્રથી મુકાય. ૨૩ એ પ્રમાણે નમી રાજર્ષિનું કહેવું સાંભળીને ત્યાર પછી દેવતા આ પ્રમાણે કહે છે. ૨૪ હે ક્ષત્રી ! મોટાં ઘર કરાવી, તેનાં મોટા ગોખ મેલાવી તથા તળાવમાં ક્રીડા કરવાના મહેલ કરાવીને તે પછી તું જાજે. ૨૫ એ પ્રમાણે દેવતાનું કહેવું સાભળીને નમી રાજર્ષિ દેવેંદ્ર પ્રત્યે આ પ્રમાણે કહે છે. ૨૬ જેને પરભવનો સંશય હોય તે જ નિશ્ચય ઘર કરે, હું તો જ્યાં જવા ઇચ્છું ત્યાં જ શાશ્વતું ઘર કરીશ. ૨૭ એ પ્રમાણે નમી રાજાનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે ૨૮ હે ક્ષત્રી ! વાટપાડુ, ફાંસીઆ, ગંઠીછોડા એવા ચોર છે તેને નિષેધીને, નગરને કુશળ કરી પછી જાજે. ૨૯ એ પ્રમાણે દેવતાનું કહેવું સાંભળીને નમીરાજા આ પ્રમાણે કહે છે. અનેક વાર મનુષ્યભવે અજ્ઞાન અને અહંકારપણે અપરાધીને અને નિરપરાધીને ખોટી શિક્ષા થાય એટલે ઘણી વખતે ચોરી ન કરનાર મનુષ્યને બાંધે

છે અને ચોરી કરનારને મૂકે છે પણ ઇંદ્રિયના વિકારરૂપી જે ચોર છે તેને કોઈ મોહવંત બાંધી શકતો નથી. ૩૧ એ પ્રમાણે નમી રાજર્ષિનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૩૨ હે ક્ષત્રી! જે કોઈ રાજા તને નમતા નથી તે સર્વને વશ કરીને પછી જાજે. ૩૩ એ પ્રમાણે દેવેંદ્રનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે ૩૪ હે વિપ્ર! દશલાખ યોદ્ધાઓ જીતવા દોહ્યલા છે. તેને કોઇ સંગ્રામને વિષે જીતી શકશે. પણ પોતાના આત્માને જીતી શકે તે દશલાખ યોદ્ધાના જીતનાર કરતાં ઉત્કૃષ્ટો જીતનાર જાણવો. ૩૫ આપણે પોતા આત્માથી જ યુદ્ધ કરવું, મનુષ્ય સાથે બાહ્યયુદ્ધ કરવાથી શું થાય? અર્થાત્ કાંઈ નહિ. પણ આપણે પોતાનો આત્મા જીતવાથી મોક્ષનાં સુખ પામશું ૩૬ પાંચ ઇંદ્રિયો, ક્રોધ, માન, માયા તેમજ લોભ એ સર્વ જીતવાં બહુ દોહ્યલાં છે. પણ જેણે પોતાના આત્માને જીત્યો છે. તેણે સર્વને જીત્યા છે ૩૭ એ પ્રમાણે નમી રાજાનું કહેવું સાભળી દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૩૮ હે ક્ષત્રી! મોટા યજ્ઞ કરી, બ્રાહ્મણોને જમાડી, ગાય, સુવર્ણાદિ દાન દઈ મનોજ્ઞ ભોગવીને, યજ્ઞ સ્તંભ સ્થાપીને પછી તું જાજે. ૩૯ એ પ્રમાણે દેવેંદ્રનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૪૦ જે કોઇ મહિને મહિને દસલાખ ગાયોનું દાન કોઇને આપે, તેને જે લાભ થાય તેના કરતાં સંયમ (ચારિત્ર) લેનારને ઘણો જ વધારે લાભ થાય છે, માટે ગાયોનાં દાન દેવાની શકિત ન હોય તેણે પણ સંયમ લેવો એ વધારે કલ્યાણનું કારણ છે. ૪૧ એ પ્રમાણે નમી રાજાનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૪૨ હે મનુષ્યના અધિપતિ! ઘોર આશ્રમ છાંડીને બીજો આશ્રમ શા સારૂ ઇચ્છે છે? આ ગૃહસ્થાશ્રમમાં જ રહીને પોષધાદિકને વિષે અનુરક્ત થાઓ. ૪૩ એ પ્રમાણે દેવેંદ્રનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૪૪ હે બ્રાહ્મણ! કોઇ અજ્ઞાની મૂર્ખ પ્રાણી માસ માસ ખમણને પારણે ડાભની અણી ઉપર રહે એટલો આહાર કરે પણ તે પુરુષ નિરવદ્ય ચારિત્રરૂપ ધર્મને સોળમે ભાગે પણ પહોંચે નહિ અર્થાત્ અજ્ઞાનપણામાં ગમે તેવી આકરી કરેલી ક્રિયા ખરાં ચારિત્ર ધર્મને કાંઈ અંશે આવી શકે નહિ, માટે મને ગૃહસ્થાશ્રમ છાંડી ચારિત્ર આચરવું શ્રેય છે ૪૫ એ પ્રમાણે નમી રાજર્ષિનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૪૬ હે ક્ષત્રી! સોનારૂપાના વગર ઘડેલાં અને ઘડેલાં અલંકારો મણિ, મોતી, કાંસાનાં વાસણ, વસ્ત્રો અશ્વાદિક વાહનો અને કોઠાર વધારીને પછી જાજે, ૪૭ એ પ્રમાણે દેવતાનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૪૮ હે બ્રાહ્મણ! કદાચિત્ સોના રૂપાના મેરૂ પર્વત જેવડા અસંખ્યાત પર્વતો હોય તો લોભી મનુષ્યને કિંચિત્ માત્ર સંતોષ થાય નહિ કારણ કે તૃષ્ણા અનંત આકાશસરખી છે. ૪૯ સઘળી પૃથ્વી સાળ-જવ આદિ ૪૨ જાતના ધાન્યથી, સોના-રૂપાથી તથા પશુ આદિથી ભરી આપે તો પણ એક લોભી મનુષ્યની ઇચ્છા પૂર્ણ થાય નહિ પણ હું એવું જાણીને લોભથી નિવર્તી, સંતોષની વૃત્તિરૂપ તપ આચરીશ. ૫૦ એ પ્રમાણે નમી રાજર્ષિનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૫૧ હે રાજર્ષિ! મને ઘણું આશ્ચર્ય ઉપજે છે કે પોતાને મળેલા કામભોગને છાંડીને હવે પછીથી (અછતા) મળવાના ભોગની ઇચ્છા રાખે છે! પણ ઇચ્છા રાખેલા ભોગ મળશે કે નહિ એવા સંકલ્પે વિકલ્પે કરી હણાઈશ, માટે છતા ભોગને છાંડીશ નહિ. ૫૨. એ પ્રમાણે દેવતાનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૫૩ હે બ્રાહ્મણ! એ કામભોગ શલ્યસરખા છે, ઝેરસરખા છે, દષ્ટિવિષવાળા સર્પની ઉપમા સરખા છે. જો કે તે કામભોગ મળી શકે તેમ નથી, ભોગવી શકે તેમ નથી, તો પણ આકરી અભિલાષા રાખે છે, એવા જીવ તંદુલ મચ્છની માફક નરકને વિષે માઠી ગતિએ ઊપજે છે, ૫૪ ક્રોધે કરી નરકાદિક અધોગતિએ જાય છે, અહંકારે કરી માઠી ગતિએ જાય છે. માયાકપટે કરી સદ્ગતિનો

વિનાશ થાય છે. અને લોભે કરીને આ લોક તથા પરલોકનો ભય થાય છે. ૫૫ દેવેંદ્ર બ્રાહ્મણનું રૂપ છોડી દેવતાનું રૂપ ધારણ કરી નમી રાજર્ષિને વાંદી, નમસ્કાર કરી નીચે પ્રમાણે મધુરે વચને સ્તુતિ કરવા લાગ્યા. ૫૬ હે રાજર્ષિ ! ઇતિ આશ્ચર્ય ! ભલું તમારૂં સરલપણું, ઇતિ આશ્ચર્ય ! ભલું તમારૂં નિરહંકારપણું ઇતિ આશ્ચર્ય ! તમારી ઉત્તમ ક્ષમા, ઇતિ આશ્ચર્ય ! તમારી ઉત્તમ નિર્લોભતા ૫૮ હે પૂજ્ય ! તમે આ ભવને વિષે ઉત્તમ છો, પરભવને વિષે ઉત્તમ થશો અને કર્મરૂપ રજરહિત થઇ લોકમાં અતિ પ્રધાન, ઉત્તમ સ્થાનક ને મુક્તિપદ પામશો. ૫૯ દેવતાઓનો ઇંદ્ર તે શક્રેંદ્ર એ પ્રમાણે સ્તુતિ કરતો રાજર્ષિ પ્રત્યે ઉત્તમ શ્રદ્ધા સહિત ભક્તિ કરે છે તથા પ્રદક્ષિણા કરીને વારંવાર વંદણા નમસ્કાર કરે છે, ૬૦ ત્યાર પછી એક ચક્ર અંકુશ આદિ લક્ષણો સહિત ઇંદ્ર, નમી રાજર્ષિના પગને વાંદીને મનોહર ચપળ કુંડળ તથા મુગટ આદિ અલંકારોથી સહિત એવા શક્રેંદ્ર આકાશને વિષે એટલે દેવલોકમાં પોતાને ઠેકાણે ગયા, સાક્ષાત્ શક્રેંદ્ર નમી રાજર્ષિને ચારિત્ર ન લેવા સંબંધી વાદવિવાદ કરી ચળાવવા માંડયા તો પણ તે ચળ્યા નહિ અને ઘર, દેશ, વિદેશ, સર્વ છાંડીને નમી રાજાએ પોતાના આત્માને નમાડી એટલે વૈરાગ્યમાં લીન કરીને ચારિત્રને વિષે ઉદ્યમવંત થયા. ૬૨ જેમ નમી રાજર્ષિ સંસારના ભોગથી નિવર્ત્યા તેમ તત્ત્વના જાણ પંડિત, અતિ વિચક્ષણ હોય તે ક્રિયામાં પ્રવીણ થાય અને વિશેષ ભોગથી નિવર્તે એમ હું કહું છું.

શ્રીમૃગાપુત્રનું ૧૯ મું અધ્યયન (ઉત્ત ૧૯યન)

સુગ્ગીવે નયરે રમ્મે, કાણણુજ્જાણસોહિએ;
રાયા બલભદ્દિયા, મિયા તસ્સગ્ગમાહિસી. ૧
તેસિં પુત્તો બલસિરી, મિયપુત્તોતિ વિસ્સુએ,
અમ્માપિઊણ દઇએ, જુવરાયા દમીસરે. ૨
નન્દણે સો ઉ પાસાએ, કીલએ સહ ઇત્થિહિં;
દેવે દોગુન્દગે ચેવ, નિચ્ચં મુઇય-માણસો. ૩
મણિ-રયણ-કોટ્ટિમતલે, પાસાય-લોયણટ્ઠિઓ
આલોએઇ નગરસ્સ, ચઉક્કત્તિયચચ્ચરે. ૪
અહ તત્થ અઇચ્ચન્તં, પાસઇ સમણસંજયં,
તવ-નિયમ-સંજમધરં, સીલડ્ઢં ગુણઆગરં, ૫
તં દેહઇ મિયાપુત્તો, દિટ્ઠિએ અણિમિસાએ ઉ;
કહિં મન્નેરિસં રુવં, દિટ્ઠપુવ્વં મએ પુરા. ૬
સાહુસ્સ દરિસણે તસ્સ, અજ્ઝવસાણમ્મિ સોહણે;
મોહં ગયસ્સ સન્તસ્સ, જાઇસરણં સમુપ્પન્નં. ૭
દેવલોગ ચઓસંતો માણુસંભવમાગઓ;
સન્નિનાણે સમુપ્પન્ને, જાઇસરણં પુરાવણં. ૮
જાઇસરણે સમુપ્પન્ને, મિયાપુત્તો મહિડ્ઢિએ;
સરઇ પોરાણિયં જાઇં, સામણ્ણં ચ પુરા કયં. ૯

विसएहि अरज्जन्तो, रज्जन्तो संजमम्मि य;
अम्मा-पियर-मुवागम्म, इमं वयणमब्बवी. १०

सुयाणि मे पंचमहव्वयाणि, नरएसुदुक्खंचतिरिक्खजोणिसु,
निव्विण्णकामोमि महण्णवाओ, अणुजाणह पव्वइस्सामि अम्मो. ११

अम्म ताय मए भोगा, भुत्ता विसफलोवमा;
पच्छा कडुय-विवागा, अणुबन्धदुहावहा. १२

इमं सरीरं अणिच्चं, असुइसंभवं,
असासया-वासमिणं, दुक्खं केसाण भायणं. १३
असासए सरीरम्मि, रइं नो वलभामहं;
पच्छा पुरा व चइयव्वे, फेणबुब्बुयसन्निभे. १४

माणुसत्ते असारम्मि, वाहीरोगाण आलए;
जरामरणघत्थम्मि, खणंपि न रमामहं. १५

जम्मं दुक्खं जरा दुक्खं, रोगाणि मरणाणि य;
अहो दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जन्तवो. १६

खेत्तं वत्थं हिरण्णं च, पुत्तदारं च बन्धवा;
चइत्ताणं इमं देहं, गन्तव्व-मवसस्स मे. १७

जवा किम्पाग-फलाण, परिणामो न सुन्दरो;
एवं भुत्ताण भोगाणं, परिणामो न सुन्दरो. १८

अद्धाणं जो महन्तं तु अप्पाहेओ पवज्जई;
गच्छन्तो सो दुही होई, छुहा-तण्हाए पीडिओ. १९
एवं धम्मं अकाऊणं, जो गच्छइ परं भवं;
गच्छन्तो सो दुही होइ, वाहीरोगेहिं पीडिओ. २०

अद्धाणं सो महन्तं तु, सपाहेओ पवज्जइ;
गच्छन्तो सो सुही होई, छुहा-तण्हा-विवज्जिओ. २१

एवं धम्मंऽपि काऊणं, जो गच्छइ परं रावं;
गच्छन्तो सो सुही होई, अप्पकम्मे अवेयणे. २२

जहा गेहे पलित्तम्मि, तस्स गेहस्स जो पहू;
सारभण्डाणि नीणेई, असारं अवउज्झइ. २३
एवं लोए पलित्तम्मि, जराए मरणेण य;
अप्पाणं तारइस्सामि, तुब्भेहि अणुमन्निओ. २४

तं बिन्तम्मापियरो, सामण्णं पुत्त दुच्चरं;
गुणाणं तु सहस्साइं, धारेयव्वाइं भिक्खुणो. २५

समया सव्वभूएसु, स-मित्तेसु वा जगे;
पाणाई-वाय-विरई, जवज्जीवाए दुक्करं. २६

નિચ્ચકાલપ્પ-મત્તેણં, મુસા-વાય-વિવજ્જણં;
ભાસિયવ્વં હિયં સચ્ચં, નિચ્ચાઉત્તેણં દુક્કરં. ૨૭

દન્તસોહણ-માઇસ્સ, અદત્તસ્સ વિવજ્જણં,
અણવજ્જસણિજ્જસ્સ, ગિણ્હણા અવિ દુક્કરં. ૨૮

વિરઈ અબમ્ભચેરસ્સ, કામ-ભોગ-રસન્નુણા;
ઉગ્ગં મહાવ્વયં બમ્ભં, ધારેયવ્વં સુદુક્કરં. ૨૯

ધણ-ધન્ન-પેસવગ્ગેસુ, પરિગ્ગહ-વિવજ્જણં;
સવ્વારમ્ભ-પરિચ્ચાઓ, નિમ્મમત્તં સુદુક્કરં. ૩૦

ચઉવ્વિહેડવિ આહારે, રાઇભોયણ-વજ્જણા;
સન્નિહી-સંચઓ ચેવ, વજ્જેયવ્વો સુદુક્કરં. ૩૧

છુહાતણ્હા ય સીઉણ્હં, દંસમંસગવેયણા;
અક્કોસા દુક્ખસેજ્જા ય, તણ-ફાસા જલ્લમેવ ય, ૩૨

તાલણા તજ્જણા ચેવ, વહબન્ધ-પરીસહા;
દુક્ખં ભિક્ખાયરિયા, જાયણા ય અલાભયા. ૩૩

કાવોયા જા ઇમા વિત્તી, કેસલોઓ ય દારુણો;
દુક્ખં બમ્ભવ્વયં ઘોરં, ધારેઉં ય મહપ્પણો. ૩૪

સુહોઇઓ તુમં પુત્તા, સુકુમાલો સુમજ્જિઓ;
ન હુ સી પભૂ તુમં પુત્તા, સામણ્ણ-મણુપાલિયા. ૩૫

જાવજ્જીવ-મવિસ્સામો, ગુણાણં તુ મહબ્ભરો;
ગુરુઓ લોહભારુ વ્વ, જો પુત્તા હોઇ દુવ્વહો, ૩૬

આગાસે ગંગાસોઉ વ્વ, પડિસોઉ વ્વ, દુત્તરો;
બાહાહિં સાગરો ચેવ, તરિયવ્વો ગુણોદહી. ૩૭

વાલુયાકવલો ચેવ, નિરસ્સાએ ઉ સંજમે;
અસિધારા-ગમણં ચેવ, દુક્કરં ચરિઉં તવો. ૩૮

અહી વેગન્ત-દિટ્ઠિએ; ચરિત્તે પુત્ત દુક્કરે;
જવા લોહમયા ચેવ, ચાવેયવ્વા સુદુક્કરં. ૩૯

જહા અગ્ગિસિહા દિત્તા, પાઉં હોઇ સુદુક્કરા;
તહા દુક્કરં કરેઉં જે, તારુણ્ણે સમણત્તણં, ૪૦

જહા દુક્ખં ભરેઉ જે, હોઇ વાયસ્સ કોત્થલો;
તહા દુક્ખં કરેઉં જે, કીવેણં સમણત્તણં. ૪૧

જહા તુલાએ તોલેઉં, દુક્કરો મન્દરો ગિરી;
તહા નિહુયં નીસંકં, દુક્કરં સમણત્તણં. ૪૨

જહા ભૂયાહિં તરિઉં, દુક્કરં રયણાયરો;
તહા અણુવસન્તેણં, દુક્કરં દમસાગરો. ૪૩

ભુંજ માણુસ્સએ ભોગે, પંચલક્ખણએ તુમં;
ભુત્તભોગી તઓ જાયા, પચ્છા ધમ્મં ચરિસ્સસિ. ૪૪

સો બિંતઽમ્માપિયરો, એવમેયં જહા ફુડં;
ઇહ લોએ નિપ્પિવાસસ્સ, નત્થિ કિંચિવિ દુક્કરં. ૪૫

સારીરમાણુસા ચેવ, વેયણાઓ અનન્તસો;
મએ સોઢાઓ ભીમાઓ, અસઇં દુક્ખભયાણિ ય. ૪૬

જરામરણ-કાન્તારે, ચાઉરન્તે ભયાગરે;
મએ સોઢાણિ ભીમાણિ, જમ્માણિ મરણાણિ ય. ૪૭

જહા ઇહં અગણી ઉણ્હો, એત્તોઽણન્તગુણો તહિં;
નરએસુ વેયણા ઉણ્હા, અસ્સાયા વેઇયા મએ. ૪૮

જહા ઇમં ઇહં સીયં, એત્તોઽણન્તગુણો તહિં;
નરએસુ વેયણા સીયા, અસ્સાયા વેઇયા મએ. ૪૯

કન્દન્તો કન્દુકુમ્ભીસુ, ઉડ્ઢપાઓ અહોસિરો;
હુયાસણે જલન્તમ્મિ, પક્કપુવ્વો અણન્તસો. ૫૦

મહાદવગ્ગિસંકાસે, મરુમ્મિ વઇરવાલુએ;
કલમ્બવાલુયાએ ય, દડ્ઢપુવ્વો અણન્તસો. ૫૧

રસન્તો કન્દુકુમ્ભીસુ, ઉડ્ઢં બદ્ધો અબન્ધવો;
કરવત્ત-કરકયાઇહિં, છિન્નપુવ્વો અણન્તસો. ૫૨

અઇ-તિક્ખ-કંટગા-ઇણ્ણે, તુંગે સિમ્બલિપાયવે;
ખેવિયં પાસબદ્ધેણં, કડ્ઢોકડ્ઢાહિં દુક્કરં. ૫૩

મહાજન્તેસુ ઉચ્છૂ વા, આરસન્તો સુભેરવં;
પીડિઓઽમિ સકમ્મેહિં, પાવકમ્મો અણન્તસો. ૫૪

કૂવન્તો કોલસુણએહિં, સામેહિં સબલેહિ ય;
પાડિઓ ફાલિઓ છિન્નો, વિપ્ફુરન્તો અણેગસો. ૫૫

અસીહિ અયસિવણ્ણાહિં, ભલ્લીહિં પટ્ટિસેહિ ય;
છિન્નો ભિન્નો વિભિન્નો ય, ઓઇણ્ણો પાવ-કમ્મુણા. ૫૬

અવસો લોહરહે જુત્તો, જલન્તે સમિલાજુએ;
ચોઇઓ તોત્તજુત્તેહિં, રોજ્ઝો વા જહ પાડિઓ. ૫૭

હુયાસણે જલન્તમ્મિ, ચિયાસુ મહિસો વિવ;
દડ્ઢો પક્કો ય અવસો, પાવ-કમ્મેહિ પાવિઓ. ૫૮

બલા-સંડાસ-તુણ્ડેહિં, લોહતુણ્ડેહિં પક્ખિહિં;
વિલુત્તો વિલવન્તો હં, ઢંકગિદ્ધેહિંઽણન્તસો; ૫૯

તણ્હાકિલન્તો ધાવન્તો, પત્તો વેયરણિં નદિં;
જલં પાહિંતિ ચિન્તન્તો, ખુરધારાહિ વિવાઇઓ. ૬૦

ઉણ્હાભિતત્તો સંપત્તો, અસિપત્તં મહાવણં;
અસિપત્તહિં પડન્તેહિં, છિન્નપુવ્વે અણેગસો. ૬૧

મુગ્ગરેહિં મુસંઢીહિં, સૂલેહિં મુસલેહિ ય;
ગયા સંભગ્ગગત્તેહિં, પત્તં દુક્ખં અણન્તસો. ૬૨

ખુરેહિં તિક્ખધારેહિં, છુરિયાહિં કપ્પણીહિ ય;
કપ્પિઓ ફાલિઓ છિન્નો, ઉક્કિન્તો ય અણેગસો. ૬૩

પાસેહિં કૂડજાલેહિં, મિઓ વા અવસો અહં;
વાહિઓ બદ્ધરુદ્ધો વા, બહૂ ચેવ વિવાઇઓ. ૬૪

ગલેહિં મગરજાલેહિં, મચ્છો વા અવસો અહં;
ઉલ્લિઓ ફાલિઓ ગહિઓ, મારિઓ ય અણન્તસો. ૬૫

વીદંસએહિં જાલેહિં, લેપ્પાહિં સઉણો વિવ;
ગહિઓ લગ્ગો બદ્ધો ય, મારિઓ ય અણન્તસો. ૬૬

કુહાડ–ફરસુમાઈહિં, વડ્ઢઈહિં દુમો વિવ;
કુટ્ટિઓ ફાલિઓ છિન્નો, તચ્છિઓ ય અણન્તસો. ૬૭

ચવેડ–મુટ્ઠિ–માઈહિં, કુમારેહિં અયં પિવ;
તાડિઓ કુટ્ટિઓ ભિન્નો, ચુણ્ણિઓ ય અણન્તસો. ૬૮

તત્તાઈં તમ્બ–લોહાઈં, તઉયાઈં સીસગાણિ ય;
પાઇઓ કલકલન્તાઈં, આરસન્તો સુભેરવં. ૬૯

તુહં પિયાઇં મંસાઇં, ખણ્ડાઇં સોલ્લગાણિ ય;
ખાઇઓમિ સ–મંસાઇં, અગ્ગિવણ્ણાઇંડણેગસો. ૭૦

તુહં પિયા સુરા સીહૂ, મેરઓ ય મહૂણિ ય;
પાઇઓમિ જલન્તીઓ, વસાઓ રુહિરાણિ ય. ૭૧

નિચ્ચં ભીએણ તત્થેણ, દુહિએણ વહિએણ ય;
પરમા દુહસંબદ્ધા, વેયણા વેદિતા મએ. ૭૨

તિવ્વચણ્ડપ્પગાઢાઓ, ઘોરાઓ અઇદુસ્સહા;
મહબ્ભયાઓ ભીમાઓ, નરએસુ વેદિતા મએ. ૭૩

જારિસા માણુસે લોએ, તાયા દીસન્તિ વેયણા;
એત્તો અણન્તગુણિયા, નરએસુ દુક્ખવેયણા. ૭૪

સવ્વભવેસુ અસ્સાયા, વેયણા વેદિતા મએ;
નિમેસન્તરામત્તંડપિ, જં સાતા નત્થિ વેયણા. ૭૫

તં બિન્તમ્માપિયરો, છન્દેણું પુત્ત પવ્વયા;
નવરં પુણ સામણ્ણે, દુક્ખં નિપ્પડિકમ્મયા. ૭૬

સો બેઇ અમ્માપિયરો, એવમેયં જહા ફુડં;
પડિકમ્મં કો કુણઇ, અરણ્ણે મિયપક્ખિણં. ૭૭

એગબ્ભૂએ અરણ્ણે વ, જહા ઉ ચરઇ મિગે;
એવં ધમ્મં ચરિસ્સામિ, સંજમેણ તવેણ ય. ૭૮

જહા મિગસ્સ આયંકો, મહારણ્ણમ્મિ જાયઇ;
અચ્ચન્તં રુક્ખમૂલમ્મિ, કો ણં તાહે તિગચ્છિઇ. ૭૯

કો વા સે ઓસહં દેઇ, કો વા સે પુચ્છઇ સુહં;
કો સે ભત્તં ચ પાણં વા, આહરિત્તુ પણામએ. ૮૦

જયા સે સુહી હોઇ, તયા ગચ્છઈ ગોયરં;
ભત્તપાણસ્સ અટ્ઠાએ, વલ્લરાણિ સરાણિ ય. ૮૧

ખાઇત્તા પાણિયં પાઉં, વલ્લરેહિં સરેહિ ય;
મિગચારિયં ચરિત્તાણં, ગચ્છઇ મિગચારિયં. ૮૨

એવં સમુટ્ઠિઓ ભિક્ખૂ, એવમેવ અણેગએ;
મિગચારિયં ચરિત્તાણં, ઉડ્ઢં પક્કમઈ દિસં. ૮૩

જહા મિએ એગ અણેગચારી, અણેગવાસે ધુવગોયરે ય;
એવં મુણીગોયરિયં પવિટ્ઠે, નો હીલએ નોવિ ય ખિંસએજ્જા. ૮૪

મિગચારિયં ચરિસ્સામિ, એવં પુત્તા જહા સુહં;
અમ્માપિઊહિં ડણુન્નાઓ, જહાઇ ઉવહિં તહા. ૮૫

મિગચારિયં ચરિસ્સામિ, સવ્વદુક્ખવિમોક્ખણિં;
તુબ્ભેહિં અબ્ભણુન્નાઓ, ગચ્છ પુત્ત જહા સુહં. ૮૬

એવં સો અમ્માપિયરો, અણુમાણિત્તાણ બહુવિહં;
મમત્તં છિન્દઈ તાહે, મહાનાગો વ્વ કંચુયં. ૮૭

ઇડ્ઢી વિત્તં ચ મિત્તે ય, પુત્તદારં ચ નાયઓ;
રેણુયં વ પડે લગ્ગં, નિદ્ધુણિત્તાણ નિગ્ગઓ. ૮૮

પંચમહવ્વયજુત્તો, પંચહિ સમિઓ તિગુત્તિગુત્તોય;
સબ્ભિન્તરબાહિરઓ, તવોકમ્મંસિ ઉજ્જુઓ. ૮૯

નિમ્મમો નિરહંકારો, નિસ્સંગો ચત્તાગારવો;
સમો ય સવભૂએસુ, તસેસુ થાવરેસુ ય. ૯૦

લાભાલાભે સુહે દુક્ખે, જીવિએ મરણે તહા;
સમો નિન્દાપસંસાસુ, તહા માણાવમાણઓ. ૯૧

ગારવેસુ કસાએસુ, દણ્ડસલ્લભએસુ ય;
નિયત્તો હાસ-સોગાઓ, અનિયાણો અબન્ધણો. ૯૨

અણિસ્સિઓ ઇહં લોએ, પરલોએ અણિસ્સિઓ;
વાસીચન્દણકપ્પો ય, અસણે અણસણે તહા. ૯૩

અપસત્થેહિં દારેહિં, સવ્વઓ પિહિયાસવે;
અજ્ઝપ્પજ્ઝાણજોગેહિં, પસત્થ-દમસાસણે. ૯૪

એવં નાણેણ ચરણેણ, દંસણેણ તવેણ ય;
ભાવણાહિ ય સુદ્ધાહિં, સમ્મં ભાવે-તુ અપ્પયં. ૯૫

બહુયાણિ ઉ વાસાણિ, સામણ્ણ-મણુપાલિયા;
માસિએણ ઉ ભ-તેણ, સિદ્ધિં પ-તો અણુ-તરં ૯૬

એવં કરન્તિ સંબુદ્ધા, પણ્ડિયા પવિક્ખણા;
વિણિઅટ્ટન્તિ ભોગેસુ, મિયપુ-તે જહારિસી. ૯૭

મહાપભાવસ્સ મહાજસસ્સ, મિયાઇ પુ-તસ્સ નિસમ્મ ભાસિયં,
તવપ્પહાણં ચરિયં ચ ઉ-તમં, ગઇપ્પહાણં ચ તિલોગવિસ્સુતં. ૯૮

વિયાણિયા દુક્ખવિવદ્ધણં ધણં, મમ-તબન્ધં ચ મહાભયાવહં;
સુહાવહં ધમ્મધુરં અણુ-તરં, ધારેજ્જ નિવ્વાણ ગુણાવહં મહં. ૯૯

(ત્તિ બેમિ)

અર્થ–મહોટાં વૃક્ષોવાળાં શોભનિક વનથી રમણિક સુગ્રીવ નગરને વિષે બળભદ્ર નામે રાજા હતો. તેને મૃગાવતી નામે પટ્ટરાણી હતી. ૨ તે બળભદ્ર રાજાની મૃગાવતી રાણીને એક પુત્ર હતો. તે બળશ્રી નામે તથા અપર નામે મૃગાપુત્ર લોકપ્રસિદ્ધ હતો. માતા–પિતાને ઘણો જ વહાલો હતો. પાટવી કુંવર (યુવરાજ) હતો. સંસારમાં રહ્યા છતાં ઇંદ્રિયોને દમનાર એટલે વશ રાખનાર હતો. ૩ તે મૃગાપુત્ર આનંદકારી ઘરને વિષે ત્રાયત્રિંશક દેવતાની પેઠે નિરંતર પ્રમોદવંત રહેતો થકો ભોગને વિષે પોતાની સ્ત્રીઓ સાથે હર્ષ સહિત સુખ ભોગવે છે. ૪ મણિ–રત્ને જડિત છોબંધ ભોંતળીઆવાળા મ્હોટા મહેલના ગોખને વિષે જ્યાં ચાર રસ્તા ભેગા થાય છે તેવા ચોક અને ત્રણ રસ્તા ભેગા થાય છે તેવા ત્રિકને રસ્તા ઉપરના મહેલમાં બેઠાં નગરની ચર્ચા જોયા કરે છે. ૫ તે ગોખને વિષે બેઠા થકા એકદા બાર પ્રકારે તપ કરનાર અભિગ્રહધારી, સ-તર ભેદે સંયમ પાળનાર, અઢાર હજાર શીલાંગરથના ધરનાર તથા જ્ઞાનાદિક અતિ ગુણોવાળા સાધુને જોયા. ૬ તે મુનિને દેખી મૃગાપુત્ર એક નજરે જોઈ વિચાર કરવા લાગ્યા કે પૂર્વે મેં ક્યાંય આવું સ્વરૂપ દીઠું છે એટલે આવા સાધુને મેં પૂર્વે જોયેલા છે ૭ તે સાધુનાં દર્શન થવાથી મૃગાપુત્રને શુભધ્યાને, શુભ–અધ્યવસાયે મોહ ઉપશમ્યો અને તેથી કરી પૂર્વ ભવોને જણાવનારૂં જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થયું છે. ૮ જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થવાથી એવું દીઠું કે હું દેવલોકથી ચવીને આ મનુષ્ય ભવમાં આવ્યો છું, સંજ્ઞી પંચેંદ્રિયમાંથી આવે તેને જાતિસ્મરણજ્ઞાન ઉપજે, પૂર્વ ભવોની વાતો સાંભરી આવે તેને જાતિસ્મરણજ્ઞાન કહેવાય છે. ૯ મોટી ઋદ્ધિવાળા મૃગાપુત્રને જાતિસ્મરણજ્ઞાન ઉપજવાથી પોતાની પાછલી જાતિ સંભારતાં દેખાયું કે મેં પૂર્વ ભવે ચારિત્ર પાળ્યું છે. ૧૦ વિષયોને વિષે અપ્રીતિ ધરતા અને સંયમને વિષે પ્રીતિ ધરતા મૃગાપુત્ર માતા–પિતા પાસે આવી આ પ્રમાણે કહે છે. ૧૧ હે માતાપિતા ! મેં પૂર્વ ભવમાં પાંચ મહાવ્રત પાળ્યાં હતાં તે સાંભરી આવ્યાં છે તથા તિર્યંચની યોનિને વિષે જે દુઃખ ભોગવ્યાં છે તે પણ સાંભરી આવ્યાં છે, તેથી કામભોગ ઉપરથી મારી ઇચ્છા ઊઠી ગઈ છે અને મારૂં મન વૈરાગ્યવાન થયું છે, માટે મને દીક્ષા લેવાની રજા આપો. ૧૨ હે માતા–પિતા ! એ ભોગ ભોગવતાં થકા વિષફળ (કિંપાકફળ) સરખાં છે. જેમ કિંપાકફળ ખાવાથી મીઠાં લાગે પણ પ્રગમ્યાથી જીવ અને કાયા જુદાં કરે છે તેમ ભોગ કડવા વિપાકવાળા અને નિરંતર દુઃખના દેનાર છે ૧૩ આ શરીર અનિત્ય, અપવિત્ર, અશાશ્વત

અને અશુચિમાંથી ઉત્પન્ન થયેલું છે તેમજ આ શરીરમાં જીવનો વાસ પણ અશાશ્વતો છે એટલે થોડે વખત રહેવાનો છે અને આ શરીર દુઃખ, કલેશ, અને વ્યાધિ વગેરેનું ભાજન છે ૧૪ આ અશાશ્વતું શરીર વૃદ્ધપણે અથવા બાળપણે અવશ્ય ત્યાગ કરવા યોગ્ય અને પાણીના પરપોટાની માફક ક્ષણભંગુર છે તેથી હું એવા શરીરને વિષે જરાપણ આનંદ પામતો નથી.

૧૫ મનુષ્યપણું વ્યાધિ–રોગનું ઘર છે અને જરા તથા મરણથી ગ્રસ્ત છે એવા અસાર મનુષ્યપણામાં હું ક્ષણ માત્ર સુખ પામતો નથી. ૧૬ અહો ! ઇતિ આશ્ચર્ય ! આ સંસારમાં રહેલા જીવો કેવાં કેવાં દુઃખ ભોગવે છે ! જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગનું દુઃખ, મરણનું દુઃખ તેમજ અનેક દુઃખોથી જીવ ઘણો કલેશ પામે છે. ૧૭ મારે ગામ, નગર, વાડી, રહેવાના મહેલ, સોનું રૂપું તથા પુત્ર, સ્ત્રી, ભાઇ ઇત્યાદિ સગાંવહાલાં તેમજ આ ઔદારિક શરીર છોડીને અવશ્ય જવું પડશે, જેમ કિંપાક વૃક્ષનાં ફળ ખાતાં મીઠાં લાગે પણ પરિણામે પ્રાણ લેનાર એટલે સારાં નથી, તેમ ભોગ ભોગવતાં મીઠા લાગે પણ તેનું પરિણામ સારૂં નથી. જે પુરુષ મોટા પંથને વિષે ભાતું લીધા વગર જાય છે તે ક્ષુધા–તૃષાએ થકો દુઃખી થાય છે.

૨૦ એ પ્રમાણે ધર્મરૂપી ભાતું લીધા વગર (સત્કર્મ કર્યા વગર) જે જીવ પરભવને વિષે જાય છે તે વ્યાધિ અને રોગથી પીડાણો થકો દુઃખી થાય છે.

૨૧ જે પુરુષ ભાતું લઇને મોટા પંથને વિષે જાય છે તે ક્ષુધાતૃષા રહિત થઇને સુખી થાય છે. ૨૨ એ પ્રમાણે જે જીવ ધર્મ કરીને પરભવે જાય છે, તે જીવ અલ્પકર્મી અને વેદનારહિત થઇ સુખી થાય છે. ૨૩ જેમ ઘરમાં અગ્નિ લાગવાથી તે ઘરનો માલિક સારસાર વસ્તુ એટલે ઘણી કિંમતી અને તોલમાં હલકી વસ્તુ હોય તે કાઢી લીએ છે અને અસાર એટલે થોડી કિંમતવાળી અને તોલદાર વસ્તુ છોડી દીએ છે તેમ. ૨૪ એ પ્રકારે જન્મ, જરા અને મરણથી બળતા આ લોકમાંથી તમારી આજ્ઞા લઇ હું મારા આત્માને બહાર કાઢીશ (તારીશ); માટે તમે મને દીક્ષા લેવાની રજા આપો.

૨૫ મૃગાપુત્રનાં આવાં વચન સાંભળીને માતાપિતા કહે છે કે, હે પુત્ર ! ચારિત્ર પાળવું અતિ દુષ્કર છે, કારણ કે સાધુને મૂળગુણ અને ઉત્તર ગુણરૂપ હજાર ગુણો ધારણ કરવા પડે છે. ૨૬ વળી સાધુને જાવજીવ સુધી જગતમાં સર્વ જીવો ઉપર એટલે શત્રુ મિત્ર ઉપર સમભાવ રાખવો પડે છે, તેમજ પ્રાણાતિપાતની એટલે જીવ હિંસાની વિરતિ કરવી પડે છે, માટે ચારિત્ર પાળવું દુષ્કર છે. ૨૭ હમેશાં અપ્રમાદપણે મૃષાવાદને છાંડવો પડશે. હિતકારક સત્ય વચન બોલવું પડશે માટે આ વ્રત પાળવું પણ દુષ્કર છે. ૨૮ દાંત ખોતરવાની સળી પણ તેના માલિકની રજા સિવાય લેવાય નહિ નિરવદ્ય અને એષણિક એટલે દોષ વિનાનો આહાર લેવો પડશે તે પણ દુષ્કર છે. ૨૯ બ્રહ્મચર્યની વિરતિ કરવી અને પામેલા કામભોગના સ્વાદથી નિવર્તીને ઘણા આકરા બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરવું એ સર્વ, ઘણું દુષ્કર છે.

૩૦ ધન, ધાન્ય, દાસદાસી તથા પશુ વગેરે ઉપરથી મોહ ઉતારવો, સર્વ આરંભ છાંડવો અને નિર્મમત્વપણે વિચરવું તે અતિ દુષ્કર છે. ૩૧ અન્ન, પાણી, મેવો અને મુખવાસ વગેરે ચાર પ્રકારનો આહાર રાત્રિએ ન કરવો એટલે રાત્રિભોજનનો ત્યાગ કરવો તથા ઘી, ગોળ, સુખડી વગેરેને કાળ ઉપરાંત રાખવાં તે સ્નિગ્ધ સંચય કહેવાય, તે ન કરવો, એ સર્વ ઘણું દુષ્કર છે. ૩૨ ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ તથા ડાંસ મચ્છરથી થતી વેદના સહન કરવી, આક્રોશ વચન સહન કરવાં, દુઃખમય ઉપાશ્રયમાં રહેવું, તૃણાનો સ્પર્શ તથા મેલનો પરિષહ સહન કરવો

એ ઘણો દુષ્કર છે ૩૩ ચપેટાદિકનો પ્રહાર; આંગળી દેખાડી તિરસ્કાર. કરી ભય ઉપજાવવો.. લાકડીનો માર, દોરડાનું બંધન તથા ગૃહસ્થને ઘેર ભિક્ષા માટે ફરવું અને ફરતાં છતાં પણ આહારની અપ્રાપ્તિ વગેરે પરિષહ સહન કરવાં તે ઘણું દુષ્કર છે ૩૪ કબૂતર વગેરે પક્ષીઓ જેમ પોતાનો આહાર ગ્રહણ કરવા શંકા સહિત વસે છે અને ખાધા પછી કાંઇ પાસે રાખતાં નથી તેમ સાધુઓ પણ આહાર લેવામાં દોષ લાગવાનો ડર પ્રવર્તે છે અને આહાર કર્યા પછી પાસે કાંઇ રાખતા નથી. વળી સાધુઓએ કેસનો લોચ કરવો પડે છે તે ઘણો ભયંકર છે અને મહાત્મા પુરુષો જે બ્રહ્મચર્યવ્રત ધારણ કરે છે તે અધૈર્યવાન પુરુષને પાળવું અતિ દુષ્કર છે.

૩૫ હે પુત્ર ! તું સુખ ભોગવવા યોગ્ય અને શરીરે સુકોમળ છે તેથી ચારિત્ર પાળવાને નિશ્ચે સમર્થ નથી. ૩૬ ચારિત્રરૂપી મોટો ભાર લોઢાના ભારની પેઠે અત્યંત ભાર છે અને સદાકાળ વિશ્રામ લીધા વગર ઉપાડવો પડે છે, એટલે ચારિત્ર જાવજીવ સુધી પાળવું પડે છે ૩૬ આકાશગંગાના પ્રવાહ સામું જવું ઘણું દુષ્કર છે એટલે ચુલહિમવંત પર્વત ઉપરથી પડતા ગંગા નદીના પ્રવાહ સામું જવું, તેમજ બે હાથે સમુદ્ર તરવો જેમ દુષ્કર છે, તેમ ગુણોનો સમુદ્ર જે ચારિત્ર તે તરવો ઘણો દુષ્કર છે. ૩૮ જેમ વેળુના કોળીઆ નીરસ હોવાથી ખાવા દુષ્કર છે તથા તરવારની ધાર ઉપર ચાલવું દુષ્કર છે તેમ ચારિત્ર, તપ આચરવું ઘણું દુષ્કર છે. ૩૯ સર્પ જેમ આડું અવળું જોયા વગર એકાંત દૃષ્ટિએ ચાલે છે તેમ સાધુઓ ચારિત્રને વિષે જ દૃષ્ટિ રાખી ઇર્યા સમિતિ શોધતા વિચરે છે તથા જેમ લોઢાના જવ ચાવવા મુશ્કેલ છે, તેમ ચારિત્ર પાળવું મુશ્કેલ છે.

૪૦ જેમ ધગધગાયમાન અગ્નિ પીવો દુષ્કર છે તેમ યૌવનવયને વિષે ચારિત્ર પાળવું અતિ દુષ્કર છે ૪૧ જેમ લુગડાનો કોથળો વાયરાથી ભરવો દુષ્કર છે તેમ કાયર પુરુષને સંયમ પાળવો દુષ્કર છે. ૪૨ જેમ મેરુ પર્વત ત્રાજવે કરી તોળવો દુષ્કર તેમ નિશ્ચે ને નિઃશંકપણે સંયમ પાળવો અતિ દુષ્કર છે. ૪૩ જેમ ભુજાએ કરી સમુદ્ર તરવો દુષ્કર છે, તેમ જે પુરુષનું મન વિષયથી ઉપશાંત થયું નથી તેને ઇંદ્રિયોનો દમવારૂપ સમુદ્ર તરવો દુષ્કર છે. ૪૪ હે પુત્ર ! મનુષ્ય સંબંધી પાંચ પ્રકારનાં પચેંદ્રિયનાં વિષયસુખ ભોગવ અને પછી ભુક્ત ભોગ વૃદ્ધપણે ચારિત્ર અંગીકાર કરજે, આ માતાપિતાનાં વચન સાંભળી મૃગાપુત્ર નીચે પ્રમાણે કહે છે. ૪૫ હે માતાપિતા ! તમે જે કહ્યું તે સત્ય છે પણ આ લોકને વિષે જે પુરુષ નિસ્પૃહી છે તેને ચારિત્ર પાળવું મુશ્કેલ નથી ૪૬ મેં શારીરિક, માનસિક અને અતિ દુઃખ ઉપજાવે એવી મહાભયંકર વેદના અનંતવાર ભોગવી છે. ૪૭ દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નરકરૂપ ચાર ગતિવાળા તથા જરા અને મરણરૂપ અટવી જેવા સંસારને વિષે મેં જન્મ તથા મરણની રૌદ્ર વેદના ભોગવી છે. ૪૮ આ મનુષ્ય લોકમાં જેવી ઉષ્ણવેદના છે તેથી અનંતગણી ઉષ્ણ અશાતા વેદના નરકને વિષે મેં ભોગવી છે. ૪૯ આ મનુષ્ય લોકમાં જે શીત (ટાઢ) વેદના છે તેથી નરકમાં મેં અશાતારૂપ અનંતગણી શીત વેદના સહન કરી છે. ૫૦ નરકને વિષે કુંભીમાં પગ ઊંચા અને માથું નીચું એટલે ઊંધે માથે રહી દેવતાંએ વિક્રોવેલી ધગધગતી અગ્નિને વિષે હું આક્રંદ કરતો પૂર્વે અનંતવાર શેકાયો છું. ૫૧ મોટો દાવાનળ થવાથી મારવાડ દેશની વજ્રમય રેતી જેવી ધગધગે છે તેથી અનંતગણી ધગધગતી નરકમાં રહેલી કલંબ વાલુકા નદીની રેતીમાં પૂર્વે મને અનંતવાર બાળ્યો છે. ૫૨. બૂમો પાડતો, બાંધવ રહિત, ઝાડની શાખાએ ઊંધે માથે બાંધી કુંભીમાં લટકતો રાખી મને કરવતે કરીને અનંતવાર છેદ્યો, ૫૩ અતિ તીક્ષ્ણ કાંટાવાળા, શલ્મિલી વૃક્ષે સખ્ત બાંધીને પરમાધામીએ મને સામસામાં ઘસીને ઘણું દુઃખ દીધું. ૫૪ જેમ કોલમાં શેરડી પીલે તેમ મોટા

યંત્રને વિષે આક્રંદ કરતો, ભયંકરપણે મને પરમાધામીએ અનંતવાર પીલ્યો અને હું મારાં પોતાના પાપકર્મે કરી અનંતવાર દુઃખ પામ્યો. ૫૫ સૂવરના મુખ જેવા શામ નામે અને કૂતરાનાં મુખ જેવાં સબળ નામે પરમાધામી એ બન્નેએ મળી મને ભૂમિપર પછાડીને જીર્ણ વસ્ત્રની પેઠે ફાડયો અને વૃક્ષની પેઠે છેદ્યો. એવી પીડાએ તરફડતાં અને ઘોર શબ્દ કરતાં મેં નરકમાં અનંતવાર દુઃખ ભોગવ્યાં. ૫૬ મ્હારાં પાપકર્મે કરી નરકને વિષે હું ઊપજ્યો ત્યાં અળશીનાં ફૂલ વર્ણ જેવા તલવાર, ભાલાં તથા બીજાં નીપટ શસ્ત્રે કરી છેદાણો, ભેદાણો અને ઝીણા ઝીણા કટકા થયા. ૫૭ હે માતા-પિતા! પરવશપણે મને લોઢાના રથને વિષે ધગધગતા ધોંસરા અને સામેલથી જોતર્યો અને લાકડી આદિ પ્રકારે કરી જેમ રોઝને હેઠો પાડે તેમ મને માર મારી હેઠો પાડયો. ૫૮ જેમ પાપી લોકો પાડાને અગ્નિમાં હોમે છે તેમ પરમાધામીએ વૈક્રિય કીધેલ જાજવલ્યમાન અગ્નિમાં મને બાળ્યો, પકાવ્યો, શેકયો અને ભડથું કર્યું. એવી રીતે હું પરવશપણે પાપ-કર્મ કરીને ઘણું દુઃખ પામ્યો. ૫૯ ડાંસના જેવી તીક્ષ્ણ અને લોઢાના જેવી સખ્ત ચાંચવાળા કાંક અને ગીધ પક્ષીઓએ મને અનંતવાર બળાત્કારે માર્યો, તેથી હું વારંવાર ઘણો વિલાપ કરવા લાગ્યો. ૬૦ નરકને વિષે તૃષાએ પીડાવાથી દોડતો દોડતો વૈતરણી નદીને વિષે પહોંચ્યો, ત્યાં જઈ પાણી પીવા માંડયું તો છરીની ધાર સરખા પાણીથી મારું ગળું છેદાઇ ગયું. ૬૧ તાપની પીડા થવાથી છાયાની આશાએ, ઝાડના મોટા વનમાં ગયો ત્યાં ખડ્ગ જેવાં પાંદડાંથી હું અનેકવાર છેદાણો. ૬૨ હે માતા! નરકને વિષે લોઢાના મુગદળ, મુસળ, સાંબેલા ત્રિશૂળ અને ગદાએ કરી મ્હારા શરીરના ચૂરેચૂરા કરી નાખ્યા એવાં અનંતવાર દુઃખ પામ્યો. ૬૩ તીક્ષ્ણ ધારવાળાં અસ્ત્રો, છરી અને કાતરોથી જેમ વસ્ત્ર કતરાય તેમ હું કતરાણો અને ફડાયો. એવી રીતે શરીરની ચામડી ઉતારી નાખી. એવી વેદના મેં અનેકવાર સહન કરી. ૬૪ મને પરવશપણે કપટની જાળમાં મૃગની માફક પાશમાં બાંધ્યો, રુંધ્યો અને ઘણીવાર પરમાધામીએ માર્યો. ૬૫ માછલાની જાળમાં મને પકડયો, તેમાં કાંટાવડે મારું ગળું વીંધાયું અને મગરના રૂપવાળા પરમાધામીએ મને બળાત્કારે પકડીને ઉછાળ્યો, ચીર્યો, ફાડયો, પકડયો અને અનંતવાર માર્યો, ૬૬ સીંચાણા પક્ષીની માફક બંધનથી જાળથી, લેપથી અને સરેશથી કરીને હું અનંતવાર પકડાયો, ચોંટયો, બંધાયો અને મને અનંતવાર માર્યો. ૬૭ કુહાડા તથા ફરસી પ્રમુખે કરી સુતાર જેમ વૃક્ષને વાઢી નાના નાના કટકા કરે છે તેમ મને ફાડયો, કૂટયો, છેદ્યો અને એ પ્રમાણે અનંતવાર પરમાધામીએ ત્રાસ પમાડયો. ૬૮ જેમ લુહાર લોઢાને ટીપે છે તેમ મને પરમાધામીએ અનંતવાર ચપેટા તથા મુષ્ટિ આદિ પ્રહારે કરી તાડયો કૂટયો, છેદ્યો અને ઝીણા ઝીણા કટકા કર્યા. ૬૯ પરમાધામીએ મને તપેલાં તથા કકળતાં, તાંબા, લોઢાં, કથીર અને સીસાં પાયાં તેથી હું ભયંકર રીતે વિલાપ કરવા લાગ્યો. ૭૦ હે માતા-પિતા! પરમાધામી મને કહે કે, તને માંસ બહુ પ્રિય હતું અને માંસના કટકા કરી તેને પકાવી, તળાવી, ખાવાને બહુ ગમતા હતા માટે તું આ તારું જ માંસ ખા, એમ કહી મારા જ શરીરનાં માંસના કટકા કરી, પકાવી, અગ્નિવર્ણા લાળચોળ કરી શેકીને મને અનંતવાર ખવડાવ્યા. ૭૧ વળી પરમાધામી કહે છે કે, તને આગલે ભવે મદિરા, તાડી તથા જવ વગેરેનો દારૂ તથા મધ ઘણું પ્રિય હતું એમ કહી મને મારાં હાડકાંનો રસ તથા મારા શરીરનું લોહી તપાવી જાજવલ્યમાન કરી પાયું. ૭૨ હે માતા! નિત્યે ભયે કરી, ત્રાસે કરી, દુઃખે કરી, પીડાએ કરી, પરમ ઉત્કૃષ્ટા દુઃખે કરી કંપાયમાન શરીરે મેં વેદના ભોગવી. ૭૩ તીવ્ર ઉત્કૃષ્ટ, અતિ આકરી, ઘોર સહેતાં અતિ દુષ્કર, મોટા ભયને ઉપજાવનાર, સાંભળતાં પણ ભય ઉપજે એવી વેદના નરકને વિષે મેં ભોગવી છે. ૭૪ મનુષ્ય-લોકમાં જેવી ટાઢ, તાપની વેદના વર્તે છે, તેથી અનંતગણી અશાતા, વેદના નરકને વિષે છે.

૭૫ સર્વ ભવને વિષે મેં અશાતા વેદના ભોગવી છે. આંખમીંચીને ઉઘાડીએ એટલો સૂક્ષ્મ વખત પણ શાતા ભોગવી નથી. હવે મૃગાપુત્ર પ્રત્યે માતા–પિતા કહે છે. ૭૬ હે પુત્ર! ત્હારી ઇચ્છા દીક્ષા ગ્રહણ કરવાની છે તો ખુશીથી દીક્ષા ગ્રહણ કર પરંતુ આટલું વિશેષ કે ચારિત્રને વિષે દુઃખ થવાથી દવા કરાવી શકાતી નથી એટલે સાવદ્ય વૈદું કરાવી શકાતું નથી. ૭૭ મૃગાપુત્ર માતા–પિતા પ્રત્યે કહે છે કે આપનું કહેવું સત્ય છે. પણ અરણ્યને વિષે રહેલાં મૃગ વગેરે જાનવરો અને પક્ષીઓને રોગ આવ્યાથી કોણ મટાડી શકે છે? અર્થાત્ વૈદો આવી તેની દવા કરતા નથી. ૭૮ જેમ એકલો મૃગ અટવીને વિષે ભમ્યાં કરે છે તેમ હું પણ સત્તર ભેદે સંયમ અને બાર પ્રકારે તપે કરી ધર્મને આચરીશ ૭૯ જેમ મોટા અરણ્યને વિષે કોઈ મૃગને રોગ ઉત્પન્ન થાય ત્યારે તે મૃગ ઝાડ નીચે બેસે છે ત્યાં તે મૃગનું વૈદું કોણ કરે છે?

૮૦ તે રોગથી પીડાએલા મૃગને કયો વૈદ આવી ઔષધ આપે છે? કોણ તેને સુખશાતા પૂછે છે? અને ખાવાને વાસ્તે આહાર પાણી (ખોરાક) કોણ લાવી આપે છે? ૮૧ જ્યારે તે મૃગ સુખી હોય ત્યારે તે પોતાની મેળે ખાવા પીવાને માટે ચરવાની જગ્યા–વનમાં, ખેતરમાં તથા સરોવર તરફ જાય છે. ૮૨ તે મૃગ મૃગચર્યા કરીને એટલે ખેતરમાંથી પોતાનો ખોરાક ખાઇ અને સરોવરમાંથી પાણી પીને પોતાની મરજી મુજબ વનમાં ફરે છે. ૮૩ એમ સંયમને વિષે ઉદ્યમવંત સાધુ, મૃગની પેઠે અનિયત ઠેકાણે રહે અને અનેકવાર નિરોગી અવસ્થાએ અનિયત સ્થાનકને વિષે ગોચરીએ વિચરે તે ઉર્ધ્વદિશીએ એટલે દેવલોક મોક્ષને વિષે જાય. ૮૪ જેમ મૃગ એક ઠેકાણે રહેતો નથી અને અનેક ઠેકાણે વસે છે તથા અનેક ઠેકાણે ચારો ચરે છે તેમ સાધુ ગોચરીએ ફરતાં થકા નીરસ આહાર મળે તો પણ ગૃહસ્થને કે પોતાના આત્માને હીલે કે નિંદે નહિ. ૮૫ જ્યારે મૃગાપુત્રે માતા–પિતા પાસે કહ્યું કે આગળ કહ્યા મુજબ મૃગચર્યાની માફક સંયમ આચરીશ ત્યારે; માતા–પિતા કહે છે કે પુત્ર! જેમ સુખ ઉપજે તેમ કરો, એટલે ખુશીથી દીક્ષા ગ્રહણ કરો. માતા–પિતાએ આજ્ઞા દીધા પછી મૃગાપુત્રે પરિગ્રહનો ત્યાગ કર્યો ૮૬ હે માતા– પિતા! હું તમારી આજ્ઞાએ કરી સર્વ દુઃખથી મુકાવનારી મૃગચર્યા રૂપ દીક્ષા અંગીકાર કરીશ ત્યારે માતા–પિતાએ કહ્યું કે હે પુત્ર! જાઓ અને જેમ સુખ ઉપજે તેમ કરો. ૮૭ એમ મૃગાપુત્રે માતા–પિતાની આજ્ઞા લઇને જેમ મોટો નાગ કાંચળી છોડીને નાશે તેમ ઘણે પ્રકારે મમત્વ ભાવને છાંડયો. ૮૮ જેમ લુગડે વળગેલી રજ ઝાટકી નાખે તેમ મૃગાપુત્ર રાજ્ય ઋદ્ધિ, સુવર્ણાદિ ધન, મિત્ર, પુત્ર, સ્ત્રી અને સગાવહાલાં સર્વ છાંડીને નીકળ્યા. ૮૯ મૃગાપુત્ર પંચમહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ છ પ્રકારે અભ્યંતર○ અને છ પ્રકારે બાહ્ય* એમ બાર પ્રકારે તપ એ સર્વને વિષે ઉદ્યમવંત થયા. ૯૦ તે મૃગાપુત્ર મમતારહિત અહંકારરહિત સ્ત્રી આદિના સંગરહિત ઋદ્ધિ વગેરે ત્રણ ગારવ રહિત અને ત્રસ તથા સ્થાવર જીવો ઉપર સરખો ભાવ રાખનાર થયા. ૯૧ તે મૃગાપુત્ર આહાર પાણી મળે અથવા ન મળે સુખ અથવા દુઃખને વિષે, જીવિતવ્ય અને મરણને વિષે, નિંદા તથા પ્રશંસાને વિષે, અને માન તથા અપમાનને વિષે, એ સર્વ ઉપર સમભાવ રાખનાર એટલે રાગદ્વેષ રહિત થયા. ૯૨ તે મૃગાપુત્ર ત્રણ ગૌરવથી ચાર કષાયથી, ત્રણ દંડથી< ત્રણ

○ ૧ પ્રાયશ્ચિત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ, ૪ સજ્ઝાય, ૫ ધ્યાન, ૬ કાઉસ્સગ એ છ અભ્યંતર તપ કહેવાય છે.

* ૧ અણશણ, ૨ ઉણોદરિ, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસપરિત્યાગ, ૫ કાયક્લેશ ૬ ઈન્દ્રિય પ્રતિસંલિનતા, એ છ બાહ્ય તપ.

> ૧ મનોદંડ, ૨ વચનદંડ, ૩ કાયદંડ એ ત્રણ દંડ

શલ્યથી%, સાત ભયથી, હાસ્યથી, શોકથી અને રાગદ્વેષથી બંધન રહિત થયા એટલે તેનાથી નિવર્ત્યા ૯૩ તે મૃગાપુત્ર આ લોક તથા પરલોકના સુખની ઇચ્છા નહિ રાખનાર, પોતાના શરીરને ચંદન લગાવનાર અથવા છેદનાર ઉપર અને આહાર કરવામાં અથવા અણુસણુ કરવામાં સરખો ભાવ રાખનાર એટલે સમાન દૃષ્ટિવાળા થયા ૯૪ તે મૃગાપુત્ર અપ્રશસ્ત એટલે હિંસાદિક પાપના દ્વારથી નિવૃત્ત થયા, તેથી સર્વ પ્રકારે આશ્રવનાં બારણાં બંધ થયાં અને અધ્યાત્મ ધ્યાનના યોગે કરી ઇંદ્રિયોને દમનારા અને સર્વજ્ઞપ્રણીત સિદ્ધાંતમાં શુભધ્યાનના યોગથી ઉપયોગવંત અથવા શુભઉપશમવાળા થયા. ૯૫-૯૬ એ પ્રમાણે જ્ઞાને કરી, ચારિત્રે કરી સમ્યક્‌ત્વે કરી, તપે કરી, પચીશ ભાવનાએ કરી, અથવા અનિત્ય આદિ બાર ભાવનાએ કરી, નિર્મળ પરિણામે કરી પોતાના આત્માને સમ્યક્ પ્રકારે ભાવતાં ઘણાં વર્ષ સુધી સામાન્ય ચારિત્ર પાળીને એક માસનું અણસણ કરીને સર્વોત્તમ-પ્રધાન મોક્ષ ગતિને પામ્યા. ૯૭ એ પ્રકારે જે તત્ત્વના જાણ, પંડિત વિચિક્ષણ હોય તે મૃગાપુત્ર ઋષિ. ભોગથી નિવર્ત્યા તેમ નિવર્તે, ૯૮ મોટા પ્રભાવવાળા અને મોટા યશવાળા મૃગાપુત્રનું સંસારની અસરતા દેખાડનાર ઉપદેશરૂપ ભાષણ તથા તેમનું બાર પ્રકારના તપથી પ્રધાન અને ગતિપ્રધાન એટલે મોક્ષ જવાને માટે યોગ્ય આ ચરિત્ર સાંભળીને જે આચરે તે ત્રણ લોકમાં પ્રસિદ્ધ એવી મોક્ષગતિને પામે. ૯૯ ધનને દુઃખનું વધારનાર જાણીને તથા મમત્વને સંસારનું બંધન જાણીને તેમજ ધન અને મમત્વ, ચૌરાદિકના મોટા ભય ઉપજાવનાર જાણીને સુખની પ્રાપ્તિ કરનારૂં તથા મોક્ષ ગુણને લાવનારૂં અને અનંતવીર્ય વગેરે ગુણોને લાવનારૂં એવું ધર્મરથનું ધોંસરૂં ધારણ કરો. એમ હું કહું છું.

ઇતિ અધ્યયનો સમાપ્ત.

૫૬

મૃગાપુત્ર મુનિરાજ, ધન્ય ધન્ય મૃગાપુત્ર, ટેક૦
વિષયરૂપ વિષધરને છાંડયા, ત્યાગ કર્યું નિજ રાજ-ધન્ય૦
માતા-પિતાને શુભ સમજાવી, ધર્યું તત્ત્વમય તાજ-ધન્ય૦
મૃગજળ સમ આ ભવભ્રમ જાણ્યો, નિષ્ફળ તનસુખ કાજ-ધન્ય૦
શુભ ચરિત્ર આ ભવિ જીવોને, ભવસમુદ્રની પાજ-ધન્ય૦

% ૧ માયા, ૨ નિદાન, ૩ મિથ્યાદર્શન, એ ત્રણ શલ્ય

અથ શ્રી ભક્તામર સ્તોત્ર.

[વસંતતિલકા વૃત્તમ્]

ભક્તામરપ્રણતમૌલિમણિપ્રભાણા-
મુદ્યોતકં દલિતપાપતમોવિતાનમ્ ।
સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા-
વાલમ્બનં ભવજલે પતતાં જનાનામ્ ॥ ૧ ॥

ભાવાર્થ :- ભક્તિ કરનારા દેવો પગે લાગે છે, તે વખતે તેમના નમેલા મુગટની અંદર રહેલા મણિઓની કાન્તિને પણ પ્રકાશ આપનાર, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર અને યુગાદિથી સંસારરૂપી સમુદ્રમાં પડેલા માણસોને આશ્રયરૂપ, એવા શ્રી જિનેન્દ્ર-સ્વામીના બન્ને ચરણને રૂડાપ્રકારે નમસ્કારે કરીને—૧

યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્ત્વબોધા-
દુદ્‌ભૂતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ ।
સ્તોત્રૈર્જગત્રિતયચિત્તહરૈરુદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ (યુગ્મમ્) ॥ ૨ ॥

ભાવાર્થ :- તમામ શાસ્ત્રોનું તત્ત્વ જાણવાથી ઉત્પન્ન થયેલી નિપુણ બુદ્ધિવડે. ત્રણે લોકનું ચિત્ત હરણ કરે એવા ઉદાર સ્તોત્રથી ઈંદ્ર દેવે પણ જેમની સ્તુતિ કરી છે; એવા પ્રથમ જિનેંદ્ર શ્રી આદિનાથ સ્વામીની હું પણ સ્તુતિ કરીશ. ૨ (પ્રથમના આ શ્લોકનું યુગલ છે.)

બુદ્ધ્યા વિનાઽપિ વિબુધાર્ચિતપાદપીઠ !
સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોઽહમ્ ।
બાલં વિહાય જલસંસ્થિતમિન્દુબિમ્બ-
મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥ ૩ ॥

ભાવાર્થ :- જેના પગ મૂકવાના આસનની પણ દેવતાઓએ પૂજા કરેલી છે, એવા હે જિનેંદ્ર ! જેમ કોઇ પણ સમજુ માણસ જળની અંદર પડેલા ચંદ્રના પ્રતિબિંબને એકદમ ગ્રહણ કરવાને ઇચ્છતો નથી. પણ માત્ર બાળક જ ઇચ્છે છે, તેમ મેં પણ બુદ્ધિ વિના લજ્જા રહિત થઇને તમારી સ્તુતિ કરવામાં પ્રવૃત્તિ કરી છે. ૩ (તે ખરેખર બાળચેષ્ટા જેવું જ ગણાય એમ છે.)

વક્તું ગુણાન્ગુણસમુદ્ર ! શશાંકકાન્તાન્,
કસ્તે ક્ષમઃ સુરગુરુપ્રતિમોઽપિ બુદ્ધ્યા ! ।
કલ્પાન્તકાલપવનોદ્ધતનક્રચક્રં,
કો વા તરીતુમલમમ્બુનિધિં ભુજાભ્યામ્ ॥ ૪ ॥

ભાવાર્થ :- હે ગુણસમુદ્ર ! સંહારકાળના પવનવડે જેની અંદર મગર આદિ પ્રાણીઓ ઉછળી રહ્યાં છે એવા સમુદ્રને હાથવડે તરવાને કોણ સમર્થ થાય છે ? (અર્થાત્ કોઈ નહિ) તેમ ચંદ્રના જેવા મનોહર તમારા ગુણોને કહેવાને બૃહસ્પતિ જેવા બુદ્ધિમાન પણ ક્યાંથી સમર્થ થાય ? (ભાવાર્થ કે એવા પણ સમર્થ ન થાય તો પછી મારી શકિત તો તેમાં ક્યાંથી જ ચાલે ?) ૪

સોડહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ, !
કર્તું સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃતઃ ।
પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય મૃગી મૃગેંદ્રમ,
નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥૫॥

ભાવાર્થ : હે મુનિશ્વર ! એ પ્રમાણે હું તમારી સ્તુતિ કરવામાં અશક્ત છું, છતાં પણ તમારી ભક્તિને આધિન થઇને જેમ મૃગલી પોતાના બાળકની પ્રીતિની આધિન થઇને તેનું રક્ષણ કરવાને પોતાના બળનો વિચાર છોડી દઇને પણ (પોતે તેના સામું થવાને અશક્ત છતાં પણ) સિંહની સામે થાય છે; તેમ હું પણ (મારી શક્તિનો વિચાર તજી દઇને) તમારી સ્તુતિ કરવાને કરવાને પ્રવૃત્ત થયો છું. ૫.

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ,
ત્વદ્ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ્ ।
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ
તચ્ચારુચામ્રકલિકાનિકરૈકહેતુઃ ॥ ૬ ॥

ભાવાર્થ : જેમ ચૈત્ર માસને વિષે આંબાના મોરના પ્રભાવથી કોયલ મધુર શબ્દો ઉચ્ચારે છે, તેમ મને પણ, હું થોડું જાણનાર (મુર્ખ) અને શાસ્ત્રોના (વિદ્વાનોના) હાસ્યનું પાત્ર છતાં તમારી ભક્તિ જ બળાત્કારથી બોલાવે છે. ૬ (આ સ્તુતિ કરવામાં પ્રવૃત્ત કરે છે.)

ત્વત્સંતવેન ભવસંતતિસન્નિબદ્ધં
પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીરભાજામ્ ।
આક્રાંતલોકમલિનીલમશેષમાશુ
સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્ ॥૭॥

ભાવાર્થ : જેમ સૂર્યના પ્રકાશથી, રાત્રિને વિષે વ્યાપેલું ભ્રમરના જેવું કાળું અંધારું તત્કાળ નાશ પામે છે, તેમજ તમારી સ્તુતિ કરવાથી, દેહધારીઓનાં, જન્મપરંપરાનાં બાંધેલા તમામ પાપો ક્ષણમાત્રમાં નાશ પામે છે. ૭

મત્વેતિ નાથ તવ્ સંસ્તવનં મયેદ–
મારાભ્યતે તનુધિયાપિ તવ પ્રભાવત્ ।
ચેતો હરિષ્યાત સતાં નલિનીદલેષુ
મુક્તાફલદ્યુતિમુપૈતિનનૂબિંદુઃ ॥૮॥

ભાવાર્થ : અને એ પ્રમાણે સમજીને, જો કે હું અલ્પ બુદ્ધિવાળો છું તો પણ તમારી આ સ્તુતિ કરવાનો આરંભ કરું છું; તે જેમ કમળપત્રની અંદર પડેલું પાણીનું ટીપું, કમળપત્રના પ્રભાવથી મોતીના જેવી શોભા પામે છે, તેમ જ આ સ્તોત્ર પણ તમારા પ્રભાવથી સજ્જનોના મનનું હરણ કરશે. ૮ (એવા શોભાયમાન-પ્રીત ઉપજાવનાર-થશે.)

આસ્તાં તવ સ્તવનમસ્તસમસ્તદોષં
ત્વત્સંકથાઽપિ જગતાં દુરિતાનિહન્તિ ।
દૂરે સહસ્ત્રકિરણઃ કુરુતે પ્રભૈવ,
પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ ॥ ૯ ॥

ભાવાર્થ :– જેમ સૂર્ય ઘણે છેટે રહ્યો છે, તો પણ તેનાં કિરણો વડે જ સરોવરને વિષે રહેલાં કમળો પ્રફુલ્લિત થાય છે, તેમ જ સર્વ પાપોનો નાશ કરનારું તમારું સ્તવન ભલે દૂર હો, પણ તમારી કથા માત્ર લોકનાં પાપોનો નાશ કરે છે ! ૯

નાત્યદ્ભુતં ભુતનભૂષણભૂત ભૂતનાથ !
ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ ।
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા,
ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ॥ ૧૦ ॥

ભાવાર્થ :– હે ભુવનભૂષણ ! હે ભૂતનાથ ! તમારા અનેક સત્ય ગુણો વડે કરીને તમારી સ્તુતિ કરનાર, આ લોકમાં જ તમારા સરખો થાય, એમાં વિશેષ આશ્ચર્ય શું છે ? કેમકે લોકમાં પણ જનો આશ્રય કરીને રહે છે, તે તેને સંપત્તિવડે પોતાના સમાન નથી કરતો શું ? કરે છે જ. ૧૦

દૃષ્ટ્વા ભવન્તમનિમેષવિલોકનીયં
નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।
પીત્વા પયઃ શશિકરદ્યુતિદુગ્ધસિન્ધોઃ
ક્ષારં જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્ ? ॥ ૧૧ ॥

ભાવાર્થ :– હે ભગવાન ! એકી નજરે જોઇ રહેવા યોગ્ય આપનું સ્વરૂપ (એકવાર) જોયા પછી. માણસનાં નેત્ર બીજે ઠેકાણે સંતોષ પાંમતાં–ઠરતા–નથી, કેમકે ચંદ્રના કિરણ જેવુ ઉજ્જવળ ક્ષિરસાગરનું દૂધ પીધા પછી જળના સમુદ્રના ખરા પાણીને પીવાને કોણ ઇચ્છે છે ? કોઇ નહિ. ૧૧

યૈઃ શાન્તારાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં
નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામભૂત !
તાવન્ત એવ ખલુ તેડપ્યણવઃ પૃથિવ્યાં
યત્તો સમાનમપરં નહિરુપમાસ્ત ॥ ૧૨ ॥

ભાવાર્થ :– હે ત્રણ ભુવનને વિષે એક જ માત્ર આભૂષણરૂપ ! જે શાંતરાગની છાયાના પરમાણુંઓવડે આપ નિર્માએલા છો, તે પરમાણુંઓ પૃથ્વીને વિષે તેટલાં જ હોવાથી, તમારા સમાન બીજાનું રૂપ જ નથી ! ૧૨

વક્ત્રં ક્વ તે સુરનરોરગનેત્રહારિ,
નિઃશેષનિર્જિતજગત્ત્રિતયોપમાનમ
બિમ્બં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય
યદ્વાસરે ભવતિ પાણ્ડુપલાશકલ્પમ્ । ॥ ૧૩ ॥

ભાવાર્થ :- દેવતાઓ, મનુષ્યો અને નાગ પ્રમુખના નેત્રોનું હરણ કરનાર એવું; અને ત્રણે જગતને વિષે રહેલાં ચંદ્ર કમળ આદિક ઉપમાનને જીતનારું એવું તમારું મુખ ક્યાં ? અને દિવસને વિષે ખાખરાના પાનના જેવું ફીકું પડી જનારું એવું; તેમ જ વળી કલંકવાળું, એવું ચંદ્રમાનું બિંબ; તે ક્યાં ? ૧૩

સમ્પૂર્ણમણ્ડલશશાંકકલાકલાપ-
શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ ।
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર! નાથમેકં,
કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥ ૧૪ ॥

ભાવાર્થ :- સંપૂર્ણ. ચંદ્રની કાન્તિ જેવા તમારા ઉજ્જવળ ગુણો, ત્રણે જગતને ઉલ્લંઘન કરીને વ્યાપી રહ્યા છે, કેમ કે ત્રણે જગતના આપ એકલા જ સ્વામી છો, તેથી તમારો આશ્રય કરીને રહેલા તે ગુણોને, ઇચ્છા પ્રમાણે વર્તતાં કોણ અટકાવી શકે એમ છે ? ૧૪

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ-
ર્નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્ ।
કલ્પાન્તકાલમરુતા ચલિતાચલેન,
કિં મન્દરાદ્રિશિખરં ચલિતં કદાચિત્ ? ॥ ૧૫ ॥

ભાવાર્થ :- હે પ્રભુ ! દેવાંગનાઓ તમારા મનમાં કિંચિત્ માત્ર પણ વિકાર (કામવિકાર) લાવી શકી નહિ, તેમાં શું આશ્ચર્ય છે ? કેમકે સંહારકાળના પવનથી તમામ પર્વતો ડોલે છે. તોપણ મેરુ પર્વતનું શિખર કદાપિ ડોલે છે શું ? (નહીં જ) ૧૫

નિર્ધૂમવર્તિરપવર્જિતતૈલપૂરઃ
કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટીકરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાચલાનાં
દીપોઽપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ ॥ ૧૬ ॥

ભાવાર્થ :- હે નાથ ! જેની અંદરથી ધુમાડો નીકળતો નથી, જેને દીવેટની જરૂર નથી, અને તેલની પણ જરૂર નથી, જે આ સમગ્ર ત્રણે જગતને પ્રકાશિત કરે છે અને પર્વતોને પણ ડોલાવી નાખે એવો પવન પણ જેની પાસે જઇ શકતો નથી; એવા વિલક્ષણ દીપ રૂપે આ જગતને વિષે તું પ્રકાશે છે. ૧૬

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।
નામ્ભોધરોદરનિરુદ્ધમહાપ્રભાવઃ
સૂર્યાઽતિશાયિમહિમાઽસિ મુનીન્દ્ર ! લોકે ॥ ૧૭ ॥

ભાવાર્થ :- હે મુનીંદ્ર ! જગતને વિષે તમે સૂર્યના કરતાં પણ વધારે મહિમાવાન છો ! (સૂર્યની પેઠે) રાહુ તમને ઘેરી શકતો નથી, તમે કદી પણ અસ્ત પામતા નથી, મેઘ તમારા પ્રભાવનો અવરોધ કરી શકતો નથી, અને એકે કાળે તમો ત્રણે જગતને પ્રકાશિત કરો છો, (તેથી સૂર્યના કરતાં પણ તમે અધિક મહિમાવાન્ છો, એ સ્પષ્ટ જ છે. ૧૭

નિત્યોદયં દલિતમોહમહાન્ધકારં
ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્ ।
વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાન્તિ ।
વિદ્યોતયજ્જગદપૂર્વશશાંકબિમ્બમ્ ॥ ૧૮ ॥

ભાવાર્થ :- જેનો ઉદય હંમેશાં છે, જેણે મોહરૂપી અંધકારનો નાશ કરેલો છે, જેનો

રાહુથી ગ્રાસ થઈ શકતો નથી, જેને મેઘ પણ ઘેરી શકતો નથી. તેમ જ જેની ક્રાંતિ કદી પણ ઓછી થતી નથી, એવું તમારું મુખકમળ જગતને વિષે અપૂર્વ ચંદ્રબિંબની પેઠે શોભી રહે છે. ૧૮

કિં શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા !
યુષ્મન્મુખેન્દુદલિતેષુ તમસ્સુ નાથ ! ।
નિષ્પન્નશાલિવનશાલિનિ જીવલોકે
કાર્યં કિયજ્જલધરૈર્જલભારનમ્રૈઃ ! ॥ ૧૯ ॥

ભાવાર્થ :– હે નાથ ! તમારા મુખરૂપી ચંદ્રમાથી જ્યારે અંધકારનો નાશ થાય છે, ત્યાર પછી રાત્રિને વિષે ઊગતા ચંદ્રમાનું શું કામ છે ? તેમ જ દિવસે ઉદય પામતા સૂર્યનું પણ શું કામ છે ? કેમકે શોભાયમાન ડાંગરનું ધાન્ય પાકી ચૂકયા પછી આકાશમાં ચઢી આવેલા વરસાદનું શું પ્રયોજન રહે છે ? (ભાવાર્થ કે તે જેમ નિરર્થક છે તેમ જ સૂર્ય, ચંદ્ર પણ તમારા મુખના પ્રકાશ આગળ નિરર્થક જ છે !) ૧૯

જ્ઞાનં યથા ત્વયિ વિભાતી કૃતાવકાશં,
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં,
નૈવં તુ કાચશકલે કિરણાકુલેઽપિ ॥ ૨૦ ॥

ભાવાર્થ :– હે પ્રભુ ! તમારા વિષે જ્ઞાન જેવી રીતે યથાવકાશથી શોભી રહે છે, તેવું હરિ, હર ઇત્યાદિક દેવોને વિષે શોભતું નથી જ. કેમકે પ્રકાશમાન રત્નોના સમૂહને વિષે જેવું તેજનું પ્રાબલ્ય ભાસે છે, તેવું કાચના ચળકતા કટકાને વિષે પણ જણાતું નથી જ. ૨૦

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા,
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ
કશ્ચિન્મનો હરિત નાથ ! ભવાન્તરેઽપિ ॥ ૨૧ ॥

ભાવાર્થ :– હે સ્વામિ ! હરિ, હર ઇત્યાદિક દેવો (મારી) દૃષ્ટિએ પડયા તે સારું જ થયું છે. કેમકે તેમને દીઠાથી મારું હૃદય તમારે વિષે જ (તે સર્વેને દીઠાથી અને તે સર્વેથી તમે શ્રેષ્ઠ છો એમ જાણ્યાથી) સંતોષ પામે છે. આ લોકમાં તમને જોવાથી શું થયું છે ? (તો એટલું જ કહેવાનું છે કે) ભવાન્તરને વિષે પણ અન્ય કોઈ દેવ મારું મન હરણ કરી શકનાર નથી. ૨૧

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્.
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ।
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥ ૨૨ ॥

ભાવાર્થ :– જેમ તારાઓના સમૂહોને સર્વે દિશાઓ ધારણ કરે છે, પણ તેજસ્વી સૂર્યને તો માત્ર પૂર્વદિશા જ જન્મ આપે છે, તેમ જ સેંકડો સ્ત્રીઓ ઘણાએ પુત્રોને જન્મ આપે છે, છતાં તમારા સમાન પુત્રને તો બીજી કોઇ જનેતા (સ્ત્રી) ઉત્પન્ન કરતી જ નથી ! ૨૨

ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ–
માદિત્યવર્ણમમલં તમસઃ પુરસ્તાત્ ।

ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર ! પન્થાઃ ॥ ૨૩ ॥

ભાવાર્થ :–હે મુનીંદ્ર ! તમને મુનિઓ પરમ પુરુષ માને છે, અને તમે અંધકાર આગળ નિર્મળ સૂર્ય જેવા છો, વળી તમને રૂડે પ્રકારે પામવાથી (જાણવાથી) મૃત્યુને પણ જીતી શકાય છે અને (એ કારણથી) તમારા સિવાય બીજો (કોઇપણ) મોક્ષ (મુકિત) પામવાનો કલ્યાણકારક માર્ગ નથી જ ! ૨૩

ત્વામવ્યયં વિભુમચિન્ત્યમસંખ્યમાદ્યં
બ્રહ્માણમીશ્વરમનન્તમનંગકેતુમ્ ।
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં
જ્ઞાનસ્વરુપમમલં પ્રવદન્તિ સન્તઃ ॥ ૨૪ ॥

ભાવાર્થ :–હે પ્રભુ ! તમને અવ્યય. વિભુ, અચિંત્ય, અસંખ્ય, આદ્ય, બ્રહ્મા, ઇશ્વર, અનંત, અનંગ-કેતુ, યોગીશ્વર, યોગને જાણનાર, અનેક, અને એક, એવી રીતે સત્પુરુષો અનેક વિશેષણોથી જ્ઞાનના સાક્ષાત્ સ્વરૂપ રૂપે અને વળી નિર્મળ પણ કહે છે ! ૨૪

બુદ્ધસ્ત્મેવ વિબુધાર્ચિતબુદ્ધિબોધાત્
ત્વં શંકરોઽસિ ભુવનત્રયશંકરત્વાત્
ધાતાઽસિધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાત્
વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોઽસિ ॥ ૨૫ ॥

ભાવાર્થ :–હે વિબુધાચિત ! તમે બુદ્ધિનો બોધ કરો છો તેથી બુદ્ધ જ છો. તમે ત્રણે જગતનું કલ્યાણ કરનારા છો તેથી શંકર રૂપે જ છો અને કલ્યાણકારક માર્ગના વિધિને ધારણ કરનારા–જાણનારા છો તેથી તેમ જ ધાતા છો અને હે ભગવન્ તમે સ્પષ્ટ પુરુષોત્તમ એટલે નારાયણ રૂપ છો. ૨૫

તુભ્યં નમસ્ત્રિભુવનાર્ત્તિહરાય નાથ,
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન! ભવોદધિશોષણાય ॥ ૨૬ ॥

ભાવાર્થ :–હે નાથ ! ત્રણે જગતની પીડાને હરણ કરનાર આપને મારા નમસ્કાર હો ! પૃથ્વીના તળ ઉપર અમલ-નિર્મળ-ભૂષણ રૂપ આપને મારા નમસ્કાર હો ! વળી ત્રૈલોકના પરમેશ્વર એવા આપને મારા નમસ્કાર હો ! હે જિન ! આ સંસાર રૂપ સાગરનું શોષણ કરનાર–નદી સરખો કરી દેનાર–આપને મારા નમસ્કાર હો ! ૨૬

કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ ।
સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ! ।
દોષૈરુપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ
સ્વપ્નાન્તરેઽપિ ન કદાચિદપીક્ષિતોઽસિ ॥ ૨૭ ॥

ભાવાર્થ :–હે મુનીંદ્ર તમામ ગુણો જ તમારામાં પરિપૂર્ણ રીતે આશ્રય કરીને રહેલા છે, તેમાં શું આશ્ચર્ય છે ! કેમકે અનેક સ્થળે આશ્રય મળવાથી જેમને ગર્વ ઉત્પન્ન થએલો છે, એવા

દોષોએ તો તમને સ્વપ્નાંતરે–સ્વપ્નમાં–પણ જોયેલો જ નથી ! (ભાવાર્થ કે તમારામાં ગુણ સિવાય દોષ બિલકુલ છે જ નહીં) ૨૭

ઉચ્ચૈરશોકતરુસંશ્રિતમુન્મયૂખ–
માભાતિ રૂપમમલં ભવતો નિતાન્તમ ।
સ્પષ્ટોલ્લસત્કિરણમસ્તતમોવિતાનં
બિમ્બં રવેરિવ પયોધરપાર્શ્વવર્તિ ॥ ૨૮ ॥

ભાવાર્થ :– હે જિનેશ્વર ! જેમ મેઘના સમીપમાં રહીને, અંધકારનો નાશ કરીને, અને સ્પષ્ટ ઊંચા કિરણો પ્રસારીને; સૂર્ય શોભી રહે છે; તેમ જ અશોકવૃક્ષની નીચે રહેલું આપનું સ્વરૂપ (પાપરૂપી અંધકારનો નાશ કરીને અને) ઊંચા કિરણ પ્રસારીને, અત્યંત નિર્મળ શોભી રહે છે. ૨૮.

સિંહાસને મણિમયૂખશિખાવિચિત્રે
વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।
બિમ્બં વિયદ્વિલસદંશુલતાવિતાનં
તુંગોદયાદ્રિશિરસીવ સહસ્ત્રરશ્મેઃ ॥ ૨૯ ॥

ભાવાર્થ :– જેવી રીતે ઊંચા ઉદયાચળ પર્વતના ઉપર, આકાશને વિષે પ્રકાશમાન કિરણો રૂપી લતાઓના સમૂહવડે, સૂર્યનું બિંબ શોભે છે; તેવી જ રીતે હે જિનેંદ્ર ! મણિઓના કિરણોની પંકિતઓવડે કરીને વિચિત્ર દેખાતા સિંહાસનને વિષે, સુવર્ણ જેવુ મનોહર આપનું શરીર અત્યંત શોભે છે. ૨૯

કુન્દાવદાતચલચામરચારુશોભં,
વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાન્તમ્ ।
ઉદ્યચ્છશાંકશુચિનિર્ઝરવારિધાર–
મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ્ ॥ ૩૦ ॥

ભાવાર્થ :– જેમ ઉદય પામેલા ચંદ્રમાના જેવી નિર્મળ પાણીના ઝરણની ધારાઓ વડે મેરુપર્વતનું સુવર્ણમય ઊંચુ શિખર શોભી રહે છે, તેમ મોગરાના પુષ્પ જેવા ધોળા વીંજાતા (ફરતા) ચામરો વડે, સોનાના જેવું મનોહર આપનું શરીર શોભી રહે છે. ૩૦

છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાન્ત–
મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકર પ્રતાપમ્ ।
મુકતાફલપ્રકરજાલવિવૃદ્ધશોભમ્
પ્રખ્યાપયત્ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥ ૩૧ ॥

ભાવાર્થ ;– હે ભગવન્ ! (તારા સાહત) ચંદ્રના જેવાં મનોહર, સૂર્યનાં કિરણના તાપનુ નિવારણ કરનાર, અને મોતીઓના સમૂહની રચનાથી શોભાયમાન, એવાં તમારા ઉપર રહેલા ત્રણ છત્રો શોભી રહ્યાં છે; તે જાણે તમારું ત્રણે જગતનું અધિપતિપણું જ જાહેર કરે છે તેમ શોભે છે. ૩૧

ગમ્ભીરતારરવપૂરિતદિગ્વિભાગ–
સ્ત્રૈલોકયલોકશુભસંગમભૂતિદક્ષઃ ।
સદ્ધર્મરાજજયઘોષણઘોષકઃ સન્ ।
ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસઃ પ્રવાદી ॥ ૩૨ ॥

ભાવાર્થ :- ઊંચા અને ગંભીર શબ્દવડે જેણે દિશાઓના વિભાગો પૂરી દીધા છે. ત્રણે જગતના લોકોને શુભ સમાગમની સંપત્તિ આપવામાં જે કુશળ છે અને સત્યધર્મના રાજાના જયના સબ્દને જાહેર કરે છે, એવો તમારો જે દુંદુભિ તે આકાશને વિષે ગર્જના કરી રહ્યો છે ! ૩૨

મંદારસુંન્દરનમેરુસુપારિજાત–
સન્તાનકાદિકુસુમોત્કરવૃષ્ટિરુદ્ધા ।
ગન્ધોદબિંદુશુભમન્દમરુત્પ્રપાતા
દિવ્યા દિવઃ પતતિ તે વચસાં તતિર્વા ॥ ૩૩ ॥

ભાવાર્થ :- મંદાર સુંદર નમેરુ, પારિજાત, અને સંતાનક ઈત્યાદિ વૃક્ષોના ફૂલોની જે દિવ્ય વૃષ્ટિ સુગંધીદાર પાણીનાં બિંદુઓ વડે શીતળ અને મંદવાયુએ પ્રેરાયેલી, સ્વર્ગમાંથી ઘણી જ પડે છે, તે જાણે તમારા ભાષણની દિવ્યમાળા જ પડતી હોય, નહીં શું ! ૩૩

શુભ્રપ્રભાવલયભૂરિવિભા વિભોસ્તે,
લોકત્રયદ્યુતિમતાં દ્યુતિમાક્ષિપન્તી ।
પ્રોદ્યદ્દિવાકરનિરન્તરભૂરિસંખ્યા
દીપ્ત્યા જયત્યપિ નિશામપિ સોમસૌમ્યામ્ ॥ ૩૪ ॥

ભાવાર્થ :- હે વિભુ ! શોભાયમાન છે પ્રભામંડળ જેનું, એવી ઘણી જ તેજસ્વી તમારી કાન્તિ ! ત્રણે જગતના તેજસ્વી પદાર્થોનું તેજ ઝાંખુ પાડે છે–જીતે છે–આક્ષેપ કરે છે. તે તમારી કાન્તિ, અસંખ્ય સૂર્યના સરખી તેજસ્વી હોવા છતાં, ચંદ્રના જેવી શીતળ પ્રભાથી રાત્રીને પણ જીતે છે !

સ્વર્ગાપવર્ગગમમાર્ગ વિમાર્ગણેષ્ટઃ
સદ્ધર્મતત્ત્વકથનૈકપટુસ્ત્રિલોકયાં ।
દિવ્યધ્વનિર્ભવતિ તે વિશદાર્થ સર્વ–
ભાષાસ્વભાવપરિણામગુણૈઃપ્રયોજ્ય : ॥ ૩૫ ॥

ભાવાર્થ :- સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઇષ્ટ, તેમ જ ત્રણે લોકને વિષે સત્યધર્મનું તત્ત્વ કહેવામાં જે એક જ માત્ર નિપુણ છે, એવો તમારો જે દિવ્યધ્વનિ તે નિર્મળ અર્થવાળો હોવાથી સર્વ ભાષાના સ્વભાવના ગુણને પામીને (સર્વત્ર) થાય છે. ૩૫

ઉન્નિદ્રહેમનવપંકજપુંજકાન્તી–
પર્યુલ્લસન્નખમયૂખશિખાભિરામૌ ।
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥ ૩૬ ॥

ભાવાર્થ :- હે જિનેંદ્ર સુવર્ણનાં નવાં ખીલેલાં કમળોના સમૂહની કાંતિ જેવા પ્રસરી રહેલા નખોનાં કિરણોની પંક્તિ વડે જે સુંદર દેખાય છે, એવા તમારા પગો, પૃથ્વી ઉપર જ્યાં જ્યાં ડગલાં ભરે છે, (તમે જ્યાં જ્યાં વિચરો છો) તે ઠેકાણે દેવતાઓ કમળની કલ્પના–રચના –કરે છે. ૩૬

ઇત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર !
ધર્મોપદેશનવિધા ન તથા પરસ્ય ।
યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાન્ધકારા
તાદૃક્કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ ॥ ૩૭ ॥

ભાવાર્થ :- હે જિનેંદ્ર ! એ પ્રકારની (પાછળ જણાવેલા અષ્ટ પ્રાતિહાર્યની) તમને જે જે સંપત્તિઓ ધર્મનો ઉપદેશ કરતી વખતે (સમવસરણમાં) થઇ, તે પ્રમાણે અન્યને (હરિહરાદિક પરધર્મના દેવોને કદી પણ) થઇ નથી. (તે યોગ્ય જ છે) કેમકે અંધકારનો સમૂળ નાશ કરનાર સૂર્યની જેવી પ્રભા છે તેવી પ્રકાશ પામેલા ગ્રહોની પણ ક્યાંથી જ હોય ? ૩૭

શ્ચ્યોતન્મદાવિલવિલોલકપોલમૂલ-
મત્તભ્રમદ્ભ્રમરનાદવિવૃદ્ધકોપમ્ !
ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં
દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥ ૩૮ ॥

ભાવાર્થ :- જેનું ગંડસ્થળ ઝરતા મદવડે કરીને ખરડાએલું છે, વળી જે માથું ધુણાવ્યા કરે છે અને તેની આજુબાજુ ભમતા ઉન્મત્ત ભમરાઓના ગુંજારવ વડે, જેનો કોપ વૃદ્ધિને પામેલો છે. વળી જે ઉદ્ધત ઐરાવત જેવો છે, એવો હાથી પણ જો (કદાચ) સામો આવે, તો પણ તેને દેખીને તમારો જે આશ્રિત હોય છે તેને ભય ઉપજતો નથી. ૩૮

ભિન્નેભકુમ્ભગલદુજ્જ્વલશોણિતાક્ત-
મુક્તાફલપ્રકરભૂષિતભૂમિભાગઃ ।
બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ
નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે ॥ ૩૯ ॥

ભાવાર્થ :- જેણે હાથીઓના કુંભસ્થળ છેદીને, તેમાંથી ગળતાં ઉજ્જવળ અને લોહીથી ખરડાએલાં મોતી વડે પૃથ્વી શોભાવી છે, એવા બળવાન દોડતા સિંહની દોટમાં જે માણસ આવી પડયો હોય, તે પણ જો તમારા ચરણ રૂપી પર્વતનો આશ્રય લે, તો તેને તેવો સિંહ પણ (મારી શકતો નથી.) આક્રમણ કરી શકતો નથી-પંજામાં લઇ શકતો નથી. ૩૯

કલ્પાન્તકાલપવનોદ્ધતવહ્નિકલ્પં
દાવાનલં જ્વલિતમુજ્જ્વલમુત્સ્ફુલિંગમ્
વિશ્વં જિઘત્સુમિવ સમ્મુખમાપતન્તં
ત્વન્નામકીર્તનજલં શમયત્યશેષમ્ ॥ ૪૦ ॥

ભાવાર્થ :- જો પ્રલયકાળનાં પવનથી ઉદ્ધત થયેલા અગ્નિ જેવો, જેની અંદરથી ઘણા ઓઢા (તણખા)••ઊડે છે એવો, અને ઘણા જ પ્રકાશવાળો એવો દાવાનળ-વનનો અગ્નિ, જાણે જગતને બાળી નાખવાની જ ઇચ્છા કરતો હોય નહિ ! તેમ જોરમાં સળગતો સળગતો સન્મુખ આવે, તો તેને પણ તમારા નામનું કીર્તન રૂપી તમારું સ્વતન રૂપી-જળ અશેષ સમાવી દે છે, સમગ્ર બુઝાવી નાખે છે.

રક્તેક્ષણં સમદકોકિલકણ્ઠનીલં
ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતન્તમ્

આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક-
સ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥ ૪૧ ॥

ભાવાર્થ :- લાલચોળ આંખોવાળો, મદોન્મત્ત કોયલના કંઠ (ગળું) જેવો કાળો, અને ક્રોધે કરીને ઉદ્ધત, (છંછેડાયેલો) એવો સર્પ ઊંચી ફેણ કરીને સામો ધસી આવતો હોય તેને પણ જે માણસની પાસે તમારા નામરૂપી નાગદમની (સર્પનું દમન કરનાર ઔષધી) હોય છે, તે માણસ નિશઃકપણે ઓળંગી જાય છે ! (ભાવાર્થ કે એવો સાપ પણ તમારા ભક્તને કરડી શકતો નથી.) ૪૧

વલ્ગ-તુરંગગજગર્જિતભીમનાદ-
માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ।
ઉદ્યદ્દિવાકરમયૂખશિખાપવિદ્ધં
ત્વત્કીર્ત્તનાત્તમ ઇવાશુ ભિદામુપૈતિ ॥ ૪૨ ॥

ભાવાર્થ :- જેની અંદર ઘોડાઓ કૂદી રહ્યા છે અને હાથીઓની ગર્જનાના ભયાનક શબ્દ થઈ રહ્યા છે, એવા રણને વિષે રહેલા બળવાન ભૂપતિના સૈન્યને પણ, જેમ ઉદય પામેલા સૂર્યનાં કિરણોની શિખાઓ વડે, અંધકારનો નાશ કરી શકાય છે, તેમજ તમારા કીર્તનથી ભેદી શકાય છે ! (ભાવાર્થ કે તમારી ભકિતથી એવું સૈન્ય પણ જીતી શકાય છે.) ૪૨

કુંતાગ્રભિન્નગજશોણિતવારિવાહ-
વેગાવતારતરણાતુરયોધભીમે ।
યુધ્ધે જયં વિજિતદુર્જયજેયપક્ષા-
સ્ત્વત્પાદપંકજવનાશ્રયિણો લભન્તે ॥ ૪૩ ॥

ભાવાર્થ :- ભાલાઓની અણીઓ વડે છેદાઇ ગયેલા હાથીઓના રૂધિરનો પ્રવાહ જ્યાં આગળ વહે છે અને જ્યાં તે પ્રવાહની અંદર યોદ્ધાઓ તરવામાં આતુર થઈ ગયેલાં છે. એવા ભયાનક યુદ્ધને વિષે, જેને તમારા ચરણકમળરૂપી વનનો આશ્રય હોય છે, તેઓ અજીત શત્રુઓને પણ જીતી શકે છે. ૪૩

અમ્ભોનિધૌ ક્ષુભિતભીષણનક્રચક્ર-
પાઠીન પીઠભયદોલ્વણવાડવાગ્નૌ ।
રંગત્તરંગશિખરસ્થિતયાનપાત્રા-
સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્વ્રજંતિ ॥ ૪૪ ॥

ભાવાર્થ :- ભયંકર મગરમચ્છ આદિ નક્રચક્ર જળચર જંતુઓ જેની અંદર ઊછળી રહ્યા છે અને ભયાનક વાડવાગ્નિ જેની અંદર અતિશય પ્રજ્વલિત થઇ રહ્યો છે, તથા મોટાં મોટાં મોજાંઓ જેની અંદર ઊછળી રહ્યાં છે, એવાં તોફાની સમુદ્રની અંદર જે વહાણો (વહાણની અંદરના મનુષ્યો) આવી પડેલા હોય છે, તે પણ તમારા સ્મરણથી નિર્ભયપણે જઈ શકે છે! (સમુદ્રમાં જોખમાયા સિવાય રહી શકે છે.) ૪૪

ઉદ્ભૂતભીષણજલોદરભારભુગ્નાઃ,
શોચ્યાં દશામુપગતાશ્ચ્યુતજીવિતાશાઃ ।
ત્વત્પાદપંકજરજોઽમૃતદિગ્ધદેહા
મર્ત્યા ભવન્તિ મકરધ્વજતુલ્યરૂપાઃ ॥ ૪૫ ॥

ભાવાર્થ :– ભયંકર જળોદર રોગના ભારથી નમી ગએલાં અને તેથી કરીને જેમણે જીવતરની આશા છોડી દીધી છે, એવી મહા દુઃખદ અવસ્થાને જેઓ પામેલા હોય છે, તેઓ પણ તમારા ચરણકમળની રજરૂપી અમૃતનું જો પોતાના શરીરને લેપન કરે તો (રોગથી રહિત થઇને) કામદેવ જેવા સુંદર શરીરવાળા થાય છે ! ૪૫

આપાદકંઠમુરુશૃંખલવેષ્ટિતાંગાઃ,
ગાઢં બૃહન્નિગડકોટિનિઘૃષ્ટજંઘાઃ ।
ત્વન્નામમન્ત્રમનિશં મનુજાઃ સ્મરન્તઃ,
સદ્યઃ સ્વયં વિગતબન્ધભયા ભવન્તિ ॥ ૪૬ ॥

ભાવાર્થ :– પગથી તે ગળાસુધી જડેલી બેડીઓ વડે જેનાં અંગ વિંટાઇ ગયાં છે, અને તે મોટી બેડીઓના ગાઢ બંધનથી તેની કોટીઓની ઝીણી અણીઓતળે જેમની જાંઘો ઘસાયા કરે છે, તે માણસો પણ જો તમારા નામનું નિરંતર સ્મરણ કરે છે, તો ઉતાવળા પોતાની મેળે જ બંધનના ભયથી મુક્ત થઇ જાય છે. (કેદમાંથી છૂટે છે.) ૪૬

મત્તદ્વિપેન્દ્રમૃગરાજદવાનલાહિ–
સંગ્રામવારિધિમહોદરબન્ધનોત્થમ્ ।
તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ
યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥ ૪૭ ॥

ભાવાર્થ :– જે બુદ્ધિમાન માણસ તમારું આ સ્તવન (આ ભકતામાર સ્તોત્ર) ભણે છે:- પાઠ કરે છે,–તેના, મદોન્મત હાથીથી સિંહથી, દાવાનળ અગ્નિથી, યુદ્ધથી, સમુદ્રથી, અને જળોદર તથા બંધનથી (પાછલાં કાવ્યોમાં જણાવેલાં) એ સર્વેથી ઉત્પન્ન થએલા ભય, ભયથી જ જેમ નાશ પામતો હોય તેમ (આ સ્તોત્રના પાઠથી) ઝટ નાશ પામે છે ! ૪૭

સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબદ્ધાં
ભક્ત્યા મયા રુચિરવર્ણવિચિત્રપુષ્પામ્ ।
ધત્તે જનો ય ઇહ કણ્ઠગતામજસ્રં
તં માનતુઙ્ગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥ ૪૮ ॥

ભાવાર્થ :– હે જિનેંદ્ર ! આ સ્તોત્રરૂપી માળા મેં તમારા ગુણરૂપી દોરાવડે, વિચિત્ર અક્ષરરૂપી રંગવાળાં પુષ્પોથકી ભક્તિવડે ગુંથેલી છે; તેને જે માણસ હંમેશાં પોતાના કંઠને વિષે ધારણ કરશે, તે (સન્માન થકી ઊંચા થયેલા એવા હોઇને) સ્વતંત્ર લક્ષ્મીને પામશે. ૪૮

શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (પદ્યાનુવાદ)

: હરિગીત છંદ :

કલ્યાણનું મંદિર અને ઉદાર ઇચ્છિત આપવે,
દાતા અભય ભયભીતને સમર્થ દુરિત કાપવે;
સંસાર દરિયે ડૂબતાને નાવરૂપે જે વળી,
નિર્દોષ પ્રભુના પદકમળને પ્રથમ હું પ્રેમે નમી. ૧

સાગર સમા જેના મહિમાની સ્તુતિ કરવા વિષે,
વિશાળ બુદ્ધિ સુરગુરુ તે છેક શક્તિ હીણ દિસે;
વળી કમઠ કેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે,
તીર્થેશની સ્તુતિ કરીશ જ તેમની હું તો ખરે. ૨

સામાન્ય રીતે પણ તમારા રૂપને વિસ્તારવા,
જિનરાજ ! શકિતમાન દુર્લભ મૂઢ મુજ સમ છે થવા;
દિન અંધ ધીરજવાન બચ્ચું ઘૂડનું જે તેહથી,
નહિ સૂર્ય કેરા રૂપને વર્ણી શકશે સ્નેહથી. ૩

અનુભવ કરે તુજ ગુણતણો જન મોહના ટળવા થકી,
નહિ પાર પામે નાથ ! તે પણ આપ ગુણ ગણતાં કદી;
જ્યમ પ્રલયકાળવડે ખસેલા જળથકી જ સમુદ્રના,
ખુલ્લા થયેલા રત્ન ઢગલા કો'થી માપી શકાય ના, ૪

દેદીપ્યમાન અસંખ્ય ગુણની ખાણ નાથ તમારી હું,
આરંભ તો કરવા સ્તુતિ પણ મંદ બુદ્ધિમાન છું;
શું બાળ પણ કે,તું નથી ? લંબાવી બેઉ હાથને,
નિજ બુદ્ધિના અનુસારથી જ સમુદ્રના વિસ્તારને. ૫

હે ઇશ યોગી પણ તમારા ગુણ જે ન કહી શકે;
સામર્થ્ય મારું કયાંથી વર્ણન મુજથા તેનું થઇ શકે,
વિચાર વિણનું કાર્ય આ ગણાય મારું તેહથી,
પણ પંખી શું પોતાતણી ભાષા કહો વદતાં નથી ! ૬

અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની હો જિનરે,
તુજ નામ પણ સંસારથી ત્રૈલોકનું રક્ષણ કરે;
જ્યમ ગ્રીષ્મકેરા સખત તાપવડે મુસાફર જે દુ:ખી,
તે થાય કમળ તળાવ કેરા શીતળ વાયુથી સુખી. ૭

હે સ્વામી આપ હૃદય વિષે આવો તદા પ્રાણીતણા,
ક્ષણમાત્રમાં દૃઢ કર્મબંધન જાય તૂટી જગતણાં;
વનમાં મયૂરો મધ્યમાં જેવી રીતે આવ્યા થકી,
ચંદનતણાં તરુથી જ સર્પો સદ્ય છૂટે છે નકી. ૮
દર્શન અહો જિનેંદ્ર માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેંકડો દુઃખ ભય ભરેલાં સહેજમાં ટળી જાય છે;
ગોવાળ કિંવા સૂર્ય તેજસ્વી તણાં દીઠાં થકી,
પશુઓ મુકાયે સદ્ય જેવા નાસતા ચોરો થકી. ૯
 ારક તમે જિનરાજ કેવી રીતથી સંસારનાં ?
તમને હૃદયમાં ધારી ઉલટા તારતા સંસારીઓ;
આશ્ચર્ય છે પણ ચર્મકેરી મસકથી સાચું ઠરે;
અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે. ! ! ૧૦
હરિ, હર અને બ્રહ્માદિના જ પ્રભાવને જેણે હણ્યો,
ક્ષણમાત્રમાં તે રતિપતિને સહેજમાં આપે હણ્યો;
જે પાણી અગ્નિ અન્યને બુઝાવતું પળ વારમાં,
તે પાણીને વડવાનળે પીધું ન શું ક્ષણવારમાં ? ૧૧
હે સ્વામી ! અતિશય ભારવાળા આપને પામ્યા પછી,
કેવી રીતે પ્રાણી અહો ? નિજ હૃદયમાં ધાર્યા થકી;
અતિ લઘુપણે ભવરૂપ દરિયો સહેજમાં તરી જાય છે,
અથવા મહાન જનોતણો મહિમા અચિંત્ય ગણાય છે. ? ૧૨
હે પ્રભુ ! જ્યારે પ્રથમથી આપે હણ્યો'તો ક્રોધને,
આશ્ચર્ય ત્યારે કેમ બાળ્યા કર્મરૂપી ચોરને ?
અથવા નહીં આ અવનિમાં શું દેખવામાં આવતું ?
શીતળ પડે જે હિમ તે લીલાં વનોને બાળતું ! ! ૧૩
હે જિન યોગી આપને પરમાત્મરૂપથી સદા,
નિજ હૃદય કમળે જ્ઞાનરૂપી ચક્ષુથી અવલોકતા;
પુનિત નિર્મળ કાંતિવાળા કમળનું ણી સંભવે,
શું કમળકેરી કર્ણિકાને મધ્ય વિણ બીજે સ્થળે. ૧૪
ક્ષણમાત્રમાં જિનરાજ ભવિજન આપકેરા ધ્યાનથી,
પામે દશા પરમાત્મની તજી દેહને પ્રભુ જ્ઞાનથી;
જયમ તિવ્ર અગ્નિ તાપથી મિશ્રિત ધાતુ હોય તે,
પથ્થરપણાને ત્યાગીને તત્કાળ સોનું થાય છે. ૧૫
હે જિન હંમેશાં ભવ્ય જન જે દેહના અંતર વિષે,
ધરતાં તમારું ધ્યાન તેનો નાશ કરતા કેમ તે;
અથવા સ્વભાવ મહા નૂજન મધ્યસ્થનો એવો સદા.
વિગ્રહતણો કરી નાશ ને શાંતિ પ્રસારે ઉભયથા. ૧૬

નહીં ભેદ હે પ્રભુ આપને આત્મા વિષે આ બુદ્ધિથી,
ચિંતન કરે પંડિત અહીં તે આપ સમ થાયે નકી;
જે જળ વિષે શ્રદ્ધાથકી અમૃતતણું ચિંતન કરે;
જે જળ ખરેખર વિષના વિકારને શું ના હરે ? ૧૭
તમને જ અજ્ઞાને રહિત પરધર્મી પણ નામાંતરે,
વિભુ હરિહરાદિક બુદ્ધિથી નિશ્ચય કરી પામે ખરે;
કમળાતણાં રોગેથી જેનાં નેત્ર પ્રભુ પીળા રહે,
તે સાફ ધોળા શંખને શું પીતવર્ણી નહીં કહે ? ૧૮
ધર્મોપદેશતણા સમયમાં આપના સહવાસથી,
તરૂ પણ અશોક જ થાય તો શું મનુજનું કે'વું પછી ?
જયમ સૂર્યના ઉગ્યા થકી ના માત્ર માનવ જાગતાં,
પણ વૃક્ષ પલ્લવ પુષ્પ સાથે સહેજમાં પ્રફૂલ્લિત થતાં. ૧૯
ચારે દિશાએ દેવ જે પુષ્પોતણી વૃષ્ટિ કરે
આશ્ચર્ય નીચા મુખવાળા ડીંટથી તે કયમ પડે;
હે મુનીશ અથવા આપનું સામીપ્ય જબ પમાય છે;
પંડિત અને પુષ્પોતણાં બંધન અધોમુખ થાય છે. ૨૦
જે આપના ગંભીર હૃદય સમુદ્રમાંથી ઉપજે,
તે વાણીમાં અમૃતપણું લોકો કહે તે સત્ય છે;
કાંકે કરીને પાન પરમાનંદને ભજતાં થકા,
ભવિજન અહો એથી કરીને શીઘ્ર અજરામર થતા. ૨૧
દેવો વીંઝે જે પવિત્ર ચામર, સ્વામી આપ સમીપ તે,
હું ધારું છું નીચા નમી ઊંચા જતાં એમ જ કહે;
મુનિશ્રેષ્ઠ એવા પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,
તે શુદ્ધ ભાવી ઊર્ધ્વ ગતિને પામશે નિશ્ચયથકી. ૨૨
સુવર્ણ રત્નોથી બનેલા ઊજળા સિંહાસને,
ગંભીર વાણીવાન રૂપે શ્યામ સ્વામી આપને;
ઉત્સુક થઈને ભવ્ય જનરૂપી મયૂરો નીરખે,
મેરુશિરે અતિ ગાજતા નવ મેઘ સમ પ્રીતિવડે. ૨૩
ઊંચે જતી તુમ શ્યામ ભામંડળતણી કાંતિવડે,
લોપાય રંગ અશોક કેરા પાનનો સ્વામી ખરે:
પ્રાણી સચેતન તો પછી વીતરાગ આપ સમાગમે,
રે કોણ આ સંસારમાં પામે નહિ વૈરાગ્યને. ૨૪
રે રે પ્રમાદ તજો અને આવી ભજો આ નાથને,
જે મોક્ષપુરીમાં જતાં વ્યાપારી પાર્શ્વનાથને,
સુર દુંદુભીનો શબ્દ જે આકાશમાં વ્યાપી રહે,
હું માનું છું હે દેવ તે ત્રૈલોકને એમ જ કહે. ૨૫

હે નાથ ત્રૈલોકમાં પ્રકાશ જ્યમ આપે કર્યો;
તારા સહિત આ ચંદ્રમા તવ હીણા અધિકારી ઠર્યો,
મોતી સમૂહે શોભતાં ત્રણ છત્રના મીસે કરી,
તે આવ્યો પ્રભુની પાસ તે, નકી રૂપ ત્રણ જાણે ધરી. ૨૬
કીર્તિ પ્રતાપ જ કાંતિકેરા સમૂહથી ત્રૈલોક આ,
ગોળારૂપે ભગવાન જ્યમ આપે પૂરેલાં હોય ના;
રૂપું સુવર્ણ અને વળી માણેકયથી નિર્મિત ખરે,
ચોપાસથી શોભી રહ્યાં ત્યમ આપ ત્રણ કિલ્લાવડે. ૨૭
પડતી પ્રભુ તુમ પાદમાં દેવેંદ્ર નમતા તેમની,
રત્ને રચિત મુગટો તજીને દિવ્યમાળા પુષ્પની;
હું માનું છું મનમાં ખરે એ યોગ્ય થાય સર્વથી;
વિભુ ! આપનો સંગમ થતાં સુમનસો બીજે રમતાં નથી. ૨૮
હે નાથ ! આ સંસારસાગરથી તમે વિમુખ છતે,
નિજ આશ્રિતોને તારતા વિશ્વેશ તે તો યોગ્ય છે;
લોકો તરે માટીતણા ઘટ કર્મ પાક સહિતથી,
આશ્ચર્ય વિભુ ! પણ આપ છો રહિત કર્મ વિપાકથી. ૨૯
વિશ્વેશ, જનપાલક ! છતાં પણ આપ દુર્ગત દીસતા,
હે ઇશ અક્ષર છો, તથાપિ રહિત લિપિ સર્વથા;
વળી દેવ છે અજ્ઞાનીને પણ તારનાર સદેવ જે, !
વિચિત્ર તે ત્રૈલોક બોધકજ્ઞાન આપ વિષે સ્ફુરે. ! ૩૦
આકાશ આચ્છાદિત કરે એવી અતિશય ધૂળ જે,
શઠ કમઠ દૈત્યે ક્રોધથી ઉડાડી સ્વામી આપને;
છાયા પરંતુ નાથ તેથી આપની ઢંકાઈ નથી !
ઉલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાના થકી ! ! ૩૧
વિજળી સહિત ઘનઘોર મુશળધારથી વળી વર્ષતો,
વર્ષાદ દુસ્તર કમઠ દૈત્યે છોડયો પ્રભુ ! ગાજતો;
તેણે અહો જિનરાજ ! ઉલટું રૂપ ત્યાં સહેજે ધર્યું;
તીક્ષ્ણ છુરી તલવારકેરું કામ તે સામું કર્યું ! ! ૩૨
વિકરાળ ઊંચા કેશ લટકે માળ શબના શિરની,
ભયકારી અગ્નિ મુખ વિષેથી નીકળે જેના વળી;
એવો સમૂહ પિચાશનો જે આપ પ્રત્યે પ્રેરિયો,
હે દેવ ! પ્રતિભવ દુઃખકારી તેહને તે તો થયો. ! ૩૩
હે ત્રણ ભુવનના નાથ ? જેઓ અન્ય કાર્યો છોડીને,
ત્રિકાળ વિધિવત પૂજતા તુજ ચરણને ચિત્ત જોડીને;
વળી ભક્તિના ઉલ્લાસથી રોમાંચવાળો દેહ છે,
આ પૃથ્વીમાં તે ભવ્યજનને હે પ્રભુજી ! ધન્ય છે. ૩૪

મુનીશ ! આ સંસાર રૂપ અપાર સાગર વિષે,
હું માનું છું તુમ નામ નહીં મુજ શ્રવણમાં આવ્યું હશે;
સુણ્યા છતાંય પવિત્ર મંત્રરૂપી તમારા નામને,
આપત્તિ રૂપી સર્પિણી શું સમીપમાં આવી શકે ? ૩૫
હે દેવ ! જન્માંતર વિષે પણ આપના બે ચરણ જે,
બળવાન ઇચ્છિત આપવે તે, મેં નહીં પૂજ્યા હશે;
હે મુનીશ તેથી કરી હું, જરૂર આ ભવને વિષે,
સ્થળ હૃદય વેધક પરાભવનું તે થયો જાતે દીસે. ૩૬
નિશ્ચય અરે ! મોહાંધકારે વ્યાપ્ત એવાં નેત્રથી,
પૂર્વે કદી મેં એક વેળા પણ પ્રભુ જોયા નથી;
કેવી રીતે થઇ હૃદયભેદક અન્યથા પીડે મને,
બળવાન બંધનની ગતિ વાળા અનર્થો શરીરને. ૩૭
કદી સાંભળ્યા પૂજ્યા ખરેખર આપને નિરખ્યા હશે;
પણ પ્રીતિથી ભક્તિવડે નહિ હૃદયમાં ધાર્યા હશે,
જનબંધુ ! તેથી દુઃખપાત્ર થયેલ છું ભવને વિષે,
કાંકે ક્રિયા ભાવે રહિત નહીં આપતી ફળ કાંઇએ. ૩૮
સુખકારી શરણાગત પ્રભુ હિતકારી જન દુઃખિયાતણા,
હે યોગીઓમાં શ્રેષ્ઠ ! સ્થળ કરુણા અને પુણ્ય જ તણા;
ભક્તિથકી નમતો હું તે મહેશ મારા ઉપરે,
તત્પર થશો દુઃખ અંકુરોને ટાળવા કરુણાવડે. ૩૯
અસંખ્ય બળનું શરણ ! ને વળી શરણ કરવા યોગ્ય જે,
અરિનાશથી થઇ કીર્ત એવા આપના પગ કમળને;
શરણે છતાં પણ ભુવનપાવન ! ધ્યાનથી કદી હીણ તો,
છું પ્રથમથી જ હણાયલો હણવા જ માટે યોગ્ય જો. ૪૦
હે અખિલ વસ્તુ જાણનારા ! વંદ્ય હે દેવેંદ્ર ને,
સંસારના તારક ! અને ભુવનાધિનાથ ! પ્રભુ ! તમે;
ભયકારી દુઃખ દરિયાથકી આજે પવિત્ર કરો અને,
કરુણાતણા હે સિંધુ ! તારો દેવ ! દુઃખિયાને મને. ૪૧
હે નાથ ! આપ ચરણ કમળની નિત્ય સંચિત જે કરી,
તે ભક્તિ કરી સંતતિનું હોય ફળ કદી જો જરી;
તો શરણ કરવા યોગ્ય માત્ર જ આપને શરણે રહ્યો,
તે અહીં અને ભવ અન્યમાં પોતે જ મુજ સ્વામી થજો. ૪૨
એ રીતથી રૂડે પ્રકારે સ્થિર બુદ્ધિવાન ને,
અતિ હર્ષથી રોમાંચી જેના શરીર કેરાં અંગ તે;
તુજ મુખકમળ નિર્મળ વિષે જિનેંદ્ર ! બાંધી દૃષ્ટિને,
જે ભવ્યજન હે પ્રભુ ! રચે છે આપ કેરી સ્તુતિને. ૪૩

[પુષ્પિતાગ્રા છંદ]

જન નયન કુમુદચંદ્ર સ્વામી,
ચળકતી સંપદ સ્વર્ગની જ પામી;
નિર્મળમય મનના થવા થકી એ,
તુરત જશે જન મોક્ષને વિષે તે. ૪૪

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર

(શાર્દૂલ છંદ)

*કિં કર્પૂરમયં સુધારસમયં કિં ચિન્દ્રરોચિર્મયં ।
કિં લાવણ્યમયં મહામણિમયં કારુણ્યકેલિમયં ॥
વિશ્વાનંદમયં મહોદયમયં શોભામયં ચિન્મયમ્ ।
શુક્લધ્યાનમયં વપુર્જિનપતેર્ભૂયાદ્ભવાલમ્બનમ્ ॥ ૧ ॥

ભાવાર્થ :– શ્રી જિનેંદ્ર ભગવાનનું શરીર, અહા ! કર્પૂર જેવું શ્વેત, અમૃત જેવું મિષ્ટ ચંદ્રની કાન્તિ જેવું શીતળ અને પ્રકાશિત, સુંદર, મોટા મણિ જેવું પ્રકાશિત, કરુણતાનું ભૂમિકારૂપ, સમગ્ર વિશ્વને આનંદમય, મહા ઉદયવાળું. શોભાવાળું. સચિત્ત સ્વરૂપ, શુક્લ ધ્યાનમાં નિમગ્ન, એવા શ્રી જિનેન્દ્ર ભગવાન સંસારના આધાર રૂપે હો ॥ ૧ ॥

પાતાલં કલયન્ ધરાં ધવલયન્નાકાશ મા પૂરયન્ ।
દિક્ચક્રં ક્રમયન્ સુરાસુરનરશ્રેણિં ચ વિસ્માપયન્ ॥
બ્રહ્માંડ સુખયન્ જલાનિ જલધેઃ ફેનચ્છલાલોલયન્ ।
શ્રી ચિંતામણિપાર્શ્વસંભવયશોહંસશ્ચિરં રાજતે ॥ ૨ ॥

ભાવાર્થ :– પાતાળમાં પણ પ્રવેશ કરી રહેલો પૃથ્વીને ઉજ્જવલ કરતો, આકાશમાં સર્વ સ્થળે વ્યાપ્ત થતો, દિશાઓને ચક્રને પણ ઉલ્લંઘી જતો, દેવ દાનવોને વિસ્મય આપતો, ત્રણે જગતને સુખ પમાડતો, સમુદ્રમાં શ્વેત ફીણથી શોભાયમાન જળને ડહોળી નાંખતો, એવો શ્રી પાર્શ્વનાથ ચિંતામણિનો યશરૂપી હંસ ચિરકાળ શોભે છે. ॥ ૨ ॥

પુણ્યાનાં વિપણિસ્તમોદિનમણિઃ કામેભકુંભે સૃણિ– ।
મોક્ષે નિસ્સરણિઃ સુરેંદ્રકરિણી જ્યોતઃ પ્રકાશારણિઃ ॥
દાને દેવમણિર્નતોત્તમજનશ્રેણિઃ કૃપાસારિણી ।
વિશ્વાનંદસુધાઘૃણિર્ભવભિદે શ્રી પાર્શ્વચિંતામણિઃ ॥ ૩ ॥

---

*કિં શબ્દ આશ્ચર્ય સુચવે છે, એનો અર્થ અહા ! જેવો થાય છે, તો દરેક વિશેષણની શરૂઆતમાં વાપરી લેવો.

ભાવાર્થ :– પુણ્યના હાટ (ભંડાર) રૂપ, પાપરૂપી અંધકારમાં સૂર્યરૂપ, વિષયરૂપી હાથી વશ કરવામાં અંકુશરૂપ, મોક્ષમાં ગમન કરવા માટે નિસરણીરૂપ, આત્મજ્ઞાનરૂપ, જ્યોતિને પ્રકાશ આપવામાં અરણીના વૃક્ષ સમાન, દાન દેવામાં ઇંદ્ર સમાન, એમની (શ્રી પાર્શ્વનાથની) આગળ નમન કરી રહેલી સજ્જન પુરુષોની પંક્તિને કૃપાની નદી સમાન, વિશ્વમાં આનંદરૂપી અમૃતના તરંગ સમાન, શ્રી પાર્શ્વચિંતામણી (ભગવાન) સંસારસમુદ્રનું ઉચ્છેદન કરનાર આપ જ છો. ॥ ૩ ॥

શ્રીચિંતામણિપાર્શ્વવિશ્વજનતાસંજીવનસ્ત્વં મયા ।
દૃષ્ટસ્તાત ! તતઃ શ્રિયઃ સમભવન્નાશક્રમાચક્રિણમ્ ॥
મુક્તિઃ ક્રીડતિ હસ્તયોર્બહુવિધં સિદ્ધં મનોવાંચ્છિતં ।
દુર્દૈવં દુરિતં ચ દુર્દિનભયં કષ્ટં પ્રણષ્ટ મમ ॥ ૪ ॥

ભાવાર્થ :– હે તાત ! (હે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ !) આખા વિશ્વના જીવનરૂપ, સચ્ચિદાનંદ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ! જ્યારથી મને આપનાં દર્શન થયાં છે; ત્યારથી જ ઇન્દ્ર દેવ તથા ચક્રવર્તી પર્યંતની સમૃદ્ધિ મને પ્રાપ્ત થઇ છે. મારા હસ્તકમાં જ મુક્તિ રૂપી દેવી ક્રીડા કરી રહી છે, મારી વિવિધ પ્રકારની મનની અભિલાષાઓ સિદ્ધ થઈ છે. અને મારું દુર્દૈવ, મારું પાપ અને મારું દુઃખ તથા દરિદ્રતાનો મારો ભય સમૂળ નાશ પામ્યો છે. ॥ ૪ ॥

યસ્ય પ્રૌઢતમપ્રતાપતપનઃ પ્રોદ્દામધામા જગ–
જ્જંઘાલઃ કલિકાલકેલિદલનો મોહાન્ધવિધ્વંસકઃ ॥
નિત્યોદ્યોતપદં સમસ્તકમલાકેલિગૃહં રાજતે ।
સ શ્રીપાર્શ્વજિનો જને હિતકરશ્ચિંતામણિઃ પાતુ મામ્ ॥ ૫ ॥

ભાવાર્થ :– હે અતિશય પ્રતાપવાન સૂર્યરૂપ, અતિ ઉત્કટ જગત્‌રૂપી ધામને તથા કળીકાળના મહિમાને દહન કરનારા, મોહરૂપી અંધકારનો નાશ કરનારા અને જેનું સમસ્ત પ્રકારની સમૃદ્ધિ ધારણ કરનાર પદ હંમેશાં શોભી રહ્યું છે એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન, જગતના જીવોનું હિત કરનાર ચિંતામણી મારું રક્ષણ કરો. ॥ ૫ ॥

વિશ્વવ્યાપિતમો હિનસ્તિ તરણિર્બાલોઽપિ કલ્પાંકુરો ।
દારિદ્રાણિ ગજાવલીં હરિશિશુઃ કષ્ટાનિ વન્હેઃ કણઃ ॥
પીયુષસ્ય લવોઽપિ રોગનિવહં યદ્વત્તથા તે વિભોઃ ।
મૂર્તિઃ સ્ફુર્તિમતીસતી ત્રિજગતીકષ્ટાનિ હર્તું ક્ષમા ॥ ૬ ॥

ભાવાર્થ :– સૂર્ય બાલ્યાવસ્થામાં હોવા છતાં પણ વિશ્વમાં વ્યાપી રહેલા અંધકારનો નાશ કરે છે, કલ્પવૃક્ષનો એક જ અંકુર (ફણગો) દરિદ્રતાનો નાશ કરવામાં સમર્થ છે. સિંહનું એક નાનું બાળક જ હાથીઓના સમૂહનો નાશ કરે છે, અગ્નિનો એક સૂક્ષ્મ કણ કાષ્ટના જથ્થાને ભસ્મવત્ કરી નાખે છે, અમૃતનું એક જ બિંદુ રોગને નિર્વંશ કરે છે, તે જ પ્રમાણે હે વિભો ! મનુષ્યની મતિમાં સ્ફુરણા કરનારું શરીર ત્રણે જગતનાં દુઃખો હણવાને માટે સમર્થ છે. ॥ ૬ ॥

શ્રી ચિંતામણિમંત્રમોંકૃતિયુતં હ્રીંકારસારાશ્રિતં ।
શ્રી મર્હન્નમિઊણપાશકલિતં ત્રૈલોકયવશ્યાવહમ્ ॥
દ્વૈધાભૂતવિપાપહં વિષહરં શ્રેયઃપ્રભાવાશ્રયં ।
સોલ્લાસં વસહાંકિતં જિનફુલિંગાનંદનં દેહિનામ્ ॥ ૭ ॥

ભાવાર્થ :– ૐ શબ્દની આકૃતિવાળો હ્રીંકારથી યુકત શ્રી મર્હંનમિઉણના મંત્રથી શુદ્ધ થયેલો ત્રણે લોકને વશ વર્તાવનાર, વિષયરૂપી ઝેરનો નાશ કરનાર, કલ્યાણકારક, પ્રભાવવાળો વઃ સઃ હ, ઇત્યાદિ અક્ષરોથી યુકત એવા મનુષ્ય માત્રને આનંદરૂપ શ્રી ચિંતામણી નામનો મંત્ર છે. ॥ ૭ ॥

હ્રીં શ્રી કારવરં નમોક્ષરપરં ધ્યાયન્તિ યે યોગિનો ।
ઉત્યદ્મે વિનિવેશ્ય પાર્શ્વમધિપં ચિંતામણિસંજ્ઞકમ્ ॥
ભાલે વામભુજે ચ નાભિકરભૂયો ભુંજે દક્ષિણે ।
પશ્ચાદષ્ટદલેષુ તે શિવપદ દ્વિત્રર્ભવૈર્યાંત્યહો ॥ ૮ ॥

ભાવાર્થ :– હ્રીં, શ્રી ઇત્યાદિ આકારથી યુકત મંત્રનું જે યોગીઓ હૃદયકમળમાં અધિષ્ઠાતા ભગવાનના ચિંતામણિની સંજ્ઞાવાળો જેની પૂર્વમાં 'નમો' મૂકેલા છે એવો હ્રીં શ્રીંકારાદિ ઉત્તમ વર્ણયુકત મંત્રને હૃદયકમળમાં ધારણ કરીને કપાળને વિષે, ડાબા હાથને વિષે, નાભિમાં અને ઘણે ભાગે જમણા હાથમાં અને ત્યાર પછી આઠે દલોને વિષે ધ્યાન ધરે છે તે બે ત્રણ ભવ પછી મોક્ષ ધામમાં સિધાવે છે, એ શું આશ્ચર્યજનક નથી ! ॥ ૮ ॥

(સ્ત્રગ્ધરા છંદ)

નો રોગા નૈવ શોકા ન કલહકલના નારિમારિપ્રચારા ॥
નૈવાધિર્નાસમાધિર્નચ દરદુરિતે દુષ્ટદારિદ્રતા નો ॥
નો શાકિન્યો ગ્રહા નો ન હરિકરિગણા વ્યાલવૈતાલજાલા ॥
જાયાન્તે પાર્શ્વચિંતામણિનતિવશતઃપ્રાણિનાં ભકિતભાજામ્ ॥ ૯ ॥

ભાવાર્થ :– જે ભકિતવાન પ્રાણીઓ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથમાં પોતાની વૃત્તિ જોડે છે. તેઓને રોગ, શોક; કલેશ, અશાન્તિ, ભય, પાપ, દુષ્ટ, દારિદ્રપણું, શત્રુદ્વારા ઉપજતી વ્યાધિ તથા શાકિની, ભૂત પિશાચ વગેરે હાથી તથા સિંહના સમૂહો દુઃખરૂપ થઇ શકતાં નથી. ॥ ૯ ॥

(શાર્દૂલ છંદ)

ગીર્વાણદ્રુમધેનુકુંભમણયસ્તસ્યાંગણે રંગિણો ॥
દેવા દાનવમાનવાઃ સવિનયં તસ્મૈ હિતધ્યાયિનઃ ॥
લક્ષ્મીસ્તસ્ય વશાડવશેવ ગુણિનાં બ્રહ્માંડસંસ્થાયિનીઃ ।
શ્રી ચિંતામણિપાર્શ્વનાથમાનશં સંસ્તાતિ યો ધ્યાયતિ ॥ ૧૦ ॥

ભાવાર્થ :– જે પ્રાણી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની હમેશ સ્તુતિ કરે છે તથા ધ્યાન ધરે છે તેનાં આંગણાંમાં રાગાદિ આનંદ થયા જ કરે છે, તેને કલ્પવૃક્ષ, કામદુઘા ધેનું, પારસમણિ ઇત્યાદિ અલૌકિક પદાર્થ પ્રાપ્ત થાય છે, દેવ, દાનવ અને મનુષ્ય સુદ્ધાં વિનયથી તેનાં હિતનું જ ચિંતવન કર્યાં કરે છે, ગુણવાન પુરુષોને આ બ્રહ્માંડમાં પ્રાપ્ત થતી સમસ્ત લક્ષ્મી તેને વશ વર્તે છે. ॥ ૧૦ ॥

ઇતિ જિનપતિપાર્શ્વઃ પાર્શ્વપાર્શ્વાખ્યયક્ષઃ ।
પ્રદલિત દુરિતૌઘઃ પ્રીણિતપ્રાણિસાર્થઃ ॥
ત્રિભુવનજનવાંચ્છાદાનચિંતામણિકઃ ।
શિવપદતરુબીજં બોધિબીજં દદાતુ ॥ ૧૧ ॥

ભાવાર્થ :- આ પ્રમાણે જિનપતિ પાર્શ્વનાથ ભગવાનની પાસે રહેનારો પાર્શ્વ નામનો યક્ષ, જેનાં પાપકર્મો નષ્ટ થઇ ગયાં છે, અને તે ભગવાને જનસમુદાયને સંતુષ્ટ કર્યા છે, અને જે ત્રણે ભુવનની વાંચ્છા પૂરવામાં ચિંતામણિ સમાન છે, તે મોક્ષપદરૂપી વૃક્ષનું બીજરૂપસમકિત મને અર્પણ કરો ॥ ૧૧ ॥

શ્રી ધર્મસિંહ મુનિ વિરચિત શીખામણના અઠ્ઠાવીસ બોલ

૧. પહેલે બોલે, જેની શુદ્ધ શ્રદ્ધા હોય તેનો ઉપદેશ સાંભળવો.

૨. બીજે બોલે, જે જે વ્રત-પચ્ચક્ખાણ કરીએ તેનો નિર્વાહ કરવો એટલે બરાબર શુદ્ધ રીતે પાળવાં, પણ દોષ લગાડવો નહિ.

૩. ત્રીજે બોલે દુર્જન મિત્રથી કામ જોઇને પાડવું, નહિ તો પાછળથી અવશ્ય પસ્તાવું પડે.

૪. ચોથે બોલે. જે માણસ લટપટ કરતો આવે તેની સાથે એકદમ વગર વિચાર્યું ભળી જવું નહિ અર્થાત્ તે માણસની પરીક્ષા કરીને જ મિત્રાઇ કરવી.

૫. પાંચમે બોલે, જે ઘરમાં એકલી સ્ત્રી અથવા પુરૂષ હોય તે ઘરમાં એકદમ ધાઇને પેસવું નહીં. કદાપિ અજાણે પેઠા તો ઊભા રહેવું નહીં, અર્થાત્ તરત પાછા વળવું કારણ કે સામાને સંદેહ પડે માટે.

૬. છઠ્ઠે બોલે, કોઇ રૂડો અથવા વાલેશરી મિત્ર જો શીખામણ દે, તો પ્રમાણ કરી માનવી.

૭. સાતમે બોલે, જેના બોલવામાં ઢંગ-ધડો ન હોય તેની સાથે મળી જવું નહિ, અર્થાત્ જે પુરૂષો બોલ્યું પાળતા હોય તેમનો જ પરિચય કરવો.

૮. આઠમે બોલે એક સમકિત અને બીજું શિયળ- તેને દૃઢ કરી રાખીએ. અર્થાત્ સમકિત અને શિયળમાં દોષ નહિ લગાડતાં શુદ્ધ રીતે પાળવું.

૯. નવમે બોલે, વિકલ માણસથી પ્રીતિ ન કરીએ અર્થાત્ કુશિલીઆની સંગત કરીએ નહિ. તેમ છતાં કરે તો અવશ્ય ખામી લાગે, એટલું જ નહિ, પણ આબરૂ-ઇજ્જત પણ ઘટે.

૧૦. દશમે બોલે, આપણા વાલેશરીને તથા રૂડા મિત્રને દગો ન દઇએ પરંતુ પ્રેમ વધારીએ.

૧૧. અગિયારમે બોલે, કુસંગીની સંગત ન કરીએ, જો કરીએ તો આપણી પ્રતીત ઘટે.

૧૨. બારમે બોલે, પોતાના વડેરામાં ભૂલચૂક પડી હોય તો વારંવાર સંભારીએ નહિ, કારણ કે આપણાથી મોટા છે માટે.

૧૩. તેરમે બોલે, અણવિવેકી, અણસમજુને ધર્મની શીખામણ દેતા રહીએ, જો અક્કલ આવે અથવા ન આવે, પણ ઉપદેશ દેતા જ રહીએ.

૧૪. ચૌદમે બોલે, પોતાના વડેરાનો વિનય કરીએ, કદાપિ વડેરા ઘણું કરી માને અર્થાત્ વડેરા ના કહે તો પણ વિનય ન મૂકીએ,

૧૫. પંદરમે બોલે, દોલ (દુઃખ) સોલ (સુખ), ખમીએ તથા રૂડા કુળની અને ખરા ધર્મની મર્યાદા ન મૂકીએ.

૧૬. સોળમે બોલે, પોતાના ગુણ પોતાના મોઢેથી પ્રકાશીએ નહિ, તેમ છતાં પ્રકાશીએ તો અવશ્ય હલકાપણું દેખાય.

૧૭. સત્તરમે બોલે, કોઇને મોઢે દુભીએ નહિ અર્થાત્ કોઇને મોઢે ખોટું મનાવીએ નહીં., પરન્તુ કામ તો જોઇને જ પાડીએ.

૧૮ અઢારમે બોલે, કોઈપણ માણસની પૂંઠે અવર્ણવાદ ન બોલીએ કારણ કે તેમાંથી અવગુણ નીપજે માટે.

૧૯ ઓગણીશમે બોલે, મૂર્ખ માણસને ઉદ્દેશીને શીખામણ દઈએ નહિ કારણ કે જો કદી અવળી પ્રગમે તો ઉલટી આપણી જ ખોડ કાઢે.

૨૦ વીશમે બોલે, એક શિયળ અને બીજું સમકિત, એ બેને સારી રીતે યત્ન કરી રાખીએ, કારણ કે તેના ચળાવનાર ઘણા મળે, તો પણ ચળીએ નહીં, કોની પેઠે, તો કે રાજેમતી તથા દ્રૌપદી સતીની પેઠે.

૨૧ એકવીશમે બોલે, ખલ (મૂર્ખ) માણસને છેડીએ નહિ, જો છેડીએ તો જરૂર પૂંઠે અવર્ણવાદ બોલે.

૨૨ બાવીશમે બોલે, જ્યાં બે જણ છાની વાત કરતા હોય ત્યાં ઊભા રહીએ નહિ, કારણ કે તે વાત જ્યારે બહાર પડે ત્યારે ખરી- ન ખરી કરવી પડે, એટલે સાહેદી પૂરવી પડે.

૨૩ ત્રેવીશમે બોલે, પોતાના મનની વાત કોઈ જેવા તેવા માણસને મોઢે કરીએ નહિ, જો કરીએ તો જરૂર પાછળ પશ્ચાતાપ થાય.

૨૪ ચોવીશમે બોલે, ક્રોધ ચડયો હોય તો જેમ તેમ બોલીએ નહિ અર્થાત્ દમ ખેંચીને રહીએ, નહિ તો પછી પસ્તાવું પડે.

૨૫ પચીશમે બોલે, વ્યવહાર સાચવવો અને નિશ્ચય ઉપર ભાવ રાખવો. જે નિશ્ચય છે તે સોનાની મહોર છે અને જે વ્યવહાર છે તે ઉદ્યમ છે.

૨૬ છવીશમે બોલે, પોતાના વડેરાથી સામી ન બાંધીએ જો કદાપિ તેઓ તાણી ઝાલે તો આપણે ઢીલું મૂકવું, પરન્તુ સામા થવું નહિ.

૨૭ સત્તાવીશમે બોલે, સંસારનાં કામ કોઈ દિવસ પૂરાં થયાં નથી થવાનાં નથી, અને થશે પણ નહિ માટે પોતાના ધર્મકૃત્યની બે ઘડી અવશ્ય કાઢી લેવી અર્થાત્ છેવટે દિવસની સાઠ ઘડીમાં બે ઘડી પણ ધર્મધ્યાન કરવું.

૨૮ અઠ્ઠાવીશમે બોલે, આગળ પાછળ પરીક્ષા કરીને જે કામ કરીએ તો તે કામ શીઘ્ર પાર પડે અને ચાર લોકમાં ચતુર કહેવાઈએ અને પંચમાં પૂછાઈએ.

વ્યાખ્યાન-પ્રારંભે બોલાતી મહાવીર પ્રભુની સ્તુતિ.

હવે ઇહાં કણે કોણ જે જાણવા, શ્રી શ્રી શ્રમણ ભગવંત, શ્રી શ્રી મહાવીર દેવ, દેવાધિદેવ, પરમતારૂ, પરમવારૂ, દયાનિધિ, કરુણાગરસાગર, ભાનુભાસ્કર, જીવદયાપ્રતિપાલ, કર્મશત્રુના કાળ, મહામાહણ, મહાગોવાલ પરમનિર્યામિક, પરમવૈદ્ય, પરમગારૂડી, પરમસનાતન, અનાથના નાથ, અશરણના શરણ, અબંધવના બંધવ, ભાગ્યાના ભેરૂ, સંતઉદ્ધારણ, શિવસુખકારણ, રાજરાજેશ્વરપુરુષ, હંસપુરુષ, સુપાત્રપુરુષ, નિર્મલપુરુષ, નિઃકલંકી પુરુષ, નિર્મોહીપુરુષ, નિર્વિકારી-પુરુષ, ઇચ્છાનિરોધ, તપસ્વી, ચોત્રીશઅતિશયે કરી બિરાજમાન, પાંત્રીસ પ્રકારની સત્ય વચનવાણી ગુણેકરી સહિત, એકહજાર અષ્ટ ઉત્તમ લક્ષણના ધરણહાર, શ્રી શ્રી સિદ્ધાર્થનંદન, ત્રિભુજગવંદન, શીતળચંદન, દીનદયાળ, પરમમાયાલ, પરમકૃપાળ, પરમપવિત્ર, પરમસજ્જન,

પરમમિત્ર, પરમવાલેશ્વરી, પરમહિતવંચ્છક, પરમઆધાર, સફરીજહાજસમાન, જગતત્રાતા, જગતમાતા, જગતભ્રાતા, જગતજીવન, જગતમોહન, જગતસોહન, જગતપાવન, જગતભાવન, જગતઇશ્વર, જગતવીર, જગતધીર, જગતગંભીર, જગતઇષ્ટ, જગતમિષ્ટ, જગતશ્રેષ્ઠ, જગતમિત્ર, જગતવિભુ, જગતપ્રભુ, જગતમુગટ, જગતપ્રગટ, જગતનંદન જગતવંદન, ચૌદ રાજલોકને વિષે ચુડામણી મુકુટસમાન, ભવ્યજીવના હૃદયના નવસરહાર, શિયલપુંજ, જગતશિરોમણિ, ત્રિભૂવનતિલક, સમવસરણના સાહેબ, સરસ્વતીના તુરંગ, ગણધરના ગુરુરાજ, છકાયના છત્ર, ગરીબના નિવાજણહાર, મોહના ધરંદ, વાણીના પદ્મસરોવર, સાધુના સેહરા, લોકના અગ્રેસર, અલોકના સાધણહાર, ત્રાસિતના શરણાગત, મોક્ષના દાનેશ્વરી, ભવ્યજીવનાં લોચન, સંતોષના મેરુ, સુજશના કમલ, સુખના સમુદ્ર, ગુણના હંસ, શબ્દના કેસરી, જમના જિતણહાર, કાલના ભક્ષણહાર, મનના અંકુશ, મનુજના કલ્પવૃક્ષ, સમદષ્ટિના માત-પિતા, ચતુર્વિધ સંઘના ગોવાલ ધરતીના ઇંદ્રધ્વજ, આકાશના સ્થંભ, મુક્તિના વરરાજા, કેવળના દેવણહાર, ચોસઠ ઇંદ્રના વંદનિક, પૂજનિક, અર્ચનિક, સ્મરણનિક, એવા દીનોદ્ધાર, દીનબંધુ, દીન આધાર, સબદેવકાદેવ, સર્વ મુનિના નાથ, યોગીના ઠાકુરપુરુષ, તરણતારણ, દુ:ખનિવારણ, અધમ ઉદ્ધારણ ભવદુ:ખભંજન, સમતાના સિંધુ, દયાના સાગર, ગુણના આગર ચિંતામણિ રત્નસમાન, પાર્શ્વમણિસમાન, કામદુગ્ધા ધેનુસમાન, ચિત્રાવેલસમાન, મોહનવેલસમાન, અમૃતરસકુંભસમાન, સુખના કરણહાર, દુ:ખના હરણહાર, પાપડલતિમિરના ટાલણહાર, ચંદ્રમાની પેરે શીતળદશાના ધણી, સૂર્યની પેરે ઉદ્યોતના કરણહાર, સમુદ્રની પેરે ગંભીર; મેરુની પેરે અડોલ, વાયુની પેરે અપ્રતિબંધવિહારી, ગગનની પેરે નિરાલંબી, મારવાડી વૃષભધોરીસમાન, પંચાનનકેશરીસિંહસમાન, એવા લોકોત્તર પુરુષ, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા,

એહવા ચરમ જિનેશ્વર, જગધણી,
જિન શાસન શણગાર;
ભાવ ધરીને સમરતાં,
પામી જે ભવપાર.

એવા તત્ત્વાનંદી, તત્ત્વવિશ્રામી, અનંતાગુણના ધણી, અલક્ષગુણના ધણી, અનંતબળના ધણી, અનંતરૂપના ધણી, અનંત તેજના ધણી, અનંત અવ્યાબાધ આત્મિક સુખના ધરણહાર, સફલનામ ને સફલગોત્રના ધરણહાર, 'મ હણો મ હણો' શબ્દના પ્રકાશણહાર, અહો ભવ્યજીવો જો કોઇ જીવને હણશો તો હણાવવાં પડશે, છેદશો તો છેદાવવાં પડશે, ભેદશો તો ભેદાવવાં પડશે, કર્મ બાંધશો તો ભોગવવાં પડશે. એહવા 'મ હણો મ હણો' શબ્દના પ્રકાશના કરણહાર, શ્રમણ ભગવંતમહાવીરે, ઉપન્નનાણદંસણધરે, અર્હાજિણકેવલી, અપરિશ્રવી કહેતાં-અનાશ્રવી પુરુષ, તે પ્રભુજીનાં ગુણ કહ્યામાં નાવે, મવ્યામાં નાવે, વર્ણવ્યામાં નાવે, એવા અકલસ્વરૂપી, જિનેશ્વરદેવ, તે પ્રભુએ સાડાબાર વર્ષને પંદર દિવસ સુધી મહા મહેનત કરી કર્મને ટાળી' કર્મને ગાળી કર્મપ્રજાળી, કર્મને દૂર છંડી, કર્મનાં દેણાં દઈ કરી, કર્મથી નિ:કરજા થઇ કરી, કેવળશ્રી વરી, આત્મદશા પ્રકટ કરી, જિનેશ્વરદેવ, વીતરાગદેવ, મોક્ષનગરે પધાર્યા.

પણ જગતવાસી જંતુજીવને ઉપકાર નિમિત્તે, શાતા નિમિત્તે કલ્યાણ કરવા નિમિત્તે, ભવ્યજીવના દુ:ખ મટાડવા વાસ્તે, ચારગતિ, ચોવીસ દંડક, ચોરાશીલક્ષ જીવાયોનિને વિષે, એક ક્રોડ સાડી સત્તાણુલાખ ક્રોડ કુલને વિષે, જીવ અટન-પરિભ્રમણ કરે છે, સંયોગી શારીરિક, માનસિક વેદનાઓ સહન કરે છે, તે મટાડવા માટે પરમેશ્વરદેવે સિદ્ધાંતરૂપ વાણી ભાવભેદવૃત્તાંત, વિસ્તારપણે વર્ણવ્યાં.

પાંચ જ્ઞાન

૧ જ્ઞેય, ૨ જ્ઞાન, ૩ જ્ઞાની, તેના અર્થ.

૧ જ્ઞેય, જાણવા યોગ્ય તે સામો પદાર્થ, **૨ જ્ઞાન** તે જીવનો ઉપયોગ જીવનું લક્ષણ, જાણપણું તે **૩ જ્ઞાની** તે જાણે તે-જાણવાવાળો જીવ-અસંખ્યાત પ્રદેશી આત્મા.

જ્ઞાન શબ્દોનો વિશેષ અર્થ

૧ જેણે કરી વસ્તુને જાણીએ તે જ્ઞાન,
૨ જે થકી વસ્તુને જાણીએ તે જ્ઞાન,
૩ જેને વિષે વસ્તુને જાણીએ તે જ્ઞાન,
૪ જાણવું તે જ્ઞાન, એ ચાર અર્થ કહ્યા.

જ્ઞાનના ભેદ

જ્ઞાનના પાંચ ભેદ છે, ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫. કેવળજ્ઞાન,

મતિ જ્ઞાનના બે ભેદ

૧. સામાન્ય ૨. વિશેષ.
૨ સામાન્ય પ્રકારે તે મતિ કહીએ.
૩. વિશેષ પ્રકારે તે **મતિજ્ઞાન** તથા **મતિઅજ્ઞાન** કહીએ.
સમ્યગ્દષ્ટિ મતિ તે **મતિજ્ઞાન**
મિથ્યાદષ્ટિની મતિ તે **મતિઅજ્ઞાન**

શ્રુતજ્ઞાનના બે ભેદ

૧ સામાન્ય, ૨ વિશેષ.
૧ સામાન્ય પ્રકારે શ્રુત કહીએ.
૨ વિશેષ પ્રકારે તે શ્રુત **અજ્ઞાન** તથા શ્રુત **જ્ઞાન** કહીએ.
સમ્યગ્દષ્ટિ શ્રુત તે **શ્રુત જ્ઞાન.**
મિથ્યાદષ્ટિનું શ્રુત તે **શ્રુત અજ્ઞાન**

૧ મતિ જ્ઞાન. ૨ શ્રુત જ્ઞાન એ બે જ્ઞાન અન્યોઅન્ય પરસ્પર માંહોમાંહે ક્ષીરનીરની પેરે મળી રહે છે, જીવને અભ્યંતર શરીરની પેરે છે. જ્યારે બે જ્ઞાન સાથે હોય ત્યારે પણ પહેલાં મતિ. શ્રુત હોય છે. અહીં બે જ્ઞાનને વિષે આચાર્ય વિશેષે કરી સમજાવે છે.

જીવ મતિએ કરી જાણે તે **મતિજ્ઞાન**, શ્રુતે કરી જાણે તે **શ્રુતજ્ઞાન.**

મતિજ્ઞાનનું વર્ણન મતિજ્ઞાનના બે ભેદ

૧. **શ્રુત નિશ્રિત**-તે સાંભળ્યા વચનને અનુસારે મતિ વિસ્તરે.
૨. **શ્રુત નિશ્રિત**-તે નહિ સાંભળ્યું, નહિ જોયું તો પણ તેમાં મતિ વિસ્તરે.

અશ્રુત નિશ્રિતના ચાર ભેદ.

૧. ઔત્પાતિકા, ૨ વૈનયિકા, ૩ કાર્મિક, ૪ પારિણામિકા.

૧. ઔત્પાતિકા બુદ્ધિ–તે પૂર્વે નહિ જોયું, નહિ સાંભળ્યું તેમાં એકદમ વિશુદ્ધ અર્થગ્રાહી બુદ્ધિ ઊપજે, ને તે બુદ્ધિ, ફળને ઉત્પન્ન કરે તેને ઔત્પાતિકા બુદ્ધિ કહીએ.

૨. વૈનયિકા બુદ્ધિ–તે ગુરુ–વડાનો વિનય ભક્તિ કરવાથી બુદ્ધિની ઉત્પત્તિ થાય, શાસ્ત્રના અર્થ–રહસ્ય સમજે તેને વૈનયિકા બુદ્ધિ કહીએ,

૩. કાર્મિકા–(કામીયા) **બુદ્ધિ**–તે જોતાં, લખતાં, ચિતરતાં, ભણતા, સાંભળતાં, દેખતાં, વણતાં, વાવતાં, શીવતાં એ આદિ અનેક શિલ્પકળા વગેરેનો અભ્યાસ કરતાં તેમાં કુશળ થાય તે કાર્મિકા (કામીયા) બુદ્ધિ કહીએ.

૪. પારિણામિકા બુદ્ધિ–તે જેમ જેમ વય પરિણમે તેમ તેમ બુદ્ધિ પરિણમે તથા બહુસૂત્રી, સ્થવિર, પ્રત્યેક બુદ્ધાદિ પ્રમુખને આલોચન કરતાં બુદ્ધિમાં વૃદ્ધિ થઇ; જાતિસ્મરણાદિ જ્ઞાન થાય તેને પારિણામિકા બુદ્ધિ કહીએ,

શ્રુત નિશ્રિત જ્ઞાનના ચાર ભેદ.

૧ અવગ્રહ, ૨ ઇહિા, ૩ અવાય, ધારણા.

અવગ્રહના બે ભેદ.

૧ અર્થાવગ્રહ, ૨ વ્યંજનાગ્રહ,

વ્યંજનાવગ્રહના ચાર ભેદ.

૧ શ્રોત્રેંદ્રિય વ્યંજનાવગ્રહ, ૨ ઘ્રાણેંદ્રિય વ્યંજનાવગ્રહ, ૩ રસેંદ્રિય વ્યંજનાવગ્રહ, ૪ સ્પર્શેંદ્રિય વ્યંજનાવગ્રહ.

વ્યંજનાવગ્રહ–તે જે પુદ્‌ગલોને ઇંદ્રિયોને વિષે સામાં આવી પડે. (પુદ્‌ગલો ઇંદ્રિયોને સ્પર્શે) ને ઇંદ્રિયો તે પુદ્‌ગલોને ગ્રહે, સરાવલાને દ્રષ્ટાંતે, તેને વ્યંજનાવગ્રહ કહિયે.

ચક્ષુઇંદ્રિય ને મન તે રૂપાદિ પુદગલની પ્રત્યક્ષ થઈ સ્પર્શ કર્યા વગર તેમને ગ્રહે **છે,** માટે **ચક્ષુઇન્દ્રિયને મન** એ બેને વ્યંજનાવગ્રહ નથી ને શેષ ચાર ઈંદ્રિયોને વ્યંજનાવગ્રહ છે,

શ્રોત્રેંદ્રિય વ્યંજનાવગ્રહ તે–કાને કરી શબ્દના પુદ્‌ગલને ગ્રહે.

ઘ્રાણેંદ્રિય વ્યંજનાવગ્રહ તે–નાસિકાથી ગંધના પુદ્‌ગલને ગ્રહે.

રસેંદ્રિય વ્યંજનાવગ્રહ તે–જીહ્‌વાએ કરી રસના પુદ્‌ગલને ગ્રહે.

સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ તે–શરીરે કરી સ્પર્શના પુદ્‌ગલને ગ્રહે,

વ્યંજનાવગ્રહને સમજવાને–

૧ પડિબોહગ દિટ્ઠંતેણં, ૨ મલ્લગ દિટ્ઠંતેણં. આ બે દષ્ટાંત; આપે છે.

પડિબોહગ દિટ્ઠંતેણં–પ્રતિબોધક (જગાડવાનું) દષ્ટાંત; જેમ કોઇ પુરુષ સૂતો છે, **તેને** બીજા કોઈ પુરુષે બોલાવ્યો; 'હે દેવદત્ત' ત્યારે તેણે સાંભળીને જાગીને 'હું' ઉત્તર આપ્યો. ત્યારે શિષ્ય સમજવાને શંકાથી પૂછે છે, હે સ્વામિન્‌! તે પુરુષે હુંકારો આપ્યો તે શું તેણે **એક**

સમયનાં, કે બે સમયનાં કે ત્રણ સમયનાં, કે ચાર સમયનાં, કે યાવત્ સંખ્યાત સમયનાં, કે અસંખ્યાત સમયના પ્રવેશ્યાં શબ્દપુદ્ગલને ગ્રહ્યાં ?

ગુરુ કહે છે–એક સમયનાં નહિ, બે–ત્રણ–ચાર યાવત્ સંખ્યાત સમયમાં નહિ, પણ અસંખ્યાત સમયનાં પ્રવેશ્યાં શબ્દપુદ્ગલને ગ્રહ્યાં.

એમ ગુરુના કહેવાથી પણ શિષ્યને સમજણ પડી નહિ ત્યારે **બીજું મલ્લક (સરાવલા) નું દૃષ્ટાંત કહે છેઃ—**

જેમ, કુંભારના નીંભાડામાંથી તરતનું લાવેલું કોરુ સરાવલું હોય ને તેમાં એક જળબિંદુ મૂકે, પણ જે જળબિંદુ જણાય નહિ; એમ બે, ત્રણ, ચાર, ઘણાં જળબિંદુ મૂકે પણ તે સરાવલું બરાબર ભીંજાય નહિ, પણ ઘણાં જળબિંદુથી ભીંજાયા પછી જળબિંદુ એક ઠરે ને એમ કરતાં વધતાં વધતાં પા સરાવલું થાય, પછી અર્ધ ને ઘણી વખતે પૂર્ણ ભરાય પછી તે સરાવલું ઊભરાય, તેમ કાનનાં એક સમયનાં પ્રવેશ્યાં (પેઠાં) પુદ્ગલને ગ્રહી શકે નહિ. જેમ એક જળબિંદુ સરાવલામાં જણાય નહિ, એમ બે, ત્રણ, ચાર, સંખ્યાન સમયનાં પણ પુદ્ગલને ગ્રહી શકે નહિ. પણ વ્યંજન અવગ્રહમાં અસંખ્યાત સમય જોઇએ ને તે અસંખ્યાત સમયનાં પ્રવેશ્યાં પુદ્ગલ જ્યારે કાનમાં ભરાય અને ઊભરાઇ જાય ત્યારે 'હું' એમ કહી શકે, પણ સમજે નહિ એ કોનો શબ્દ, એ વ્યંજનાગ્રહ.

અર્થાવગ્રહના છ ભેદ

શ્રોત્રેંદ્રિય અર્થાવગ્રહ, ૨ ચક્ષુઇંદ્રિય અર્થાવગ્રહ, ૩ ઘ્રાણેંદ્રિય અર્થાવગ્રહ, ૪ રસેંદ્રિય અર્થાવગ્રહ, ૫ સ્પર્શેંદ્રિય અર્થાવગ્રહ, ૬ નોઇંદ્રિય (મન) અર્થાવગ્રહ.

એ અવગ્રહનાં નામ માત્ર છે. તેના અર્થ સમજાવે છે.

શ્રોતેંદ્રિય અર્થાવગ્રહ–તે કર્ણે કરી શબ્દના અર્થને ગ્રહે.

ચક્ષુઇંદ્રિય અર્થાવગ્રહ–તે ચક્ષુએ કરી રૂપના અર્થને ગ્રહે.

ઘ્રાણેંદ્રિય અર્થાવગ્રહ–તે નાસિકાએ કરી ગંધના અર્થને ગ્રહે.

રસેંદ્રિય અર્થાવગ્રહ–તે જીવ્હાએ કરી રસના અર્થને ગ્રહે.

સ્પર્શેંદ્રિય અર્થાવગ્રહ–તે શરીરે કરી સ્પર્શના અર્થને ગ્રહે.

નોઇંદ્રિય અર્થાવગ્રહ–તે મનોદ્વાર દરેક પદાર્થના અર્થને ગ્રહે.

વ્યંજનાવગ્રહના ચાર ભેદ અને અર્થાવગ્રહના છ ભેદ મળી અવગ્રહના એ દશ ભેદ છે. અવગ્રહે કરી સામાન્ય પ્રકારે અર્થને ગ્રહે, પણ જાણે નહીં, જે એ કોના શબ્દ વા ગંધ પ્રમુખ છે ? પછી ત્યાંથી ઇહા મતિજ્ઞાનમાં પ્રવેશ કરે. ઇહા તે વિચારે, જે અમુકનો શબ્દ વા ગંધ પ્રમુખ છે, પણ નિશ્ચય થાય નહીં. પછી અવાય મતિજ્ઞાનમાં પ્રવેશ કરે. અવાય તે નિશ્ચય કરવો, જે એ અમુકનો જ શબ્દ વા ગંધ પ્રમુખ છે પછી ધારણા મતિજ્ઞાનમાં પ્રવેશ કરે. ધારણા તે ધારી રાખે, જે અમુક શબ્દ વા ગંધ પ્રમુખ આ પ્રકારે હતો.

એમ **ઇહાના** છભેદ. શ્રોતેંદ્રિય ઇહા, યાવત્ નોઇંદ્રિય ઇહા. એમ અવાયના છ ભેદ. શ્રોતેંદ્રિય અવાય, યાવત્ નોઇંદ્રિય અવાય. એમ **ધારણાના** છ ભેદ શ્રોતેંદ્રિય ધારણા, યાવત્ નોઇંદ્રિય ધારણા.

તેમનો **કાલ** કહે છે. **અર્થાવગ્રહનો** કાલ; એક સમય અસંખ્યાત સમયથી પ્રવેશ્યાં પુદ્ગલને છેલ્લા સમયે જાણે, જે મને કોઇક બોલાવે છે.

ઇહાનો કાલ, અંતર્મુહૂર્ત, તે વિચાર ચાલ્યા કરે કે જે મને બોલાવે છે તે આ હશે કે એ ?

અવાયનો કાલ, અંતર્મુહૂર્ત–નિશ્ચય કરવાનો, જે મને અમુકે જ બોલાવ્યો છે. શબ્દ નિશ્ચય કરે.

ધારણાનો કાલ, સંખ્યાતા વર્ષ અથવા અસંખ્યાતા વર્ષ સુધી ધારી રાખે, જે અમુક વેળાએ અમુકનો શબ્દ સાંભળ્યો હતો તે આ પ્રકારે હતો. એ અવગ્રહના દશ ભેદ, ઇહાના છભેદ, અવાયના ૭ ભેદ, ધારણાના ૭ ભેદ, સર્વ મળી શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૨૮ ભેદ.

મતિજ્ઞાન સમુચ્ચય ચાર પ્રકારેઃ– ૧ દ્રવ્યથી. ૨ ક્ષેત્રથી. ૩ કાલથી ૪ ભાવથી **૧ દ્રવ્યથી** મતિજ્ઞાની સામાન્યથી આદેશે* કરી સર્વ દ્રવ્ય જાણે પણ દેખે નહિ. **૨ ક્ષેત્રથી** મતિજ્ઞાની સામાન્યથી આદેશે કરી સર્વક્ષેત્રની વાત જાણે પણ દેખે નહિ. **કાલથી** મતિજ્ઞાની સામાન્યથી આદેશે કરી સર્વ કાલની વાત જાણે પણ ન દેખે, **૪ ભાવથી** સામાન્યથી આદેશે કરી સર્વ ભાવની વાત જાણે પણ દેખે નહિ, નહીં દેખવાનું કારણ મતિજ્ઞાનને દર્શન નથી.

ભગવતી સૂત્રમાં **પાસઇ** પાઠ છે, તે પણ શ્રદ્ધા વિષે છે; પણ જોવું તેમ નથી, **ઇતિ મતિજ્ઞાન સંપૂર્ણ**.

સુત્ર (શ્રુત) જ્ઞાનનું વર્ણન

શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ. ૧ અક્ષર શ્રુત. ૨ અનક્ષર શ્રુત. ૩ સંજ્ઞીશ્રુત. ૪ અસંજ્ઞીશ્રુત. ૫ સમ્યક્ શ્રુત. ૬ મિથ્યા શ્રુત. ૭ સાદિ શ્રુત. ૮ અનાદિ શ્રુત. ૯ સપર્યવસિત શ્રુત. ૧૦ અપર્યવસિત શ્રુત. ૧૧ ગમિક શ્રુત. ૧૨ આગમિક શ્રુત. ૧૩ અંગપ્રવિષ્ટ શ્રુત. ૧૪ અનંગપ્રવિષ્ટ શ્રુત (અંગબાહિર)

૧ . અક્ષરશ્રુત તેના ત્રણ ભેદ. ૧ સંજ્ઞા અક્ષર. ૨ **વ્યંજનઅક્ષર**. ૩ લબ્ધિ અક્ષર.

સંજ્ઞા અક્ષર શ્રુત તે અક્ષરના આકારનું જ્ઞાન; જેમકે ક, ખ, ગ; પ્રમુખ સર્વ અક્ષરની સંજ્ઞાનું જ્ઞાન. ક અક્ષરનો ઘાટ **દેખી** કહે જે એ ખ નહિ, ગ, નહિ. એમ સર્વ અક્ષરની ના **કહીને કહે કે** એ તો ક જ છે, એમ સંસ્કૃત, પ્રાકૃત, ગોડી, **ફારસી, દ્રાવિડી હિંદી** એ આદિ અનેક પ્રકારની લિપિમાં અનેક પ્રકારના અક્ષરના ઘાટ છે તેવું જે જ્ઞાન તે સંજ્ઞા અક્ષર શ્રુત જ્ઞાન.

૨ વ્યંજન અક્ષર શ્રુત. તે હ્રસ્વ, દીર્ઘ, કાનો, માત્રા, અનુસ્વાર પ્રમુખની સંયોજનાએ કરી બોલવું તે વ્યંજનાક્ષર શ્રુત.

૩ લબ્ધિ અક્ષર શ્રુત તે ઇંદ્રિયાર્થના જાણપણાની લબ્ધિથી અક્ષરનું જ્ઞાન થાય તે તેના ૭ ભેદ.

૧ શ્રોતેંદ્રિય લબ્ધિ અક્ષરશ્રુત તે કાને ભેરી પ્રમુખનો શબ્દ સાંભળી કહે જે એ ભેરી પ્રમુખનો શબ્દ છે, તો ભેરી પ્રમુખ અક્ષરનું જ્ઞાન શ્રોત્રેંદ્રિય લબ્ધિથી થયું તે માટે શ્રોત્રેંદ્રિય લબ્ધિ અક્ષરશ્રુત કહીએ.

---

*આદેશથી–આગમથી,–સિદ્ધાંતથી.

૨. **ચક્ષુ ઇંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત** તે આંખે આંબા પ્રમુખનું રૂપ દેખીને કહે જે એ આંબા પ્રમુખનું રૂપ છે, તો આંબા પ્રમુખ અક્ષરનું જ્ઞાન ચક્ષુઇંદ્રિય લબ્ધિથી થયું, તે માટે ચક્ષુઇંદ્રિય લબ્ધિ અક્ષરશ્રુત કહીએ.

૩ **ઘ્રાણેંદ્રિય લબ્ધિ અક્ષર** શ્રુત તે નાસિકાએ કેતકી પ્રમુખની ગંધ લઇને જાણે જે એ કેતકી પ્રમુખની ગંધ છે, તે ઘ્રાણેંદ્રિય લબ્ધિથી કેતકી પ્રમુખ અક્ષરનું જ્ઞાન થયું, માટે ઘ્રાણેંદ્રિય લબ્ધિ અક્ષરશ્રુત કહીએ.

૪. **રસેંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત** તે જીહવાયે કરી સાકર પ્રમુખનો સ્વાદ જાણીને એ સાકર પ્રમુખનો સ્વાદ છે. એ અક્ષનું જ્ઞાન રસેંદ્રિયથી થયું, તે માટે રસેંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત કહીએ.

૫ **સ્પર્શેંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત** તે શીત, ઉષ્ણ, આદિ **સ્પર્શ** થવાથી જાણે જે એ શીત વા ઉષ્ણ છે, માટે તે અક્ષરનું જ્ઞાન સ્પર્શેંદ્રિયથી થયું, તે માટે સ્પર્શેંદ્રિય લબ્ધિ શ્રુત કહીએ.

૭ **નોઇંદ્રિય લબ્ધિ શ્રુત** તે મને કરી ચિંતવતાં, વિચારતાં સ્મરણ થયું જે મેં અમુક ચિંતવ્યું વા વિચાર્યું તો તે સ્મરણના અક્ષરનું જ્ઞાન મનથી–નોઇંદ્રિયથી થયું, માટે નોઇંદ્રિય લબ્ધિ અક્ષરશ્રુત કહીએ; **એ લબ્ધિ અક્ષરશ્રુતના છ ભેદ સંપૂર્ણ. ઇતિ અક્ષરશ્રુતના ભેદ.**

૨ **અનક્ષર** શ્રુત–તે અનેક પ્રકારે છે. તે અક્ષરના ઉચ્ચાર કર્યો વિના શબ્દ, છીંક ઉધરસ, ઉછ્વાસ, નિ:શ્વાસ, બગાસાં, નાક નિષીકવું તથા નગારાં પ્રમુખનો શબ્દ, અનક્ષરી વાણી માટે, એને અનક્ષર શ્રુત કહીએ,

૩. **સંજ્ઞી** શ્રુત–તેના ત્રણ ભેદ, ૧ સંજ્ઞી કાલિકોપદેશ. ૨ સંજ્ઞી હેતૂપદેશ. ૩ સંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ.

૧ સંજ્ઞી કાલિકોપ્રદેશ–તે શ્રુત સાંભળીને વિચારે તે. ૧ વિચારવું. ૨ નિશ્ચય કરવું; ૩ સમુચ્ચય અર્થનું ગવેષવું; ૪ વિશેષ અર્થનું ગવેષવું; ૫ ચિંતવવું, ૬ નિશ્ચય કરી વળી વિચારવું. એ ૭ બોલ સંજ્ઞી જીવને હોય તે સંજ્ઞી કાલિકોપ્રદેશ શ્રુત.

૨ **સંજ્ઞી હેતુપ્રદેશ**-તે સંજ્ઞી ધારી રાખે.

૩ **સંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ**–તે ક્ષયોપશમ ભાવે સાંભળે એટલે કે સંજ્ઞી શ્રુત તે **શાસ્ત્રને** હેતુ સહિત; દ્રવ્ય અર્થ સહિત; કારણ યુક્તિ સહિત, ઉપયોગ સહિત; પૂર્વાપર વિચાર સહિત; ભણે; ભણાવે; સાંભળે તે માટે સંજ્ઞી શ્રુત કહીએ.

૪ **અસંજ્ઞી** શ્રુત**ના** ત્રણ ભેદ. ૧ અસંજ્ઞી કાલિકોપદેશ ૨ અસંજ્ઞી હેતૂપદેશ. ૩ અસંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ.

૧ **અસંજ્ઞી કાલિકોપદેશ** શ્રુત–તે સાંભળી પણ વિચારે નહિ. સંજ્ઞીને ૭ બોલ છે; તે અસંજ્ઞીને નથી.

૨ **અસંજ્ઞી હેતુપદેશ** શ્રુત–તે સાંભળી ધારી રાખે નહિ.

૩ **અસંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ** શ્રુત તે ક્ષયોપશમ ભાવે ન સાંભળે તે ત્રણ બોલ અસંજ્ઞી આશ્રી કહ્યા એટલે કે **અસંજ્ઞી** શ્રુત, તે ભાવાર્થ રહિત; વિચાર તથા ઉપયોગ શૂન્ય; પૂર્વાપર આલોચ રહિત; નિર્ણય રહિત ઓઘ સંજ્ઞાએ ભણે તથા ભણાવે, વા સાંભળે તે માટે અસંજ્ઞી શ્રુત કહીએ.

સમ્યક્ શ્રુત તે અરહિંત, તીર્થંકર, કેવળજ્ઞાની, કેવળદર્શની, દ્વાદશ ગુણે કરી સહિત, અઢાર દોષ રહિત, ચોત્રીસ અતિશય પ્રમુખ અનંત ગુણના ધારક, તેમનાં પ્રરૂપેલાં બાર અંગ, અર્થરૂપ આગમ, તથા ગણધર પુરુષોએ–શ્રુતરૂપ (મૂલ્યરૂપ) બાર આગમ ગૂંથ્યા તે, તથા ચૌદ પૂર્વીએ, તેર પૂર્વીએ, બાર પૂર્વીએ, અગિયાર પૂર્વીએ, તથા દશ પૂર્વીએ જે શ્રુત તથા અર્થરૂપ વાણી પ્રકાશી તે સમ્યક્ શ્રુત. દશ પૂર્વમાં ન્યૂન જેને જ્ઞાન હોય, તેમનાં પ્રકાશેલાં સમશ્રુત હોય વા મિથ્યાશ્રુત હોય.

૬. **મિથ્યાશ્રુત**–તે જે પૂર્વોક્ત ગુણરહિત, રાગદ્વેષસહિત પુરુષોએ પોતાની મતિ કલ્પનાએ કરી, મિથ્યાત્વ દૃષ્ટિએ કરી જે શાસ્ત્ર રચ્યાં જેવાં ભારત, રામાયણ, વૈદિક, જ્યોતિષ તથા ૨૯ જાતનાં પાપશાસ્ત્ર પ્રમુખ ગ્રંથ તે મિથ્યાશ્રુત. તે મિથ્યાશ્રુત, તે મિથ્યાત્વ દૃષ્ટિને મિથ્યાશ્રુતપણે પરિણમે (સાચા કરી ભણે માટે) પણ જો સમ્યક્ તેની સાથે મેળવતાં જુઠાં જાણી ત્યજે તો સમ્યક્ શ્રુતપણે પરિણમે. તે જ મિથ્યાશ્રુત સમ્યક્ત્વવાન્ પુરુષને સમ્યક્ બુદ્ધિએ કરી વાંચતાં સમ્યક્ત્વના રસે કરી પરિણમે, તે બુદ્ધિનો પ્રભાવ જાણવો વળી આચારાંગાદિક સમ્યક્ શાસ્ત્ર તે પણ સમ્યક્વાન પુરુષને સમ્યક્ થઇ પરિણમે ને મિથ્યાત્વ દૃષ્ટિવાન્ પુરુષને તે જ શાસ્ત્ર મિથ્યાત્વપણે પરિણમે એ રહસ્ય છે.

૭ **સાદિ શ્રુત**, ૮ **અનાદિ શ્રુત, સપર્યવસિત શ્રુત, ૧૦ અપર્યવસિત શ્રુત**, એ ચાર પ્રકારના શ્રુતનો ભાવાર્થ સાથે છે. બાર અંગ વ્યવચ્છેદ થયાં આશ્રી આદિ અંતસહિત અને વ્યવચ્છેદ ન થયાં આશ્રી આદિ અંત રહિત તે સમુચ્ચય ચાર પ્રકારે છે તે **દ્રવ્યથી** એક પુરુષે ભણવા માંડયું તેને **સાદિ અપર્યવસિત કહીએ**, ને ઘણા પુરુષ પરંપરા આશ્રી **અનાદિઅપર્યવસિત કહીએ. ક્ષેત્રથી** ૫ ભરત, ૫ ઈરવત, દશ ક્ષેત્ર આશ્રી **સાદિ સપર્યવસિત.** ૫ મહાવિદેહ આશ્રી **અનાદિ અપર્યવસિત, કાલથી** ઉત્સર્પિણી આશ્રી **સાદિ સપર્યવસિત** નોઉત્સાર્પિણિ નોઅવસર્પિણિ આશ્રી **અનાદિ અપર્યવસિત. ભાવથી** તીર્થંકરોએ ભાવ પ્રકાશ્યા તે આશ્રી **સાદિ સપર્યવસિત** ક્ષયોપશમભાવ આશ્રી **અનાદિ અપર્યવસિત** અથવા **ભવ્યનું** શ્રુત તે આદિ અંતસહિત અભવ્યનું શ્રુત તે આદિ અંતરહિત. તે ઉપર દૃષ્ટાંત છે, સર્વ આકાશના **અનંત પ્રદેશ** છે. તે એકેક આકાશ પ્રદેશમાં અનંત પર્યાય છે. તે સર્વપર્યાયથી અનંત ગુણ અધિક એક અગુરુલઘુ પર્યાય અક્ષર થાય. અક્ષર તે ક્ષરે નહીં, અપ્રતિહત, પ્રધાન, જ્ઞાન, દર્શન જાણવું તે. અક્ષર કેવલ સંપૂર્ણ જ્ઞાન જાણવું તેમાંથી સર્વ જીવને સર્વ પ્રદેશે અક્ષરના અનંતમાં ભાગે જાણપણું સદાકાળ ઉઘાડું રહે છે. શિષ્ય પૂછે છે હે સ્વામિન્ ! જો તેટલું જાણપણું ઢંકાય તો શું થાય ? ત્યારે ગુરુ કહે છે–કે, જો તેટલું જાણપણું ઢંકાય તો જીવપણું મટીને અજીવ થાય, અને ચૈતન્ય મટીને જડપણું થાય, માટે હે શિષ્ય ! જીવના સર્વ પ્રદેશે અક્ષરના અનંતમા ભાગે જ્ઞાન સદા ઉઘાડું છે. જેમ વર્ષાકાળે કરી ચંદ્ર તથા સૂર્ય ઢાંકયા થયા. પણ સર્વથા ચંદ્ર તથા સૂર્યની પ્રભા ઢાંકી જાતી નથી. તેમ અનંત જ્ઞાનાવરણીય કર્મના આવરણનો ઉદય થયા છતાં પણ ચૈતન્યપણું સર્વથા અવરાતું (ઢંકાતું) નથી **નિગોદના** જીવને પણ અક્ષરના અનંતમા ભાગે સદા જ્ઞાન ઉઘાડું રહે છે.

૧૧ **ગમિક શ્રુત** તે બારમું અંગ દૃષ્ટિવાદ ઘણીવાર સરખા પાઠ આવે તે માટે.

૧૨ **આગમિક શ્રુત** તે કામિક શ્રુત ૧૧ અંગ આચારાંગ પ્રમુખ

૧૩+ **અંગપ્રવિષ્ટ**–બાર અંગ (આચારાંગાદિથી દષ્ટિવાદ સુધી) સૂત્રમાં તેનો વિસ્તાર ઘણો છે, ત્યાંથી જોવું.

૧૪ **અનંગપ્રવિષ્ટ**–સમુચ્ચય બે પ્રકારે, ૧ **આવશ્યક** ૨ **આવશ્યક વ્યતિરિક્ત** ૧ **આવશ્યકનાં** ૭ અધ્યયન, સામાયિક પ્રમુખ. ૨ **આવશ્યક વ્યતિરિક્તના** બે ભેદ–૧ **કાલિક** શ્રુત, ૨ **ઉત્કાલિક** શ્રુત.

૧ કાલિક શ્રુત* –તેના અનેક પ્રકાર છે. તે ઉત્તરાધ્યયન, દશાશ્રતસ્કંધ, બૃહતકલ્પ, વ્યવહાર પ્રમુખ એકત્રીશ સૂત્ર કાલિકનાં નામ નંદીસૂત્ર મધ્યે આપ્યાં **પઇન્ના** સિદ્ધાંત જાણવા જેમ ઋષભદેવના ૮૪૦૦૦ **પઇન્ના** તથા મધ્ય ૨૨ તીર્થંકરના સંખ્યાતા હજાર **પઇન્ના** તથા મહાવીર સ્વામીના ૧૪ હજાર **પઇન્ના** તથા સર્વ ગણધરના કર્યા તથા પ્રત્યેક બુદ્ધના કર્યા **પઇન્ના** તે સર્વ કાલિક જાણવાં, એ **કાલિક શ્રુત**.

૨ **ઉત્કાલિક શ્રુત**= તે અનેક પ્રકારના છે, તે દશવૈકાલિક પ્રમુખ ૨૯ પ્રકારનાં શાસ્ત્રનાં નામ નંદિસૂત્રમાં આપ્યાં છે. તે આદિ દઇને અનેક પ્રકારનાં શાસ્ત્ર છે. પણ વર્તમાનમાં વ્યવચ્છેદ છે.

દ્વાદશાંગ સિદ્ધાંત–આચાર્યની પેટી સમાન; અતીત કાલે અનંત જીવો આજ્ઞાએ આરાધીને સંસાર દુઃખથી મુક્ત થયા, વર્તમાનમાં સંખ્યાતા જીવો દુઃખથી મુક્ત થાય છે: અનાગત કાલે આજ્ઞાએ આરાધી અનંત જીવો દુઃખથી મુક્ત થશે એમ સૂત્ર વિરોધીને ત્રણે કાળ આશ્રી સંસારમાં રખડવા વિષે જાણવું **શ્રુતજ્ઞાન** (દ્વાદશાંગરૂપ સદાકાળ લોક આશ્રી છે.

શ્રુ**તજ્ઞાન**–સમુચ્ચય ચાર પ્રકારે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી.

દ્રવ્યથી–શ્રુતજ્ઞાની ઉપયોગે કરી સર્વ દ્રવ્ય જાણે દેખે; તે શ્રદ્ધાએ કરી તથા સ્વરૂપ આલેખવે કરી.

ક્ષેત્રથી-શ્રુતજ્ઞાની ઉપયોગે કરી. સર્વ ક્ષેત્રની વાત જાણે દેખે, પૂર્વવત્.

કાલથી- શ્રુતજ્ઞાની ઉપયોગે કરી કાલની વાત જાણે, દેખે.

ભાવથી,–શ્રુતજ્ઞાની ઉપયોગે કરી સર્વ ભાવ જાણે, દેખે, **ઇતિ શ્રુતજ્ઞાનનું વર્ણન.**

અવધિ જ્ઞાનનું વર્ણન

૧ અવધિજ્ઞાનના મુખ્ય બે ભેદ : **ભવપ્રત્યયિક, ક્ષાયોપશમિક.**

૧ ભવપ્રત્યયિકના બે ભેદ તે, ૧ નારકીને, ૨ દેવ (ચાર પ્રકારના) ને હોય; તે ભવ સંબંધી જ્યારથી ઉત્પન્ન થાય, તે ભવના અંત સુધી હોય.

૨ ક્ષાયોપશમિકના બે ભેદ તે. ૧ સંજ્ઞી મનુષ્યને, ૨ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને; ક્ષયોપશમ ભાવથી ઉત્પન્ન થાય તે, અથવા ક્ષમાદિક ગુણે સહિત અણગારને ઉત્પન્ન થાય.

% અથવા સમુચ્ચય બે પ્રકારે શ્રુત કહ્યાં છે. તે અંગપવિટ્ઠંચ અંગ પ્રવિષ્ઠ તથા અંગબાહિર (અનંગ પ્રવિષ્ટ) ગામિક તથા આગમિકના ભેદમાં સમાવેશ સુત્રકારે કર્યો છે. મૂળમાં જૂદા પણ નામ આપ્યાં છે.

* પહેલે પહોર તથા ચોથે પહોર સ્વાધ્યાય થાય તેને "કાલિક શ્રુત કહીએ.

= અસ્વાધ્યાયનો વખત વર્જી ચારે પહોર સ્વાધ્યાય થાય માટે "ઉત્કાલિક" કહીએ.

અવધિજ્ઞાનના–છ પ્રકાર સંક્ષેપથી કહ્યા છે તેનાં નામ. ૧ અનુગામિક. ૨ અનાનુગામિક ૩ વર્ધમાન, ૪ હાયમાન. ૫ પ્રતિપાતિ, ૬ અપ્રતિપાતિ.

અનુગામિક જ્યાં જાય ત્યાં તે સાથે આવે. તે બે પ્રકારનું છે. ૧ અંતઃગત. ૨ મધ્યગત.

૧ અંતગત અવધિજ્ઞાનના ત્રણ પ્રકાર.

૧ પુરતઃ અંતઃગત–પુરઓ અંતગત) તે શરીરના આગલા ભાગના ક્ષેત્રમાં જાણે દેખે.

૨ માર્ગતઃ અંતઃગત–(મગ્ગાઓ અંતગત) તે શરીરના પૃષ્ઠ ભાગના ક્ષેત્રમાં જાણે દેખે.

૩ પાર્શ્વતઃ અંતઃગત-(પાસાઓ અંતગત) તે શરીરના બે પાર્શ્વભાગના ક્ષેત્રમાં જાણે દેખે.

અતઃગત અવધિ ઉપર દ્દષ્ટાંત છે, જેમ કોઇ પુરુષ હરકોઇ દીપ પ્રમુખ અગ્નિનું ભાજન તથા મણિપ્રમુખ હાથમાં લઇને આગળ કરી ચાલતો જાય તો આગળ દેખે જો પૂંઠે રાખે તો પૂંઠે દેખે, તેમ બે પડખે રાખી ચાલે તો બે પડખે દેખે, જે પાસે રાખે તે તરફ દેખે, બીજી બાજુ ન દેખે રહસ્ય છે. વળી જે બાજુ તરફ જાણે, દેખે તે બાજુ તરફ સંખ્યાતા, અસંખ્યા યોજન લગી જાણે દેખે.

૨ મધ્યગત–તે સર્વ દિશી તથા વિદિશી તરફ (ચૌતરફ) સંખ્યાતા યોજન લગી જાણે દેખે, પૂર્વોક્ત દીપ પ્રમુખ ભાજન માથે મૂકીને ચાલે તો તે ચૌતરફ દેખે તેમ.

૨ અનાનુગામિક અવધિજ્ઞાન–તે જે સ્થાનમાં અવધિજ્ઞાન ઊપજ્યું હોય તે સ્થાને રહીને જાણે, દેખે, અન્યત્ર તે પુરુષ જાય તો ન જાણે દેખે. તે ચારે દિશાએ સંખ્યાતા અસંખ્યાતા યોજન સંલગ્ન તથા અસંલગ્નપણે જાણે દેખે. જેમ કોઇ પુરુષે દીવી પ્રમુખ અગ્નિનું ભાજન તથા મણિ પ્રમુખ કોઈ પણ સ્થાન પ્રતિ મૂક્યું હોય તે, તે સ્થાન પ્રતિ ચૌતરફ દેખે પણ અન્યત્ર ન દેખે તેમ **અનાનુગામિ અવધિજ્ઞાન** જાણવું.

૩ વર્દ્ધમાન અવધિજ્ઞાન–તે પ્રશસ્ત લેશ્યાના અધ્યવસાયે કરી, તથા વિશુદ્ધ ચારિત્રનાં પરિણામે કરી, સર્વ પ્રકારે અવધિ જ્ઞાનની વૃદ્ધિ થાય તેને વર્ધમાન અવધિજ્ઞાન કહીએ. જે જઘન્યથી, સૂક્ષ્મ નિગોદીઆ જીવે ત્રણ સમય ઉત્પન્ન થયામાં શરીરની જે અવગાહના બાંધી હોય એટલું ક્ષેત્ર જાણે, ઉત્કૃષ્ટથી સર્વ અગ્નિના જીવ, સૂક્ષ્મ. બાદર પર્યાપ્ત એ ચાર જાતિના તે પણ જે **સમયે ઉત્કૃષ્ટ** હોય તે અગ્નિના જીવ, એકેક આકાશ પ્રદેશે અંતર રહિત મૂકતાં જેટલાં અલોકમાં લોક જેવડાં અસંખ્યાતા ખંડ (ભાગ વિકલ્પ) ભરાય તેટલું ક્ષેત્ર સર્વ દિશી વિદિશીએ દેખે, અવધિજ્ઞાન રૂપી પદાર્થ દેખે એ રહસ્ય છે, મધ્યમ અનેક ભેદે છે તે કહે છે. વૃદ્ધિ ચાર પ્રકારે થાય. ૧ દ્રવ્યથી ૨ ક્ષેત્રથી ૩ કાલથી ૪ ભાવથી, તે આ પ્રમાણે.

૧ કાલથી જાણપણું વધે ત્યારે શેષ ત્રણ બોલનું જાણપણું વધે.

૨ ક્ષેત્રથી જાણપણું વધે ત્યારે, કાલની ભજના તથા દ્રવ્ય, ભાવના જાણપણાની વૃદ્ધિ થાય.

૩ દ્રવ્યથી જાણપણું વધે ત્યારે, કાલની તથા ક્ષેત્રની ભજના ભાવના જાણપણાની વૃદ્ધિ.

૪ ભાવથી જાણપણું વધે, શેષ ત્રણ બોલની ભજના.

તે વિસ્તારથી સમજાવે છે :– સર્વ વસ્તુમાં કાલનું જાણપણું સૂક્ષ્મ છે. જે કોઇ ચોથા આરાનો જન્મ્યો, નીરોગી બલિષ્ટ શરીર, ને વજ્રઋષભનારાચ સંહનનવાળો ઓગણપચાસ પાનની બીડી લઇને તે ઉપર સારા લોહની સુઇ હોય તેણે કરીને વિંધે; એ વિંધતા એક પાનથી બીજા

પાનમાં સુઇ પહોંચતાં અસંખ્યાતા સમય થઇ જાય છે, એવો કાલ સૂક્ષ્મ છે. ૧. તેથી ક્ષેત્ર અસંખ્યાત ગુણો સૂક્ષ્મ છે. જેમ એક આંગુલ પ્રમાણે ક્ષેત્રમાં અસંખ્યાતી શ્રેણી છે. અકેકી શ્રેણીમાં અસંખ્યાતા આકાશ પ્રદેશ છે. સમય સમય પ્રતિ અકેક આકાશ પ્રદેશ જો અપહરાય તો તેટલામ અસંખ્યાતા કાલચક્ર વહી જાય, તો એક શ્રેણી પૂરી થાય નહીં એવું ક્ષેત્ર સૂક્ષ્મ છે, ૨. તેથી દ્રવ્ય અનંતગણું સૂક્ષ્મ છે. એક આંગુલ પ્રમાણે ક્ષેત્રમાં અસંખ્યાત શ્રેણી લઇએ. આંગુલ પ્રમાણે લાંબી ને એક પ્રદેશ પ્રમાણે પહોળી તેમાં અસંખ્યાત આકાશ પ્રદેશ છે, અકેક આકાશ પ્રદેશ ઉપર અનંત પરમાણુંઓ તથા દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી અનંત પ્રદેશી, યાવત્ સ્કંધ પ્રમુખ દ્રવ્યો છે દ્રવ્યમાંથી સમય સમય પ્રતિ અકેક દ્રવ્ય અપહરતાં અનંત કાલચક્ર થાય, તો પણ ખૂટે નહીં, એવું દ્રવ્ય, ક્ષેત્રથી સૂક્ષ્મ છે. ૩, દ્રવ્યથી ભાવ અનંતગણું સૂક્ષ્મ છે. પૂર્વોકત શ્રેણીમાં જે દ્રવ્યો કહ્યાં છે તે દ્રવ્યોમાં અકેક દ્રવ્યમાં અનંત પર્યવ (ભાવ) છે. તે જેમ એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ એક રસ, બે સ્પર્શ છે. તેમાં એક વર્ણમાં અનંત પર્યવ છે. તે એકગુણ કાળો, દ્વિગુણ કાળો, ત્રિગુણ કાળો યાવત્ અનંતગુણ કાળો છે. એમ પાંચે બોલમાં અનંત પર્યવ છે, એમ પાંચે વર્ણમાં બે ગંધમાં, પાંચ રસમાં ને આઠ સ્પર્શમાં અનંત પર્યવ છે. 'દ્વિપ્રદેશી સ્કંધમાં ૨ વર્ણ, ૨ ગંધ, ૨ રસ, ૪ સ્પર્શ છે. એ દશ ભેદમાં પણ પૂર્વોકત રીતિએ અનંત પર્યવ છે. એમ સર્વ દ્રવ્યમાં પર્યવની ભાવના કરવી એમ સર્વ દ્રવ્યના પર્યવ એકઠા કરીએ પછી સમય સમય પ્રતિ અકેક પર્યવને અપહરતાં અનંત કાળચક્ર (ઉત્સર્પિણી, અવસર્પિણી) થાય ત્યારે પરમાણું દ્રવ્યના પર્યવ પૂરા થાય, એમ દ્વિપ્રદેશી સ્કંધોના પર્યવ, ત્રિપ્રદેશી સ્કંધોના પર્યવ, યાવત્ અનંત પ્રદેશી સ્કંધોના પર્યવ અપહરતાં અનંત અનંત કાલચક્ર જાય, તોપણ પૂર્ણ થાય નહીં (ખૂટે નહીં) એવો દ્રવ્યથી ભાવ સૂક્ષ્મ છે. ૪, ૧ કાલને ચણાની ઉપમા, ૨ ક્ષેત્રને જારની ઉપમા ૩ દ્રવ્યને તલની ઉપમા, ૪ ભાવને ખસખસની ઉપમા સમજવાને આપી છે.

પૂર્વે ચાર પ્રકારની વૃદ્ધિની રીત કહી તેમાં ક્ષેત્રથી અને કાલથી કેવી રીતે વર્ધમાન જ્ઞાન થાય તે કહે છે,

૧ ક્ષેત્રથી આંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે, દેખે, તે કાલથી અવલિકાના અસંખ્યાતમાં ભાગની વાત અતીત, અનાગત જાણે, દેખે.

૨ ક્ષેત્રથી આંગુલનો સંખ્યાતમો ભાગ જાણે, દેખે, તે કાલથી અવલિકાના અસંખ્યાતમાં ભાગની વાત અતીત અનાગત જાણે, દેખો.

૩ ક્ષેત્રથી, આંગુલ માત્ર ક્ષેત્ર જાણે, દેખે તે કાલથી આવલિકામાં કાંઇક ન્યુન જાણે, દેખે.

૪ ક્ષેત્રથી પૃથક્ (બેથી નવ સુધી) આંગુલની વાત જાણે, દેખે તે કાલથી આવલિકા સંપૂર્ણ કાલની વાત અતીત અનાગત જાણે દેખે.

૫ ક્ષેત્રથી એક હાથ પ્રમાણે ક્ષેત્ર જાણે, દેખે. તે કાલથી અંતર્મુહૂર્ત (મુહૂર્તમાં ન્યૂન) કાલની વાત અતીત અનાગમ જાણે, દેખે.

૬ ક્ષેત્રથી ધનુષ્ય પ્રમાણ ક્ષેત્ર જાણે, દેખે, તે કાલથી પ્રત્યેક મુહૂર્તની જાણે દેખે.

૭ ક્ષેત્રથી ગાઉ પ્રમાણ ક્ષેત્ર જાણે, દેખે, તે કાલથી એક દિવસમાં કાંઇક ન્યૂન વાત જાણે દેખે.

૮ ક્ષેત્રથી એક યોજન પ્રમાણ ક્ષેત્ર જાણે દેખો. તે કાલથી પ્રત્યેક દિવસની વાત જાણે, દેખો.

૯ ક્ષેત્રથી પચીશ યોજન ક્ષેત્રના ભાવ જાણે, દેખે, તે કાલથી પક્ષમાં ન્યુનની વાત જાણે, દેખે.

૧૦ ક્ષેત્રથી ભરત ક્ષેત્ર પ્રમાણે ક્ષેત્રના ભાવ જાણે, દેખે, તે કાલથી પક્ષ (અર્ધ માસ) પૂર્ણની વાત જાણે, દેખે.

૧૧ ક્ષેત્રથી જંબુદ્વીપ પ્રમાણ ક્ષેત્રની વાત જાણે, દેખે તે કાલથી માસ એક ઝાઝેરાની વાત જાણે, દેખે.

૧૨ ક્ષેત્રથી અઢી દ્વીપની વાત જાણે દેખે, તે કાલથી એક વર્ષની વાત જાણે, દેખે.

૧૩ ક્ષેત્રથી પંદરમા રૂચક દ્વીપ સુધી જાણે, દેખે, તે કાલથી પૃથક્ વર્ષની વાત જાણે દેખે.

૧૪ ક્ષેત્રથી સંખ્યાતા દ્વીપ સમુદ્રની વાત જાણે, દેખે તે કાલથી સંખ્યાતા કાલની વાત જાણે દેખે.

૧૫ ક્ષેત્રથી સંખ્યાતા તથા અસંખ્યાતા દ્વીપ સમુદ્રની વાત જાણે, દેખે. તે કાલથી અસંખ્યાતા કાલની વાત જાણે, દેખે. એ પ્રમાણે ઊર્ધ્વલોક, અધઃલોક, તિર્યક્લોક એ ત્રણે લોકમાં વધતાં વર્ધમાન પરિણામે અલોકમાં અસંખ્યાતા લોક પ્રમાણે ખંડો જાણવાની શક્તિ પ્રકટ થાય **એ વર્ધમાન અવધિજ્ઞાન.**

૪ હાયમાન અવધિજ્ઞાન. અપ્રશસ્ત લેશ્યાના પરિણામે કરી **અશુભ** ધ્યાને કરી અવિશુદ્ધ ચારિત્રના પરિણામથી (ચારિત્રના મલિનપણાથી) વર્ધમાન અવધિજ્ઞાનની હાનિ થાય, થોડે થોડે ઘટતું જાય, તેને **હાયમાન અવધિ જ્ઞાન** કહીએ

૫ પ્રતિપાતી અવધિજ્ઞાન–જે અવધિજ્ઞાન પ્રાપ્ત થયું તે એક વખતે જ નાશ પામે તે જઘન્ય, ૧ આંગુલનો અસંખ્યાતમો ભાગ, ૨ આંગુલનો સંખ્યાત ભાગ. ૩ વાલાગ્ર. ૪ પૃથક્ વાલાગ્ર. ૫ લિંખ, ૬ પૃથક્ લિંખ, ૭ યૂકા (જૂ), ૮ પૃથક્ જૂ, ૯ જવ, ૧૦ પૃથક્ જવ, ૧૧ આંગુલ ૧૨ પૃથક્ આંગુલ, ૧૩ પગ, ૧૪ પૃથક્ પગ, ૧૫ વહેંત, ૧૬ પૃથક્ વહેંત, ૧૭ હાથ, ૧૮ પૃથક્ હાથ, ૧૯ કુક્ષિ (બે હાથ), પૃથક્ કુક્ષિ, ૨૧ ધનુષ્ય, ૨૨ પૃથક્ ધનુષ્ય; ૨૩ ગાઉ, ૨૪ પૃથક્ ગાઉ, ૨૫ યોજન, ૨૬ પૃથક્ યોજન ૨૭ સો યોજન, ૨૮ પૃથક્ સો યોજન, ૨૯ સહસ્ત્ર યોજન, ૩૦ પૃથક્ સહસ્ત્ર યોજન, ૩૧ લક્ષ યોજન, ૩૨ પૃથક્ લક્ષ યોજન, ૩૩ ક્રોડ યોજન ૩૪ પૃથક્ ક્રોડ યોજન, ૩૫ ક્રોડાક્રોડ યોજન, ૩૬ પૃથક્ ક્રોડાક્રોડ યોજન એ પ્રમાણે ક્ષેત્ર, અવધિ, જ્ઞાનથી જુએ, પછી નાશ પામે. ઉત્કૃષ્ટ લોક પ્રમાણ ક્ષેત્ર જુએ, પછી નાશ પામે, દીવો જેમ પવનને યોગે કરી હોલવાઈ જાય તેમ, **એ પ્રતિપાતી અવધિજ્ઞાન.**

૬ અપ્રતિપાતી (અપડિવાઇ) અવધિજ્ઞાન– તે આવ્યું જાય નહિ. તે સંપૂર્ણ ચૌદ રાજલોક જાણે, દેખે, ને અલોકમાં એક આકાશ પ્રદેશ માત્ર ક્ષેત્રની વાત જાણે, દેખે તોપણ પડે નહિ. એમ બે પ્રદેશ તથા ત્રણ પ્રદેશ, યાવત્ લોક પ્રમાણ અસંખ્યાત ખંડ જાણવાની શક્તિ થાય, તેને અપ્રતિપાતી અવધિ જ્ઞાન કહીએ, અલોકમાં રૂપી પદાર્થ નથી. જો ત્યાં રૂપી પદાર્થ હોત તો દેખત; એટલે એટલી શક્તિ છે. એ જ્ઞાન તીર્થંકર પ્રમુખને બાળપણેથી જ હોય, કેવળજ્ઞાન પામ્યા પછી એ ઉપયોગ ન હોય **એ છ ભેદ અવધિ જ્ઞાનના કહ્યા.**

સમુચ્ચય અવધિજ્ઞાનના ચાર પ્રકાર છે. ૧ દ્રવ્યથી અવધિ જ્ઞાની જઘન્ય અનંત રૂપી દ્રવ્ય જાણે, દેખે, ઉત્કૃષ્ટ સર્વરૂપી દ્રવ્ય જાણે, દેખે ૨ ક્ષેત્રથી અવધિજ્ઞાની જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ક્ષેત્ર જાણે દેખે ઉત્કૃષ્ટ લોક જેવડા અસંખ્યાત ખંડો અલોકમાં દેખે. ૩

કાળથી અવધિ જ્ઞાની જઘન્ય આવલિકાના અસંખ્યાતમા ભાગની વાત જાણે, દેખે, ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉત્સર્પિણી; અવસર્પિણી; અતીત અનાગત કાળની વાત જાણે, દેખે, ૪ ભાવથી જઘન્ય અનંત ભાવને જાણે, ઉત્કૃષ્ટ સર્વ ભાવના અનંતમા ભાગને જાણે દેખે, (વર્ણાદિક પર્યાયને).

સંસ્થાન અવધિજ્ઞાનનો દેખવાનો આકાર, ૧ નારકીને અવધિ ત્રાપાને આકારે છે. ૨ ભવનપતિને પાલાને આકારે છે, ૩ તિર્યંચ તથા મનુષ્યને અનેક પ્રકારે છે. ૪ વ્યંતરને પટહ–વાજીંત્રને આકારે છે. ૫ જ્યોતિષીને ઝાલરને આકારે છે, ૬ બાર દેવલોકના દેવને ઉર્ધ્વ મૃદંગને આકારે છે. ૭ નવ ગ્રૈવેયકને ફુલની ચંગેરીને આકારે છે. ૮ પાંચ અનુત્તર વિમાના દેવને અવધિ, કંચુકીને આકારે છે.

નારકી, દેવને-અવધિજ્ઞાન–૧ અનુગામિક. ૨ અપ્રતિપાતી, ૩ અવસ્થિત, એ ત્રણ પ્રકારનું છે.

મનુષ્ય ને તિર્યંચને અવધિજ્ઞાન–૧ અનુગામિક, ૨ અનનુગામિક, ૩ વર્ધમાન, ૪ હાયમાન, ૫ પ્રતિપાતી, ૬ અપ્રતિપાતી, ૭ અવસ્થિત, ૮ અનવસ્થિત છે.

એ વિષયદ્વાર પ્રમુખ પ્રજ્ઞાપના સૂત્રના ૩૩ મા પદથી લખ્યો છે. નંદીસૂત્ર મધ્યે સંક્ષેપમાં છે.

ઇતિ અવધિ જ્ઞાનનું વર્ણન સંપૂર્ણ

અવધિ જ્ઞાનનો વિષય (દેખવાની શક્તિ.)

વિષય	૧. રત્નપ્રભા	૨. શર્કરપ્રભા	૩. વાલુપ્રભા.	૪. પંકપ્રભા.	૫. ધુમ્ર પ્રભા.	૬. તમઃ પ્રભા	૭. તમતમઃપ્રભા.
જઘન્ય ક્ષેત્ર દેખે તે.	૩॥ ગાઉ.	૩ ગાઉ.	૨॥ ગાઉ.	૨ ગાઉ.	૧॥ ગાઉ.	૧ ગાઉ.	০॥ ગાઉ.
ઉત્કૃષ્ટ ક્ષેત્ર દેખે તે.	૪ ગાઉ.	૩॥ ગાઉ.	૩ ગાઉ.	૨॥ ગાઉ.	૨ ગાઉ.	૧॥ ગાઉ.	૧ ગાઉ.

વિષય	અસુર કુમાર.	૯ નિકાય વ્યંતર.	તિર્યંચ પચેંદ્રિય સંજ્ઞી,	સંજ્ઞી મનુષ્ય	જ્યોતિષી	દેવલોક ૧–૨	દેવલાક ૩–૪
જઘન્ય દેખે.	૨૫ યોજન.	૨૫ યોજન.	આંગુલનો અસંખ્યાત ભાગ.	આંગુલનો અસંખ્યાત ભાગ.	સંખ્યાતા દ્વીપ સમુદ્ર	આંગુલનો અસંખ્યાત ભાગ.	આંગુલનો અસંખ્યાત ભાગ.
ઉત્કૃષ્ટ દેખે.	અસંખ્યાતા. દ્વીપ સમુદ્ર	સંખ્યાતા દ્વીપ સમુદ્ર	અસંખ્યાતા દ્વીપ સમુદ્ર	અલોકમાં અસંખ્યાતા ખંડ	,,	રત્નપ્રભાનો હેઠલો ચરમાંત.	શર્કરપ્રભાનો હેઠલો ચરમાંત

વિષય.	દેવલોક. ૫–૬	દેવલોક. ૭–૮	દેવલોક. ૯–૧૦–૧૧–૧૨	પહેલેથી છઠ્ઠી ગ્રૈવેયક.	૭–૮–૯ ગ્રૈવેયક.	૫ અનુત્તર વિમાન.
જઘન્ય દેખે.	આંગુલનો અસંખ્યાત ભાગ.	આંગુલનો અસંખ્યાત ભાગ.	આંગુલનો અસંખ્યાત ભાગ.	આંગુલનો અસંખ્યાત ભાગ.	આંગુલનો અસંખ્યાત ભાગ.	ચૌદ રાજલોકમાં કાંઇક ઓછું દેખે.
ઉત્કૃષ્ટ દેખે.	ત્રીજી નરકનો હેઠલો ચરમાંત.	ચોથી નરકનો હેઠલો ચરમાંત.	પાંચમી નરકનો હેઠલો ચરમાંત.	છઠ્ઠી નરકનો હેઠલો ચરમાંત.	સાતમી નરકનો હેઠલો ચરમાંત.	,,

વૈમાનિક ઊંચો પોતપોતાના વિમાનની ધ્વજા સુધી દેખે. ત્રિછા લોકમાં અસંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે. યંત્રમાં અધોલોક આશ્રી કહ્યું છે.

ઇતિ વિષયદ્વાર સંપૂર્ણ

૧ અવધિજ્ઞાન	આભ્યંતર	બાહ્ય
નારકી–દેવતાને,	લાભે.	૦
તિર્યંચમાં	૦	લાભે.
મનુષ્યમાં	લાભે.	લાભે.

૧. આભ્યંતર બાહ્ય દ્વાર યંત્રથી જાણવો

૨ અવધિજ્ઞાન	દેશથી	સર્વથી.
નારકી દેવતા તિર્યંચ	લાભે.	૦
મનુષ્ય	લાભે.	લાભે.

૨. અવધિજ્ઞાન દેશથી સર્વથી યંત્રથી જાણવો.

મનઃપર્યવ જ્ઞાનનો વિસ્તાર.

આ મનઃના ચાર પ્રકાર જાણવા.

૧ લબ્ધિમનઃ તે અનુત્તરવાસી દેવોને હોય.

૨ સંજ્ઞામનઃ તે સંજ્ઞી મનુષ્ય ને સંજ્ઞી તિર્યંચને હોય.

૩ વર્ગણામનઃ તે નારકી ને અનુત્તર વિમાનવાસી વિના બીજા દેવોને હોય.

૪ પર્યાયમનઃ તે મનઃપર્યવ જ્ઞાનીને હોય.

મનઃપર્યવ જ્ઞાન કોને ઉત્પન્ન થાય તે.

૧ મનુષ્યને ઉત્પન્ન થાય, અમનુષ્યને ન થાય.

૨ સંજ્ઞી મનુષ્યને ઉત્પન્ન થાય, અસંજ્ઞી મનુષ્યને ન થાય.

૩ કર્મભૂમિ સંજ્ઞી મનુષ્યને ઉત્પન્ન થાય, અકર્મભૂમિ સંજ્ઞી મનુષ્યને ન થાય.

૪ કર્મભૂમિ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળાને ઉત્પન્ન થાય, પણ અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળાને ઉત્પન્ન ન થાય.

૫ સંખ્યાતા વર્ષના આયુષ્યમાં પર્યાપ્તને ઉત્પન્ન થાય, અપર્યાપ્તને ન થાય.

૬ પર્યાપ્તામાં પણ સમદૃષ્ટિને ઉત્પન્ન થાય, મિથ્યાદૃષ્ટિ ને સમમિથ્યાદૃષ્ટિને ન થાય.

૭ સમદૃષ્ટિમાં પણ સંયતિને ઉત્પન્ન થાય, પણ અવ્રતી સમદૃષ્ટિ ને દેશવ્રતીવાળાને ઉત્પન્ન થાય.

૮ સંયતિમાં પણ અપ્રમત્ત સંયતિને ઉત્પન્ન થાય. પ્રમત્ત સંયતિને ન થાય.

૯ અપ્રમત્ત સંયતિમાં પણ લબ્ધિવાનને થાય. અલબ્ધિવાનને ન થાય.

મનઃપર્યવ જ્ઞાન બે પ્રકારે છેઃ- ૧ ઋજુમતિ મનઃપર્યવ જ્ઞાન, ૨ વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાન, **ઋજુમતિ** તે સામાન્યપણે જાણે; **વિપુલમતિ** તે વિશેષપણે જાણે.

મનઃપર્યવ જ્ઞાનના સમુચ્ચય ચાર પ્રકાર છેઃ- ૧ દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી, ૩ કાળથી ૪ ભાવથી.

૧ દ્રવ્યથી, **ઋજુમતિ** અનંત અનંત પ્રદેશી સ્કંધ જાણે, દેખે તે સામાન્યથી, **વિપુલમાત** તેથી અધિક સ્પષ્ટપણે નિર્ણય સહિત જાણે, દેખે.

૨ ક્ષેત્રથી, **ઋજુમતિ** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ નીચે રત્નપ્રભાના પ્રથમ કાંડનો નાનો પ્રતર તેના હેઠલા તલ સુધી, એટલે સમભૂતળ પૃથ્વીથી ૧૦૦૦ યોજન નીચે દેખે. ઊર્ધ્વ જ્યોતિષીના ઉપરના તળ સુધી દેખે, એટલે સમભૂતળથી ૯૦૦ યોજન ઊંચું દેખે. ત્રિછું દેખે તો મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વીપ તથા બે સમુદ્રને વિષે સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તના મનોગત ભાવ જાણે દેખે, **વિપુલમતિ** ને (ઋજુમતિ)થી અઢી અંગુલ અધિક વિશેષ સ્પષ્ટ નિર્ણય સહિત જાણે, દેખે.

૩ કાલથી **ઋજુમતિ** જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગની વાત જાણે, દેખે; ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની અતીત, અનાગત કાળની વાત જાણે, દેખે. **વિપુલમતિ** તે (ઋજુમતિ)થી વિશેષ સ્પષ્ટ નિર્ણય સહિત નિર્મળ જાણે, દેખે.

૪ ભાવથી **ઋજુમતિ** તે જઘન્ય અનંત દ્રવ્યના ભાવ (વર્ણાદિ પર્યાયને) ને જાણે દેખે, ઉત્કૃષ્ટ સર્વ ભાવોના અનંતમે ભાગે જાણે, દેખે. **વિપુલમતિ** તેથી સ્પષ્ટ નિર્ણય સહિત વિશેષ અધિક જાણે, દેખે.

મનપર્યવ જ્ઞાની અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિયના મનોગત ભાવને જાણે છે. અનુમાનથી જેમ ધૂમાડો દેખી અગ્નિનો નિશ્ચય થાય તેમ મનોગત ભાવથી દેખે છે.

ઇતિ મનઃપર્યવ જ્ઞાન સંપૂર્ણ.

કેવળ જ્ઞાનનું વર્ણન.

કેવળ જ્ઞાનના બે ભેદ. ૧ ભવસ્થ કેવળ જ્ઞાન, સિદ્ધ કેવળ જ્ઞાન. ભવસ્થ કેવળ જ્ઞાનના બે ભેદ. ૧ સયોગી ભવસ્થ કેવળ જ્ઞાન. ૨ અયોગી ભવસ્થ કેવળ જ્ઞાન વગેરે. તેનો વિસ્તાર સૂત્રથી જાણવો. સિદ્ધ કેવળ જ્ઞાનના બે ભેદ, ૧ અનંતર સિદ્ધ કેવળ જ્ઞાન ૨ પરંપર સિદ્ધ કેવળ જ્ઞાન, તેનો વિસ્તાર સૂત્રથી જાણવો. તે કેવળ જ્ઞાન સમુચ્ચય ચાર પ્રકારે છે. ૧ દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી, ૩ કાળથી, ૪ ભાવથી.

૧ **દ્રવ્યથી** કેવળજ્ઞાની સર્વ રૂપી, અરૂપી દ્રવ્ય એકસાથે જાણે, દેખે.

૨ **ક્ષેત્રથી** કેવળજ્ઞાની સર્વ ક્ષેત્ર (લોકાલોક)ની વાત જાણે, દેખે. (એકીસાથે જાણે દેખે)

૩ **કાળથી** કેવળજ્ઞાની સર્વ કાળની ભૂત, ભવિષ્ય, વર્તમાન, એ ત્રણ કાળની વાત એકીસાથે જાણે, દેખે.

ભાવથી કેવળજ્ઞાની સર્વ રૂપી, અરૂપી દ્રવ્યના ભાવને અનંત ભાવે સર્વ પ્રકારે એકીસાથે જાણે, દેખે.

કેવળ જ્ઞાન આવરણરહિત વિશુદ્ધ લોકાલોક પ્રકાશક એક જ પ્રકારે સર્વ કેવળીને હોય.

ઇતિ કેવળ જ્ઞાન સંપૂર્ણ.

ઇતિ પાંચ જ્ઞાનનું વિવેચન સંપૂર્ણ.

વ્યવહાર સમકિતના ૬૭ બોલ

આ સડસઠ બોલોના પ્રથમ બાર દ્વાર કહે છે. (૧) સદ્દહણા ચાર. (૨) લિંગ ત્રણ (૩) વિનયના દસ પ્રકાર, (૪) શુદ્ધતાના ૩ ભેદ. (૫) લક્ષણ પાંચ. (૬) ભૂષણ પાંચ (૭) દૂષણના પાંચ ભેદ. (૮) પ્રભાવના ૮. (૯) આગાર ૭. (૧૦) જયણા ૭. (૧૧) સ્થાનક ૭ (૧૨) ભાવના ૭. હવે તે દ્વાર વિસ્તારથી કહે છે.

(૧) સદ્દહણા ચાર પ્રકારની–(૧) પરમત્થ સંથવો–નવ તત્ત્વ જાણીને જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય સ્વરૂપ આત્માનો અનુભવ કરવો (૨) પરમાર્થના જાણવાવાળા સંવિગ્ન ગીતાર્થની ઉપાસના કરવાથી શુદ્ધ શ્રદ્ધાને ધારણ કરે (૩) પોતાના મતના પાસત્થા ઉસન્ના અને કુલિંગી આદિકની સોબત ન કરે, એ ત્રણેનો પરિચય કરવાથી શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થઇ શકે નહિ. (૪) પરતીર્થિનો અધિક પરિચય ન કરે અધર્મ પાખંડીઓની પ્રશંસા ન કરે.

(૨) લીંગના ત્રણ ભેદ–(૧) ધર્મરાગ :– જેમ જુવાન પુરુષ રંગરાગ ઉપર રાચે તેમ ભવ્યાત્મા શ્રી જૈનશાશન પર રાચે. (૨) સુશ્રુષા :– જેમ ક્ષુધાવાન પુરૂષ ખીર–ખાંડનાં ભોજનને પ્રેમસહિત આદર કરે તેમ વીતરાગની વાણીનો આદર કરે. જેમ વ્યવહારિક જ્ઞાન શીખવાની તીવ્ર ઇચ્છા હોય, ને શીખવાડનાર મળે ત્યારે શીખીને આ લોકમાં સુખી થાય તેમ વીતરાગનાં કહેલાં સૂત્રોનું હમેશાં સૂક્ષ્માર્થ ન્યાયવાળું જ્ઞાન શીખીને આ લોક ને પરલોકમાં મનોવાંછિત સુખને પ્રાપ્ત કરે. (૩) દેવ ગુરુની વૈયાવચ્ચ :– પંચપરમેષ્ઠીની યથાયોગ્ય ભક્તિ સુપાત્રદાન.

(૩) વિનયના દશ ભેદ– (૧) અરિહંતનો વિનય કરે. (૨) સિદ્ધનો વિનય કરે, (૩) આચાર્યનો વિનય કરે. (૪) ઉપાધ્યાયનો વિનય કરે. (૫) સ્થવિરનો વિનય કરે. (૬) ગણ (ઘણા આચાર્યોનો સમૂહ)નો વિનય કરે. (૭) કુલ (એક આચાર્યોના શિષ્યનો સમૂહ)નો વિનય કરે. (૮) સ્વધર્મીનો વિનય કરે. (૯) સંઘનો વિનય કરે. (૧૦) સંભોગીનો વિનય કરે એ દશનો માનપૂર્વક વિનયકરે જૈનશાસનમાં વિનય મૂલ ધર્મ કહેવાય છે. વિનય કરવાથી અનેક સદ્દગુણોની પ્રાપ્તિ થાય છે.

(૪) શુદ્ધતાના ત્રણ ભેદ– (૧) મનશુદ્ધતા–મનથી અરિહંત દેવ કે જે ૩૪ અતિશય, ૩૫ વાણી, ૮ મહાપ્રાતિહાર્ય સહિત. ૧૮ દૂષણ રહિત, ૧૨ ગુણ સહિત, એવાં જે દેવ તે જ અમર દેવ છે, તે જ સાચા દેવ છે એના સિવાય બીજાં હજારો કષ્ટ પડે તો પણ સરાગી દેવોને મનથી પણ સ્મરણ ન કરે. (૨) વચન શુદ્ધતા–વચનથી ગુણકીર્તન એવા અરિહંતના કરે, એ સિવાય બીજા સરાગી દેવોનાં ન કરે. (૩) કાયા શુદ્ધતા–કાયાથી અરિહંત સિવાય બીજા સરાગી દવોને નમસ્કાર ન કરે. દેવની શુદ્ધીની સાથે ગુરૂની પણ શુદ્ધી લેવી.

લક્ષણનાં પાંચ ભેદ– (૧) સમ શત્રુ મિત્ર ઉપર સમ ભાવ રાખવો. કષાયોની મંદતા કરવી. (૨) સંવેગ–વૈરાગ્ય ભાવ અને મોક્ષનું ધ્યેય અને સંસાર અસાર છે; વિષય અને કષાયથી અનંતોકાલ જીવ ભવભ્રમણ કરે છે, તો આ ભવમાં સારી સામગ્રી મળી છે, તો ધર્મને આરાધવો, ઇત્યાદિ વિચાર કરવો. (૩) *નિર્વેદ–શરીર અથવા સંસારના અનિત્યપણાનું ચિંતવન કરવું. સંસારમાં અરૂચી લાવવી. બને ત્યાંસુધી આ

+ નિર્વેદ–ત્યાગભાવના.

મોહમય જગતથી અલગ રહેવું અથવા જગતારક જિનરાજની દીક્ષા લઇ કર્મ શત્રુઓને જીતીને સિદ્ધ પદને પ્રાપ્ત કરવાની હંમેશાં અભિલાષા (ભાવના) રાખવી. (૪) અનુકંપા. પોતાની તથા પરના આત્માની અનુકંપા કરવી અથવા દુઃખી જીવોને સુખી કરવા. (૫) આસ્થા–ત્રિલોક પૂજનિક શ્રી વીતરાગ દેવનાં વચનો ઉપર દૃઢ શ્રદ્ધા રાખવી ને હિતાહિતનો વિચાર કરવો અથવા અસ્તિત્વ ભાવમાં રમણતા કરવી એજ વ્યવહાર સમકિતનું લક્ષણ છે તો જે વાતની અધૂરાશ હોય તેને પૂરી કરવી, વ્યવહારથી ત્રણ તત્ત્વ–દેવ, ગુરુ અને ધર્મની શ્રદ્ધા; નિશ્ચયથી નિજસ્વરૂપ કેવળજ્ઞાન, દર્શન અને સુખમય છે એવી શ્રદ્ધા.

૬. ભુષણના પાંચ ભેદ–(૧) જૈનશાસનમાં કુશળપણું, ધૈર્યવંત હોય ને શાસનમાં દરેક કાર્યો ધૈર્યતાથી કરે, (૨) દેવગુરુની વૈયાવચ્ચ (૩) શ્રદ્ધા અને ક્રિયામાંથી પડતાને સ્થિર કરવા શાસનમાં ચતુર હોય. શાસનનાં દરેક કાર્ય એવી ચતુરાઇથી (બુદ્ધિબળથી) કરે કે જેથી નિર્વિઘ્નતાથી પાર પડી જાય. (૪) તીર્થસેવા, શાસનમાં ચતુર્વિધ સંઘની ભક્તિ તથા બહુમાન કરવાવાળો હોય. આ પાંચ ભૂષણોથી શાસનની શોભા રહે છે. (૫) જૈનધર્મની પ્રભાવના કરે.

૭. દૂષણના પાંચ ભેદ–(૧) શંકા–જિનવચનમાં શંકા કરે (૨) કંખા–બીજા મતોના આડંબર દેખી તેની વાંચ્છા કરે. (૩) વિતિગિચ્છા–ધર્મ કરણીના ફળમાં સંદેહ કરે કે આનું ફલ હશે કે નહિ? અત્યારે વર્તમાન તો કાંઇ દેખાતું નથી એવો સંદેહ કરે. (૪) પરપાખંડીનો હમેશાં પરિચય કરે. (૫) પરપાખંડીઓની પ્રશંસા કરવી. એ પાંચ સમકિતનાં દૂષણ કહેવાય તે જરૂર ટાળવાં જોઇએ.

૮. પ્રભાવનાના આઠ પ્રકાર–(૧) જે કાળમાં જેટલાં સૂત્રાદિ હોય તેને ગુરુગમથી જાણે તે શાસનનો પ્રભાવક બને છે. (૨) ધર્મ કથા, વ્યાખ્યાન, કરીને શાસનના જ્ઞાનની પ્રભાવના કરે. (૨) મહાન વિકટ તપશ્ચર્યા કરીને શાસનથી પ્રભાવના કરે. (૪ ત્રણ કાળ અથવા નિમિત્તનો જાણનાર હોય. (૫) કર્ત, વિર્તક, હેતુ, વાદ, યુક્તિ ન્યાય તથા વિદ્યાદિ બળથી વાદીઓને શાસ્ત્રાર્થથી પરાજય કરીને શાસનની પ્રભાવના કરે. (૬) પુરુષાર્થવાળો પુરુષ દીક્ષા લઇને શાસનની પ્રભાવના કરે. (૭) કવિતા કરવાની શક્તિ હોય તો કવિતા કરીને શાસનની પ્રભાવના કરે. (૮) બ્રહ્મચર્ય આદિ કોઇ મોટા વ્રત લે તો પ્રગટ રીતે ઘણા માણસોની વચમાં લે. કારણકે એથી લોકોને શાસન પર શ્રદ્ધા અથવા વ્રતાદિ લેવાની રુચિ વધે છે. અથવા દુર્બળ, સ્વધર્મી ભાઇઓને સહાયતા કરવી એ પણ પ્રભાવના છે, પરંતુ આજકાલ ચોમાસામાં અભક્ષ્ય વસ્તુની તથા લાડવા આદિની પ્રભાવના કરે છે, તો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવો જોઇએ કે એ પ્રભાવનાથી શાસનની કઈ પ્રભાવના થઇ કહેવાય? અથવા એથી કેટલો લાભ? એનો બુદ્ધિવાન પોતાથી વિચાર કરી શકે છે અને પ્રભાવનાનો આપણો સાચો પ્રેમ હોય તો નાની નાની તત્ત્વજ્ઞાન મય ચોપડીઓની પ્રભાવના કરો કે જેથી આપણા ભાઇઓને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય.

૯. આગારનાં છ ભેદ–સમકિતની અંદર છ પ્રકારના આગાર છે.(૧) રાજાનો આગાર (૨) દેવતાનો (૩) ન્યાતનો (૪) માતાપિતાનો ને ગુરુનો (૫) બળાત્કારનો (૬) દુષ્કાળમાં સુખથી આજીવિકા ન ચાલે તે એ છ ગાઢાગાઢ કારણથી લાચારીથી સમકિતણાં કોઇ દોષ લાગી જાય તો વિઘ્ન પસાર થયે દોષ માટે પશ્ચાત્તાપ કરી શુદ્ધ થવું.

૧૦ જયણાના છ પ્રકાર–(૧) આલાપ–સ્વધર્મીભાઇઓની સાથે એકવાર બોલે. (૨) સંલાપ–સ્વધર્મી ભાઇઓની સાથે વારંવાર બોલે. (૩) મુનિને દાન દેવું અથવા સ્વધર્મી

ભાઇઓની વાત્સલ્યતા કરવી. (૪) એવું વારંવાર પ્રતિદિન કરે. (૩) ગુણીજનોનાં ગુણ પ્રગટ કરે. (૬) તથા વંદન નમસ્કાર બહુમાન કરે તથા

૧. મિથ્યાત્વી સાથે વગર બોલાવ્યે બોલવું નહિ.
૨. „ „ વારંવાર બોલવું નહિ.
૩. „ ને ધર્મ નિમિતે નહિ પણ અનુકંપા યોગ્ય હોય તો દાન દેવું.
૪. „ ની પ્રશંસા કરવી નહિ.
૫. „ સ્તુતિ કરવી નહિ.

૧૧. ભાવનાના ૭ પ્રકાર–(૧) ધર્મરૂપી નગરનો સમકિતરૂપી દરવાજો (૨) ધર્મરૂપી વૃક્ષનું તથા સમ્યકત્વરૂપી મુળ (૩) ધર્મરૂપી પ્રાસાદનો સમકિતરૂપી નીવ (પાયો) (૪) ધર્મરૂપી ભોજન માટે સમકિતરૂપી થાલ (૫) ધર્મરૂપી માલ માટે સમકિતરૂપી દુકાન (૬) ધર્મરૂપી રત્ન માટે સમકિતરૂપી તિજોરી, એ–૭ ભેદ.

૧૨ સ્થાનનાં ૭ પ્રકાર–જીવ ચૈતન્ય લક્ષણ યુકત, અસંખ્યાત પ્રદેશી નિષ્કલંક અમૂર્તિ છે. (૨) અનાદિ કાલથી જીવ અને કર્મોનો સંયોગ છે. જેમ દુધમાં ઘુત તલમાં તેલ, ધૂળમાં ધાતુ, ફૂલમાં સુગંધ, ચંદ્રની કાંતિમાં અમૃત એ પ્રમાણે અનાદિ સંયોગ છે (૩) જીવ સુખદુઃખનો કર્તા છે અને ભોકતા છે નિશ્ચય નયથી કર્મનો કર્તા કર્મ છે અને વ્યવહારનયથી જીવ છે (૪) જીવ, નિત્ય દ્રવ્ય છે, ગુણ પર્યાય, પ્રાણ અને ગુણસ્થાનક સહિત છે. (૫) ભવ્ય જીવનો મોક્ષ થાય છે. (૬) જ્ઞાન. દર્શન અને ચારિત્ર એ મોક્ષનો ઉપાય છે; એ ૭ ભેદ.

આ થોકડાને કંઠસ્થ મોઢે કરીને વિચાર કરો કે આ ૬૭ બોલ વ્યવહાર સમકિતના છે. એનાંથી મારામાં કેટલા છે અને પછી અધૂરા હોય તેમાં આગળ વધારવાની કોશીશ કરો અને પુરુષાર્થ દ્વારા એને પ્રાપ્ત કરો.

ઇતિ વ્યવહાર સમકિતના ૬૭ બોલ સંપૂર્ણ.

ષટ્દ્રવ્ય પર ૩૧ દ્વાર.

૧ નામદ્વાર, ૨ આદિ, ૩ સંઠાણ, ૪ દ્રવ્ય, ૫ ક્ષેત્ર, ૬ કાળ. ૭ ભાવ. ૮ સામાન્ય વિશેષ, ૯ નિશ્ચય. ૧૦ નય, ૧૧ નિક્ષેપ, ૧૨ ગુણ, ૧૩ પર્યાય, ૧૪ સાધારણ, ૧૫ સાધર્મી, ૧૬ પરિણામિક, ૧૭ જીવ, ૧૮ મૂર્તિ, ૧૯ પ્રદેશ, ૨૦ એક, ૨૧ ક્ષેત્ર-ક્ષેત્રી, ૨૨ ક્રિયા, ૨૩ કર્તા, ૨૪ નિત્ય, ૨૫ કારણ, ૨૬ ગતિ, ૨૭ પ્રવેશ, ૨૮ પૃચ્છા, ૨૯ સ્પર્શના, ૩૦ પ્રદેશસ્પર્શના અને ૩૧ અલ્પ બહુત્વદ્વાર.

નામદ્વાર–૧ ધર્મ, ૨ અધર્મ, ૩ આકાશ, ૪ જીવ, ૫ પુદ્ગલાસ્તિકાય, ૬ કાળદ્રવ્ય.

૨. આદિદ્વાર–દ્રવ્યાપેક્ષા બધા દ્રવ્ય અનાદિ છે. ક્ષેત્રાપેક્ષા લોકવ્યાપક છે તેમાં જીવ તથા પુદ્ગલ તે સાદિ છે પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ અનાદિ છે. કાળાપેક્ષા ષટ્ દ્રવ્ય અનાદિ છે. ભાવાપેક્ષા ષટ્ દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અપેક્ષાએ સાદિસાન્ત છે.

૩. સંઠાણદ્વાર–ધર્માસ્તિકાયનું સંઠાણ ગાડાના ઓધણ જેવું આ રીતે વધતા લોકાન્ત ⁘ સુધી અસંખ્ય પ્રદેશી છે. એવું જ અધર્માસ્તિકાયનું સંઠાણ, આકાશાસ્તિકાયનું સંઠાણ ⁘⁘... લોકમાં ડોકના દાગીના જેવું અલોકમાં ઓધણાકાર; જીવ તથાપુદ્ગલનાં સં. અનેક પ્રકારનાં અને કાળને આકાર નહિ. પ્રદેશ નથી માટે.

૪. દ્રવ્યદ્વાર–ગુણપર્યાયના સમૂહ યુકત હોય તેને દ્રવ્ય કહે છે. દરેક દ્રવ્યના મૂળ ૭ સ્વભાવ સામાન્ય છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, સત્તત્વ, અગુરુલઘુત્વ. ઉત્તર–સ્વભાવ અનંત છે. યથા નાસ્તિત્વ, નિત્ય, અનિત્ય, એક, અનેક, ભેદ, અભેદ, ભવ્ય, અભવ્ય, વક્તવ્ય, પરમ ઇત્યાદિ, ધર્મ, અધર્મ આકાશ એક એક દ્રવ્ય છે. જીવ, પુદ્ગલ, કાળ અનંત છે. વિશેષ સ્વભાવ પોતપોતાના ગુણ છે કે જેથી ૭ દ્રવ્યો અરસપરસ ભિન્નતા ધરાવે છે.

૫ ક્ષેત્રદ્વાર–ધર્મ, અધર્મ, જીવ અને પુદ્ગલ લોકવ્યાપક છે. આકાશ લોકાલોક વ્યાપક છે અને કાળ ૨॥ દ્વીપમાં પ્રવર્તનરૂપ છે અને ઉત્પાદ; વ્યય રૂપે લોકાલોક વ્યાપક છે.

૬ કાળદ્વાર–ધર્મ, અધર્મ, આકાશ. દ્રવ્યાપેક્ષા અનાદિ અનંત છે. ઉત્પાદ, વ્યય અપેક્ષાથી સાદિસાંત છે. પુદ્ગલ, દ્રવ્યપેક્ષા અનાદિ અનંત, સ્કંધમાં મળવું વિખરાવું તે અપેક્ષાથી સાદિસાંત છે. કાળદ્રવ્ય દ્રવ્યાપેક્ષા અનાદિ અનંત, સમયાપેક્ષા સાદિસાંત છે.

૭ ભાવદ્વાર–પુદ્ગલ રૂપી છે. શેષ ૫ દ્રવ્યો અરૂપી છે.

૮ સામાન્ય વિશેષ દ્વાર–સામાન્યથી વિશેષ બળવાન છે. જેમ સામાન્યતઃ દ્રવ્ય ૧ છે વિશેષતઃ ૭ છે. ધર્માસ્તિકાયનો ખાસ ગુણ ચલન સહાય છે. અધર્મા૦ નો સ્થિર સહાય, આકાશાસ્તિ૦નો અવગાહનદાન, કાળનો વર્તના, જીવાસ્તિ૦નો ચૈતન્ય, પુદ્ગલાસ્તિ૦નો પૂરણ, ગલન, વિધ્વંસન ગુણ અને બીજાં ગુણો છયે દ્રવ્યોનાં અનંત છે.

૯ નિશ્ચય વ્યવહાર દ્વાર–નિશ્ચયથી બધા દ્રવ્યો પોતપોતાના ગુણોમાં પ્રવર્તે છે, વ્યવહારમાં અન્ય દ્રવ્યોને પોતાના ગુણની સહાયતા આપે છે. જેમ લોકાકાશમાં બધાં દ્રવ્યો રહે છે તો તેને આકાશ અવગાહનમાં સહાયક થાય છે; પણ અલોકમાં અન્ય દ્રવ્યો નથી તો અવગાવહનમાં સહાયતા નથી દેતી. છતાં અવગાહન ગુણમાં અગુરુલઘુગુણથી ષટ્ગુણ હાનિ વૃદ્ધિ સદા થયા કરે છે એવી જ રીતે બીજાં દ્રવ્યો માટે જાણવું.

૧૦ નયદ્વાર–અંશ જ્ઞાનને નય કહે છે. નય ૭ છે. તેનાં નામ–૧ નૈગમ. ૨ સંગ્રહ ૩ વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫ શબ્દ, ૬ સમભિરૂઢ અને ૭ એવંભૂત નય. એ સાતે નયવાળાની માન્યતા કેવી છે? એ જાણવા માટે જીવ દ્રવ્ય ઉપર ૭ નય ઉતારે છે.

૧ નૈગમ નયવાળો–જીવ નામના બધાને ૧૦ દ્રવ્યપ્રાણ અને બાહ્યક્રિયાથી ગ્રહણ કરે છે.
૧ સંગ્રહ નયવાળો જીવ કહેવાથી જીવના અસંખ્ય પ્રદેશો ગ્રહણ કરે.
૩ વ્યવહાર „ „ „ ત્રસ સ્થાવર જીવોને ગુણસ્થાનવર્તી વ્યવહારિક ક્રિયાથી ગ્રહણ કરે છે.
૪ ઋજુસૂત્ર „ „ „ સુખદુઃખ ભોગવતા જીવના ઉપયોગને ગ્રહણ કરે છે.
૫ શબ્દ „ „ „ જીવના ભાવપ્રાણોને ગ્રહણ કરે છે,

૬ સમભિરૂઢ નયવાળો–જીવ કહેવાથી કેવળજ્ઞાની, ક્ષાયક, સમકિત વગેરે શુદ્ધ ગુણો બતાવે છે.
૭ એવંભૂત „ „ „ સિદ્ધ અવસ્થા (સંપૂર્ણ શુદ્ધ અવસ્થા) બતાવે છે.

એ રીતે સાતેય નય બધા દ્રવ્યો પર ઉતારી શકાય.

૧૧ નિક્ષેપ દ્વાર–નિક્ષેપ ૪ છે, ૧ નામ, ૨ સ્થાપના, ૩ દ્રવ્ય અને ૪ ભાવનિક્ષેપ.

૧ દ્રવ્યનાં નામ માત્રને નામનિક્ષેપ કહેવો.
૨ દ્રવ્યની સદ્દશ કે અસદ્દશ સ્થાપના (આકૃતિ) ને સ્થાપના નિક્ષેપ કહેવો.
૩ દ્રવ્યની ભૂત કે ભવિષ્ય પર્યાયને વર્તમાનમાં કહેવી તે દ્રવ્યય નિક્ષેપ.
૪ દ્રવ્યની મૂળ ગુણયુકત દશાને ભાવ નિક્ષેપ કહે છે.

ષટ્ દ્રવ્ય પર એ ચારે નિક્ષેપ ઉતારીને પણ બોધ કરી શકાય.

૧૨ ગુણ દ્વાર–પ્રત્યેક દ્રવ્યમાં ચાર ચાર ગુણો છે.

૧ ધર્માસ્તિકાયમાં ૪ ગુણ–અરૂપી, અચેતન, અક્રિય અને ચલન સહાય.
૨ અધર્મા૦ „ ૪ „ „ „ „ „ „ સ્થિર „
૩ આકાશાસ્તિ „ ૪ „ „ „ „ „ „ અવગાહનદાન
૪ જીવાસ્તિ „ ૪ „ અરૂપી, ચૈતન્ય, સક્રિય અને ઉપયોગ યા જ્ઞાન, દર્શન ચારિત્ર અને વીર્ય.
૫ કાળ દ્રવ્યમાં „ ૪ „ અરૂપી, અચેતન, અક્રિય, અને વર્તનાગુણ.
૬ પુદ્દગલાસ્તિ૦„ ૪ „ રૂપી, અચેતન, સક્રિય, અને પૂરણ–ગલન.

૧૩ પર્યાય દ્વાર–પ્રત્યેક દ્રવ્યની ચાર ચાર પર્યાયો છે.

૧ અધર્માસ્તિ૦ ની ૪ પર્યાય–સ્કંધ, દેશ પ્રદેશ અને અગુરુલઘુ
૨ અધર્માસ્તિ „ „ „ „ „ „
૩ આકાશાસ્તિ૦ „ „ „ „ „ „
૪ જીવાસ્તિ૦ ૪ અવ્યાબાધ, અનાવગાહ, અમૂર્ત, „
૫ પુદ્દગલાસ્તિ૦ „ વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ.
૬ કાળદ્રવ્ય „ ભૂત, ભવિષ્ય, વર્તમાન, અગુરુલઘુ.

૧૪ સાધારણ દ્વાર–સાધારણ ધર્મ જે અન્ય દ્રવ્યમાં પણ લાભે; જેમ ધર્માસ્તિમાં અગુરુલઘુ. અસાધારણ ધર્મ જે અન્ય દ્રવ્યમાં ન લાભે. જેમ ધર્માસ્તિકાયમાં ચલનસહાય ઇત્યાદિ.

૧૫. સાધમી દ્વાર–ષટ્ દ્રવ્યોમાં પ્રતિસમય ઉત્પાદ–વ્યયપણું છે, કેમકે અગુરુલઘુ પર્યાયમાં ષટ્ ગુણ હાનિ વૃદ્ધિ થાય છે તે છયે દ્રવ્યોમાં પ્રવર્તે છે.

૧૬ પરિણામી દ્વાર–નિશ્ચય નયથી છયે દ્રવ્યો પોતપોતાના ગુણોમાં પરિણમે છે. વ્યવહારથી જીવ અને પુદ્દગલ અન્યાન્ય સ્વભાવમાં પરિણમે છે જેમ જીવ મનુષ્યાદિરૂપે અને પુદ્દગલ બે પ્રદેશી યાવત્ અનંત પ્રદેશી સ્કંધ રૂપે પરિણમે છે.

૧૭ જીવ દ્વાર–જીવાસ્તિકાય જીવ છે, શેષ ૫ દ્રવ્ય અજીવ તે.

૧૮ મૂર્તિ દ્વાર–પુદ્દગલ રૂપી છે. શેષ અરૂપી છે. કર્મ સંગે જીવ પણ રૂપી છે.

૧૯ પ્રદેશ દ્વાર–૫ દ્રવ્ય સપ્રદેશી છે. કાળ દ્રવ્ય અપ્રદેશી છે. ધર્મ-અધર્મ અસંખ્ય પ્રદેશી છે. આકાશ (લોકાલોક અપેક્ષા) અનંત પ્રદેશી છે એકેક જીવ અસંખ્ય પ્રદેશી છે. અનંત

જીવોના અનંત પ્રદેશ છે. પુદ્ગલ પરમાણુ અપ્રદેશી છે. પરંતુ પુદ્ગલ સ્કંધ બ્બીયાવત અનંત પ્રદેશી છે. સ્કંધમાં રહેલ એક પરમાણુ પુદ્ગલ પ્રદેશ ગણાય છે.

૨૦ એક દ્વાર–ધર્મ, અધર્મ. આકાશ એકેક દ્રવ્ય છે, શેષ ૩ અનંત છે.

૨૧ ક્ષેત્રક્ષેત્રી દ્વાર–આકાશ ક્ષેત્ર છે. બાકીના ક્ષેત્રી છે. એટલે કે પ્રત્યેક લોકાકાશ પ્રદેશ પર પાંચેય દ્રવ્ય પોતપોતાની ક્રિયા કરવા છતાં એક બીજામાં મળી જતા નથી.

૨૨ ક્રિયા દ્વાર–નિશ્ચયથી બધા દ્રવ્યો પોતપોતાની અગુરુલઘુ ગુણથી સક્રિય ઉત્પાદ, વ્યયરૂપે ક્રિયા કરે છે. વ્યવહારથી જીવ અને પુદ્ગલ ક્રિયા કરે છે. શેષ અક્રિય છે.

૨૩ નિત્ય દ્વાર–દ્રિવ્યાસ્તિક નયથી બધા દ્રવ્ય નિત્ય છે. પર્યાય અપેક્ષાથી બધા અનિત્ય છે, વ્યવહાર નયથી ગતિ આદિ પર્યાય આશ્રી જીવ પુદ્ગલ અનિત્ય છે. શેષ ૪ દ્રવ્ય નિત્ય છે.

૨૪ કારણ દ્વાર–પાંચેય દ્રવ્ય જીવને કારણ છે, પણ જીવ કોયને કારણ નથી જેમ જીવ કર્તા અને ધર્મા૦ કારણ મળવાથી જીવને ચલન કાર્યની પ્રાપ્તિ થઇ. એમ જ બીજાં દ્રવ્યો સમજવાં.

૨૫ કર્તાદ્વાર –નિશ્ચયથી બધાં દ્રવ્ય પોતપોતાના સ્વભાવકાર્યના કર્તા છે. વ્યવહારથી જીવ અને પુદ્ગલ કર્તા છે શેષ અકર્તા છે.

૨૬ વ્યાપકતા–આકાશની વ્યાપકતા લોકાલોકમાં છે. શેષની લોકમાં છે.

૨૭ પ્રવેશદ્વાર–એક એક આકાશ પ્રદેશ પર પાંચેય દ્રવ્યોના પ્રવેશ છે, તેઓ પોતપોતાની ક્રિયા કર્યે જાય છે. છતાં એક બીજા ભળી જતાં નથી. જેમ એક નગરમાં ૫ માણસ પોતપોતાના કાર્ય કરતાં રહે પણ એકરૂપ ન થાય.

૨૮ પૃચ્છા દ્વાર–શ્રી ગૌતમસ્વામી શ્રી વીરપ્રભુને સવિનયે નીચેના પ્રશ્ન કરે છે.

૧ ધર્માંના ૧ પ્રદેશને ધર્મા૦ કહેવાય છે શું ? ઉત્તર–નહિ (એવંભૂત નયાપેક્ષા) ધર્માંના ૧–૨–૩ જાવ સંખ્યાત, અસંખ્યાત પ્રદેશ. જેમાં ધર્મા૦નો ૧ પણ પ્રદેશ બાકી હોય ત્યાંસુધી ધર્મા૦ ન કહેવાય, સંપૂર્ણ પ્રદેશ યુક્તને જ ધર્મા૦ કહે છે.

૨ કેવી રીતે ? એવંભૂત નયવાળો થોડા પણ ટુટેલા અપૂર્ણ પદાર્થને પદાર્થ ન માને, અખંડિત દ્રવ્યને દ્રવ્ય કહે. તેમ બધા દ્રવ્યો માટે સમજવું.

૩ લોકનો મધ્ય પ્રદેશ કયાં છે ?

ઉ૦ રત્નપ્રભા ૧૮૦૦૦૦ યોજનની છે. તેની નીચે ૨૦૦૦૦ યોજન ઘનોદધિ છે. તેની નીચે અસંખ્ય યોજન ઘનવાયુ, અસં૦ યો૦ તન વાયુ અને અસં૦ યો૦ આકાશ છે. તે આકાશના અસંખ્યાતમા ભાગમાં લોકનો મધ્ય ભાગ છે.

૪ અધોલોકનો મધ્યપ્રદેશ કયાં છે ? ઉ. પંકપ્રભા નીચેના આકાશ પ્રદેશની સાધિકમાં.

૫ ઊર્ધ્વ „ „ „ ? ઉ૦ બ્રહ્મ દેવલોકના ત્રીજા રિષ્ટ પ્રતરમાં.

૬ તીર્છા „ „ „ ? ઉ૦ મેરુપર્વતના ૮ રુચક પ્રદેશોમાં છે.

એજ રીતે ધર્મા૦ અધર્મા૦, આકાશ, કાળ દ્રવ્યના પ્રશ્નોત્તર સમજવા. જીવનો મધ્ય પ્રદેશ ૮ રૂચક પ્રદેશોમાં છે, કાળનો મધ્ય પ્ર૦ વર્તમાન સમય છે,

૨૯ સ્પર્શના દ્વાર–ધર્માસ્તિકાય, અધર્મા૦ લોકાકાશ, જીવ અને પુદ્ગલ દ્રવ્યને સ્પર્શી રહી છે. કાળને કયાંય સ્પર્શે, કયાંય ન સ્પર્શે. એવી જ રીતે શેષ ૪ અસ્તિકાય, સ્પર્શે, કાળ દ્રવ્ય ૨ાા દ્વીપમાં બધાં દ્રવ્યો ને સ્પર્શે. અન્ય ક્ષેત્રમાં નહિ.

૩૦ પ્રદેશ, સ્પર્શના દ્વાર

ધર્મા૦નો ૧ પ્રદેશ ધર્મા૦ના કેટલા પ્રદેશને સ્પર્શે ? જ. ૩ પ્ર૦ ઉ ૬ પ્ર.ને સ્પર્શે.
,, ,, અધર્મા૦ ,, ,, ,, ? જ ૪,, ઉ. ૭ ,, ,,
,, ,, આકાશા૦ ,, ,, ,, ? જ. ૭,, ઉ. ૭ ,, ,,
,, ,, જીવ–પુદ્ગલ,, ,, ,, ? જ. અનંત પ્રદેશોને સ્પર્શે.
,, ,, કાળ દ્રવ્યના કેટલા સમયને,, ? સ્યાત્ અનંત સ્પર્શે. સ્યાત્ નહિ

એવં અધર્માસ્તિકાયની પ્રદેશ સ્પર્શના જાણવી.

આકાશ૦નો ૧ પ્રદેશ ધર્મા૦ના જ૦ ૧–૨–૩ પ્રદેશ, ઉ૦ ૭ પ્રદેશને પણ સ્પર્શે. શેષ પ્રદેશ સ્પર્શના ધર્માસ્તિકાયવત્ જાણવી.

જીવ૦નો ૧ પ્રદેશ ધર્મા૦ના જ. ૪ ઉ૦ ૭ પ્રદેશને સ્પર્શે
પુદ્ગલ૦ ૧ ,, ,, જ. ૪ ઉ૦ ૭ ,, ,, શેષ પ્ર. સ્પર્શનાધર્માસ્તિકાયવત્
કાળ દ્રવ્યનો ૧ સમય,, પ્રદેશને સ્યાત્ સ્પર્શે. સ્યાત નહિ.

પુદ્ગલ૦ના ૫ પ્રદેશ, જ. બમણાથી ૨અધિક (૬) પ્રદેશને સ્પર્શે અને ઉ. પાંચગણાથી ૨ અધિક ૨×૫=૧૦+૨=૧૨ પ્રદેશ સ્પર્શે.

એવી જ રીતે ૩–૪–૫ જાવ અનંત પ્રદેશ જ૦ બમણાથી ૨ અધિક ઉ૦ પાંચગણાથી ૨ અધિક પ્રદેશને સ્પર્શે.

૩૧ અલ્પબહુત્વ દ્વાર–દ્રવ્ય અપેક્ષા–ધર્મ, અધર્મ, આકાશ પરસ્પર તુલ્ય છે, તેથી જીવ દ્રવ્ય અનંતગણા, તેથી પુદ્ગલ અનંતગણા કાળ અનંતો.

પ્રદેશ અપેક્ષા–સર્વથી થોડા ધર્મ, અધર્મના પ્રદેશ તેથી જીવના પ્રદેશ અનંતગણા તેથી પુદ્ગલના પ્ર૦ અનં૦, તેથી કાળદ્રવ્યના પ્ર. અનંત૦, તેથી આકાશ૦ પ્રદેશ અનંતગણા.

દ્રવ્ય અને પ્રદેશનો ભેગો અલ્પબહુત્વ :–સૌથી થોડો ધર્મ, અધર્મ આકાશના દ્રવ્ય, તેથી ધર્મ અધર્મના, પ્રદેશ અસંખ્ય૦ તેથી જીવ દ્રવ્ય અનં૦ તેથી જીવના પ્રદેશ અસં૦ તેથી પુદ્ગલ દ્રવ્ય અનં૦ તેથી પુ૦ પ્રદેશ અસં૦, તેથી કાળના દ્રવ્ય પ્રદેશ અનં૦, તેથી આકાશ પ્રદેશ અનંતગણા.

ઇતિ ષટ્દ્રવ્ય પર ૩૧ દ્વાર સંપૂર્ણ.

(૫૭) ચાર ધ્યાન.

ધ્યાન ૪ ભેદઃ–આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલધ્યાન.

(૧) આર્તધ્યાનના ૪ પાયા–૧ મનોજ્ઞ વસ્તુની અભિલાષા કરે, ૨ અમનોજ્ઞ વસ્તુનો વિયોગ ચિંતવે, ૩ રોગાદિ અનિષ્ટોનો વિયોગ ચિંતવે અને ૪ પરભવના સુખ માટે નિયાણું કરે.

આર્તધ્યાનનાં ૪ લક્ષણ–૧ ચિંતા–શોક કરવો. ૨ અશ્રુપાત કરવો ૩ આક્રન્દ (વિલાપ) શબ્દ કરીને રોવું અ ૪ છાતી, માથું આદિ કૂટીને રોવું.

(૨) **રૌદ્રધ્યાનના ૪ પાયા**–હિંસામાં, જૂઠમાં, ચોરીમાં, કારાગૃહમાં ફસાવવામાં આનંદ માનવો (એ પાપ કરીને કે કરવામાં ખુશી થવું.)

રૌદ્રધ્યાનના ૪ લક્ષણ–૧ થોડા અપરાધ પર ઘણો ગુસ્સો, દ્વેષ કરે, ૨ વધુ અપરાધ પર અત્યંત ગુસ્સો, દ્વેષ કરે, ૩ અજ્ઞાનતાથી દ્વેષ રાખે અને જાવજીવ સુધી દ્વેષ રાખે.

(૩) **ધર્મધ્યાનના ૪ પાયા**– વીતરાગની આજ્ઞાનું ચિંતવન કરે. ૨ કર્મ આવવાનાં સ્થાન (કારણ)ને વિચારે, ૩ શુભાશુભ કર્મ વિપાકને વિચારે અને ૪ લોક સંસ્થાનનો વિચાર કરે.

ધર્મધ્યાનનાં ચાર લક્ષણ–૧ વીતરાગ–આજ્ઞાની રૂચિ, ૨ નિસર્ગ (જ્ઞાનાદિ ઊપજવાથી સ્વભાવિક થયેલી) રુચિ, ૩ ઉપદેશ રૂચિ અને સૂત્ર (સિદ્ધાંતઆગમ) રુચિ.

ધર્મધ્યાનના ૪ અવલંબન–વાંચના, પૃચ્છના, પરાવર્તના અને ધર્મકથા.

ધર્મધ્યાનની ૪ અનુપ્રેક્ષા–૧ એગચ્ચાણુપેહા=જીવ એકલો આવ્યો, એકલો જશે, એવા જીવના એકલાપણાનો વિચાર, ૨ અણિચ્ચાણુપેહા=સંસારની અનિત્યતાનો વિચાર, ૩ અસરણાણુપેહા=સંસારમાં કોઇ કોઇનું શરણ નથી ઇ૦ વિચાર, અને ૪ સંસારાણુપેહા=સંસારની સ્થિતિ (દશા નો વિચાર કરવો.

૪ **શુક્લધ્યાનના ૪ પાયા**– ૧ એક એક દ્રવ્યમાં ભિન્ન ભિન્ન અનેક પર્યાય–ઊપન્ને વા, વિગમે વા, ધ્રુવે વા–ભાવોનો વિચાર કરવો, ૨ અનેક દ્રવ્યોમાં એક ભાવ (અગુરુલઘુ આદિ) નો વિચાર કરવો. ૩ અયગાવસ્થામાં ત્રણેય યોગોનું રૂંધન વિચારે, ૪ ચૌદમા ગુણસ્થાનની સૂક્ષ્મ ક્રિયાથી પણ નિવર્તવાનું ચિંતવે.

શુક્લધ્યાનનાં ૪ લક્ષણ–૧ દેવાદિના ઉપસર્ગથી ચલિત ન થાય, ૨ સૂક્ષ્મભાવ (ધર્મની ઝીણવટ) સાંભળીને ગ્લાનિ ન લાવે, ૩ શરીર–આત્માને ભિન્ન ચિંતવે અને ૪ શરીરને અનિત્ય સમજી પુદ્ગલને પરવસ્તુ જાણીને તેમનો ત્યાગ કરે.

શુક્લધ્યાનના ૪ અવલંબન–૧ ક્ષમા, ૨ નિર્લોભતા, ૩ નિષ્કપટતા, ૪ મદરહિતતા.

શુક્લધ્યાનની ૪ અનુપ્રેક્ષા–૧ આ જીવે અનંતવાર સંસાર ભ્રમણ કર્યું છે, એમ વિચારે, ૨ સંસારની બધી પૌદ્ગલિક વસ્તુ અનિત્ય છે, શુભ પુદ્ગલ અશુભ રૂપે અને અશુભ, શુભ રૂપે પરિણમે છે માટે શુભાશુભ પુદ્ગલોમાં આસક્ત બનીને રાગદ્વેષ ન કરવો. ૩ સંસાર પરિભ્રમણનું મૂળ કારણ શુભાશુભ કર્મ છે, કર્મબંધના મૂળ કારણ ૪ હેતુ છે. એમ વિચારે અને ૪ થું–કર્મહેતુઓને છોડી સ્વસત્તામાં રમણતા કરવાનો વિચાર. આવા વિચારોમાં તન્મય (એક રૂપ) થઇ જવાય તે શુક્લ ધ્યાન.

ઇતિ ચાર ધ્યાન સંપૂર્ણ.

———

રૂપી અરૂપીના બોલ.

ગાથા :–કમ્મટ્ઠ પાવઠ્ઠાણા ય, મણ વયજોગા ય કમ્મદેહે ;
સુહુમપ્પએસી ખંધે, એ સવ્વે ચઉ ફાસા ૧

અર્થ:-**કર્મ** ૮ (જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ) **પાપસ્થાનક** (પ્રાણાતિપાતાદિ અઢાર પાપસ્થાનક) ૧૮ કુલ ૨૬ ૨૭ મનયોગ, ૨૮ વચનયોગ, ૨૯ કાર્માણ શરીર અને ૩૦ સૂક્ષ્મપ્રદેશી સ્કંધ, એ સર્વે ત્રીશ બોલ રૂપી ચઉસ્પર્શી છે. તેમાં સોળ બોલ લાભે–૫ વર્ણ, ૨ ગંધ ૫ રસ અને ૪ સ્પર્શ (શીત, ઉષ્ણ, રૂક્ષ અને સ્નિગ્ધ).

ઘણ તણવાય ઘણોદહિ, પુઢવિ સત્ત વ સત્તનિરીયાણ;
અસંખેજ દીવ સમુદ્દા, કપ્પા ગેવિજા અણુત્તરા સિદ્ધ. ૨

અર્થ :–૧ ઘનવાત. ૨ તનવાત. ૩ ઘનોદધિ, પૃથ્વી સાત ૧૦ ૧૧ અસંખ્યાતા દ્વીપ, ૧૨ અસંખ્યાતા સમુદ્ર, બાર દેવલોક ૨૪, નવ ગ્રૈવેયક–૩૩ પાંચ અનુત્તર વિમાન ૩૮, સિદ્ધશિલા ૩૯.

ઉરાલિયા ચઉદેહા, પુગ્ગલકાય છ દવ્વ લેસ્સા ય;
તહેવ કાયજોગેણં, એ સવ્વેણં અટ્ઠ ફાસા. ૩

અર્થ:–૪૦ ઔદારિક શરીર, ૪૧ વૈક્રિય શરીર, ૪૨ આહારક શરીર ૪૩ તૈજસ શરીર (એ ચાર દેહ), ૪૪ પુદ્દગલાસ્તિકાયનો બાદર સ્કંધ, છ દ્રવ્ય લેશ્યા (કૃષ્ણાદિક) ૫૦, ૫૧ કાયયોગ એ સર્વ મળી એકાવન બોલરૂપી આઠ સ્પર્શી, છે. તેમાં વીશ બોલ લાભે (૫ વર્ણ ૨ ગંધ, ૫ રસ અને ૮ સ્પર્શ).

પાવઠાણા વિરઈ, ચઉ ચઉ બુદ્ધિ ઉગ્ગહે;
સન્ના ધમ્મત્થિ પંચ ઉટ્ઠાણં. ભાવલેસ્સા તિદિટ્ઠિય. ૪

અર્થ:-અઢારે પાપસ્થાનકની નિવૃત્તિ ૧૮, ચાર બુદ્ધિ તે ૧૯ ઔત્પાતિકા, ૨૦ વૈનયિકા, ૨૧ કાર્મિકા અને ૨૨ પરિણામિકા, ચાર મતિ તે ૨૩ અવગ્રહ, ૨૪ ઇહા, ૨૫ અવાય અને ૨૬ ધારણા; ચારસંજ્ઞાને ૨૭ આહાર, ૨૮ ભય, ૨૯ મૈથુન અને ૩૦ પરિગ્રહ સંજ્ઞા; પાંચ અસ્તિકાય તે ૩૧ ધર્માસ્તિકાય, ૩૧ અધર્માસ્તિકાય, ૩૩ આકાશાસ્તિકાય, ૩૪ કાળ, અને ૩૫ જીવાસ્તિકાય, પાંચ ઉઠાણ તે ૩૬–ઉત્થાન ૩૭ કર્મ ૩૮ વીર્ય, ૩૯ બળ અને ૪૦ પુરુષાકાર પરાક્રમ, છ ભાવ લેશ્યા ૪૬ અને ત્રણ દષ્ટિ તે–૪૭ સમકિત દષ્ટિ, ૪૮ મિથ્યાદષ્ટિ. અને ૩૯ મિશ્રદષ્ટિ.

દંસણ નાણ સાગરા અણાગરા ચઉવીસે દંડગા જીવ;
એ સવ્વે અવન્ના, અરૂવી અફાસગા ચેવ. ૫

અર્થ :– દર્શન ચાર તે–૫૦ ચક્ષુદર્શન, ૫૧ અચક્ષુદર્શન, ૫૨ અવધિદર્શન, અને ૫૩ કેવળદર્શન, જ્ઞાન પાંચ તે ૫૪ મતિજ્ઞાન, ૫૫ શ્રુતજ્ઞાન, ૫૬ અવધિજ્ઞાન, ૫૭ મનઃપર્યવ જ્ઞાન ૫૮ કેવળ જ્ઞાન, ૫૯ સાકારોપયોગ તે જ્ઞાનનો ઉપયોગ. ૬૦ અનાકારોપયોગ તે દર્શનનો ઉપયોગ, ૬૧ ચોવીશે દંડકના જીવો.

એ સઘળાં ૬૧ બોલમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ન લાભે કારણ કે એ સર્વ બોલ અરૂપીના છે.

ઇતિ રૂપી અરૂપીના બોલ સંપુર્ણ.

પ્રમાણ નય

શ્રી અનુયોગદ્વાર સૂત્ર અને અન્ય ગ્રન્થોને આધારે ૨૪ દ્વાર કહેવાય છે. (૧) સાત નય (૨) ચાર નિક્ષેપ, (૩) દ્રવ્ય, ગુણ, પર્યાય, (૪) દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ, (૫) દ્રવ્ય–ભાવ, (૬) કાર્ય–કારણ. (૭) નિશ્ચય–વ્યવહાર, (૮) ઉપાદાન–નિમિત્ત, (૯) ચાર પ્રમાણ, (૧૦) સામાન્ય–વિશેષ, (૧૧)ગુણ–ગુણી, (૧૨) જ્ઞેય, જ્ઞાન, જ્ઞાની, (૧૩) ઉપ્પને વા, ધુવે વા, (૧૪) આધેય– આધાર (૧૫) આવિર્ભાવ, તિરોભાવ, (૧૬) ગૌણતા મુખ્યતા, (૧૭) ઉત્સર્ગ–અપવાદ, (૧૮) ત્રણ આત્મા, (૧૯) ચાર ધ્યાન, (૨૦) ચાર અનુયોગ, (૨૧) ત્રણ જાગૃતિ, ૨૨) નવ વ્યાખ્યા, (૨૩) આઠ પક્ષ, (૨૪) સપ્તભંગી.

૧ નય– (પદાર્થના અંશને ગ્રહણ કરે તે) પ્રત્યેક પદાર્થના અનેક અનેક ધર્મ છે, અને એ દરેકને ગ્રહણ કરનાર એકેક **નય** ગણાય. એ રીતે અનંત નય થઇ શકે, પણ અત્રે સંક્ષેપથી ૬ નય વર્ણવાશે.

નયના મુખ્ય બે ભેદ છે–દ્રવ્યાસ્તિક (દ્રવ્યને ગ્રહનારી) અને પર્યાયાસ્તિક (જે પર્યાયોને ગ્રહણ કરે તે) **દ્રવ્યાસ્તિક** નયના ૧૦ ભેદ, ૧ નિત્ય, ૨ એક, ૩ સત્, ૪ વક્તવ્ય, ૫ અશુદ્ધ ૬ અન્વય, ૭ પરમ, ૮ શુદ્ધ, ૯ સત્તા, ૧૦ પરમ ભાવ–દ્રવ્યાસ્તિક નય **પર્યાયાસ્તિક** નયના ૬ ભેદ–દ્રવ્ય, દ્રવ્ય વ્યંજન, ગુણ, ગુણવ્યંજન. સ્વભાવ અને વિભાવ–પર્યાયાસ્તિક નય. આ બન્ને નયોના ૭૦૦ ભાંગા થઇ શકે છે.

નય સાત–૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫ શબ્દ ૬ સમભિરૂઢ, ૭ એવંભૂત નય, એમાંથી પહેલી ૪ નયોને દ્રવ્યાસ્તિક, અર્થ કે ક્રિયાનય કહે છે અને પાછલી ત્રણને પર્યાયાસ્તિક, શબ્દ કે જ્ઞાન–નય કહે છે. હવે તેનો વિસ્તાર કહે છે.

૧. નૈગમ–નય જેનો એક (ગમ) સ્વભાવ નથી. અનેક માન, ઉન્માન, પ્રમાણથી વસ્તુ માને, ત્રણે કાળ, ૪ નિક્ષેપા, સામાન્ય–વિશેષ આદિ માને, તેના ૩ ભેદ–

૧. અંશ–વસ્તુના અંશને ગ્રહીને વસ્તુ માને, જેમ નિગોદને સિદ્ધ સમાન માને.

૨. આરોપ–ભૂત, ભવિષ્ય અને વર્તમાન, ત્રણે કાળનો વર્તમાનમાં આરોપ કરે.

૩. વિકલ્પ–અધ્યવસાય ઉત્પન્ન થાય તે, એવા ૭૦૦ વિકલ્પ થઇ શકે તે.

શુદ્ધ નૈગમ અને અશુદ્ધ નૈગમ નય એમ બે ભેદ પણ છે.

૧. સંગ્રહ નય–વસ્તુની મૂળ સત્તાને ગ્રહણ કરે. જેમ સર્વ જીવોને સિદ્ધ સમ જાણે. જેમ **એગે આયા** આત્મા એક છે. (એક સરખા સ્વભાવ અપેક્ષા.) ૩ કાળ, ૪ નિક્ષેપા અને સામાન્ય માને, વિશેષ ન માને.

૩. વ્યવહાર નય–અંતઃકરણ (આંતરિક દશાની દરકાર ન કરતાં બાહ્ય વ્યવહાર માને, જેમ જીવને મનુષ્ય તિર્યંચ, નારક, દેવ માને, જન્મ્યો, મર્યો વગેરે. પ્રત્યેક રૂપી પદાર્થોમાં વર્ણ, ગંધ આદિ ૨૦ બોલ સત્તામાં છે પણ બાહ્ય દેખાય તે જ માને, જેમ હંસનો ધોળો, ગુલાબને સુગંધી, સાકરને મીઠી માને, તેના પણ શુદ્ધ અશુદ્ધ ૨ ભેદ, સામાન્ય સાથે વિશેષ માને, ૪ નિક્ષેપા, ત્રણે કાળની વાતને માને.

૪. ઋજુસૂત્ર–ભૂત, ભવિષ્યની પર્યાયોને છોડી માત્ર વર્તમાન સરળ-પર્યાયને માને. વર્તમાન કાળ, ભાવનિક્ષેપ અને વિશેષને જ માને, જેમ સાધુ છતાં ભોગમાં ચિત્ત ગયું તેને ભોગી અને ગૃહસ્થ છતાં ત્યાગમાં ચિત્ત ગયું તેને સાધુ માને.

એ ચાર દ્રવ્યાસ્તિક નય છે. એ ચાર નય સમકિત, દેશવ્રત, સર્વવ્રત, ભવ્ય, અભવ્ય બન્નેમાં હોય પણશુદ્ધોપયોગ રહિત હોવાથી જીવનું કલ્યાણ નથી થતું.

૫. શબ્દ નય–સરખા શબ્દોનો એક જ અર્થ કરે, વિશેષ, વર્તમાનકાળ અને ભાવ-નિક્ષેપને જ માને. લિંગભેદ ન માને. શુદ્ધ ઉપયોગને જ માને. જેમકે- શક્રેન્દ્ર, દેવેન્દ્ર, પુરેન્દ્ર. સુચિપતિ એ બધાને એક માને.

૬. સમભિરૂઢ નય–શબ્દના ભિન્ન ભિન્ન અર્થને માને, જેમ શક્રસિંહાસન પર બેઠેલાને જ શક્રેન્દ્ર માને. એક અંશ ન્યૂન હોય તેને પણ વસ્તુ માની લે, વિશેષ ભાવનિક્ષેપ અને વર્તમાન કાળને જ માને.

૭ એવંભુત નય–એક અંશ પણ કમ ન હોય એને વસ્તુ માને. શેષને અવસ્તુ માને. વિશેષ, વર્તમાનકાળ અને ભાવનિક્ષેપાને જ માને.

જે નયથી જ એકાંત પક્ષ ગ્રહણ કરે તે નયાભાસ (મિથ્યાત્વી) કહેવાય છે. જેમ સાત આંધળાએ ૧ હાથીના અનુક્રમે દંતૂશળ, સૂંઢ, કાન, પેટ, પગ, પૂંછડું અને કુંભસ્થળ પકડીને કહેવા લાગ્યા કે હાથી સાંબેલા જેવો, હડુમાન જેવો, સુપડા જેવો, કોઠી જેવો, થાંભલા જેવો, ચામર જેવો કે ઘડા જેવો છે. તો **સમદૃષ્ટિ** તો બધાંને એકાંતવાદી સમજી મિથ્યા માનશે, પણ બધી નયો મેળવવાથી સત્ય સ્વરૂપ થાય છે અને તે જ **સમદૃષ્ટિ** કહેવાય.

૨. નિક્ષેપ ચાર–એકેક વસ્તુના જેમ અનંત નય હોઇ શકે તેમ નિક્ષેપ પણ અનંત હોઇ શકે પણ અહીં મુખ્ય ચાર ચાર નિક્ષેપા વર્ણવ્યા છે. નિક્ષેપા–સામાન્ય રૂપ પ્રત્યક્ષ જ્ઞાન છે, વસ્તુ તત્ત્વગ્રહણમાં અતિ આવશ્યક છે. તેના ચાર ભેદ :–

૧. **નામનિક્ષેપ**-જીવ કે અજીવનું અર્થ શૂન્ય, યથાર્થ કે અયથાર્થ નામ રાખવું તે.

૨. **સ્થાપના નિક્ષેપ**-જીવ કે અજીવની સદૃશ [સદ્ભાવ] કે અસદૃશ [અસદ્ભાવ સ્થાપના [આકૃતિ, કે આંક] કરવી તે સ્થાપના નિક્ષેપ.

૩. **દ્રવ્યનિક્ષેપ**-ભૂત અને ભવિષ્યકાળની દશાને વર્તમાનમાં ભાવ શૂન્ય છતાં કહેવી-માનવી, જેમ યુવરાજને કે પદભ્રષ્ટ રાજાને રાજા માનવો, કોઇના કલેવર [મડદાં] ને એના નામે જાણવું.

૪ ભાવ નિક્ષેપ- સંપૂર્ણ ગુણયુક્ત વસ્તુને જ વસ્તુરૂપે માનવી.

દૃષ્ટાંત-મહાવીર નામ તે **નામ નિક્ષેપ,** તે ગમે તેનું નામ રાખ્યું હોય, મહાવીર લખ્યું હોય, ચિત્ર કર્યું હોય, મૂર્તિ હોય કે કોઈ ચીજ મૂકીને એને મહાવીર તરીકે કહીએ, તે મહાવીરનો **સ્થાપના નિક્ષેપ,** કેવળજ્ઞાન થયા પહેલાંના સંસારી જીવનને કે નિર્વાણ પામ્યાના બાદ શરીરને મહાવીર માનવા તે મહાવીરનો **દ્રવ્ય નિક્ષેપ.** અને મહાવીર પોતે કેવળજ્ઞાન, દર્શન સહિત બિરાજતા હોય તેમને જ મહાવીર કહેવા તે **ભાવ નિક્ષેપ** માનવો એ રીતે જીવ અજીવ આદિ સર્વ પદાર્થોનું ચાર નિક્ષેપા ઉતારી જ્ઞાન થઈ શકે.

૩. દ્રવ્ય-ગુણ-પર્યાય દ્વાર-ધર્માસ્તિકાય આદિ જેમ છ **દ્રવ્ય છે;** ચલન સહાય આદિ સ્વભાવ તે દરેકના જુદા **ગુણ** છે; અને દ્રવ્યોમાં ઉત્પાદ, વ્યય, આદિ પરિવર્તન થવું તે **પર્યાયો છે.** મૂળ ગુણ અને દ્રવ્ય ધ્રુવ છે.

દૃષ્ટાંત-જીવ તે **દ્રવ્ય,** જ્ઞાન-દર્શન આદિ **ગુણ,** મનુષ્ય, તિર્યંચ, દેવ,.. સાધુ આદિ દશા તે વ્યંજન **પર્યાય** સમજવી અને ગુણોમાં ઉપયોગ આશ્રી પરિવર્તન દશા તે અર્થ પર્યાય.

૪. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, દ્વાર,-**દ્રવ્ય** તે જીવ, અજીવ આદિ; **ક્ષેત્ર** તે આકાશ પ્રદેશ, **કાળ** તે સમય ઘડી, ભાવ કાળચક્ર; **ભાવ** વર્ણ ગંધ, રસ, સ્પર્શ આદિ. જીવ, અજીવ બધા ઉપર દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ ઉતારી શકાય.

૫ ભાવ-દ્વાર-ભાવને-પ્રકટ કરવામાં તે સહાયક દ્રવ્ય છે. જેમ દ્રવ્યથી જીવ અમર, શાશ્વત છે, ભાવથી અશાશ્વત છે દ્રવ્યથી લોક શાશ્વત છે, ભાવથી અશાશ્વતો છે. એટલે કે દ્રવ્ય તે મૂળ વસ્તુ છે, સદૈવશાશ્વતી છે, ભાવ તે વસ્તુની પર્યાય છે-અશાશ્વતી છે.

જેમ ભમરો લાકડું કોતરે છે તેમાં 'ક' જેવો આકાર બની ગયો દ્રવ્ય 'ક' અને કોઈ પંડિતે સમજીને 'ક' લખ્યો તે ભાવ 'ક' જાણવો.

૬ કારણ-કાર્ય દ્વાર-કાર્ય (સાધ્ય)ને પ્રગટ કરનાર પહોંચાડનાર તે કારણ છે. કારણ વિના કાર્ય ન થાય. જે ઘડો બનાવવો તે કાર્ય છે, તો માટી, કુંભાર, ચાકડો આદિ કારણ અવશ્ય જોઈએ. માટે કારણ મુખ્ય છે.

૭ નિશ્ચય વ્યવહાર-નિશ્ચયને પ્રકટ કરનાર તે વ્યવહાર છે. વ્યવહાર બળવાન છે. વ્યવહારથી જ નિશ્ચયને પહોંચી શકાય છે. જેમ નિશ્ચયમાં કર્મના કર્તા કર્મ છે, વ્યવહારથી જીવ કર્મોનો કર્તા મનાય છે જેમ નિશ્ચયથી આપણે ચાલીએ છીએ અને વ્યવહારથી કહીએ કે ગામ આવ્યું. પાણી ચુવે તેને કહીએ કે નાળ ચુવે છે ઇત્યાદિ.

૮. ઉપાદાન-નિમિત્ત-ઉપાદાન તે મૂળ કારણ જે સ્વયં કાર્યરૂપે પરિણમે જેમ ઘડાનું ઉપાદાન કારણ માટી અને નિમિત્ત તે સહકારી કારણો જેમાં ઘડો બનાવવામાં કુંભાર, પાવડો ચાકડો, વગેરે, શુદ્ધ નિમિત્ત કારણ હોય તો ઉપાદાનને સાધક થાય અને અશુદ્ધ નિમિત્ત હોય તો ઉપાદાનને બાધક પણ થાય.

૯ ચાર પ્રમાણ-પ્રત્યક્ષ, આગમ, અનુમાન અને ઉપમા પ્રમાણ. **પ્રત્યક્ષના ૨ ભેદ**-૧ ઇન્દ્રિય પ્રત્યક્ષ (પાંચ ઇંદ્રિયોથી થતું પ્રત્યક્ષ જ્ઞાન) અને ૨ નોઇન્દ્રિય પ્રત્યક્ષ (ઇંદ્રિયોની સહાય વિના માત્ર આત્મશુદ્ધતાથી પ્રત્યક્ષ જ્ઞાન થાય તે) તેના ૨ ભેદ-૧ દેશથી તે અવધિ મનપર્યવ જ્ઞાન અને ૨ સર્વથી તે કેવળજ્ઞાન.

આગમ પ્રમાણ–શાસ્ત્રવચન, આગમોની હકીકતોને પ્રમાણ માનવી.

અનુમાન પ્રમાણ–જે વસ્તુ અનુમાનથી જણાય તે. તેના ૫ ભેદ.

૧ કારણથી જેમ ઘડાનું કારણ, માટી પણ માટીનું કારણ ઘડો નથી.

૨ ગુણથી–જેમ પુષ્પમાં સુગંધ, સુવર્ણમાં કોમળતા, જીવમાં જ્ઞાન

૩ આસરણ જેમ ધુમાડાથી અગ્નિ, વિજળીથી વાદળાં આદિ જાણવું તે.

૪ **આવયવેણ**–જેણે દંતૂશળથી હાથી, ચુડીઓથી ગૌરી, જ્ઞાન રૂચિથી સમકિતી જણાય.

૫ **દિઠ્ઠિસામન્ન**–સામાન્યથી વિશેષને જાણે જેમ ૧ રૂપીઆને જોઇ ઘણાને જાણે.

૬ માણસને જોવાથી આખા દેશના માણસોને જાણે.

ભલા બૂરા ચિન્હ જોઇને ત્રણેય કાળના જ્ઞાનની કલ્પના અનુમાનથી થઈ શકે છે.

ઉપમ પ્રમાણ–ઉપમા આવી, સરખામણીથી જ્ઞાન કરવું તેના ૪ ભેદ. [૧] યથાર્થ વસ્તુને યથાર્થ ઉપમા [૨] યથાર્થ વસ્તુને અયથાર્થ ઉપમા, [૩] અયથાર્થ વસ્તુને યથાર્થ ઉપમા અને [૪] અયથાર્થ વસ્તુને અયથાર્થ ઉપમા.

૧૦. સામાન્ય–વિશેષ–સામાન્યથી વિશેષ બળવાન છે સમુદાય રૂપ જાણવું તે **સામાન્ય.** વિવિધ ભેદાનુભેદથી જાણવું તે **વિશેષ.**

જેમ દ્રવ્ય સામાન્ય, જીવ અજીવ વિશેષ.

જીવ દ્રવ્ય સામાન્ય, સંસારી, સિદ્ધ વિશેષ ઈત્યાદિ.

૧૧ –ગુણ–ગુણી–પદાર્થમાં ખાસ વસ્તુ (સ્વભાવ) છે તે ગુણ છે અને એ ગુણ જેમાં છે તે વસ્તુ [ગુણધારક] ને **ગુણી** કહે છે. જેમ જ્ઞાન તે ગુણ અને જીવ ગુણી. સુગંધ ગુણ, પુષ્પ ગુણી; ગુણ અને ગુણી અભેદ [અભિન્ન] રૂપે રહે છે.

૧૨. જ્ઞેય–જ્ઞાન–જ્ઞાની–જાણવા યોગ્ય [જ્ઞાનના વિષયભૂત] સર્વ દ્રવ્યો **જ્ઞેય** છે, દ્રવ્યોનું જાણવાપણું તે **જ્ઞાન** છે, અને પદાર્થોને જાણનાર તે **જ્ઞાની** છે. જેમ ધ્યેય, ધ્યાન, ધ્યાની, વગેરે.

૧૩. ઉપ્પન્ને વા, વિહ્નને વા, ધ્રુવે વા–ઊપજવું, નાશ થવું અને નિશ્ચળ રૂપે રહેવું, જેમ જન્મવું, મરવું અને જીવપણે કાયમ [અમર] રહેવું.

૧૪. આધેય–આધાર–ધારી રાખે તે **આધાર,** તેને આધારે રહે તે **આધેય,** જેમ–પૃથ્વી આધાર, ઘટાદિ પદાર્થો આધેય જીવ આધાર, જ્ઞાનાદિ આધેય.

૧૫. આવિર્ભાવ–તિરોભાવ–તિરોભાવ જે પદાર્થ દૂર છે, અને જે પદાર્થ–ગુણ નજીકમાં છે તે આવિર્ભાવ. જેમ દૂધમાં ઘીનો તિરોભાવ છે અને માખણનાં ઘીનો આવિર્ભાવ છે.

૧૬. ગૌણતા–મુખ્યતા–અન્ય વિષયો છોડીને આવશ્યક વસ્તુનું વ્યાખ્યાન કરાય તે **મુખ્યતા,** અને જે વસ્તુ ગુપ્તપણે–અપ્રધાનપણે રહી હોય તે **ગૌણતા** છે. જેમ–જ્ઞાનથી મોક્ષ થાય છે, એમ કહેવામાં જ્ઞાનની **મુખ્યતા** રહી અને દર્શન, ચારિત્ર તપાદિની **ગૌણતા** રહી.

૧૭. ઉત્સર્ગ–અપવાદ–ઉત્સર્ગ–તે ઉત્કૃષ્ટ માર્ગ છે, અને **અપવાદ** તેનો રક્ષક છે, ઉત્સર્ગ માર્ગથી પતિત અપવાદનું અવલંબન લઇને ફરીથી ઉત્સર્ગ (ઉત્કૃષ્ટ) માર્ગે પહોંચી શકે છે. જેમ સદા ૩ ગુપ્તિથી રહેવું તે ઉત્સર્ગ માર્ગ; અને ૫ સમિતિ તે ગુપ્તિના રક્ષક–સહાયક–અપવાદ માર્ગ છે. ઈત્યાદિ ષટ્દ્રવ્યમાં પણ જાણવા.

૧૮. ત્રણ આત્મા–બહિરાત્મા, અંતરાત્મા, અને પરમાત્મા.
બહિરાત્મા–શરીર, ધન, ધાન્યાદિ સમૃદ્ધિ, કુટુંબપરિવાર આદિમાં તલ્લીન થવું તે મિથ્યાત્વી.
અંતરાત્મા–બાહ્ય વસ્તુને પર સમજી તેને ત્યાગવા ચાહે–ત્યાગે તે ૪ થી ૧૨ ગુણસ્થાનવાળા.
પરમાત્મા–સર્વ કાર્ય સિદ્ધ થયા. કર્મમુક્ત થઇ સ્વ–સ્વરૂપમાં લીન છે તે સિદ્ધ પરમાત્મા તથા અરિહંત.

૧૯. ચાર ધ્યાન-૧ પદસ્થ–પંચ પરમેષ્ટિના ગુણોનું શબ્દોથી મનમાં બોલીને ધ્યાન કરવું તે.

૨ **પિંડસ્થ**–શરીરમાં રહેલ અનંત ગુણયુક્ત ચૈતન્યનું અધ્યાત્મ–ધ્યાન કરવું

૩ **રૂપસ્થ**–અરૂપી છતાં કર્મયોગે આત્મા સંસારમાં અનેક રૂપ ધારણ કરે છે. એ વિચિત્ર સંસાર અવસ્થાનો વિચાર અને સંસારથી છૂટવાના ઉપાય ચિંતવવા તથા અરિહંતના સ્વરૂપનો વિચાર.

૪ **રૂપાતીત**–સચ્ચિદાનંદ, અગમ્ય, નિરાકાર નિરંજન, સિદ્ધ પ્રભુનું ધ્યાન કરવું. શુદ્ધ આત્મગુણોનો અનુભવ કરવો.

૨૦. **ચાર અનુયોગ-૧ દ્રવ્યાનુયોગ**–જીવ અજીવ, ચૈતન્ય જડ (કર્મ), આદિ દ્રવ્યોનાં સ્વરૂપનું જેમાં વર્ણન હોય. ૨ **ગણિતાનુયોગ**–જેમાં ક્ષેત્ર, પહાડ, નદી દેવલોક, નારકી, જ્યોતિષી આદિના ગણિત–માપનું વર્ણન હોય. ૩ **ચરણકરણાનુયોગ** જેમાં સાધુ–શ્રાવકનો આચાર, ક્રિયાનું વર્ણન હોય. ૪ **ધર્મકથાનુયોગ** જેમાં શ્રાવક, રાજા, રંક આદિના વૈરાગ્યમય બોધદાયક જીવન–પ્રસંગોનું વર્ણન હોય.

૨૧ જાગરણા ત્રણ–(૨) બુદ્ધ જાગરિકા–તીર્થંકર અને કેવળીઓની દશા. (૨) અબુદ્ધ જાગરિકા–છદ્મસ્થ મુનિઓની, અને (૩) સુદખુ જાગરિકા–શ્રાવકોની.

૨૨ વ્યાખ્યા નવ–એકેક વસ્તુની ઉપચાર નયથી ૯–૯ રીતે વ્યાખ્યા કરાય.

(૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર–જેમ કાષ્ઠમાં વંશલોચન.
(૨) દ્રવ્યમાં ગુણનો „–„ જીવ જ્ઞાનવંત છે.
(૩) „ પર્યાયનો „–„ આ જીવ સ્વરૂપવાન છે.
(૪) ગુણમાં દ્રવ્યનો „–„ અજ્ઞાની જીવ છે.
(૫) „ ગુણનો „–„ જ્ઞાની છતાં બહુ ક્ષમાવંત છે.
(૬) „ પર્યાયનો „–„ આ તપસ્વી ઘણા રૂપાળા છે.
(૭) પર્યાયમાં દ્રવ્યનો „–„ આ પ્રાણી દેવતાનો જીવ છે.
(૮) „ ગુણનો „–„ આ મનુષ્ય બહુ જ્ઞાની છે.
(૯) „ પર્યાયનો „–„ આ મનુષ્ય શ્યામ વર્ણનો છે. ૪૦

૨૩ પક્ષ આઠ–એક વસ્તુની અપેક્ષાએ અનેક વ્યાખ્યા થઇ શકે છે. એમાં મુખ્યતયાય આઠ પક્ષ લઇ શકાય:– નિત્ય, અનિત્ય, એક, અનેક, સત, અસત, વક્તવ્ય, અવક્તવ્ય આ આઠ પક્ષ નિશ્ચય વ્યવહારથી જીવ પર ઊતારે છે.

પક્ષ	વ્યવહાર નય અપેક્ષા	નિશ્ચય નય અપેક્ષા
નિત્ય.	એક ગતિમાં ફરતાં નિત્ય છે.	જ્ઞાન, દર્શન અપેક્ષા નિત્ય છે.
અનિત્ય	સમય સમય આયુષ્ય ક્ષય થતાં અનિત્ય છે.	અગુરુલઘુ આદિ પર્યાયથી અનિત્ય છે.
એક	ગતિમાં વર્તતાએ દશાએ એક છે.	ચૈતન્ય અપેક્ષા જીવ એક છે.
અનેક	પુત્ર ભાઇ, આદિ સમપણે અનેક છે.	અસંખ્ય પ્રદેશાપેક્ષા અનેક છે.
સત્	સ્વગતિ સ્વક્ષેત્રાપેક્ષા સત્ છે	જ્ઞાનાદિ ગુણપેક્ષા સત્ છે.
અસત્	પરગતિ, પરક્ષેત્રાપેક્ષા અસત્ છે	પરગુણ અપેક્ષા અસત્ છે.
વક્તવ્ય	ગુણસ્થાન આદિની વ્યાખ્યા થઇ શકે તે.	સિદ્ધના ગુણોની જે વ્યાખ્યા થઈ શકે તે વકતવ્ય છે.
અવ્યક્તવ્ય	જે વ્યાખ્યા કેવળી પણ ન કરી શકે તે અનુક્રમ વગર વ્યાખ્યા થઇ શકે નહિ.	સિદ્ધના સર્વ ગુણોની વ્યાખ્યા ન થઇ શકે તે. તેમજ કોઇપણ એક ગુણ જેમકે કેવળ જ્ઞાન તેની સંપૂર્ણ વ્યાખ્યા કરી શકાય નહિ.

૨૫. **સપ્તભંગી**–૧ સ્યાતઅસ્તિ, ૨ સ્યાત્નાસ્તિ ૩ સ્યાત્ અસ્તિનાસ્તિ, ૪ સ્યાત્ અવક્તવ્ય, ૫ સ્યાતઅસ્તિ અવક્તવ્ય, ૬ સ્યાત્ નાસ્તિ અવકતવ્ય, ૭ સ્યાત્ અસ્તિ–નાસ્તિ અવકતવ્ય.

આ સપ્તભંગી હરેક પદાર્થ (દ્રવ્ય) પર ઉતારી શકાય છે. તેમાં જ **સ્યાદ્વાદનું** રહસ્ય રહેલું છે એકેક પદાર્થને અનેક અપેક્ષાએ જોનાર સદા સમભાવી હોય.

દૃષ્ટાંત માટે સિદ્ધ પરમાત્મા પર સપ્તભંગી ઉતારે છે :–

૧. સ્યાત્ અસ્તિ-સિદ્ધો સ્વગુણ અપેક્ષા એ સિદ્ધ છે. સિદ્ધમાં સિદ્ધના ગુણો છે.
૨. સ્યાત્ નાસ્તિ–સિદ્ધો પર ગુણ અપેક્ષા નથી (પરગુણોનો અભાવ છે.)
૩. સ્યાદસ્તિ નાસ્તિ–સિદ્ધામાં સ્વગુણોની અસ્તિ અને પરગુણોની નાસ્તિ છે,
૪. સ્યાદવક્તવ્ય–અસ્તિ–નાસ્તિ યુગપત્ છે છતાં એક સમયમાં કહી શકાતી નથી.
૫. સ્યાદસ્તિ અવકતવ્ય–સ્વગુણો અસ્તિ છે છતાં ૧ સમયમાં કહી નથી શકતા.
૬. સ્યાન્નાસ્ત્યવકતવ્ય-પરગુણોની નાસ્તિ છે અને એક સમયમાં કહી નથી શકતા.
૭. સ્યાદસ્તિનાસ્ત્યવકતવ્ય–અસ્તિ–નાસ્તિ બંને છે પણ એક સમયમાં કહી નથી શકતા.

એ સ્યાદ્વાદ સ્વરૂપ સમજીને સદા સમભાવી બનીને રહેવું, જેથી આત્મકલ્યાણ થાય.

ઇતિ નય પ્રમાણ વિસ્તાર સમ્પૂર્ણ.

*

(૧) મંગલમય મહાવીર

મંગલમય મહાવીર, અમારા મંગલમય મહાવીર.
શાસનનાયક, વીર જિનેશ્વર, ઉતારો ભવ તીર...અમારા૦ ૧
ચંદનબાળા સતી શીલવતી, લાવ્યા બાકળા પ્રતિવિર...અમારા૦ ૨
ચરણે ડસ્યો ચંડ નાગ કોશીઓ, દૂધનું વહ્યું રૂધિર...અમારા૦ ૧

(૨) શ્રી ચોવીશ જિનની આરતી

જય મુક્તિદાતા, પ્રભુ જય મુક્તિદાતા.
તુજને વંદન કરીએ (૨), ગુણ તારા ગાતાં; જયદેવ, જયદેવ. એ ટેક.
આદિનાથ અજીત, સંભવ સુખકારી, પ્રભુ સંભવ સુખકારી,
કષ્ટ અમારાં કાપો (૨) હે ભવ ભયહારી. જય૦ ૧
અભિનંદન સુમતિ, પદ્મ તું મુજ પ્યારો, પ્રભુ પદ્મ તું મુજ પ્યારો,
સુપાર્શ્વ ચંદ્ર સુવિધિ (૨), શીતળ ભવતારો જય૦ ૨
શ્રેયાંસ વાસુ વિમળ, અનંત ગુણ ભરીઆ, પ્રભુ અનંત ગુણ ભરીઆ;
કષ્ટ ભવોનાં કાપી (૨), શીવ રમણી વરીઆ જય૦ ૩
ધર્મ ધુરંધર નાથ, આપ વશ્યા મુક્તિ, પ્રભુ આપ વશ્યા મુક્તિ;
શાન્તિનાથ સુણો શ્રવણે (૨) દાસતણી યુક્તિ. જય૦ ૪
કુંથુનાથ કોડે, કાઢય કુવનમાંથી, પ્રભુ કાઢય કુવનમાંથી;
અર મલ્લિને પ્રણમું (૨), તારો કર સાથી. જય૦૫
મુનિસુવ્રત્ત મહારાજ, અગણિત મુજ ખામી. પ્રભુ અગણિત મુજ ખામી;
વંદુ શીર હું નામી (૨), તારે અંતરજામી. જય૦ ૬
નમિ નાથ ભગવાન, ભાવ ધરી ભાજો, પ્રભુ ભાવ ધરી ભાજો.
નિર્મળ નેમ નગીના (૨), દુઃખ સર્વે ટાળો. જય૦ ૭
પાર્શ્વ પરમ કૃપાળ, જન પાલનહારો. પ્રભુ જન પાલનહારો,
વર્દ્ધમાન જિન વંદુ (૨), ભવજળથી તારો. જય૦ ૮
ચોવિસ જિન ભક્તિ, ભાવ ધરી કરશે, પ્રભુ ભાવ ધરી કરશે,
જન્મ મરણ દુઃખ ટાળી (૨), મુક્તિને વરશે. જય૦ ૯
નમી તુજને કહે નેમ, નાથ તું છે મારો, પ્રભુ નાથ તું છે મારો;
જૈન પ્રવર્તક મંડળ (૨) શાસન સહુ તારો. જય૦ ૧૦

(૩) પાર્શ્વનાથ ભગવાનના ગુણ

તારો, તારો પાર્શ્વનાથ તારો, તમારા ગુણ નહિ ભૂલું;
તમે બળતો ઉગાર્યો કાળો નાગ રે, તમારી વાત શું બોલું ! ટેક.
સાખી:–કમઠ પાંચ અગ્નિ તપે, બાળ તપસ્વી રાજ;
નાગ બળે છે કાષ્ટમાં, જુવે અવધિજ્ઞાને જિનરાજ રે, તમારી. ૧
કાષ્ટ ચિરાવી કાઢીઓ, સંભળાવ્યો નવકાર;
ધરણ ઇન્દ્રપદ પામીઓ, એવો મોટો પ્રભુનો ઉપકાર રે; તમારી. ૨
જોગ ભોગની વાતડી, સમજાવો શુભ પેર;
પણ શિખામણથી વસ્યું, કમઠઆવાની આંખમાં ઝેર રે, તમારી. ૩

કમઠ મેઘવાળી થયો, પ્રભુ કાઉસ્સગમાં ધીર;
જળ વરસાવે જોરમાં, આવી નાકે અડયાં છે નીર રે તમારી. ૪
ધરણુ ઇંદ્ર આસન ચળ્યું, આવ્યો પ્રભુની પાસ;
નાગ રૂપ કરીને ઉંચકીયાં, શિરછત્ર ફણા આકાશ રે, તમારી. ૫
થાકયો કમઠાસુર હવે, નમ્યો પ્રભુને પાય;
ચંદ્ર કહે ગુણ પાર્શ્વના, જૈન શાળાની બહેનો ગાય રે, તમારી. ૬

(૪) શ્રી મહાવીરને વંદન,

સ્નેહ સ્નેહે સંભારું શ્રી ભગવાન વીરને વંદન કરીએ;
વહાલું વહાલું મહાવીર તારું નામ, વીરને વંદન કરીએ. ૧
ચૈત્ર શુદિ તેરશનો દહાડો, ત્રિશલાની કૂખે તું જાયો;
ત્રણે ભુવનમાં વર્ત્યો જય જય કાર, વીરને વંદન કરીએ. ૨
દેવ દેવી સૌએ હુલરાવ્યા, મેરુ ઉપર પ્રેમે નવરાવ્યા;
જેની ભક્તિનું થાય નહિ ધ્યાન, વીરને વંદન કરીએ ૩
માત-પિતાની ભક્તિ કરવા, ભ્રાતૃપ્રેમને નહિ વિસરવા;
ત્રીશે વરસે હંકાર્યું દીક્ષા વહાણુ, વીરને વંદન કરીએ. ૪
તપ જપ સંયમને બહુ પાળી, કષ્ટ ઘણાને નહિ ગણુકારી;
ઝગમગ જ્યોતિસમ પામ્યા કેવળજ્ઞાન, વીરને વંદન કરીએ. ૫
અધમઉદ્ધારણ ભવિજનતારક, ગુણ અનંતાના જે ધારક;
એવા વીરને છે વંદન વારંવાર, વીરને વંદન કરીએ ૬
વંદન કરીએ ભાવે સ્મરીએ, ત્રિકાળ તારું ધ્યાન જ ધરીએ;
તારા નામે સદાય સુખ થાય, વીરને વંદન કરીએ. ૭

*

(૫) ચેત ! ચેત ! નર ! ચેત !

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧
જોર કરીને જીવવું, ખરેખરૂં રણુ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં ચેત ચેત નર ચેત. ૨
ગાફીલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત;
હવે જરૂર હોશિયાર થઈ, ચેત ચેત નર ચેત. ૩
તન ધન તે તારા નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સૌ રહેશે પડયા; ચેત ચેત નર ચેત. ૪
પ્રાણુ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫

રહ્યા ન રાણા રાજીઆ, સુર નર મુનિ સંમેત;
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત. ૬
રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
પછી નર–તન પામીશ કર્યાં ચેત ચેત નર ચેત. ૭
કાળા કેશ મટી ગયા, સર્વે બન્યા શ્વેત;
જોબન જોર જતું રહ્યું. ચેત ચેત નર ચેત. ૮
માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત;
ક્યાંથી આવ્યો ક્યાં જવું, ચેત ચેત નર ચેત. ૯
શુભ શિખામણ સમજતો, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત. ૧૦

(૬) મોક્ષાર્થીને વંદના.

જુઓરે જુઓરે જૈનો, ! કેવા વ્રતધારી ?
કેવા વ્રતધારી આગે, થયા નરનારી–જુઓરે ૦ એ–ટેક

જુઓ જુઓ જંબૂસ્વામી, બાળ વયે બોધ પામી
તજી રાજ્યરિદ્ધિ જેણે, તજી આઠ નારી,
તજી આઠ નારી, તેને વંદના અમારી. જુઓરે. ૧

ગજસુકુમારમુનિ, ધગે શિરપર ધૂનિ
અડગ રહ્યા તે ધ્યાને. ડગ્યા ન લગારી;
ડગ્યા ન લગારી, તેને વંદના અમારી. જુઓરે. ૨

કોશયાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થૂલીભદ્ર,
વેશ્યા સંગ વાસો તોયે, થાય ન વિકારી;
થયા ન વિકારી તેને વંદના અમારી. જુઓરે. ૩

સતી તો રાજૂલ જેવી. જગમાં ન જોડી એવી,
પતિવ્રત માટે કન્યા, રહી એ કુંવારી;
રહી એ કુંવારી, તેને વંદના અમારી. જુઓરે. ૪

જનકસુતા જે સીતા, વરસ તો બાર વીત્યાં,
ઘણું દુઃખ વેઠયું તોયે; ડગ્યાં ન લગારી;
ડગ્યાં ન લગારી તેને વંદના અમારી. જુઓરે. ૫

સતી કળાવંતી નામે, થયા શંખપુર ગામે,
કર નિજ કાપ્યા તોયે, રહ્યા ટેકધારી;
રહ્યા ટેકધારી, તેને વંદના અમારી. જુઓરે. ૬

દુઃખડાં તો દીધાં દેવે, સહ્યાં એ તો કામદેવે,
ઘણું દુઃખ વેઠયું તોયે, ડગ્યા ન લગારી;
ડગ્યા ન લગારી, તેને વંદના અમારી. જુઓરે. ૭

ધન્ય ધન્ન નરનારી, એવી દૃઢ ટેકધારી,
જીવિત સુધાર્યું જેણે પામ્યા ભવ પારી;
પામ્યા ભવ પારી, તેને વંદના અમારી. જુઓરે. ૮

(૭) આત્મોપદેશ (હરિગીત)

રે આત્મ! ત્હારો વખત સારો વેગે વીતી જાય છે,
તે ધ્યાનમાં ઉતાર તું પરતંત્રતા તેમ થાય છે;
નથી ભાર રહેવો એ ઘડી એવી દશા તુજને થશે.
તેવા સામે પ્રભુ ભક્તિમાં સદ્બુદ્ધિ શું તુજ આવશે! ૧
કેવાં કરું કાર્યો અને કેવો બનું આ વિશ્વમાં,
કઈ રીતિથી વખણાઉં ને કેમ યશ પામુ સર્વમાં;
આવી અહોનિશ ધારણા, તુજ અંતરે લાગી રહી,
હા! હા! જવું પણ શીઘ્રથી, એ કેમ સમજ્યો તું નહિ! ૨
વિલાસિનીના વિલાસતાં વિલાસમાં બહુ વર્ષથી,
તાતા અને માતા વળી ભોજન કરે અતિ હર્ષથી.
સમુદ્ર પર્યંત આણને વર્તાવી જેઓ રાજતા,
જોને સૂતા ત્રણ હાથની ભૂમિ વિષે હા! હા! થતાં. ૩
જાવું અને જોવું અને રોવું અરે આ માહરું,
માતા અને પિતા વળી પુત્રો વધૂ ને સાસરું;
આવી સ્થિતિ સહુ લોકમાં ચારે દિશે વ્યાપી રહી,
પણ કોઇ એ પ્રભુ પાદમાં, આ જિગરને સોપ્યું નહિ. ૪
શિશુપણું રમત કરી અજ્ઞાનમાં વિતાડિયું,
તારુણ્ય તો તરુણીતણા પ્રવાહમાં હા ગાળીયું;
બુઢ્ઢાપણું આવી રહ્યું ચિંતાતણા ચોગાનમાં,
હા! હા! ગયું પુણ્ય પામ ત્હારું-મનુષ્યપણું બેભાનમાં. ૫
પાંડુ થયા સહુ કેશ સુંદર, ભ્રષ્ટ થઇ દંતાવળી,
ચક્ષુ તણી ક્ષીણતા બની, અન્યેન્દ્રિયો પણ ગઈ વળી;
સહુ હાડ કંપે અંગના રે લાકડા લેવાઇ ગઇ,
તોયે અરે પ્રમદા તણા આનન વિષે દૃષ્ટિ રહી. ૬
તું દે ત્યજી છળ કપટ સઘળાં મોહ માયાથી ભર્યાં,
સહુ તાપ ટળશે તાહરા જે પાપથી જીવે કર્યાં;
આનંદ થશે બહુ અંતરે, ને સુખ લહેરો ઊડશે,
સંપૂર્ણ ત્હારી સત્ત્વ સીમા હર્ષથી આવી જશે. ૭

(૧) શ્રી ઋષભનાથજીનું સ્તવન.

ઋષભ જિનેશ્વર પ્રીતમ (૧) માહરો રે, ઓર (૨) ન ચાહું રે કંથ; (૩)
રીઝયો સાહિબ સંગ ન પરિહરે, રે, ભાંગે (૪) સાદિ અનંત, ઋ૦ ૧

પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઇ રે નિરુપાધિક (૫) કહી રે, સોપાધિક (૬) ધન ખોય ઋ૦ ૨

કોઈ કંથ કારણ કાષ્ટ ભક્ષણ (૭) કરે રે, મળશું કંથને ધાય; (૮)
એ મેળો નવિ કંઇએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋ૦ ૩

કોઇ પતિરંજન (૯) અતિઘણો (૧૦) તપ કરે રે, પતિરંજન તનતાપ (૧૧)
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુમેળાપ (૧૨) ઋ૦ ૪

કોઇ કહે લીલા રે અલખ અલખ (૧૩) તણી રે, લખ (૧૪) પૂરે મન આશ,
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ (૧૫) ઋ૦ ૫

ચિત્તપ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત (૧૬) એહ,
કપટ રહિત થઇ આતમ અરપણા રે, **આનંદઘન** પદ રેહ (૧૭) ઋ૦ ૬

*

(૨) શ્રી અજિતનાથનું સ્તવન

પંથડો (૧) નિહાળું (૨) બીજા જિનતણો રે, અજિત (૩) અજિત ગુણધામ,
જે તેં જીત્યા રે તેણે હું જીતીયો રે, પુરુષ કિસ્યું મુજ નામ પં૦ ૧

ચરમ (૪) નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ (૫) સંસાર,
જેણે નયને કરી મારગ જોઇએ રે, નયણ તે દિવ્ય (૬) વિચાર પં૦ ૨

પુરુષ પરંપર (૭) અનુભવ જોવતાં રે, અંધોઅંધ પુલાય,
વસ્તુ વિચારે જો આગમે કરી રે, ચરણધરણ (૮) નહિ ઠાય. પં૦ ૩

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય,
અભિમત (૯) વસ્તુ રે વસ્તુગતે કહે, તે વિરલા (૧૦) જગ કોય પં૦ ૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે, વિરહ (૧૧) પડયો નિરધાર (૧૨)
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પં૦ ૫

કાળલબ્ધિ (૧૩) લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ (૧૪)
એ જન જીવે જિનજી જાણજો રે, **આનંદઘન** મત અંબ (૧૫) પં૦ ૬

(૧) ગુણોથી વહાલો. (૨) બીજો, અન્ય. (૩) ભવસમુદ્રમાંથી દોરનાર. (૪) સાદિ અનંત ભાગો-એ જૈન સિદ્ધાંતનું વચન છે કે જેની આદિ છે પણ અંત નથી એવા ભાંગે કરીને. (૫) ઉપાધિ વગરની. (૬) ઉપાધિવાળી. (૭) સતી થાય છે. અર્થાત્ બળી મરે છે. (૮) દોડીને (૯) પતિને રાજી કરવાં. (૧૦) બહુજ (૧૧) શરીરને તપાવવું (૧૨) પ્રકૃતિના મળવાથી, (૧૩) ન લખી શકાય તેવી (૧૪) લાખો. (૧૫) દોષની લહેર. (૧૬) શુદ્ધ પૂજા, સાચી પૂજા. (૧૭) રેખ.

(૧) માર્ગ (૨) જોઉં (૩) કોઇથી ન જીતાય એવા ગુણોના ઘર. (૪) જ્ઞાનથી અંતર દૃષ્ટિ વગરનું જોવું તે ચરમ-ચામડાની કે બાહ્ય ચક્ષુ વડે જોયું કહેવાય. (૫) સકળ બધો (૬) જ્ઞાનદૃષ્ટિ, મહાન વિચારવાળી નજર (૭) પરંપરા-ચાલતી આવેલી રૂઢિ (૮) પગ મૂકવાની જગ્યા નથી. (૯) માનવા લાયક (૧૦) કોઇક જ (૧૧) વિયોગ-અંતર (૧૨) આધાર વગરનો (૧૩) ભવસ્થિતિ પાકશે ત્યારે (૧૪) આધાર (૧૫) આંબો.

આત્મસિદ્ધિશાસ્ત્ર

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષ માર્ગ બહુ લોપ,
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષને, કરુણા ઉપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઈ,
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહિ,
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,
પામે તે પરમાર્થને, નિજપદનો લે પક્ષ. ૯

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ,
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦

પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યાવણ ઉપકાર શો, સમજ્યે જિન સ્વરૂપ. ૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદ્ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ,
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬
સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭
માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય,
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮
જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯
એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઇ સુભાગ્ય. ૨૦
અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઇ,
મહામોહની કર્મથી, બૂડે ભવજળ માંહિ. ૨૧
હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર,
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨
હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ,
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

મતાર્થી લક્ષણ.

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય,
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪
જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધ,
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫
પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ,
સદ્‌ગુરુને દઢ કરે, નિજમાનાર્થે મુખ્ય. ૨૬
દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,
માને નિજમત વેષનો, આગ્રહ મુકત નિદાન. ૨૭
લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮
અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય,
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯
જ્ઞાનદશા પામે નહીં, સાધન દશા ન કાંઇ,
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ. ૩૦
એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ,
પામે નહિ પરમાર્થને, અન - અધિકારીમાંજ. ૩૧
નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય,
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થિ દુર્ભાગ્ય. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીના, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીના, આત્મ અર્થ સુખસાજ. ૩૩

આત્માર્થિલક્ષણ

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય,
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪
પ્રત્યક્ષ સદ્ગુરુપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫
એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬
એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ,
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭
કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, માત્ર આત્માર્થ નિવાસ. ૩૮
દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ્ય;
મોક્ષમાર્ગ પામે નહિ, મટે ન અંતર રોગ. ૩૯
આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧
ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુ શિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ આંહિ. ૪૨
આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજકર્મ;
છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ. ૪૩
ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્ દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યા જ્ઞાનીએ એહ. ૪૪

શંકા—શિષ્ય ઉવાચ.

નથી દષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહિ, તેથી ન જીવ સ્વરૂપ. ૪૫
અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ,
મિથ્યા જુદો માનવો, નહિ જુદું એંધાણ. ૪૬
વળી જો આત્મા હોય તો, જણાય તે નાહ કેમ;
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭
માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

સમાધાન—સદ્ગુરુ ઉવાચ.

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦
જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ,
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧
છે ઇંદ્રિય પ્રત્યેકને નિજ નિજ વિષયનું જ્ઞાન,
પાંચ ઇંદ્રિયના વિષયનું, પણ આત્માને ભાન, ૫૨
દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિય પ્રાણ,
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩
સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય,
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪
ઘટ, પટ, આદિ જાણ તું, તેથી તેને માન,
જાણનાર તે માન નહિ, કહિયે કેવું જ્ઞાન. ૫૫
પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ,
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬
જડ ચેતન તો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭
આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

શંકા—શિષ્ય ઉવાચ.

આત્માનાં અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯
બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦
અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

સમાધાન—સદ્ગુરુ ઉવાચ.

દેહ માત્ર સંયોગ છે, વળિ જડ રૂપી દ્રશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય ? ૬૨
જેના અનુભવવશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩
જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દ્રશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ, ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય
એવો અનુભવ કોઇને, ક્યારે કદી ન થાય. ૬૫
કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઇમાં, તેથી નિત્ય સદાય. ૬૬
ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭
આત્મા દ્રવ્યે નિત્ય છે; પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮
અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯
ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

શંકા : શિષ્ય ઉવાચ.

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ,
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧
આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઇશ્વરપ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨
માટે મોક્ષ ઉપાયનો કોઇ ન હેતુ જણાય,
કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

સમાધાન : સદ્‌ગુરુ ઉવાચ.

હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ,
જડ સ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી મર્મ. ૭૪
જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. ૭૫
કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી. પણ નિજ ભાને તેમ ૭૬
કર્તા ઇશ્વર કોઇ નહિ, ઇશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઇશ્વર દોષ પ્રભાવ. ૭૭
ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ. ૭૮

શંકા–શિષ્ય ઉવાચ

જીવ કર્મ કર્તા કહો, પણ ભોકતા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય. ૭૯
ફળદાતા ઇશ્વર ગણ્યે, ભોકતાપણું સધાય;
એમ કહ્યે ઇશ્વરતણું, ઇશ્વરપણું જ જાય. ૮૦

ઇશ્વર સિદ્ધ થયા વિના, જગત્ નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મના, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧

સમાધાન : સદ્ગુરુ ઉવાચ.

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨
ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય,
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય ૮૩
એક રાંકને એક નૃપ, એ આદિ જે ભેદ,
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ. ૮૪
ફળદાતા ઇશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫
તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

શંકા—શિષ્ય ઉવાચ.

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭
શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નર્કાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

સમાધાન—સદ્ગુરુ ઉવાચ.

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯
વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ. ૯૦
દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ. ૯૧

શંકા—શિષ્ય ઉવાચ.

હોય કદાપિ મોક્ષ પદ, નહિ અવરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨
અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક,
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩
કઇ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ ૯૪
તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ૯૫
પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬

સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ.

પાંચે ઉત્તરની થઇ, આત્મ વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭
ધર્મ-ભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાનસમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮
જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષ પંથ ભવ અંત. ૯૯
રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦
આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયો, મોક્ષપંથ એ રીત. ૧૦૧
કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨
કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩
કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪
છોડી મત દર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫
ષટ્ પદના ષટ્ તે, પૂછ્યાં કરી વિચાર,
તે પદની સર્વાંગતા, મોક્ષ માર્ગ નિર્ધાર. ૧૦૬
જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય,
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭
કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮
તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ,
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ. ૧૦૯
મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦
વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧
વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ,
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨
કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,
કહિયે કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં શમાય,
તેમ વિભાગ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫
એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ. ૧૧૭
નિશ્ચય સર્વ જ્ઞાનીઓ આવી અત્ર શમાય,
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય. ૧૧૮

શિષ્યબોધબીજ પ્રાપ્તિ.

સદ્ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન,
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯
ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતના રૂપ,
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦
કર્તા ભોક્તા કર્મનો, વિભાગ વર્તે જ્યાંય,
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧
અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ,
કર્તા ભોક્તા તેહના, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨
મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩
અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર
આ પામર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧૨૪
શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન,
તો તે પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાન માંહિ,
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮
આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરૂઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯
જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઇ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં નોય, ૧૩૧
નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨
ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩
આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ સાર. ૧૩૪
સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુ આજ્ઞા નિજદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫
ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬
મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટયો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ ૧૩૭
દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮
મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત,
તે કહિયે જ્ઞાની દશા, બાકી કહિયે ભ્રાંત. ૧૩૯
સકળ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્નસમાન;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન. ૧૪૦
સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ ૧૪૧
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં હો ! વંદન અગણિત. ૧૪૨

નીચેનાં કાવ્યો "શ્રીમદ્ રાજચંદ્ર" એ પુસ્તકમાંથી લીધેલા છે

(અંતર્ગત ગુણ શ્રેણી સ્વરૂપ)

ૐ

અપૂર્વ અવસર એવો કયારે આવશે ?
કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ?...અપૂર્વ૦ ૧
સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦ ૨

દર્શન મોહ વ્યતીત થઇ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્ર મોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦ ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦ ૪

સંયમના હેતુથી યોગ પ્રવર્તના,
સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતિ સ્થિતિમાં,
અંતે થાય નિજ સ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦ ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધવિણ,
વિચરવું ઉદયાધીન પણ વિત લોભ જો. અપૂર્વ૦ ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦ ૭

બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦ ૮

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંત ધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦ ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦ ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;

અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦ ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો,
રજકરણુ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૨

એમ પરાજ્ય કરીને ચારિત્ર મોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણ મોહ ગુણસ્થાન જો,
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઇ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦ ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવ છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦ ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ્ય પૂર્ણે, મટિયે દૈહિકપાત્ર જો. અપૂર્વ૦ ૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્‌ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહા ભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦ ૧૭

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત સહજ પદ રૂપ જો. અપૂર્વ૦ ૧૮

પૂર્વે પ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦ ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરુપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦ ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજાવગર ને હાલ મનોરથ રૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦ ૨૧

કાળ કોઇને નહિ મૂકે

હરિગીત

મોતી તણી માળા ગળામાં મૂલ્યવંતી મલકતી,
હીરા તણા શુભ હારથી બહુ કંઠ કાંતિ ઝળકતી;
આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈ ને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈ ને ૧

મણિમય મુગટ માથે ધરીને કર્ણ કુંડળ નાખતા
કાંચન કડાં કરમાં ધરી કશીએ કચાશ ન રાખતા;
પળમાં પડ્યા પૃથ્વીપતિ એ ભાન ભૂતળ ખોઇ ને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇ ને. ૨

દશ આંગળીમાં માંગળિક મુદ્રા જડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પે'રતા પોંચી કળા બારીકથી;
એ વેઢ વીંટી સર્વ છોડી ચાલિયા મુખ ધોઇ ને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇ ને. ૩

મૂછ વાંકડી કરી ફાંકડા થઇ લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરી હરકોઇનાં હૈયાં હરે;
એ સાંકડીમાં આવિયા છકક્યા તજી સહુ સોઈ ને.
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈ ને, ૪

છ ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઇ ને ભૂપ ભારે ઊપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા હોતા નહોતા હોઇ ને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇ ને. ૫

જે રાજનીતિ નિપુણતામાં ન્યાયવંતા નીવડ્યા,
અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડ્યા;

એ ભાગ્યશાળી ભાગિયા તે ખટપટો સૌ ખોઇ ને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇને. ૬
તરવાર બહાદુર ટેક ધારી પૂર્ણતામાં પેખિયા,
હાથી હણે હાથે કરી એ કેશરી સમ દેખિયા;
એવા ભલા ભડવીર તે અંતે રહેલા કોઇને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇને. ૭

*

બિના નયન પાવે નહિ, બિના નયનકી બાત,
સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત ૧
બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત,
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨
અહિ નહિ હે કલ્પના, એહિ નહિ વિભંગ;
કાય નર પંચમ કાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩
નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા આદેશ. ૪
જપ, તપ, ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમ રૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઇ કૃપા અનૂપ. ૫
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

*

'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વૈરાગ્યમાં, તો ભૂલે નિજ ભાન.
જહાં કલ્પના જલ્પના, તહાં માનુ દુઃખ છાંઇ;
મિટે કલ્પના જલ્પના, તો વસ્તુ તિન પાઇ,
પઢે પાર કહાં પામવો, મિટે ન મનકી આશ;
જ્યौं કોલુકોં બેલકું, ધરહિ કોશ હજાર.
હોત આસવા પરિસવા, નહિ ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહિ.
રચના જિન ઉપદેશકી, પુરષોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હૈ, કરતે નિજ સંભાલ.
જિન સોહી હે આતમા, અન્ય હોઇ સો કર્મ;
કર્મ કટે નિજ બચન સો, તત્ત્વજ્ઞાનિકો મર્મ.
જબ જાન્યો નિજ રૂપકોં, સબ જાન્યો સબ લોક,
નહિ જાન્યો નિજ રૂપ તો, સબ જાન્યો સો ફોક.

એહિ દિશાકી મૂઢતા, હૈ નહિ જિનપે ભાવ;
જિનસેં ભાવ બિન કબૂ નહિ છૂટત દુખદાવ.
વ્યવહારસેં દેવ જિન, નિહચેસેં હૈ આપ;
એહિ બચનસેં સમજ લે, જિન પ્રવચનકી છાપ.
એહિ નહીં હૈ કલ્પના, એહી નહીં વિભંગ,
જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.

*

ૐ સત્

યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો,
વનવાસ લહ્યો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો,
મન પૌન નિરોધ સ્વ બોધ કિયો, હઠ જોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે ઉરસેંહિ ઉદાસી લહી સબપેં,
સબ શાસ્ત્ર બકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયે, તદપિ કછુ હાથ હજૂ ન પર્યો.
અબ ક્યૌં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ?
કરુના હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસે, જબ સદ્ગુરુ ચર્ન સુ પ્રેમ બસે,
તનસેં મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વ આત્મ બસે.
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો
વહ સત્ય સુધા દરસાવહિંગે, ચતુરાંગુલ હૈ દ્રગસે મિલ હૈ;
રસ દેવ નિરંજનકો પિવહી, ગ્રહી જોગ જુગોજુગ સો જિવહી.
પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુ સેં, સબ આગમ ભેદ સઉર બસે,
વહ કેવલકો બિજ ગ્યાનિ કહે, નિજકો અનુભો બતલાઈ દિયે.

*

હે પ્રભુ હે પ્રભુ શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ. ૨
નથી આજ્ઞા ગુરુ દેવની, અચળ કરી ઉરમાંહી;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહિ. ૩
જોગ નથી સત્સંગનો, નથી સત્ સેવા જોગ;
કેવલ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪
'હું પામર શું કરી શકું'? એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુંજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકકે સ્નેહનો. ન મળે પરમ પ્રભાવ ૬
અચળ રૂપ આસક્ત નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭
ભકિત માર્ગ પ્રવેશ નહિ, નહિ ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮
કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોય નહિ વ્યાકૂળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ :
દેહેંદ્રિય માને નહિ, કરે બાહ્ય પર રાગ. ૧૦
તુજ વિયોગ સ્ફુરતો, નથી, વચન નયન યમ નાહિ,
નહિ ઉદાસ અનભકતથી, તેમ ગૃહાદિક માંહિ. ૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વ ધર્મ સંચય નાહિ,
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઇ. ૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય,
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શું ય? ૧૩
કેવલ કરુણા મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છઉં, ગ્રહો પ્રભૂજી હાથ. ૧૪
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન, ૧૫
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઇ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્‌ગુરુ ન પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય? ૧૮
અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય? ૧૯
પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માંગુ એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપે તુજ, એ દૃઢતા કરી દેજ. ૨૦

*

ઉવસગ્ગહરં મહાપ્રભાવિક સ્તોત્રમ્

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહર – વિસ – નિન્નાસં, મંગલકલ્લાણ – આવાસં. ૧

વિસહર - ફુલિંગ – મંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ;
તસ્સ ગહ – રોગ – મારી, દુટ્ઠ – જરા જંતિ ઉવસામં ૨

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્જ પણામો વિ બહુફલો હોઇ;
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ – દોગચ્ચં ૩

ૐ અમરતરૂ– કામધેણુ, ચિંતામણિ – કામ – કુંભ – માઇયા;
સિરિ પાસનાહ સેવા, ગહાણ સવ્વે વિ દાસત્તમ્ ૪

ૐ હ્રીઁ શ્રીઁ ઐઁ તુહ દંસણેણ સામિય,
પણાસેઇ રોગ – સોગ – દુક્ખ – દોહગ્ગં :
કપ્પતરૂમિવ જાયઇ, ૐ તુહ દંસણેણ સવ્વફલહેઉ સ્વાહા ૫

ૐ હ્રીં નમિઊણ વિગ્ઘનાસય, માયાબીએણ ધરણ નાગિંદં;
સિરિકામરાજ કલીઁ પાસજિણંદ નમંસામિ ૬

ૐ હ્રીં સિરિપાસવિસહર – વિજ્જામંતેણ ઝાણ – ઝાએજ્જા;
ધરણ – પરમાવઇ દેવી, ૐ હ્રીઁ ક્ષ્મ્લ્વ્યૂઁ સ્વાહા ૭

ૐ જયઉ ધરણિંદ – પઉમ – વઇ ય નાગિણી વિજ્જા,
વિમલઝાણ અહિયો. ૐ હ્રીઁ ક્ષ્મ્લ્વ્યૂઁ સ્વાહા ૮

ૐ થુણામિ પાસનાહં, ૐ હ્રીઁ પણમામિ પરમભત્તીએ,
અટ્ઠક્ખર – ધરણેન્દો, પઉમાવઇ પયડિયા કિત્તી ૯

જસ્સ પયકમલમજ્જે, સયા વસેઇ પઉમાવઇ ય ધરણિંદો;
તસ્સ નામઇ સયલં, વિસહર – વિસં નાસેઈ ૧૦

તુહ સમરો લદ્ધો, ચિંતામણિકપ્પાપાય વબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અમરામરં ઠાણં ૧૧

ૐ નટ્ઠઠ્ઠ – મયઠાણે, પણટ્ઠ – કમ્મટ્ઠ – નટ્ઠ – સંસારે;
પરમટ્ઠ – નિટ્ઠિ – અટ્ઠે, અટ્ઠગુણાધિસરં વંદે ૧૨

ૐ ગરૂડો વનિતાપુત્રો, નાગલક્ષ્મી મહાબલ;
તેણ મુચ્ચંતિ મુસા, તેણં મુચ્ચંતિ પન્નગા: ૧૩

સ તુહ નામ સુદ્ધમંતં, સમ્મં જો જવેઇ સુદ્ધભાવેણ;
સો અયરામરં ઠાણં, પાવઇ ન ય દોગ્ગઇ દુખ્ખં વા ૧૪

ૐ પંડુ – ભગંદર – દાહં, કાસં સાસં ચ સૂલમાઇ ણિ;
પાસપહુપભાવેણ, નાસંતિ સયલરોગાઈં હ્રીં સ્વાહા ૧૫

ૐ વિસહર – દાવાનલ – સાઇ ણિ-વેયાલ – મારિ – આયંકા,
સિરિનિલકંઠ પાસસ્સ, સરણમિત્તેણ નાસંતિ ૧૬

પન્નાસં ગોપીડાં કુરગ્ગહ, તુહ દંસણં ભયં કાયે;
આવિ ન હુંતિ એ તહ વિ, તિસંજ્જં ગુણિજ્જાસો ૧૭

પીડં જંત ભગંદર ખાસ, સાસ શૂળ તહ નિવ્વાહ;
સિરિસામલપાસ મહંત, નામ પઊર પઊલેણ ૧૮

ૐ હ્રીં શ્રીં પાસધરણ સંજુત્તં, વિસહર વિજ્જં જવેઇ સુદ્ધમણેણં;
પાવઇ ઇચ્છિયં સુહં, ૐ હ્રીં શ્રીં ક્ષ્મ્લ્વ્યૂં સ્વાહા ૧૯

રોગ – જલ – જલણ – વિસહર – ચોરારિ – મઇંદ – ગય – રણ – ભયાઈં;
પાસજીણ નામ સંકિત્તણેણ, પસમંતિ સવ્વાઇં-હ્રીં સ્વાહા ૨૦

ૐ જયઉ ધરણિંદ નમંસિય, પઉમાવઈ પમુહ નિસેવિય પાયા;
ૐ ક્લીં હ્રીં મહાસિદ્ધિં, કરેઇ પાસં જગનાહો ૨૧

ૐ હ્રીં શ્રીં તં નમ: પાસનાહં,
ૐ હ્રીં શ્રીં ધરણેન્દ્ર નમંસિયં દુહ વિણાસં;

ૐ હ્રીં શ્રીં જસ્સ પભાવેણ સયા.
ૐ હ્રીં શ્રીં નાસંતિ ઉવદ્દવા બહવે ૨૨

ૐ હ્રીઁ શ્રીઁ તવ સમરંતાણ મણે,
ૐ હ્રીઁ શ્રીઁ ન હોઇ વાહિ ન તં મહાદુખ્ખં,

ૐ હ્રીઁ શ્રીઁ નામ પિહિ મંતસમં,
ૐ હ્રીઁ શ્રીઁ પયડં નત્થીત્થ સંદેહો ૨૩

ૐ હ્રીઁ શ્રીઁ જલ-જલણ ભય તહ સપ્પ-સિંહ,
ૐ હ્રીઁ શ્રીઁ ચોરારિ સંભવે ખિપ્પં;

ૐ હ્રીઁ શ્રીઁ સમરેઇ પાસપહું,
ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ પુહવિ કયા વિ કિં તસ્સ ૨૪

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ હ્રી ઇહ લોગટ્ઠી પરલોગટ્ઠી.
ૐ હ્રીઁ શ્રીઁ જો સમરેઇ પાસનાહં,

ૐ હ્રા હ્રીઁ હુ હૃ ગાઁ ગીઁ ગુઁ ગઃ,
તં તહ સિજ્ઝઈ ખિપ્પં ૨૫

ઇહ નાહ સમરહ ભગવંત, ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ ગાઁ શ્રી,
શ્રુ શ્ર ક્લીઁ ક્લીઁ શ્રી કલિકુંડસ્વામિને નમઃ ૨૬

ઇઅ સંથુઓ મહાયશ ! ભત્તિબ્ભર—નિબ્ભરેણ હિયએણ ;
તા દેવ દિજ્જ બોહિં ભવે ભવે પાસ જીણચંદ ૨૭

॥ ૐ શાન્તિઃ ! ૐ શાન્તિઃ !! ૐ શાન્તિઃ !!!

*

જાન્યુઆરી

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૭ ૨૭	૬ ૧૪	૮ ૧૫	૧૦ ૯	૧૨ ૫૧	૧૫ ૩૩
૫	૭ ૨૮	૬ ૧૬	૮ ૧૬	૧૦ ૧૦	૧૨ ૫૨	૧૫ ૩૪
૧૦	૭ ૨૯	૬ ૨૦	૮ ૧૭	૧૦ ૧૨	૧૨ ૫૫	૧૫ ૩૮
૧૫	૭ ૩૦	૬ ૨૩	૮ ૧૮	૧૦ ૧૩	૧૨ ૫૭	૧૫ ૪૧
૨૦	૭ ૩૦	૬ ૨૬	૮ ૧૮	૧૦ ૧૪	૧૨ ૫૮	૧૫ ૪૨
૨૫	૭ ૨૯	૬ ૩૦	૮ ૧૭	૧૦ ૧૪	૧૩ ૦	૧૫ ૪૬
૩૦	૭ ૨૭	૬ ૩૩	૮ ૧૫	૧૦ ૧૪	૧૩ ૦	૧૫ ૪૬

ફેબ્રુઆરી

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક મી.
૧	૭ ૨૭	૬ ૩૫	૮ ૧૫	૧૦ ૧૪	૧૩ ૧	૧૫ ૪૭
૫	૭ ૨૫	૬ ૩૭	૮ ૧૩	૧૦ ૧૩	૧૩ ૧	૧૫ ૪૯
૧૦	૭ ૨૩	૬ ૩૯	૮ ૧૧	૧૦ ૧૨	૧૩ ૧	૧૫ ૫૦
૧૫	૭ ૨૦	૬ ૪૩	૮ ૮	૧૦ ૧૧	૧૩ ૧	૧૫ ૫૧
૨૦	૭ ૧૭	૬ ૪૫	૮ ૫	૧૦ ૯	૧૩ ૨	૧૫ ૫૫
૨૫	૭ ૧૪	૬ ૪૮	૮ ૨	૧૦ ૮	૧૩ ૧	૧૫ ૫૪
૩૦	૦	૦	૦	૦	૦	૦

માર્ચ

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૭ ૧૧	૬ ૪૯	૭ ૫૯	૧૦ ૬	૧૩ ૦	૧૫ ૫૪
૫	૭ ૭	૬ ૫૧	૭ ૫૫	૧૦ ૩	૧૨ ૫૯	૧૫ ૫૫
૧૦	૬ ૩	૬ ૫૩	૭ ૫૧	૧૦ ૧	૧૨ ૫૮	૧૫ ૫૫
૧૫	૬ ૫૮	૬ ૫૫	૭ ૪૬	૯ ૫૭	૧૨ ૫૭	૧૫ ૫૭
૨૦	૬ ૬૪	૬ ૫૫	૭ ૪૨	૯ ૫૫	૧૨ ૫૫	૧૫ ૫૭
૨૫	૬ ૪૮	૬ ૫૯	૭ ૩૬	૯ ૫૧	૧૨ ૫૪	૧૫ ૫૭
૩૦	૬ ૪૩	૭ ૦	૭ ૩૧	૯ ૪૭	૧૨ ૫૨	૧૫ ૫૭

એપ્રીલ

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૬ ૪૨	૭ ૦	૭ ૩૦	૯ ૪૭	૧૨ ૫૧	૧૫ ૫૫
૫	૬ ૩૮	૭ ૨	૭ ૨૬	૯ ૪૪	૧૨ ૫૦	૧૫ ૫૬
૧૦	૬ ૩૫	૭ ૨	૭ ૨૩	૯ ૪૨	૧૩ ૪૯	૧૫ ૫૬
૧૫	૬ ૩૦	૭ ૫	૭ ૧૮	૯ ૩૯	૧૨ ૪૮	૧૫ ૫૭
૨૦	૬ ૨૫	૭ ૮	૭ ૧૩	૯ ૩૬	૧૨ ૪૭	૧૫ ૫૮
૨૫	૬ ૨૧	૭ ૯	૭ ૯	૯ ૩૩	૧૨ ૪૫	૧૫ ૫૭
૩૦	૬ ૧૮	૭ ૧૧	૭ ૬	૯ ૩૧	૧૨ ૪૫	૧૫ ૫૯

(પચ્ચક્ખાણ પાળવા માટેનું કાયમી કોષ્ટક)

મે

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૬ ૧૬	૭ ૧૨	૭ ૪	૯ ૩૦	૧૨ ૪૪	૧૫ ૫૮
૫	૬ ૧૪	૭ ૧૪	૭ ૨	૯ ૨૯	૧૨ ૪૪	૧૫ ૫૯
૧૦	૬ ૧૧	૭ ૧૬	૬ ૫૯	૯ ૨૭	૧૨ ૪૪	૧૬ ૧
૧૫	૬ ૯	૭ ૧૭	૬ ૫૭	૯ ૨૬	૧૨ ૪૩	૧૬ ૧
૨૦	૬ ૭	૭ ૧૯	૬ ૫૫	૯ ૨૫	૧૨ ૪૩	૧૬ ૧
૨૫	૬ ૬	૭ ૨૧	૬ ૫૪	૯ ૨૫	૧૨ ૪૪	૧૬ ૩
૩૦	૬ ૪	૭ ૨૫	૬ ૫૨	૯ ૨૪	૧૨ ૪૫	૧૬ ૫

જુન

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૬ ૪	૭ ૨૫	૬ ૫૨	૯ ૨૪	૧૨ ૪૫	૧૬ ૬
૫	૬ ૪	૭ ૨૭	૬ ૫૨	૯ ૨૫	૧૨ ૪૬	૧૬ ૭
૧૦	૬ ૪	૭ ૨૮	૬ ૫૨	૯ ૨૫	૧૨ ૪૬	૧૬ ૭
૧૫	૬ ૪	૭ ૩૦	૬ ૫૨	૯ ૨૬	૧૨ ૪૭	૧૬ ૮
૨૦	૬ ૫	૭ ૩૧	૬ ૫૩	૯ ૨૭	૧૨ ૪૮	૧૬ ૯
૨૫	૬ ૬	૭ ૩૨	૬ ૫૪	૯ ૨૮	૧૨ ૪૯	૧૬ ૧૦
૩૦	૬ ૭	૭ ૩૩	૬ ૫૫	૯ ૨૯	૧૨ ૫૦	૧૬ ૧૧

જુલાઈ

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૬ ૮	૭ ૩૩	૬ ૫૬	૯ ૨૯	૧૨ ૫૧	૧૬ ૧૩
૫	૬ ૯	૭ ૩૩	૬ ૫૭	૯ ૩૦	૧૨ ૫૧	૧૬ ૧૨
૧૦	૬ ૧૧	૭ ૩૩	૬ ૫૯	૯ ૩૨	૧૨ ૫૨	૧૬ ૧૨
૧૫	૬ ૧૩	૭ ૩૩	૭ ૧	૯ ૩૩	૧૨ ૫૩	૧૬ ૧૩
૨૦	૬ ૧૪	૭ ૩૩	૭ ૨	૯ ૩૪	૧૨ ૫૩	૧૬ ૧૨
૨૫	૬ ૧૭	૭ ૨૯	૭ ૫	૯ ૩૫	૧૨ ૫૩	૧૬ ૧૧
૩૦	૬ ૧૯	૭ ૨૭	૭ ૭	૯ ૩૬	૧૨ ૫૩	૧૬ ૧૦

ઓગષ્ટ

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૬ ૧૯	૭ ૨૭	૭ ૭	૯ ૩૬	૧૨ ૫૩	૧૬ ૧૦
૫	૬ ૨૧	૭ ૨૪	૭ ૯	૯ ૩૭	૧૨ ૫૩	૧૬ ૯
૧૦	૬ ૨૩	૭ ૨૧	૭ ૧૧	૯ ૩૮	૧૨ ૫૨	૧૬ ૬
૧૫	૬ ૨૫	૭ ૧૮	૭ ૧૩	૯ ૩૮	૧૨ ૫૨	૧૬ ૬
૨૦	૬ ૨૭	૭ ૧૪	૭ ૧૫	૯ ૩૯	૧૨ ૫૧	૧૬ ૪
૨૫	૬ ૨૮	૭ ૧૦	૭ ૧૬	૯ ૩૯	૧૨ ૪૯	૧૫ ૫૯
૩૦	૬ ૩૧	૭ ૫	૭ ૧૬	૯ ૪૦	૧૨ ૪૮	૧૫ ૫૬

સપ્ટેમ્બર

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૩૧	૭ ૩	૭ ૧૯	૯ ૩૯	૧૨ ૪૭	૧૫ ૫૫
૫	૬ ૩૨	૬ ૫૮	૭ ૨૦	૯ ૩૯	૧૨ ૪૫	૧૫ ૫૧
૧૦	૬ ૩૨	૬ ૫૬	૭ ૨૦	૯ ૩૮	૧૨ ૪૪	૧૫ ૫૦
૧૫	૬ ૩૫	૬ ૪૯	૭ ૨૩	૯ ૩૮	૧૨ ૪૨	૧૫ ૪૬
૨૦	૬ ૩૬	૬ ૪૫	૭ ૨૪	૯ ૩૮	૧૨ ૪૧	૧૫ ૪૪
૨૫	૬ ૩૭	૬ ૪૦	૭ ૨૫	૯ ૩૮	૧૨ ૩૯	૧૫ ૪૦
૩૦	૬ ૩૮	૬ ૩૬	૭ ૨૬	૯ ૩૮	૧૨ ૩૭	૧૫ ૩૬

ઓક્ટોબર

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૬ ૪૦	૬ ૩૪	૭ ૨૮	૯ ૩૮	૧૨ ૩૭	૧૫ ૩૬
૫	૬ ૪૦	૬ ૩૧	૭ ૨૮	૯ ૩૮	૧૨ ૩૬	૧૫ ૩૪
૧૦	૬ ૪૨	૬ ૨૫	૭ ૩૦	૯ ૩૮	૧૨ ૩૪	૧૫ ૩૦
૧૫	૬ ૪૩	૬ ૨૨	૭ ૩	૯ ૩૮	૧૨ ૩૩	૧૫ ૨૮
૨૦	૬ ૪૫	૬ ૧૯	૭ ૩૩	૯ ૩૯	૧૨ ૩૨	૧૫ ૨૫
૨૫	૬ ૪૮	૬ ૧૪	૭ ૩૬	૯ ૪૦	૧૨ ૩૧	૧૫ ૨૨
૩૦	૬ ૫૧	૬ ૧૧	૭ ૩૯	૯ ૪૧	૧૨ ૩૧	૧૫ ૨૧

નવેમ્બર

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૬ ૫૧	૬ ૧૦	૭ ૩૯	૯ ૪૧	૧૨ ૩૧	૧૫ ૨૧
૫	૬ ૫૪	૬ ૭	૭ ૪૨	૯ ૪૨	૧૨ ૩૧	૧૫ ૨૦
૧૦	૬ ૫૭	૬ ૫	૭ ૪૫	૯ ૪૪	૧૨ ૩૧	૧૫ ૧૮
૧૫	૭ ૦	૬ ૩	૭ ૪૮	૯ ૪૬	૧૨ ૩૨	૧૫ ૧૮
૨૦	૭ ૩	૬ ૨	૭ ૫૧	૯ ૪૮	૧૨ ૩૩	૧૫ ૧૮
૨૫	૭ ૬	૬ ૨	૭ ૫૪	૯ ૫૦	૧૨ ૩૪	૧૫ ૧૮
૩૦	૭ ૧૦	૬ ૧	૭ ૫૮	૯ ૫૩	૧૨ ૩૬	૧૫ ૧૯

ડીસેમ્બર

તારીખ	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.	નોકારસી ક. મી.	પોરસી ક. મી.	૨ પોરસી ક. મી.	૩ પોરસી ક. મી.
૧	૭ ૧૦	૬ ૧	૭ ૫૮	૯ ૫૩	૧૨ ૩૬	૧૫ ૫૯
૫	૭ ૧૩	૬ ૨	૮ ૧	૯ ૫૫	૧૨ ૩૮	૧૫ ૨૩
૧૦	૭ ૧૬	૬ ૩	૮ ૭	૯ ૫૮	૧૨ ૪૦	૧૫ ૨૩
૧૫	૭ ૧૯	૬ ૫	૮ ૪	૧૦ ૧	૧૨ ૪૨	૧૫ ૨૩
૨૦	૭ ૨૨	૬ ૭	૮ ૧૦	૧૦ ૩	૧૨ ૪૫	૧૫ ૨૭
૨૫	૭ ૨૪	૬ ૧૦	૮ ૧૨	૧૦ ૬	૧૨ ૪૭	૧૫ ૨૮
૩૦	૭ ૨૬	૬ ૧૨	૮ ૧૪	૧૦ ૮	૧૨ ૪૯	૧૫ ૩૦

સુર્ય ઉદય, અસ્ત, નોકારસી, પોરસી, બે પોરસી, ત્રણ પોરસીમાં નીચે લખેલા ગામ માટે નીચે મુજબ મીનીટ ઉમેરવી તથા ઘટાડવી.

ગામ	મીનીટ ઉમેરવી	ગામ	મીનીટ ઘટાડવી
પોરબંદર	૪	વાંકાનેર	૧
ગોંડલ	૦	વઢવાણ	૩
જુનાગઢ	૧	ધ્રાંગધ્રા	૩
જામનગર	૨	લીંબડી	૪
મોરબી	૦	ચુડા	૩
જેતપુર	૦	પાલીતાણા	૪
દ્વારકા	૯	બોટાદ	
		ભાવનગર	૫
		માંગરોળ	
		વેરાવળ	૫
		પ્રભાસપાટણ	

દાખલા તરીકે: – તારીખ ૧ લી. ફેબ્રુઆરીના રોજ નીચે પ્રમાણે છે.

	સુર્ય ઉદય	અસ્ત	નોકારસી	પોરસી	બેપોરસી	ત્રણપોરસી
	ક. મી.	ક. મી.	ક. મી.	ક. મી.	ક. મી.	ક. મી.
રાજકોટ	૭–૨૭	૬–૩૫	૮–૧૫	૧૦–૧૪	૧–૧	૧૫–૪૭
જામનગર	૭–૨૯	૬–૩૭	૮– ૭	૧૦– ૬	૧–૩	૧૫–૪૯
(૨ મીનીટ વધતાં)						
લીંબડી	૭–૨૩	૬–૨૩	૮– ૧	૧૦–૧૦	૧૨–૫૭	૧૫-૪૩
(ચાર મીનીટ ઘટાડતાં)						

એ મુજબ દરેક ગામ માટે ગણી લેવું.

જ્ઞાન ભણવાના નક્ષત્રો=મૃગશીર્ષ, આદ્રા, ત્રણ પૂર્વા, મૂળ હસ્ત, અશ્વલેખા. ચિત્રા, પુષ્ય,

દિશાના નક્ષત્રો=ત્રણઉતરા, રોહીણી, હસ્ત, અનુરાધા સતભીષા, પૂર્વાભાદ્રપદ, પુષ્ય, પુનર્વસુ, રેવતી, અશ્વીની, મૂળ શ્રવણ, સ્વાતી એ શુભ છે.

ફાંકડું–એકમને શનીવાર બીજને શુક્રવાર, ત્રીજને ગુરુવાર, ચોથને બુધવાર, પાંચમને મંગળવાર, છઠને સોમવાર, સાતમને રવીવાર આ યોગ વિહાર તથા પ્રવેશમાં ત્યાગનો છે.

સ્થીર નક્ષત્રો–રોહીણી, ત્રણ ઉતરા.

રવીયોગ સુર્ય–નક્ષત્રથી ગણતાં દિન નક્ષત્ર સુધી.

૪, ૬, ૯, ૧૦ ૧૩, ૨૦, મું નક્ષત્ર રવીયોગ ગણવું; તે દરેક શુભ કામ તથા પ્રમાણ વગેરેમાં ઉત્તમ.

લોચના નક્ષત્રો-પૂનર્વસુ, પુષ્ય, શ્રવણુ, ધનીષ્ઠા એ શુભ છે. કૃતિકા વિશાખા, મઘા, ભરણી એ વર્જ્ય છે. બાકીના નક્ષત્રો મધ્યમ છે. શનીવાર મંગળવાર વર્જ્ય છે. રીકતા (૪-૯-૧૪) છઠ્ઠ, ૮, ૦)) તિથિ વર્જ્ય છે.

નગર પ્રવેશ-હસ્ત અશ્વીની, ચિત્રા, અનુરાધા, ઉતરા ત્રણ રોહીણી, પુષ્ય મુળ મૃગશીર્ષ, રેવતી નક્ષત્ર; સોમ, બુધ, ગુરૂ, શુક્ર, રવીવાર શુભ છે.

સ્થાનકવાસી જૈન સંપ્રદાય દરેક તિથિ સાંજના સમયે જે પ્રગતિમાન હોય તે જ ધર્મ કાર્યમાં દાખલ કરે છે.

ચંદ્રકાંત પ્રભુદાસ દોશી

સમાપ્ત

ચંદ્રકાંત પ્રભુદાસ દોશી

અમૂલ્ય તત્ત્વ વિચાર

(હરિગિત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે, કાં અહો રાચી રહો ? ॥૧॥

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નવ ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો ! એક પળ તમને હવો. ॥૨॥

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી મળે,
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે !
પરવસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ. ॥૩॥

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં. ॥૪॥

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, તેહ જેણે અનુભવ્યું,
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ॥૫॥